ॐ

श्री वीतरागाय नमः

# બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન

(ભાગ-૨)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના 'બૃહદ દ્રવ્યસંગ્રહ' ઉપરના પ્રવચનો

(ગાથા ૩૫ થી ૫૮)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

## પ્રાપ્તિ સ્થાન

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદાર**
૩૨, કહાનનગર
૨૭૧/૨૯૧ એન. સી. કેલકર રોડ
દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮
ફોન : (૦૨૨) ૨૪૩૦૭૪૮૯

**ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧**
**ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭**
**અમી અગ્રવાલ (અમદાવાદ) : R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩**

**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
'વિમલાંચલ' હરિનગર,
અલીગઢ.
ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨

| | |
|---|---|
| **પ્રથમાવૃત્તિ** | **: ૧૧-૦૫-૨૦૦૫ (પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૬મી જન્મ જયંતિ)** |
| **પ્રત** | **: ૧૦૦૦** |
| **પૃષ્ઠ સંખ્યા** | **: ૩૦૦ + ૮ = ૩૦૮** |
| **પડતર કિંમત** | **: ૭૨/-** |
| **મૂલ્ય** | **: ૨૦/-** |

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
**પ્લોટ નં. ૧૦૭૫/A**
**માતૃછાયા - ૪, આંબાવાડી**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**ફોન : (૦૨૭૮) ૨૨૦૩૪૭૦**

મુદ્રક :
**ભગવતી ઑફસેટ**
**૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ**
**બારડોલપુરા,**
**અમદાવાદ-૩૮૦૦૦૪**
**ફોન : (૦૭૯) ૨૧૬૭૬૦૩**

# પ્રકાશકીય

સમસ્ત જિનાગમ સંસારદુઃખથી તપ્ત જીવોને શાશ્વત સુખ-શાંતિનો માર્ગ દર્શાવી રહ્યાં છે. સનાતન દિગંબર જૈનધર્મની પરંપરામાં અનેક આચાર્યો તથા મુનિ ભગવંતો થતા આવ્યા છે, જેઓએ સ્વયંના અનુભવપૂર્ણ સિદ્ધાંતોથી નિષ્કારણ કરુણા કરી શાશ્વત સુખ-શાંતિ પ્રાપ્ત કરવાનો માર્ગ ગ્રંથારૂઢ કરી પંચમકાળના ભવ્યજીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે. આવા અનેક મહાન આચાર્યો થયા એમાંના એક છે – '**શ્રીમદ્ નેમિચન્દ્રસિદ્ધાન્તદેવ**', જેઓએ '**બૃહદ્ દ્રવ્યસંગ્રહ**' નામક સિદ્ધાંતગ્રંથની રચના કરી છે.

આ ગ્રંથમાં ત્રણ અધિકાર છે. પહેલા અધિકારમાં છ દ્રવ્ય અને પંચાસ્તિકાયનું, બીજા અધિકારમાં સાત તત્ત્વ અને નવ પદાર્થોનું તથા ત્રીજા અધિકારમાં નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું પ્રતિપાદન ઉત્તમ શૈલીથી કરવામાં આવ્યું છે. સૈદ્ધાંતિક જ્ઞાન માટે 'તત્ત્વાર્થસૂત્ર'ની જેમ 'દ્રવ્યસંગ્રહ' પણ અત્યંત ઉપયોગી ગ્રંથ છે અને શ્રી 'સમયસાર' આદિ અધ્યાત્મ-ગ્રંથો માટે પ્રવેશિકા સમાન છે.

'બૃહદ્ દ્રવ્યસંગ્રહ'ની માત્ર એક સંસ્કૃત ટીકા ઉપલબ્ધ છે. શ્રી '**બ્રહ્મદેવે**' આ ટીકા ઘણી સુંદર, વિસ્તૃત અને સપ્રમાણ લખી છે. તેઓ બહુશ્રુત વિદ્વાન હતા. અનેક જૈન શાસ્ત્રોનું ગહન અધ્યયન અને મનન કર્યું હતું. તેમને નયોનું ઉચ્ચ કોટિનું જ્ઞાન હતું.

આ કાળના અચંબા સમાન, આશ્ચર્યની પ્રતિમાસ્વરૂપ, મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક, પંચમકાળને ચતુર્થ કાળમાં પરિવર્તિત કરનાર, સદ્બોધદાતા, કૃપાનિધાન પરમ કૃપાળુ સદ્ગુરુદેવશ્રી '**કાનજીસ્વામી**'એ આ ગ્રંથ ઉપર ઇ. સ. ૧૯૫૨ પ્રવચનો કરેલા. તે વખતે કેસેટ ટેપ ઉતારવાની કોઈ શોધ નહોતી થઈ, ત્યારે શ્રી 'સદ્ગુરુ પ્રવચનપ્રસાદ'માં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત થયા હતાં. આ પ્રવચનો ગ્રંથારૂઢ કરી '**બૃહદ્ દ્રવ્યસંગ્રહ પ્રવચન**' નામનો દ્વિતીય ભાગ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ ગ્રંથ ઉપર સ્વયંની મૌલિક શૈલીથી તથા સરળ ભાષામાં કરેલા પ્રવચનો મુમુક્ષુજીવો માટે અત્યંત પ્રકાશસ્તંભ સમાન છે. કોઈપણ સ્તરના મુમુક્ષુજીવ સમજી શકે એવી ભાષામાં થયેલા આ પ્રવચનોમાં સમસ્ત જિનાગમોનો સાર ભરી દીધો છે. આ ગ્રંથમાં

કુલ ૫૮ ગાથાઓ છે, જેના ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીએ વિસ્તૃત પ્રવચનો કરેલાં છે. છ દ્રવ્યોનું સ્વરૂપ, નવ તત્ત્વોનું સ્વરૂપ તથા નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ કરીને પૂજ્ય ગુરુદેવશ્રીએ સમસ્ત મુમુક્ષુ સમાજ ઉપર અવિસ્મરણીય ઉપકાર કર્યો છે. વર્તમાન દુષમકાળમાં આવું ઉત્તમ સમ્યક્ તત્ત્વ પીરસીને મોક્ષાર્થી ભવ્ય જીવોની મોક્ષપ્રાપ્તિ અર્થેની પિપાસાને શાંત કરવા અર્થે પૂજ્ય ગુરુદેવશ્રીએ અમૃતધારા વર્ષાવી છે. સજ્જન પુરુષો એક મરણથી બચાવનારનો ઉપકાર પણ ભૂલતા નથી ત્યારે આ નિષ્કારણ કરુણામૂર્તિએ મુમુક્ષુજીવોને અનંત જન્મ-મરણથી બચાવવાનો માર્ગ પ્રકાશિત કરી અનંત અનંત ઉપકાર કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશથી પ્રાપ્ત નિશ્ચય રત્નત્રયાત્મક મોક્ષમાર્ગના ફળસ્વરૂપ મોક્ષદશામાં પ્રાપ્ત થતાં સુખ અને શાંતિનો કોઈ અંત નથી તો એવા ઉપદેશદાતા શ્રીગુરુનો ઉપકાર પણ અનંત જ હોય. પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન પ્રસંગે, જેનું મૂલ્ય ન થઈ શકે એવા અપૂર્વ જ્ઞાનદાતા પુરુષના ઉપકારને હૃદયંગમ કરી પાવન ચરણકમળમાં અત્યંત ભક્તિભાવે વંદન કરીએ છીએ.

આ પ્રવચનો 'સદ્દગુરુ પ્રવચન પ્રસાદ'માં પ્રકાશિત થઈ ચૂક્યા છે. વીર નિર્વાણ સંવત–૨૪૭૮, સન ૧૯૫૨માં થયેલાં આ પ્રવચનોની કોઈ પણ ઑડિયો કેસેટ નથી. માટે આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત થાય તો મુમુક્ષુ સમાજને વિશેષ હિતનું કારણ થાય એવો સૂઝાવ શ્રી 'હેમંતભાઈ ગાંધી', 'સોનગઢ' તથા શ્રી 'જયસુખભાઈ ખાટડીયા' 'મુંબઈ', તરફથી મળતાં આ પ્રવચનોને બે ભાગમાં પ્રકાશિત કરવાનો નિર્ણય 'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટે' લીધો. દ્વિતીય ભાગમાં ૩૫ થી ૫૮ ગાથાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રવચનોની ફાઈલો 'જામનગર' નિવાસી શ્રી 'સુનીલભાઈ પુનાતર' પાસેથી પ્રાપ્ત થતાં આ પ્રકાશનકાર્ય શક્ય બન્યું છે. તે માટે અત્ર તેમનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

પ્રસ્તુત ગ્રંથ 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ પ્રવચન'ના દ્વિતીય ભાગના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી, પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની તથા જેમની કૃપાથી તથા પ્રેરણાથી 'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'માં વીતરાગ સત્ સાહિત્યનું પ્રકાશન ચાલી રહ્યું છે એવા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ઉપકારને હૃદયપટમાં અંકિત કરી વંદન કરીએ છીએ.

પ્રસ્તુત પુસ્તક પ્રકાશન અર્થે સ્વ. શ્રી સોમચંદભાઈ ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ, લંડનના સ્મરણાર્થે હ. મીનાબહેન શાહ, લંડન તરફથી રૂ. ૨૫,૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. તેઓનો અત્ર આભાર માનવામાં આવે છે તથા અન્ય દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપવામાં આવેલ છે. ગ્રંથના ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ'નો તથા સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ મે. 'ભગવતી ઑફસેટ'નો આભાર માનવામાં આવે છે તથા અન્ય જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો પણ અત્ર આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનોનાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ અથવા અજાગૃતિવશ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ જિનેન્દ્રભગવાનની, આચાર્યભગવંતોની, જિનવાણી માતાની તથા સર્વ સત્પુરુષોની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ.

અંતતઃ આ પ્રવચનોના સ્વાધ્યાયથી સમસ્ત જીવો તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત થઈ મોક્ષમાર્ગને પ્રાપ્ત થાય એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

**ફાગણ વદ-૧૦, તા. ૦૪-૦૪-૨૦૦૫**
**(પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની**
**૭૩મી સમ્યક્ જયંતી)**

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
ભાવનગર

**આ પુસ્તકની કોઈપણ પ્રકારે વિરાધના ન થાય તેની સાવધાની રાખવા વિનંતી.**

## હું જ્ઞાનમાત્ર છું.

સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત્ર રહે તદ્ધ્યાન મહી;
પ્રશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વરતે જય તે.

❁ ❁

પાવન મધુર અદ્ભુત અહો ! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્ભાગ્યથી નિત્યે અહો ! ચિદ્રસ ભર્યાં.
ગુરુદેવ તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યાં,
ગુણમૂર્તિના ગુણગણતણાં સ્મરણો હૃદયમાં રમી રહ્યાં.

❁ ❁

હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે.

❁ ❁

## સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ

श्री सर्वज्ञवीतरागाय नमः

# શાસ્ત્ર સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः। ।१।।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः।
अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का। ।२।।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।३।।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रुगुरुवे नमः।

## ।। श्रीपरमगुरुवे नमः, परम्पराचार्यगुरवे नमः।।

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री समयसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया श्रृणवन्तु।।

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।
सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं।१।।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।
।२।।

ॐ नमः सिद्धेभ्य।

आयार्य श्रीनेमिचंद्र सिद्धांतयक्रवर्ती विरचित

# બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન

ભાગ-૨

પ્રસાદ નં. – ૨

**વી. નિ સં. ૨૪૭૯, કારતક સુદ ૨, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું,**
**સોનગઢ, તા. ૨૦-૧૦-૫૨, સોમવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૪**
**(આસો વદ ૯, રવિવાર, ૧૨-૧૦-૫૨ બપોર)**

### ગાથા-૩૪

ઉપાદાન કારણ સદૃશ કાર્ય થાય તેની વાત કરી.

આ પરિણામની વ્યાખ્યા ચાલે છે. સંવર કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. સંવર એટલે મોક્ષનો માર્ગ તે ચૈતન્યવસ્તુ દ્રવ્ય છે તેનાથી ઉત્પન્ન થાય છે તે મુખ્ય વાત છે. તેની વાત પ્રથમ કરી ગયા.

ચૈતન્યવસ્તુ ધ્રુવ અનંત ગુણનું સત્ત્વરૂપ આત્મા છે, તેના જે આ પરિણામ રાગ સાથે એકત્વ થાય તે સંસાર છે. પણ તે પરિણામ અનંત ગુણરૂપ ચેતન સાથે એકત્વ થાય તે સંવર

છે – મોક્ષમાર્ગ છે, તે સંવર પૂર્ણ નથી તેથી તેને અશુદ્ધનયનો વિષય કહ્યો છે. ઉપાદાન કારણ પ્રમાણે કાર્ય થાય છે તે આ પર્યાયની વાત છે. ત્રિકાળી ચેતનની વાત તો ગઈ. હવે જે પરિણામ ત્રિકાળી ચેતનના અવલંબને થાય, જે પરિણામ અનંતગુણના અવલંબને સ્થિરપણાને પામે તે પરિણામને સંવર કહે છે.

અસંખ્યપ્રદેશી અનંતગુણની ધામ વસ્તુને જાણ્યા વિના ચૈતન્ય જાણ્યો જાય નહિ અને તેના પરિણામ પ્રગટે છે તેને પણ જાણવા જોઈએ.

૧૫ વલા સુવર્ણરૂપ કાર્ય બદલીને ૧૬ વલા સુવર્ણરૂપ કાર્ય થયું; ત્યાં બંને અવસ્થામાં સોનું રહ્યું છે. સોનામાંથી સોનું રહ્યું છે. ૧૫ વલારૂપ કારણમાં સોનું રહ્યું છે અને ૧૬ વલારૂપ કાર્યમાં સોનું રહ્યું છે, તેથી તે અપેક્ષાએ 'કારણ સદૃશ કાર્ય' એમ કહ્યું છે ને જ્ઞાનપર્યાય ઓછો હતો તે પૂરો થયો, તે જ્ઞાન અપેક્ષાએ સમાનતા થઈ અને થોડાનો નાશ થઈ પૂરો થયો તે અસમાનતા પણ થઈ.

જ્ઞાનની જેમ શ્રદ્ધાગુણની પર્યાયમાં પણ મિથ્યાત્વની પર્યાયનો વ્યય તે સમ્યગ્દર્શનના ઉત્પાદનું કારણ છે. મિથ્યાત્વ તે શ્રદ્ધાગુણના પરિણામ છે અને સમ્યગ્દર્શન તે શ્રદ્ધાગુણના પરિણામ છે. માટે બંને શ્રદ્ધાગુણના પરિણામ અપેક્ષાએ અભેદ અર્થાત્ સમાન–સદૃશ કહેવાય છે.

પિંડનો વ્યય થઈ ઘડો થયો. તેમાં બંને અવસ્થામાં માટી છે તે અપેક્ષાએ સમાન છે અને બંને જુદી અવસ્થા છે તે અપેક્ષાએ અસમાન છે. તેમ મિથ્યાદર્શનનો પર્યાય શ્રદ્ધાગુણનો છે અને સમ્યગ્દર્શન પણ શ્રદ્ધાગુણનો પર્યાય છે. માટે શ્રદ્ધાગુણ અપેક્ષાએ બંને સમાન છે. માટે મિથ્યાદર્શનની પર્યાય સમ્યગ્દર્શનનું કારણ છે.

જ્ઞાનનો પર્યાય છે તે જ વ્યય થઈ બીજો જ્ઞાનપર્યાય થાય છે. માટે જ્ઞાન અપેક્ષાએ સમાન છે અને અધૂરા જ્ઞાનનો વ્યય અને પૂરા જ્ઞાનની ઉત્પત્તિ – તે અપેક્ષાએ અસમાન છે.

અંશે શુદ્ધ – અંશે નિરાવરણ તે પૂર્ણ શુદ્ધ અને પૂર્ણ નિરાવરણનું કારણ કેમ થઈ શકે ? તે પ્રશ્નનો આ ઉત્તર ચાલે છે.

ભેદાભેદ વસ્તુની પર્યાયમાં આવે છે. ક્ષયોપશમમાં શુદ્ધતા અને ઉઘાડ અંશે નિર્મળ છે અને આવરણ વિનાનો છે. તે સર્વથા પ્રગટ અને સર્વથા નિરાવરણ નથી, તે સંવર છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સંવર છે. તપસ્યા – નિર્જરા, ચારિત્રના ભેદ છે ખરેખર તો વિકારની અનુત્પત્તિ અને શુદ્ધની ઉત્પત્તિ તે ધર્મ છે – સંવર છે.

મિથ્યાદર્શનનો વ્યય અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ અપેક્ષાએ અસમાન છે અને શ્રદ્ધાગુણની અપેક્ષાએ બંને સમાન છે. સંસારને મોક્ષનું કારણ કહ્યું છે અને મિથ્યાદર્શનને સમ્યગ્દર્શનનું કારણ કહ્યું છે. સંસારની હયાતી તે મોક્ષનું કારણ નથી પણ સંસારપણે જે આત્માનો પરિણામ તે જ બદલીને મોક્ષ થાય છે, તે અપેક્ષાએ સમાનતા છે અને સંસાર ને મોક્ષ પરિણામની અપેક્ષાએ અસમાનતા છે.

સંવરની તો શું વાત કરીએ ? તે તો અંશે શુદ્ધ - આવરણરહિત છે. ક્ષયોપશમ છે તે જરી શુદ્ધ છે અને જરી આવરણસહિત છે.

લબ્ધઅપર્યાપ્તક જીવ સૂક્ષ્મ નિગોદ છે, તે આખા લોકમાં ભર્યાં છે. સૂક્ષ્મ નિગોદમાં અપર્યાપ્તક કરતાં પર્યાપ્તક વધારે છે. તે સૂક્ષ્મ નિગોદમાં લબ્ધપર્યાપ્તના જીવને જ્ઞાનનો સર્વ જઘન્ય ઉઘાડ સદા રહે છે. સ્પર્શ ઇન્દ્રિયથી જાણવાનો સર્વ જઘન્ય ઉઘાડ રહે છે. નહિતર જડ થઈ જાય. નિગોદમાં દ્રવ્ય-ગુણ ત્રિકાળ છે પણ તેનો પર્યાયમાં જરી વ્યક્ત અંશ ન હોય તો દ્રવ્ય-ગુણનો નાશ થઈ જાય. નિગોદમાં દ્રવ્ય-ગુણ પારિણામિક ભાવે છે અને જેટલો ઉઘાડ છે તેટલો ક્ષયોપશમિકભાવે છે અને જેટલો ઉઘાડ નથી તે ઔદયિકભાવે છે.

ધ્રુવ જ્ઞાનસ્વરૂપ છે તેનો પર્યાયમાં અંશ વ્યક્ત છે. તેને કોઈ પંડિત ધ્રુવકારણપર્યાય કહે છે – તે તેની વાત ખોટી છે. ધ્રુવકારણપર્યાયનું સ્વરૂપ એનાથી જુદું છે, ને ઘણું ગૂઢ છે – ગંભીર છે. 'શ્રી નિયમસાર'માં ધ્રુવ કારણપર્યાયનું સ્વરૂપ આવ્યું છે.

તે સર્વજઘન્ય અંશ એકદેશ આવરણ રહિત છે. સર્વથા આવરણ રહિત નથી. જો સર્વથા આવરણ હોય તો જડ થઈ જાય, વસ્તુ જ ન રહે. તો તેને જીવપણું જ રહેતું નથી. યથાર્થમાં તો ઉપરવર્તી ક્ષયોપશમિક જ્ઞાનની અપેક્ષાએ અને કેવળજ્ઞાનની અપેક્ષાએ તે જ્ઞાન પણ આવરણસહિત છે અને સંસારી જીવોને ક્ષાયિક જ્ઞાનનો અભાવ છે. તેથી ક્ષાયોપશમિક જ છે. મનુષ્ય-દેવના ક્ષયોપશમ અપેક્ષાએ અથવા કેવળજ્ઞાનની અપેક્ષાએ તે સર્વ જઘન્યજ્ઞાન આવરણ સહિત છે.

અહીં ન્યાયથી બતાવવું છે કે સંવરના પરિણામ એકદેશ વ્યક્ત અને એકદેશ આવરણ રહિત છે. તે તો એકદેશ આવરણરહિત છે પણ નિગોદનો જીવ પણ એકદેશ આવરણરહિત છે.

અનંતા આત્મા લોકમાં ભર્યાં પડ્યા છે. તેને પણ વિકાસ છે એ અપેક્ષાએ તેને ઉઘાડ છે અને ઉપરના જ્ઞાન અપેક્ષાએ આવરણ સહિત છે. લબ્ધઅપર્યાપ્તવાળાને પણ જરી ઉઘાડ છે તે વાત પરથી સંવરદશાવાળા જીવને એકદેશ ઉઘાડ તથા શુદ્ધતા છે પણ સર્વથા નથી એમ બતાવે છે.

'વળી જો નેત્રપટલના એકદેશ નિરાવરણની માફક...' નેત્રનો એક ભાગ જરી ઉઘડે તો તે દ્વારા બધું પ્રત્યક્ષ દેખાય તેવું આ ક્ષાયોપશમિકજ્ઞાન નથી. જો કેવળજ્ઞાન જરા ઉઘાડું હોય તો તે વડે પ્રત્યક્ષ બધું લોકાલોક દેખાવું જોઈએ.

સંવરપર્યાય પ્રગટી તે પૂર્ણ નથી તેમ શુદ્ધતા નથી એમ પણ નથી. એકદેશ નિરાવરણ - ઉઘાડવાળું જ્ઞાન કેવળજ્ઞાનનો અંશ નથી – તેનો અર્થ એ છે કે તે ક્ષાયિકનો અંશ નથી – એમ બતાવવું છે.

નિગોદમાં શુભભાવ થાય તેમાં પણ શુદ્ધતાનો અંશ પડ્યો છે. જો તે ન હોય તો તે

વધીને યથાખ્યાત ન થાય

તેમ ભવી–અભવી બધામાં જ્ઞાનનો ઉઘાડ છે તે કેવળનો અંશ છે. જો તે કેવળનો અંશ ન હોય તો તે વધીને કેવળ થાય નહિ પણ તે વાત અહીં નથી. 'શ્રી ટોડરમલ્લજી'ની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં સમ્યક્જ્ઞાનને કેવળજ્ઞાનનો અંશ કહ્યો છે તે, ક્ષાયોપશમિક જ્ઞાનમાં અને નિરાવરણ જ્ઞાનમાં બંનેમાં જ્ઞાનપણું છે તેથી તે ઉઘાડજ્ઞાન વધીને કેવળ થશે, માટે ત્યાં કેવળનો અંશ કહ્યો. પરંતુ તે ઉઘાડજ્ઞાન ક્ષાયિકનો ભાગ નથી – સર્વથા નિરાવરણનો ભાગ નથી માટે તે કેવળનો – ક્ષાયિકનો અંશ નથી એમ અહીં કહ્યું છે.

નિગોદમાં વિકાસ છે પણ આવરણ ઘણું છે. જરી વિકાસ છે. પણ પડળ ઘણાં છે ને વિકાસ નથી – એમ પણ નથી છતાં તે ક્ષાયિકની જાત છે એમ પણ નથી.

હવે ક્ષયોપશમનો ખુલાસો કરે છે.

ચેતનના પરિણામ – જે જ્ઞાનનો ઉઘાડ તે ચેતનની જાત હોવા છતાં તે ક્ષાયિકનો ભાગ નથી. ઉઘાડજ્ઞાન અને ક્ષાયિકજ્ઞાનની જાત એક છે. પણ ઉઘાડ તે ક્ષાયિકનો ભાગ નથી.

હવે સર્વ પ્રકારે આત્માના ગુણોને પ્રચ્છાદન કરવાવાળી જે કર્મની શક્તિઓ કર્મ નિમિત્તપણે છે તે સમજાવે છે. આત્મા આવડો મોટો તેને જડ આવરણ કરે ? જડને બિચારાને ખબર પણ નથી કે અમે કોણ છીએ. એવાં ચેતનહીન જડકર્મ તને રોકે ?

સ્પર્દ્ધક = કર્મના સ્કંધો ફળ દેવાને લાયક થાય તેને સ્પર્દ્ધક કહે છે. કર્મની જાતના બે પ્રકાર છે. સર્વઘાતિ સ્પર્દ્ધક અને દેશઘાતિસ્પર્દ્ધક.

સર્વઘાતિસ્પર્દ્ધકના ઉદયનો અભાવ, આત્માનો તેની તરફ જોડાવાનો અભાવ તેને ઉદયાભાવી ક્ષય કહે છે અને તે સર્વઘાતિ સ્પર્દ્ધકોની વર્તમાન ફળ દેવાની શક્તિ નથી પણ સત્તામાં પડ્યા રહે છે તેને ઉપશમ કહે છે. આ ઉપશમ પુરુષાર્થપૂર્વક નથી. આત્મામાં જ્ઞાનનો પર્યાય ખીલેલો છે તેમાં સર્વઘાતિ સ્પર્દ્ધકના ઉદયનો અભાવ છે. સર્વઘાતિ સ્પર્દ્ધકનો અનુદયરૂપ - સત્તારૂપ ઉપશમ અને દેશઘાતિ સ્પર્દ્ધકનો ઉદય છે. એ નિમિત્તની ત્રણ પ્રકારની યોગ્યતાને - જીવના ભાવ તેને અહીં ક્ષાયોપશમિક ભાવ કહે છે. સર્વઘાતિસ્પર્દ્ધકોનો સર્વથા ઉદય હોય તો જડ થઈ જાય. કંઈ ઉદય ન હોય તો કેવળજ્ઞાન થઈ જાય.

ક્ષયોપશમમાં જે હોય તે ક્ષાયોપશમિકભાવ છે અથવા એકદેશમાં વિઘ્ન હોવા છતાં જ્ઞાન આદિને પામી શકે છે માટે ક્ષાયોપશમિક કહે છે. સમ્યગ્દૃષ્ટિને ચેતનનાં પરિણામ જે ખીલ્યાં તે એકદેશ આવરણરહિત છે તે ક્ષયોપશમ છે. તેની વાત કરી, સંવર પર્યાય કંઈક ઉઘડેલી છે, કંઈક આવરણવાળી છે. સર્વથા ક્ષાયિક નથી, પણ સર્વથા ક્ષાયિકનું કારણ છે. તે વાત બતાવવી છે.

ધ્યાન કરનારે પૂર્ણ ક્ષાયિકનું કારણ ભાવસંવર એકદેશ ઉઘડેલું હોવા છતાં તે પણ સકળ-વિમળ અખંડ કેવળજ્ઞાનરૂપ પરમાત્માનું સ્વરૂપ છે તે જ હું છું અને ખંડજ્ઞાન હું નથી એમ

ધ્યાન કરવું. ધ્યાનના ધ્યેયમાં ત્રિકાળી અખંડ વસ્તુ હોવી જોઈએ. અંતર્મુખ વલણ હોવું જોઈએ.

ધ્યાનપર્યાય એક સમયની છે, તે પોતે પણ ધ્યાનનું ધ્યેય - દ્રવ્યવસ્તુ નથી. સદૃશ અંતર એકરૂપભાવ તે ખંડરૂપ નથી, પર્યાય નવી નવી થાય છે માટે પર્યાયનો આશ્રય લેવા જેવો નથી. આશ્રય દ્રવ્યનો લેવા જેવો છે.

એ પ્રમાણે સંવરતત્ત્વના વ્યાખ્યાનને વિષે નયોનો વિભાગ બતાવ્યો. હવે સંવરના કારણના ભેદ કહેશે.

## પ્રસાદ નં. – ૪

**વી. નિ સં. ૨૪૭૯, કારતક સુદ ૪, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું,**
**સોનગઢ, તા. ૨૨-૧૦-૫૨, બુધવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૫**
**(આસો વદ ૧૦, સોમવાર, ૧૩-૧૦-૫૨ બપોર)**

શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયથી ઉત્પન્ન ચેતનના પરિણામને સંવર કહેછે. ચેતનના પરિણામના અનેક પ્રકાર પડે છે. તેમાં સંવરના પ્રકાર કહે છે.

ધર્મ તો નિશ્ચય એક જ પ્રકારે વીતરાગભાવમય છે, સંવરરૂપ ધર્મના અનેક ભેદ છે. છતાં ધર્મ છે તે એક સ્વદ્રવ્યના આશ્રયે જ પ્રગટે છે. 'યોગસાર'માં તથા 'સમાધિશતક'માં પણ એ જ કહ્યું છે કે આત્માને જાણવો, સાંભળવો, કહેવો, પૂછવો, ધ્યાન કરવું કેમકે તે જ મુખ્ય છે – શ્રેષ્ઠ છે. લોકો આત્મજ્ઞાનની વાતનો વિરોધ કરે છે પણ સર્વ સ્થળે આત્માની જ અધિકતા છે, તેનાં યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતાથી નિર્મળતા થાય છે. ત્યાં વ્યવસ્થિત ક્રમબદ્ધપર્યાય ભૂમિકામાં નિશ્ચય-વ્યવહારનો મેળ સહજ હોય છે ને તેમાં જેટલો રાગ ઘટ્યો તેટલાં તેનાં નિમિત્તો પણ છૂટતાં જાય છે.

### ગાથા-૩૫

**वदसमिदीगुत्तीओ धम्माणुपेहा परीसहजओ य।**
**चारित्तं बहुभेया णायव्वा भावसंवरविसेसा।।३५।।**

**ગાથાભાવાર્થ :–** પાંચ વ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ઉત્તમક્ષમાદિ દસધર્મ, બાર અનુપ્રેક્ષા, બાવીસ પરિષહોનો જય તથા અનેક પ્રકારનાં ચારિત્ર – એ બધા ભાવસંવરના ભેદ છે.

અભેદની વાત કરી, તેના ભેદને પણ જાણવા જોઈએ. લોકો દેહની ક્રિયાને અને શુભરાગને

વ્રત, તપ અને સંવર કહે છે, પણ તે વાત ખોટી છે.

**વ્યાખ્યાર્થ :–** 'વદસમિદીગુત્તીઓ' સમ્યગ્દર્શનપૂર્વક નિજશુદ્ધાત્માના અવલંબનથી પ્રગટ થતી શુદ્ધતામાં વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા પરિષહોનું જીતવું, અનેક પ્રકારનું ચારિત્ર – એ બધાનો સમૂહ આવી જાય છે. તે બધા ભાવસંવરના ભેદ છે, ત્યાં વ્યવહાર વ્રતાદિના શુભ વિકલ્પ હોય છે તેને ઉપચારથી સાધન કહેવાય છે.

વિશુદ્ધજ્ઞાન-દર્શન સ્વભાવી નિજ આત્મતત્ત્વની રત્નત્રયરૂપ ભાવનાથી ઉત્પન્ન જે સુખરૂપી અમૃતમય પરમાનંદ – તેના સ્વાદના બળથી સંપૂર્ણ શુભાશુભ રાગાદિ વિકલ્પોથી રહિત સ્વરૂપમાં ઠરવું તે સાચું વ્રત છે. શુભરાગથી કે શરીરના બળથી વ્રત-ચારિત્ર નથી પણ અતીન્દ્રિય આત્માનુભવરૂપ નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-રમણતાથી પુણ્ય-પાપની વૃત્તિ ઉત્પન્ન ન થવી પણ અંદરમાં સ્થિરતા થવી તે મોક્ષનું કારણ - વ્રત છે.

શુભાશુભ રાગરહિત વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વરૂપ નિજઆત્મતત્ત્વનું ભાન તો પ્રથમથી થયું છે, પછી સ્વાવલંબનમાં વિશેષ સ્થિરતા તે સાચું વ્રત છે. તે સિવાય એકલા વ્યવહારમાં વ્રત માને છે તેને વ્યવહારવ્રત પણ નથી. માત્ર વ્યવહારાભાસ છે. નિશ્ચયશ્રદ્ધા અને વીતરાગતા છે ત્યાં વ્યવહારવ્રત હોય છે. તેને ઉપચારથી વ્રત કહેવાય છે. સ્વદ્રવ્યના આશ્રયે ચૈતન્ય પરિણામરૂપ સંવર તો છે તે નિશ્ચય સાધન છે તેનું શુદ્ધ ઉપાદાન સાધન તો આત્મા છે, તે ૩૪મી ગાથામાં કહ્યું છે. આવું નિશ્ચય વ્રત હોય છે ત્યાં વ્યવહારથી તે નિશ્ચય વ્રતના સાધનરૂપ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ – એવા શુભ વિકલ્પરૂપ પાંચ પ્રકારનાં વ્રત હોય છે. વીતરાગી શ્રદ્ધા અને સ્થિરતા છે ત્યાં મુનિને ૨૮ મૂળગુણના વિકલ્પ હોય છે, એટલે એથી વિરુદ્ધ એવા અશુભરાગની ઉત્પત્તિ જ ન થાય એવી દશા સહજ હોય છે. એકલી બાહ્યક્રિયા ને શુભરાગનું પાલન કરો, પછી નિશ્ચયચારિત્ર થઈ જશે એમ કહેનારની વાત સાચી નથી.

કોઈ કહે કે જાતિવેશનો આગ્રહ ન રાખો, ગમે તે જાતિ - વેશ હોય – એમ કહી ૧૫ ભેદ સિદ્ધ થાય એમ માને છે તેણે મૂળમાર્ગનો વ્યવહાર પણ ઉડાડ્યો છે.

મુનિદશામાં ઉત્તમજાતિ - કુળ વગેરે હોય છે, લિંગ પણ નગ્ન દિગંબર જ હોય. નિશ્ચય ચારિત્ર હોય ત્યાં વ્યવહાર આવો જ હોય છે. મુનિને સર્વ પરિગ્રહ રહિતપણું જ છે.

વ્યવહારનો નિયમ ઉડાડે તે પણ મૂઢ છે. હા, બાહ્ય આવું હોય ખરું, પણ તેનાથી મુક્તિ થાય એમ માને તે પણ મૂઢ છે, ખેંચાતાણી કરે તો કામ આવે નહિ.

મુનિને સંપૂર્ણ અહિંસાદિ વ્રત છે, તે ભૂમિકામાં આધાકર્મી કે ઉદ્દેશી આહાર લેવાનો વિકલ્પ ન હોય, વીતરાગી આનંદમાં ઝૂલતા હોય છે. કોઈ કહે કે મૂર્છારહિત છીએ માટે વસ્ત્ર-પાત્રાદિ હોય તો પણ ચારિત્રમાં વાંધો નથી તો તેમ માનનાર મૂઢ છે.

ચાંડાલાદિ નીચા કુળવાનને મુનિપણું હોય નહિ ને ઊંચ કુળવાન છે માટે તે કુળથી

તરી જશે – એમ પણ નથી.

સનાતન વીતરાગ માર્ગમાં વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર અને મોક્ષમાર્ગનું આવું સ્વરૂપ કહ્યું છે, બીજી રીતે નથી.

ખરેખર વસ્તુસ્વભાવથી જોઈએ તો અનંત જ્ઞાનાદિ સ્વભાવનો ધરનાર જે નિજ આત્મા છે તેમાંથી જ નિર્મળ પરિણતિ પ્રવહે છે. વ્યવહાર સમિતિ, નિશ્ચય સમિતિના વિકલ્પ તથા પુણ્ય-પાપ, દયા-દાન-વ્રત આદિના વિકલ્પ રહિત નિજ આત્મા છે તેમાં સમ્યક્ પ્રકારે સમસ્ત રાગાદિના ત્યાગપૂર્વક લીન થવું, આત્માનું ધ્યાન કરવું આત્મારૂપ થવું – આદિ રૂપથી અયન-ગમન - પરિણમન તે સમિતિ છે. અનંત જ્ઞાનાનંદના ધરનાર નિજ શુદ્ધાત્માના જ આશ્રયે નિર્મળ પરિણતિ થાય તે શુદ્ધોપયોગરૂપ સાચી સમિતિ છે.

સંપ્રદાયમાં બહારની સમિતિમાં ધર્મ માને છે તેને તો વ્યવહારે પણ સંવર નથી. શાસ્ત્રમાં વ્યવહારથી કથન હોય તેને જ નિશ્ચયથી ધર્મનું સ્વરૂપ માની લે તે મૂઢ છે.

વસ્ત્રનો કટકો રાખે તે મુનિ નથી. તે મિથ્યાદૃષ્ટિ છે. તેને આત્માની ખબર નથી. અંતર સ્વભાવ જ્ઞાનાનંદ ચિદાનંદ આત્મામાં લીન થઈ પરિણમવું તે સમિતિ છે. આવી નિશ્ચય સમિતિ તે મોક્ષનું કારણ છે.

હવે વ્યવહાર સમિતિનું સ્વરૂપ કહે છે.

સમિતિ તે સંવર છે આત્માના નિર્મળ પરિણામ છે તે વખતે અંદરમાં વિકલ્પ છે. જોઈને ચાલવાનો વિકલ્પ આવે છે. દેહની ક્રિયાનો કર્તા નથી, પણ અંદરમાં પરને દુઃખ દેવાની લાગણીપૂર્વક ચાલું તેવો ભાવ તેને થતો નથી તે વિકાર છે, શુભરાગ છે તેને વ્યવહાર ઈર્યાસમિતિ કહે છે.

**ભાષા સમિતિ :–** વીતરાગ ભગવાને જે સત્ય તત્ત્વ કહેલું છે તે પ્રમાણે જ તેની ભાષા નીકળે, ભાષા તો જડ છે, પણ તે પાછળ જે શુભરાગ છે તેને વ્યવહાર ભાષાસમિતિ કહે છે.

**એષણા સમિતિ :–** આહાર લેતી વખતે આહારમાં જરી વાળનો કટકો નીકળે તો પણ આહાર છોડી દે એ રીતે ૧૪ મળ ૩૨ અંતરાય રહિત આહાર લે.

મુનિને આહાર અને પાણી બે જ ચીજ હોય છે. વસ્ત્ર-વાસણ હોતાં નથી માટે 'સમયસાર'માં અન્ન અને પાણી બે લીધાં છે.

**આદાન-નિક્ષેપણ સમિતિ :–** શ્વેતાંબરમાં ભંડ શબ્દ ગોઠવી દીધો છે. મુનિ પાસે પાતરાં કે વસ્ત્ર કેવાં ? માત્ર શૌચ માટે લાકડાનું કમંડળ હોય છે.

**વ્યુત્સર્ગ સમિતિ :–** પેસાબ, ઝાડો, થૂંક નાખવા વખતે પ્રમાદ ન થવા દે, તેવો શુભરાગ તેને વ્યવહાર વ્યુત્સર્ગ સમિતિ કહે છે.

સ્વભાવના અવલંબને આનંદ પ્રગટે તે નિશ્ચય સમિતિ છે, અને જે રાગ થાય તેને બહિરંગ

વ્યવહાર સમિતિ કહે છે. બહિરંગ એટલે વિકલ્પ, તે અંતરંગ આત્માનું સ્વરૂપ નથી માટે વિકલ્પને બહિરંગ કહે છે.

આચાર્ય ભગવાન કહે છે કે, આ ભેદો જાણવા જોઈએ. સ્વભાવના ભાન સહિત જે દશા થઈ તેમાં આવો રાગ રહે તેને ઉપચાર સમિતિ કહે છે અને વસ્તુની જે અંતરંગ શુદ્ધ દશા થઈ તેને નિશ્ચય સમિતિ કહે છે.

**ગુપ્તિ :–** આત્માને શરીરમાંથી ખેંચી સ્વરૂપમાં ગોપવવો તેને ગુપ્તિ કહે છે.

નિશ્ચયથી ભગવાન આત્મા - શુદ્ધ સહજ આત્મા જ્ઞાયક નિર્મળ આત્માનાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે રાગ-દ્વેષ-વિકાર કે જે સંસારના બંધનનું કારણ છે. તેનાથી રહિત સ્વભાવમાં ગુપ્ત થઈ જાય. સંસારના ભયથી આત્માને છૂપાવવો-ગોપવવો તેને ગુપ્તિ કહે છે.

એટલે કે રાગની ઉત્પત્તિ ન થવા દેવી, સ્વભાવમાં ગુપ્ત થવું તે નિશ્ચય ગુપ્તિ છે. ઢાંકી દેવું, ઝંપન=આચ્છાદાન, આત્માનું રક્ષણ કરવું, આત્મામાં ઠરવું તેને ગુપ્તિ કહે છે.

નિશ્ચયથી વ્રતને સાધવાવાળો તો આત્મા છે. નિશ્ચયથી વીતરાગસ્વભાવને આત્મા સાધે છે તેને જે વિકલ્પ ઊઠે છે. તેને વ્યવહાર કહે છે.

વ્યવહારથી મન-વચન-કાયા તરફનો અશુભ વિકલ્પ ન થવા દેવો તેને ગોપવ્યો એમ કહેવાય છે. અશુભને ગોપવીને શુભરાગમાં ઊભો છે, તેથી વ્યવહારથી ગોપવ્યો – એમ કહ્યું. પૂર્ણ વીતરાગતા થઈ નથી ત્યાં સુધી વચ્ચે રાગ હોય જ છે. નિશ્ચય-વ્યવહાર સાથે હોય જ છે અને જો નિશ્ચય નથી તો વ્યવહાર કોનો ? નિશ્ચય પ્રગટ્યો હોય ત્યાં વચ્ચે વિકલ્પ રહે તેને વ્યવહાર કહે છે. નિશ્ચય નથી તો વ્યવહાર કોનો ? માટે આત્માનું ભાન - જ્ઞાન - લીનતા થયા પછી વચ્ચે જે રાગ હોય છે તેને વ્યવહાર કહે છે.

એ રીતે નિશ્ચય તથા વ્યવહાર ગુપ્તિનું સ્વરૂપ કહ્યું.

## આસો વદ ૧૧ મંગળ ૧૪-૧૦-૫૨

અહીં સંવરના ભેદ બતાવે છે. ધર્મના દસ ભેદ અત્રે બતાવ્યા છે તે વ્યવહારથી લીધા છે. ભેદ વિકલ્પનું કારણ છે તે નિશ્ચય ધર્મ નથી, સંસારમાં પડતા આત્માને ધારી રાખે તે ધર્મ છે. વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવની ભાવના સ્વરૂપ ધર્મ છે. અભેદતા અથવા એકતા તે નિશ્ચય ધર્મ છે ને ભેદ પડે તે વ્યવહાર છે, ગુપ્તિ-સમિતિ વગેરેમાં એ પ્રમાણે સમજવું.

નિશ્ચયથી નિજ શુદ્ધ આત્માની ભાવના તે ધર્મ છે ને વ્યવહારથી તેના સાધન માટે ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય, બ્રહ્મચર્યરૂપ દસ ધર્મો કહ્યાં છે. ઇન્દ્ર, ચક્રવર્તી આદિથી વંદન યોગ્ય જે તીર્થંકર પદ છે તેમાં ધારણ કરવા માટે આ દશ પ્રકારના ધર્મો સાધન છે.

આ બધા ભેદ છે – શુભ છે તેનાથી જે બચાવી રાખે ને અંતરશુદ્ધતા કરે તે ધર્મ છે. વીતરાગતા નિશ્ચય ધર્મ છે ને શુભરાગ વ્યવહાર ધર્મ છે.

હવે બાર અનુપ્રેક્ષાનું કથન કરે છે. અધ્રુવ, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ તથા ધર્મ તેનો વિચાર કરવો તે અનુપ્રેક્ષા છે.

આ બાર ભાવનાનું વર્ણન 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં હમણાં વંચાઈ ગયેલ છે.

### (૧) અધ્રુવ ભાવના

દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો આત્મા અણ ઘડ્યા ઘાટના જેવો ટંકોત્કીર્ણ જ્ઞાયક એકરૂપ સ્વભાવવાળો તથા અવિનાશી છે તે એક જ ધ્રુવ છે ને રાગાદિ પરિણામ અધ્રુવ છે, આત્માની પર્યાયમાં થતા રાગાદિ પરિણામ અશુદ્ધ નિશ્ચયનયથી પોતાના છે તે પણ અધ્રુવ છે, જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ અધ્રુવ છે, તે આત્મા સાથે કાયમ ટકતો ભાવ નથી.

વળી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી દ્રવ્યકર્મ તથા શરીરાદિ નોકર્મ તથા સ્વસ્વામી સંબંધથી માની લીધેલાં સ્ત્રી, છોકરાં, કુટુંબીઓ વગેરે ચેતનદ્રવ્ય તથા સોનું, મકાન, ગાલીચા વગેરે અચેતનદ્રવ્ય તથા ચેતન અને અચેતનથી મળેલા મિશ્ર પદાર્થો વગેરે બધા અધ્રુવ છે, ગાયો, ભેંસો, મકાન વગેરે પોતાનાં માન્યાં છે પણ તે આત્માના નથી. આત્મા એનો ધણી નથી, આત્મા જ્ઞાનસ્વભાવી એક વસ્તુ ધ્રુવ છે. બીજી ચીજો અધ્રુવ છે એમ અધ્રુવનો વિચાર કરતાં સ્વ તરફ ઢળતાં જે એકાગ્રતા થાય તે સંવર ને ભાવના છે. આત્માના આશ્રયે થતી નિર્વિકારી પર્યાય એક સમયની છે, તે ક્ષણિક છે છતાં તેને અધ્રુવમાં લીધી નથી કેમકે શુદ્ધ આત્માની સાથે તેને અભેદ ગણવામાં આવી છે.

શરીર, કર્મ, લક્ષ્મી, મોટરો, બગીચા, ઘોડાગાડી બધાં અનિત્ય છે, દુઃખના નિમિત્તો છે. ખાતી વખતે મેસુબમાં કાંકરી આવે તો તેને કાઢી નાખે છે. તેમાં મમતા રહેતી નથી, તેમ જ્ઞાનાનંદ સ્વભાવની ભાવના વાળાને પૈસા, બૈરાં, છોકરાંમાં, એઠા ભોજનની જેમ મમતા રહેતી નથી અનિત્ય ભાવના ભાવવાવાળો અનિત્ય પદાર્થોનો વિયોગ થતાં દુઃખ પામતો નથી. અજ્ઞાની જીવ એવો વિયોગ થતાં બહુ દુઃખ પામે છે, જ્ઞાની તેમાં મમતા કરતો નથી, જ્ઞાનીને બાહ્ય પદાર્થોમાં મમત્વનો અભાવ હોવાથી તે અવિનાશી નિજ પરમાત્માને ભેદ રત્નત્રય તથા અભેદ રત્નત્રયની ભાવનાથી ભાવે છે ને પોતાના અવિનશ્વર આત્માને ભાવે છે તેથી તે અક્ષય અવિનાશી

સુખરૂપ મુક્તદશાને પામે છે.

એક માણસે રાત્રિમાં લાકડાની પૂતલીને સ્ત્રી માની તેની સેવા કરી પણ સવારમાં જોયું તો તે લાકડાની હતી તેમ અજ્ઞાની અજ્ઞાન અંધકારમાં શરીરાદિ પુદ્‌ગલને પોતાનાં માની તેની સેવા કરે છે પણ તે બધું વ્યર્થ જાય છે, શ્રી કૃષ્ણ વાસુદેવનાં પુણ્ય ફર્યાં, દેવો ચાલ્યા ગયા, દ્વારકા નગરી ઘાંસની જેમ સળગવા માંડી, પાણી તેલ રૂપે થઈ ગયાં, અગ્નિ ઓલવાવાને બદલે વધી, બધા સંયોગો પલટાઈ ગયા આ બધા પદાર્થો અધ્રુવ છે - અનિત્ય છે, શુદ્ધ ચૈતન્ય સ્વભાવી આત્મા ધ્રુવ છે, આવી ભાવના ભાવતાં કદી નાશ ન થાય એવા સુખની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે અધ્રુવ ભાવના પૂર્ણ થઈ.

## (૨) અશરણ ભાવના

હવે અશરણ ભાવનાનું વર્ણન કરે છે. પોતાના આશ્રયે પ્રગટતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિવાળું આત્મદ્રવ્ય નિશ્ચયથી શરણરૂપ છે ને બહિરંગ સહકારી કારણ પંચ પરમેષ્ઠીનું આરાધન વ્યવહારથી કારણરૂપ છે. સમ્યગ્દૃષ્ટિને વિકલ્પ વખતે પંચ પરમેષ્ઠી પ્રત્યે લક્ષ જાય છે, અશુભથી બચવા તેવો શુભભાવ આવે છે માટે વ્યવહારથી તેને શરણ કહ્યું છે. બાકી કોઈ શરણ નથી. દેવ, ચક્રવર્તી, સુભટ, પુત્ર આદિ ચેતન પદાર્થ તથા પર્વત, કિલ્લો, મણિ, મંત્ર, આજ્ઞા, પ્રાસાદ, ઔષધ આદિ અચેતન પદાર્થ તથા મિશ્ર પદાર્થો જીવને શરણભૂત નથી. બ્રહ્મદત્ત ચક્રવર્તીને મરણ વખતે ૧૬૦૦૦ દેવો, ૯૬૦૦૦ સ્ત્રી વગેરે કોઈ શરણ ન થયા.

જેવી રીતે મહાવનમાં વાઘથી પકડાયેલા હરણના બચ્ચાને કોઈ શરણભૂત નથી તથા મહાસમુદ્રમાં જહાજથી ઉડી ગયેલા પક્ષીને કોઈ શરણ નથી તેવી રીતે આ જગતમાં વ્યાધિ ટાણે અથવા મરણ ટાણે કોઈ શરણ નથી. આમ ધર્મીજીવ ભાવના ભાવે છે, અખંડ આત્માની ભાવના કરતાં બીજા પદાર્થો અશરણ છે એમ ભાવના ભાવે છે. અન્ય વસ્તુને અશરણ જાણીને ભોગની વાંછારૂપ નિદાન બંધ આદિથી રહિત તથા પોતાના આત્મજ્ઞાનથી ઉત્પન્ન સુખરૂપ અમૃતનો ધારક નિજ શુદ્ધઆત્મા છે તેનું અવલંબન લઈને સમ્યગ્દૃષ્ટિ જીવ આ ભાવના ભાવે છે.

જે જીવ પોતાના આત્માને શરણભૂત ભાવીને ભાવે છે તે જીવ વજ્રની ભીંત જેવો શુદ્ધ આત્મા પ્રાપ્ત કરે છે એટલે કે પૂર્ણ સિદ્ધ દશાને પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે બીજી અશરણ ભાવનાનું વ્યાખ્યાન થયું.

## (૩) સંસાર અનુપ્રેક્ષા

હવે ત્રીજી સંસાર ભાવનાનું વર્ણન કરે છે. તેમાં દ્રવ્ય સંસારની વાત કરે છે. આત્મા શુદ્ધ નિર્મળાનંદ છે તેનાથી પૂર્વે ગ્રહેલાં અણગ્રહેલાં ને મિશ્ર એવાં પુદ્ગલ દ્રવ્ય ભિન્ન છે. જીવે નહી ગ્રહેલાં પરમાણુઓ ગ્રહેલા કરતાં અનંત ગુણા પડ્યા છે કે જે જીવે હજી ગ્રહ્યાં નથી ને ગ્રહશે પણ નહિ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મરૂપે તથા શરીરના પોષણ માટે ભોજન-પાન વગેરે પાંચ ઇન્દ્રિયોના વિષયરૂપે પુદ્ગલ પરમાણુઓ જીવે અનંતવાર ગ્રહણ કર્યા છે. પોતાના સ્વભાવનો સંબંધ છોડી આવા સંબંધો કર્યા પણ સ્વભાવનો સંબંધ કર્યો નહિ એવો દ્રવ્ય સંસાર ભાવનાનો વિચાર જ્ઞાની કરે છે.

હવે ક્ષેત્ર સંસારની વાત કરે છે, પોતાના અસંખ્ય પ્રદેશ પોતાનું ક્ષેત્ર છે, તેમાં અનંત ગુણો રહેલા છે તેની ભાવના છોડી ચૌદ બ્રહ્માંડના ક્ષેત્રમાં જીવ અનંતીવાર રખડ્યો, આ લોકના અસંખ્ય પ્રદેશ છે, તેના એક એક પ્રદેશમાં જન્મ્યો ને મર્યો છે, કોઈ પ્રદેશ ખાલી નથી કે જ્યાં અનંતી વાર જન્મ્યો ન હોય ને મર્યો ન હોય, અજ્ઞાનીને પરક્ષેત્રનો મહિમા આવે છે, મહાવિદેહ ક્ષેત્રમાં અનંતીવાર જન્મી આવ્યો છે. માટે પર ક્ષેત્રનો મહિમા છોડ ને અસંખ્ય પ્રદેશ તારું ક્ષેત્ર છે તેમાં તું રહેલો છે. એમ તારો મહિમા કર એમ કહેવાનો ભાવાર્થ છે.

હવે કાળ સંસારની વાત કરે છે, પોતાના શુદ્ધ આત્માનો અનુભવ રૂપ નિર્વિકલ્પ સમાધિકાળ તે સ્વકાળ છે. તે સ્વકાળની પ્રાપ્તિ વિના દશ ક્રોડા ક્રોડી સાગર પ્રમાણ ઉત્સર્પિણી કાળ ને દશ ક્રોડા ક્રોડી સાગર પ્રમાણ અવસર્પિણી કાળમાં અનંતીવાર જન્મ્યો ને મર્યો છે. અનેક પરાવર્તન કાળમાં દરેક સમયમાં અનંતીવાર જન્મ્યો ન હોય ને મર્યો ન હોય એવો કોઈ સમય નથી, માટે બહારના કાળ ઉપરની દૃષ્ટિ છોડી પોતાનો સ્વકાળ સાચો છે એમ દૃષ્ટિ કર,

હવે ભવ સંસારની વાત કરે છે.

પોતાના શુદ્ધ આત્માની શ્રદ્ધા સ્વસંવેદન જ્ઞાનને રમણતા રૂપી ધ્યાનના બળથી નિજ આત્માની પ્રાપ્તિરૂપ લક્ષણવાળી સિદ્ધગતિ પ્રાપ્ત થાય છે. કોઈ વ્યવહારથી કે ક્રિયાકાંડથી સિદ્ધગતિ પ્રાપ્ત થતી નથી. તે ગતિ પ્રાપ્ત કર્યા વિના એટલે કે પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યમય ભગવાન છે એવી ભાવના કર્યા વિના, ભોગ વાંછાના નિદાન સહિત દ્રવ્યલિંગપણું ધારણ કરી તપશ્ચરણ કર્યું, નવમી ગ્રૈવેયક સુધીનું દેવપદ ધારણ કર્યું, વસ્ત્ર, પાત્ર રાખે તે તો દ્રવ્યલિંગી પણ નથી. બાહ્યથી નગ્ન શરીર હોય, પાંચ મહાવ્રતાદિનું પાલન કરતો હોય, જંગલમાં રહેતો હોય, પણ સ્વભાવની રુચિ નથી, શુભની તથા ક્રિયાની રુચિ છે તેથી દ્રવ્યલિંગી છે. આવી જિન દીક્ષા અનંતીવાર ધારણ કરી. છઢાળામાં પણ કહ્યું છે કે :– 'મુનિવ્રત ધારણ કરીને જીવ અનંતીવાર

ગ્રૈવેયકમાં જન્મ્યો છે પણ નિજ આત્મજ્ઞાન વિના જરા પણ સુખી થયો નહિ' – સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રને માને પણ પુણ્યની ને વ્યવહારની ભાવના છે તેથી દેવમાં ઊપજી સંસારમાં રખડે છે.

મિથ્યાદૃષ્ટિ જીવ પહેલા સ્વર્ગનો ઇન્દ્ર-(શક્રેન્દ્ર) ન થાય, ઇન્દ્રાણી ન થાય, ઇન્દ્રાણી જન્મતી વખતે મિથ્યાદૃષ્ટિ હોય પણ તે ભવમાં સમકિત પામી પછીના ભવે મોક્ષે જાય, દક્ષિણ દિશાના ઇન્દ્રો, લોકપાલ ને લોકાંતિક દેવો એ બધા એકાવતારી હોય છે, તે પૂર્વે સમ્યગ્દર્શન પામેલા હોય છે. લોકાંતિક દેવો બ્રહ્મચારી આઠ સાગરની સ્થિતિવાળા હોય છે. કેટલાક બાર અંગના જાણનાર છે, ભગવાનના કલ્યાણક પ્રસંગે આવે છે. આવા દેવોના ભવ મિથ્યાદૃષ્ટિને હોતા નથી. વળી તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, ગણધર, અનુતર વિમાનના દેવો વગેરેના ભવો મિથ્યાદૃષ્ટિને હોતા નથી. કારણ કે તેવા ભવો અનંતીવાર હોઈ શકે નહિ. આવાં ઉત્તમ પદો અત્રે કહ્યાં તેવાં તથા બીજાં શાસ્ત્રમાં કહ્યાં હોય તે છોડી અનંતા ભવો જીવે કર્યાં છે. પોતાના શુદ્ધ આત્માની ભાવના ભવનો નાશ કરવા વાળી છે તેવી ભાવનાથી રહિત થઈને મિથ્યાત્વ રાગ-દ્વેષ આદિ ભાવ કરી મનુષ્ય તિર્યંચ વગેરેના ભવો અનંતીવાર કર્યાં, આ પ્રમાણે ભવ સંસારનું સ્વરૂપ જાણવું.

## પ્રસાદ નં. – ૬

**વી. નિ સં. ૨૪૭૯, કારતક સુદ ૬, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું,**
**સોનગઢ, તા. ૨૪-૧૦-૫૨, શુક્રવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૫**
**(આસો વદ ૧૨, બુધવાર, ૧૫-૧૦-૫૨ બપોર)**

આ સંવરનો અધિકાર છે. ચેતનના આશ્રયે પરિણામ થાય તે સંવર છે. તેના ભેદો વર્ણવતાં અનુપ્રેક્ષા બતાવે છે. અનંત કાળથી દરેક જીવ જડના સંયોગે રખડ્યો છે, ક્ષેત્રના આધારે રખડ્યો છે, કોઈ કાળ બાકી નથી કે જે કાળમાં રખડ્યો ન હોય. આમ સંસાર અનુપ્રેક્ષામાં વિચાર કરે છે. આ વિચાર કરતાં કરતાં ચૈતન્યમૂર્તિ આત્માના અવલંબને રાગ ન થાય તેને સંવર કહે છે.

ભાવસંસારની વિચારણાં કરે છે.

યોગને લીધે પ્રકૃતિબંધ ને પ્રદેશબંધ થાય છે, કષાયને લીધે સ્થિતિ ને અનુભાગ બંધ પડે છે. સૌથી જઘન્ય પ્રકૃતિબંધ તથા પ્રદેશબંધના કારણભૂત તથા તેને યોગ્ય શ્રેણીના અસંખ્યાતભાગ પ્રમાણ વૃદ્ધિહાનિરૂપ ચાર સ્થાનોમાં પતિત જે સર્વ જઘન્ય મન, વચન, કાયાનું પરિસ્પંદન છે તે સર્વ જઘન્ય યોગસ્થાન છે. તે રીતે સર્વથી અધિક પ્રકૃતિબંધ તથા પ્રદેશબંધનાં નિમિત્ત, તેને યોગ્ય શ્રેણીના અસંખ્યાતભાગ પ્રમાણ ચાર સ્થાનોમાં પતિત જે સર્વોત્કૃષ્ટ મન, વચન, કાયાનો વ્યાપાર છે તે સર્વોત્કૃષ્ટ યોગસ્થાન છે. તે રીતે સર્વ જઘન્ય સ્થિતિબંધનું કારણ જે સર્વ જઘન્ય કષાયોનું અધ્યવસાય સ્થાન છે તે પણ તેને યોગ્ય અસંખ્યાત લોકપ્રમાણ તથા વૃદ્ધિહાનિરૂપ છ સ્થાનોમાં પતિત છે, એવી જ રીતે જે સર્વોત્કૃષ્ટ કષાયના અધ્યવસાય સ્થાન છે તે પણ અસંખ્યાત લોકપ્રમાણ તથા ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ છે. એ પ્રકારે બધાથી જઘન્ય અનુભાગબંધનું કારણ જે જઘન્ય અનુભાગનાં અધ્યવસાય સ્થાન છે તે પણ અસંખ્યાત લોકપ્રમાણ તથા ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ છે. તથા એ પ્રકારે સર્વથી ઉત્કૃષ્ટ અનુભાગબંધનાં

નિમિત્તભૂત જે સર્વોત્કૃષ્ટ અનુભાગનાં અધ્યવસાય સ્થાન છે તેને પણ અસંખ્યાત લોકપ્રમાણ તથા છસ્થાન પતિત પ્રકાર હાનિવૃદ્ધિરૂપ જાણવાં જોઈએ.

પૂર્વે કહ્યાં તેમાં પોતપોતાના જઘન્યથી ઉત્કૃષ્ટ સુધીના ભેદોની વચમાં તારતમ્યતાથી મધ્યમ ભેદ જાણવા. આ પ્રમાણે જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટ એવા સ્થિતિ - રસ વગેરેના પરિણામ જીવ અનંતવાર કરી ચૂક્યો છે. તેમાં જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી જ્ઞાનાવરણાદિ મૂલ તથા ઉત્તર પ્રકૃતિના સ્થિતિબંધનાં સ્થાન હોય છે. જ્ઞાનાવરણીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ક્રોડાક્રોડી સાગરની ને મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગરની હોય છે. જ્ઞાનાવરણીય આદિ મૂળ પ્રકૃતિ આઠ ને તેની પેટા પ્રકૃતિનો સ્થિતિબંધ હોય છે. એ પરમ આગમમાં લખ્યા અુસાર જીવે અનંતવાર સ્થિતિબંધ આદિ કર્યાં. પરંતુ સંપૂર્ણ પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ ને અનુભાગબંધના નાશનું કારણ જે વિશુદ્ધ જ્ઞાનદર્શન સ્વભાવનો ધારક નિજ પરમાત્મા છે તેનાં સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ જીવે પ્રાપ્ત કર્યાં નથી તેથી ભાવસંસાર પરિભ્રમણ કરી રહ્યો છે.

કષાય ને યોગ રહિત પોતાનો આત્મા શુદ્ધ છે એનાં શ્રદ્ધા-જ્ઞાન કર્યાં નથી. પણ જેનાથી કર્મ બંધાય એવા ભાવ અનંતીવાર કર્યાં છે. શાતાવેદનીય ૧૫ ક્રોડાક્રોડી સાગરનું બંધાય તેવા ભાવ, જે ભાવથી પંચેન્દ્રિયપણું મળે, નવમી ગ્રૈવેયકે જવાય, યશોકીર્તિ નામકર્મ બંધાય ઇત્યાદિ ભાવ અનંતવાર જીવ કરી ચૂક્યો છે પણ જે ભાવથી સંસારનો નાશ થાય તે ભાવ કર્યાં નથી.

પુણ્યના ભાવ, વ્યવહાર રત્નત્રયના ભાવ, દયા-દાનના ભાવ, મુનિને આહાર આપવાના ભાવ, જે ભાવે જાુગલિયાનો ભવ મળે એવા ભાવ કર્યાં, મોટો દેવ પણ થયો. પરંતુ એ બધા ભાવો સંસારનું કારણ છે. કોઈ કહે છે કે મુનિને આહારદાનથી તથા પર જીવની અનુકંપાના ભાવથી સંસાર તૂટે તો તે વાત ખોટી છે. એવા ભાવ તો જીવે અનંતીવાર કર્યાં છે, તે ભાવો સંસારનું કારણ છે. આ પ્રકારે ભાવસંસારનું સ્વરૂપ જાણવું.

પુણ્ય કરીએ તો દેવલોકમાં જઈશું, ને ત્યાંથી ભગવાનની વાણી સાંભળવા જઈશું તે બધી ભાવના સંસારની છે. સંસારભાવના વિચારનારો નિજશુદ્ધ આત્માની ભાવના ભાવે છે. સંસારનો નાશ કરવાનું કારણ પોતાના શુદ્ધ આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન છે. તેવાં શ્રદ્ધા-જ્ઞાનને નાશ કરવાવાળા અને સંસારની વૃદ્ધિના કારણભૂત ઊંધી શ્રદ્ધા, અશુભભાવ, સ્વરૂપની અસાવધાનીના ભાવ, ક્રોધ, માન, માયા, લોભ અને યોગના પરિણામ ધર્મી જીવ કરતો નથી. પરંતુ સંસારસુખથી વિલક્ષણ પોતાના આત્માના આનંદમાં ને સુખમાં તત્પર થઈને નિજશુદ્ધ આત્માના જ્ઞાનના બળથી સંસારનો નાશ કરવાવાળો પોતાનો આત્મા પરમાત્મા છે તેની ભાવના કરે છે ને તેથી પરમાત્મદશા પ્રાપ્ત કરે છે ને સંસારદશાથી વિલક્ષણ મોક્ષદશામાં અનંતકાળ રહે છે.

અહીં વિશેષ એ છે કે નિત્ય નિગોદના જીવોને છોડીને ઉપર પ્રમાણે પાંચ પ્રકારના સંસારનું વ્યાખ્યાન જાણવું. નિત્ય નિગોદનો જીવ આ પાંચ પ્રકારના સંસારમાં રખડતો નથી કેમકે તેને ત્રણ કાળમાં ત્રસપણાનો ભવ થતો નથી. છતાં તેનો સ્વભાવ તો એવો ને એવો એકરૂપ પડેલો

છે.

'ગોમ્મટસાર'માં કહ્યું છે કે, એવા અનંતા જીવો છે કે જેણે ત્રસપર્યાય એટલે બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કર્યું નથી. તે જીવો તીવ્ર અશુભભાવ કરી રહ્યાં છે તેથી નિગોદની બહાર નીકળતા નથી. કર્મનો ઉદય છે માટે નિગોદમાં રહ્યાં છે – એમ કહ્યું નથી પણ તીવ્ર અશુભ પરિણામથી નિગોદમાં રહ્યાં છે એમ કહ્યું છે.

વળી આ વાત અનુપમ અને અદ્વિતીય છે કે ભરતજીના ૯૨૩ પુત્રો અનાદિથી મિથ્યાદૃષ્ટિ હતા ને નિત્ય નિગોદમાં હતા ને ત્યાં કષાય મંદતા થતાં કર્મોની નિર્જરા થઈ ને ત્યાંથી મરીને મમોલા (ઇન્દ્રગોપ) થયા એટલે નિગોદ કરતાં જ્ઞાન-દર્શન-વીર્ય વગેરેનો ઉઘાડ વધ્યો. તે બધા ભરતના હાથીના પગ નીચે કચરાઈ ગયા ને મરીને ભરતના વર્દ્ધનકુમાર આદિ રાજકુમારરૂપે અવતર્યા. જુઓ, પરિણામની વિચિત્રતા ! ભવિષ્યમાં મુક્તિ પામવાના છે માટે મનુષ્ય થયા એમ નથી. પોતાનાં વર્તમાન પરિણામને કારણે થયા છે.

દરેક વખતે પોતાની લાયકાત અનુસાર પરિણમન થાય છે. આત્મા વસ્તુ ત્રિકાળી છે, તેના અનંતા ગુણો ત્રિકાળ છે, તેમાં સમયે સમયે પરિણમન થાય છે. પરિણમન ન હોય એમ બને નહિ. નિગોદમાં ઘણું હીણું પરિણમન પોતાના કારણે છે. મમોલા થયા તે પોતાના કારણે ને રાજકુમાર થયા તે પણ પોતાના કારણે થયા છે. આત્મા પોતે પોતાના પરિણામનો કર્તા છે, પરિણામ કાર્યરૂપે પોતે થાય છે, પોતે સાધન છે વગેરે છયે કારકો પોતામાં છે. નિમિત્તને લીધે કે કર્મને લીધે તે પરિણામ થયા નથી. મિથ્યાત્વસહિત રાજકુમારરૂપે અવતર્યા પણ જન્મ્યા પછી બોલતા નહિ, મૂંગા હતા. પરમાણુની ભાષારૂપે નહિ પરિણમવાની યોગ્યતા ને જીવને તેવો સંબંધ હતો. તે કારણથી ભરતે ભગવાનને પૂછ્યું 'આ મારા પુત્રો મૂંગા કેમ છે ? અમે આટલા પુણ્યશાળી ને આ છોકરા મૂંગા કેમ ?' ભગવાનની ૐકાર ધ્વનિમાં જવાબ આવ્યો ને તેમાં આગલા ભવનું વૃત્તાંત આવ્યું. પૂર્વે નિત્ય નિગોદમાં હતા. ત્યાંથી મમોલા થઈ તારા હાથી નીચે કચરાઈ તારે ત્યાં રાજકુમાર થયા છે ને 'અમોને દીક્ષા આપો' એવા શબ્દો તેઓ હમણાં બોલશે. બરાબર તે જ વખતે વર્દ્ધનકુમાર આદિ બધા પુત્રોએ પ્રભુને કહ્યું, 'હે પ્રભુ ! અમોને દીક્ષા આપો.' આટલું બોલ્યા ને ભગવાનની સમક્ષ દીક્ષા ધારણ કરી – મુનિપણું અંગીકાર કર્યું ને બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથદશા પ્રગટ કરીને અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષદશામાં ગયા. આ કથા આચારારાધનાની ટિપ્પણીમાં કહી છે. જુઓ, પરિણામની વિચિત્રતા ! અનાદિ નિગોદમાંથી નીકળી, મમોલા ને રાજકુમાર એવા બે ભવ કરી મોક્ષે ગયા.

તે સિવાય ભરતના ૩૨૦૦૦ પુત્રો આગલે ભવે નિગોદમાં હતા, ત્યાં કષાય મંદતાના પરિણામ કરી રાજકુમાર થયા ને તે ભવમાં મુનિપણું ધારણ કરી કેવળ પામી, મોક્ષે ગયા. આ બધાં દૃષ્ટાંતો પોતાના પરિણામની સ્વતંત્રતા બતાવે છે. તેનું કારણ પર પદાર્થ નથી. પરિણામનો પ્રવાહ ક્રમસર ચાલ્યો જાય છે. પરિણામ તો ક્રમે જ થયા છે. પણ જે પરિણામ પરમાં ને

રાગમાં અટકતા તેણે હવે ત્રિકાળી શુદ્ધ આત્માનો આશ્રય લીધો ને અંદર ઠરતાં પરિપૂર્ણ દશા પ્રગટ કરી. સંસારભાવનાનો વિચાર ધર્મી જીવ કરે છે કે સંસારની પર્યાય ક્ષણિક છે, તે મારો ત્રિકાળી સ્વભાવ નથી, હું તો શુદ્ધ છું એવી ભાવના ભાવનારને ઘણાં ભવ હોતાં નથી. જીવે અનંતા ભવ કર્યાં તેમાં નવા નવા પુત્ર, પુત્રી, મકાન, ગાય વગેરેનો સંયોગ થયો. નવા નવા વિકારી ભાવ પણ કર્યાં પરંતુ તે પદાર્થો સંયોગો છે ને પોતાના વિકારીભાવ ક્ષણિક છે. હું તો અસંયોગી-નિત્ય જ્ઞાનસ્વભાવી પદાર્થ છું એવી ભાવના કરનારને અલ્પકાળમાં મુક્તિ થાય છે. આ પ્રમાણે સંસાર ભાવનાનું સ્વરૂપ પૂરું થયું.

## (૪) એકત્વભાવના

હવે એકત્વભાવનાનું સ્વરૂપ કહે છે. આત્મા એકલો છે એનો વિચાર કરે છે. પોતાના શુદ્ધ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતારૂપી નિશ્ચય રત્નત્રયરૂપ એકરૂપતા ધારણ કરીને તેની ભાવના ભાવે છે. તેવા જીવને સહજ આનંદ, સુખ આદિ અનંત ગુણોના આધારરૂપ કેવળજ્ઞાનરૂપી સહજ શરીર ઉત્પન્ન થયેલ છે. અહીં શરીરનો અર્થ સ્વરૂપ સમજવો, પણ સાત ધાતુથી બનેલું ઔદારિક શરીર સમજવું નહિ.

તેવી રીતે ભૂંડા આર્ત અને રૌદ્ર ધ્યાનથી વિલક્ષણ પરમ સામાયિકરૂપ એકત્વભાવના છે. આ બધા પદાર્થો સંયોગી ને નાશવાન છે, હું એકલો ધ્રુવ અવિનાશી છું ને પોતાનો આત્મા જ હિતકારી છે એમ જે ભાવના ભાવે છે તે એકત્વભાવના છે. આવી સમજણ કર્યા વિના વૈરાગ્ય લાવી બાવો થાય કે દીક્ષા લ્યે તો પણ વ્યર્થ છે.

પુત્ર, મિત્ર, સ્ત્રી, કુટુંબ, શરીર, હીરા, માણેક, હાથી, ઘોડા જરાપણ હિતના કર્તા નથી. પોતાનો શુદ્ધ આત્મા જ હિતનો કર્તા છે.

આ ઉપર કહેલ રીતે જ પરમ ઉપેક્ષા સંયમરૂપ એકત્વભાવના છે તે સહિત જે પોતાનો શુદ્ધ આત્મા છે તે એક જ અવિનાશી ને હિતકારી પરમ પદાર્થ છે, પરમ ધન છે. તે સિવાય સોનું, ચાંદી, રૂપિયા પરમ અર્થ નથી. શુદ્ધ આત્મા સિવાય બીજી ચીજની ઉપેક્ષા કરવા જેવી છે. પોતાનો શુદ્ધ આત્મા જ સ્વધન છે.

માટે નિર્વિકલ્પ ધ્યાનથી ઉત્પન્ન તથા નિર્વિકાર પરમાનંદમય લક્ષણ આકુળતા રહિત સ્વભાવનું ધારક આત્મસુખ તે જ સાચું સુખ છે, બાકી બીજું કોઈ સાચું સુખ નથી. પાંચ ઇન્દ્રિયોના કહેવાતા સુખમાં આકુળતા થાય છે તે સાચું સુખ નથી.

જીવનાં શરીર, બંધુજન, સોનું, ઇન્દ્રિયસુખ વગેરે નિશ્ચયનયથી સુખનાં કારણ નથી એમ કહી ખંડન કેમ કરવામાં આવ્યું એમ કોઈ શંકા કરે તો સમાધાન એ છે કે જ્યારે મરણનો અવસર આવે છે ત્યારે જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં એકલો ચાલ્યો જાય છે. દેહ, કુટુંબીજન

વગેરે કોઈ સાથે જતું નથી. આવી ભાવના ભાવતાં ને ચૈતન્ય તરફ ઢળતાં સંવર થાય છે.

### આસો વદ ૧૩, ગુરુવાર, ૧૬-૧૦-૫૨

આ એકત્વભાવનાનું વર્ણન ચાલે છે. એક જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય તો દેહ વગેરે તેની સાથે જતા નથી પણ અહીંના અહીં રહી જાય છે. જ્યારે જીવ રોગોથી ઘેરાઈ જાય છે ત્યારે તેને અન્ય કોઈ સહાયક નથી, પણ વિષય-કષાય આદિરૂપ ભૂંડા ધ્યાનથી રહિત એકલો નિજ શુદ્ધ આત્મા જ તેને સહાયક છે. પર તરફની અનેકતારૂપી વલણ છડીને સ્વભાવ તરફની એકાગ્રતા સહાયક થાય છે. અહીં તો રોગ વખતનું દૃષ્ટાંત આપેલ છે. નીરોગ હોય ત્યારે પણ શરીર સહાયક થતું નથી. રોગ હો કે નીરોગ હો, બાહ્ય પદાર્થો જરા પણ સુખ આપતા નથી તેમ જ સહાયક થતા નથી. એકલો શુદ્ધ આત્મા જ સહાયક છે. કોઈ પૂછે કે આત્મા કેવી રીતે સહાયક થાય છે ? તેનું સમાધાન :– જીવને નિમિત્તરૂપે છેલ્લું શરીર હોય તો કેવળજ્ઞાન આદિ પ્રગટાવીને મોક્ષમાં લઈ જાય છે ને જ્ઞાન અધૂરું રહે નહિ પણ પૂર્ણદશાને પામે ને કોઈ જીવ પૂર્ણદશા ન પામે ને વચમાં વિકલ્પવાળી દશા હોય તો એકાવતારી થઈને મોક્ષ પામે છે. જો કોઈને અંતિમ શરીર ન હોય તો તે શુભધ્યાન વડે તે આત્માની સંસારની સ્થિતિ ઓછી થાય છે ને દેવેન્દ્ર વગેરેનાં લૌકિક સુખ આપીને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. તીર્થંકર ચક્રવર્તી વગેરેની પદવી મળે પછી ત્યાંથી પૂર્ણ એકત્વની ભાવના ભાવી તે જીવ મોક્ષ પામે છે.

આત્માના ભાન વિના ઘણાં જીવો તપ કરે છે ને તેથી સ્વર્ગ પામે છે પણ તેઓ પરંપરાએ મોક્ષને પામતા નથી. જેને આત્માનું ભાન છે ને જે એકત્વની ભાવના ભાવે છે તેને શુભરાગ બાકી રહી જાય તો દેવાદિનો ભવ પામી, ત્યાંથી મનુષ્ય થઈ તે ભવનો પણ અભાવ કરી નિયમથી મોક્ષમાં જાય છે. આ રીતે એકત્વ ભાવનાનું ફળ જાણી નિજ શુદ્ધ આત્મા એકલો છે એમ તેની સદા ભાવના કરવી જોઈએ. આમ એકત્વ નામની ચોથી ભાવના પૂરી થઈ.

### (૫) અન્યત્વભાવના

હવે પાંચમી અન્યત્વ ભાવનાનું કથન કરે છે. તે આ પ્રકારે છે. એકત્વભાવનામાં વિધિ અથવા અસ્તિરૂપ કથન છે ને અન્યત્વ ભાવનામાં 'આ નથી, આ હું નથી' એમ નિષેધાત્મક કથન છે. પૂર્વે એકત્વભાવનામાં કહ્યું હતું કે દેહ, બંધુજન, સુવર્ણ વગેરે પદાર્થો તથા ઇન્દ્રિયસુખ

આદિ બધું કર્મોને આધીન છે. તેથી વિનાશ સ્વભાવના ધારક છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તથા રાગ-દ્વેષ, કામ-ક્રોધાદિ તથા સાંસારિક સુખ બધું વિનાશિક છે માટે ત્યાજ્ય છે, અને અણઘડ્યા ઘાટના જેવો ચૈતન્યમૂર્તિ જ્ઞાયક એકરૂપ આત્મા જે સ્વભાવથી નિત્ય છે. જેમાં પ્રમત્ત ને અપ્રમત્તદશાના ભેદ નથી તેમ જ જેના સેવનથી વિકાર વિનાનું પરમાત્મપદ પ્રગટે છે તેવો આત્મા એક જ ઉપાદેય છે – એમ કહ્યું છે.

વિકાર રહિત પરમ ચૈતન્ય ચિત્ ચમત્કાર સ્વભાવનો ધારક જે નિજ પરમાત્મા છે તેનાથી શરીર, કર્મ વગેરે નિશ્ચયનયથી જુદાં છે. ભગવાન આત્મામાંથી કેવળજ્ઞાન પ્રગટે તેવો ચૈતન્ય ચમત્કાર છે, પરમાં કાંઈ માલ નથી, બીજી કોઈ ચીજ આત્માની નથી, બંધુજન તો જુદા છે જ, પણ સંસાર અવસ્થા પણ આત્માના ત્રિકાળી સ્વભાવથી અન્ય એટલે જુદી છે. આમ અન્યત્વનો વિચાર કરતાં સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને વીતરાગતા પ્રગટે તે ધર્મ ને સંવર છે.

અહીં ભાવાર્થ એમ છે કે, એકત્વ ભાવનામાં 'હું એકલો છું' ઇત્યાદિ પ્રકારે વિધિરૂપ વ્યાખ્યાન છે. કરોડપતિનો દીકરો માંદો પડે ત્યારે તેને પણ કોઈ શરણ નથી. દેહ રહેવાનો નથી, ચિદાનંદ આત્મા એકલો રહે છે, દયા, દાન, વ્રત, પૂજાના ભાવ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. તે શરણભૂત નથી, વિકાર અનેકતામાં જાય છે. શુદ્ધ આત્મા એકલો છે એવી એકલાની ભાવના કરવી તે વિધિરૂપ વ્યાખ્યાન છે, ને અન્યત્વ ભાવનામાં દેહ આદિ પદાર્થ મારાથી જુદાં છે, મારા નથી – એ પ્રકારે નિષેધરૂપ વર્ણન આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આત્માથી જુદા છે. આત્માની પર્યાયમાં થતા શુભાશુભ ભાવો પણ પર છે ને વ્યવહાર રત્નત્રયના પરિણામ પણ પર છે તો પછી બૈરાં, છોકરાં, કુટુંબ, પૈસો વગેરે તો ક્યાંય રહી ગયા. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, બાર વ્રત કે મહાવ્રતનો વિકલ્પ પણ કલ્યાણનું કારણ નથી, માત્ર અખંડ આત્માનું શરણ લેવું તે કલ્યાણનું કારણ છે.

આવા શ્રદ્ધાનથી ધર્મની શરૂઆત થાય છે. આ પ્રમાણે એકત્વ અને અન્યત્વ ભાવમાં વિધિ તથા નિષેધનો ભેદ છે. બન્નેનું તાત્પર્ય એક જ છે. હું એકલો છું એમાં અસ્તિ તથા પર મારાથી જુદાં છે એમાં નાસ્તિ – એમ અસ્તિ-નાસ્તિથી કથન છે.

પ્રથમ યથાર્થ દૃષ્ટિ તો કર. પ્રથમ દર્શનશુદ્ધિ કરવી. દાનાદિનો વિકલ્પ ઊઠે તે શુભરાગ છે તેનાથી આત્મતત્ત્વ જુદું છે એવાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે પ્રથમ ધર્મ છે. આવી શ્રદ્ધા વિના કરોડો રૂપિયા ખર્ચવાથી પણ ધર્મ થાય તેવું નથી. અમુક પદાર્થો ખાવા પીવામાં કે અમુક પૈસા ખર્ચવામાં ધર્મ નથી. ધર્મ ધર્મી એવા આત્મામાં રહેલો છે. જ્ઞાન-દર્શનમય શક્તિવાનના આધારે ધર્મ છે. તેવો ધર્મ જેને પ્રગટ થયો છે તે જીવ ભાવના ભાવે છે. પુણ્યથી ધર્મ માને, નિમિત્તથી લાભ માને તેને સાચી ભાવના હોઈ શકે નહિ. સમ્યગ્દૃષ્ટિ જ સાચી ભાવના ભાવે છે. 'સ્વામી કાર્તિકેય'માં કહ્યું છે કે ભાવના ભવ્ય જીવને આનંદ ઉત્પન્ન કરનારી છે. વ્યવહાર રત્નત્રયનો ઉત્સાહ બંધનું કારણ છે તેનાથી રહિત હું જ્ઞાતા છું એવાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે સંવર

છે. તે સંવર સમકિતીને હોય છે. નિમિત્ત, રાગ કે મનથી લાભ માને તેને સંવર ન હોય તેમ જ સાચી ભાવના પણ ન હોય માટે પુણ્ય-પાપથી રહિત આત્માની ભાવના ભાવવી તે સંવર છે.

## (૬) અશુચિભાવના

દેહ અશુચિમય છે તે વ્યવહારથી છે. ખરેખર તો દેહ આત્માનું જ્ઞેય છે, આત્મા જ્ઞાતા છે તેવી પવિત્ર દૃષ્ટિ થઈ તેને વિકલ્પ ઊઠે છે ત્યારે તે વિચારે છે કે આ શરીર પિતાના વીર્યથી ને માતાના રુધિરથી ઉત્પન્ન થયેલ છે. તે મારી ચીજ નથી, હું તો આત્મા છું, મારો આત્મા કોઈથી ઉત્પન્ન થયો નથી. વળી ચરબી, લોહી, માંસ, મેદ, હાડ, મજન કે શુક્ર એવી ધાતુથી શરીર બનેલ છે તેથી તે અપવિત્ર છે. શરીર રહિત આત્માની દૃષ્ટિવાળો આવી ભાવના ભાવે છે. અજ્ઞાની જીવ રૂપાળું શરીર દેખે, પુષ્ટ અવયવો દેખે ને અનુકૂળ ઇન્દ્રિયો દેખે ત્યાં મોહાઈ જાય છે. મૃતક શરીરમાં તેનો અમૃત સ્વભાવી આત્મા મૂંઝાઈ ગયો છે તેને આવી ભાવના હોતી નથી.

વળી પુરુષના શરીરમાં નવ છિદ્રો, નાક, આંખ, કાન, વગેરે હોય છે. જે દ્વારા વિષ્ટા, પેસાબ, ચીપડા વગેરે આવ્યા કરે છે. અશુચિ ઝરે છે તેથી શરીર અશુચિ છે. પુરુષો મુનિ થઈ શકે, સ્ત્રી મુનિપણું લઈ શકે નહિ. તેથી પુરુષના શરીરની વાત કરે છે. પુરુષના શરીરને નવ છિદ્રો હોય છે, સ્ત્રીના શરીરને બાર છિદ્ર હોય છે. પણ અહીં તેની વાત કરી નથી. સ્ત્રી સાધુ થઈ શકે નહિ. મલ્લિનાથ તીર્થંકર સ્ત્રી નહોતા. ભગવાનને જે ઇન્દ્રો પૂજે તે પુરુષ હોય ને પૂજ્ય પુરુષ સ્ત્રી હોય – એમ બને નહિ. સ્ત્રીને પંચમ ગુણસ્થાનથી ઉપરની દશા હોઈ શકે નહિ.

અહીં મુનિ ભાવના ભાવે છે કે શરીરનાં નવ છિદ્ર દ્વારા મેલ ઝરે છે તે જડ છે. ચિદાનંદ આત્મામાં રમણતા કરતાં જ્ઞાનદર્શનની પવિત્રતા ઝરે છે. અહીં મુખ્યપણે મુનિની પ્રધાનતાથી કથન છે. જ્ઞાની ગૃહસ્થો પણ આવી ભાવના ભાવે છે. તીર્થંકરો પણ ગૃહસ્થદશામાં આવી ભાવના ભાવતા, પણ મુનિઓ વિશેષ પ્રકારે ભાવે છે. પેસાબ, વિષ્ટા વગેરે અશુચિનાં સ્થાન હોવાથી દેહ અશુચિ છે. આત્માના ભાન વિના એકલા શરીરને અપવિત્ર કહે ને શરીર આવું મેલું છે એમ કહી દ્વેષ કરે તો તેને સાચી ભાવના હોતી નથી. આત્મા શરીરથી જુદો છે, જ્ઞાનાનંદ છે. એવા ભાનવાળો વિચાર કરે છે કે આ શરીર અશુચિ છે – તે અશુચિભાવના છે, તે સંવરનો ભેદ છે.

વળી શરીર મેલ ઉત્પન્ન કરે છે એટલા માત્રથી શરીર અશુચિ નથી પણ શરીર સ્વરૂપથી અપવિત્ર છે ને અપવિત્ર મળ આદિને ઉત્પન્ન કરનારું હોવાથી અપવિત્ર છે. સુંદર ગુલાબના

ફૂલને હાથ અડાડો ત્યાં તે કરમાઈ જાય છે. શરીરને અડતાં કપડાં પરસેવાવાળાં થઈ જાય છે. ગુલાબજાંબુ અથવા મેસુબ મોઢામાં નાખ્યા પછી ચાવીને જુઓ તો કૂતરાની ઓક જેવો લાગશે. આમ બીજા પદાર્થોને મેલા બનાવવામાં શરીર નિમિત્ત છે. માટે શરીર અપવિત્ર છે, ને આત્મા પવિત્ર છે એમ જ્ઞાન સહિત વૈરાગ્ય લાવે તો આ ભાવના સાચી ભાવી કહેવાય. આત્મા પવિત્ર છે એવા ભાન વિના શરીર અપવિત્ર ગણી દ્વેષ કરે તેને સાચી ભાવના હોતી નથી.

હવે પવિત્રતાનું કથન કરે છે. કેવો છે ભગવાન આત્મા ? આત્મા સહજ શુદ્ધ જ્ઞાન-દર્શન આદિ ગુણોના આધારભૂત છે, તથા નિશ્ચયથી પોતે જ પવિત્ર હોવાથી આ પરમાત્મરૂપ આત્મા જ પવિત્ર છે.

કોને મુનિપણું હોય છે ? આત્મા બ્રહ્મસ્વરૂપ છે. તેમાં જે પ્રવૃત્તિ કરે છે ને દેહની સેવા છોડી ચૈતન્યમાં લીન થાય છે તેને બ્રહ્મચર્ય જાણો. એવા બ્રહ્મચર્યના ધારક મુનિ હોય છે. ૨૮ મૂળગુણના પાલનનો ભાવ તો રાગ છે. નિર્દોષ આહારનો વિકલ્પ ઊઠે તે પણ રાગ છે, તે મુનિપણું નથી. તે વિનાના શુદ્ધ બ્રહ્મસ્વરૂપ આત્મામાં લીનતા કરવી તે મુનિની પ્રવૃત્તિ છે. આ ગાથામાં જે નિર્મળ બ્રહ્મચર્ય કહ્યું છે તે પરમ આત્મામાં સ્થિર જીવોને હોય છે, બીજેથી મળતું નથી. દેહની ક્રિયાથી કે સ્ત્રી છોડવાથી બ્રહ્મચર્ય મળતું નથી. એ પ્રમાણે 'બ્રહ્મચારી સદા પવિત્ર છે' એ વચનથી પૂર્વે કહેલા મુનિઓને પવિત્રતા હોય છે. એવા મુનિઓને આત્માની મસ્તી ફાટી હોય છે. તેમને આનંદનાં ઝરણાં વહે છે. તે મસ્તીમાં શરીર વગેરેનું સ્નાન હોતું નથી. દંતધોવન હોતું નથી, રાગ ને દેહની ક્રિયાની ઉપેક્ષા કરે છે ને ચિદાનંદ આત્માની અપેક્ષા કરે છે તેને મુનિ કહે છે. બ્રહ્માનંદ આત્માની રમતે ચડેલા મુનિ વિકલ્પમાં ને જડની ક્રિયામાં મુનિપણું માનતા નથી. મોટું આયુષ્ય હોય ત્યાં લાખો વર્ષ સુધી મુનિપણું પાળે છતાં શરીરે સ્નાન ન કરે, શરીર મેલું હોવા છતાં અંતરજ્ઞાન જાજ્વલ્યમાન છે. બહારથી શરીર મેલું હોવા છતાં અંતર જ્ઞાનથી દીપતા છે માટે મુનિઓ પવિત્ર છે. આત્માનું ભાન કરી ઉગ્ર આનંદ વેદતા હોય છે, તેથી પવિત્ર છે.

તથા જે કામ, ક્રોધ, વિષયભોગ, કપટમાં તત્પર છે તે જીવ બાહ્યથી જળસ્નાન કરી તથા સાબુ લગાવી શરીરને સ્વચ્છ રાખે. સુગંધી તેલથી નહાતો હોય તોપણ તે પવિત્ર નથી.

## પ્રસાદ નં. – ૮

**વી. નિ સં. ૨૪૭૯, કારતક સુદ ૮, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું,**
**સોનગઢ, તા. ૨૬-૧૦-૫૨, રવિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૫**
**(આસો વદ ૧૪, શુક્રવાર, ૧૭-૧૦-૫૨ બપોર)**

### (૬) અશુચિભાવના (ચાલુ)

અહીં જ્ઞાની અશુચિ અનુપ્રેક્ષાનો વિચાર કરે છે.

આત્મા પવિત્ર છે જલ આદિમાં સ્નાન કરવાથી પવિત્રતા થતી નથી. જે જીવ કામ ક્રોધમાં તત્પર છે તે સ્નાન કરતો હોવા છતાં તેની મલીનતા ટળતી નથી, આત્મા જ્ઞાયક છે એવી અંતરદૃષ્ટિ થવી તે પવિત્રતા છે, જન્મથી જીવ શુદ્ર હોય છે, કોઈ તીવ્ર પાપ કર્યા માટે શુદ્ર થાય છે એમ નથી.

વળી ક્રિયાથી દ્વિજ કહેવાય છે એક તો માતાએ જન્મ આપ્યો ને બીજી વાર આત્માની જ્ઞાન ક્રિયા વડે ધર્મના સંસ્કાર આપ્યા ને જન્મ આપ્યો માટે દ્વિજ કહેવાય છે. ઉપનયન સંસ્કાર કહે છે એટલે કે આત્માના જ્ઞાન સ્વભાવની દૃષ્ટિ (નયન) ઊઘડે તે ઉપનયન સંસ્કાર કહે છે ને તે દ્વિજ છે. સાચા શાસ્ત્રના-જ્ઞાનથી જ્ઞાની કહેવાય છે ને બ્રહ્મચર્ય - આનંદસ્વરૂપમાં રમે તે બ્રાહ્મણ છે એ પ્રમાણે ચિદાનંદ શુદ્ધ આત્મામાં તત્પર છે તે શુદ્ધ બ્રાહ્મણ છે; નાતે બ્રાહ્મણ તે બ્રાહ્મણ નથી.

વાસુદેવ શ્રી કૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું હતું કે, શુદ્ધ આત્મા ચિદાનંદનો પ્રવાહ વહે છે તેમાં સ્નાન કરવું તે પરમ પવિત્રતાનું કારણ છે. એક વાત આવે છે કે :– શ્રી કૃષ્ણે યુધિષ્ઠિરને જાત્રાએ જતી વખતે એક તુંબડી આપેલી – બધા જાત્રા સ્થળે પોતે સ્નાન કર્યું ને તુંબડીને પણ સ્નાન કરાવતા – જાત્રા કરીને આવ્યા પછી તુંબડીનો એક ટુકડો કાઢીને શ્રીકૃષ્ણે બતાવ્યું કે તુંબડીને આટલા આટલા સ્નાન કરાવ્યાં એવી ને એવી કડવી રહી, તેની કડવાશ ગઈ

નથી, તેમ બહારના સ્નાન કરે પણ અંદરમાં મેલ ન જાય તો વ્યર્થ છે. હે પાડુંપુત્ર ! લૌકિક ગંગા આદિ તીર્થોમાં સ્નાન કરવાં તે પવિત્રતાનું કારણ નથી, ઇન્દ્રિયોનું લક્ષ છોડી સંયમરૂપી જળવાળી, સત્યને ધારણ કરવાવાળી શીલરૂપી કિનારાવાળી તથા દયામય તરંગોને ધારવાવાળી આત્મરૂપી નદીમાં સ્નાન કર, બ્રહ્મચર્યરૂપી રૂડા સ્વભાવ ભાવને રાગ રહિત અહિંસામય તરંગવાળા આત્મામાં ડુબકી માર, તેની રુચિ કરી એમાં નિમગ્ન થા, કેમકે અંતરાત્મા બાહ્ય જલથી શુદ્ધ થતો નથી. માછલાં આખો દિવસ પાણીમાં રહે છે તે કંઈ શુદ્ધ થતાં નથી માટે પવિત્ર આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે પવિત્રતાનું કારણ છે, આમ ધર્મી જીવ પવિત્રતાની ભાવના ભાવે છે ને અપવિત્રતાની ભાવના છોડે છે. આ પ્રકારે અશુચિત્વ અનુપ્રેક્ષાનું વર્ણન સમાપ્ત થયું.

## (૭) આસ્રવ અનુપ્રેક્ષા

ધર્માત્મા અનેક પ્રકારે વિચાર કરે છે. અનેક પ્રકારે વિચાર કરે છે માટે રાગ થાય છે એમ નથી. પણ જ્ઞાનની નિર્મળતા વધે છે. ક્યા કારણે કર્મનું આવવું થાય છે તેનો વિચાર કરે છે. જેવી રીતે છિદ્રવાલી નૌકા સમુદ્રમાં ડુબે છે તેવી રીતે ઇન્દ્રિયો દ્વારા કરેલા કષાયોથી જીવ ભવસાગરમાં ડુબે છે ને અતીન્દ્રિય આત્મ સ્વભાવથી તરે છે. નિજ શુદ્ધ આત્માનું જ્ઞાન સ્પર્શ, રસ, આંખ, કાન વગેરે ઇન્દ્રિયોથી થાય તેવું નથી તેથી ઊલટું સ્પર્શ, રસ, નાસિકા, નેત્ર ને કાન એ પાંચ ઇન્દ્રિયો આસ્રવનું કારણ છે. સંસારના અશુભ ભાવ તો આસ્રવ છે જ પણ આંખથી ભગવાનનાં દર્શન કરે, જીભથી ભગવાનના ગુણગ્રામ ગાય, કાનેથી ભગવાનની વાણી સાંભળે તેમાં જે શુભ ભાવ થાય છે તે આસ્રવનું કારણ છે.

વળી (આ આત્માનો) પરમાત્માનો સ્વભાવ એકલો અકષાયી પુણ્ય-પાપ વિનાનો ઉપશમ સ્વરૂપનો ધરનાર છે તેમાં ક્રોધ-માન-માયા-લોભ આદિના પરિણામ ક્ષોભ અથવા અસ્થિરતા ઉત્પન્ન કરે છે તેથી ક્રોધ, માન, માયા, લોભને આસ્રવ કહે છે. આસ્રવથી સંસારમાં ડુબવું થાય છે.

વળી પુણ્ય-પાપના સંકલ્પ-વિકલ્પથી રહિત શુદ્ધ આત્માના અનુભવથી હિંસા આદિ પાંચ પાપ પ્રતિકૂળ છે, હિંસા, જૂઠું બોલવું, ચોરીના ભાવ કરવા, અબ્રહ્મચર્યના તથા પરિગ્રહના ભાવોમાં પ્રવૃત્તિને અવ્રત કહે છે. આ પાંચ અવ્રત આસ્રવનું કારણ છે.

આત્મ તત્ત્વ પુણ્ય-પાપની ક્રિયાથી રહિત છે તથા મન-વચન-કાયાના યોગની ક્રિયાથી રહિત છે તેથી વિપરીત મન-વચન-કાયાના નિમિત્તે થતો વ્યાપાર આસ્રવનું કારણ છે. વળી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ તથા કુદેવાદિની માન્યતારૂપ ભાવ વગેરે ૨૫ ક્રિયા આસ્રવનું કારણ છે ને તે બધી ક્રિયા કર્મનું કારણ છે.

અહીં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ જેને સમ્યક્ ક્રિયા કહે છે તેને પણ આસ્રવનું કારણ કહ્યું છે. પ્રથમ સમજણ કરવી જોઈએ કે એવો શુભરાગ આવે છે પણ તે આસ્રવનું કારણ છે ભગવાનની પ્રતિમાને વંદન-ભક્તિ વગેરેનો રાગ મર્યાદિત બહિર્મુખ વૃત્તિ છે ને કુદેવાદિની શ્રદ્ધા અમર્યાદિત બહિર્મુખ વૃત્તિ છે અમર્યાદિત પરિણામ ટળ્યા પછી મર્યાદિત પરિણામ ટળે છે. સમ્યગ્દૃષ્ટિને તેવા મર્યાદિત પરિણામ હોય છે. પણ તે ચારિત્ર દોષ હોવાથી આસ્રવ છે, બહિર્મુખ પરિણામ છે અંતર્મુખ પરિણામ નથી માટે આત્માને ડુબાડનાર છે.

આ પ્રમાણે મન-વચન-કાયાના વ્યાપારરૂપ ૨૫ ક્રિયાઓ આસ્રવનું કારણ છે. પૂર્વે કહ્યા મુજબ ઇન્દ્રિયો કષાય અવ્રત તથા ક્રિયાને આસ્રવનું સ્વરૂપ જાણવું જોઈએ.

જેવી રીતે અનેક રત્નો, હિરા, માણેક-સોનું, પાટલા વગેરેથી ભરેલું જહાજ પણ છિદ્ર સહિત હોય તો સમુદ્રમાં ડૂબી જાય છે પણ પોતાના નિશ્ચિત નગરમાં પહોંચી શકતું નથી. તે પ્રકારે આ આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અમૂલ્ય રત્નોના ભંડારથી ભરેલો છે તેની રુચિ ન કરે ને ઇન્દ્રિયો કષાય વગેરે આસ્રવો દ્વારા કર્મરૂપી જલમાં પ્રવેશ કરે તો સંસાર રૂપી સમુદ્રમાં ડુબે છે. વ્યવહાર સમકિતની ક્રિયા પણ રાગ છે તેવા રાગમાં રોકાય ત્યાં સુધી સંસારનો અભાવ થાય નહિ ને મોક્ષનગરી પહોંચે નહિ અર્થાત્ કેવળજ્ઞાન અવ્યાબાધ સુખાદિ અનંત ગુણોથી ભરપૂર મુક્તિનગર કે જે સંસાર સમુદ્રના કિનારાનું શહેર છે તેને જીવ પ્રાપ્ત કરી શકતો નથી.

આ પ્રમાણે આસ્રવથી દોષ થાય છે તેનો ધર્મી જીવ વિચાર કરે છે. આસ્રવભાવના એટલે આસ્રવ કરવો એવો અર્થ નથી પણ ધર્મીજીવ આસ્રવના દોષનો વિચાર કરે છે. સ્વભાવમાં સ્થિર ન રહી શકે ત્યારે શુભભાવ આવે છે છતાં વિચારે છે કે તે ભાવ પણ ડુબાડનાર છે. અંતર શુદ્ધ આત્મા તારનાર છે. તે મોક્ષનગરી પહોંચાડશે.

પ્રશ્ન :– 'સમયસાર'માં ધર્મી જીવને આસ્રવ નથી એમ કહ્યું છે ને ?

સમાધાન :– ત્યાં તો દૃષ્ટિપ્રધાન કથન છે, સાધકને અલ્પ વિકાર અથવા આસ્રવ થતો હોવા છતાં તેને ગૌણ કરી તેને શુદ્ધ આત્મામાં એકાકાર દૃષ્ટિ વર્તે છે એવી દૃષ્ટિની મુખ્યતા કરી આસ્રવ નથી એમ કહ્યું છે પણ તે જ સમયે પ્રગટેલું સમ્યગ્જ્ઞાન જેટલો આસ્રવ બાકી છે તેને બરાબર જાણે છે.

વળી 'અમૃતચંદ્ર આચાર્યે' 'તત્ત્વાર્થસાર'માં સમકિતીને 'ઇષત્ સિદ્ધ' થોડો સિદ્ધ કહ્યો છે. અખંડ દૃષ્ટિમાં સિદ્ધના જેવડો આખો આત્મા ખ્યાલમાં લીધો માટે સિદ્ધ કહ્યો ને ચારિત્ર અધૂરું છે માટે થોડો કહ્યો.

ધર્મી જીવ સમજે છે કે પંચમહાવ્રતાદિના પરિણામ આવે છે તે બંધનનું કારણ છે તેટલી પણ કથંચિત્ બહિર્મુખતા છે, સર્વથા અંતર્મુખતા તો સિદ્ધને છે ચૌદમા ગુણસ્થાનકે. જેટલી અશુદ્ધતા અથવા સંસાર દશા છે તેનો કર્તા જીવ પોતે છે. અનાદિ સંસારનું કાર્ય પોતાનું છે

ને પોતાથી છે એવું ભાન રાખીને સમ્યગ્દૃષ્ટિ શુદ્ધ આત્માને ખ્યાલમાં લ્યે છે.

'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં કહ્યું છે કે આત્માને દૃષ્ટિ અપેક્ષાએ સિદ્ધ સમાન કહ્યો છે પણ પર્યાય અપેક્ષાએ પામર છે, ક્યાં કેવળજ્ઞાની પ્રભુ તથા ક્યાં મુનિઓ જેને વસ્ત્ર હોતાં નથી, જંગલમાં વિચરતા હોય, તેમની પર્યાય પાસે પોતાને પર્યાયમાં પામરતા વર્તે છે, દૃષ્ટિ અપેક્ષાએ પૂર્ણ હોવા છતાં પૂર્ણ ન થાય ત્યાં સુધી પામરતા ખ્યાલમાં રહે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે દૃષ્ટિમાં પૂર્ણનો ખ્યાલ છે તો પછી પુરુષાર્થની કમી કેમ છે ?કર્મનું જોર છે માટે ?

સમાધાન :– ના, પોતાના પુરુષાર્થની કચાશ પોતાના કારણે છે. સહજ સ્વભાવ સન્મુખ થતાં પુરુષાર્થ થાય છે હઠથી પુરુષાર્થ થતો નથી. શાસ્ત્રમાં કહ્યું છે 'શક્તિ અનુસાર તપ-ત્યાગ હોય છે' હઠથી હોતા નથી. ધર્મી જીવ પોતાના પરિણામ તપાસે છે ને પર્યાયની શક્તિ જુએ છે ને પાછો ન પડે તેવી રીતે શક્તિની તુલના કરી આગળ વધે છે જેમ ગરીબ માણસ ખાન પાનમાં રાજા અગર શેઠીઆની નકલ ન કરે પણ પોતાની શક્તિ અનુસાર સાદા ભોજનથી ચલાવી લ્યે, તેમ ધર્મી જીવ દૃષ્ટિમાં પ્રભુતા ભાવે છે પણ પર્યાયની શક્તિમાં પામરતા ભાળે છે મુનિઓ પર્યાયમાં ઘણો આનંદ અનુભવે છે પણ ધર્મીને હજુ ગજુ નથી પોતાની પર્યાય શક્તિ અનુસાર આગળ વધે છે. સમ્યગ્દૃષ્ટિ વિચાર કરી આગળ વધે છે ઉતાવળ કરતો નથી, વર્તમાનમાં અસ્થિરતા છે એટલો આસ્રવ છે મુક્તિરૂપી કેવળજ્ઞાન માટે ઘણી સ્થિરતા જોઈએ ઇત્યાદિ પ્રકારથી મલીન પરિણામથી દોષનો વિચાર કરવો તે આસ્રવ અનુપ્રેક્ષા છે એમાં જેટલી જ્ઞાનની એકાગ્રતા થાય તે ભાવના છે ને સંવર છે.

## (૮) સંવર અનુપ્રેક્ષા

હવે સંવર અનુપ્રેક્ષાનું વર્ણન કરે છે જેવી રીતે સમુદ્રમાં રહેલા જહાજમાં છિદ્ર બંધ થઈ જવાથી જલનો પ્રવેશ થતો નથી ને નિર્વિઘ્નતા પૂર્વક કિનારે આવેલા પોતાના નગરમાં પહોંચી જાય છે તેવી રીતે જીવરૂપી વહાણ પોતાના શુદ્ધ આત્માના બલથી તરી જાય છે, વહાણનો તરવાનો સ્વભાવ છે તેમ જીવનો સ્વભાવ તરવાનો છે, ઇન્દ્રિયો દ્વારા થતા આસ્રવ કષાય, અવ્રત ને મન-વચન-કાયાના નિમિત્તે થતો વ્યાપાર જે આસ્રવના કારણ હતા તેને શુદ્ધ આત્માના જ્ઞાનના બળથી ઢાંકી દીધા એટલે કે ઉત્પન્ન થવા ન દીધા તેથી કર્મ આવતા અટકી ગયા ને કર્મનો અભાવ થવાથી કેવળજ્ઞાન કેવળદર્શન આદિ અનંતા ગુણોથી પૂર્ણ જે મુક્તિરૂપી નગરી છે તેને નિર્વિઘ્ને પ્રાપ્ત કરે છે આ પ્રમાણે સંવરમાં જે ગુણ છે તેનો વિચાર કરવો તે સંવર ભાવના છે.

## (૯) નિર્જરા અનુપ્રેક્ષા

હવે નિર્જરા અનુપ્રેક્ષાનું પ્રતિપાદન કરે છે, પ્રથમ દૃષ્ટાંત આપે છે. જેવી રીતે કોઈ મનુષ્યને અજીર્ણ થવાથી પેટમાં મળ જામી જાય તો તેને ખોરાક છોડાવી મળને પકાવે ને અગ્નિ તીવ્ર કરે એવી હરડે આદિ દવા લ્યે છે ને જ્યારે તે દવાથી મળ નીકળી જાય છે ને પેટ સાફ થઈ જાય છે ત્યારે તે મનુષ્ય શરીરે નીરોગી થાય છે તે પ્રકારે અનાદિ કાળનો રોગ કેવી રીતે ટળે તે બતાવે છે. અનાદિની મિથ્યાભ્રાંતિ, રાગ ને દ્વેષ અજીર્ણ કરનારાં છે. આત્મતત્ત્વથી વિપરીત બુદ્ધિ, વિષયમાં, પૈસામાં સુખ છે, ખાવાપીવામાં સુખ છે, કુદેવાદિ પ્રત્યે પ્રમોદ આવે – વગેરે મિથ્યાત્વભાવ છે. જેમ અજીર્ણવાળો દર્દી આહાર છોડે તેમ આહારના સ્થાનભૂત મિથ્યાભ્રાંતિ, રાગ-દ્વેષને છોડવાં જોઈએ. પછી જેમ દર્દી ઔષધ ગ્રહણ કરે છે તેમ ધર્મના ઇચ્છક જીવોએ ઔષધના સ્થાને જિનવચન ગ્રહણ કરવાં જોઈએ. તે ઔષધનું કાર્ય કરે છે.

'શ્રીમદ્ રાજચંદ્રજી'એ પણ તે અનુસાર કહ્યું છે કે :–

'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.'

આત્મસ્વરૂપ વિષે ભ્રાંતિ જેવો કોઈ રોગ નથી ને સાચા આત્મજ્ઞાની ગુરુ તે રોગ મટાડવાના સાચા વૈદ્ય છે. તેમ જ તેની આજ્ઞા પથ્ય છે ને વીતરાગના વચનો ઔષધ સમાન છે. તેનો વિચાર ને એકાગ્રતા જન્મ-મરણ ટાળવાનું ઔષધ છે. વીતરાગનાં વચનો શું કહે છે ? જીવન હો કે દેહ છૂટવાનો સમય આવ્યો હો – તો સમભાવ રાખ. દેહ રહેવો કે છૂટવો તે જીવના અધિકારની વાત નથી. વળી ગૃહસ્થોને પૈસાનો લાભ હો કે અલાભ હો, મુનિઓને શિષ્યોનો લાભ હો કે અલાભ – બધું સમાન છે. અનુકૂળતા હો કે પ્રતિકૂળતા હો, યશકીર્તિ નામકર્મનો ઉદય હો કે અયશ-કીર્તિનામકર્મનો ઉદય હો – એ બધામાં સમાનભાવ રાખવો. આત્મ જાણનાર–દેખનાર છે એમ જિનવચનો કહે છે.

આવા વીતરાગનાં વચનો સમતાભાવને ઉત્પન્ન કરે છે. કર્મરૂપી મળને પકાવે છે ને શુદ્ધ ધ્યાનરૂપી અગ્નિને પ્રદીપ્ત કરે છે. વીતરાગવાણીનું સેવન કરવું એટલે કે તેના ભાવનું સેવન કરવું. આમ વાણીના ભાવનું સેવન કરવાથી કર્મરૂપી મળનો નાશ થાય છે તથા કર્મોની નિર્જરા થાય છે ને સુખી થાય છે. પોતાના આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી મલિનતાનો નાશ થાય છે.

વળી વિશેષ વાત એ છે કે કોઈ બુદ્ધિમાન પુરુષ અજીર્ણ વખતે જે દુઃખ થયું હતું તે દુઃખને અજીર્ણ નાશ થવા છતાં ભૂલતો નથી ને અજીર્ણને ઉત્પન્ન કરવાવાળા આહારને છોડી દે છે ને તેથી સદા નીરોગી રહે છે. તેવી રીતે વિવેકી - જ્ઞાનીપુરુષ દુઃખના પ્રસંગને ભૂલતો

નથી. દુઃખ વખતે ધર્મતત્પર થયા હોય ને આત્મા તરફ વલણ થયું હોય ને પ્રારબ્ધ અનુસાર બહારનું દુઃખ મટી જાય તો તે દુઃખને ભૂલતો નથી ને એવા દુઃખ ફરી આવે એવા આકરા પાપના પરિણામને કરતો નથી.

## આસો વદ ০)), શનિવાર, તા. ૧૮-૧૦-૧૯૫૨

આ સંવરનો અધિકાર છે. અનુપ્રેક્ષાથી સંવર થાય છે. તેમાં નિર્જરા અનુપ્રેક્ષાની વાત ચાલે છે. ઊંધી માન્યતા ને આચરણથી જે કર્મો બંધાયાં હોય તે આત્મભાનપૂર્વક ખરી જવા તેને નિર્જરા કહે છે. જે કર્મો તેની સ્થિતિ પૂરી કરીને ખરી જાય તે સવિપાક નિર્જરા છે તેની મહત્તા નથી પણ જ્ઞાનાનંદ સ્વભાવના ભાનમાં પૂર્વ કર્મો તરફ વલણ નહીં રહેતા સ્વભાવની એકાગ્રતા કરતાં જે કર્મો ભોગવ્યા વિના છૂટી જાય છે તેને અવિપાક અથવા સાચી નિર્જરા કહે છે ને તે સંસારને કાપનારી છે.

અહીં નિર્જરા ભાવનાનો જ્ઞાની વિચાર કરે છે. દુઃખી મનુષ્ય ધર્મમાં તત્પર થાય છે એમ જે કહેવામાં આવ્યું છે તે વ્યવહારનું કથન છે. દુઃખનાં સંયોગો વખતે કોઈ પાત્ર જીવ વિચાર કરે ને ધર્મ પામે એ અપેક્ષાએ કથન છે. બધાં દુઃખી ધર્મમાં તત્પર થતા નથી પણ જે ધર્મમાં તત્પર થાય છે તેને દુઃખના સંયોગો નિમિત્ત હોય તો દુઃખી મનુષ્ય ધર્મમાં તત્પર થાય છે એમ કહેવાય છે. નારકીના સંયોગો આવ્યા હોય તે વખતે કોઈ વિચાર કરે કે એવી પ્રતિકૂળતાનો કંઈ અંત ખરો કે નહિ ? – એમ વિચાર કરતાં કોઈ તત્ત્વજ્ઞાનને પામે. સમ્યગ્દર્શનમાં પ્રતિમા, શાસ્ત્રશ્રવણ, જાતિસ્મરણ વગેરે નિમિત્તે કહ્યાં છે. તેમાં દુઃખનું નિમિત્ત પણ કારણ કહ્યું છે.

દુઃખના સંયોગો પછી પુણ્યના સંયોગો આવી ગયા હોય તો પણ તે જીવ દુઃખના દિવસોને ભૂલતો નથી. સાતમી નરકની વેદના વેદનારો જાણે અથવા કેવળી ભગવાન જાણે એવી અસહ્ય વેદના હોય છે. નારકી જીવો પરસ્પર લડતા થકા એકબીજાને કાપી નાખે છે. એવા અસંખ્ય અબજ વર્ષ સુધી સાતમી નરકીમાં દુઃખ ભોગવે છે. એવા દુઃખમાં કોણ શરણ ? માત્ર આત્માને શરણ જવાથી દુઃખનો નાશ થાય છે – એમ વારંવાર તે દુઃખને યાદ કરી વિશેષ વૈરાગ્ય લાવી ધર્મી જીવ વીતરાગતા વધારે છે.

પછી પોતાના પરમ આત્માના અનુભવના બળથી વૈરાગ્ય પરિણામ લાવે છે. પૂર્વે જે ભોગ વાંછાદિ પરિણામ જોયા હતા, સાંભળ્યા હતા ને અનુભવ કર્યાં હતા તેનો ત્યાગ કરી

વૈરાગ્ય પરિણામ લાવે છે. એકલા શુદ્ધ આત્મામાં આનંદ ને સુખ છે, બહારમાં સુખ નથી – એમ જાણે છે. હવે સંવેગ તથા વૈરાગ્યનું લક્ષણ કહે છે.

આત્માના સ્વભાવની શ્રદ્ધાપૂર્વક વીતરાગતારૂપી ધર્મમાં, ધર્મના ફળ કેવળજ્ઞાનમાં તથા દર્શનમાં જે હરખ રહે છે તેને સંવેગ કહે છે. સંસાર, દેહ તથા ભોગોથી, પાંચ ઇન્દ્રિયોના વિષયોથી વિરામ પામવું તે વૈરાગ્ય છે. આત્મામાં આનંદ પ્રગટ કરવો તે અસ્તિથી કથન છે ને પરમવૈરાગ્ય લાવવો તે નાસ્તિથી કથન છે.

આવી ભાવના ભાવવી તે નિર્જરા ભાવના છે. નિર્જરા કરનારને શંકા પડતી નથી કે ધર્મ કરતાં મારું પૂર્વ કર્મ ટળશે કે કેમ ? પોતે પોતાના સ્વભાવમાં સ્થિરતા કરવાને લાયક થયો એટલે કર્મ ટળવાની લાયકાતવાળાં હોય જ છે.

ચાર પ્રકારની નિર્જરા કહી છે :–

**સવિપાક નિર્જરા :–** પૂર્વ કર્મો એની મુદ્દતે ઉદયમાં આવી ફળ આપીને ખરી જાય તે સવિપાક નિર્જરા છે.

**અવિપાક નિર્જરા :–** સ્વભાવ સન્મુખ થઈને કર્મફળ આપ્યાં પહેલાં ખેરવી નાખવાં તે અવિપાક નિર્જરા છે.

**અકામ નિર્જરા :–** કષાયની મંદતા પૂર્વક જે કર્મોની નિર્જરા થાય તે અકામ નિર્જરા છે. તેમાં સ્વભાવનો પુરુષાર્થ નથી માટે અકામ કહ્યું છે.

**સકામ નિર્જરા :–** સ્વભાવના પુરુષાર્થપૂર્વક કર્મો ખરી જાય તે સકામ નિર્જરા છે. ત્યાં પુરુષાર્થ બતાવવા સકામ કહેલ છે.

અવિપાક નિર્જરામાં પણ કર્મોનો ખરવાનો સમય તો આવી જ ગયો હતો, તે કર્મ ખરવાનું નહોતું ને વહેલું ખરી ગયું – એમ છે જ નહિ. પણ આત્માના અનુભવ તરફ ઢળવાનો વિશેષ પુરુષાર્થ બતાવવા અવિપાક – એમ કહ્યું છે. જ્ઞાનીને ચારે પ્રકારની નિર્જરા હોય છે.

## (૧૦) લોક અનુપ્રેક્ષા

(લોક અનુપ્રેક્ષા – 'બૃહદ દ્રવ્યસંગ્રહ' પૃ. ૧૦૦ થી પૃ. ૧૨૮ સુધી મૂળ પુસ્તકમાંથી વાંચી લેવી).

તેમાંથી નીચેના વિષયો ઉપર ખુલાસો થયો હતો.

ઉનમેં જંબુદ્વીપકે ભીતર ત્યાંથી શરૂ કરી અર્ઘ દેતા હૈ સુધી (પૃ. ૧૨૨)

અઢી દ્વીપમાં ચંદ્ર, સૂર્યની સંખ્યાનું કથન છે. તેમાં અયોધ્યાનો ચક્રવર્તી સૂર્યમાં રહેલા અકૃત્રિમ જિનબિંબના દર્શન કરે છે તે વાત છે. જંબુદ્વીપની અંદર કર્કટ સંક્રાંતિના દિવસે જ્યારે

દક્ષિણ અયનનો પ્રારંભ થાય છે ત્યારે નિષધ પર્વતની ઉપર પ્રથમ માર્ગમાં સૂર્ય પ્રથમ ઉદય કરે છે ત્યારે સૂર્યના વિમાનમાં નિર્દોષ પરમાત્મા શ્રી જિનેન્દ્ર ભગવાનના અકૃત્રિમ જિનબિંબ છે. તેનાં ભરતક્ષેત્રના ચક્રવર્તી અયોધ્યા નગરીમાં પોતાના મહેલમાં ઉપર બેસીને દર્શન કરે છે ને ભક્તિપૂર્વક પુષ્પાંજલિ ઉછાળીને અર્ઘ દે છે. લોકો સૂર્યને નમે છે તે તો અજ્ઞાન છે. સૂર્ય તો જડ વિમાન છે. તેને નમવાથી કાંઈ સાર નથી પણ અહીં ધર્મી આત્માના ભાનપૂર્વક અકૃત્રિમ પ્રતિમાને વંદન કરે છે તેની વાત છે.

વળી વિદેહક્ષેત્રનું નામ કેમ પડ્યું તેની વાત છે. (પૃ. ૧૧૨)

અબ શરીરમેં મમત્વકે કારણભૂત ત્યાંથી શરૂ કરી વિદેહ કહતે હૈં સુધી શરીરમાં મમત્વના કારણભૂત મિથ્યાત્વ તથા રાગદ્વેષાદિ વિભાવોથી રહિત નિજ પરમાત્મા છે. વળી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ આદિ અનંત ગુણોથી ભરેલો છે. તેની પ્રતીતિ, જ્ઞાન ને આચરણરૂપ ભાવના કરીને મુનિજનો દેહરહિત થઈને મોક્ષમાં જાય છે. એવા ઘણાં આત્માઓ મોટી સંખ્યામાં મોક્ષ જાય છે માટે તેને વિદેહ કહેવામાં આવેલ છે.

ઔર આદિ મધ્ય તથા અંત સે રહિત ત્યાંથી શરૂ કરીને લોકાનુપ્રેક્ષાકા વર્ણન સમાપ્ત હુઆ સુધી. (પૃ. ૧૨૮-૧૨૯)

લોક ભાવનામાં અધોલોક, મધ્યલોક તથા ઊર્ધ્વલોકનું વર્ણન ઘણાં પ્રકારે કર્યું. હવે સાર બતાવે છે. ખરો લોક ક્યો છે ? આત્મા પોતે આદિ, મધ્ય તથા અંતથી રહિત છે તથા નિર્મળ જ્ઞાનનો અને એકરૂપ સ્વભાવનો ધારક છે. તેમાં સંપૂર્ણરૂપથી સ્વચ્છ કેવળજ્ઞાન નામનું નેત્ર છે. જેના દ્વારા દર્પણના પ્રતિબિંબની માફક શુદ્ધ આત્મા આદિ પદાર્થો દેખવામાં તથા જોવામાં આવે છે. દરેક પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાય ભિન્ન ભિન્ન જોવામાં આવે છે. ભેદ પાડીને બધું જાણી શકાય છે માટે શુદ્ધ આત્મા જ નિશ્ચયથી લોક છે, અથવા નિશ્ચયલોક નામના ધારક નિજ શુદ્ધ પરમાત્મામાં અવલોકવું તે જ નિશ્ચયલોક છે.

આહાર, મૈથુન વગેરે ચાર પ્રકારની સંજ્ઞા, ત્રણ અશુભ લેશ્યા-કૃષ્ણ, નીલ, કાપોતના પરિણામ, પાંચ ઇન્દ્રિયોને તાબે થવું, આર્ત તથા રૌદ્રધ્યાન, ખોટું જ્ઞાન તથા મોહના પરિણામ પાપને લાવે છે. એ બધા વિકારી પરિણામથી લઈ સંપૂર્ણ શુભ તથા અશુભભાવરૂપ સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કરીને નિજ શુદ્ધ આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી ઉત્પન્ન થયેલ જે પરમ આનંદસ્વરૂપ એક સુખરૂપી અમૃતના આસ્વાદનરૂપી ભાવનાને નિશ્ચયથી લોકભાવના કહે છે. તે સિવાય પૂર્વે કહેલા લોકનો વિચાર કરવો તે વ્યવહારથી લોકભાવના છે. તે પુણ્યબંધનું કારણ છે. આ પ્રમાણે લોકભાવનાનું વર્ણન પૂરું થયું.

## (૧૧) બોધિદુર્લભ ભાવના

હવે બોધિદુર્લભભાવનાનું સ્વરૂપ કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી દશા પામવી દુર્લભ છે. તેનો ધર્મી જીવ વિચાર કરે છે. જીવ અનાદિથી એકેન્દ્રિયપણામાં રખડ્યો - બટાટા, વાયરો, વનસ્પતિ વગેરેમાં રખડ્યો. તેમાંથી બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયપણું, ચૌરેન્દ્રિયપણું પામ્યો, પછી અસંજ્ઞી થયો, પછી સંજ્ઞી પંચેન્દ્રિય થવું દુર્લભ છે. તેમાં પણ પર્યાપ્ત મનુષ્યપણું મળવું દુર્લભ છે, તેમાં આર્ય દેશ તથા સારું ઉત્તમ કુળ મળવું દુર્લભ છે, કેમકે કોઈ અનાર્યદેશમાં અથવા વાઘરી કે મુસલમાનમાં જન્મે તો આ વાત સાંભળવા પણ ન મળે. વળી રૂપ મળવું, પાંચ ઇન્દ્રિયોની બરાબર પૂર્ણતા મળવી દુર્લભ છે. આંખ ન હોય, અથવા પગ ન હોય અથવા કાન બરાબર ન હોય તો સાંભળવામાં મુશ્કેલી પડે, તેથી ઇન્દ્રિયોની પટુતા દુર્લભ છે. વળી શરીરનું નીરોગપણું દુર્લભ, આયુ લાંબું હોવું દુર્લભ છે કારણ કે કોઈ જીવ જન્મતાં જ મરી જાય છે. વળી સારી બુદ્ધિ મળવી દુર્લભ છે કેમકે તેથી વિશેષ વિચાર કરી શકે. તેથી વિશેષ વાત એ છે કે ઉત્તમ ધર્મનું સાંભળવું દુર્લભ છે. જે શ્રવણથી જન્મ-મરણના ફેરા મટે તે શ્રવણ દુર્લભ છે. નહિતર કુગુરુના શ્રવણમાં ઊંધી માન્યતાની દૃઢતા થઈ જાય માટે તે સોંઘુ નથી. વળી સાંભળવાનું મળવા છતાં તેનો આશય શું છે તે પકડવો દુર્લભ છે. કેટલાકને તો એમ થાય કે આ આત્મા વિષે શું કહે છે ? તે પકડાતું નથી. પણ મગજ ફરી જાય છે. ધર્મ પર્યાય શુદ્ધ દ્રવ્યના આશ્રયે પ્રગટ થાય છે તે વાત ગ્રહણ કરવી મુશ્કેલ છે. તેથી દુર્લભ કહ્યું છે. કદાચિત્ ગ્રહણ કર્યું પણ તે વાતને ધારણ કરી રાખવી દુર્લભ છે. વસ્તુનું બહુમાન આવ્યા વિના આ વાત ધારણ થવી મુશ્કેલ છે. જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે વિનય, બહુમાન આવતા નથી તેને જ્ઞાન પ્રગટતું નથી. અજ્ઞાની શું કહે છે ને જ્ઞાની શું કહે છે તે બે વાતની તુલના તો કરવી જોઈએ. તે તુલના અથવા ધારણા વિના શ્રદ્ધા થવી દુર્લભ છે ને ધારણ થઈ તો જ્ઞાનસ્વભાવી આત્માની સમ્યક્ રુચિ થવી દુર્લભ છે, ને શ્રદ્ધા કર્યા પછી વીતરાગતા અથવા સંયમ પ્રગટ કરવો દુર્લભ છે. પાંચ ઇન્દ્રિયોના વિષયો છોડવા ને કામક્રોધાદિ કષાયો દૂર કરી ચારિત્રદશા પ્રગટ કરવી મહાદુર્લભ છે. આમ ઉત્તરોત્તર એક પછી એક દુર્લભ છે.

કદાચિત્ જેમ ઝાડ ઉપરથી પડતું ફળ ઊડતા કાગડાની ચાંચમાં આવી જાય તેમ આ બધાની પ્રાપ્તિ થઈ જાય તોપણ આ બધાની પ્રાપ્તિરૂપ જે જ્ઞાન છે તેના ફળરૂપ નિજ શુદ્ધ આત્માના જ્ઞાનસ્વરૂપ નિર્મળ ધર્મધ્યાન તથા શુક્લધ્યાનરૂપ પરમ સમાધિ મહાદુર્લભ છે.

પરમ સમાધિને દુર્લભ કેમ કહી એવી કોઈ શંકા કરે તો તેનું સમાધાન :– પરથી સુખ છે એવી ઊંધી માન્યતારૂપ મિથ્યાત્વભાવ, પાંચ ઇન્દ્રિયોના વિષયો, ક્રોધ, માન, માયા, લોભરૂપી કષાય, સ્વર્ગની તથા બીજા સંયોગની ઇચ્છા તે નિદાનબંધ વગેરે પરિણામ પરમ સમાધિને

રોકે છે ને તેવા પરિણામોની જીવમાં પ્રબળતા જોવામાં આવે છે. મનમાં કલ્પના કરવી તે આધિ છે, શરીરમાં રોગ આવે તે વ્યાધિ છે ને સંયોગો પ્રતિકૂળ હોવા તે ઉપાધિ છે. આ ત્રણેથી રહિત શુદ્ધ આત્માના ભાનપૂર્વક મૃત્યુ વખતે શરીરનું શાંતિથી છૂટવું થાય તેને સમાધિ કહે છે.

પ્રથમ બોધિને એટલે સમ્યગ્જ્ઞાનને દુર્લભ કહેલ પણ તે સમ્યગ્જ્ઞાનને આખી જિંદગી ટકાવી રાખી મૃત્યુ વખતે આત્માના ભાનપૂર્વક શાંત ભાવે દેહ છૂટવો તે સમાધિ છે ને તે દુર્લભ છે. ધર્મી જીવ વિચારે છે કે હું આરાધક છું ને આરાધક ભાવે દેહને છોડું – એવો સમાધિનો વિચાર કરે છે.

તે કારણથી પરમ સમાધિની દુર્લભતાની નિરંતર ભાવના કરવી જોઈએ કેમકે જો જીવ પરમ સમાધિની ભાવના ન કરે તો આત્માના ભાનપૂર્વક દેહ ન છૂટે ને વિરાધક ભાવે દેહ છૂટી જાય તો ફરી સંસારમાં રખડવું થાય છે. તેથી કહ્યું છે કે જે મનુષ્ય અત્યંત દુર્લભ એવું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને પ્રમાદી થાય છે તે મરણ વખતે વિરાધક ભાવરૂપે મરે તો તે દીન-રાંકો જીવ સંસારરૂપી વનમાં ચિરકાળ સુધી ભ્રમણ કરે છે.

સારાં કુટુંબ, દીકરા મળવા કે પૈસા મળવા દુર્લભ કહ્યાં નથી પણ સમ્યગ્જ્ઞાન પામવું દુર્લભ ને તેને ટકાવી આરાધકભાવે મૃત્યુ પામવું એવી સમાધિ દુર્લભ છે – એમ બતાવ્યું.

## પ્રસાદ નં. – ૧૦

### વી. નિ સં. ૨૪૭૯, કારતક સુદ ૧૦, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું, સોનગઢ, તા. ૨૮-૧૦-૫૨, મંગળવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૫
### (કારતક સુદ ૧, રવિવાર, ૧૯-૧૦-૫૨ બપોર)

### (૧૧) બોધિદુર્લભ ભાવના

આ સંવરનો અધિકાર છે. આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ કલ્યાણનું કારણ છે. અનંતકાળથી ભ્રમણ કરતાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું મળવું દુર્લભ છે ને તે મળવા છતાં સાચું શ્રવણ દુર્લભ છે ને જ્ઞાનાનંદ આત્માની રુચિ કરવી દુર્લભ છે. અત્યંત દુર્લભરૂપ બોધિને પામીને જે કોઈ જીવ પ્રમાદી થઈ જાય ને સ્વરૂપની સાવધાની રાખે નહિ તે બિચારો જીવ સંસારરૂપી વનમાં ચિરકાળ ભ્રમણ કરે છે.

જીવે ઘણો કાળ તો એકેન્દ્રિયમાં ગાળ્યો છે, તેમાંથી બે ઇન્દ્રિયાદિ થયો તેમાં પણ મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ છે. આ જગતમાં અશુભભાવ કરનાર તથા ઊંધા શ્રદ્ધા-જ્ઞાન કરી વિષય કષાયના પરિણામ કરનારાની સંખ્યા અધિક છે. જે શુભભાવથી મનુષ્યભવ મળે એવા ભાવ કરનારા સંખ્યાતા હોય છે. જેમ હીરા ખરીદવાવાળા થોડા તેમ મનુષ્યભવ પામવાવાળા થોડા છે. ત્રણે કાળે મનુષ્ય સંખ્યાતા હોય છે ને તે અઢી દ્વીપમાં હોય છે.

હવે એવા મનુષ્યભવ પણ અનંતવાર કર્યાં પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળવો ને તેની શ્રદ્ધા કરવી દુર્લભ છે. આત્મા અખંડ ચિદાનંદ મૂર્તિ શું છે તેની પૂર્વાપર વિરોધ રહિત વાત કાને પડવી દુર્લભ છે. એવું શ્રવણ જ ન મળ્યું હોય તો બોધિ ક્યાંથી થાય ? ન જ થાય. વાત સાંભળવા મળી તો પોતાના આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ દુર્લભ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે વ્યવહાર શ્રદ્ધા છે, તે તો અનંતવાર કરી છે પણ રાગરહિત આત્માની પ્રતીતિ, સ્વસંવેદન જ્ઞાન ને અતંર વીતરાગતા – એ ત્રણેની એકતાને બોધિ કહે

છે. તેની પ્રાપ્તિ થવી બહુ દુર્લભ છે. બાળક પાસે દાગીનો હોય તે પેંડાની લાલચે દાગીનો આપી દ્યે તેમ અજ્ઞાની જીવો શુભભાવરૂપી વ્યવહારની લાલચમાં અથવા બાહ્ય અનુકૂળતાની લાલચમાં ચૈતન્ય હીરો ગુમાવી બેસે છે ને અંતર શ્રદ્ધા કરતા નથી માટે બોધિદુર્લભ છે.

હવે કહે છે કે આવો સમ્યગ્જ્ઞાનરૂપી બોધ આખી જિંદગી ટકાવી રાખીને અપ્રતિહત ભાવે બીજા ભવમાં સાથે લઈ જવો તે દુર્લભ છે. અતિચાર રહિતપણે આરાધક થઈને અન્યભવમાં બોધિપણું સાથે લઈ જવું તે સમાધિ છે. એવી સમાધિ દુર્લભ છે. જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થઈ તે સાથે લઈ જશે. દેવમાં ચારિત્ર છૂટી જાય તોપણ સમ્યગ્દર્શન ને જ્ઞાન તો સાથે લઈ જાય છે ને ત્યાર પછીના બીજા ભવે ચારિત્ર લઈ પૂર્ણ દશાને પામશે.

પૂર્વે નહીં મળેલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું મળવું તે બોધિ છે ને સમ્યગ્દર્શન-જ્ઞાનાદિને નિર્વિઘ્નતાપૂર્વક અન્ય ભવમાં સાથે લઈ જવાં તે સમાધિ છે. તે દુર્લભ છે. દેહ છૂટવાનો વખત હોય, વ્યાધિનો પાર ન હોય, એવે વખતે આત્મા શુદ્ધ આનંદકંદ છે એમાં નિર્વિકલ્પપણે રહેવું તે સમાધિ છે. શુભાશુભથી રહિત આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે એવા આરાધકભાવે દેહ છૂટવો તેને સમાધિમરણ કહે છે. આવી વિચારણા કરનારાને રાગની ઉત્પત્તિ ન થવી ને સ્વભાવની જાગ્રતિ થવી તે બોધિદુર્લભ ભાવના છે ને તે સંવરનો ભેદ છે. આ પ્રમાણે બોધિદુર્લભ ભાવના પૂરી થઈ.

## (૧૨) ધર્માનુપ્રેક્ષા

હવે છેલ્લી ધર્માનુપ્રેક્ષા કહે છે. જે પરિણામ જીવને સંસારમાં પડતાં અટકાવે ને સ્વભાવમાં ધારી રાખે તેને ધર્મ કહે છે. જેને ધર્મદશા પ્રગટી હોય તે જીવને એકાદ ભવ બાકી હોય તો સ્વર્ગમાં ઊપજે ને ત્યાંથી મનુષ્ય થઈ પછી મોક્ષે જાય અથવા કોઈ સીધા મોક્ષે જાય છે.

ધર્મ સંસારમાંથી ઉઠાવી ધરણેન્દ્ર, ચક્રવર્તી, દેવ, ઇન્દ્રોથી પૂજ્ય એવા તીર્થંકરપદમાં ધારી રાખે અથવા બાધારહિત અનંત સુખ આદિ અનંત ગુણોરૂપ લક્ષણના ધારક મોક્ષપદમાં ધારી રાખે છે. તેને ધર્મ કહે છે. આરાધક જીવ ધરણેન્દ્રરૂપે ન ઊપજે કારણ કે તે તો અસુરકુમારના ઇન્દ્રની પદવી છે. પણ કોઈ સમ્યગ્દર્શન પામીને, પાછળથી વિરાધક થાય તો ધરણેન્દ્ર થાય. ધર્મી જીવને વિકલ્પ રહી જાય તો દેવ આદિમાં ઊપજે ને પછી મોક્ષે જાય અથવા તે જ ભવે સંપૂર્ણ નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરે તો મોક્ષમાં જાય. આમ જે સ્વભાવમાં થંભાવી રાખે તેને ધર્મ કહે છે. હવે ધર્મના ભેદ કહે છે :–

(૧) અહિંસારૂપ લક્ષણનો ધારક ધર્મ છે. દયા, દાન, ભક્તિ વગેરેથી રહિત જ્ઞાનાનંદ સ્વભાવમાં ધારી રાખે ને રાગની વૃત્તિ ઉત્પન્ન ન થાય તેને અહિંસા કહે છે. પરની દયા પાળવી તે અહિંસા નથી. પર જીવને કોઈ બચાવી શકતું નથી. તે જીવની સ્થિતિ તેના આયુ અનુસાર

છે, માત્ર જીવ અનુકંપાના ભાવ કરે છે. તે ભાવને વ્યવહારધર્મ ક્યારે કહેવાય ? કે તે શુભભાવ વિકાર છે, બંધનું કારણ છે. તે વિનાના જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે રાગાદિની ઉત્પત્તિ ન થાય તેને અહિંસા ધર્મ કહે છે. આવી નિશ્ચય અહિંસા પ્રગટી હોય તેવા ધર્મીને દયાનો શુભભાવ હોય તો વ્યવહાર અહિંસાધર્મ કહેવાય છે. પણ પરમાર્થે તે હિંસા છે. રાગાદિની અનુત્પત્તિ તે અહિંસા ધર્મ છે. ધર્મ લક્ષ્ય છે ને અહિંસા લક્ષણ છે.

(૨) ગૃહસ્થ અથવા મુનિ એવા બે ભેદવાળા ધર્મ છે. આત્માના ભાનપૂર્વક રાગનો અંશે ત્યાગ તે ગૃહસ્થનો ધર્મ છે ને વિશેષ પ્રકારે રાગનો ત્યાગ તે મુનિધર્મ છે. રાગની અનુત્પત્તિમાં બન્ને ધર્મ આવી જાય છે.

(૩) ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ વગેરે લક્ષણવાળા દસ પ્રકારના ધર્મ છે. સ્વભાવની અરુચિ, ખેદ કે ચંચળતા થવા ન દેવી ને ક્ષમાવાન સ્વભાવમાં રહેવું તે ઉત્તમ ક્ષમા ધર્મ છે એમ દસ પ્રકારે ધર્મ જાણવો.

(૪) નિશ્ચય અથવા વ્યવહાર રત્નત્રયસ્વરૂપ ધર્મ છે. આત્માની પ્રતીતિ, સ્વસંવેદન જ્ઞાન ને અંતર રમણતા – એ ત્રણ નિશ્ચય રત્નત્રય છે, એવા સ્વભાવમાં ઠરી ન શકે ત્યારે અશુભથી બચવા શુભ પરિણામ આવે છે. સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, આગમનું વ્યવહારજ્ઞાન ને પંચ મહાવ્રત અથવા અણુવ્રતના પરિણામ તે વ્યવહાર રત્નત્રય છે. તે આસ્રવ ને બંધનું કારણ છે. પણ ધર્મી જીવને તેનો નિષેધ વર્તે છે છતાં અધૂરી દશામાં તે આવે છે ને કુદેવાદિની શ્રદ્ધાથી બચાવે છે. તેથી તેને વ્યવહારધર્મ કહેલ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે તું પરમાત્મા થવાના પંથે જા, તું અંતરમાં ઠર. તારું ચિદાનંદ સ્વરૂપ છે એની પ્રતીતિ ને રમણતા કર, ને ઠરી ન શકે તો આવો વ્યવહાર જાણ, બીજો કોઈ કલ્યાણ કરી દ્યે એમ નથી.

(૫) શુદ્ધ આત્માના જ્ઞાનસ્વરૂપ પરિણામ જે મોહ-રાગ-દ્વેષ ને આકુળતા રહિત છે તે પરિણામને ધર્મ કહે છે.

ધર્મ એક જ પ્રકારે છે પણ જુદી જુદી રીતે કહ્યું છે. શુદ્ધ આત્માના પરિણામને અહિંસા કહે છે, તેને નિશ્ચય ધર્મ કહે છે, તેને ગૃહસ્થ ને મુનિનો ધર્મ કહે છે ને ક્ષમાદિ ધર્મ કહે છે. એકમાં બધું આવી જાય છે.

ધર્મ તે આત્માની રાગરહિત પર્યાય છે, શરીરની ક્રિયામાં કે પુણ્ય પરિણામમાં ધર્મ નથી. આ ધર્મની પ્રાપ્તિ થઈ ન હોવાથી પૂર્વે અનંત કાળમાં ચોરાશી લાખ યોનિમાં જન્મ્યો. નિત્ય નિગોદ વનસ્પતિમાં સાત લાખ યોનિ, ઇતર નિગોદ વનસ્પતિમાં સાત લાખ યોનિ, પૃથ્વીકાયમાં સાત લાખ યોનિ, જળકાયની સાત લાખ યોનિ, તેજકાયમાં સાત લાખ યોનિ, વાયુકાયમાં સાત લાખ યોનિ, પ્રત્યેક વનસ્પતિમાં દસ લાખ યોનિ, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય ને ચાર ઇન્દ્રિયમાં બે બે લાખ યોનિ, દેવ, નારકી ને તિર્યંચમાં ચાર ચાર લાખ યોનિ તથા મનુષ્યમાં ચૌદ લાખ યોનિ – એમ ચોરાશી લાખ યોનિ એટલે ઉત્પત્તિ સ્થાનમાં જીવ અવતર્યો.

પોતાનો આત્મા નીરોગી છે, પરમ સ્વાસ્થ્યવાળો છે. મિથ્યાત્વ, કામ, ક્રોધ તે જ રોગ છે. 'શ્રીમદ્' કહે છે કે આત્મભ્રાંતિ સમાન બીજો કોઈ રોગ નથી. ભગવાન ચિદાનંદ આત્મા શુદ્ધ છે. શરીર તથા વિકાર આત્માથી જુદા છે એવું ભાન ન થવું તે મોટો રોગ છે. પુણ્યથી ને વિકારીભાવથી સુખ માનવું તે ભાવરોગ છે. લોગસ્સમાં પાઠ આવે છે કે 'આરુગ્ગ બોહિ લાભમ્' પુણ્ય-પાપ રોગ છે તેનાથી રહિત શુદ્ધ આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન ને રમણતારૂપ નીરોગદશાનો મને લાભ આપો – એમ અર્થ થાય છે.

આવા પરમ સ્વાસ્થ્યરૂપી આત્માની ભાવનાથી આકુળતા રહિત - પરમ આનંદ દશા ઉત્પન્ન થાય છે. સાંસારિકસુખ વિલક્ષણ છે, પાંચ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષાથી ઉત્પન્ન થતું લૌકિક સુખ આકુળતા ઉત્પન્ન કરનારું દુઃખ જ છે. તેવાં દુઃખ સહન કરીને જીવ ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરે છે. ઇન્દ્રિયો તરફનું વલણ, દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનું વલણ હોય ને શુભ પરિણામ હોય છતાં તે આકુળતાવાળા પરિણામ છે, દુઃખને ઉત્પન્ન કરનારા છે. આવાં દુઃખ સહન કરીને જીવ અનંતીવાર સંસારમાં ભટક્યો.

જ્યારે જીવને પૂર્વે કહેલા ધર્મની પ્રાપ્તિ થાય છે ત્યારે તે ભવે જો પૂર્ણ દશા ન પામે તો દેવાદિની ગતિ પ્રાપ્ત કરે છે. શાંતિનું આરાધન કરતાં જરા રાગ રહ્યો હોય તો રાજાધિરાજ, મહારાજ, અર્ધમંડળેશ્વર, મહામંડળેશ્વર, બળદેવ, નારાયણ, કામદેવ, ચક્રવર્તી, દેવેન્દ્ર, ગણધરદેવ તથા તીર્થંકરપદને પામે છે. રામ બળદેવ હતા, લક્ષ્મણજી વાસુદેવ હતા, પ્રદ્યુમ્ન કામદેવ હતા, અતિ સુંદર હતા. હનુમાન કામદેવ હતા. લોકો ચીતરે છે એવા હનુમાન ન હતા, એના જેવું સુંદર રૂપ છ ખંડમાં કોઈનું હોતું નથી. હનુમાન તે જ ભવે મુક્તિ પામ્યા છે. ચક્રવર્તી છ ખંડના ધણી હોય છે. તેવા પદ સમ્યગ્દૃષ્ટિ જીવોને જ મળે છે. અહીં પુણ્યની વાત કરે છે. છતાં પુણ્ય આદરણીય નથી. જેમ ખેડુતને અનાજ પાકતાં ખડના ઢગલા મફતમાં પાકે છે, તેમ ધર્મી જીવને શુભરાગ હોય છે. તેને લીધે ખડરૂપી પુણ્ય બંધાઈ જાય છે ને આવી પદવી મળે છે.

ગણધરદેવ તીર્થંકર ભગવાનના વજીર છે. તેઓ ઉત્તમ કુળમાં જન્મે છે. શ્વેતાંબરો કલ્પસૂત્રમાં કોઈ ગણધરને માતા એક અને પિતા બે કહે છે. તે વાત ખોટી છે. ધર્મના આરાધક જીવો હલકા કુળમાં જન્મે નહિ. ગણધર ઊંચા કુળમાં જ જન્મે.

વળી કોઈ ધર્મી જીવને સાધકદશામાં 'બધા જીવને શાસન રસિયા કરું' એવો ભાવ આવે ને તેના ફળમાં તીર્થંકર નામકર્મ બંધાઈ જાય છે. છતાં તે ભાવ અને પ્રકૃતિનો ધર્મીને આદર હોતો નથી. આવાં પદ ધર્મી જીવો જ પ્રાપ્ત કરે છે.

વળી તીર્થંકરોના ગર્ભ, જન્મ તથા તપ કલ્યાણક પર્યંત અનેક પ્રકારના અભ્યુદય સુખની પ્રાપ્તિ તે જીવને થાય છે. અહીં પાંચ કલ્યાણકવાળા તીર્થંકર લીધા છે. દીક્ષા, કેવળ તથા નિર્વાણ એમ ત્રણ તથા કેવળ અને નિર્વાણ એવા બે કલ્યાણકવાળા અહીં લીધા નથી. જે ચોવીસ તીર્થંકરો

હોય છે તે તો પાંચ કલ્યાણકવાળા હોય છે. તીર્થંકર માતાના ઉદરમાં આવે તે પહેલાં છ માસ અગાઉ દેવો રત્નની વૃષ્ટિ કરે છે ને માતાને કહે છે કે હે માતા ! ધન્ય છે તને, આજથી છ માસ પછી ભગવાન ત્રણ લોકના નાથ તારી કૂંખે આવવાના છે, છ માસ પહેલાં દેવીઓ માતાની સેવા કરે છે, પછી ગર્ભમાં આવે ત્યારે ગર્ભકલ્યાણક ઊજવે છે ને જન્મ થાય ત્યારે જન્મ કલ્યાણક ઊજવે છે ને ભગવાન દીક્ષા લ્યે ત્યારે ઇન્દ્રો વગેરે મહોત્સવ કરે છે. ઇન્દ્રો વગેરે ધર્મી જીવને ભાન છે કે આત્મા તો ચિદાનંદસ્વરૂપી છે, રાગથી રહિત છે. પણ સ્વભાવમાં ઠરી શકતા નથી ત્યારે આવાં કલ્યાણક ઊજવવાનો રાગ થઈ આવે છે. આવાં ત્રણ કલ્યાણક સુધી અનેક પ્રકારનું અભ્યુદય સુખ તે જીવોને મળે છે.

ત્યાર પછી તે ધર્મી જીવ રાગ છોડી પોતાના સ્વરૂપમાં અભેદ રત્નત્રયની ભાવનાના બળે અક્ષય અને અનંત ગુણોના સ્થાનભૂત અર્હંત ને સિદ્ધપદને પ્રાપ્ત કરે છે. આત્માનું આરાધન કરતાં જરા રાગ રહી જાય તો ઉપર કહી તે પદવી પ્રાપ્ત કરે છે ને રાગ સર્વથા ટળે તો અર્હંત ને સિદ્ધપદની પ્રાપ્તિ કરે છે.

એ કારણથી ધર્મ પરમરસનું રસાયણ છે, લૌકિક રસાયણની વાત નથી, તે તો જડ-ધૂળ છે. તે શરણભૂત નથી. શુદ્ધ ચિદાનંદના આશ્રયે પ્રગટેલી નિર્વિકારી ધર્મદશા પરમરસનું રસાયણ છે. ધર્મ મોટી નિધિનો ભંડાર છે, મોટી લક્ષ્મી છે, ધર્મ કલ્પવૃક્ષ છે. અંતર એકાગ્ર થવાથી જે માગીએ તે મળે તેવું છે, ધર્મ કામધેનુ છે, ધર્મ ચિંતામણિ રત્ન છે. લૌકિક રત્ન શરણરૂપ નથી. જ્ઞાનાનંદની દૃષ્ટિ કરી અંતર રમવું તે ધર્મ ચિંતામણિ રત્ન સમાન છે. ધર્મ આત્માના આશ્રયે થાય છે. બાકી કોઈ શરણ નથી. વિશેષ શું કહીએ ? જિનેશ્વર ભગવાને કહેલો ધર્મ પ્રાપ્ત કરીને જે સમ્યગ્દૃષ્ટિ દૃઢ બુદ્ધિનો ધારક થાય છે તે ધન્ય છે.

**કારતક સુદ ૨, સોમવાર, ૨૦-૧૦-૫૨**

**ધર્માનુપ્રેક્ષા**

આ સંવર તત્ત્વનો અધિકાર છે જે ભાવથી ભ્રાંતિનો રાગ-દ્વેષ થાય છે તે ભાવોનો સ્વભાવની રુચિ દ્વારા આસ્રવ થવા ન દેવો તે સંવર છે, તેમાં નિશ્ચય વ્રત, સમિતિના ભેદો લીધા, હવે ભાવનાની વાત કરે છે. ધર્મ કેવો છે ? પરમ રસાયણ છે. આત્માને પુણ્ય-પાપ રહિત સ્વભાવથી પુષ્ટ કરવો તે રસાયણ છે. દવા વગેરે રસાયણ જડ છે, તેમાં માલ નથી, આત્માની ઓળખાણ કરવી તે સાચી રસાયણ છે, ધર્મ નિધિનો નિધિ છે. આત્માનું ભાન કરી અંતર ભંડાર ખુલવો

તે ધર્મ છે. બહારની નિધિ ખોખાં છે, પુણ્ય થાય તે વ્યવહાર નિધાન છે. ધર્મ કલ્પવૃક્ષ છે, ધર્મી જીવને આત્માનું ભાન થયું છે તે વિચાર કરે છે કે પુણ્યમાં હિત નથી, પોતાના અંતરમાં લીનતારૂપ ધર્મ તે કામધેનુ છે. કામધેનુ ગાય જ્યારે જોઈએ ત્યારે દૂધ આપે છે. તેમ આત્માનું ભાન થવાથી બધું મળે છે માટે ધર્મ કામધેનુ ગાય છે.

ધર્મ રસાયણ છે, વસંતમાલતી, સોનાની ખાખ વગેરે ધૂળ છે. સાચી રસાયણ કોણ છે. આત્મા જ્ઞાનાનંદ છે શરીરાદિ જડ છે, તે મારી ચીજ નથી. પુણ્ય-પાપ વિકાર છે. વિકાર રહિત હું શુદ્ધ આત્મા છું એવી દૃષ્ટિ કરવી તે સાચી રસાયણ છે. માણસો સાલમપાક વગેરે ખાય છે, તે ખાવા છતાં શરીરનું ટકવું તેને આધીન નથી, સંયોગી પદાર્થો વિયોગ લઈને આવે છે. આત્મા તેથી જુદો છે તેનું ભાન કરવું તે ધર્મ છે. આત્મા ચૈતન્ય ધાતુ છે. શરીરાદિ જડની ક્રિયા જડથી થાય છે. પુણ્ય વિકાર છે તેથી રહિત આત્મા શુદ્ધ છે એમ ભાન કરવું તે જીવન ઉજાળવાનો ઉપાય છે. રૂપિયા આવે છે તે પુણ્ય કર્મને લીધે આવે છે પણ જીવ મમતા કરે છે કે મેં આ પેદા કર્યું ને મેં આટલું વાપર્યું એમ જડનો સ્વામી થઈ મૂર્ખાઈ સેવે છે. અરે જીવ ! ઓળખાણ કર, પૈસો જડ છે, પુણ્ય-પાપ વિકાર છે. જ્ઞાનાનંદ શુદ્ધ આત્માની શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મ રસાયણ છે. શરીરની ક્રિયા ધર્મ નથી. પરને મદદ આપું કે લઉં તે ધર્મ નથી રાગની વૃત્તિ વિનાનો આત્મા છે તેવું ભાન કરવું તે ધર્મ છે. વૈદ્ય સારી રસાયણ આપે તો પણ આયુષ્ય ન હોય તો દર્દી જીવતો નથી, માટે તે રસાયણમાં માલ નથી.

ધર્મ નિધિનો ભંડાર છે આત્મા સિદ્ધ સ્વરૂપી છે એમ જાણવું ને એવો ભરોસો કરવો શરીરને પુણ્ય-પાપ શરણભૂત નથી, જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે વિકાર છે, સિદ્ધમાં વિકાર નથી, તેઓ તો માત્ર જાણનાર છે એમ હું પણ જાણનાર છું, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે તે કેવળી ભગવાન છે, એવી જ્ઞાન શક્તિ પ્રગટ કરવી હોય, અનાકુળ સુખ આનંદ દશા પ્રગટ કરવી હોય તો એવો જ હું છું શરીર ને ઉપાધિ વિનાનો અનંત જ્ઞાનનો ભંડાર છું એવું ભાન કરવું તે નિધાન છે. તીર્થંકર દેવાધિદેવે ત્રણ લોકને જોયા તેમાં આત્માને શુદ્ધ જોયો છે. શરીર, કર્મ પર છે, વિકાર ઉપાધિ છે. તેનાથી રહિત આત્માની ઓળખાણ કરે તેને કેવળજ્ઞાનનો ભંડાર ઊઘડે તેવો છે.

પહેલેથી જેની શ્રદ્ધા ખોટી હોય તેને સરવાળે શૂન્ય આવે છે. પ્રથમથી જ રાગ-દ્વેષ રહિત આત્માનો ભરોસો કરવો તે નિધાન છે. કેવળજ્ઞાન સાચું નિધાન છે તે આત્માની પ્રતીતિ કરવાથી મળે તેમ છે.

ભોગભૂમિમાં કલ્પવૃક્ષો હોય છે. ઇચ્છા મુજબ તે વૃક્ષો આપે છે. તેવા સંયોગો ઘણીવાર મળ્યા છે. તે જડ-ધૂળ છે, આત્મા વિકાર વિનાનો શુદ્ધ છે એવું ભાન કરે તેને જે માગે તે મળે તેવું છે. માટે ધર્મ કલ્પવૃક્ષ છે. દેહ, મન, વાણીથી પાર એવા ચૈતન્ય સ્વભાવની રમણતા કરવી તે ધર્મ કલ્પવૃક્ષ છે.

ધર્મ કામધેનુ છે. ત્રિલોકનાથે કેવળજ્ઞાનથી જગતનો પત્તો મેળવ્યો છે. તેઓ કહે છે કે તારી કામધેનુ તો આત્મા છે. અજ્ઞાનીને ખબર પડતી નથી કારણ કે તેણે વિચાર કર્યો નથી, આત્માનો ભરોસો કર્યો નથી, એક સમયની વિકૃતિમાં આખો આત્મા આવી જતો નથી. આત્માની શ્રદ્ધા કરવાથી જે સાચું સુખ જોઈએ છે તે મળે તેમ છે માટે ધર્મ કામધેનુ છે. એકલા દાનથી ધર્મ થાય તેમ નથી. પરથી ને પરની વ્યવસ્થાથી ધર્મ નથી. આત્મા જ્ઞાનમૂર્તિ છે એવી ઓળખાણ કરવી તે ધર્મ કામધેનુ સમાન છે.

પૈસા પુણ્યવાળાને મળે છે. પુણ્ય પરિણામ હદવાળા છે. તારું સ્વરૂપ ત્રિકાળ અમર્યાદિત ધ્રુવ છે. એવા ભાન વિનાના જીવને પુણ્યથી મળેલા સંયોગો છૂટી જાય છે, તેને ધર્મનો લાભ થતો નથી. કેટલાક લોકોને એમ લાગે છે કે કોઈ ધર્મસ્થાનકમાં પાંચ લાખ રૂપિયા ખર્ચીએ તો તે મકાન વપરાય ત્યાં સુધી પુણ્ય ચાલ્યું આવશે, તો તે વાત ખોટી છે. રાગની મંદતા કરી તેટલું પુણ્ય છે, પુણ્ય-પાપના પરિણામથી આત્મા ભિન્ન છે. પુણ્ય-પાપ બન્ને બંધનું કારણ છે, બન્નેથી રહિત એવા આત્માની ઓળખાણ કરવી તે ધર્મ છે.

એક પંડિતે કહેલું કે 'જે પંચકલ્યાણક કરાવે ને જિનમંદિર કરાવે તેને ધર્મ પ્રાપ્ત થઈ ને આઠ ભવે મોક્ષ પ્રાપ્ત થાય.' પણ તે વાત ખોટી છે. તેમાં કષાયની મંદતા કરે છે તો પુણ્યભાવ છે, ધર્મ નથી. જો ધનથી ધર્મ થાય તો નિર્ધનને રોવું પડે. નીચલી દશામાં કરુણા, કોમળતા, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો શુભરાગ આવ્યા વિના રહેતો નથી, અશુભથી બચવા શુભ આવે છે. તે પુણ્યનું કારણ છે. શુભ-અશુભથી રહિત આત્માની પ્રતીતિ કરવી તે ધર્મ છે. અજ્ઞાની જીવો પૈસાના દાનમાં ધર્મ મનાવે છે. પૈસો જડતત્ત્વ છે, તેનું પલટવું જડને આધીન છે. આત્મા તેનો સ્વામી નથી.

ધર્મ સમજવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. જીવો પૈસો મેળવવા બહારમાં રખડે છે તો ધર્મ સમજવા માટે વખત લેવો જોઈએ. આત્મા જ્ઞાનાનંદથી ભરેલો છે તેમાંથી જ્ઞાન-સુખ પ્રગટ થાય છે. જે તેનો અનાદર કરે છે તેને આસ્રવ થાય છે. ધર્મ અપૂર્વ ચીજ છે, સાચા સમાગમ વિના તે પ્રાપ્ત થાય તેમ નથી.

ધર્મ ચિંતામણિ રત્ન છે. જે રત્નને હાથમાં લઈ જે ચિંતવે તે ચીજ મળે છે – તેને ચિંતામણિરત્ન કહે છે. તે દેવ અધિષ્ઠિત છે. પૂર્વ પુણ્યને લીધે મળે છે, તે ધૂળ છે – જડ છે. મારો આત્મા તેનાથી જુદો છે, જે જુદી પડે તે મારી ચીજ નથી. જ્ઞાન ને આનંદાદિ મારી ચીજ છે. તેનું ચિંતવન કરવું તે ધર્મ છે. તે ધર્મ ચિંતામણિરત્ન છે.

ધર્મ ક્યાં થાય તે જાણવું જોઈએ. અજ્ઞાની જીવો બહારથી ને અનુકંપાથી ધર્મ મનાવે છે. તારા શરીરના રોગને તું મટાડી શકતો નથી, પોતાનો દીકરો અનુકંપાથી બચાવી શકાશે ? દયા હોવા છતાં તે મરે છે. તારી દયા તારા દીકરામાં કામ ન આવે તો તારી દયાથી બીજા જીવો બચી જાય એમ બને નહિ. તેના કાળે તે જીવોની દશા થાય છે – એમ સમજી આત્માનું

ભાન કરવું તે ચિંતામણિ રત્ન છે.

આ પાંચ બોલ વડે માંગલિક થયું.

વિશેષ શું કહીએ ? જિનેશ્વર મહાવીર ભગવાન કહી ગયા ને વર્તમાન સીમંધર ભગવાન કહી રહ્યા છે. તેમણે કહેલો ધર્મ કહેવાય છે. તેઓ પણ પૂર્વે સંસારી હતા, અજ્ઞાન ને વિકાર દશા ટાળી સર્વજ્ઞ વીતરાગદશા પ્રાપ્ત કરી તેઓ આ ધર્મ કહે છે. બીજો ધર્મ કોઈ કહે તો તે વાત સાચી નથી. તારા આત્માની ઓળખાણ કર તો ધર્મ થાય તેમ છે.

આંધળો માણસ કહે કે મેં સો બગલાને આકાશમાં ઊડતા જોયા, તો તે ખોટું છે, તેવી રીતે શુભરાગથી ધર્મ થાય એમ અજ્ઞાની કહે તો તે આંધળાની જેમ હોડ કરવા જેવું છે. અજ્ઞાની જ્ઞાનીની સાથે હોડ કરે છે. 'પદ્મનંદી આચાર્યે' આ દૃષ્ટાંત 'શ્રી પદ્મનંદીપંચવિંશતિ'માં આપ્યું છે.

'શ્રીમદે' 'પદ્મનંદીપંચવિંશતિ' શાસ્ત્રને વનશાસ્ત્ર કહ્યું છે. ઇન્દ્રિય નિગ્રહપૂર્વક મનન કરવા કહ્યું છે. અસંખ્યપ્રદેશી આત્મામાં કેવળજ્ઞાન ખીલેલ છે તેવા ભગવાને આવો ધર્મ કહ્યો છે. એવા ધર્મની પ્રતીતિ કરી જે આત્મા સમકિતી થયા છે તે ધન્ય છે.

અજ્ઞાની લોકો પોતાને પૈસાની પ્રીતિ હોવાથી પૈસાવાળાનાં ગાણાં ગાય છે. પૈસાવાળો સમજે છે કે મારા ગાણાં ગાય છે. જેને પૈસાનો રાગ નથી તે પૈસાવાળાનાં ગાણાં ગાતો નથી. પૈસામાં કંઈ માલ નથી. વીતરાગી ધર્મ પ્રાપ્ત કરી, દૃઢબુદ્ધિના ધારક સમકિતી થાય તે ધન્ય છે. જેણે અનંત અવતારના છેડા આણ્યા – અંત લાવ્યા તે ધન્ય છે.

શરીરમાં પાંચ - પચીસ વર્ષ ચાલે તેવો રોગ આવે તે પણ ગમતો નથી પણ એવી પ્રતિકૂળતાવાળા અનંતા ભવો કરીને શરીર ધારણ કરવાં તેમાં અજ્ઞાનીને રુચિ લાગે છે. પ્રતિકૂળતા ગમે નહિ ને પ્રતિકૂળતા કેમ ટળે તેની રુચિ કરે નહિ તેનાં જન્મ-મરણનો અંત આવે નહિ.

જેણે જિનવરે કહેલા આત્માના ધર્મને જાણ્યો છે. રુચિ કરીને અંતર ધારણ કરેલ છે છે તે બધા ધન્ય છે. તે બધાને અભિનંદન આપીએ છીએ. અજ્ઞાની સાલમુબારક કરે છે. અજ્ઞાનીને પોતાની ખબર નથી તેને કેવી સાલ મુબારક ! જે આત્માને જાણે છે તેને ખરી સાલ મુબારક હોય છે.

વળી પુણ્યમાં કે આબરૂમાં તત્પર અથવા દયા, દાનમાં તત્પરની વાત કરી નથી. તેને ધન્ય કહ્યો નથી, પણ જે આત્મજ્ઞાનમાં તત્પર છે તે ધન્ય છે. હું કાયમ રહેનારો છું ને જ્ઞાન ને આનંદ મારું સ્વરૂપ છે એવી અંતરબુદ્ધિ કરી તેવા આત્માને ધન્ય છે.

અજ્ઞાની લખે છે કે 'શાલિભદ્રની ઋદ્ધિ હજો.' શેની ? ઊકરડા ઉથામવા છે ? બોણીમાં જૂઠું બોલે છે. તારે રાજ્ય લેવું છે ? પણ તે બધી ચીજો શરણભૂત નથી. સર્વજ્ઞે કહેલી ચીજ અપૂર્વ અચિંત્ય છે. તેનો મહિમા લાવી, તેની આરાધના કર, તે શરણરૂપ છે. અનાથ આત્મા સનાથ થશે, તે વિના તારો હાથ કોઈ પકડનાર નથી. વિકાર રહિત આત્માની ઓળખાણ કરવી

તે ધર્મ છે, તે શરણરૂપ છે – એમ સર્વજ્ઞ કહે છે.

કોઈ પૂછે કે આત્મજ્ઞાનના અભાવમાં દુઃખ દેખાતું નથી.

સમાધાન :– અજ્ઞાનીને મૂઢતા ને અજ્ઞાનનું દુઃખ ન લાગે તો શું તે દુઃખ નથી ? અજ્ઞાનીને આ વાત ન બેસે. વેપાર કરવાના પરિણામ પાપ છે. દુઃખદાયક છે, દયા, દાનના ભાવ પણ દુઃખદાયક છે, અજ્ઞાનીને દુઃખદાયક ન લાગે તેથી શું તે સુખદાયક થઈ જશે ? ના. જેટલી વૃત્તિઓ ઊઠે છે તે બધું દુઃખ છે. દુઃખના ઢગલા ઉપર અજ્ઞાની ચાલ્યો જાય છે. તેને દુઃખ લાગતું નથી તેથી શું દુઃખ સુખ થઈ જશે ? ના. શુભ અશુભ પરિણામો બન્ને દુઃખદાયક છે.

લોકો ધન્ય કહે તેમાં કંઈ માલ નથી પણ આત્મા રાગરહિત શુદ્ધ છે એવું ભાન કરે તે ધન્ય છે, તે સુખી છે.

ધર્મી જીવ આ વિચારણા કરે છે. આ ધર્માનુપ્રેક્ષા છે. આમ વિચારણા કરતાં પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ભાન થવું તે ધર્મ છે. તેવા જીવો ધન્ય છે.

આ પ્રકારે ધર્માનુપ્રેક્ષા પૂરી થઈ.

## પ્રસાદ નં. – ૧૨

### વી. નિ સં. ૨૪૭૯, કારતક સુદ ૧૨, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું, સોનગઢ, તા. ૩૦-૧૦-૫૨, ગુરુવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૫
### (કારતક સુદ ૩, મંગળવાર, ૨૧-૧૦-૫૨ બપોર)

આ સંવરનો અધિકાર છે. આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે તેની અરુચિ તે આસ્રવ છે. તે મલિન પરિણામ વિનાનું આત્મસ્વરૂપ છે તેની શ્રદ્ધાથી વીતરાગતાનો અંશ પ્રગટે તે સંવર છે. તેના ભેદની વાત ચાલે છે. અંતર્મુખ દૃષ્ટિ કરીને જ્ઞાન દીર્ઘપણે લંબાય ને રાગની ઉત્પત્તિ ન થાય પણ સ્વભાવની ઉત્પત્તિ થાય તેને સંવર કહે છે ને તે ધર્મ છે. વ્રત, સમિતિના ભેદો થઈ ગયા. હવે અનુપ્રેક્ષાની વાત ચાલે છે.

આત્મા ચિદાનંદ ધ્રુવ છે તેવી દૃષ્ટિમાં રાગ અનિત્ય છે – એમ વિચારણા કરવી તે અધ્રુવ ભાવના છે. બીજી અશરણભાવના – જ્ઞાન ને આનંદ શરણભૂત છે. પુણ્ય-પાપ શરણ નથી. એવી વિચારશ્રેણી લંબાવવી તે અશરણ ભાવના છે. રખડવાની દશા પર્યાયમાં થાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવરૂપ સંસારમાં જીવ રખડે છે તે સંબંધનો વિચાર કરતાં રાગ તૂટે તે સંસારભાવના છે, હું એકલો છું, વિકારને અને મારે સંબંધ નથી એવી દૃષ્ટિ કરી અંતરમાં ઠરવું તે એકત્વભાવના છે. મારાથી શરીર, કર્મ વગેરે અનેરાં છે, રાગ, પુણ્ય વગેરે પણ અનેરાં છે, તે મારી ચીજ નથી. હું શુચિ છું ને પુણ્ય, પાપ, શરીર અપવિત્ર છે – એમ સ્વભાવ સન્મુખ ભાવના કરવી તે અશુચિ ભાવના છે.

પુણ્ય-પાપ આસ્રવ છે ને આત્મા આસ્રવ રહિત છે એમ વિચાર કરતાં નિર્મળતા થાય તે આસ્રવભાવના છે. શુભાશુભભાવો બન્ને હિંસા છે, હું જ્ઞાનાનંદ છું એવા ભાનમાં રાગની ઉત્પત્તિ ન થવી તે સંવર ભાવના છે. આત્માના આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ થાય છે તે નિર્જરા છે એમ વિચારવું તે નિર્જરાભાવના છે. સ્વભાવ સન્મુખ રહીને લોકના સ્વરૂપની વિચારણા કરવી તે લોકભાવના છે.

આત્માનું સમ્યગ્જ્ઞાન દુર્લભ છે, બાકી બધું સુલભ છે. એકેન્દ્રિયથી માંડીને ત્રસપણું વગેરે

ઉત્તરોત્તર દુર્લભ બતાવ્યા છે, ને પછી આત્માનો સ્વભાવ સમજવામાં નિમિત્ત છે તેને દુર્લભ ગણેલ છે, તે પછી રાગ રહિત આત્માની સમજણ કરવી, સમ્યક્ બોધિની પ્રાપ્તિ થવી દુર્લભ છે તે બોધિદુર્લભ ભાવના છે. પોતાનું સ્વરૂપ સમજ્યા વિના અધર્મથી રખડ્યો, ધર્મનો વિચાર કરવો તે ધર્મભાવના છે.

રાગાદિની વૃત્તિ ઉપર જોર નહીં કરતાં રાગરહિત આત્મામાં એકાગ્રતા થાય તે સંવર છે. આમાં સામાયિક વગેરે આવી જાય છે. અશુદ્ધતાનું અટકવું ને અંતર અવલંબને શુદ્ધતા થવી તે સંવર છે. તેના કારણરૂપ બાર ભાવના છે. આ પ્રમાણે બારભાવના પૂરી થઈ.

**(૬) હવે સંવરનો છઠ્ઠો ભેદ પરીષહજય કહે છે.**

**(૧) ક્ષુધાપરીષહજય :–** શરીર જડ છે, ક્ષુધા તે જડની પર્યાય છે, તેનો હું જાણનાર છું, ક્ષુધા જડને હોય છે, જીવને હોતી નથી. ક્ષુધા લાગે તેમાં દ્વેષ થાય તે પાપ છે. શુદ્ધ ચિદાનંદના અવલંબને ક્ષુધામાં દ્વેષભાવ થવા ન દેવો ને સ્વભાવની એકાગ્રતા કરવી તે ક્ષુધા પરીષહજય છે.

**(૨) તૃષાપરીષહજય :–** તૃષા જડની પર્યાય છે, મારી નથી. હું આત્મા જ્ઞાનાનંદ છું એવા ભાનપૂર્વક તૃષાના કાળે દ્વેષની ઉત્પત્તિ થવા ન દેવી તે તૃષાપરીષહજય છે.

પ્રશ્ન :– થાંભલાને કોઈ દિવસ તૃષા લાગતી નથી, આત્માને તૃષા લાગતી દેખાય છે ને ?

ઉત્તર :– આત્માને તૃષા લાગતી નથી, શરીરમાં તૃષા લાગે છે તેને આત્મા જાણે છે. તૃષા વખતે તૃષાનું દુઃખ લાગે તે તો પાપ છે ને શુભરાગ વડે સમાધાન કરે તે પુણ્ય છે. સ્વભાવના અવલંબને તૃષા તરફનો વિકલ્પ થવા ન દે તે તૃષાપરીષહજય છે.

**(૩) શીતપરીષહજય :–** શીત જડની અવસ્થા છે, તે આત્માને લાગતી નથી. એક પંડિત કહેતા હતા કે પ્રતિકૂળતા આવે તે પરીષહ છે ને પછી તે પરીષહને ટાળવો તે પરીષહજય છે પણ તે વાત ખોટી છે. સ્વભાવના અવલંબને પ્રતિકૂળતાના નિમિત્ત તરફ ઝુકાવ ન થવા દેવો ને શુદ્ધતા પ્રગટવી તે પરીષહજય છે. જે વિકલ્પ થયો તે કેવી રીતે ટાળે ? આત્મભાન થયા ઉપરાંત સ્વભાવ સન્મુખવૃત્તિ અંતર સ્થિર થાય ને વિકલ્પ થવા ન દે તે પરીષહજય છે. પ્રતિકૂળતાનાં નિમિત્તો દુઃખ ઊપજાવતાં નથી, પોતાના કારણે થતું દુઃખ તે અધર્મ છે. માટે શાંતિ કોણ રાખી શકે ? શાંતિ મારું સ્વરૂપ છે એવું ભાન થયું હોય ને સિદ્ધની જાત તે મારી જાત છે એવી અંતર્મુખ દૃષ્ટિ કરી સ્થિરતા કરે તે પરીષહજય કરી શકે છે ને તેને શાંતિ મળે છે.

**(૪) ગરમી પરીષહજય :–** અનુકૂળતાના રાગવાળાને તડકા બહુ લાગે છે એમ તે માને છે. દરેક જીવે નરકની અસહ્ય ગરમીની વેદના સહન કરી છે. જો થોડી પ્રતિકૂળતા પણ સહન

થતી નથી તો પછી ઘણી પ્રતિકૂળતા આવશે તો શું કરીશ ? મુનિઓ ગરમીના પ્રસંગે આત્માના ભાનપૂર્વક ગરમી પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થવા ન દે ને અંતર સ્થિરતા કરે તે ગરમી પરિષહજય છે.

(૫) **દંશમશકપરીષહજય :–** સર્પ, માંકડ, મચ્છર વગેરે કરડે છે તે આત્માને તો કરડતા નથી પરંતુ શરીરને પણ અડતા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. મચ્છર શરીરને કરડે છે એમ કહેવું તે નિમિત્તનું કથન છે. ડાંસના નિમિત્ત વખતે ચૈતન્ય સ્વભાવનું વલણ કરવું તે દંશમશકપરીષહજય છે. આત્માનો નિર્ણય તો કર્યો છે ઉપરાંત તેવે વખતે શાંતિ રાખે ને સ્વભાવમાં સ્થિરતા કરે તે પરીષહજય છે.

(૬) **નગ્નતાપરીષહજય :–** મુનિ નગ્ન હોય છે. આત્માના ભાનપૂર્વક વીતરાગદશા થતાં શરીરની નગ્નદશા થઈ જાય છે. ૨૮ મૂળગુણમાં નગ્નતાને મૂળગુણ ગણ્યો છે, તેની વાત અહીં નથી. અહીં તો પરીષહજયની વાત છે. જ્ઞાનાનંદના ભાનવાળા મુનિને છઠ્ઠા ગુણસ્થાનથી નગ્નદશા હોય છે. નગ્ન થાઉં એવો વિકલ્પ ઊઠે તે પુણ્ય છે. તે નગ્નદશા વખતે ખેદ ન થવા દેવો, સ્વભાવની એકગ્રતા કરી નગ્નદશા સંબંધી વિકલ્પ થવા ન દેવો તે નગ્નતા પરીષહજ્ય છે.

લોકો નવકારવાળી ફેરવવામાં ધર્મ માને છે. પક્ષઘાત થાય ને આંગળી ન ચાલી શકે તો કેવી રીતે ચલાવશે ? આત્મા તો છે છતાં કેમ આંગળી ચાલતી નથી ? આત્મા તેને ફેરવી શકે નહિ. માટે જડ ને પરની રુચિ છોડી, પુણ્ય-પાપની પણ રુચિ છોડી સ્વભાવની રુચિ કરવી તે ધર્મ છે.

એ ઉપરાંત મુનિધર્મની વાત કરે છે. સર્વજ્ઞે કહેલા મુનિઓને માત્ર કમંડળ ને મોરપીંછ હોય છે, શરીર નગ્ન હોય છે. આત્માના ભાનપૂર્વક નગ્ન શરીરનો પણ વિકલ્પ ન થાય પણ અંતર સ્થિરતા વધે તે પરીષહજય છે.

(૭) **અરતિપરીષહજય :–** અરતિ એટલે કે દિલગીરી થવા ન દેવી. પ્રતિકૂળ સંયોગ વખતે અથવા એકલો હોય ત્યારે આત્માના ભાનપૂર્વક ખેદ થવા ન દેવો તે પરીષહજય છે. આત્મા અનાદિથી એકલો જ છે, શરીરાદિ પર છે, રાગ પણ એક જાતનો રહેતો નથી, એક સમયે રાગ એક પ્રકારનો આવે છે, બીજે બીજો ને ત્રીજે ત્રીજા પ્રકારનો હોય છે તો પછી પરપદાર્થની શું વાત કરવી ? એમ સ્વભાવનું ભાન કરી દિલગીરી કરતો નથી તે અરતિપરીષહજય છે.

(૮) **સ્ત્રીપરીષહજય :–** મુનિ પુરુષ જ હોય છે, માટે પરીષહમાં સ્ત્રીનું નામ લખ્યું છે. સ્ત્રીને મુનિપણું ન હોય. મુનિદશામાં કોઈ અપ્સરા કે અન્ય સ્ત્રી અનુકૂળતા બતાવે તે વખતે પણ આત્માના આનંદમાં રહેતાં સ્ત્રી તરફના રાગને થવા ન દેવો તે સ્ત્રીપરીષહજય છે.

(૯) **ચર્યા–ગમનપરીષહજય :–** મુનિને વિહારમાં થાક લાગે તો પણ તે તરફ લક્ષ ન

રાખે કારણ કે તે જાણે છે કે થાક શરીરને લાગે છે, મને થાક લાગતો નથી. એવા ભાનવાળાને થાકનું દુઃખ લાગતું નથી, શાંતિ રાખે તે ચર્યાપરીષહજય છે.

(૧૦) **નિષદ્યાપરીષહજય :–** મુનિ એક આસને બેસી રહે છે. આહાર લેવા જાય ત્યારે પાત્ર હોતાં નથી પણ ઊભા ઊભા હાથમાં લ્યે છે. કોઈ એક આસને બેસે તો દુઃખ થવા દેતા નથી કારણ કે અંતરમાં આત્માને સ્થિર કરે છે. અમુક આસને બેસવા છતાં ખેદ થવા ન દેતાં પોતાનામાં સ્વભાવની શુદ્ધતા વધારે તે નિષદ્યાપરીષહજય છે.

(૧૧) **શય્યાપરીષહજય :–** કાંકરીવાળાં સ્થાનોમાં એક પડખે નિદ્રા લેવી અને અનેક ઉપસર્ગ આવવા છતાં શરીરને ચલાયમાન ન કરવું ને અંતર સ્થિરતા વધારવી તે શય્યાપરીષહજય છે.

(૧૨) **આક્રોશપરીષહજય :–** મુનિનો કોઈ અનાદર કરે તોપણ તે સમજે છે કે કડવા વચન મને ચોંટતાં નથી, હું જ્ઞાનાનંદ આત્મા છું. અરૂપી આત્માને ગાળ અડતી નથી. કાંટા જેવાં આકરાં વચન કહે તોપણ વિચારે કે અમે જાણનાર છીએ ને અમને કોઈ ગાળ દેતું નથી. કોઈ ગાણાં ગાય કે નિંદા કરે તો તે તેના ભાવે કરે છે. આત્માના ભાનપૂર્વક નિંદાનાં વચનો પ્રત્યે દ્વેષ થવા દેતા નથી તે આક્રોશ પરીષહજય છે.

(૧૩) **વધપરીષહજય :–** મુનિઓનાં શરીર બળવા વખતે બળે કે કપાવા વખતે કપાય તોપણ શરીરથી આત્માને જુદો જાણે છે. ગજસુકુમારને માથે અગ્નિ મૂકે છે તોપણ આત્માના ભાન ઉપરાંત વીતરાગતા વર્તે છે. કોઈ વધ કરે તોપણ દ્વેષ થતો નથી ને શુદ્ધિની વૃદ્ધિ થાય છે તે વધપરીષહજય છે.

(૧૪) **યાચનાપરીષહજય :–** મુનિ આહારની યાચના કરે નહિ, મૌનપણે ભિક્ષા લેવા જાય છે. તેને રોમેરોમમાં વૈરાગ્ય હોય છે. નિર્દોષ આહાર સહેજે મળે તો લ્યે છે. સામેથી યાચના કરે નહિ. ક્ષુધા લાગતાં જંગલમાંથી બાર વાગે ગામમાં આવી ચડે ને જે મળે તે નિર્દોષ આહાર લઈ ચાલ્યા જાય છે. યાચના ન કરવી તે પરીષહજય છે. બાર માસના ઉપવાસ હોય છતાં નિર્દોષ આહાર મળે તો લ્યે પણ યાચના ન કરે.

(૧૫) **અલાભપરીષહજય :–** મુનિને આહારપાણીનો લાભ ન મળે, શિષ્યાદિનો લાભ પણ ન મળે તોપણ તેનો ખેદ નથી. અંતરમાં વીતરાગતા વધારે તે અલાભપરીષહજય છે.

(૧૬) **રોગપરીષહજય :–** મુનિ રોગના પરીષહને જીતે છે. તેમને શરીરના રોગનો ખેદ નથી, તે રોગ તો શરીરની પર્યાય છે. આત્માને રોગ હોતો નથી. શરીરમાં ઝાડા થાય, ઊલટી થાય તે દેહની સ્થિતિ છે. મુનિએ આત્મભ્રાંતિનો રોગ ટાળ્યો છે, આત્માના ભાન ઉપરાંત વીતરાગતા વર્તે છે. રોગ તરફ દ્વેષ થવા ન દેવો ને સ્વભાવમાં શુદ્ધિની વૃદ્ધિ કરે તે રોગ પરીષહજય છે.

(૧૭) **તૃષસ્પર્શપરીષહજય :–** મુનિઓને જંગલમાં – વિહારમાં લાકડાં અડે, તણખલાં

અડે તોપણ તેને દુઃખ ન સમજે. અજ્ઞાની જીવને ઓછાડમાં જરા ડાભોળિયું અડતાં તે ગુસ્સે થઈ જાય છે. મુનિઓ ઉઘાડે પગે જંગલમાં જાય છે. નીચે ગોખરૂ કે કાંકરા હોય, છતાં સહન કરે છે. તેના નિમિત્તે દ્વેષ થવા દેતા નથી ને વીતરાગતા વધારે છે તે તૃણસ્પર્શપરીષહજય છે.

(૧૮) **મળપરીષહજય :–** દીક્ષા લીધા પછી મુનિઓને સ્નાન હોતું નથી. જેઠ માસમાં તડકા પડતા હોય ને શરીરે મેલ હોય છતાં મુનિઓ આનંદમાં મસ્ત હોય છે. તેઓ સમજે છે કે અમે આત્મા છીએ, શરીર મળથી ભરેલું છે, શરીરના મેલનું દુઃખ મુનિને લાગતું નથી. પૂર્વે રાજકુમાર હોય, ત્રણ વખત સ્નાન કરતા હોય, પણ મુનિ થયા પછી સ્નાન હોતું નથી. આનંદકંદમાં ઝૂલતાં નિર્મળ સ્વભાવ તરફ પ્રેમ થતાં મળ પ્રત્યે દ્વેષ થતો નથી તે મળ પરીષહજય છે.

(૧૯) **સત્કારપુરસ્કારપરીષહજય :–** કોઈ જીવ મુનિઓને આગળ બેસવાનું કહે નહિ ને આદર કરે નહિ તોપણ મુનિ ખેદ ન કરે. તેઓ આત્માના જ્ઞાનાનંદસ્વરૂપમાં રમતા હોય છે. કોઈ મોટા ધ્યાની હોય, બાર અંગના જ્ઞાની હોય, છતાં તેને અગ્રેસર ન કરે તોપણ દુઃખ થવા દેતા નથી ને સમજે છે કે ચિદાનંદ આત્મામાં અમે અગ્રેસર છીએ, કોઈ સત્કાર ન કરે ને મોઢા આગળ બેસવા ન દે તોપણ મુનિને દુઃખ થતું નથી. હું અગ્રેસરપણે મોક્ષ તરફ જઈ રહ્યો છું એવા ભાન ઉપરાંત સ્થિરતા હોવાથી તેમને ખેદ થતો નથી, તે સત્કારપુરસ્કારપરીષહજય છે.

(૨૦) **પ્રજ્ઞાપરીષહજય :–** મુનિને ઘણું જ્ઞાન હોય તોપણ ગર્વ કરે નહિ. ધર્મવજીર ચાર જ્ઞાનધારી ગણધર ક્યાં ને હું ક્યાં ? પોતાનો ઉઘાડ ઘણો હોય છતાં કેવળજ્ઞાન પાસે મારું જ્ઞાન શું હિસાબમાં છે – એમ સમજી ગર્વ કરતા નથી ને શાંતિ રાખે છે તે પ્રજ્ઞાપરીષહજય છે.

(૨૧) **અજ્ઞાનપરીષહજય :–** અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન નહિ પણ ઓછું જ્ઞાન એવો અર્થ અહીં સમજવો. કોઈ મુનિને વિશેષ ઉઘાડ ન હોય તો શાંતિ રાખે. આટલું ચારિત્ર પાળવા છતાં જ્ઞાન કેમ વધારે ઊઘડતું નથી એવું મુનિને થતું નથી. પ્રયોજનભૂત જ્ઞાન હોય છે. શિવભૂતિ મુનિને 'માષતુષ' શબ્દો યાદ ન રહ્યા પણ ચિદાનંદ આત્મા વિકારરૂપી ફોતરાથી જુદો છે એવું ભાન હતું તે સ્થિરતા કરી કેવળ પામ્યા. આમ જ્ઞાનની હીનતાનો ખેદ થવા ન દેવો ને વીતરાગતા વધારવી તે અજ્ઞાનપરીષહજય છે.

(૨૨) **અદર્શનપરીષહજય :–** બીજા ભવોથી કંઈ કોઈના કાગળ આવ્યા નહિ – સંદેશા આવ્યા નહિ એવી પરભવની શંકા મુનિ લાવે નહિ. પ્રતિકૂળતાના સંયોગોમાં શ્રદ્ધામાં ફેર ન થવા દે. બધી વસ્તુ છે, આ લોક છે, પરલોક છે, જીવો છે વગેરે જેમ છે તેમ શ્રદ્ધે છે. અશ્રદ્ધાનો ભાવ થવા ન દે તથા અંતર વીતરાગતા વધારે તે અદર્શનપરીષહજય છે.

આ પ્રમાણે બાવીસ પ્રકારે પરીષહજયનું સ્વરૂપ જાણવું, તે સંવરના ભેદ છે.

## કારતક સુદ ૪, બુધવાર, ૨૨-૧૦-૫૨
## પરીષહજયનું સ્વરૂપ (ચાલુ)

આ સંવરનો ભેદ ચાલે છે. સંવર એ આત્માનો ધર્મ છે પરીષહજયમાં સમતા છે, પુણ્ય સારું ને પાપ ખરાબ એવી દૃષ્ટિ હોય ત્યાં સુધી ધર્મ થતો નથી શરીરની ક્રિયાથી ધર્મ માને, સારી ઇન્દ્રિયો હોય તો ધર્મ થાય એ માન્યતા વિષમ ભાવ છે ત્યાં સમાયિક, પ્રતિક્રમણ, સંવર કે સાચી તપશ્ચર્યા હોય નહિ. શરીર અનુકૂળ હોય તો ધર્મ થાય એમ માનનારને પુણ્યની રુચિ છે. તે મિથ્યાત્વની ભાવના છે, તેને શુદ્ધ ભાવની ખબર નથી, અનુકૂળતા પ્રતિકૂળતામાં ઈષ્ટ-અનિષ્ટપણું ન માનવું તથા શુભાશુભ બન્ને વિકાર છે, આત્મા તેનો જાણનાર છે એમ જાણવું તે સામાયિક છે, અનુકૂળતા હોય તો જેને રાગ નથી ને પ્રતિકૂળતા હોય તો દ્વેષ નથી પણ જે સમતા રાખે તેને સામાયિક હોય છે.

દેહનું જીવન પચાસ કે સો વર્ષનું હોય તો હરખ નથી ને મૃત્યુના ભણકાર વાગે તો દ્વેષ નથી. દેહ છે તે સંયોગી ચીજ છે તે મારું સ્વરૂપ નથી. મારું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવા ભાનપૂર્વક સમતા રાખવી તે સામાયિક છે.

દુનિયામાં આબરૂ થાય કે અણઆબરૂ થાય, તે મારી ચીજ નથી તે તો જડની દશા છે, હું જાણનાર છું એમ સમજી અંતરમાં એકાગ્ર થવું તેને સામાયિક કહે છે. હજી જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર નથી તેને સામાયિક હોતી નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું ભાન થયા પછી પુણ્ય-પાપ ભાવ થાય તેમાં સમાન બુદ્ધિ રાખી જ્ઞાનમાં એકાગ્ર થાય તેને સામાયિક કહે છે.

શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થવું તે લાભ છે ને શુભાશુભનું ધ્યાન કરવું તે અલાભ છે. આવું માન્યા વિના અંતરમાં વળી શકે નહિ, આત્મા જ્ઞાનાનંદ છે એવી દૃષ્ટિ થયા પછી સમતાભાવ આવે છે. જે શુભ અશુભને કર્મોને રોકે છે તથા જૂનાં કર્મોની નિર્જરા કરે છે, પર પદાર્થોનો જ્ઞાતા છું ને તે બધાં જ્ઞેયો છે, કોઈ હિતકર કે અહિતકર નથી, સર્પ કરડે તો અનિષ્ટ નથી, કોઈ ચંદન ચોપડે તો ઇષ્ટ નથી એમ સમતાભાવ રાખવો તે સામાયિક છે.

નિજ પરમાત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતાથી ઉત્પન્ન વિકાર રહિત નિત્યાનંદ રૂપ લક્ષણનું ધારક જે સુખામૃત છે તેના જ્ઞાનથી જે ચલાયમાન થતો નથી તે પરીષહજય છે.

ક્ષુધા લાગવા છતાં ખોરાક ખાય નહિ તે પરીષહજય નથી, નિત્યાનંદ સ્વરૂપભાવમાં સ્થિર રહેતાં અનાકુળ આનંદમાંથી ખસે નહિ ને વીતરાગ દશા થવી તેને પરીષહજય કહે છે, ક્ષુધા વગેરે જડની અવસ્થા છે ને દ્વેષ થાય તે તો પાપભાવ છે. પાપને પુણ્ય રહિત આત્મામાં લીનતા કરીને ચળવું નહિ તે પરીષહજય છે. મુખ્યપણે મુનિની વાત છે પેટામાં અંશે ચોથા-પાંચમા વાળા આવી જાય છે.

## (૭) ચારિત્ર

સંવરના ભેદો, વ્રત, સમિતિ, ગુપ્તિ વગેરે આવી ગયા હવે ચારિત્રનું વર્ણન કરે છે. મૌન રહે અથવા સાદાં લૂગડાં પહેરે, થોડું ખાય તેને લોકો ચારિત્ર કહે છે પણ તે ચારિત્ર નથી.

આ સામાયિક ચારિત્રની વાત કરે છે. આત્મા વસ્તુ સ્વભાવે પરમાનંદમય છે. તેના શ્રદ્ધા, જ્ઞાન, રમણતા તે શુદ્ધ ઉપયોગ સ્વરૂપ નિશ્ચયરત્નત્રય છે, તેમાં પરિણમેલો નિજ શુદ્ધ આત્મા તેમાં ચરણ તેને ચારિત્ર કહે છે. બૈરાં-છોકરાં છોડવાં તે ચારિત્ર નથી. ચારિત્ર સંવર છે, સંવર ધર્મ છે, ધર્મ મુક્તિનું કારણ છે.

ચારિત્રની સામાન્ય વ્યાખ્યા કરી. હવે ચારિત્રની તારતમ્યતાના પ્રકાર બતાવે છે. ચારિત્રના પાંચ ભેદમાં સામાયિક ચારિત્રની વાત કરે છે. તેમાં સામાયિક સ્વરૂપની પાંચ ભેદે વાત કરે છે.

(૧) સામાયિક ચારિત્ર (a) બધા આત્મા કેવળજ્ઞાનનાકંદ છે. સંસારી, સિદ્ધ, નિગોદ, એકેન્દ્રિય બધા જ્ઞાનમય છે. સંસારીની વર્તમાન પર્યાયમાં વિકાર છે પણ ધર્મીએ પોતાના વિકારને ગૌણ કરી પોતાની ત્રિકાળી શક્તિને મુખ્ય લીધી તે દૃષ્ટિ એ તે બધાને જુએ છે. દુશ્મન આવે તો પણ તેને કેવળજ્ઞાનનો કંદ જુએ છે. જીવ પોતાની વર્તમાન દશામાં ભૂલ્યો તે વાત જોવાની નથી. આ સમતા બતાવે છે. ધર્મી જીવ એક સમયના વિકાર વિનાના ત્રિકાળી સ્વભાવને જુએ છે. તેથી તે પરમાં ઠીક-અઠીકપણું માનતો નથી, આ જીવ મને મારે છે માટે અઠીક ને આ મારા ઉપર રાગ કરે છે માટે ઠીક એવું હોતું નથી. બધા આત્મા જ્ઞાનમય છે, પોતે પણ જ્ઞાનમય છે. સામાયિક કર્યા પહેલાં આવો નિર્ણય હોવો જોઈએ.

કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રના રાગથી ને નોકારવાળી ફેરવવાથી ધર્મ મનાવે પુણ્યથી લાભ મનાવે તે સાચા નથી. જે શાસ્ત્ર એમ કહે તે શાસ્ત્ર નથી ને જે ગુરુ વિકલ્પથી લાભ મનાવે તે ગુરુ મિથ્યાદૃષ્ટિ છે.

કેવળીએ ઉપદેશમાં કહ્યું કે તમો જ્ઞાનમય છો. ગુરુના ઉપદેશમાં પણ એમ જ આવ્યું, રાગથી લાભ થાય એમ જ્ઞાનમય ગુરુ કહે નહિ, કોઈ એમ કહે કે તમો પરની દયા પાળી શકો ને શરીરની અવસ્થા કરી શકો તો તેણે આત્માને જ્ઞાનમય જાણ્યો નથી. જગતના પદાર્થો દૃશ્ય છે ને આત્મા દૃષ્ટા છે તેનાથી વિપરીત મનાવે તે ગુરુ નથી, જે શાસ્ત્ર એમ કહે કે બીજાની કૃપાથી તારું કલ્યાણ થશે તો તે શાસ્ત્ર નથી, બધા આત્મા એકલા જ્ઞાનમય છે એમ કહીને તેનો સ્વભાવ બતાવ્યો એટલે કે વિકારમય નથી એક સમયનો સંસાર ત્રિકાળમાં નથી એકલો જ્ઞાનમય ચિદાનંદ પ્રજ્ઞાસ્વરૂપ છે, એવી સમતા જેને આવે તેને નિરંતર સામાયિક હોય છે.

પ્રશ્ન :– તો પછી સામાયિકની મુદ્દત કેમ બાંધી છે ?

સમાધાન :– પ્રતીતિ થઈ તેને મુદ્દત નથી, તે સાદિ અનંતકાળની છે, સ્થિરતા કરવામાં મુદ્દત બાંધે છે. આ હાથની ક્રિયા મારાથી થતી નથી કેમકે હું તો જ્ઞાનમય છું, પરની ક્રિયા આમ કરો એમ કહેનારને જ્ઞાનમય આત્માની ખબર નથી.

પ્રશ્ન :– આમાં ઉપકરણ શું આવ્યું ?

સમાધાન :– આત્માની પર્યાય પ્રગટ થઈ તે ઉપકરણ છે. સામાયિક ચારિત્રની વાત ચાલે છે. આત્મા જ્ઞાનમય છે એવી ભાવના કરનાર કેવળજ્ઞાની નથી તે રાગ બિલકુલ ન હોય તો ભાવના ન હોય માટે પર્યાયમાં રાગ દ્વેષ છે. 'સર્વ જીવો' એમ કહ્યું છે માટે બધા થઈને એક જીવ નથી પણ અનંતા જીવો છે. હવે તે દરેકનો સ્વભાવ જ્ઞાનમય છે. બધા જીવો કેવળજ્ઞાનમય છે. આ સામાયિકની ક્રિયાની વાત ચાલે છે. હું જ્ઞાનમય છું, વિકાર ક્ષણિક છે તે મારામાં નથી. પુણ્ય થયું તો ઠીક પાપ થયું તો અઠીક, મદદ કરી તો ઠીક એવી બુદ્ધિમાં સમતા રહેતી નથી, પોતામાં સમતા ભાવ પ્રગટ થયો તે બધાને જ્ઞાનમય જાણે છે – આમ જેણે પોતાનો સ્વભાવ જાણ્યો તેને સમતા પ્રગટ થાય છે ને ક્રમે ક્રમે કેવળજ્ઞાન પ્રગટે છે.

'જ્ઞાનમય' કહેતાં ગુણ ગુણી એક છે પણ વિકાર ને આત્મા એક નથી, જાણવાનો ગુણ ને દ્રવ્ય એક છે એવા જ્ઞાનથી ભરપૂર પોતે છે એમ નક્કી કરનાર બધા આત્મા જ્ઞાનમય છે એમ જાણે છે. કોઈ ભૂંડું કરવાની તાકાત ધરાવતા નથી. બધા ભગવાન આત્મા છે આવો નિર્ણય કરીને ભાવના કરે છે.

'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો' – રાગની વૃત્તિ થાય પણ તે મય હું નથી. બીજા જીવોને રાગાદિ થાય પણ તેઓ તે મય થતા નથી તેઓ પણ જ્ઞાનમય છે, આવો નિર્ણય થાય તેને સામાયિક થાય છે. ગુણની પર્યાય જે રાગમાં ને પરમાં અટકતી તે હવે સ્વભાવ તરફ વળતાં ગુણગુણીની એકતા થઈ તે સામાયિક છે. એક સમયનો વિકાર હોવા છતાં, હું આત્મા જ્ઞાનસ્વરૂપ છું એવી પ્રતીતિ તે સમતાભાવ છે. અભવી પણ દ્રવ્યદૃષ્ટિએ કેવળજ્ઞાનનો કંદ છે, તેના સ્વભાવમાં વિકાર નથી. આત્મા જ્ઞાનમય છે એમ શાસ્ત્ર કહે છે, ગુરુ એમ કહે છે, કેવળી પણ એમ કહે છે.

આમ સમજણ કરનારને વેપાર કરવાની ક્રિયા ઉપર રુચિ રહે નહિ, વેપારની ક્રિયા જડ છે તે વખતે જીવ જ્ઞાન કરી શકે છે, જેને જેની મીઠાશ હોય તે તેની ભાવના કરે, ૬૦ વર્ષે દીકરો જન્મે તો હરખ આવે ને નાની ઉંમરમાં રાજ્ય ચાલ્યું જાય તો દુઃખી થાય, તે રાગ ને દ્વેષ ચિદાનંદ સ્વભાવમાં પેસતા નથી આવા ભાવ વિના સમતા થાય નહિ, ધર્મી જીવ પુણ્ય-પાપને તથા તેના ફળને પોતાની ચીજ માનતા નથી, હું તો જ્ઞાનમય આત્મા છું બધા આત્મા એવા છે ત્રિલોકનાથની વાણીમાં એમ જ આવ્યું.

જે જીવો પરજીવની દયાથી ધર્મ મનાવે તે મૂઢ છે, દયા રાગ છે, રાગથી ધર્મ માનવો મિથ્યા છે, વ્યવહાર રત્નત્રયથી ધર્મ મનાવે તે સાચા નથી. પૂર્ણ ન હોય ત્યાં સુધી રાગાદિ

થાય પણ આત્મા તે મય થયો નથી. આત્માને જ્ઞાનસ્વભાવ સાથે એકતા છે પણ રાગ સાથે એકતા નથી આ સામાયિકની વાત ચાલે છે. લોકો પાઠ બોલવામાં સામાયિક માને છે ને બે ઘડી થઈ ત્યાં સામાયિક પારવાનું કહે, પણ તે સાચી સામાયિક નથી. જ્ઞાનમય આત્માને સ્વીકાર્યો તે જડની ક્રિયાને સ્વીકારે નહિ.

પ્રથમ સર્વજ્ઞ કેવા હોય તે પરખો, સર્વજ્ઞ તો એકલા જ્ઞાનની પર્યાયરૂપ થઈ ગયા. આત્મા રાગમય છે એમ સર્વજ્ઞ કહે નહિ.

જીવ અનંત છે, વળી તે રાગમય નથી, એક સમય પૂરતો સંસાર છે. પણ સ્વભાવમાં સંસાર નથી એમ દ્રવ્યનું અને પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે. આમ સાચું જ્ઞાન કરી સમતા રહે તે સંવર છે.

પ્રશ્ન :– આ સામાયિક નજરે દેખાતી નથી ને ?

સમાધાન :– નજર કોની ? આંખની કે આત્માની ? કોના અસ્તિત્વમાં ભાન થાય છે ? જ્ઞાનના અસ્તિત્વમાં ભાન થાય છે, તે જ્ઞાન આત્માથી ભિન્ન હોય તો આત્મા જડ થઈ જાય. ગુણ ગુણી સર્વથા ભિન્ન નથી. જીવ અને જ્ઞાનગુણ નામ આદિ લક્ષણથી જુદાં હોવા છતાં પ્રદેશે અભેદ છે. જ્ઞાનગુણની પર્યાય પરમાં ને રાગમાં નહિ અટકતાં સ્વભાવ તરફ વળી એટલે કે ગુણ ગુણીની એકતા થઈ તે સામાયિક છે.

કોઈ જમૈયાથી મારવા આવે તો જમૈયો આત્માને અડતો નથી. તેમ જ દ્વેષ થાય તોપણ આત્મા દ્વેષમય થતો નથી. આત્મા તો માત્ર જાણનાર છે. આત્મા જડનો જાણનાર છે. દયા દાનાદિનો જાણનાર છે. એવા ભાનવાળાને પર્યાયની રુચિ છૂટી જાય છે ને સ્વભાવની રુચિ થતાં જે સમતા અંશ પ્રગટે તે સામાયિક છે.

(૨) મારું સ્વરૂપ પરમ સ્વાસ્થ્ય છે. પુણ્ય-પાપ તો રોગ છે, શરીરનો રોગ મારો નથી, કર્મનો રોગ નથી, પરંતુ વિકારનો રોગ પણ મારામાં નથી, હું તો પરમ સ્વાસ્થ્યવાળો છું, પરમ નીરોગ છું, આવા નીરોગી આત્માના બળથી સામાયિક થાય છે. તેના બળથી એક સમયમાં શુભાશુભની દૃષ્ટિ છોડી દઈ આત્મા તરફ સ્થિરતા તે ધ્યાન ને સામાયિક છે.

દેહની ક્રિયા થાય અથવા રાગ થાય તે સામાયિક નથી. જે ભાવે આહારક શરીર મળે, તીર્થંકર નામકર્મ બંધાય તે સામાયિક નથી. અજ્ઞાની ઊંધું સમજે તો તેના ભાવે છે. અહીં સંપૂર્ણ શબ્દ વાપર્યો છે. કોઈ પણ વિકલ્પ સામાયિક નથી. હું નિર્વિકલ્પ છું એવો રાગ પણ સામાયિક નથી. સંપૂર્ણ શુભઅશુભ વિકલ્પના ત્યાગરૂપ ધ્યાનને સામાયિક કહે છે.

**કેવળજ્ઞાન સ્વરૂપના ભણકાર વગાડનાર**
**શ્રી સદ્‌ગુરુદેવનો જય હો !**

## પ્રસાદ નં. – ૧૪

**વી. નિ સં. ૨૪૭૯, કારતક સુદ ૫, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું,**
**સોનગઢ, તા. ૧-૧૧-૫૨, શનિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૫**
**(કારતક સુદ ૭, શનિવાર, ૨૫-૧૦-૫૨ બપોર)**

આ સંવરની ગાથા ચાલે છે. તેમાં ચારિત્રના સ્વરૂપમાં સામાયિકની વાત ચાલે છે. બધા લોકો સામાયિક કરવાનું કહે છે પણ જેને કુદેવાદિની શ્રદ્ધાનો ત્યાગ નથી તેને સામાયિક નથી ને સાચા દેવાદિની શ્રદ્ધા થવા છતાં આત્માના ભાન વિના સામાયિક હોઈ શકે નહિ. હજી જેને ગૃહીત મિથ્યાત્વ છે તેને તપશ્ચર્યા - સામાયિક હોઈ શકે નહિ. આ સામાયિકના સ્વરૂપમાં બે બોલ આવી ગયા છે. હવે ત્રીજો બોલ કહે છે.

જે દેવ-ગુરુ-શાસ્ત્ર વ્યવહારથી ધર્મ મનાવતા ન હોય તેની પ્રતીતિ પ્રથમ હોવી જોઈએ, તે પછી સાચા દેવાદિ પ્રત્યેનો શુભરાગ પણ આસ્રવ છે એમ જાણી તેનાથી રહિત શુદ્ધ આત્મા - કારણપરમાત્માની અંતર પ્રતીતિ થવા ઉપરાંત આનંદસ્વભાવના બળ વડે વિકાર રહિત સ્થિરતા થાય તે સામાયિક છે. પરિપૂર્ણ દશાને પામેલા દેવ છે, પૂર્ણ દશાને સાધી રહ્યા તે ગુરુ છે – એવી પ્રતીતિ જ્ઞાનીને છે. તે પ્રત્યે રાગ ઊઠે તે વિકલ્પ છે. તેવા રાગનો નાશ આત્મા જ્ઞાનના બળ વડે કરે છે. જેટલો સ્વભાવ સન્મુખ થઈ એકાગ્ર થાય તેટલી રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી તેને સામાયિક કહે છે.

વ્યવહાર શાસ્ત્રમાં અનેક પ્રકારે લખાણ આવે, દયાનાં વખાણ આવે ત્યારે દયા કરવી એમ કહે. બ્રહ્મચર્યનાં વખાણ આવે ત્યારે બ્રહ્મચર્ય પાળવું એમ કહે, પરિગ્રહ ત્યાગનાં, દાનનાં વખાણ આવે, દેરાસર કરાવે તે ન્યાલ થઈ જાય, સત્ય જેવો બીજો કોઈ ધર્મ નથી – એવા અનેક પ્રકારે વખાણ આવે, મુનિએ જોઈને ચાલવું, મુનિએ નિર્દોષ આહાર-પાણી લેવાં ઇત્યાદિ ઘણી વાત આવે, ઉપવાસથી કર્મની નિર્જરા થાય, પ્રતિક્રમણ જેવો કોઈ ધર્મ નહિ – એમ દરેક વ્યવહારધર્મને મુખ્ય કરી તેનાં વખાણ શાસ્ત્રમાં આવે આ બધામાં શું કરવું એમ જીવોને ડામાડોળ

થયા કરે છે.

ભાઈ, આત્માના ભાન વિના તે બધા શુભભાવ વ્યર્થ છે. રાગરહિત આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાથી બધી વાતનો નિવેડો આવી જાય છે. પણ હજી જે ઉપદેશકને ખોટી શ્રદ્ધા છે તે આત્માની વાતો કરે તો તે બધી ખોટી છે.

સામાયિક ચારિત્ર કોને કહેવું ? શરીર, મન કે વાણી આત્માને લાભ કે નુકસાન કરે નહિ, વળી આત્માની વર્તમાન પર્યાયમાં સંસાર છે પણ સ્વભાવમાં નથી એમ જેણે કહ્યું તે સાચા દેવ છે, સ્વભાવમાં સંસાર નથી એમ જેણે કહ્યું છે તેણે તે શ્રદ્ધાપૂર્વક સંસારને પર્યાયમાંથી ટાળ્યો છે. ગુરુએ અને શાસ્ત્રે એમ જ કહ્યું છે. કુદેવાદિને માનનારાને આત્મતત્ત્વ પ્રાપ્ત થાય એમ બને નહિ. ઔદયિકભાવ - અસ્થિરભાવ ને અસિદ્ધભાવ વસ્તુસ્વભાવમાં નથી એવી પ્રતીતિ ઉપરાંત રાગદ્વેષનો નાશ થઈને વીતરાગતા થાય તે સામાયિક ચારિત્ર છે.

જે એમ માને કે રાગથી કલ્યાણ થાય, પરના આશ્રયે સ્વભાવ વ્યક્ત થાય તેને સામાયિક હોઈ શકે નહિ.

(૪) ભગવાનઆત્મા આનંદકંદ છે, વિકાર રહિત છે, ત્રીજા બોલમાં આત્મજ્ઞાનનું બળ લીધું હતું આત્મજ્ઞાનના બળ વિના અનુભવ થાય નહિ. સંકલ્પ-વિકલ્પ વગેરે ઉપાધિ છે, તે વિનાનો આત્મા છે, તેના અનુભવના બળથી શુકલધ્યાન થાય તેને સામાયિક કહે છે. તેમાં આર્ત ને રૌદ્રધ્યાનનો અભાવ થઈ જાય છે.

જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર કરતાં ડર લાગે તેને નિડર આત્માની શ્રદ્ધા થાય નહિ. જે મુનિ નામ ધરાવી વસ્ત્ર રાખે ને લક્ષ્મીનો ઉપયોગ કરે, કરાવે કે અનુમોદે તે નિગોદમાં જાય છે. માર્ગનું સ્વરૂપ યથાર્થ આમ જ છે. કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા મુનિના સ્વરૂપમાં ગોટો ચલાવે તે નિગોદમાં જાય છે. અહીં મુખ્યપણે મુનિપણાની વાત છે.

નિર્ગ્રંથ મુનિને વિકલ્પ આવે તો ૨૮ મૂળગુણનો આવે, બીજો વિકલ્પ આવે નહિ. તેમને રોમે રોમે વૈરાગ્ય પ્રગટેલો હોય છે.

મુનિને શુદ્ધ આત્માના બળ વડે સામાયિક પ્રગટે છે – એમ કહ્યું છે, શરીર, નિમિત્ત કે સંહનનના બળ વડે કે પૂર્વ પર્યાયના બળ વડે પ્રગટે છે એમ કહ્યું નથી. શુદ્ધ આત્માના અનુભવના બળ વડે આર્તધ્યાન ને રૌદ્રધ્યાનનો અભાવ થાય છે ને શુકલધ્યાનરૂપી સામાયિક પ્રગટે છે.

(૫) હવે પાંચમા બોલમાં કહે છે કે સમસ્ત સુખ ને દુઃખના સંયોગોમાં મધ્યસ્થ રહેવું તે સામાયિક છે. સંયોગો પ્રતિકૂળ હોય કે અનુકૂળ હોય તે બધા મારા જ્ઞાનના જ્ઞેય છે, મારા જ્ઞાનથી હું સમતાભાવ રાખી શકું છું એવા ભાનપૂર્વક આત્માના આનંદમાં લીન થતાં સુખદુઃખની કલ્પના થતી નથી ને સંયોગો ઉપર લક્ષ જતું નથી તે સામાયિક ચારિત્ર છે.

'શ્રી કુંદકુંદાચાર્ય' કહે છે કે શક્તિ હોય તો ચારિત્ર લેજે નહિતર આવા ચારિત્રની પ્રતીતિ

રાખજે. અહીં સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રની વાત છે. પાંચમે ગુણસ્થાને અંશે ચારિત્ર હોય છે ને છઠ્ઠે વિશેષ હોય છે. અહીં મુનિપણાની પ્રધાનતાથી સામાયિક ચારિત્રનું સ્વરૂપ કહ્યું છે.

### (૨) છેદોપસ્થાપના ચારિત્ર

આ ચારિત્રની બે પ્રકારે વાત કરે છે. મુનિ હજી અલ્પજ્ઞ છે. સંપૂર્ણ વિકલ્પના ત્યાગરૂપ પરમ સામાયિકમાં રહી ન શકે ત્યારે સમસ્ત હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય ને પરિષહના ત્યાગરૂપ પાંચ મહાવ્રતના પરિણામ હોય છે. પાપના પરિણામમાંથી છૂટવા માટે શુભભાવ આવ્યા વિના રહેતો નથી. છતાં શુભરાગ તે ચારિત્ર નથી. જે વિકલ્પ ઊઠ્યો તે તો છેદ છે પણ સ્વભાવના અવલંબને સ્થિરતા કરે તે છેદોપસ્થાપના ચારિત્ર છે.

હવે બીજી રીતે વ્યાખ્યા કરે છે. મુનિને ૨૮ મૂળગુણનું પાલન હોય છે. તેમાં દોષ લાગે તે છેદ છે. જે દોષ લાગે છે તે કાળક્રમે થાય છે, આડો અવળો થતો નથી, પણ તે દોષ મુનિની ભૂમિકાને યોગ્ય નથી. ૨૮ મૂળગુણમાં દોષ લાગે તેનો નિર્વિકાર આત્માના બળથી એટલે કે નિશ્ચય પ્રાયશ્ચિતથી નાશ કરે અથવા ગુરુ પાસે વ્યવહાર પ્રાયશ્ચિત લઈ આત્મામાં સ્થિતિ કરે તે છેદોપસ્થાપન ચારિત્ર છે. નિશ્ચય ને વ્યવહાર બન્નેની વાત સાથે સાથે કરી છે.

### (૩) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર

આવી પણ એક ચારિત્રની દશા થાય છે. જે જીવ જન્મથી ત્રીસ વર્ષ સુધી સુખી રહીને પછી શ્રી તીર્થંકર પાસે દીક્ષા ગ્રહણ કરે અને શ્રી તીર્થંકર ભગવાનના પાદમૂલમાં આઠ વર્ષ સુધી પ્રત્યાખ્યાન નામના પૂર્વનું અધ્યયન કરે તથા જે બે કોશ વિહાર કરતા હોય એવા મુનિને આ ચારિત્ર હોય છે.

રાગાદિ વિકલ્પમળનો ત્યાગ - વિશેષ ત્યાગ - પરિહાર વર્તતો હોય તેવા મુનિને આ પરિહારવિશુદ્ધિ ચારિત્ર હોય છે. સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે, નિત્યાનંદના અવલંબને બીજા મુનિ કરતાં વિશેષ શુદ્ધ દશા વર્તે છે તેને પરિહારવિશુદ્ધિ નામનું ચારિત્ર હોય છે.

આ મુનિ અગ્નિ, પાણી કે વનસ્પતિ ઉપર ચાલ્યા જાય છતાં તેમના નિમિત્તે બીજા જીવો હણાય નહિ, તેમના આત્માની નિર્મળતાના કારણે ને શરીરની યોગ્યતાના કારણે જીવો મરે નહિ તો પછી કેવળીના શરીરના નિમિત્તે જીવો મરે – એમ બન્ને નહિ. કેવળજ્ઞાન થયા પછી ભગવાન પાંચ હજાર ધનુષ્ય ઊંચે વિચારે છે, નીચે વિચરતા નથી. ભગવાન જક્ષના દેવળમાં ઊતરે તેમ બને નહિ. કેવળી નીચે વિહાર કરે છે તેમ માનનારને કેવળીના શરીરની પણ ખબર નથી. તો પછી તેમના આત્માની તો ખબર હોઈ શકે જ નહિ.

### (૪) સૂક્ષ્મસાંપરાય ચારિત્ર

કેવો છે આત્મા ? ઇન્દ્રિયો, શરીર, મન આદિ ધૂળ-જડ છે, તેનાથી આત્મા જણાય એવો નથી. તેમ જ ખંડખંડ ભાવ ઇન્દ્રિયથી પણ આત્મા જણાય એવો નથી. આત્મા અતીન્દ્રિયગમ્ય

છે. એવા પોતાના આત્માના બળથી ચારિત્ર પ્રગટે છે. પ્રથમ આવું જ્ઞાન તો હોવું જ જોઈએ. સૂક્ષ્મસાંપરાયનો અર્થ એ છે કે ત્યાં લોભ કષાય રહે છે. તે સિવાયના ઘણા કષાયનો ઉપશમ અથવા ક્ષય કર્યો છે. તે લોભનો અંતર્મુહૂર્ત પછી ઉપશમ અથવા ક્ષય થશે તેની વાત કરે છે. તે ચારિત્રને સૂક્ષ્મસાંપરાય કહે છે ને તે દસમા ગુણસ્થાને હોય છે.

**(૫) યથાખ્યાત ચારિત્ર**

આત્માનું સ્વરૂપ નિષ્કંપ છે. શરીર, મન, વાણી કે ઇન્દ્રિય તે આત્મા નથી. જેવું આત્માનું સ્વરૂપ છે તેવું શ્રદ્ધવું જોઈએ. અસ્થિરતા રહિત આત્માનો સ્વભાવ છે. ચિદાનંદ આત્માનો સ્વભાવ ત્રણે કાળે પ્રસિદ્ધ છે. યથાખ્યાત છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' સ્વભાવમાં સંસાર નથી. ત્રિકાળી સ્વભાવ આનંદકંદ ત્રિકાળ છે. જેવું સ્વરૂપ છે તેવી ઉત્કૃષ્ટ દશા પ્રગટ થવી તે યથાખ્યાત ચારિત્ર છે, ચારિત્રના પાંચ ભેદ કહ્યાં, ચારિત્ર તે સંવર છે.

હવે સામાયિક આદિ પાંચ ચારિત્ર કહ્યાં તેમાં ક્યા ક્યા ગુણસ્થાને ક્યું ચારિત્ર હોય છે તે વિષયનું કથન કરે છે.

સામાયિક નામનું ચારિત્ર મિથ્યાદૃષ્ટિને હોતું નથી. આત્મા કોણ છે તેના ભાન વિના સામાયિક હોય નહિ. જ્ઞાનાનંદ આત્માના ભાન ઉપરાંત વીતરાગતા વધી છે તેવા મુનિને બાહ્ય નગ્નદશા હોય છે, તેવા છઠ્ઠા, સાતમ, આઠમા, નવમા ગુણસ્થાને સામાયિક ચારિત્ર હોય છે. ગૃહસ્થને અંશે ચારિત્ર છે તેને અહીં ગણ્યું નથી. છેદોપસ્થાપન ચારિત્ર પણ તે ચાર ગુણસ્થાને હોય છે. અહીં આઠમે, નવમે છેદોપસ્થાપન કહ્યું છે એનો અર્થ એ કે રાગનો છેદ કરી આગળ વધે છે માટે આઠમે, નવમે તે ચારિત્ર ગણવામાં આવ્યું છે. પરિહારવિશુદ્ધિ નામનું ચારિત્ર છઠ્ઠા પ્રમત્ત તથા સાતમા અપ્રમત્તગુણસ્થાને હોય છે. સૂક્ષ્મસાંપરાય ચારિત્ર સૂક્ષ્મસાંપરાયનામક દસમા ગુણસ્થાને હોય છે તથા યથાખ્યાતચારિત્ર અગિયારમાં ઉપશાંતકષાય, બારમા ક્ષીણકષાય, તેરમા સયોગીજિન ને ચૌદમા અયોગીજિન આ ચાર ગુણસ્થાને હોય છે.

હવે સંયમના પ્રતિપક્ષી સંયમાસંયમ તથા અસંયમ ક્યા ગુણસ્થાને હોય છે. તેની વાત કરે છે. ચારિત્રની વ્યાખ્યા કરી. હવે ભાવશ્રાવકની વાત કરે છે. આત્માના ભાનવાળાની વાત છે. તેને પ્રથમ સમ્યગ્દર્શન હોય છે, તે ઉપરાંત બીજો કષાય ટળ્યો હોય છે. પ્રથમ દાર્શનિક પ્રતિમાની વાત કરે છે. આત્માના ભાન ઉપરાંત વિશેષ લીનતા થાય તેને દાર્શનિક પ્રતિમા હોય છે. દાર્શનિક પ્રતિમાથી લઈ અગિયાર પ્રતિમા છે, તે સંયમાસંયમ નામક દેશચારિત્ર છે, તે પાંચમે ગુણસ્થાને જાણવું તથા અસંયમમાં પહેલું મિથ્યાદૃષ્ટિ, બીજું સાસાદન, ત્રીજું મિશ્ર ને ચોથું અવિરત સમ્યગ્દૃષ્ટિ એમ ચાર ગુણસ્થાન સમજવા. એ પ્રમાણે ચારિત્રનું વ્યાખ્યાન પૂરું થયું.

## પ્રસાદ નં. – ૧૫

### વી. નિ સં. ૨૪૭૯, કારતક વદ ૧, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું, સોનગઢ, તા. ૨-૧૧-૫૨, રવિવાર. શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૫ (કારતક સુદ ૮, રવિવાર, ૨૬-૧૦-૫૨ બપોર)

સંવરના સાત પેટા ભેદ, સાત વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય, ચારિત્રનું વર્ણન કરેલ છે. આત્મામાં નિર્દોષ અવસ્થાનું થવું તે સંવર છે. આત્માના અવલંબને અરાગી દશા થવી તે સંવર છે, આત્મા અખંડ જ્ઞાનદર્શનની મૂર્તિ છે તેના અવલંબને જે સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટે તેને નિશ્ચય રત્નત્રય કહે છે. તેમાં નિમિત્તરૂપ વ્યવહારરત્નત્રય છે. જે વિકલ્પ નિમિત્ત થાય તેને સાધન કહેવાય છે પણ વ્યવહારથી નિશ્ચય થયેલ નથી.

આત્મા જ્ઞાનમય છે ને શાંત રસવાળો છે તેની રુચિ થવા પહેલાં રાગરહિતના જ્ઞાને એ જ નક્કી કર્યું હોય છે ને વિકલ્પ હોય તો એ જ પ્રકારનો હોય છે. ગુરુએ પણ એ જ જણાવ્યું કે તું આત્મા જ્ઞાનાનંદ છો, તારા આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટશે, આનાથી જે વિરુદ્ધ બતાવે તે મોક્ષમાર્ગ નથી.

આત્મા વીતરાગસ્વરૂપી છે, જીવને પૂર્ણ થવું છે, રાગરહિત થવું છે ને સર્વજ્ઞતા પ્રગટ કરવી છે તો તેનું સાધન જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાનસ્વભાવની રુચિ, જ્ઞાન ને રમણતા એક જ મોક્ષમાર્ગ છે. એ નિશ્ચય રત્નત્રયને સાધવાવાળા વ્યવહાર રત્નત્રય છે, એટલે કે તેવો રાગ હોય છે. સંભળાવનાર ગુરુએ પણ એ જ કહ્યું ને શિષ્યને પણ તેવો જ વિકલ્પ હોય છતાં તે શુભભાવ હેય છે – એમ સમજે છે.

સર્વજ્ઞદેવ, સર્વજ્ઞપણાને સાધનારા ગુરુ ને અનેકાંત બતાવનાર શાસ્ત્ર એમ જ કહે છે કે તારો સ્વભાવ જ્ઞાન છે, અલ્પજ્ઞતા ને રાગ તારું સ્વરૂપ નથી. એમ અસ્તિ-નાસ્તિથી બતાવે છે. શિષ્ય એવું જ સાંભળે છે ને તે સમજે છે પણ એમ જ કે અંતર્મુખ વળવાથી મોક્ષમાર્ગ પ્રગટે છે. આમ જે મોક્ષમાર્ગ પ્રગટ કરે તેને વ્યવહાર સાધન કહેવાય છે.

આત્માના આશ્રયે જે વીતરાગતા પ્રગટે તે નિશ્ચય સંવર છે વ્યવહાર રત્નત્રયને સંવર કેમ કહ્યો ? કુદેવાદિની શ્રદ્ધારૂપી પાપ આસ્રવ અટક્યો ને સત્ શ્રવણ તરફનું વલણ થયું તેથી જે પાપ આસ્રવ અટકે છે તેને સંવર કહેલ છે. (નિશ્ચય રત્નત્રયમાં પુણ્ય-પાપ બન્ને અટકે છે માટે તેને નિશ્ચય સંવર કહે છે.) પણ વ્યવહાર રત્નત્રયરૂપ સંવર કોને થાય ? જેણે વિકલ્પમાં આમ યથાર્થ ધારેલ છે ને સ્વભાવ તરફ વળેલ છે તેને વ્યવહાર કહેલ છે.

સ્વભાવના અવલંબન સિવાય બીજી રીતે ધર્મ મનાવે, પુણ્ય કરતાં કરતાં ધર્મ થશે એમ માને તે મિથ્યાત્વ છે, ને તે સાત વ્યસન કરતાં પણ તે મોટું પાપ છે.

આત્મામાં સર્વજ્ઞશક્તિ છે, તેમાંથી સર્વજ્ઞતા વ્યક્ત કરવી છે. તેને રાગ કરતાં કરતાં સર્વજ્ઞતા પ્રગટે એમ બને નહિ. સર્વજ્ઞતા પ્રગટે ત્યારે વીતરાગતા હોય જ છે. અનંત આનંદ, અનંત વીર્ય, અનંત શાંતિ પણ હોય છે. તેનું કારણ કોણ ? રાગ, અલ્પજ્ઞતા કે નિમિત્ત તેનું કારણ છે ? ના, પોતાનો જ્ઞાનસ્વભાવ એક જ કારણ છે. તે સ્વભાવને યથાર્થ બતાવનારા સાચા દેવ-ગુરુની શ્રદ્ધાના રાગને વ્યવહારથી સંવર કહેવાય છે. પણ તે કોને ? કે અંતરમાં વીતરાગતા પ્રગટ કરે તેને.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રે કહ્યું કે તારી પ્રભુતા તારામાં પડી છે, તે પ્રભુતા અંદર ન હોય ને બહાર આવે તેમ બને નહિ, પ્રાપ્તની પ્રાપ્તિ છે. બોરડીએ કેરી ન પાકે, તેમ રાગના આશ્રયે સર્વજ્ઞતા ન પ્રગટે. ધ્રુવ સ્વભાવના અવલંબને કલ્યાણ હોઈ શકે એવો પહેલેથી જે વિચાર આવ્યો તે વ્યવહારને નિશ્ચય રત્નત્રયનો સાધક કહ્યો છે.

તે વિકલ્પ દ્વારા જ્ઞાને એમ જાણ્યું કે અંતરમાં વળ તો શુદ્ધદશા પ્રગટશે. વ્યવહાર રત્નત્રય તે શુભઉપયોગ છે ને આત્માના આશ્રયે જે નિશ્ચય રત્નત્રય થાય છે તે શુદ્ધ ઉપયોગ છે. શુભથી શુદ્ધ રત્નત્રય પ્રગટતાં નથી પણ વ્યવહારથી નિશ્ચય રત્નત્રય પ્રગટે છે એમ વ્યવહારમાં કથન કરવામાં આવે છે. પણ જેનું વીર્ય પરમાં ને રાગમાં અટકે છે તેનું વીર્ય સ્વભાવ સન્મુખ કામ કરશે નહિ.

તારે પ્રભુ થવું છે ને ? તારે પરમાત્મદશા પ્રગટ કરવી હોય તો હશે એમાંથી આવશે ને ? કોલસામાંથી હીરો આવશે ? ના. પુણ્ય-પાપ વિકાર કે જ્ઞાનનો અલ્પ અંશ દેખાય છે તે દશામાં આખો દશાવાન આવી જતો નથી. એટલામાં આખો આત્મા આવી જાય તો વિશેષ દશા પ્રગટ થઈ શકે નહિ. પ્રભુત્વશક્તિથી ભરેલા ભગવાનઆત્મામાંથી પ્રભુતા પ્રગટે છે માટે તે એક જ કારણ છે.

તું તારા સન્મુખ જો – એમ કહેનારા સાચા દેવ-ગુરુ છે. તેમણે સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો છે કે તું પ્રભુ છો, અનંત શક્તિથી પૂર્ણ છો, વર્તમાન અલ્પજ્ઞદશા જેટલો તું નથી, તારા ધ્રુવ સ્વભાવમાંથી સર્વજ્ઞદશા થાય છે. આવા શ્રવણ વખતે જે શુભભાવ થાય છે ને અશુભથી બચે છે માટે તે વ્યવહારે સંવર છે ને પુણ્ય-પાપ રહિત આત્માના આશ્રયે શુદ્ધોપયોગ થાય છે

તે નિશ્ચય સંવર છે.

તારા ત્રિકાળી સ્વભાવનું માહાત્મ્ય કર. પરના મહિમાથી તારી શક્તિ પ્રગટ થશે નહિ. અજ્ઞાનીને સ્વભાવનો મહિમા આવતો નથી. સાચી પ્રતીતિ વિના ધર્મ થશે નહિ. આત્માના સત્ધર્મના સાધન વિના જીવ ધર્મ પામ્યો નહિ. 'શ્રીમદ્' એક પત્રમાં લખે છે કે – અસત્ દેવ, અસત્ ગુરુ આત્માના સાક્ષાત્ ઘાતક છે, કારણ કે તેમને વસ્તુની ખબર નથી. શુભરાગ તો જીવે અનંતીવાર કર્યા છે પણ તેથી કલ્યાણ ન થયું. આત્મા જ્ઞાનસ્વભાવી છે એમ વિકલ્પ દ્વારા પણ નિર્ણય ન કરે તે અંતર્મુખ વળે નહિ.

આત્મામાં શક્તિ ધ્રુવ પડી છે, તેના આધારે સંસારનો નાશ ને મુક્તિનો ઉત્પાદ થાય છે. કોઈ ગુરુ મુક્તિ આપી દે તેમ નથી. કોઈના આશીર્વાદથી મુક્તિ થાય ને શ્રાપથી મુક્તિ અટકે – એમ બનતું નથી, એવું પરાધીન તત્ત્વ નથી. જગતના પદાર્થો સ્વયંસિદ્ધ છે, આદિ અંત વિનાના છે. છે, છે ને છે. હતું, છે ને રહેશે. તેનો કોઈ કર્તા નથી, વળી વસ્તુ અનિત્ય ન હોય, વસ્તુ નિત્ય છે ને નિત્યના આધારે પલટવું થાય છે. સ્વભાવના આધારે સંસાર પલટી મોક્ષમાર્ગ થાય છે.

પ્રશ્ન :– આ વાણીથી ખ્યાલ આવે છે ને ?

સમાધાન :– ના, વાણીથી ખ્યાલ આવતો હોય તો બધાને સરખો આવવો જોઈએ પણ તેમ નથી. સમજનાર પોતાની લાયકાતથી સમજે છે તો વાણીને નિમિત્ત કહેવાય છે. વાણી જડ છે, કાને અથડાય છે, તેનાથી જ્ઞાન નથી. બન્ને પૃથક્ તત્ત્વો છે, ને પૃથક્ કાર્ય કરી રહ્યાં છે, છતાં સમ્યગ્જ્ઞાન થતી વખતે તેવું જ નિમિત્ત હોય, તે જ વિકલ્પ ને તે જ ક્ષેત્ર હોય, બીજું ન હોય, બધું વ્યવસ્થિત છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે તે પૂર્ણ ન થાય તો અશાંતિ કાયમ રહે. સુખ ક્યાંથી આવશે ? આત્મા પ્રભુત્વશક્તિથી ભરેલો છે તેના અવલંબને મોક્ષમાર્ગ ને મોક્ષ પ્રગટે છે.

ભાઈ, તું એક વાર શાંતિથી સાંભળ. પૈસાની કમાણીની વાત કરે તો અજ્ઞાની હોંશથી સાંભળે છે. તેમાં કંઈ માલ નથી, પુણ્ય હોય તો પૈસા મળે છે. રાગીને પૈસા મળતાં હરખ થાય છે, પણ પૈસા પર છે, તે શાંતિનું કારણ નથી. પરને લીધે શાંતિ નથી, આત્માના આશ્રયે શાંતિ છે. અહીં કહ્યું કે સ્વાધીન આત્માના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાં તે નિશ્ચય મોક્ષમાર્ગ છે.

આ 'દ્રવ્યસંગ્રહ'ના કર્તા 'શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' છે ષટ્ખંડ આગમ અનુસાર આ બનાવેલ છે, તે વખતના નગરશેઠ સોમરાજશ્રેષ્ઠી પૂછે છે કે હે ભગવાન ! પૂર્વે વ્રત સમિતિ વગેરેને સંવરના ભેદ કહ્યાં છે. જો શુદ્ધ આત્માના અવલંબને સંવર પ્રગટે છે તો પછી તેમાં વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, ભાવના, પરીષહજય ને ચારિત્રને સંવરના ભેદ કેમ કહ્યા ? વળી બાર ભાવનામાં સંવરભાવના કહી હતી તો તે બધાને બદલે એક સંવરભાવના કહેવી

હતી ને ? ત્રિકાળી સ્વભાવના આશ્રયે પુણ્ય-પાપ બન્ને અટકે છે ને શુભથી અશુભ અટકે એટલું કહેવું હતું પણ તમોએ આટલા બધા ભેદ શા માટે કહ્યાં ?

ઉત્તર :– જીવ વિચાર કરે તેમાં મન નિમિત્ત છે. તેવા મન, દેહ ને વાણી તરફની વૃત્તિ મુનિને છૂટી ગઈ છે. અસંગ ભગવાનઆત્માનું ઘોલન મુનિ કરી રહ્યા છે એવા મુનિ નિર્વિકલ્પ સમાધિમાં ગુપ્ત છે, ચિત્તનો સંગ છૂટી ગયો છે, મુનિએ ભેદજ્ઞાન ઉપરાંત લીનતા કરી હોય તેને સંવર હોય છે ને તેને આવા ભેદો હોતા નથી.

નાળિયેરમાં સફેદ ટોપરું, કાચલી અને રાતડથી જુદું છે તેમ ચિદાનંદ ગોળો પુણ્ય-પાપ ને શરીરથી જુદો છે તેને આવા વિચાર હોતા નથી. આ શરીર, વાણી, મન મૂર્ત છે. સ્પર્શાદિના ધરનાર છે. આત્મા જ્ઞાન-આનંદનો ધરનાર છે. તેમાં જે ઠર્યા તેને ગુપ્તિરૂપ સંવર એક જ બસ છે. શિષ્યે પૂછેલ કે એક સંવરભાવના બસ હતી, ગુરુએ તેનો જબાવ આપ્યો કે સાતમે ગુણસ્થાને – નિર્વિકલ્પ અવસ્થા વખતે ગુપ્તિરૂપ સંવર એક જ બસ છે. પણ અપ્રમત્તદશામાં ન રહી શકે એવા છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને વિકલ્પ ઊઠે છે તેવા મુનિને અનેક પ્રકારના સમિતિ, વ્રત, અનુપ્રેક્ષાના વિચારો આવે છે તે માટે આ કથન કરવામાં આવેલ છે.

હવે મિથ્યાદૃષ્ટિની વાત કરે છે.

રાગથી તથા ભક્તિથી કલ્યાણ થશે એમ માનનાર ક્રિયાવાદી છે, સ્વભાવથી રાગની જાત જુદી છે, રાગ તો કજાત છે. રાગમાંથી સ્વભાવ પ્રગટે નહિ. રાગથી ધર્મ મનાવનારા ક્રિયાવાદી અનંત સંસારી છે. એવા ક્રિયાવાદીના ૧૮૦ ભેદ છે.

આત્મા કૂટસ્થ છે – એમ માનનાર અક્રિયાવાદી છે. તે પણ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે આત્મા કાયમ રહીને પલટે છે. પલટવાનો સ્વભાવ નહિ માનનાર અક્રિયાવાદી છે. એકરૂપતામાં કાર્ય ન હોય વસ્તુ કાયમ રહીને પલટે છે. જે છે તેનો નાશ ન થાય. જે હોય તે કાયમ રહીને પલટે છે પણ સામાન્ય ધ્રુવ માનનારા આ જગતમાં છે, તેઓ પલટન માનતા નથી. સંસારની ક્રિયા, મોક્ષમાર્ગની ક્રિયા ને મોક્ષની ક્રિયા જે નથી માનતા તે અક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે. તેના ૮૪ ભેદ છે.

## પ્રસાદ નં. – ૧૭

### વી. નિ સં. ૨૪૭૯, કારતક વદ ૩, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું, સોનગઢ, તા. ૪-૧૧-૫૨, મંગળવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૫
### (કારતક સુદ ૯, સોમવાર, ૨૭-૧૦-૫૨ બપોર)

(૧) આ સંવરની ગાથા છે. તેમાં છેલ્લે ૩૬૩ પાંખડી મતની વાત લીધી છે. ક્રિયાવાદીના ૧૮૦ ભેદ છે. જેની દૃષ્ટિ વિપરીત છે ને એકલા દયા દાનાદિના શુભરાગથી ધર્મ માને છે તે ક્રિયાવાદી છે, તેને આસ્રવ થાય છે. પણ સંવર થતો નથી. આત્મા જ્ઞાતાદૃષ્ટા છે તેની રુચિ છોડીને એકલી ક્રિયાથી ધર્મ માને તેને મિથ્યાત્વનો આસ્રવ થાય છે.

(૨) આત્મા ક્ષણે ક્ષણે પલટાય છે એમ ન માનતાં સર્વથા કૂટસ્થ જે માને છે તેને મિથ્યાત્વનો આસ્રવ થાય છે તે અક્રિયાવાદી પાખંડી છે. તેના ૮૪ ભેદ છે.

(૩) અમે કંઈ જાણીએ નહિ. 'આંધળાતી ગાયના અલ્લા રખવાળ' એવી માન્યતાવાળા અજ્ઞાની પાખંડી છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શરીરાદિ તથા વિકારથી રહિત છે એવું જ્ઞાન કરતા નથી તે અજ્ઞાની છે. મિથ્યાત્વ મોટું પાપ છે. પશુહિંસામાં ધર્મ માને તે અજ્ઞાની છે. આત્માની વાત યાદ ન રહે એમ માને, અનેક પ્રકારના જાણપણા કરવાથી મતભેદ થાય છે એમ માની આત્માનું જાણપણું કરતા નથી તેને આસ્રવ થાય છે. તેવા અજ્ઞાની પાખંડીના ૬૭ ભેદ છે. એક કહે કે ઉપાદાનથી કામ થાય, બીજો કહે કે નિમિત્તથી કામ થાય – માટે એવા મતભેદમાં પડવું નહિ, જે હોય તે ખરું એમ કહી વસ્તુનું જ્ઞાન કરતા નથી તે અજ્ઞાની પાખંડી છે.

(૪) ગુરુની કૃપાથી કલ્યાણ થશે, માબાપની ભક્તિ કરવી તે ધર્મ છે, નમે તે પરમેશ્વરને ગમે – એમ માની બધાને પગે લાગે તે વિનય મિથ્યાત્વ છે. જે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા નથી તેનો વિનય કરવો ને તેથી મુક્તિ થશે એમ માનવું તે મિથ્યાત્વ છે. આત્મામાં પ્રગટતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા, શુકલધ્યાન, મોક્ષમાર્ગ, મોક્ષ વગેરે વીતરાગી અવસ્થા છે, કોઈની કૃપાથી તે

થતી નથી. પરનો વિનય તે પુણ્ય છે, તે આસ્રવ ને બંધનું કારણ છે. અજ્ઞાની આ વિનયથી સંવર થશે એમ માને છે તેથી અહીં આ વાત કરી છે. સંવરના સાત ભેદો વર્ણવ્યા તેની સામે ક્રિયાથી ધર્મ માનનાર, આત્મામાં પરિણમન નહિ માનનાર, આત્માનું જ્ઞાન નહિ કરનાર, જેનો તેનો વિનય કરનાર એવા પાખંડીનું વર્ણન કર્યું. તેને સંયમ, નિર્જરા કે ધર્મ થતો નથી. એવો એક પંથ છે કે તેના માનનાર જેને દેખે તેને પગે લાગે પણ એવો ધર્મનો માર્ગ ન હોય. બાર પ્રકારના તપમાં વિનયતપ કહ્યો છે. પણ આત્માના ભાનવાળાને સાચો વિનય છે, તેને રાગ ઘટી સંવર થાય છે, જેને તેને પગે લાગે તેને આસ્રવ થાય છે. ગુરુ, રાજા કે માબાપને પગે લાગવાથી ધર્મ થતો નથી. તે વિકાર છે. તે સંવરનું કારણ નથી. વસ્તુ સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન પ્રગટે છે. નિમિત્ત, પર કે રાગથી તે પ્રગટતું નથી. એમ સમજ્યા વિના સાચો વિનય હોય નહિ ને સંવર થાય નહિ.

પ્રશ્ન :– ધર્મનું મૂળ વિનય કહેલ છે ને ?

સમાધાન :– આત્મા જ્ઞાનાનંદ છે, પર્યાયમાં થતો વિકાર એક સમયનો છે. આત્મા શુદ્ધ વિકાર વિનાનો છે એવું ભાન કરવું તે સાચો વિનય છે. તેવા ભાનવાળા જીવ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરે તે વ્યવહાર વિનય છે. મૂલાચારમાં 'વિનય ધર્મનું મૂળ છે' એમ કહ્યું છે તેની શી વ્યાખ્યા છે ? – વિનય બે પ્રકારે છે. આત્મા જ્ઞાતાદૃષ્ટા છે તેની રુચિ થવી તે નિશ્ચય વિનય છે ને તે પૂર્વક સાચા દેવ-ગુરુનું બહુમાન કરવું તે વ્યવહાર વિનય છે.

'ટોડરમલ્લજી' કહે છે કે જેને તેને નમવું તે વિનય નથી – એવા જીવને પોતાના સ્વરૂપનો આદર નથી. હું આત્મા જ્ઞાનનો દરિયો છું, વિકાર તે અપરાધ છે. જે ભાવથી કોઈ પણ કર્મ પ્રકૃતિ બંધાય તે બધો ઔદયિક ભાવ - સંસાર છે. વિકારનો આદર કરનારને નિર્વિકારી સ્વભાવનો આદર નથી, તે મિથ્યાદૃષ્ટિ છે.

પરથી જ્ઞાન થશે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનપર્યાય ગુણમાંથી આવશે કે પૂર્વપર્યાય, નિમિત્ત કે રાગમાંથી આવશે ? ના, તેમાંથી આવશે નહિ. જ્ઞાતાદૃષ્ટાની અંતરદૃષ્ટિ કરવાથી પૂર્વ અજ્ઞાન પર્યાયરૂપ પૂર્વ અવસ્થાનો વ્યય થાય છે. નવી અવસ્થાનો ઉત્પાદ થાય છે ને જ્ઞાનગુણ ધ્રુવ રહે છે. જ્ઞાનની પર્યાયરૂપ વિશેષ સામાન્યના અવલંબને થાય છે. સામાન્ય વિશેષ વિનાનું ન હોય. ગુરુથી જ્ઞાન માનનાર પરથી વિશેષ પ્રગટ્યું એમ માને છે, સામાન્યમાંથી વિશેષ આવે છે એમ તે માનતો નથી. તેને અગૃહીત મિથ્યાત્વ દૃઢ થાય છે, તેને ગૃહીત મિથ્યાત્વ પણ ટળ્યું નથી. ગુરુથી કલ્યાણ માનનાર ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન ને આનંદસ્વભાવી છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે ને પર્યાય વિશેષ છે. ગુણને લીધે પર્યાય થાય છે એમ નહીં માનતાં પરને લીધે જ્ઞાનપર્યાય માને તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

સાચું સમજનારને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જ નિમિત્ત હોય પણ નિમિત્તથી જ્ઞાન થતું નથી. પરથી જ્ઞાન માનનારે સામાન્યમાંથી વિશેષ ન માન્યું પણ પરથી માન્યું તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ

છે.

આ ૩૬૩ પાખંડીઓને સંવર હોતો નથી. જૈન કુળમાં હોવા છતાં જો દૃષ્ટિ વિપરીત હોય તો તે પણ પાખંડી છે.

વ્રત, સમિતિ વગેરેનો વિકલ્પ ઊઠે તે વ્યવહાર છે ને આત્માના આશ્રયે વીતરાગતા પ્રગટે તે નિશ્ચય છે. આવો નિશ્ચય-વ્યવહાર મિથ્યાદૃષ્ટિને હોતો નથી. એ બતાવવા આ વર્ણન કર્યું છે. આ અધિકાર 'ગોમ્મટસાર'માંથી લીધેલ છે.

કોઈ ગુરુની કૃપાથી કોઈ તરતું નથી, નિમિત્તથી ઉપાદાનમાં કંઈ પણ થતું નથી, ઉપાદાન તૈયાર થયું માટે નિમિત્તને આવવું પડે એમ પણ નથી ને ઉપાદાન તૈયાર હોય ત્યારે નિમિત્ત એના કારણે સ્વયં ન હોય – એમ પણ બને નહિ.

જે પરથી જ્ઞાન માને, રાગથી ને ગુરુથી જ્ઞાન માને તે પોતાનું વિશેષ પરને લીધે માને છે તે ભલે બાહ્યથી જૈન સાધુ હોય તોપણ તેને સંવર-નિર્જરા થતી નથી.

એ વિનય દૃષ્ટિના ભેદ ૩૨ મળી કુલ ૩૬૩ પાખંડીના મત છે. તેઓને સંવર થતો નથી.

વસ્તુસ્વરૂપ આવું છે. કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નથી. અનાદર નથી પણ સત્યમાર્ગ આ છે તેમ જણાવે છે.

હવે આસ્રવની વિશેષ વાત કરે છે.

મન, વચન, કાયા જડ છે. આત્માના પ્રદેશોનું પરિસ્પંદન થવું તે યોગ છે, તે યોગનું નિમિત્ત પામીને કર્મનું આવવું થાય છે. તેના નિમિત્તે પ્રકૃતિ તથા પ્રદેશબંધ થાય છે. બન્ને સ્વતંત્ર છે. કર્મની પ્રકૃતિરૂપે થવાની યોગ્યતા તથા સંખ્યારૂપે આવવાની યોગ્યતા સ્વતંત્ર છે ને જીવમાં યોગનું કંપન પણ સ્વતંત્ર છે પણ બન્નેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે.

વિપરીત અભિપ્રાય છે તે મિથ્યાત્વ છે ને તે મૂળ કષાય છે. મિથ્યાત્વ, પુણ્ય-પાપ વિકાર બધો કષાય છે તેના વડે સ્થિતિ ને રસ પડે છે ને યોગથી પ્રકૃતિ ને પ્રદેશબંધ પડે છે.

અરૂપી ભાવબંધનાં કારણ – મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ એ પાંચ છે. તે જીવની પર્યાયનું સ્વતત્ત્વ છે, ને બંધનું કારણ છે. તેમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ અને કષાય એ ચારને લીધે કર્મોમાં સ્થિતિ ને અનુભાગ પડે છે, એકબીજાને પરાધીન નથી, કર્મની એવી નૈમિત્તિક લાયકાત છે, જીવનો કષાયભાવ નિમિત્ત છે.

અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાને તથા બારમા ક્ષીણમોહ ગુણસ્થાને વીતરાગદશા છે. તેથી તેને સ્થિતિ-રસ નથી, તેરમે ગુણસ્થાને સયોગી કેવળીને નવીન બંધ થતો નથી.

આ પ્રમાણે સંવર તત્ત્વનું વ્યાખ્યાન બે સૂત્રો દ્વારા પૂરું થયું.

મિથ્યાદૃષ્ટિને સંવર નથી તેમ જ નિર્જરા પણ હોતી નથી. સમ્યગ્દૃષ્ટિને નિમિત્તની રુચિ છૂટી ગઈ છે ને રાગ તથા અંશ - પર્યાયનું અવલંબન પણ છૂટી ગયું છે ને સ્વભાવનું અવલંબન

વર્તે છે તેને નિર્જરા થાય છે. તેને ૪૧ કર્મ પ્રકૃતિ બંધાતી નથી. મિથ્યાત્વ પ્રધાન ૧૬ ને અનંતાનુબંધી પ્રધાન ૨૫ એમ ૪૧ પ્રકૃતિ ધર્મીને બંધાતી નથી. કર્મ અને વિકાર મારાથી જુદાં છે એવું ભાન છે તેને કર્મનું ખરવું થાય છે, તે સિવાય બીજાને યથાર્થ નિર્જરા હોતી નથી.

ગાથા-૩૬

**जह कालेण तवेण य भुत्तरसं कम्मपुग्गलं जेण।**
**भावेण सडदि णेया तस्सडणं चेदि णिज्जरा दुविहा।।३६।।**

**ભાવાર્થ :–** જે આત્માના પરિણામરૂપ ભાવથી કર્મરૂપી પુદ્ગલ ફળ આપીને નાશ પામે છે તે તો ભાવનિર્જરા છે અને સવિપાક નિર્જરાની અપેક્ષાએ યથાકાળ અર્થાત્ કાળલબ્ધિરૂપ કાળથી તથા અવિપાક નિર્જરાની અપેક્ષાએ તપથી જે કર્મરૂપ પુદ્ગલોનું નાશ થવું તે દ્રવ્યનિર્જરા છે.

નવતત્ત્વમાં નિર્જરા તત્ત્વની વાત કહે છે. સ્વભાવના અવલંબને પર્યાયમાં શુદ્ધતાની વૃદ્ધિ થાય તેને તથા અશુદ્ધતાનો વ્યય થાય તે બન્નેને ભાવનિર્જરા કહે છે ને દ્રવ્યકર્મો ખરે તેને દ્રવ્યનિર્જરા કહે છે.

જે આત્માના પરિણામથી – શુદ્ધરૂપ ભાવથી કર્મ પુદ્ગલો નાશ પામે છે. કર્મો આત્માને ફળ આપતાં નથી. કર્મ સત્તામાંથી નીકળી ઉદય આવી ખરી ગયાં માટે કર્મે ફળ આપ્યું એમ કહેવાય છે. કર્મ અને ચેતન વચ્ચે અત્યંત અભાવ છે, તેથી કર્મ જીવને ફળ આપે અથવા જીવ કર્મને કરે એમ બનતું નથી. કર્મ સત્તામાં હતું તે ઉદય આવી ખરી ગયું તેને ફળ આપ્યું કહેવાય છે.

હું જ્ઞાતા છું, દેહાદિનો તથા રાગનો પણ જાણનાર છું એવું જ્ઞાન થતાં જે કર્મ ખરી જાય છે તેને નિર્જરા કહે છે. કારણપરમાત્માના અવલંબને જે વીતરાગીદશા થાય છે તે ભાવનિર્જરા છે, તે અરૂપી છે.

કર્મો ક્રમબદ્ધ આવે છે ને જાય છે. જે પર્યાય જે દ્રવ્યનો થવાનો તે થવાનો, સ્વભાવના ભાન દ્વારા અવિપાક નિર્જરા થાય છે ને કર્મો તેના કાળે સ્વયં ખરે તે સવિપાક નિર્જરા છે. કર્મની અવસ્થા પણ આડીઅવળી થતી નથી. કર્મ તેના કાળે ખરેલ છે. સ્વભાવના આશ્રયે નિર્જરા થઈ માટે તેને અવિપાક કહેલ છે ને સ્વયં તેના કાળે કર્મો ખરી ગયાં તે સવિપાક નિર્જરા છે. બન્ને નિર્જરા જ્ઞાનીને હોય છે.

આત્માના સ્વભાવના અવલંબને ઇચ્છા ન થવી, ગુણોની પર્યાયનું નિર્મળ થવું તે તપ છે. તે શુદ્ધિ આત્માના અવલંબને થાય છે ને કર્મોની નિર્જરા પુદ્ગલના કારણે થાય છે તે દ્રવ્યનિર્જરા છે.

વ્યાખ્યાર્થ : '**णेया**' = જાણવું જોઈએ. શું ? ભાવનિર્જરા. કોને ભાવનિર્જરા થાય છે ? વિકારરહિત ચિત્ ચમત્કારરૂપ આત્માના અનુભવથી ઉત્પન્ન અનાકુળ અનુભવના સ્વાદને ભાવનિર્જરા કહે છે. તે ધર્માત્માને હોય છે. ધર્મીને પર્યાયમાં વિકાર હોય છે. પણ તેને વિકારની દૃષ્ટિ છૂટી ગઈ છે. હું જાણનાર છું, મારો જ્ઞાનસ્વભાવ રાગને પ્રગટ કરે તેવો નથી – એવા જ્ઞાનના અનુભવથી ઉત્પન્ન સહજ આનંદના અનુભવને ભાવનિર્જરા કહે છે. આને ધર્મ અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ કહે છે. સંવરથી વિશેષ શુદ્ધિ તે નિર્જરા છે.

'તત્ત્વાર્થસૂત્ર'માં તપસા નિર્જરા કહી છે તે કોને હોય ? શરીર, કર્મ તો આત્મામાં નથી, વિકાર પર્યાયમાં છે, તે ત્રિકાળી સ્વભાવમાં નથી એવી પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે તેને નિર્જરા થાય છે. કેવો છે આત્મા ? એકલો ચિત્ ને આનંદથી ભરેલો છે, તેને અનુસરીને આનંદ થાય છે, રાગને અનુસરીને થતો નથી. રાગને અનુસરે તેને સંસાર થાય છે. પરની ભક્તિ બંધનું કારણ છે, ચૈતન્યસ્વભાવને અનુસરે તે નિશ્ચય ભક્તિ છે, તે સંવર-નિર્જરા છે, ને પરની ભક્તિ તે આસ્રવ છે.

કર્મ ને રાગ વચ્ચે તો અત્યંત અભાવ છે પણ મારા અપરાધથી થયેલો રાગ ને સ્વભાવ વચ્ચે અભાવ છે. એક સમયની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યનો અભાવ છે. પાંચ મહાવ્રતાદિના પરિણામ એક સમયના છે, તેના તરફની પર્યાયબુદ્ધિ છૂટી છે ને ચૈતન્ય એકલો જ્ઞાનનો ગોળો છે તે જ્ઞાનને અનુસરીને જે સ્વાભાવિક આનંદ પર્યાય પ્રગટ થાય તેને ભાવનિર્જરા કહે છે. તે સમ્યગ્દૃષ્ટિને હોય છે, મિથ્યાદૃષ્ટિને હોતી નથી.

અજ્ઞાની કહે છે કે ઉપવાસ કરો, વ્યવહાર કરો પણ સ્વભાવના ભાન વિના તે વ્યવહાર પણ નથી. લોકો કહે છે કે બહુ પરીષહ વખતે સહન કરવું પડે તે નિર્જરા છે. ભાઈ, તે વખતે ખેદ થાય તે તો પાપ છે ને શુભભાવ રાખે તે પુણ્ય છે, પણ નિર્જરા નથી. સ્વભાવના અવલંબને વીતરાગતા થાય તે સંવર છે.

વ્યવહાર તો શુભરાગ છે, તે ઉદયભાવ છે. ઉદયભાવ કરતાં કરતાં ક્ષયોપશમભાવ કે ક્ષાયિકભાવ ન થાય. વિકારીભાવ અથવા ઉદયભાવનો નિષેધ તે સ્વભાવની અસ્તિરૂપ વિધિ – એમ વિધિ નિષેધના ભાન વિના નિર્જરા થતી નથી.

આત્મા પરદ્રવ્યથી જુદો છે. શરીર, મન કે કોઈ પણ દ્રવ્ય સ્વચતુષ્ટયથી છે, આત્મા પોતે ગુણપર્યાયનો પિંડ તે દ્રવ્ય છે, અસંખ્યપ્રદેશી તેનું ક્ષેત્ર, એક સમયનો પર્યાય તેનો કાળ ને જ્ઞાનાદિ ગુણો તેના ભાવ એમ સ્વચતુષ્ટયમાં છે. પરના ચતુષ્ટય પરમાં છે – એમ પ્રથમ નક્કી કરવું જોઈએ. પછી એમ નક્કી કરવું જોઈએ કે રાગાદિ પર્યાયમાં છે પણ સ્વભાવમાં

નથી. સ્વભાવ તો જ્ઞાનાનંદથી ભરેલો છે એવી પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે ને તેને ભાવનિર્જરા થાય છે. આત્મા જ્ઞાતાદૃષ્ટા છે, પરમ પારિણામિક ભાવે છે, જેને નિમિત્તના સદ્ભાવ કે અભાવની અપેક્ષા નથી. શુદ્ધ સ્વભાવના અવલંબને જે શુદ્ધતા પ્રગટે તે ભાવનિર્જરા છે, તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે. ચારિત્રમાં સંવર-નિર્જરા બન્ને આવી જાય છે.

સ્વભાવ આનંદસ્વરૂપ છે એવા ભાનપૂર્વક આનંદની ઉત્પત્તિ થવી તે ભાવનિર્જરા છે ને જડકર્મ ખરે છે તે દ્રવ્યનિર્જરા છે.

## કારતક સુદ ૧૦, મંગળવાર, ૨૮-૧૦-૫૨

આ નિર્જરાનો અધિકાર છે. આત્માની શુદ્ધ પર્યાયને ભાવનિર્જરા કહે છે, ને દ્રવ્યકર્મનું ખરવું તેને દ્રવ્યનિર્જરા કહે છે. આત્મા પરપદાર્થથી જુદો છે ને વિકાર તથા અલ્પજ્ઞ દશા જેટલો નથી પણ પોતાનો સ્વભાવ જ્ઞાન ને આનંદથી ભરેલો છે એવાં શ્રદ્ધા-જ્ઞાન કરી અંતર પરિણમન થયું તેને ભાવનિર્જરા કહે છે.

અજ્ઞાની લોકો ચારિત્રને કષ્ટદાયક માને છે – તે ભૂલ છે. સહજ જ્ઞાનપ્રકાશરૂપ આત્માની પ્રતીતિ ને રમણતામાં આનંદ પ્રગટ થવો તે ધર્મ છે, તે સુખદાયક છે, તે નિમિત્તથી કે પુણ્ય-પાપથી થતો નથી.

જીવના એવા પરિણામ થાય તેથી જડમાં શું થાય છે ? અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વાત કરે છે. આત્માની શુદ્ધિને લીધે કર્મને ખરવું પડે છે એમ નથી. કોઈ દ્રવ્યની પર્યાય કોઈને લીધે નથી. આત્માના ભાવ વડે કર્મ ખરી જાય છે એવા પાઠમાં શબ્દો છે. કર્મ જીર્ણ થાય છે, ખરી જાય છે, ગળે છે અથવા નાશને પ્રાપ્ત થાય છે. પણ કોને કારણે ? તેનો કર્તા કોણ ? જડ કર્મ સ્વયં ખરે છે. આત્મામાં અશુદ્ધિ ટળતાં ને શુદ્ધિ થતાં, કર્મનું ઝરવું થાય છે એટલે કે જે કર્મ ઝરવાને લાયક છે તે ઝરી જાય છે. આત્માના શુદ્ધ પરિણામ નિમિત્તમાત્ર છે. આનંદરૂપ પરિણામ થાય માટે કર્મને ખરવું પડ્યું ? ના, સ્વતંત્રપણે કરે તે કર્તા ને કર્તાનું ઇષ્ટ તે કાર્ય. કોઈને લીધે કોઈ કર્તા ન હોય. જડકર્મની દ્રવ્યનિર્જરારૂપ પર્યાયનો કર્તા કોણ છે તેની વાત કરે છે. નિજશુદ્ધ આત્માથી વિલક્ષણ કર્મરૂપી પુદ્ગલદ્રવ્ય તેનો કર્તા છે. કેવો છે આત્મા ? કર્મરૂપી શત્રુનો નાશ કરવાવાળો નિજશુદ્ધ આત્મા છે. શું કર્મને આત્મા હણતો હશે ? ના. પોતાની શુદ્ધ પરિણતિ થતાં કર્મનું ટળવું સહેજે થાય છે. ખરેખર તો પર્યાયમાં થતો વિકાર શત્રુ છે, કર્મ શત્રુ નથી. આત્મા ચૈતન્યસૂર્યને રાગ-દ્વેષમાં રોકવો તો પર્યાયમાં શત્રુ

થાય છે ત્યારે કર્મ બંધાય છે તે નિમિત્તરૂપ શત્રુ છે ને આત્માનું ભાન થતાં વિકાર ટળી જાય છે – એટલે પુદ્‌ગલકર્મ સ્વયં ટળી જાય છે.

આમ હોવાથી કર્મરૂપી શત્રુનો નાશ કરવાવાળો શુદ્ધ આત્મા છે એમ કહ્યું. તે શુદ્ધ આત્માથી વિલક્ષણ કર્મરૂપી પુદ્‌ગલદ્રવ્ય – તે કર્મ ખરે છે તેનો કર્તા છે. આત્માએ પવિત્રદશા કરી તે વખતે જડ પરમાણુએ પોતે કર્તા થઈ છૂટવાનું કામ કર્યું. કેવી રીતે ? કર્મ સત્તામાં હતાં તે ઉદયમાં આવ્યાં. અઘાતિના નિમિત્તે બહારમાં સંયોગ આવ્યા ને સત્તામાંથી ઉદય આવ્યાં તે ફળ થયું. હવે કર્મ ખરવામાં એક સમયે બે પ્રકારની રીત બતાવે છે.

**સવિપાક નિર્જરા :–** એક તો જેમ કેરી પાકે છે ત્યારે પડી જાય છે તેમ કર્મ તેના સમયે ઉદયમાં આવી ને છૂટી જાય તે સવિપાક નિર્જરા છે. ત્યાં કર્મ તો તેના કારણે છૂટેલ છે. ત્યાં આત્મામાં શું યોગ્યતા ? આત્માનો પણ યથાકાળ આવ્યો. જીવમાં એવી યોગ્યતા સ્વકાળલબ્ધિથી પ્રગટેલ છે તે નિમિત્ત છે. કર્મ તો કર્મના કારણે છૂટે છે. તેમાં આત્માના પરિણામ નિમિત્ત છે.

એક મનુષ્ય નરકગતિનું કર્મ બાંધે છે તેમાં તે કર્મ સત્તારૂપ રહે છે તેવી તે જીવની યોગ્યતા છે ને મનુષ્યગતિકર્મ છૂટ્યું ને નિર્જરી ગયું તો તેમાં તે જીવની જુદી જાતની યોગ્યતા નિમિત્તરૂપ છે. કર્મનો પાક કાળ આવ્યો તેમાં આત્માનો કાળ પાક્યો તે નિમિત્ત છે. કર્મ સત્તારૂપ રહે ને ખરે નહિ તેવી યોગ્યતામાં જીવની યોગ્યતા નિમિત્ત હોય છે ને કર્મ વિપાક આપી ખરી જાય ત્યારે તે પ્રકારની જીવની યોગ્યતા છે. એમ બન્ને યોગ્યતામાં ફેર છે. આમ સવિપાક નિર્જરા થાય છે ત્યારે નિજ શુદ્ધ આત્માની યોગ્યતા નિમિત્ત – બહિરંગ કારણ છે. આ પ્રમાણે સવિપાક નિર્જરાની વાત કહી.

**અવિપાક નિર્જરા :–** આ પણ વ્યવહાર છે. અવિપાક નિર્જરામાં પણ કર્મો તેના સમયે ખરે છે. કર્મની સ્થિતિ આડીઅવળી થતી નથી. પણ સ્વભાવની ઉગ્રતાને નિમિત્ત બતાવી કર્મ અકાળે ખર્યાં એમ કહ્યું. ખર્યાં છે તો તેના કાળે જ. કર્મનાં જે પુદ્‌ગલ પરમાણુ છે તેની પર્યાયો તેના અનાદિઅનંત કાળના સમય જેટલી છે ને તે ક્રમસર વ્યવસ્થિત છે. પણ કર્મ અકાળે ખર્યાં એમ કેમ કહ્યું ? ને કાળે ખર્યાં એમ કેમ ન કહ્યું ? સ્વભાવના પુરુષાર્થની ઉગ્રતાના નિમિત્તમાં કર્મ ખરે તેને અવિપાક એટલે અકાળે ખર્યાં – એમ કહ્યું ને સવિપાક નિર્જરામાં આત્માની સામાન્ય યોગ્યતા નિમિત્ત લીધી, ત્યાં આત્માનો વિશેષ પુરુષાર્થ નથી.

અહીં અવિપાકની વાત ચાલે છે. કેરીનો દાખલો આપે છે. કેરી ઘાસ આદિમાં વહેલી પાકે છે એમ કહેવાય છતાં કેરી ઘાસને લીધે વહેલી પાકી નથી, કેરી તો તેના કાળે જ પાકી છે, જે સમયે જે પર્યાય થવાની તે જ થાય છે. કેવળજ્ઞાનમાં દરેક પદાર્થની ત્રણ કાળની પર્યાય ખ્યાલમાં આવી ગઈ છે, આડીઅવળી પર્યાય થતી નથી. આડી અવળી થાય તો કેવળજ્ઞાન રહેતું નતી. તે દૃષ્ટાંતે – અવિપાક નિર્જરા કેવી રીતે થાય ? 'समस्त पर द्रव्यो में इच्छा

के रोकनेरूप अभ्यंतर तप से' તેમાં સ્વભાવનો પુરુષાર્થ બતાવે છે. સ્વભાવના ભાન દ્વારા પરદ્રવ્યની ઇચ્છા રોકી છે. જે ઇચ્છા થઈ તેને કેવી રીતે રોકવી ને જે થઈ નથી તેને શું રોકવી ? શુદ્ધ આત્મામાં સ્થિરતા કરતાં ઇચ્છા ઉત્પન્ન થતી નથી તે કથનને ઇચ્છા રોકી એમ કહે છે. શાસ્ત્રના લખાણના અર્થ સમજવા જોઈએ.

આત્માએ શુદ્ધ જ્ઞાનાનંદને અનુસરીને આનંદની ઉત્પત્તિ કરીને ઇચ્છા ઉત્પન્ન ન કરી તે અભ્યંતર તપ છે. જીવ પોતાની ઇચ્છાને પણ ખરેખર રોકી શકતો નથી. તો કર્મને કેમ રોકી શકે ? સ્વભાવમાં લીનતા થતાં ઇચ્છા તૂટી ગઈ ને કર્મ સ્વયં ખરી ગયાં એને આત્માએ તોડ્યાં એમ કહેવાય છે. આમ સ્વભાવ તરફ વળતાં પરદ્રવ્ય તરફની ઇચ્છા સહજ તૂટી જતાં જે અભ્યંતર તપ થયો તેથી અવિપાક નિર્જરા થાય છે.

હવે બીજી વાત કરે છે. તે અભ્યંતર તપ થતા પહેલાં બાહ્યમાં ક્યા શુભ ભાવ ઉપર લક્ષ હતું તે કહે છે. અનશન = અશન નહિ. પણ દાળ, ભાત, રોટલા આદિને આત્મા છોડી શકતો નથી, આત્મા પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગથી શૂન્ય છે ને પોતાના સ્વભાવથી ભરેલો છે. અશન નહિ તે નિમિત્તથી વાત છે. પ્રથમ અશન તરફ જે લક્ષ હતું તે છૂટી ગયું. અનશન આદિ બાર પ્રકારના તપમાં બહિરંગ કારણ છે. તેથી તે પણ સાથે બતાવેલ છે.

જડ કર્મને કંઈ ખબર પડતી નથી કે આ જીવે તપ કર્યો છે માટે હું ખરી જાઉં પણ તે તેના કારણે ખરી જાય છે. જીવ સ્વભાવમાં રહે છે તે વખતે કર્મ કર્મના કારણે ખરી જાય છે. તે દ્રવ્યનિર્જરા છે. સ્વભાવસન્મુખ થતાં શુદ્ધતા થઈ તે અભ્યંતર તપ છે ને અનશનાદિ બહિરંગ તપ છે. આ પ્રમાણે અભ્યંતર ને બહિરંગ તપના નિમિત્તે અવિપાક નિર્જરા થાય છે તેમ બતાવ્યું.

હવે શંકાકાર શંકા ઉઠાવે છે કે આત્માના શુદ્ધભાવથી કર્મો ખરી ગયાં એ વાત આવી ગઈ છે તો પછી '**सडन**' (એટલે 'કર્મ ખરે છે') એ વાત ફરીથી શા માટે કરો છો ?

સમાધાન :– પ્રથમ '**सडदि**' શબ્દ કહેલ છે ત્યાં નિર્મળ જ્ઞાનાનંદ આત્માના આશ્રયે થતા શુદ્ધ પરિણામનું સામર્થ્ય બતાવ્યું હતું. જીવે એવો ઉગ્ર પુરુષાર્થ કર્યો ત્યારે કર્મ ટળી જવાને યોગ્ય હોય જ છે ત્યાં જીવનો પુરુષાર્થ બતાવવો હતો, ત્યાં દ્રવ્યનિર્જરાનું કથન ન હતું. તેથી '**सडन**' શબ્દ ફરી વાપરીને દ્રવ્યનિર્જરાનું કથન કરેલ છે. એ પ્રમાણે દ્રવ્યનિર્જરા તથા ભાવનિર્જરા જાણવી જોઈએ.

અહીં શિષ્ય કહે છે કે ધર્મીને સવિપાક નિર્જરા થાય છે એમ તમે અહીં કહ્યું પણ કસાયને પણ સવિપાક નિર્જરા થાય છે. અજ્ઞાની ક્રોધ કરે છે ત્યારે ક્રોધના પરમાણુ – ચારિત્રમોહનીયના પરમાણુ ખરી જાય છે. માયા, લોભના પરિણામ કોઈ જીવ કરે છે તો તે કાળે તે તે પ્રકૃતિના પરમાણુ પણ ખરે છે. એમ અજ્ઞાનીને પણ સવિપાક નિર્જરા થાય છે. પણ તેમાં આત્માને લાભ નથી. ચાર ગતિમાં બધા જીવોને સવિપાક નિર્જરા થાય છે તો પછી સમ્યગ્દૃષ્ટિને સવિપાક

નિર્જરા કેમ કહી ? સમ્યગ્દૃષ્ટિને સવિપાક નિર્જરા થાય છે એવો નિયમ ન રહ્યો.

સમાધાન :– અહીં વિપરીતદૃષ્ટિ ટળતાં મિથ્યાત્વની ઉત્પત્તિ ન થઈ એવા અંતરભાવમાં પૂર્વકર્મ તેના કાળે ખરી જાય તેવા જ્ઞાનીની વાત લીધી છે. અજ્ઞાનીની વાત લીધી નથી. મિથ્યાદૃષ્ટિને પૂર્વકર્મો આવીને ખરી જાય છે. અજ્ઞાનીને દેહ છૂટતાં તે આયુના પરમાણુ ખરી જાય છે, અભવીને પણ ખરે તે વાત અહીં ન લેવી. પણ સ્વભાવનું ભાન કરીને એકાગ્રતા કરી મિથ્યાત્વ ને રાગાદિ ઉત્પન્ન કરતો નથી તેવા જીવની વાત લેવી છે. કર્મો તેના કારણે ખરે છે, તેમાં જીવની યોગ્યતા નિમિત્ત છે. અહીં સંવરપૂર્વક નિર્જરાની વાત છે તેથી સવિપાક નિર્જરા મોક્ષનું કારણ છે. જેમ પાકેલું ફળ તૂટી જાય, ફરી ચોંટતું નથી તેમ જ્ઞાનીને સવિપાક નિર્જરા થાય છે, નવો બંધ થતો નથી.

'સમયસાર'ની ટીકામાં 'જયસેન આચાર્યદેવ' કહે છે કે જ્ઞાનીને અવિપાક નિર્જરા, સવિપાક નિર્જરા, અકામ નિર્જરા ને સકામ નિર્જરા – એમ ચારે પ્રકારની નિર્જરા હોય છે.

અજ્ઞાનીને સવિપાક નિર્જરા ગજ સ્નાનવત્ છે – નિષ્ફળ છે. હાથી સ્નાન કરે પણ ધૂળમાં રમે તેથી તેનું સ્નાન નકામું છે. અજ્ઞાની નવાં કર્મ બાંધે છે તેથી તેની નિર્જરા ગજસ્નાનવત્ છે, જ્ઞાની નવાં કર્મ બાંધતો નથી. જેને કુદેવાદિની શ્રદ્ધા છે તે તપશ્ચર્યા કરે તોપણ જરા પણ આત્મલાભ થતો નથી ને કોઈને સત્ દેવાદિની શ્રદ્ધા હોય પણ આત્માની શ્રદ્ધા ન હોય ને તપ કરે તે પણ નિષ્ફળ છે. શુદ્ધ આત્માની ખબર નથી તેને કદાચિત્ કર્મના કાળે કર્મ ખરે પણ અજ્ઞાનના કારણે ઘણાં કર્મો બંધાય છે. અજ્ઞાની ઘણી તપશ્ચર્યા કરે, મુનિવ્રત ધારણ કરે, છ છ માસના ઉપવાસ કરે પરંતુ તેનો એક પણ ભવ ઘટતો નથી. જેને ઉપાદાન ને નિમિત્તની ભિન્નતાનું ભાન નથી તેને રાગ અને સ્વભાવની ભિન્નતાનું ભાન થઈ શકે નહિ, એવો અજ્ઞાની નવાં કર્મ બાંધે છે. તેની સવિપાક નિર્જરાની વાત અહીં લેવી નથી.

## પ્રસાદ નં. – ૧૯

### વી. નિ સં. ૨૪૭૯, કારતક વદ ૫, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું,
### સોનગઢ, તા. ૬-૧૧-૫૨, ગુરુવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૬
### (કારતક સુદ ૧૫, શનિવાર, ૧-૧૧-૫૨ બપોર)

નિર્જરાના બે પ્રકાર છે. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ છે તેનું ભાન થતાં અશુદ્ધતાનો અંશે નાશ થઈ શુદ્ધિ વધે છે તે ભાવનિર્જરા છે ને કર્મ ખરે છે તે દ્રવ્યનિર્જરા છે. કસાઈ બકરા કાપે છે તેને પણ કર્મ ખરે છે છતાં તેને નિર્જરા કહેવાતી નથી.

અજ્ઞાનીને દરેક સમયે ઉદયમાં આવેલા કર્મ ખરે જ છે પણ ગજસ્નાનવત્ ફરી વધુ કર્મ બાંધે છે, અજ્ઞાની શુભભાવ કરે તોપણ તેનું પુણ્ય સંસાર વૃદ્ધિનું જ કારણ છે, કોઈ રીતે મોક્ષનું કારણ કહી શકાતું નથી. અજ્ઞાની મંદકષાયથી વ્રત, તપ કરે છતાં ભાન નથી તેને અકામ નિર્જરા થાય છે પણ તેના આત્માને લાભ નથી. તેથી તેની મોક્ષમાર્ગમાં ગણતરી નથી.

જ્ઞાનાનંદનું ભાન થતાં અંતરમાં સહજ શાંતિ પ્રગટ થાય છે - સ્વાશ્રયે શુદ્ધિ થાય છે તેને સાચી નિર્જરા થાય છે. આત્મા એક રજકણની પણ ક્રિયા કરી શકતો નથી તથા દયા, દાન, વ્રત, પૂજાની ક્રિયાનો શુભરાગ જે થાય તેનો પણ જાણનાર છે – એમ જ્ઞાની માને છે. તે રાગથી લાભ માનતો નથી. ભૂમિકા અનુસાર રાગ હોય છે, ગૃહસ્થદશામાં અશુભરાગ પણ હોય છે. તે સરાગ અવસ્થામાં પણ સ્વદ્રવ્યના અવલંબનથી જ્ઞાનીને નિર્જરા તો થાય છે પણ પ્રથમ અશુભકર્મની નિર્જરા કરે છે. તે નિર્જરા શુભકર્મોનો નાશ કરતી નથી. અશુભનું ખરવું ઘણું થાય છે. ગૃહસ્થદશાનો રાગ હોય છે, સાથે આત્મા નિત્યાનંદ સ્વરૂપનું ભાન હોય છે અને અશુભમાં ન જવા માટે દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો શુભરાગ હોય છે. છતાં વીતરાગ દૃષ્ટિની નિરંતર મુખ્યતા હોવાથી સંસારની સ્થિતિને અલ્પ કરે છે તેથી પરિભ્રમણને ઘટાડનારી નિર્જરા વર્તે છે.

જ્ઞાનીને ચક્રવર્તીનું રાજ્ય હોય, હજારો સ્ત્રીઓનો સંયોગ હોય, ભાન છે, છતાં રાગ

ટાળી શક્યો નથી. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રનો તથા વ્રતાદિ વગેરેનો રાગ રહે છે, પુરુષાર્થની નબળાઈથી રાગને સર્વથા છેદી શકતો નથી તેથી ગૃહસ્થદશામાં રહે છે. છતાં નિરંતર પરથી ઉદાસ છે, નિરંતર ભાન છે કે પરચીજ મારી નથી, દેહાદિ સંયોગ તો છૂટશે જ, તેની મમતા કરતો નથી. અંતર્મુખદૃષ્ટિથી મુખ્યતા છે, સંયોગ અને વિકારની જરાય રુચિ નથી. આવી દૃષ્ટિ છતાં વીતરાગ ન થાય ત્યાં સુધી શુભ-અશુભરાગ છે. સમ્યગ્દૃષ્ટિને શુભરાગના કારણે તીર્થંકર નામકર્મની પ્રકૃતિ પણ બંધાઈ જાય છે. યશોકીર્તિ શુભનામ, ઉચ્ચ ગોત્ર, સર્વાર્થસિદ્ધિ દેવાયુ પણ બંધાય છે.

ચૈતન્ય જિનપ્રતિમા - અક્રિયબિંબ મહામધ્યસ્થ જ્ઞાતામાત્ર સ્વભાવમાં સ્થિર થઈ જાઉં એવી ભાવના છે. જિનપ્રતિમા પાસેથી કોઈ ચાંદીની વસ્તુ ઉઠાવી જાય તો તેને દ્વેષ થાય ? ન થાય. તેમ ગૃહસ્થદશામાં જ્ઞાની જીવ દૃષ્ટિમાં તો વીતરાગ છે, વીતરાગસ્વભાવનો આદર છે, કોઈ પ્રકારનો રાગ કરવા માગતો નથી. છતાં છઠ્ઠા ગુણસ્થાન સુધી ચારિત્રની નબળાઈનો રાગ હોય છે. ત્યાં નિર્જરા અને અંશે બંધ થાય છે.

અજ્ઞાની વ્રત-તપ કરે છે, તેને મિથ્યાત્વાદિ પાપકર્મ બંધાય છે તેથી તે શુભપરિણામી મિથ્યાદૃષ્ટિ છે, તેની અહીં વાત નથી. અહીં શુભપરિણામી સમ્યગ્દૃષ્ટિની વાત છે. તેને અશુભ પરિણામ વખતે આયુકર્મ બંધાતું નથી. ચોથા ગુણસ્થાનથી ૪૧ પાપપ્રકૃતિ ક્યારેય પણ બંધાતી નથી, પણ ખાસ પ્રકારનાં પુણ્ય બંધાય છે. તીર્થંકર નામકર્મ જ્ઞાનીને જ બંધાય છે. કોઈ પ્રકારનો રાગ આદરણીય માને તેને તીર્થંકર આદિ પુણ્યકર્મ બંધાય નહિ. ધર્મીને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિ, આદર, ઉલ્લાસ, પ્રમોદ હોય છે.

જેના નિમિત્તે આત્માનું ભાન થયું તેમને ત્રિકાળ નમસ્કાર હો ! નમસ્કાર હો !! અનંત ભવના અંતનો ઉપાય સંત વિના પામતો નથી. આત્મસ્વભાવ જેમના દ્વારા સમજ્યો તેનો અનંત ઉપકાર છે એમ સત્‌નું બહુમાન લાવી ભક્તિ કરે છે.

'સમયસાર' રચયિતા આચાર્યદેવે પ્રથમથી માની લીધું છે કે આ શાસ્ત્રના શ્રોતા કુદેવ-ગુરુ-કુશાસ્ત્રને છોડી સુદેવાદિને સારી રીતે માનનારા જ છે, ને શ્રવણની પાત્રતા સુધી આવેલ છે તેવા જીવને સમયસાર સમજવાને પાત્ર ગણેલ છે. અનંતવાર શ્રવણ કર્યું, અગિયાર અંગ, નવ પૂર્વ ભણ્યો પણ બહાર લક્ષે, તેથી તેણે સત્ સાંભળ્યું નથી.

આત્મા તો જ્ઞાનમાત્ર અરિસો છે. એક સમયનો અનિત્ય સંસાર છે તેને ગૌણ કર ને ત્રિકાળી સ્વભાવને મુખ્ય કર. અનાદિના મોહને હવે તો છોડ, પડખું ફેરવ, પરપડખે ઊભો છો, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દેહાદિમાં મમતા - એકતા કરી છે તે બુદ્ધિ છોડ ને ત્રિકાળી જ્ઞાયકમાત્ર છું તેમાં એકતાબુદ્ધિ કર, સ્વસન્મુખ થા – એમ સાંભળવા ઊભો રહે, વચ્ચે ખોટાનો આદર ન આવવા દે તે 'સમયસાર'ને સાંભળવાને લાયક છે. અહીં જ્ઞાનીને અશુભની નિર્જરામાં મોટા પુણ્ય બંધાય છે, પુણ્ય જરાય ઉપાદેય નથી એમ માને છે છતાં ખાસ પુણ્ય બંધાય છે. અજ્ઞાની

ને ખાસ પ્રકારનાં પુણ્યકર્મ કદી બંધાતાં નથી. સરાગ સમ્યગ્દૃષ્ટિને રાગના નિષેધમાં જે કંઈ અસાધારણ પુણ્યકર્મ બંધાય છે તે કર્મ આવી નિર્જરાવાળાને પરંપરા મોક્ષનું કારણ થાય છે. બંધન છે તે કંઈ મુક્તિનું કોઈ રીતે કારણ નથી. જ્ઞાતાદૃષ્ટા છું એમ દૃષ્ટિએ પૂર્ણ વીતરાગ સ્વરૂપને ધ્યેય કરેલ છે. ચારિત્રમાં વીતરાગી સ્થિરતા કરે તો તે ભવે મોક્ષ થાય છે. અત્યારે અશુભ ટાળે છે. દ્રવ્યસ્વભાવના જોરે શુભને પણ ક્રમે ક્રમે ટાળી, આનંદામૃતપૂર ચિદાનંદમાં ઠરીને મોક્ષ પામશે. કેમકે દૃષ્ટિમાં વીતરાગતાનું જ જોર છે, જે કર્મ ખર્યાં તે જાતનાં ફરી બંધાવાનાં નથી.

અજ્ઞાનીના માનેલાં વ્રત, ઉપવાસ, જાત્રા આદિથી જરીયે ધર્મ થતો નથી. તેને નિર્જરા નથી. જેમ હાથી પાણીમાં નાહીને ફરી ધૂળમાં આળોટે ને વધુ ધૂળ ચોંટાડે છે તેમ અજ્ઞાની મંદકષાય કરે તોપણ મિથ્યાત્વનું જોર હોવાથી તેને નિર્જરા નથી. રાગમંદ પડે તો પાપાનુબંધી પુણ્ય બાંધે પણ દેહની ક્રિયા હું કરી શકું છું, પુણ્યથી ધર્મ થશે વગેરે મિથ્યા માન્યતાથી સંસારને જ વધારે છે. જ્ઞાનીને જ મોક્ષનું કારણ એવી નિર્જરા હોય છે. 'શ્રી કુંદકુંદાચાર્યદેવ' કહે છે કે ધર્મની દૃષ્ટિથી આખા આત્માને ધાર્યા વિના નિર્જરા થતી નથી, અજ્ઞાની જે કર્મોને એક લાખ ક્રોડ વર્ષોમાં હઠથી હેરાન થઈને નાશ કરે છે તે સર્વ કર્મોને જ્ઞાની જીવ ત્રિગુપ્તિથી એક શ્વાસમાત્ર કાળમાં નષ્ટ કરે છે.

આશંકા :– જે સમકિતી છે તેને વીતરાગીપણાનું વિશેષણ કેમ લગાડ્યું છે ? કેમકે રાગાદિ હેય છે, તે મારા નથી એવું ભેદવિજ્ઞાન તો તેણે ઉત્પન્ન કર્યું છે, પછી તે રાગનો અનુભવ કરે તોપણ તેને જ્ઞાનમાત્રથી જ મોક્ષ થઈ જાય છે. દયા, દાન, વ્રતાદિનો રાગ મારી અવસ્થામાં થાય તે પણ પુણ્ય છે, ધર્મ નથી ને તેને કરવા લાયક માનતો નથી. શુભ-અશુભ વિકલ્પ ઉપાધિભાવ છે તેનાથી પણ ભેદજ્ઞાન છે – એવો જ્ઞાની છે તે ભલે રાગને જાણવામાં અટકે તોપણ જ્ઞાનમાત્રથી તેને મોક્ષ થઈ જશે એમ માનવામાં શું દોષ છે – એમ પ્રશ્ન છે.

સમાધાન :– અહીં જ્ઞાનપ્રધાનથી અને દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાથી નિર્જરા કહી છે પણ રાગ-દ્વેષ, પુણ્ય-પાપની લાગણી ઊઠે તે દોષ છે ને તેટલા રાગથી બંધન છે. ભેદજ્ઞાન હોવા છતાં જેટલો રાગ છે તેટલું તો બંધન છે જ, પર્યાયમાં જેમ છે તેમ જાણે તો સમ્યગ્જ્ઞાન છે.

દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાથી જ્ઞાનીને જે થાય તે નિર્જરા ખાતે કહેવાય છે. પણ વીતરાગ ચારિત્ર વિના વિશેષ નિર્જરા જે મોક્ષનું સાક્ષાત્ કારણ છે તેવી નિર્જરા થતી નથી.

શુભ-અશુભ ભાવ કલંક છે. શરમ છે, શરણ નથી એમ જાણે ને વળી તેનાથી બંધન ન માને એ કેમ બને ? રાગ મારી ચીજ નથી, કૃત્રિમ છે એટલે જ્ઞાની તેને ટાળવા માગે છે. શરીરમાં રોગ આવે, ક્ષણમાં નષ્ટ થાય, યુવાનવયમાં આયુ પૂર્ણ થાય, કુટુંબને છોડીને એકલો ચાલ્યો જાય છે. જે ચીજ તારું ધાર્યું ન કરે તે ચીજ તારી નથી. પ્રથમ નક્કી તો કર, નક્કી કરીને ત્રિકાળી જ્ઞાયકપણાને શરણ માન, તેમાં તારું ધાર્યું થશે. રાગાદિ અનિત્ય છે ને

ફરી એવો ને એવો રાગ કરવા માગે તો થઈ શકે નહિ. માટે તે અશરણ છે એમ જાણી નિત્ય શરણરૂપ ચિદાનંદમાં ઠર. ભેદવિજ્ઞાનનું ફળ તો નિરંતર વીતરાગતારૂપે આવવું જોઈએ, આટલો રાગ હોય તો ઠીક, રાગ હોવા છતાં સર્વથા નિર્જરા જ થાય છે એમ માની સ્વચ્છંદી થવાનું નથી.

**કારતક વદ ૧, રવિવાર, ૨-૧૧-૫૨**

આ અધિકાર નિર્જરાનો છે. આત્મામાં શુદ્ધિની વૃદ્ધિ થવી ને કર્મનું ખરવું તેને નિર્જરા કહે છે. એક માણશ અંધકારમાં હોય, તેને દીવો આપવા છતાં તે કૂવામાં પડે ને અજગર આદિનો ખ્યાલ ન આવે તો દીવાનું ફળ નથી. તેમ શરીરાદિની ક્રિયાથી ને પુણ્ય-પાપથી આત્માનું સ્વરૂપ જુદું છે એવા ભેદજ્ઞાનપૂર્વક જેને સંવર થયો છે તે જો રાગ-દ્વેષ ટાળતો નથી તો તેને સંવરનું ફળ નિર્જરા નથી. ભેદવિજ્ઞાન ધર્મનું પ્રથમ મૂળ છે. તે હોવા છતાં પુણ્ય-પાપનાં ફળમાં જોડાય તો ભેદવિજ્ઞાનનું ફળ જે વીતરાગતા તે તેને નથી. જેવા સિદ્ધ ભગવાન પર્યાયે નિર્મળ છે. તેવો શક્તિરૂપે છું એવું ભાન થવું તે ધર્મની શરૂઆત છે. છતાં પુણ્ય-પાપને અનુભવે તો તેને ભેદવિજ્ઞાનનું ફળ વીતરાગતા નથી.

અહીં નિર્જરાની ગાથા ચાલે છે. આત્માનું ભાન થવું તે અનંત કાળે નહીં થયેલી અપૂર્વ ચીજ છે. આખી દુનિયાનો જ્ઞાતા છું, રાગ-દ્વેષથી આનંદ માનનાર હું નથી એમ ભાન હોવા છતાં જેટલે અંશે વિકારનો અનુભવ કરે તેટલે અંશે બંધન થાય છે.

'શ્રી સમયસાર'માં આત્મજ્ઞાન થયું તેને મુક્તિ કહી દીધી છે. ત્યાં દૃષ્ટિપ્રધાન કથન છે. પર્યાયમાં મુક્તિ નથી તે વાત ત્યાં ગૌણ છે, અહીં જ્ઞાનપ્રધાન કથન છે. માટે કથનપદ્ધતિ સમજવી જોઈએ. જ્ઞાની રાગમાં જોડાય છે તેને તેટલું બંધન થાય છે. એમ અહીં બતાવે છે. સુખનો સાગર આત્મા છે એવું ભાન થવા છતાં રાગમાં જોડાય તેને ભેદવિજ્ઞાનનું વિશેષ ફળ આવતું નથી.

એનો અર્થ એવો નથી કે જ્ઞાન થતાં તુરત જ જંગલમાં ચાલ્યો જાય અથવા વીતરાગતા થાય પણ પોતાના પુરુષાર્થ અનુસાર વીતરાગતા આવે છે. રાગાદિથી આત્મા જુદો છે એવું જેને ભેદવિજ્ઞાન છે, તે ઉપરાંત રાગાદિમાં જોડાતો નથી એટલે કે સ્વભાવમાં સ્થિર રહે છે તેને વીતરાગતા પ્રગટે છે ને તે ભેદવિજ્ઞાનનું ફળ છે એમ જાણવું જોઈએ.

નેત્રોથી જોવાનું ફળ સર્પ આદિથી બચવું છે. આંખે સર્પને દેખવા છતાં સર્પના દરમાં પગ નાખે તો નેત્રનું મળવું વ્યર્થ છે. તેમ આત્મા પર પદાર્થથી જુદો છે એવું ભાન હોવા

છતાં પુણ્ય-પાપમાં એકાગ્રતા કરે તેને વિશેષ ફળ આવતું નથી. તારું સ્વરૂપ અનાકુળ છે, દુઃખની લાગણીથી પર છે, એવું ભાન છતાં દુઃખની લાગણીમાં જોડાવું ન છોડ તો કેવળજ્ઞાન થશે નહિ.

આ પ્રકારે નિર્જરા તત્ત્વનું વ્યાખ્યાન પૂરું થયું.

આત્માનાં સાચાં શ્રદ્ધા-જ્ઞાન કરી અંતરમાં ઠરવું તે ક્રિયા છે. તે ક્રિયાને અજ્ઞાની ઉથાપે છે ને જ્ઞાની સાચી ક્રિયાને સ્થાપે છે. આ ગાથામાં ભેદવિજ્ઞાન તથા નિર્જરા બન્નેની વાત આવી ગઈ. જ્ઞાન તથા ક્રિયાની એમ બે વાત આવી. દયા-દાનથી પણ આત્મા જુદો છે એમ જાણવું તેને ભેદજ્ઞાન કહે છે ને વિકાર રહિત અંતરમાં સ્થિરતા કરવી તેને નિર્જરા કહે છે. આટલા ઉપવાસ કરે તેને નિર્જરા કહેતા નથી. જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તે આસ્રવ છે. તેવા ભાવમાં જોડાય તો ભેદવિજ્ઞાનનું ફળ આવતું નથી. અંતરમાં ઠરે તે ફળ છે ને તે ક્રિયા છે. આ ક્રિયા આવી.

કેવળજ્ઞાની – ત્રણકાળના જ્યોતિષીએ આવા જોષ જોયા છે. તારું માહાત્મ્ય તારા જ્ઞાન સ્વભાવથી છે. પૈસા વગેરે પર પદાર્થ તથા પુણ્ય-પાપના ભાવની સાથે સંબંધ ન કરવો ને સ્વભાવ સાથે સંબંધ કરવો એમાં તારું માહાત્મ્ય છે.

હવે મોક્ષ કોને કહેવો તેની વાત કરે છે.

### ગાથા-૩૭

**सव्वस्स कम्मणो जो खयहेदू अप्पणो हु परिणामो।**
**णेयो स भावमुक्खो दव्वविमुक्खो य कम्मपुहभावो।।३७।।**

**ગાથાભાવાર્થ :–** સર્વ કર્મોનો નાશનું કારણ જે આત્માના પરિણામ છે તેને ભાવમોક્ષ જાણવો જોઈએ અને કર્મોની આત્માથી સર્વથા ભિન્નતા થવી તે દ્રવ્યમોક્ષ છે.

બધાં કર્મોના નાશનું કારણ આત્માના પરિણામ છે. કેવળજ્ઞાન ને વીતરાગતા પણ પરિણામ છે. આઠ કર્મો છૂટવામાં નિમિત્ત કેવળજ્ઞાનાદિ પરિણામ છે. આત્માના અવલંબને કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંત વીર્ય પ્રગટ કર્યાં તે આત્માના પરિણામ છે. આત્મા દ્રવ્ય છે, જ્ઞાનાદિ ગુણો છે, કેવળજ્ઞાન જ્ઞાનની પર્યાય છે – પરિણતિ છે. કેવળદર્શન તે દર્શનશક્તિની અવસ્થા છે, કેવળ આનંદ તે આનંદગુણની અવસ્થા છે, અનંતવીર્ય પ્રગટે તે વીર્યગુણના પરિણામ છે. આવા પરિણામ પ્રગટવા તે ભાવમોક્ષ છે. જીવ અલ્પજ્ઞતામાં અટકતો હતો તે ભાવબંધ

હતો, જ્ઞાન-દર્શનમાં અલ્પજ્ઞપણે રહેતો, વીર્યમાં અલ્પજ્ઞપણે થતો ને અંશે આનંદ અને અંશે દુઃખમાં અટકતો તે ભાવબંધ હતો. આત્માની પૂર્ણ નિર્મળદશા થવી તે ભાવમોક્ષ છે ને કર્મોનું સર્વથા પ્રકારે છૂટવું તે દ્રવ્યમોક્ષ છે.

**વ્યાખ્યાર્થ :–** ભગવાનને અનંતા ગુણો પ્રગટ્યા છે. અહીં ગુણ એટલે અવસ્થા સમજવી. આત્માના અવલંબને અનંત ચતુષ્ટય પ્રગટ્યાં તે પ્રગટ્યાં, તે નાશ થવાનાં નથી, તે સ્વાભાવિક છે. કલ્પનામાં આવે એવી ચીજ તે નથી. વિસ્મયકારી છે, તથા ઉપમારહિત છે – એવા કેવળજ્ઞાનાદિ પરિણામને મોક્ષ કહે છે. તે આત્માની પર્યાયમાં થાય છે, મોક્ષ સિદ્ધશિલામાં નથી. સંસારની દિશાથી ને સાધકદશાથી મોક્ષદશા જુદી જાતની છે તેથી તેને અહીં 'अवस्थान्तर' કહેલ છે. સામાન્યરૂપથી વ્યાખ્યા એ છે કે પૂર્ણ નિર્મળદશાને અનુભવે તે મોક્ષ છે. તોપણ મોક્ષને વિશેષ બે પ્રકારે સમજાવે છે.

(૧) ભાવમોક્ષ કોને જાણવો ? આત્મા જ્ઞાનાનંદ છું એવી શ્રદ્ધા કરવી તે સમકિત છે, તેનું સ્વસંવેદનજ્ઞાન તે જ્ઞાન ને તેમાં રમણતા કરવી તે ચારિત્ર છે. તે નિશ્ચય રત્નત્રય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ આદિ વ્યવહાર રત્નત્રય છે. તે બંધનનું કારણ છે, પણ મોક્ષનું કારણ નથી. અહીં નિશ્ચય રત્નત્રયને કારણસમયસાર કહેલ છે. મોક્ષદશાને કાર્યસમયસાર કહે છે, તેનું કારણ મોક્ષમાર્ગ છે માટે નિશ્ચય રત્નત્રયને કારણસમયસાર કહેલ છે. સ્વસન્મુખ થઈ સ્વાભાવિક સમ્યગ્દર્શનાદિ પ્રગટે તે કારણસમયસાર છે.

જે પરિણામથી દ્રવ્ય તથા ભાવરૂપ મોહ આદિ ચાર ઘાતિકર્મનો નાશ થાય છે તે રૂપ પરિણામને ભાવમોક્ષ કહે છે.

હવે દ્રવ્યમોક્ષનું સ્વરૂપ કહે છે.

ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયે નિશ્ચય રત્નત્રયની પૂર્ણ દશા થતાં દ્રવ્યમોક્ષ થાય છે ત્યારે દેહ તથા બધાં કર્મો છૂટી જાય છે ને સિદ્ધદશા થાય છે. કેવો છે દ્રવ્યમોક્ષ ? પરમાત્મા ટંકોત્કીર્ણ એકલો જ્ઞાનસ્વરૂપી છે, શુદ્ધબુદ્ધ છે, વીતરાગી સ્વભાવવાળા છે તેવા પરમાત્માને બાકીનાં આયુ આદિ ચાર કર્મોથી છૂટવું થાય છે તે દ્રવ્યમોક્ષ છે.

હવે મુક્તદશામાં આનંદ કેવો છે તેની વાત કરે છે.

જે આનંદ શક્તિરૂપ છે તે આનંદ સિદ્ધમાં વ્યક્ત થાય છે, તે મુક્તદશાનું સુખ સંહનનથી કે મનુષ્ય શરીરથી ઉત્પન્ન થતું નથી, પોતાના ઉપાદાનકારણથી તે સિદ્ધ છે, ભલે નિમિત્તકારણ હોય, મજબુત સંહનન આદિ હોય પણ પોતાના ઉપાદાનના કારણે સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે. મોક્ષ પામનારને શરીર વજ્રકાય, મનુષ્યદેહ, પંચેન્દ્રિયપણું વગેરે નિમિત્તરૂપે હોય છે પણ તેનાથી સુખ થતું નથી. પણ પોતાના આત્માના આશ્રયે સુખ ઉત્પન્ન થયું છે.

આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ એ જ સુખનું ખરું કારણ છે. નિમિત્ત કારણથી સુખ નથી. ધર્મી જીવે પ્રથમથી નક્કી કરેલ છે કે અનંતા સિદ્ધો થયા તે પોતાના ઉપાદાનકારણે

સુખી થયા છે. વજ્રર્ષભનારાચસંહનન તો તાંદુલ મચ્છને હોય છે છતાં તેને કેવળજ્ઞાન થતું નથી. સૂતરનો દોરો દોરાના બંડલમાંથી નીકળે છે પણ હાથમાંથી નીકળતો નથી તેમ આત્મામાંથી જ્ઞાન ને સુખાદિ પ્રગટે છે પણ શરીર, મન, વાણીમાંથી તે પ્રગટતાં નથી. જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરી જેટલી એકાગ્રતા કરે તેટલી સુખદશા પ્રગટે છે. પૂર્ણ એકાગ્રતા કરે તો પૂર્ણ સુખદશા પ્રગટે છે.

તારી મુક્તિ ક્યાંથી થશે ? પોતે શક્તિરૂપ તો ત્રિકાળ છે : તે કારણ ક્યારે કહેવાય ? તે ઉપાદાનકારણ છે એવી પ્રતીતિ કરી અંતર સ્થિરતા કરે તો કારણ કહેવાય છે. તેમાંથી અનંત આનંદ આવે છે. લાખ નિમિત્ત હોય, સાક્ષાત્ ભગવાન હોય તો તે શું કરે ? 'સમ્યગ્જ્ઞાનદીપિકા'માં કહ્યું છે કે જીવ અનંતવાર સમવસરણમાં ગયો, મણિ દીપકથી આરતી-પૂજા કરી છે પણ પોતાના ભગવાનની પૂજા કરી નથી. પોતે પોતાને સમજ્યો નથી.

પોતાનો આનંદ પોતાથી છે. બીજી ચીજને લીધે નથી તે સુખ સ્વયં અતિશયયુક્ત છે. પહેલી વાત ઉપાદાનકારણની લીધી છે. વળી સ્વયં અતિશયયુક્ત સુખ કહ્યું છે. લોકો કુટુંબમાં ને દીકરા આદિમાં સુખ માને છે પણ તે પુણ્યની વિશેષતા નથી. અહીં તો સાચા સુખની વાત છે. મોક્ષના સુખની વાત છે. આત્માની પૂર્ણ શુદ્ધદશા થવી તે મુક્તિ છે, તે મુક્તિમાં આનંદ સ્વયં છે. અજ્ઞાનીએ પરમાં આનંદ માન્યો છે. અનુકૂળતામાં રાગ કરવો ને પ્રતિકૂળતામાં દ્વેષ કરવો – બન્ને દુઃખદાયક છે. કોઈ પર ચીજ અનુકૂળ કે પ્રતિકૂળ નથી. હું પોતે સુખસ્વરૂપ છું એવા ભાનથી ઊપજેલું પૂર્ણ સુખ સ્વયં અતિશયયુક્ત છે.

વળી તે સુખમાં વિઘ્ન નથી. અહીં તો લૌકિક કહેવાતાં સુખમાં ઘણાં વિઘ્ન આવે છે. દીકરા, દીકરી મરી જાય, વેપારમાં મંદી થાય, નોકરીમાં ફેરફાર થાય. વગેરે ઘણાં વિઘ્ન લૌકિક સુખમાં હોય છે. આત્માનું સુખ પ્રગટ્યું તે પ્રગટ્યું તે નાશ થવાનું નથી, તે બધાથી શૂન્ય છે.

વળી તે સુખ વિશાળ છે – અમર્યાદિત છે. સંકોચવાળું નથી. સંસારનાં સુખ સંકોચવાળાં છે. વળી વધઘટથી રહિત છે, સંસારસુખ વધઘટવાળું હોય છે. સંસારમાં ઘડીમાં બંગલા ને દાગીના લ્યે ને ઘડીમાં તેને વહેંચવા પડે – એમ ભરતી ઓટ સાંસારિક સુખમાં થયા કરે છે. સિદ્ધના આનંદમાં વૃદ્ધિ-હાનિ થતી નથી, તે તો એકરૂપ રહે છે. આવું સુખ પોતાના આત્માના ઉપાદાનકારણથી પ્રગટે છે. એવી પ્રતીતિ જેને થાય તેને ક્રમે કરીને સિદ્ધદશા અને આવો આનંદ પ્રગટે છે.

## પ્રસાદ નં. – ૨૧

**વી. નિ સં. ૨૪૭૯, કારતક વદ ૭, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું,**
**સોનગઢ, તા. ૮-૧૧-૫૨, શનિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૭**
**(કારતક વદ ૨, સોમવાર, ૩-૧૧-૫૨ બપોર)**

### સિદ્ધના સુખનું વર્ણન

અહીં મુક્ત આત્માના સુખનું વર્ણન કરે છે, આ સિદ્ધ ભક્તિનો શ્લોક છે. સંસારનું સુખ આકુળતાવાળું છે ને સિદ્ધનું સુખ અનાકુળતાવાળું છે. તે સુખ આત્માના ઉપાદાન કારણથી ઉત્પન્ન થાય છે, તે વખતે નિમિત્તો હોય છે તે જ્ઞાન કરવા માટે છે, આત્મા શુદ્ધ આનંદકંદ છે, તેની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા એ જ ઉપાદાનકારણ છે. દ્રવ્ય તો સદાય છે જ પણ તેની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા રૂપી પર્યાય સાથે અભેદ આત્મા અહીં કારણરૂપે લીધો છે તેને સિદ્ધનું સુખ પ્રગટે છે તે સુખ સ્વયં અતિશયયુક્ત છે. વળી તેમાં બાધા નથી.

સાંસારિક સુખ પરાધીનતાવાળું છે, તે પરની અપેક્ષા રાખે છે, બાધાવાળું છે, અને સિદ્ધનું સુખ અપાર છે, વૃદ્ધિ ને હાનિ રહિત છે, એકરૂપ છે. સંસારમાં ઘડીમાં પચીસ લાખ આવે ને ઘડીમાં જાય તેથી તે ક્ષણિક છે.

વળી સિદ્ધનું સુખ કેવું છે ?

રૂપાળા શરીરથી તથા ઇન્દ્રિયોથી અજ્ઞાનીએ સુખ માન્યું છે, તેથી સંસારી સુખ વિષયો વાળું છે ને સિદ્ધનું સુખ વિષયોથી શૂન્ય છે, સિદ્ધમાં પ્રતિપક્ષ નથી, સંસારમાં પ્રતિપક્ષતા આવ્યા કરે છે, શાતાના ઘણાં પ્રસંગો હોય, ખાઈ પીને બેઠો હોય પણ ત્યાં દીકરીને સર્પ કરડવાના તારથી ખબર આવે તેથી સંસારી સુખ પ્રતિપક્ષવાળું છે, સિદ્ધમાં પ્રતિપક્ષ નથી, સિદ્ધમાં અનેરાં દ્રવ્યની અપેક્ષા નથી, સંસારમાં પરદ્રવ્યની અપેક્ષા છે. સિદ્ધના સુખને ઉપમા નથી. સિદ્ધને અચિંત્ય આનંદ છે. સાદિ અનંતકાળ તે રહે છે, દ્રવ્ય અંત વિનાનું છે માટે સિદ્ધદશા પણ અંત વિનાની છે. અશુદ્ધદશાનો અંત આવે પણ સિદ્ધનો સુખનો પાર આવતો નથી. વળી સિદ્ધનું સુખ નિત્ય

છે. જો કે સમયે સમયે સિદ્ધનું સુખ નવું નવું પ્રગટે છે પણ સાદિ અનંતકાળ રહે છે. માટે નિત્ય કહેલ છે. સંસારમાં કલ્પના કરેલું સુખ અનિત્ય છે, તે કાયમ ટકતું નથી.

આત્મા ચિદાનંદ શક્તિનો પિંડ છે, તેમાંથી સિદ્ધના સુખની પર્યાય ફાટે છે, તેનો અંત આવતો નથી. વળી તે સર્વ કાળે ઉત્તમ છે. ત્યાં પૂર્ણાનંદ અમૃતનો અનુભવ છે. જેવો સ્વભાવ છે તેવો પૂર્ણ વ્યક્ત થઈ ગયો છે. તેને હીણપ લાગતી નથી. સંસારમાં ઉણપ લાગે છે. પૈસાવાળાનો છોકરો મરી જાય તો કલ્પના કરે છે કે મારા સુખમાં ઉણપ આવી ગઈ પણ સિદ્ધમાં ઉણપ નથી. વળી સિદ્ધનું સુખ અનંત સાર સહિત છે. ચક્રવર્તીને ઘણી ઋદ્ધિ હોય તોપણ તેનું સુખ સાર વિનાનું છે. બ્રહ્મદત્ત ચક્રવર્તીને મોટા મહેલ હતા, ચૌદ રત્ન હતા, છ ખંડમાં તેનાં ઘણાં પુણ્ય હતાં પણ તે મરીને નરકમાં ગયો માટે સંસારનું સુખ સાર વિનાનું છે. સિદ્ધદશા એવી ને એવી શોભિત રહે છે. તેવું પરમ સુખ સિદ્ધને છે.

હવે કોઈ શંકા કરે છે કે સુખ ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતું દેખાય છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, મેવા વગેરેમાં સુખ દેખાય છે. ખાવાપીવામાં સુખ દેખાય છે, સિદ્ધને ઇન્દ્રિયો તથા શરીર નથી તો પછી સિદ્ધને કેમ સુખ હોય ?

સમાધાન :— સાંભળ, અજ્ઞાની પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં કલ્પના કરી સુખ માને છે, આંખથી રૂપ જુએ, કાને આબરૂ સાંભળે, વાજાં સાંભળે, ગજરા સુંઘતો હોય એ બધામાં સુખની કલ્પના કરે છે, પણ તે આકુળતા છે. પાંચ ઇન્દ્રિયોના વ્યાપાર રહિત છે તે અતીન્દ્રિય સુખ છે ને આકુળતા રહિત છે જે આ લોકમાં જોવામાં આવે છે. મુનિને તેવું સુખ હોય છે. મુનિને બહારના સંયોગો નથી છતાં આનંદકુંડમાં તેઓ ડોલે છે, અંતર્મુખ દશા હોય છે, ત્યારે બહારની ખબર હોતી નથી. પાંચ ઇન્દ્રિયોનું અને રાગનું અવલંબન છોડીને નિર્વિકલ્પ ધ્યાનમાં લીન છે, તેને રાગથી રહિત ને પોતાના અનુભવથી સુખ પ્રગટ થયું છે તે અતીન્દ્રિય સુખ છે. એકાંત ધ્યાનમાં મુનિ હોય છે, રાગથી શૂન્ય થઈ ગયા છે, શરીર, મન, વાણીથી શૂન્ય છે જ. બહારના તડકા આદિની ખબર નથી. છતાં આત્માનું સુખ છે ને તે જ સાચું સુખ છે.

સંસારમાં સુખ વિઘ્નવાળું છે, શરીર રૂપાળું હોય છતાં રોગ થઈ આવે છે, માટે તેમાં સુખ નથી. શરીર હાડમાંસથી ભરેલું છે ને ભગવાનઆત્મા આનંદથી ભરેલો છે. આત્માનું રૂપ આનંદ છે, મુનિને ઉપવાસને લીધે શરીર ક્ષીણ થઈ ગયું હોય છતાં તે અંતર આનંદમાં લીન છે. સુખ માટે બહારના સાધનની જરૂર નથી.

અજ્ઞાની જીવો બહારનાં સંયોગમાં સુખ માને છે. પણ સુખ આત્મામાં છે. યોગીને અતીન્દ્રિય સુખ છે એમ બતાવી સિદ્ધને વિશેષતાથી અતીન્દ્રિયસુખ છે એમ કહે છે. મુક્ત જીવોને પુણ્ય-પાપથી રહિત તથા દ્રવ્યકર્મોથી રહિત અતીન્દ્રિય સુખ છે. સુખ આત્માના સંપૂર્ણ પ્રદેશોમાં આનંદદાયક છે. આવા સુખમાં મુક્ત જીવો લીન છે — એમ જાણવું.

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ગુરુ ! આપે સિદ્ધમાં આનંદની વાત ઘણી કરી પણ

કર્મ માર્ગ આપે ત્યારે સિદ્ધ થવા ને ? સંસારી જીવોને નિરંતર કર્મબંધન થાય છે તેમ જ કર્મોનો ઉદય પણ સદાય રહ્યાં કરે છે તો મોક્ષનો અવસર ક્યારે આવે ? શુદ્ધ આત્માના ધ્યાનનો (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અવસર) પ્રાપ્ત થતો નથી, કર્મ છૂટે ત્યારે આત્મા પાસે અવાય ને ? કર્મથી છૂટીએ ત્યારે મોક્ષમાર્ગ થાય ને તો પછી મોક્ષ થાય ને ?

ગ્રંથકારે મુક્તદશામાં અતીન્દ્રિય સુખની વાત કરી ત્યારે શિષ્યે બંધ ને ઉદયની વાત કરી. સંસારીને કર્મનું બંધન ને ઉદય સદાય થયા કરે છે એમ કહ્યું.

સમાધાન :– જેમ કોઈ ડાહ્યો માણસ પોતાના શત્રુની ક્ષીણ અવસ્થા જોઈ વિચાર કરે છે કે શત્રુને મારવાનો આ પ્રસંગ છે – એમ વિચાર કરી શત્રુને મારે છે – એ દૃષ્ટાંત આત્મામાં ઉતારે છે. કર્મોની સ્થિતિ રસ મંદ પડે છે એટલે કે પોતાના આત્માના સ્વભાવ તરફનો પુરુષાર્થ વધ્યો હોય છે, તે વાત કરે છે. જીવે પોતામાં ક્ષયોપશમ કર્યો ત્યારે કર્મ મંદ પડ્યાં છે, એવો ખ્યાલ આવે છે. કર્મ મંદ પડે ત્યાં સુધી રાહ જોવાની વાત નથી પણ જીવ સ્વભાવ સમજવા તરફ વલણ કરે ત્યારે કર્મનાં સ્થિતિ-રસ ઘટી જાય છે તે વખતે પાંચ લબ્ધિ પ્રાપ્ત કરી કર્મ શત્રુનો નાશ કરે છે. બુદ્ધિમાન જીવ કષાયમંદતા કરી જ્ઞાન, દર્શન અને વીર્યનો પુરુષાર્થ વડે ઉઘાડ પ્રાપ્ત કર્યો છે તે ક્ષયોપશમલબ્ધિ છે તથા કષાયમંદતા કરી છે. તે વિશુદ્ધિલબ્ધિ છે ને સાચા દેવ-ગુરુ પાસેથી ઉપદેશ મળ્યો ને સ્વલક્ષે સાંભળ્યો તે દેશનાલબ્ધિ છે. એટલો તે સમ્યગ્દર્શન પામ્યા પહેલાં પુરુષાર્થ હોય છે. ત્યારે કર્મની સ્થિતિ રસ ઘટે છે તે પ્રાયોગ્યલબ્ધિ છે ને સમ્યગ્દર્શન પામતી વખતે એવા નિમિત્તે પરિણામ થવા તે કરણલબ્ધિ છે. તેમાં ચાર લબ્ધિ જીવ ઘણીવાર પામી ગયો છે. પાંચમી કરણલબ્ધિ સમકિત તથા ચારિત્ર વખતે હોય છે. તે અંતરના પરિણામની વાત છે. સમ્યગ્દર્શન તો દ્રવ્યના આધારે પ્રગટે છે પણ અહીં લબ્ધિથી થાય છે એમ વાત કરી છે. આગમભાષાથી કહીએ તો પાંચ લબ્ધિથી જીવ કર્મશત્રુનો નાશ કરે છે.

અધ્યાત્મભાષાથી કહીએ તો નિજ આત્માના સન્મુખ પરિણામ નિર્મળ ભાવનારૂપ ખડ્ગ છે, તેની પ્રાપ્તિ કરીને પુરુષાર્થ કરીને કર્મ શત્રુનો નાશ કરે છે. જીવે પોતાના પુરુષાર્થથી કર્મની સ્થિતિ-રસ ઘટાડ્યા છે તો વિશેષ પુરુષાર્થ કરે તો કર્મનો સર્વથા અભાવ થઈ જાય છે. પહેલેથી પુરુષાર્થથી કષાયમંદતા કરી છે ને સાચા દેવ-ગુરુની શ્રદ્ધા કરીને કર્મની સ્થિતિ ને રસ ઘટ્યા છે તો તે વખતે જીવ પોતાના સ્વભાવ તરફ પુરુષાર્થ કરી શકે છે. જીવને તીવ્ર કષાયના પરિણામ હોય ને કુદેવાદિ તરફનો આદર હોય તે વખતે સ્વભાવ સન્મુખ પુરુષાર્થ થઈ શકતો નથી પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરી, કષાય મંદતા કરી, પછી કષાયનો અભાવ કરે છે. એવો ક્રમ બતાવે છે. જીવની કષાયમંદતાના કારણે કર્મ નબળાં પડતાં નથી પણ જીવને સાચા દેવ-ગુરુનું બહુમાન આવતાં કર્મ સ્વયં મંદ પડે છે. તીવ્ર રસવાળું ને બહુ સ્થિતિનું કર્મ હોય ત્યારે કર્મનો અભાવ કરવાનો અવસર નથી પણ મંદ રસવાળું ને ઓછી સ્થિતિવાળું કર્મ હોય

ત્યારે કર્મનો અભાવ કરવાનો અવસર હોય છે એમ બતાવે છે. કર્મની સત્તા આત્મા ઉપર છે એમ છે જ નહિ. આત્માની નૈમિત્તિકદશા તીવ્ર પરિણામની હોય ત્યારે કર્મ નિમિત્તરૂપે તીવ્ર હોય ને નૈમિત્તિકદશા મંદ પરિણામની હોય ત્યારે કર્મ નિમિત્તરૂપે મંદ હોય છે.

જીવો ક્ષયોપશમનો ભાવ, કષાયમંદતાનો ભાવ ને સાચા દેવ-ગુરુનો ઉપદેશ સાંભળવાનો ભાવ કર્યો ત્યારે અકષાય ભાવ પ્રગટ કરવાનો અવસર છે. કુદેવાદિની શ્રદ્ધા કરે તેને કર્મનો અભાવ કરવાનો અવસર નથી એમ અહીં બતાવવું છે. પણ તેથી કરીને કષાયમંદતાથી જીવ ધર્મને પામ્યો એ વાત છે જ નહિ. દ્રવ્યલિંગી મુનિ કષાયમંદતા કરે છે પણ અકષાયી ભાવ પ્રગટ કરતો નથી માટે તેને અવસર આવ્યો કહેવાતો નથી. જે સમ્યગ્દર્શન પ્રગટ કરે તેને કષાયમંદતા આદિ લબ્ધિ નિમિત્ત કહેવાય છે.

જે જીવ સંસારમાં ખાવા-પીવામાં, કમાવામાં વગેરે બધામાં ઊંધો પુરુષાર્થ કર્યાં કરે છે ને ધર્મની વાતમાં હોનહાર કહે છે ને સ્વભાવ તરફનો પુરુષાર્થ કરતો નથી તે સ્વચ્છંદી છે.

કર્મોની સ્થિતિ કષાયમંદતાપૂર્વક અંતઃકોટાકોટી પ્રમાણ કરે તથા લાકડા ને લતાના સ્થાનરૂપ અનુભાગ કર્મોમાં રહે ને કર્મો લઘુ તથા ક્ષીણ થાય ત્યારે પણ તે જીવ આગમભાષાથી કહીએ તો અધઃપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ ને અનિવૃત્તિકરણ એવા પરિણામ પ્રગટ કરતો નથી તથા અધ્યાત્મભાષાથી કહીએ તો નિજશુદ્ધ આત્માના સન્મુખ પરિણામ કે જેનાથી કર્મો નાશ થાય છે એવા પરિણામ પ્રગટ કરતો નથી અથવા અકષાયી સ્વભાવનું લક્ષ કરતો નથી તો તે અભવીનું લક્ષણ છે. ચાર લબ્ધિ મળી પણ આત્મસ્વભાવ સન્મુખ પર્યાય વાળતો નથી તે અભવીનું લક્ષણ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન કર્યું પણ સ્વભાવનું બહુમાન કરતો નથી તે વર્તમાન મોક્ષમાર્ગ માટે લાયક નથી. 'પ્રવચનસાર'માં કહ્યું છે કે કેવળીને અતીન્દ્રિય સુખ છે એમ જે માનતો નથી તે અભવી છે. વર્તમાનમાં મોક્ષને માટે લાયક નથી. અન્ય નવ દૃષ્ટાંત મોક્ષના વિષયમાં જાણવા યોગ્ય છે. જેમકે રત્નદીપક ઇત્યાદિ.

અહીં શિષ્ય શંકા કરે છે કે :– બધાનો મોક્ષ થઈ જાય તો સંસાર ખૂટી જાય તો પછી શું કરવું ? આત્માની પરમાનંદ દશા પ્રાપ્ત કરવા માંડે ને છ માસ ને આઠ સમયમાં ૬૦૮ જીવ મોક્ષે જાય છે તો જગત આખું ખાલી થઈ જશે ? ભાઈ, જેમ ધનના લોભી માણસ ધનની રુચિ આડે વિચાર કરતો નથી કે બધા પૈસાવાળા થઈ જશે તો કામ કરવાવાળા માણસ -નોકર કોણ રહેશે – એવી શંકા કરતો નથી તેમ મોક્ષનો અભિલાષી આવી શંકા કરતો નથી.

તે શંકાનું વિશેષ સમાધાન હવે પછી આવશે.

**કારતક વદ ૩, મંગળવાર, ૪-૧૧-૫૨**

અહીં મોક્ષતત્ત્વનું વર્ણન ચાલે છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેની રુચિ ને રમણતા કરતાં પૂર્ણાનંદદશાની પ્રાપ્તિ થવી તે મોક્ષ છે. અહીં શિષ્ય પૂછે છે કે આત્માને સમજીને મોક્ષની પ્રાપ્તિ કરનારા અનાદિકાળથી છે તો જીવ ખૂટી જશે કે કેમ ?

અનાદિથી જેટલા આત્મા છે તેટલા છે ને તેમાં અનંતા મુક્તિ પામે તો સંસારી જીવ રહે નહિ ને સાધક પણ રહે નહિ. તો પછી પાછું સિદ્ધ થવું રહેતું નથી એમ પ્રશ્ન છે. જેમકે અનાજનો ઘણો મોટો ભંડાર હોય તે થોડું અનાજ કાઢતાં કાઢતાં બધું ખાલી થઈ જાય તેમ આત્માનું ભાન કરીને જીવોની મુક્તિ થયા જ કરે તો પછી જગત ખાલી થઈ જશે એવો શિષ્યનો પ્રશ્ન છે.

સમાધાન :– જેમ ભવિષ્યકાળ ભૂતકાળમાં ભળતો જાય છે ને તેથી ભવિષ્યકાળની સમયની રાશિમાં ન્યૂનતા થાય છે તોપણ ભવિષ્યકાળ ખૂટી જાય એમ બનતું નથી તેમ મોક્ષમાં જીવો જાય છે એટલા સંસારી જીવોમાં ઓછા થાય છે પણ સર્વથા ખાલી થાય એમ બને નહિ, જીવ રાશિનો કદી અંત આવતો નથી. અત્યાર સુધી અનંતા મોક્ષે ગયા છે તોપણ આ સમયે જગત કંઈ શૂન્ય નથી. અભવ્ય જીવ તથા અભવ્ય સમાન ભવ્ય જીવોનો મોક્ષ નથી માટે જગતની શૂન્યતા થતી નથી. મુક્તિને નાલાયક એવા અભવ્ય તથા ક્રિયાકાંડથી મુક્તિ માનનારા ઘણાં છે તે મોક્ષ પામશે નહિ ને સંસારમાં રખડશે, માટે જગત શૂન્ય થઈ શકે નહિ. મોક્ષની અભિલાષાવાળાને જગત શૂન્ય થઈ જશે એવી શંકા રહેતી નથી. આ જગતમાં ક્રિયાકાંડની રુચિવાળા અનંત જીવો છે, સ્વભાવથી મોક્ષ થાય છે એ વાત તેમને બેસતી નથી અને એવા જીવો અનંતા છે માટે જગત શૂન્ય થશે નહિ.

આ પ્રકારે સંક્ષેપથી મોક્ષતત્ત્વના વ્યાખ્યાનરૂપ એક સૂત્રથી પંચમ સ્થલ સમાપ્ત થયું.

હવે છઠ્ઠા સ્થલ દ્વારા ગાથાના પૂર્વાર્ધમાં પુણ્ય તથા પાપરૂપ જે બે પદાર્થ છે તેના સ્વરૂપનો તથા ઉત્તરાર્ધમાં પુણ્ય પ્રકૃતિ તથા પાપ પ્રકૃતિની સંખ્યાને કહે છે. એ અભિપ્રાય મનમાં ધારણ કરી ભગવાન 'નેમિચંદ્ર આચાર્ય' સૂત્રનું પ્રતિપાદન કરે છે.

**ગાથા-૩૮**

**सुहअसुहभावजुत्ता पुण्णं पावं हवंति खलु जीवा।**
**सादं सुहाउ णामं गोदं पुण्णं पराणि पावं च।।३८।।**

**ગાથાભાવાર્થ :–** શુભ તથા અશુભ પરિણામોથી યુક્ત જીવ પુણ્ય અને પાપરૂપ થાય છે. શાતાવેદનીય, શુભઆયુ, શુભનામ તથા ઊંચ ગોત્ર નામના કર્મોની જે પ્રકૃતિઓ છે તે તો પુણ્યપ્રકૃતિ છે અને બાકીની બધી પાપ પ્રકૃતિઓ છે.

**વ્યાખ્યાર્થ :–** પુણ્ય-પાપના ભાવ કોને કહેવા ? તેની વાત કરશે. આત્માનો સ્વભાવ ચિદાનંદ છે. પુણ્ય-પાપ વિભાવ છે, તે આત્માનો ખરો સ્વભાવ નથી. આત્મા તેનાથી રહિત છે. બંધથી પણ રહિત છે ને મોક્ષની એક સમયની પર્યાય જેટલો આત્મા નથી. આત્મા સાદિ અંત વિનાનો છે. પુણ્ય-પાપ ને બંધ એક સમય પૂરતાં છે પણ ત્રિકાળમાં નથી. મોક્ષ એક સમયની પર્યાય છે. પુણ્ય-પાપ આદિ સાતે તત્ત્વો પર્યાયના ભેદ છે. વસ્તુદૃષ્ટિએ આત્માનો સ્વભાવ તેવા ભેદથી રહિત છે. આત્માનો ત્રિકાળી સ્વભાવ સમય સમયની સંસારદશા ને સંવર-નિર્જરા વગેરેના ભેદોથી રહિત છે. ગુણોનો પિંડ અભેદરૂપ આત્મા છે.

તોપણ આત્મામાં અનાદિથી કર્મબંધન છે. તેના નિમિત્તે પુણ્ય-પાપના પરિણામ થાય છે, તે જીવની પર્યાયમાં થાય છે. તે પરિણામ પર્યાયદૃષ્ટિ એ જીવ પોતે ધારણ કરે છે તે પરિણામ જડના નથી, તેથી કહે છે કે આત્મા શુદ્ધ-અશુદ્ધભાવથી સહિત છે.

પુણ્ય-પાપના ભાવ ક્ષણિક છે, વસ્તુમાં નથી. વસ્તુમાં હોય તો કદી ટળે નહિ તેથી પ્રથમ વસ્તુમાં ભેદ નથી એમ બતાવ્યું પણ અનાદિથી પર્યાયદૃષ્ટિએ પુણ્ય-પાપરૂપે આત્મા પરિણમ્યો છે. કેવા છે તે પુણ્ય-પાપના પરિણામ ?

પ્રથમ પુણ્ય પરિણામ કહે છે :– કુદેવાદિની માન્યતાને છોડવાનો જે વિકલ્પ ઊઠે તે પુણ્ય છે. 'આત્મા ધ્રુવ શુદ્ધ છે વગેરે પ્રકારે સાચા તત્ત્વથી વિરુદ્ધ કહેનારાની શ્રદ્ધા છોડો' એવું સાંભળીને વિચાર કરે તેને શુભભાવ થાય છે. ધર્મ તો આત્માના અવલંબને થાય છે, પણ તે પહેલાં આવો વિચાર આવે છે કે વાસ્તવિક સ્વરૂપ જાણ્યા વિના જીવનું વિપરીત સ્વરૂપ કહેતા હોય, પુણ્યથી ધર્મ મનાવતા હોય તેની શ્રદ્ધા છોડવી એવો વિકલ્પ ઊઠે તે પુણ્ય છે. આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો પિંડ છે ને શરીર જ્ઞાન વગરના પુદ્‌ગલનો પિંડ છે, શરીરને પોતાનું માનવું તે મિથ્યાત્વશલ્ય છે, પણ શરીર ઉપરની બુદ્ધિ છોડું એવો વિકલ્પ ઊઠે તે પુણ્ય છે. સહજાનંદ આત્માની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. ભ્રમણાને છોડું એવું લક્ષ જતાં અવસ્થામાં શુભરાગ થાય છે તે પુણ્ય છે, ધર્મ નથી.

આત્મા જ્ઞાનાનંદ છે એમ સમ્યગ્દર્શનની ભાવના કરવી તે પુણ્ય રાગ છે. અહીં નિર્વિકલ્પ ભાવનાની વાત નથી. અહીં રાગ સહિતની વાત છે. સમ્યગ્દર્શનની ભાવના પુણ્ય છે – રાગ છે તે મુક્તિનું કારણ નથી. ઉત્કૃષ્ટ ભક્તિ કરવી તે પુણ્ય છે. દેવ અર્હંત અને સિદ્ધ તથા નિર્ગ્રંથ મુનિઓની ભક્તિ કરવી તે શુભભાવ છે, ધર્મ નથી.

ભાવ નમસ્કારમાં તત્પર થઈ જ્ઞાનમાં લાગ્યા કરો એ પણ શુભભાવ છે. જ્ઞાનસ્વરૂપમાં લાગ્યા રહેવું એવો વિકલ્પ ઊઠવો તે રાગ છે - પુણ્ય છે, ધર્મ નથી.

મુનિની દિગંબરદશા હોય છે. અંતરમાં આનંદદશા પ્રગટેલી છે તેવા મુનિને પાંચ મહાવ્રતનો વિકલ્પ ઊઠે તે પુણ્ય છે, ધર્મ નથી. ક્રોધાદિ કષાયોનો નિગ્રહ કરવો એમ ચિંતવવું તે પણ રાગ છે. અકષાયી થાઉં એમ કહેતાં પર્યાય ઉપર લક્ષ જાય છે તેથી પુણ્ય થાય છે. જ્ઞાતાદૃષ્ટાના લક્ષે વીતરાગતા થાય છે.

પ્રબળ શત્રુ - ભાવ ઇન્દ્રિયો છે, તેનો વિજય કરવો એમ કહેતાં પર ઉપર લક્ષ જાય છે, તેને સ્વભાવ તરફવાળું એવો વિકલ્પ ઊઠે છે તે શુભરાગ છે, પુણ્ય છે.

બાર પ્રકારના તપમાં ઉદ્યમ કરવો – એવો વિકલ્પ ઊઠે તે પુણ્ય પરિણામ છે. લોકો તપમાં ધર્મ માને છે પણ તે બધા પુણ્ય પરિણામ છે. ચિદાનંદ આત્માની શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે ધર્મ છે.

આ પ્રમાણે આ બે ગાથામાં કહેલ લક્ષણ મુજબ જે શુભ ઉપયોગ કરે છે તે શુભરૂપ થઈ જાય છે – તેને પુણ્ય થાય છે, ધર્મ થતો નથી.

**પાપપરિણામ :–** હવે અશુભભાવની વાત કરે છે. કુદેવને માનવા, સાચી શ્રદ્ધા ન કરવી તે પાપ પરિણામ છે. ખોટાને નમસ્કાર કરવા, હિંસા, જૂઠું, ચોરીના ભાવ, ક્રોધાદિના ભાવ વગેરે પાપ પરિણામ છે, ઇન્દ્રિયોને વિષયોમાં જોડવી, ખાવાનો વિકલ્પ કરવો તે બધા પાપ પરિણામ છે. કુદેવને માનવાથી તીવ્ર મિથ્યાત્વનું પાપ બંધાય છે. પૈસા રળવાનો, વ્યાજ ઊપજાવવાનો ભાવ તે પાપ છે.

આ પ્રમાણે પુણ્ય-પાપથી યુક્ત જીવ છે, તે પરિણામ જીવની દશામાં થાય છે, કર્મને લીધે તે થતા નથી. 'યુક્ત' શબ્દ વાપરેલ છે તે જીવની દશા સ્વતંત્ર થાય છે એમ બતાવવું છે.

હવે પ્રકૃતિની વાત કરે છે. તેમાં પુણ્ય તથા પાપ પ્રકૃતિની વાત કરે છે. પુણ્ય પરિણામથી શાતાવેદનીય બંધાય છે, તિર્યંચ, મનુષ્ય ને દેવનું આયુ બંધાય છે. શુભનામકર્મ તથા ઊંચગોત્ર બંધાય છે. આ પુણ્યપ્રકૃતિ છે. તે સિવાય અશાતાવેદનીય, નીચગોત્ર, અશુભનામ વગેરે તથા ચાર ઘાતી કર્મ એ પાપ પ્રકૃતિઓ છે. જેવા પરિણામ કર્યા તેવી પ્રકૃતિ બંધાય છે, તેના ભેદ બતાવે છે.

**પુણ્યની પ્રકૃતિ :–** શાતાવેદનીયની એક પ્રકૃતિ, તિર્યંચ, મનુષ્ય, દેવ એમ ત્રણ ભેદથી શુભ આયુની ત્રણ, સુભગ, યશકીર્તિ તથા તીર્થંકરપણા આદિરૂપ નામકર્મની ૩૭ પ્રકૃતિ તથા ઊંચ ગોત્રની એક – એ પ્રમાણે ૪૨ પુણ્ય પ્રકૃતિ જાણવી, બાકીની પાપપ્રકૃતિ સમજવી.

## જેથી તીર્થંકર નામકર્મ બંધાય એવી ૧૬ કારણ ભાવના

હવે પુણ્યમાં તીર્થંકર નામકર્મની પ્રકૃતિ જુદી બતાવે છે. તે સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. ધર્મી જીવ પુણ્ય-પાપથી ધર્મ માનતો નથી. કુદેવાદિનો સત્કાર કરતો નથી, સુદેવાદિનો સત્કાર કરે છે એવા શુભપરિણામમાં તીર્થંકર પુણ્યપ્રકૃતિ બંધાઈ જાય છે. છતાં તે પરિણામ તથા પ્રકૃતિનો આદર નથી. તે પ્રકૃતિ ૧૬ કારણે બંધાય છે.

(૧) **દર્શનવિશુદ્ધિ :–** આત્મા અખંડાનંદ છે એવી પ્રતીતિ ઉપરાંત સાચા દેવ-ગુરુના સ્વરૂપનો વિકલ્પ ઊઠે છે પણ તેનો નિષેધ વર્તે છે. આત્માની પ્રતીતિ છે. તેને આવો શુભભાવ આવે છે તે શુભથી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે.

(૨) **વિનયસંપન્નતા :–** શુદ્ધ આત્માનો વિનય તે સાચો વિનય છે. તે ભાવ સહિત સાચા દેવ-ગુરુ પ્રત્યે વિનય આવે છે – બહુમાન આવે છે. તેથી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે.

(૩) **શીલ તથા વ્રતોમાં અતિચારરહિતતા :–** જેને આત્માનું ભાન છે એવા કોઈ મુનિ અથવા ગૃહસ્થ શુભમાં વર્તે છે. તે વ્રતાદિને અતિચાર રહિત પાળવાનો શુભરાગ ઊઠે છે તેમાં તીર્થંકર પુણ્ય પ્રકૃતિ બંધાઈ જાય છે. આત્માના ભાન વિના વ્રત પાળે તેને આ પ્રકૃતિ બંધાતી નથી. તે તો સંસારમાં રખડે છે. આત્મા જ્ઞાતાદૃષ્ટા છે, દેહાદિની ક્રિયાનો સ્વામી નથી તેવા ભાનવાળાને આવો શુભરાગ આવી જાય છે. તેમાં આ પ્રકૃતિ બંધાય છે.

(૪) **નિરંતર જ્ઞાનમાં ઉપયોગ :–** ધર્મીને તો અંતરજ્ઞાનમાં રમણતા હોય છે પણ જે દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે એવો વિકલ્પ ઊઠવો તે શુભરાગ છે પણ તેનો આદર નથી તેમાં આ પ્રકૃતિ બંધાય છે.

(૫) **સંવેગ :–** મોક્ષ સ્વભાવ તરફનો વિકલ્પ ઊઠે તે સંવેગ છે. આત્મામાં લીન થાય તો જ મોક્ષ થાય છે એવી તો ખબર છે જ પણ સ્વભાવમાં ઉગ્ર થાઉં એવી વૃત્તિ ઊઠે તેને સંવેગના શુભપરિણામ કહે છે, તેવા વખતે આ પ્રકૃતિ બંધાઈ જાય છે.

(૬) **શક્તિપૂર્વક ત્યાગ :–** સમકિતી પોતાના પરિણામનું માપ કરીને શક્તિપૂર્વક ત્યાગ કરે છે. લાગણીના આવેશમાં આવીને મુનિ થઈ જતો નથી. પોતાનો પુરુષાર્થ જુએ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ જુએ છે. એમ શક્તિ જોઈને ત્યાગ કરે છે, એવો શુભરાગ આવે છે પણ શુભરાગને પોતાનો માનતો નથી. એવા શુભરાગમાં તીર્થંકર પ્રકૃતિ બંધાઈ જાય છે.

(૭) **શક્તિપૂર્વક તપ :–** ધર્મી ઉપવાસ વગેરે યથાશક્તિ કરે છે. ઉશ્કેરણીમાં આવી જતો નથી. સ્વભાવની દૃષ્ટિપૂર્વક યથાશક્તિ તપનો શુભરાગ ઊઠે છે તેમાં તીર્થંકરપ્રકૃતિ બંધાઈ જાય છે. અત્યારે તો ઘણી જગ્યાએ હઠ ચાલી રહ્યો છે, પણ ધર્મી શક્તિ પ્રમાણે તપ કરે છે.

(૮) **સાધુસમાધિ :–** સાધક જીવને સમાધિ અર્થાત્ શાંતિ ઊપજાવવાનો ભાવ તે શુભરાગ છે. સાધુને મૃત્યુ વખતે અનુકૂળતા કેમ થાય એવો રાગ શુભ છે તે તીર્થંકરપ્રકૃતિનું કારણ છે.

(૯) **વૈયાવૃત્ય :–** ધર્માત્માની સેવા કરવી, તેમના સંથારા વખતે હાજર રહી તેમની સેવા કરું એવો ભાવ વૈયાવૃત્ય છે. તે શુભ છે, તે રાગ વ્યવસ્થિત છે, તેમ જ તેના કાળે આવે છે તેમાં તીર્થંકરપ્રકૃતિ બંધાઈ જાય છે.

(૧૦) **અર્હંતભક્તિ :–** ૧૮ દોષ રહિત ને સર્વજ્ઞદશા પ્રગટેલ છે તે અર્હંત છે. તેમના પ્રત્યે ભક્તિ થવી તે શુભરાગ છે. તેથી ધર્મીજીવને તીર્થંકર પ્રકૃતિ બંધાઈ જાય છે.

**(૧૧) આચાર્યભક્તિ :–** જેને આત્માનું ભાન છે, નગ્નદશા છે, ને વિશેષ લીનતા વર્તે છે તે આચાર્ય છે, તેની ભક્તિ કરવી તે શુભરાગ છે. પોતે પંચાચાર પાળતા હોય ને દીક્ષા આપતા હોય તે આચાર્ય છે. એમની ભક્તિનો શુભરાગ થતાં તીર્થંકર નામકર્મ બંધાય છે.

**(૧૨) બહુશ્રુતભક્તિ :–** બહુશ્રુતજ્ઞાનની ભક્તિનો રાગ આવે તેમાં તીર્થંકર પ્રકૃતિ બંધાઈ જાય છે.

**(૧૩) પ્રવચનભક્તિ :–** શ્રી સર્વજ્ઞના મુખેથી નીકળેલા ષટ્ખંડ આગમની તથા બીજા શાસ્ત્રોની ભક્તિનો વિકલ્પ શુભરાગ છે.

**(૧૪) ષટ્આવશ્યક :–** સમ્યગ્દૃષ્ટિને શરીરની ક્રિયાનો આદર નથી, છતાં સામાયિક કરું, ચોવીસ તીર્થંકરને વંદન, કાયોત્સર્ગ, પ્રતિક્રમણાદિ કરું એવો શુભ રાગ પોતાની ભૂમિકા અનુસાર આવે છે, તેમાં તીર્થંકર નામકર્મ બંધાઈ જાય છે.

**(૧૫) માર્ગપ્રભાવના :–** સાચા માર્ગની પ્રભાવનાનો રાગ આવે છે, તે પુણ્ય છે. ધર્મીને પોતાની ભૂમિકામાં આવો રાગ આવે છે.

**(૧૬) પ્રવચનવાત્સલ્ય :–** શાસ્ત્ર તરફનો પ્રેમ ધર્મીને હોય છે. ગાયનો વાછરડા તરફ પ્રેમ આવે તેમ સમકિતીને પ્રવચન તરફ શુભરાગ આવે છે. તેને વાત્સલ્યભાવ કહે છે.

આ પ્રમાણે તીર્થંકરપ્રકૃતિ બંધનાં ૧૬ કારણ કહ્યાં. એવા લક્ષણની ધારક સોળ ભાવના છે. તેથી જે તીર્થંકર નામકર્મ બંધાય છે તે વિશિષ્ટ પુણ્ય છે. જેને શુભભાવનો આદર નથી ને શુદ્ધ ચૈતન્યનો આદર છે એવા કોઈ સમ્યગ્દૃષ્ટિને આ પ્રકૃતિનો બંધ પડે છે.

## પ્રસાદ નં. – ૨૩

**વી. નિ સં. ૨૪૭૯, કારતક વદ ૮, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું,**
**સોનગઢ, તા. ૧૦-૧૧-૫૨, સોમવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૮**
**(કારતક વદ ૪, બુધવાર, ૫-૧૧-૫૨ બપોર)**

નવતત્ત્વમાં પુણ્ય-પાપની વાત ચાલે છે. તેમાં તીર્થંકર પુણ્યપ્રકૃતિ પુણ્ય તરીકે સર્વોત્કૃષ્ટ છે. તેની વાત કરી. તે પ્રકૃતિ બાંધવામાં રાગની, વિનયની કે સમ્યગ્દર્શનની મુખ્યતા છે ? તેની વાત કરે છે.

શાસ્ત્રભાષાથી કહીએ તો સમકિત શુદ્ધ હોવું જોઈએ. એવા સમકિતીને શુભરાગમાં તે બંધાઈ જાય છે. તેને ત્રણ મૂઢતા રહિતપણું હોવું જોઈએ. દેવમૂઢતા, ગુરુમૂઢતા ને લોકમૂઢતાનો દોષ ન હોવો જોઈએ. આ દેવ સાચા છે ને તે દેવ પણ સાચા છે એમ માનવું તે દેવમૂઢતા છે. બધા ગુરુ કહે છે તેને ગુરુ માનવા તે ગુરુમૂઢતા, દ્રૌપદીને પાંચ પતિ માનવા તે લોકમૂઢતા છે. મહાસતી દ્રૌપદીને એક અર્જુન જ પતિ છે. છતાં શ્વેતાંબરના જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં આ વાત લખી નાખી છે કે દ્રૌપદીને પાંચ પતિ હતા. એ બધી લોકમૂઢતા છે. લોકમાં ચાલી તે વાત ચાલી, કોઈ વિચાર કરતું નથી. સમ્યગ્દૃષ્ટિને આવી મૂઢતા હોતી નથી.

વળી સમ્યગ્દૃષ્ટિને આઠ મદ હોતા નથી. સ્વભાવની દૃઢતા ને પ્રતીતિ વર્તે છે. તેને પોતાની અલ્પ પર્યાયનું પણ અભિમાન નથી તો પછી જાતિ, કુળ, વિદ્યા, રૂપ, અધિકાર, તપ આદિનો મદ નથી. સ્વભાવ જ્ઞાયકના અવિકારી રસ આડે પરનું અભિમાન ધર્મીને હોતું નથી.

ધર્મનાં સ્થાન નથી તેને ધર્મી છોડે છે. કુદેવ, કુગુરુ, કુધર્મ ધર્મમાં નિમિત્ત પણ નથી તેને છોડે છે. સર્વજ્ઞથી વિરુદ્ધ કહેનારા કુસ્થાન છે, ધર્મ માટે માનવા લાયક નથી તથા કુદેવ-કુગુરુ ને કુશાસ્ત્રના સેવકો – એમ મળી છ અનાયતનો છે તે આદરણીય નથી. શંકા, કંખા, મૂઢદૃષ્ટિ વગેરે આઠ દોષ છે તે ધર્મીને હોતા નથી – એમ ૨૫ દોષનો સમ્યગ્દૃષ્ટિને ત્યાગ હોવો જોઈએ. ૨૫ દોષ રહિત શ્રદ્ધા હોવી જોઈએ તે આગમથી વાત કરી.

અધ્યાત્મભાષાથી કહીએ તો શુદ્ધ આત્મા એક જ ઉપાદેય છે. ધર્મીને કુદેવ આદિનો પ્રેમ હોતો નથી. સુદેવાદિનો રાગ પણ ધર્મનું કારણ નથી માટે તે પણ ઉપાદેય નથી. જ્ઞાનમૂર્તિ આત્મા એક જ અંગીકાર કરવા જેવો છે. આ સમ્યગ્દર્શનની ભાવના તીર્થંકર નામકર્મ બંધાવામાં મુખ્ય કારણ છે. સમ્યગ્દર્શનથી તીર્થંકર પુણ્યપ્રકૃતિ બંધાતી નથી પણ સમ્યગ્દર્શનની ભાવનાના શુભરાગમાં આ પ્રકૃતિ બંધાઈ જાય છે.

શંકા :– ધર્મીને પુણ્ય-પાપ પરિણામ તથા પ્રકૃતિ હેય છે, તો પછી પુણ્ય પરિણામ કેમ થાય છે ? જે ભાવે તીર્થંકર નામકર્મ બાંધે તે પુણ્ય છે, તેને ધર્મી આદરણીય નથી માનતો. તો કેમ આવ્યું ?

સમાધાન :– તે માટે યુક્તિનું કથન કરેલ છે. આ 'જયસેનાચાર્ય'ની શૈલી મુજબ છે. દૃષ્ટાંત આપે છે. દેશમાં સ્ત્રી હોય ને પોતે પરદેશ હોય ત્યારે પોતાની સ્ત્રી પાસેથી કોઈ માણસ ત્યાં આવ્યો હોય તો સ્ત્રી પ્રત્યેના પ્રેમ ખાતર તેની સાથે વાતચીત કરે, સ્ત્રીના ખબર પૂછે, ચા-પાણી આદિ વડે સન્માન કરે, ફરી ઘેર આવજે ઇત્યાદિ કહે, તેમ ધર્મી જીવ પોતાના આત્માને ભાવે છે પરંતુ સ્વરૂપમાં ઠરી શકતો નથી ત્યારે શુભરાગ આવે છે. નિર્વિકલ્પ દશામાં ઉપયોગ જોડી શકતો નથી ત્યારે નિર્દોષ પરમાત્માની ભક્તિ કરે છે. શુભ વિકલ્પ આવે છે કે અહો ! અર્હંતો મારા આત્માની વાત કરે છે. સાચા દેવ અર્હંત, સિદ્ધ તથા તેના આરાધક આચાર્ય, ઉપાધ્યાય, સાધુની ભક્તિ કરે છે. શા માટે ? પરમાત્મપદની પ્રાપ્તિમાં તે નિમિત્ત છે માટે ખરેખર તો પરમાત્મપદની પ્રાપ્તિમાં શુદ્ધ આત્મા જ ઉપાદાન કારણ છે પણ પંચપરમેષ્ઠી નિમિત્તકારણ છે. વળી વિષય તથા કષાયના અશુભ ભાવ ટાળવા મુનિને દાન આપે, સિદ્ધ અને અર્હંતની ભક્તિ કરે, તેમના ગુણોની સ્તુતિ કરે – પ્રશંસા કરે, વગેરે પ્રકારે જે જેને યોગ્ય છે તે પ્રકારે ભક્તિ કરવાનો શુભરાગ ધર્મીને આવે છે. પ્રભાવના, ભક્તિ, ઉમંગ, પ્રેમ આવ્યા વિના રહેતો નથી. મુનિઓને પણ જાત્રાનો શુભરાગ આવે. કેમકે તે શુભરાગ મુક્તિમાં નિમિત્ત છે. તે અસ્તિથી વાત કરી.

હવે તેમાં ભોગની ઇચ્છા નથી. પંચપરમેષ્ઠીની ભક્તિના ભાવમાં ઇચ્છા નથી છતાં જેવી રીતે ખેડુતનો ઉદ્દેશ તો ચાવલની પ્રાપ્તિનો છે, ઘાસની ઇચ્છા નથી છતાં ચાવલની સાથે પલાલ (ઘાસ) સહેજે મળી જાય છે તેમ ધર્મીને પુણ્યની ઇચ્છા નથી. તે તો આત્માની ખેડ કરવા માગે છે, મોક્ષની ઇચ્છા છે છતાં ઠરી શકે નહિ ત્યારે શુભ ભાવ આવે ને તેના ફળમાં પલાલની જેમ પુણ્ય બંધાઈ ને પુણ્યનાં ફળો મળે છે. તેથી સ્વર્ગમાં દેવ અથવા લોકાંતિક દેવ તરીકે પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તે દેવો ૮ સાગરની સ્થિતિવાળા હોય છે. તેઓ તીર્થંકરના દીક્ષા પ્રસંગે આવે છે. તેઓ બ્રહ્મચારી હોવાથી દેવર્ષિ કહેવાય છે, તેઓ તે ભવ પછી નિયમથી મોક્ષે જાય છે. અથવા કોઈ જીવ સામાન્ય દેવ થાય છે ત્યારે દેવી વગેરેનો પરિગ્રહ મળે છે, છતાં તેને તૃણ સમાન માને છે. હું પૂર્ણ ન થયો ત્યારે શુભરાગના ફળમાં

આવો વૈભવ મળે છે. અસંખ્ય દેવો સેવા કરે, દેવીઓ મળે તથા વિમાન હોય પણ તેને સડેલાં તરણાં સમાન ધર્મી જીવ જાણે છે. ત્યાંથી તે પંચ મહાવિદેહમાં જાય છે કે જ્યાં સદાય તીર્થંકર હોય છે. ત્યાં શું દેખે છે ? ત્યાં સમવસરણ હોય છે, બાર સભા હોય છે, આ પ્રત્યક્ષ ભગવાન છે. અહો ! આ ગણધર છે, નિશ્ચય ને વ્યવહાર રત્નત્રયની આરાધના કરનાર ગણધર પ્રત્યક્ષ છે. તે ગણધરદેવ નિશ્ચયથી શુદ્ધ આત્માની આરાધના કરવાવાળા છે ને વ્યવહારથી ભગવાનની આરાધના કરવાવાળા છે. વળી સમવસરણમાં બાર સભા છે. આ પાંચસો ધનુષ્યના માણસો છે. તીર્થંકર આટલા દેહપ્રમાણ ઊંચા છે, ઇત્યાદિ શાસ્ત્રમાં જે સાંભળતા હતા તે આજે પ્રત્યક્ષ દીઠું – એમ માની અધિકતાથી ધર્મમાં દૃઢબુદ્ધિ કરે છે. ત્યાં તેમને ચતુર્થ ગુણસ્થાન યોગ્ય ભૂમિકા છે, વ્રતાદિ હોતાં નથી પણ પોતાની ભૂમિકા છોડતા નથી. જેને જેટલું આયુ હોય તે ધર્મધ્યાનમાં પૂર્ણ કરે છે. જે દેવો મહાવિદેહમાં જાય છે તેની વાત કરી છે, અનુત્તર વિમાનવાસી તથા નવ ગ્રૈવેયકવાળા દેવો જતા નથી તે વાત લીધી નથી.

ત્યાં સ્વર્ગમાંથી નીકળી - તીર્થંકર થાય છે. પૂર્વે તીર્થંકર પ્રકૃતિ બાંધી હોય તો તીર્થંકર થાય, કોઈ રાજા, ચક્રવર્તી, મંડળેશ્વર આદિ પદને પ્રાપ્ત કરે છે. એવું પદ મળવા છતાં સમ્યગ્દર્શન-જ્ઞાનની ભાવનાની વાસના રહી ગઈ છે. હું શુદ્ધ ચિદાનંદ આત્મા છું એવા ભેદવિજ્ઞાનને લીધે ધર્મી જીવ મોહ કરતો નથી. પણ ધર્મની ભાવના કરે છે તથા મોહરહિત થઈ મુનિ થાય છે. જિનેન્દ્રદેવે કહેલ દીક્ષા લ્યે છે, નગ્ન દિગંબરદશા ધારણ કરે છે ને પુણ્ય-પાપ રહિત નિજપરમાત્માનું ધ્યાન કરીને મોક્ષદશાને પ્રાપ્ત કરે છે.

કોઈ મિથ્યાદૃષ્ટિ હોય ને તેણે ઘણાં શુભભાવ કર્યાં હોય પણ તીવ્ર નિદાનબંધ કર્યું હોય તો એવાં પુણ્યથી અર્ધ ચક્રવર્તી નારાયણ તથા રાવણ આદિ પ્રતિનારાયણ સમાન ભોગોને પ્રાપ્ત કરે છે ને પછી નરકમાં જાય છે.

એ પ્રમાણે પૂર્વે કહેલાં લક્ષણવાળાં પુણ્ય-પાપ બે પદાર્થને પૂર્વે કહેલાં સાત તત્ત્વ સાથે મેળવવાથી નવ પદાર્થ થઈ જાય છે. અર્થાત્ જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ એમ સાતમાં પુણ્ય-પાપ એમ બે ભેળવવાથી નવ પદાર્થ થઈ જાય છે એમ સમજવું જોઈએ ॥૩૮॥

આ પ્રમાણે નવ પદાર્થને પ્રતિપાદન કરનારો બીજો અધિકાર સમાપ્ત.

## પ્રસાદ નં. – ૨૯૮

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા સુદ ૩, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૨૩-૮-૫૨, શનિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૯**
**(શ્રાવણ વદ ૧૩, સોમવાર, ૧૮-૮-૫૨ સવાર)**

અનંત કાળમાં રખડતા જીવોએ એક સેકંડ માત્ર આત્મશાંતિ-મોક્ષ કેમ થાય ને તેનો ઉપાય શું તેની વાત કદી સાંભળી નથી. પરથી પૃથક અને જ્ઞાનાનંદ સ્વભાવથી એકત્વ એ જ વાત રુચિથી સાંભળી નથી તેથી તે જ અપૂર્વ છે.

જગતની બુદ્ધિ અને પુણ્યની પદવી મળવી તે કાંઈ અપૂર્વ નથી. પરથી-વિકારથી જુદો ને સ્વથી એકત્વ એ વાત સમવસરણમાં અનેકવાર સાંભળી પણ અંતર્મુખ વાસ્તવિક દૃષ્ટિથી સમજ્યો નહિ તેથી સત્ સાંભળ્યું જ નથી એમ આચાર્યે કહ્યું છે.

અહીં મોક્ષમાર્ગ શું તે જણાવે છે.

### ગાથા-૩૯

**सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाणे।**
**ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा।।३९।।**

જુઓ આ ગાથામાં ‘जाण’ એમ કહીને આવો મોક્ષમાર્ગ જાણવાનો આદેશ આપે છે.

**ગાથા ભાવાર્થ :–** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે નો અવિરોધી સમુદાય તેને મોક્ષનું કારણ વ્યવહારનયથી હે શિષ્ય જાણ અને નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ જે નિજ

આત્મા છે તેને મોક્ષનું કારણ જાણ. જુઓ જિજ્ઞાસાથી સાંભળવા આવ્યો છે તેને સંભળાવે છે. કોઈ કહે છે કે ભગવાન મહાવીર શકડાલ કુંભારને ઘેર સમજાવવા ગયા હતા પણ તે વાત ખોટી છે. કેમકે નિર્ગ્રંથ મુનિ ત્રણ કષાય રહિત હોવાથી વીતરાગી છે, તે પણ કોઈ ગૃહસ્થને ઘેર સમજાવવા માટે ન જાય તો તીર્થંકર ભગવાન તો ઇન્દ્ર રચિત સમવસરણમાં જ બિરાજે છે. સંપૂર્ણ વીતરાગ અને કેવળજ્ઞાની છે તે કુંભારને ઘેર કેમ જાય ?

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહે છે કે ધર્મના લોભી જીવ ધર્મ સાંભળવાને આવે તો આચાર્ય છે તે ધર્મ સંભળાવે છે. એનો અર્થ એમ છે કે જેને ધર્મની દરકાર નથી તેને પરાણે સમજાવવું એવો માર્ગ નથી. મુનિઓ પણ કોઈને ઘેર સમજાવવા ન જાય તો તીર્થંકર વીતરાગ કોઈને ઘેર સમજાવવા જાય એમ કદી બને નહિ. દુકાને માલ લેવા આવે તેની મહત્તા છે પણ જે કાપડિયો પોટલાં બાંધી ઘેર ઘેર વેંચવા જાય તેની મહત્તા શી ? તેમ મુનિ હો કે ગણધર હો, કોઈ ગૃહસ્થને ઘેર સમજાવવા જાય તે વસ્તુસ્થિતિ નથી. વ્યાખ્યાર્થ :– શિષ્ય સાંભળવા આવ્યો છે તેને કહે છે કે હે શિષ્ય ! વીતરાગ સર્વજ્ઞ કથિત માર્ગમાં ૧૮ દોષ રહિત સર્વજ્ઞદેવ, ભાવલિંગી મુનિ તે ગુરુ, અને તેમના શાસ્ત્ર તે આગમ. તેને યથાર્થપણે જાણે તો વ્યવહાર સમકિત છે. પુણ્ય છે, હજુ તે પણ ધર્મ નથી. સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્ય અનાદિ અનંત સત્ કહ્યાં છે તેથી નક્કી થાય છે કે કાળદ્રવ્ય તેમાં એક સંપ્રદાયે ઉપચાર માત્ર કહીને કાઢી નાખ્યું છે. તેના મતમાં દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્વરૂપ સર્વજ્ઞના માર્ગથી વિપરીત છે. વ્યવહાર - શ્રદ્ધા એટલે શુભરાગ તેમાં છ દ્રવ્યને જુદાં જુદાં માને, કોઈને લઈને કોઈ છે – એમ ન માને ને દેવ-ગુરુ-શાસ્ત્ર, નવ તત્ત્વ, છ દ્રવ્યને યથાર્થ રૂપે માને ત્યારે તો હજુ ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ થાય છે. સ્વતંત્ર દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ તથા કાળદ્રવ્ય અસંખ્યાતા ત્રિકાળવર્તી છે તે જેણે નથી માન્યા તે બધા ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. તેને તો ધર્મની ગંધ પણ નથી.

એક દ્રવ્ય બીજાના કારણે પર્યાય કરે, કર્મના કારણે જીવને વિકાર-અવિકાર થાય એમ માને તેણે દ્રવ્યની સ્વતંત્રતા માની નથી.

દેહાદિ જડદ્રવ્ય જીવની ઇચ્છાથી પલટે છે એમ માનનારને છ દ્રવ્યની સ્વતંત્રતાની ખબર નથી. ઇચ્છાથી પૈસા મળે છે, વ્યવહારથી પરનું કરી શકાય છે એમ માનનારે કોઈ વસ્તુનો સ્વતંત્ર પરિણામી સ્વભાવ માન્યો નથી.

પ્રશ્ન :- ચશ્મા એની મેળે આવે ?

ઉત્તર :- એ પણ અનંતા પરમાણુઓનો પિંડ છે. 'છે' તે તેના અસ્તિત્વથી ત્રિકાળ છે. છે તેનું વર્તમાન રૂપાંતર, ક્ષેત્રાંતર તેના કાળે, તેના કારણે થાય છે. નિમિત્તની વાત તો કાર્ય થાય ત્યારે સંયોગનું જ્ઞાન કરાવવા માટે છે. દરેકનો સ્વભાવ તો અસંયોગી છે. નિત્ય પરિણામી છે. નિમિત્તાધીન જેની દૃષ્ટિ છે તે સ્વતંત્ર વસ્તુસ્થિતિ જાણી શકતો નથી પણ પોતાની માન્યતા પ્રમાણે ઊંધુ દેખે છે જડ કર્મો જીવને સંસારમાં રખડાવે એમ જે કહે છે તેણે જિનેશ્વરને તથા

દ્રવ્યો જુદે જુદાં છે એમ જાણ્યું નથી.

'સમયસાર'માં રાગાદિને કર્મકૃત કહ્યાં છે કેમકે પ્રથમ તો જેણે પરથી ભિન્નપણાની શ્રદ્ધા વડે નક્કી કર્યું છે કે રાગ નિશ્ચયથી પોતાની યોગ્યતાથી, પોતાની ભૂલના કારણે સ્વતંત્રપણે કરે તો થાય છે. પછી ક્ષણિક વિકાર ત્રિકાળી સ્વદ્રવ્યમાં નથી એમ દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાથી રાગાદિને કર્મકૃત કહ્યાં છે તેથી ત્યાં પણ જડ કર્મ જીવને રાગ કરાવે છે એવો અર્થ થતો નથી કેમકે એ વાતનો તો પ્રથમ જ નકાર કર્યો હતો.

પૈસાદિ પુદ્ગલ આપણે દઈએ તો દેવાય એમ માન્યું તેણે ત્રિકાળી પુદ્ગલ દ્રવ્યને ઉડાડી નાખ્યું છે તેથી તેની વ્યવહાર શ્રદ્ધા પણ સાચી નથી. છ દ્રવ્ય સ્વતંત્ર માનવાની તાકાત નથી તેનામાં ગૃહીતમિથ્યાત્વના ત્યાગરૂપ પુણ્યની પણ લાયકાત નથી.

પ્રશ્ન : જીવ વિના ભાષા બોલાય ?

ઉત્તર :- જીવની ઇચ્છા અને ભાષામાં ત્રણે કાળ અત્યંત અભાવ છે. બેઉ બિન્ન છે તો જ સંયોગ અને નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહેવાય છે. સંયોગ = જુદેજુદાં, સ્વતંત્ર, વાણી ભાષાવર્ગણાના કારણે થાય છે, ઇચ્છા ઇચ્છાના કારણે છે, સંયોગના કારણે સંયોગ છે. કોઈના કારણે કોઈનું અસ્તિત્વ નથી. લોકો ઈશ્વરના કારણે સૃષ્ટિની ઉત્પત્તિ વગેરે કહે છે તેમ જૈન નામ ધરાવીને જે કોઈ એમ માને કે હું છું તો શરીર-વાણી વગેરેનું કાર્ય છે. કોઈ વડે કોઈનું કાર્ય થઈ શકે છે તો તે પણ ઈશ્વર કર્તાવાદી જેવો મૂઢ છે. આત્મા હોય તો મડદું ચાલે એમ માને તે પણ મૂઢ છે. દરેક દ્રવ્ય દ્રવે છે, પાણી જેમ તરંગરૂપ દ્રવે છે તેમ દરેક દ્રવ્યમાં દ્રવવું, ટકીને બદલવું એવો સ્વતંત્ર ધર્મ છે. છયે દ્રવ્યમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ શું તે જાણવામાં આવી જાય છે.

જીવ દ્રવ્યને જાણતાં સંસાર, સંસારનું કારણ, મોક્ષ-મોક્ષનું કારણ ઇત્યાદિનું બરાબર જ્ઞાન થાય. સાધક દશારૂપ મોક્ષમાર્ગ છે, તે સંવર નિર્જરારૂપ વીતરાગભાવ છે. તેને ધારણ કરનાર નિર્ગ્રંથ નગ્ન દિગંબર મુનિ તે ગુરુ છે ને પૂર્ણ વીતરાગ અને ૧૮ દોષ રહિત અર્હંત અને સિદ્ધ તે દેવ છે. પુણ્યથી, શરીરથી, શુભરાગરૂપ વ્યવહારથી મોક્ષમાર્ગ મનાવે તે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે એમ જાણે તો વ્યવહાર શ્રદ્ધા છે. વ્રતાદિ, દયા, પૂજા, ભક્તિ, દાન દેવાના ભાવ તે પુણ્ય છે. આસ્રવ તત્ત્વ તે બંધનું કારણ છે; અને તે સંવર નિર્જરાથી વિપરીત છે એમ ન જાણે તેને પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરાની શ્રદ્ધા નથી. શુદ્ધ આહારપાણી મળે તો ધર્મ ટકે, પરિણામ સુધરે; હું શુદ્ધ આહાર ગ્રહણ કરી શકું છું – એમ જેણે માન્યું તેણે છ દ્રવ્યને સ્વતંત્ર માન્યા નથી; તેની વ્યવહાર શ્રદ્ધામાં પણ ભૂલ છે. એકવાર છ દ્રવ્યને પૃથક્ જાણ કે તેની પર્યાય તેનાથી થાય છે. કોઈથી નહિ એમ વ્યવહાર માન્યા પછી સ્વસન્મુખ નિશ્ચય શ્રદ્ધા અને નિર્વિકલ્પ સ્વાનુભવ થઈ શકે છે પણ પુણ્યથી, શુભરાગરૂપ વ્યવહારથી, દેહની ક્રિયાથી ધર્મ માને તેને બે દ્રવ્યો જુદાંની શ્રદ્ધા નથી. તો સ્વ દ્રવ્યાશ્રયરૂપ વીતરાગતાની

શ્રદ્ધા ક્યાંથી થાય ? જુઓ શ્વેતાંબર આગમોમાં વિપાક નામનું ૧૧મું અંગ છે તેમાં સુખવિપાકના દશ અધ્યયન છે તેમાં ૧૦ કથાઓ છે. 'સુમુખ ગાથાપતિએ મિથ્યાત્વદશામાં મુનિઓને આહાર આપ્યો તે ભાવથી સંસાર પરિત કર્યો, મેઘકુમારે દયાના શુભભાવથી સંસાર પરિત કર્યો, દાન, દયાના શુભ ભાવથી પરિત સંસાર થયો એમ લખ્યું છે તે ખોટી વાત છે. કારણે કે આહાર-પાણી દેવાનો ભાવ તે શુભરાગ - પુણ્ય છે, ધર્મ નથી માટે તેનાથી સંસાર તૂટે તે ત્રણ કાળમાં બને નહીં. છતાં સર્વજ્ઞ વીતરાગના નામે, શાસ્ત્રના નામે આવી મિથ્યાવાતો ગોઠવાઈ ગઈ છે. પરીક્ષાવાન તો માને નહિ. આત્મજ્ઞાન વિના મિથ્યાદૃષ્ટિને શુભ રાગ ભાવથી પરિત સંસાર થવાનું કહે છે તે વાત ભગવાનની કહેલી છે જ નહિ, ભગવાનને નામે મિથ્યાકથન કરેલું છે.

મમતા પર્યાયમાં પોતે કરે તો થાય છે, મમતાથી પૈસા મળતા નથી અને પૈસા વગેરેથી મમતા થતી નથી. સર્વજ્ઞદેવે કહેલાં છ દ્રવ્ય સ્વતંત્ર માનવાં, તેનું યથાર્થ જ્ઞાન તથા વ્રતાદિનું આચરણ કરવું તે સરાગ ભાવરૂપ વ્યવહાર મોક્ષમાર્ગ છે. પરમાર્થ મોક્ષમાર્ગ તો પોતાના આત્માશ્રિત વીતરાગભાવરૂપ શ્રદ્ધા-જ્ઞાનને એકાગ્રતા કરવી તે છે.

**શ્રાવણ વદ ૧૪, મંગળવાર, ૧૯-૮-૫૨**

અનંતકાળથી આત્મા પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી પરને પોતાનું માને છે અને પરથી લાભ હાનિ માને છે તે ભૂલ જ દુઃખનું કારણ છે. અવિનાશી સુખરૂપ થવાનો ઉપાય કોણ બતાવે કે જેઓ દોષ ટાળી સર્વજ્ઞ વીતરાગ થાય છે તે, તેમણે યથાર્થ છ દ્રવ્ય સ્વતંત્ર કહ્યાં છે. અનંત આત્મા, અનંત પરમાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ અને અસંખ્ય કાલાણુ દ્રવ્ય છે, એ છ દ્રવ્ય કોઈથી કરાયેલાં માને, ઓછા વધતા માને, તેને સર્વજ્ઞની અને વસ્તુસ્વભાવની પ્રતીતિ નથી.

આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેના પોતાના જ્ઞાનની તાકાત એવી છે કે છ દ્રવ્ય આવા સ્વતંત્ર છે એમ જાણે જ. જો તેમ ન કબૂલે તો તેને મંદરાગરૂપ વ્યવહારમાર્ગની પણ ખબર નથી તો પછી તે સ્વભાવમાં નિશ્ચયધર્મ તો કરી જ કેમ શકે ?

**ભાવાર્થ :–** શ્રી વીતરાગ સર્વજ્ઞે કહેલાં છ દ્રવ્ય છે તેમાં પાંચ અસ્તિકાય છે. પદાર્થ

છે, તેથી અસ્તિ અને ઘણા પ્રદેશોનો સમુહ હોય તેને કાય કહે છે. પ્રત્યેક કાળાણુ દ્રવ્ય ત્રિકાળ જુદેજુદાં છે તે અનેક પ્રદેશવાન નથી તેથી તેને અસ્તિ = સત્તાવાન કહ્યાં પણ કાયવાન નથી કહ્યાં. શ્વેતાંબરમાં કાળદ્રવ્ય નિશ્ચયથી નથી માનતા પરંતુ દ્રવ્યોની પર્યાય તે કાળ એમ કહે છે. ઉપચાર દ્રવ્ય માને છે તેને સર્વજ્ઞની અને વસ્તુ સ્વભાવની વ્યવહાર શ્રદ્ધા પણ નથી. દરેક આત્મા અરૂપી જ્ઞાનાનંદમય અનંતગુણથી અભેદ અસંખ્યપ્રદેશી છે. અસંખ્ય પ્રદેશ તે સ્વક્ષેત્ર છે. તે કોઈ પરક્ષેત્રના આધારે નથી તેથી દરેક આત્માને જીવાસ્તિકાય કહેવાય છે.

ધર્મી સ્વ-પરને સદાય સ્વતંત્ર માને છે કે અહો ! મારું હિત-અહિત મારામાં મારાથી થાય છે; સાધક-બાધકભાવ મારા અસંખ્ય પ્રદેશમાં મારી પર્યાયમાં હું પરિણમું તો થાય છે; કોઈ કર્મ, ક્ષેત્ર, સંયોગ મને કાંઈ કરી શકે એવું પરાધીનપણું કદી નથી.

સર્વજ્ઞ કથિત નવતત્ત્વ જેમ છે તેમ સાચા લક્ષણ દ્વારા માનવાં જોઈએ.

જે શાસ્ત્રમાં દાન, અનુકંપાના રાગથી સંસાર તૂટે એમ કહ્યું છે તેણે આસ્રવતત્ત્વ અને સંવર નિર્જરા તત્ત્વને એક માન્યા. કેમકે દયા અનુકંપાનો ભાવ તો શુભ આસ્રવ છે તેનાથી પુણ્ય બંધાય છે. પરંતુ જે ભાવથી પુણ્ય બંધાય તે જ ભાવથી પરિત સંસાર થાય એમ કહેનાર શાસ્ત્ર તે કુશાસ્ત્ર છે.

મેઘકુમારના જીવે હાથીના ભવમાં દયા પાળીને સંસાર કાપ્યો તેમ કહે છે તે મિથ્યાકથન છે, અને તે આસ્રવ, બંધ અને સંવર-નિર્જરા તત્ત્વની ભૂલ છે. સર્વજ્ઞ કથિત નવતત્ત્વો કેવા હોય એમ જાણી તેને જુદાં જુદાં માનવા જોઈએ. દયા, દાન, પૂજા, વ્રતાદિના શુભરાગથી કોઈને કોઈ કાળે, કોઈ પ્રકારે, સંવર-નિર્જરા ન થાય એમ માને તેણે ભગવાને કહેલો વ્યવહાર જાણ્યો કહેવાય. જે દેવ-ગુરુ-શાસ્ત્રે દયાદાનના ભાવથી સંસાર કપાય એમ કહ્યું હોય તે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર જાણવા. કારણ કે પુણ્યાસ્રવથી બંધનપણું જ સધાય છે તેમાં કાંઈ અપવાદ નથી. વ્યવહાર સમકિતમાં નવે તત્ત્વને વિકલ્પથી, રાગથી જેમ છે તેમ પૃથક્ પૃથક્ સ્વતંત્ર જાણવા જોઈએ.

શ્વેતાંબરોના ભગવતી સૂત્રમાં એમ કહ્યું છે કે જે સાધુ આચાર્ય પદવી ધારક હોય તે ત્રીજે ભવે મોક્ષ જાય. આચાર્ય સાધુ સંઘનું રક્ષણ કરે તે શુભરાગ છે, તેને મોક્ષનું કારણ મનાવે છે પણ તે તો પુણ્ય છે, સંસાર છે, માટે તે ખોટી વાત છે, કેમકે ભવનો અભાવ તો સ્વદ્રવ્યનું દૃઢ આલંબન લેવાથી જ થાય છે. સંઘનું રક્ષણ કરવાથી કે ઉપદેશ દેવાથી ત્રણ ભવે મોક્ષ જાય એમ કહે તેને વ્યવહારથી પણ વસ્તુસ્થિતિની ખબર નથી. તેથી જુઓને, આજકાલ આચાર્ય પદવી લેવા માટે કેટલી હરિફાઈ ચાલી રહી છે ?

એક તેરાપંથી સંપ્રદાય છે કે જે સ્થાનકવાસીમાંથી નીકળ્યા છે તેઓ દયા-દાનના ભાવને પણ પાપ મનાવે છે. દયા દાનમાં બીજાને બચાવવાનો, આહાર–પાણી દેવાનો ભાવ છે તે શુભરાગ છે, પુણ્ય છે, પાપ નથી પણ તેઓ માને છે કે અમારા માનેલા સાધુ વિના કોઈને પણ આહારાદિ દેવાના ભાવ તે એકાંત પાપ છે. શ્રાવકને પણ ભોજન આપે તો પણ પાપ

છે કેમકે તે અવ્રતી છે, ઝેરનો પ્યાલો છે તેને પણ પોષવાનો ભાવ તે પાપ છે કેમકે તે અવ્રતમાં જેટલું પાપ કરશે તેની અનુમોદનાનું પાપ આપણને લાગી જાય આમ દયા, અનુકંપાના ભાવમાં પાપ માનનારા સ્થૂલ મિથ્યાદૃષ્ટિ છે; તેઓ તો લૌકિકથી પણ વિરુદ્ધ છે. દાન, પૂજા, ભક્તિ, દયા, અનુકંપાના ભાવ તે પુણ્ય છે. ધર્મ નથી. પુણ્ય-પાપ બેઉ જુદાં તત્ત્વ છે, પુણ્યનો નિષેધ નથી પણ તેનાથી ધર્મ માનવાનો નિષેધ છે.

નિર્વિકલ્પ અનુભવ દ્વારા સમ્યગ્દર્શન થવા પહેલાં, ચોથા ગુણસ્થાન પહેલાં, સાત તત્ત્વ, નવ તત્ત્વ, સુદેવાદિની યથાર્થ પરીક્ષા કરી તેને માને તો વ્યવહારની શ્રદ્ધારૂપ આંગણે આવ્યો કહેવાય, અને નિશ્ચય શ્રદ્ધા વિના ગમે તેટલાં વ્રત, તપ, ત્યાગ કરે, ઉપવાસ કરીને સૂકાઈ જાય તોપણ અંશમાત્ર ધર્મ ન થાય, ધર્મની નજીક પણ ન થાય; અને જેને નિશ્ચય સમ્યગ્દર્શન છે તેને વિશેષ રાગ ટળતાં વૃતાદિના શુભ વિકલ્પ હોય છે તેમાં તે ધર્મ માનતા નથી પણ પુણ્ય માને છે. તેઓ પુણ્યને ધર્મમાં મદદગાર માનતા નથી તેથી તેના શુભરાગરૂપ શ્રદ્ધા-જ્ઞાન વ્રતાદિને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવાય છે, આવા ભાન વિના વ્રતાદિ હોય તો તે વ્યવહારાભાસ હોવાથી બાળવ્રત-બાળતપ એટલે મૂર્ખાઈ ભરેલા વ્રતાદિ છે – એમ ભગવાને કહ્યું છે. નિશ્ચય વીતરાગ ભાવરૂપ શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતાનો માલ જેને લેવો હશે તેને સર્વજ્ઞ વીતરાગ કથિત આવા નવ તત્ત્વ, દેવાદિને જેમ છે તેમ માનવા રૂપ – શુભ વ્યવહારરૂપ બારદાન હોય જ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે ન માને ત્યાં સુધી વ્યવહારે પણ સત્યનો આદર કરવાની પાત્રતા નથી.

જે કોઈ પોતના આત્માને અબદ્ધ, અસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ અને અસંયુક્ત શુદ્ધ પરિપૂર્ણ નિશ્ચય એકરૂપ સ્વભાવપણે શ્રદ્ધે છે તે સમગ્ર જિનશાસનને જાણે છે ને આવા આત્માને જાણે તે સાધક બાધક તત્ત્વ શું હોય તેને બરાબર નિઃશંકપણે જાણે જ; અર્થાત્ નિશ્ચયનું વાસ્તવિક ભાન થતાં સઘળોય વ્યવહાર પણ યથાર્થપણે જણાઈ જાય.

અન્યમતમાં કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, અનાસક્તિ વગેરે કહે છે, પણ તે મિથ્યા છે. સર્વજ્ઞ કથિત માર્ગમાં યુક્તિ, આગમ, અનુભવથી સ્વતંત્ર છ દ્રવ્ય, નવતત્ત્વ વગેરેને યથાર્થ રીતે જાણે તે અંદરમાં ઢળીને આત્માને જાણતાં સર્વ જિનશાસન જાણે છે, પણ છયે દ્રવ્ય વગેરેને જાણી યથાર્થ રીતે શુદ્ધાત્માને જાણે તેને સર્વજ્ઞકથિત નવતત્ત્વ, છ દ્રવ્યનું સાચું જ્ઞાન થાય છે. ત્યાં એકલા આત્માશ્રિત વીતરાગ દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા છે તે નિશ્ચય જિનશાસન છે ને સાધક-બાધક, નિમિત્ત-ઉપાદાન વગેરેને સ્વતંત્રપણે જાણવું તે વ્યવહાર જિનશાસન છે.

એક કાર્ય થતાં બે કારણ હોય છે. ઉપાદાન-નિજશક્તિથી જ પરિણમે છે. જે સમયે જે કાર્ય થયું તેમાં ઉપસ્થિત બીજી વસ્તુને નિમિત્ત કહેવાય છે. નિમિત્તના આશ્રયે જીવની પર્યાય થતી નથી ને જીવને આધીન નિમિત્ત નથી. દરેક વસ્તુ સ્વતંત્ર છે તેથી તેના કોઈ પણ કાર્યમાં નિમિત્તની અપેક્ષા રાખો તો વસ્તુ સ્વતંત્ર નિરપેક્ષ છે તેની શ્રદ્ધા રહેતી નથી. નિમિત્ત બીજી

ચીજ હોય છે પણ તેની ઉપાદાનમાં જરૂરિયાત માનનારને વસ્તુની સ્વતંત્રતા બેઠી નથી.

જેણે પરથી જુદું પોતાની પર્યાયે પણ સદા સ્વતંત્ર અને ત્રિકાળ પરિપૂર્ણ જ્ઞાનાનંદરૂપ સાચું અસલી તત્ત્વ છે એમ નિશ્ચય કરી સ્વતંત્રપણું યથાર્થપણું જાણ્યું તેણે સમગ્ર (સર્વ) જિનશાસન જાણ્યું અને તે જાણતાં વ્યવહાર, નિમિત્ત અને નિશ્ચય ઉપાદાનનું શું સ્વરૂપ છે તે પણ બરાબર જાણે છે. અત્યારે તો વ્યવહાર-નિશ્ચય શું ? મહાવ્રત વગેરે શું ? તેની શ્રદ્ધાના ઠેકાણા નથી અને વસ્ત્રાદિ પરિગ્રહ રાખનારા પોતાને મહાવ્રતધારી સાધુ માને છે ને મનાવે છે. પણ ત્રણે કાળના સર્વજ્ઞો અને વીતરાગી સંતો તો નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગનું આવું સ્વરૂપ કહે છે. માટે જેમ છે તેમ અવિરોધપણે વસ્તુનું સ્વરૂપ તેમ જ મોક્ષમાર્ગનું સ્વરૂપ જાણવું જોઈએ.

## પ્રસાદ નં. – ૩૦૦

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા સુદ ૫, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૨૫-૮-૫૨, સોમવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૯**
**(શ્રાવણ વદ )), બુધવાર, ૨૦-૮-૫૨ સવાર)**

દરેક આત્મા શક્તિરૂપે મોક્ષ સ્વભાવી છે પણ પોતાનું પરમાત્મપદ ભૂલીને વર્તમાન દશામાં પામરતા તથા વિકારને ધારણ કરે છે. બીજાને મોટાઈ આપે તથા હું પરનું કરી શકું છું એમ માને છે પણ પોતામાં સ્વતંત્ર તાકાત છે એમ માનતા નથી તેઓને ભગવાને રંક કહ્યા છે. હિત કરવું હોય તો પ્રથમ અવિનાશી હિતરૂપ શું છે તે જાણી તેનાથી વિરુદ્ધ પોતાની દશામાં પોતે અશુદ્ધતા - અહિતરૂપ ભાવ કર્યા કરે છે અને તેમાં પોતાનો જ અધિકાર છે એમ નક્કી કરવું જોઈએ.

ભવદુઃખનો ભય લાગતો હોય તો નિત્યાનંદ નિર્ભય સ્વરૂપ કોણ છે, ને તેને બતાવનાર સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોણ છે, સાચા તત્ત્વોનો અનુભવ કરનાર કોણ છે તેને બરાબર જાણીને અંદરમાં પોતાની સ્વતંત્રતાનો નિર્ણય કરવો જોઈએ. નિઃશંક સત્યમાં રુચિ જામ્યા વિના મૂંઝવણ મટે નહિ. એક ભાઈ કહેતા હતા કે સામાયિક કરીયે છીએ ત્યારે જાણે બંધાઈ ગયા હોઈએ એમ લાગે છે, ને તે છોડીને બેઠા હોઈએ ત્યારે બોજો નથી લાગતો તો તેને મોક્ષસ્વરૂપી એકલો જ્ઞાનાનંદમય છું એનો વિશ્વાસ નથી. ગૃહસ્થદશામાં પણ ધર્મી જીવને અંશે શાંતિ નિરંતર વર્તે છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ' પરથી વિકારથી જુદા. પૂર્ણ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન-લીનતા વડે આત્માની પૂર્ણ શુદ્ધદશા પ્રગટ થવી તે મોક્ષ છે. આત્મદ્રવ્યને તે ત્રિકાળ મોક્ષ સ્વરૂપ છે તેમાં સંસાર મોક્ષના કદી ભેદ નથી તો પણ સંસાર અને મોક્ષ દશાની વર્તમાન પર્યાય જીવ ધારણ કરે છે તેને કોઈ બીજો કરાવતો નથી.

નવતત્ત્વ, છ દ્રવ્ય સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા જ્ઞાન અને નિશ્ચય વીતરાગ દૃષ્ટિપૂર્વક વ્રતાદિ શુભભાવ તે વિકલ્પરૂપ હોવાથી વ્યવહાર મોક્ષમાર્ગ છે, અને ચિદાનંદ પૂર્ણ સ્વરૂપને

અવલંબીને પ્રગટતાં નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન એકાગ્રતા તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. નિશ્ચય મોક્ષમાર્ગનું સાધન વ્યવહાર મોક્ષમાર્ગ ઉપચારથી કહેવાય છે. જેમ સુવર્ણપાષાણ ને અગ્નિસુવર્ણપાષાણ બે જાતના હોય છે; જે અંધપાષાણનું સોનું છે તેમાં જુદા પડવાની લાયકાત જ નથી તેથી તેને અગ્નિ વગેરે નિમિત્ત મળે, છતાં તેમાંથી સુવર્ણ જુદું પડતું નથી તેથી અગ્નિને ત્યાં નિમિત્ત કહેવાતું નથી ને જે પથ્થરમાંથી સુવર્ણને જુદા થવાની તાકાત છે તે સુવર્ણને અગ્નિ નિમિત્ત-સાધનપણે કહેવાય છે તેમ ચિદાનંદ નિર્વિકાર આત્મા દેહાદિ સંયોગ અને ક્ષણિક વિકાર વિનાનો ત્રિકાળ જ્ઞાયક છે એમ જુદાનાં શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા જે જીવ કરે છે તેને સાચો વ્યવહાર નિમિત્ત કહેવાય છે પણ જે સ્વતંત્રતાનો માર્ગ પામવાને નાલાયક છે. પરાશ્રય વ્યવહારની જેને રુચિ છે તેને સાચાં નિમિત્ત મળે ને એના માનેલા વ્યવહારને આચરે, શુભરાગ રૂપ પંચાચાર પાળે છતાં તેને તે કોઈ સાધન મોક્ષમાર્ગના નિમિત્ત નથી, માત્ર સંસારનું સાધન છે. કેમકે એકલા વ્યવહારમાં તાકાત નથી કે મોક્ષમાર્ગનું સાધન બને પણ જે નિશ્ચય સમ્યક્ત્વાદિ આત્મામાં પ્રગટ કરે તેને સાચા નિમિત્ત અને વ્યવહારનો જ મેળ હોય છે તેથી તેને વ્યવહાર મોક્ષમાર્ગ ઉપચારથી સાધન કહેલ છે.

પ્રશ્ન :– અત્યાર સુધી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો ખ્યાલ કેમ ન આવ્યો ?

ઉત્તર :– પોતે પોતાના કુળધર્મમાં જે રુઢિથી વાતો છે તેમાં રસપૂર્વક રોકાઈ ગયો તેથી જે ક્રિયાકાંડનો વ્યવહાર માન્યો છે તેમાં સંતોષ મનાવનારની વાત અનાદિથી રુચિ છે તેથી અપૂર્વ તત્ત્વની જિજ્ઞાસા ન કરી તે જ પોતાનો દોષ છે. નિમિત્ત અને શુભરાગરૂપ વ્યવહારની જેને રુચિ છે તે પર્યાયબુદ્ધિવાળાને તો સાચા દેવાદિ નિમિત્તપણે પણ કહેવાતા નથી પણ જેને પરાશ્રયની રુચિ - શ્રદ્ધા નથી તેને શુદ્ધ સુવર્ણધાતુની જેમ નિર્વિકાર નિજઆત્માની પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ સાધ્ય છે ત્યાં સ્વદ્રવ્યાશ્રિત થતો વીતરાગભાવ તે નિશ્ચય મોક્ષમાર્ગ છે ને ત્યાં ભૂમિકા અનુસાર વ્યવહાર શ્રદ્ધાદિનો શુભ વિકલ્પ હોય છે તે વ્યવહાર મોક્ષમાર્ગ છે.

સાધકને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, વિનય આદિ હોય છે ને ખોટાનો કિંચિત્ આદર હોતો નથી પણ તેમાં જ સાધનપણું માની લે, શુદ્ધ ચિદાનંદમાં વલણ ન કરે તો તે મિથ્યાદૃષ્ટિ છે.

જેમ ખાલી ડબાના બારદાનમાં જે માલ નાખી તેનું તે બારદાન નિમિત્ત કહેવાય તેમ ઉપાદાનમાં નિશ્ચય વીતરાગભાવરૂપ માલ હોય તો સાચા વ્યવહાર મોક્ષમાર્ગના શુભરાગને ઉપચારથી સાધન કહેવાય ઉપાદાનમાં કાર્ય થયું નથી તો નિમિત્ત કોનું ?

અંદર વીતરાગ દૃષ્ટિ વડે રાગથી જુદો પડ્યો ને સ્વરૂપ પ્રાપ્તિરૂપ સ્વસન્મુખ થયો તો વચ્ચે આવેલા વ્યવહાર માર્ગને નિમિત્ત સાધન કહેવાય છે. નિશ્ચય શુદ્ધદૃષ્ટિના જોર વડે વ્યવહારનો નિષેધ કરનાર જાગ્યા વિના એકલા ભેદરૂપ વ્યવહારને વ્યવહાર કોણ કહેશે ?

અનંતકાળે ન પ્રાપ્ત થાય એવી અપૂર્વ વાત છે. અનંતવાર ધર્મને નામે ક્રિયા કરી, દયા

દાન વ્રતાદિના ફળમાં દેવપદ પામ્યો, તેમાં આત્માને શું ? જુઓ, 'પંચાસ્તિકાય'ની ૧૭૨મી ગાથામાં પણ વ્યવહાર કેવો ને કઈ રીતે હોય તે કહ્યું છે. તે વાત અહીં ચાલે છે. કારણ કે નિશ્ચય તત્ત્વજ્ઞાન હોય અને કુદેવાદિનો વ્યવહાર હોય એમ બને નહિ. કેટલાક માને છે કે તત્ત્વ સમજી લેવું. બહારમાં ગમે તેવો વ્યવહાર ને કુલિંગનો વેશ હોય તો વાંધો નથી. તો એ બધા અજ્ઞાનીઓ વક્તા વડે શાસ્ત્રના ઊંધા અર્થ કરે છે. સત્ય જોઈતું હોય તો 'શ્રી કુંદકુંદાચાર્ય' કહે છે તે અનુસાર સર્વજ્ઞ વીતરાગ કથિત સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ પ્રથમ સમજવું જોઈએ. આત્મા જ્ઞાયક છે, દ્રવ્યદૃષ્ટિથી ધર્મ થાય છે એ નિશ્ચયનો સ્વીકાર ક્યારે કહેવાય કે સનાતન જૈન દિગંબર ભાવલિંગી મુનિ, ૧૮ દોષ રહિત સર્વજ્ઞદેવ અને તેમના શાસ્ત્રની પ્રતીત અને આદર થાય; બીજાનો જરાય આદર ન થાય તો જ્ઞાયક આત્માને આશ્રયે નિશ્ચય મોક્ષમાર્ગનું જાણવું સાચું થાય. કોઈ કહે વ્યવહારનું નક્કી કરીને શું કામ છે, નિશ્ચય જાણો તો બસ છે. તો કહે છે કે આ પ્રયોજનભૂત વ્યવહાર જાણવા યોગ્ય છે, આદરવા યોગ્ય નથી. પણ વ્યવહારમાં મૂળ રકમ સાચા દેવાદિ છે તેને ન માને, છુપાવે તે જિનશાસનના મોટા ચોર છે.

પ્રશ્ન :– જાણપણું ન હોય તો કાંઈ નહિ પણ જ્ઞાનીએ કહ્યું તે અનુસાર કર્યે જઈએ તો પરંપરાએ આત્માનું જ્ઞાન થઈ જશે ?

ઉત્તર :– બન્ને પક્ષની પરીક્ષા વિના એકની સાચી પરીક્ષા થાય નહિ ને કુગુરુના ભરોસે રુઢિ અનુસાર વર્તે તો અનાદિનો સંસાર ઊભો રહેશે.

કોઈ કહે છે કે :– આપણે અજ્ઞાની છીએ, જ્યાંથી જે મળે તે ગુણ ગ્રહણ કરીએ; તો કહે છે કે તે તો અજ્ઞાન છે. દૂધમાં થોડું પણ ઝેર હોય તો દૂધનો ગુણ ન આપે તેમ; અજ્ઞાની કુગુરુ ગમે તેની વાતો લઈ, પોતાની કરીને કહે પણ તેમાં મિથ્યાત્વ ઝેર જ હોય છે, માટે ભવનો ભય હોય તેણે ધીરજથી પરીક્ષા કરી માનવું જોઈએ. સનાતન જૈન માર્ગમાં નિશ્ચય-વ્યવહાર આ રીતે છે, બીજી રીતે ત્રણ કાળમાં નથી.

## ભાદરવા સુદ ૧, ગુરુવાર, ૨૧-૮-૫૨

અનંત શક્તિથી પૂર્ણ જ્ઞાનમાત્ર આત્મા કેવો છે અને તેની યથાર્થ પ્રતીતિ પૂર્વક અનુભવ કેમ થાય એ આત્મહિતની વાત કદી સાંભળી નથી કદી તત્ત્વની વાત કાને પડે, ધારણા થઈ જાય પણ જ્યાં સુધી કુદેવાદિનો આદર ન છૂટે તો તે વ્યવહારે પણ પાત્ર નથી અને સાચા

દેવાદિ તથા છ દ્રવ્ય વગેરેને માને, જાણે, વ્રતાદિ પાળે છતાં નિશ્ચય શ્રદ્ધા ન કરી તો તે વ્યવહાર તેને સાધન નથી. અનંતવાર નવ ગ્રૈવેયક સુધી ગયો ત્યાં પૂર્વે સાચા દેવાદિ, સ્વતંત્ર છ દ્રવ્ય વગેરે માનતો હોય છે. અભેદ નિશ્ચય રત્નત્રય અને ભેદ વ્યવહાર આવો હોય, રાગથી–વ્યવહારથી ધર્મ ન થાય એવી સાચી વાતની ધારણા તો થઈ હોય ત્યાં સુધી તો હજુ પુણ્ય બંધાય છે પણ અંદરમાં નિઃસંદેહ વીતરાગ દૃષ્ટિ અને સ્થિરતા સ્વદ્રવ્યના આશ્રયે થવી જોઈએ તે ન કર્યું તો સાચો વ્યવહાર પણ તેને નિમિત્ત ન કહેવાય.

અત્યારે તો વીતરાગતા-સ્વતંત્રતા બતાવનાર સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર શું, હેય ઉપાદેયનું સ્વરૂપ શું, એ વાતમાં ઘણો વિરોધ છે ને તેની ઊંધી વાતનું પોષણ કરનાર ઉપદેશકો નિશ્ચયના નામે સનાતન જૈન ધર્મથી વિરુદ્ધ વ્યવહારનું સ્થાપન કરે છે તે અનંત સંસારને પોષે છે.

હવે અભેદથી સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર તે નિજ શુદ્ધ આત્મા જ છે તેથી નિશ્ચયથી આત્મા જ મોક્ષમાર્ગ છે શુભરાગરૂપ વ્યવહાર રત્નત્રય છે તે અચેતન છે અજાગૃતિરૂપ પુણ્યતત્ત્વ છે તે મોક્ષમાર્ગ નથી તે કહે છે.

## ગાથા-૪૦

**रयणत्तयं ण वट्टइ अप्पाणं मुइत्तु अण्णदवियह्मि।**
**तह्मा तत्तियमइउ होदि हु मक्खस्स कारणं आदा।।४०।।**

**વ્યાખ્યાર્થ :–** દેહાદિમાં તથા મનવાણી દેહની ક્રિયામાં તો મોક્ષમાર્ગ નથી પણ વ્યવહાર મોક્ષમાર્ગમાં પણ શુભવિકલ્પ છે તે પણ મોક્ષમાર્ગ નથી. અશુભથી બચવા ધર્મી જીવને તે હોય છે પણ તે મોક્ષમાર્ગ નથી. કેમકે નિજ શુદ્ધ આત્માને છોડીને અન્ય અચેતન દ્રવ્યમાં (રાગાદિ-વ્યવહારમાં) રત્નત્રય રહે નહિ, જે કોઈ આત્માને પરના બંધન સ્પર્શન રહિત - ભેદ રહિત, પરાશ્રય રહિત ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ જાણી તે શુદ્ધ દ્રવ્યનો અનુભવ કરે છે તેણે સંપૂર્ણ જિનશાસનને જાણ્યું છે ને તેણે વીતરાગી દેવાદિ તથા સ્વતંત્ર છ દ્રવ્ય – નિમિત્ત-ઉપાદાન જાણ્યાં છે. કોઈ શાસ્ત્રકાર નિમિત્તથી કાર્ય થવાનું બતાવે છે ને કોઈ ઉપાદાનથી બતાવે છે એમ કહેનારા વ્યવહાર જિનશાસન પણ સમજ્યા નહિ અનંતવાર ૮૪ લાખના અવતાર કર્યાં પણ વીતરાગે કહ્યા અનુસાર અહીં કહેવાય છે તે મુજબ કદી નિર્ણય કર્યો નહિ ને જ્યાં સુધી અપૂર્વ દ્રવ્યદૃષ્ટિ પકડીને નિર્વિકલ્પ નિશ્ચય દૃષ્ટિ આત્મામાં ન કરે ત્યાં સુધી ચોથું ગુણસ્થાન પણ નથી ને તે જીવ ભલે ત્યાગી, વ્રતી, પંડિત થાય, ઉપદેશક થાય, તે પણ સંસારની રુચિને

પોષે છે.

પર્યાય અને પર્યાયવાન અભેદ એક વસ્તુ છે. આત્માનો નિશ્ચય અને વ્યવહાર આત્મામાં હોય, બહારમાં ન હોય. ત્રિકાળવર્તી શુદ્ધ ચૈતન્યની શક્તિનું પૂર એવો આત્મા ક્ષણિક પુણ્ય-પાપના વિકલ્પથી પણ જુદો છે એ રાગરૂપ મલિનતા પર્યાયમાં જીવ કરે તો થાય છે પણ તે સ્વને ચૂકી પર આલંબનરૂપ દોષ છે ને એક સમય પૂરતો વિકાર હોવાથી ત્રિકાળ અવિકારના અવલંબનને ટળી જાય છે, માટે તે ધ્રુવ આત્માનું સ્વરૂપ નથી અને ત્રિકાળી શુદ્ધ સ્વભાવવાન પૂર્ણ જ્ઞાયક છું એવા અભેદ તત્ત્વની શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા કરે તે આત્મા જ નિશ્ચયથી મોક્ષનું કારણ છે. આત્માનો મોક્ષમાર્ગ શુદ્ધાત્માશ્રિત વીતરાગભાવ છે અને તે વ્યવહાર મોક્ષમાર્ગ છે તે શુભરાગ હોવાથી અચેતન છે. અન્ય દ્રવ્ય છે તેથી તેમાં મોક્ષમાર્ગ નથી.

'નિયમસાર'માં નવતત્ત્વની શ્રદ્ધા વગેરેના શુભરાગને - વ્યવહારને અન્યદ્રવ્ય કહેલ છે. જે કાંઈ રાગ ઊપજે છે તે પરાશ્રિત છે તેથી રાગ પરના સંબંધવાળો હોવાથી પરદ્રવ્ય છે. અનંતવાર ધર્મના નામે ઊંચામાં ઊંચા શુભભાવ કર્યાં છે મણિરત્નના દિવાથી ને કલ્પવૃક્ષના ફૂલથી સાક્ષાત તીર્થંકરદેવની પૂજા કરી છતાં તે પુણ્ય છે, ધર્મ નથી.

ત્યાં ધર્મ નથી તેથી સાચા નિમિત્ત પ્રત્યે વિનય ભક્તિ ઉત્સાહ ન લાવે તે તો તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે. જ્યાં પ્રીતિ છે ત્યાં રાગ થયા વિના રહેતો નથી. શરીર, સ્ત્રી, પુત્ર આબરૂ માટે કેમ હોંશ ઉત્સાહ બતાવે છે પાપ રાગમાં ન જવા પાપથી બચવા માટે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રમાં કપટ રહિત ધર્માનુરાગ ધર્મી જીવને હોય છે. સમજે છે કે મારો જ્ઞાયક સ્વભાવ રાગરહિત છે તેમાં જેટલે અંશે દૃષ્ટિપૂર્વક રાગરહિત થઈ ઠરું તેટલો ધર્મ છે. વીતરાગી અભેદ દૃષ્ટિમાં જ જિનશાસન વર્તે છે રાગમાં એટલે બાહ્ય તપ વ્રતાદિ શુભ વ્યવહારમાં કાંઈ જિનશાસન રહેતું નથી.

કોઈ કહે કે શુભ વ્યવહારમાં ધર્મ નથી તો શું કામ કરવો પણ કરે કોણ ? સાચી રુચિ હોય ત્યાં રાગની ભૂમિકામાં જ્ઞાનીને અશુભ રાગ વધુ કાળ હોય નહિ તેથી એવો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. બપોરે કહેવાશે કે સાચા દેવાદિ ધર્મસ્થાન માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, તન, મન, ધન, કશાયમાં ન ખર્ચે તે કુલટા જેવો તીવ્ર ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી જીવ પુણ્ય, પાપ બેઉને બંધન માને છે વ્યવહાર રત્નત્રયને પુણ્ય પરિણામરૂપ રોગ સમજે છે ને પોતાના આત્માને નીરોગી જ્ઞાયક સમજે છે છતાં ચારિત્રમાં ઠરી શકાતું નથી તેથી વ્યવહાર રત્નત્રયના શુભ વિકલ્પ છે છતાં તેને અચેતન છે એમ માને છે. જો શુદ્ધાત્માશ્રિત શુભ અને વ્યવહાર વિકલ્પ હોય તો તે સિદ્ધ દશામાં પણ સાથે રહેવા જોઈએ ? ચૈતન્યના અભેદ આલંબનમાં રાગાદિ વિકલ્પ રહેતા નથી પરંતુ ટળે છે તેથી તે અચેતન છે પણ આત્મા નથી.

રાગાદિ ઉપાધિ રહિત ચૈતન્ય ચમત્કારની ભાવનાથી ઉત્પન્ન મધુર અમૃતાનંદ રસ તેના અતીન્દ્રિય સ્વાદરૂપ અવિનાશી સુખનો ધારક હું છું એમ યથાર્થ સ્વસન્મુખતારૂપ નિશ્ચય

સમ્યક્દર્શન છે, તેમાં અંશે વીતરાગતા છે. જુઓ નિરંતર ચિત્ ચમત્કારની ભાવના જ્ઞાનીને હોય છે. સારા નિમિત્ત મળો, એમ સંયોગની ભાવના નથી. તીર્થંકર નામ કર્મ જે વડે બંધાય એવી ૧૬ કારણ ભાવના તે આસ્રવ છે તેને ભાવતો નથી. વ્યવહાર રત્નત્રય પણ પુણ્ય આસ્રવ છે તેની ભાવના ભાવતો નથી આ જ સત્યવાત છે. એમ પ્રથમ સારી રીતે નક્કી તો કરે પછી ધ્યાન અને વ્રતાદિ કેમ આવે તે ખબર પડશે. કોઈ કહે આવું સમજ્યા પછી તો વ્રત તપ કરવાનું આવશે ને ? પણ એ આસ્રવ તત્ત્વ તો બંધનું કારણ છે તેની ભાવના કેમ આગળ કરી ? જે પુણ્યાશ્રવ યાદ કર્યા કરે છે તેને રાગની ભાવના છે. વ્યવહારનું ફળ સંસાર છે તેમ માનતો નથી તેને પુણ્યની રુચિમાંથી ખસવું નથી. પ્રથમ પૂર્વાપર વિરોધ રહિત સત્ય નક્કી કરવા સાચી સમજણનો અભ્યાસ જોઈએ. છ દ્રવ્ય-સ્વદ્રવ્ય, નિશ્ચય વ્યવહાર, નિમિત્ત-ઉપાદાનની સ્વતંત્રતા જાણે પછી જ અંદર સ્વદ્રવ્યમાં એકાગ્ર પરિણતીરૂપ ધર્મ, ધ્યાન, તપ શું હોય, કેમ હોય તે ખબર પડે.

## પ્રસાદ નં. – ૩૦૨

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા સુદ ૭, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૨૭-૮-૫૨, બુધવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪૦**
**(ભાદરવા સુદ ૨, શુક્રવાર, ૨૨-૮-૫૨ સવાર)**

આત્મા અનાદિ અનંત જ્ઞાન-દર્શન શક્તિથી પૂર્ણ અને સ્વતંત્ર છે તેની પર્યાયમાં ભૂલરૂપ સંસાર છે તથા શુદ્ધિરૂપ મોક્ષનો માર્ગ આત્મામાં છે. ત્રણે કાળ ટકીને પોતાના કારણે અવસ્થા બદલે એવા સ્વતંત્ર છ દ્રવ્યો સર્વજ્ઞ ભગવાને કહ્યાં છે. 'છે' તે સ્વથી છે. પરથી નથી. સંસાર એટલે રાગ-દ્વેષ મોહરૂપ વિકાર, તે આત્માની અવસ્થામાં હોય, આત્માથી બહાર ન હોય. સ્ત્રી, ધન, મકાન, શરીરમાં, સંસાર નથી પણ પોતાને ભૂલી જવું ને દેહાદિમાં પુણ્યાદિમાં મમતા થવી તથા શુભ અશુભ ઇચ્છા તે સંસાર ભાવ છે, તે ઊંધા પુરુષાર્થથી જીવ પોતે કર્યા કરે છે.

આત્મા નિત્ય પરિણામી પદાર્થ છે. જે જીવ સ્વચૈતન્યને ચૂકી જેટલો પરના અવલંબનમાં રોકાય છે તે પર તરફનું વલણ, પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-અવ્રતાદિના ભાવ તે બધોય વિકાર છે, તે ક્ષણિક એકેક સમય પૂરતો નવો નવો અશુદ્ધ ભાવ છે. તે ત્રિકાળી આત્મદ્રવ્ય નથી, પણ આત્માના સહજાનંદ જ્ઞાનદર્શન વગેરે ગુણની ઊલટી દશા છે. પરમાં સુખ-દુઃખ, રાગ-દ્વેષ તે સંસારનું ધ્યાન છે વિકલ્પોની ઉપાધિથી રહિત હું નિત્ય જ્ઞાનાનંદ આત્મા છું એવી અભેદ ભાવનાથી ઉત્પન્ન અતીન્દ્રિય અમૃતાનંદના સ્વાદરૂપ, અવિનાશી સુખથી ભરેલો સુખરૂપ હું છું એમ સન્મુખ થઈને જે શ્રદ્ધાની દશા પ્રગટે તે સમ્યગ્દર્શન છે.

પ્રશ્ન :– રાગાદિ ઉપાધિ કેમ ઘટે ?

ઉત્તર :– પ્રથમ ઊંધી માન્યતા છોડી સંયોગ અને વિકારરહિત ત્રિકાળી નિર્વિકાર જ્ઞાયકમાત્રનું અપૂર્વ ભાન કરે તો સ્વાશ્રય એકાગ્રતાથી જ વિકાર ઘટે. પરાશ્રયદૃષ્ટિથી રાગ ઉત્પન્ન થાય છે તેનો નાશ સ્વાશ્રયદૃષ્ટિથી થાય છે. સ્વદ્રવ્યના આલંબનથી રાગાદિ ઉપાધિ

ઉત્પન્ન થતી નથી. નિર્મળ જ્ઞાનાનંદ સ્વભાવ શક્તિરૂપે છે. તેની એકાગ્રતા અનુસાર પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે અને ઉપાધિ ઘટે છે.

સમ્યગ્દર્શન અપૂર્વ ચીજ છે રાગ વિનાનું અતિન્દ્રિય અનુપમ સહજાનંદ સુખ અંદર એકાગ્રતાથી પ્રગટ થાય છે. ચોથું ગુણસ્થાન પ્રગટ થતાં જ અલૌકિક પરમાનંદનો સ્વાદ આવે છે. અશરીરી પરમાત્મા જે જાતનો આનંદ વેદે છે એ જાતનો અંશે આનંદ સમ્યગ્દૃષ્ટિને હોય છે. તેથી તેને ઇન્દ્રાદિ દેવોના પુણ્ય અને ઇન્દ્રિય સુખ સડેલા તૃણ જેવા અને આકુળતામય અગ્નિ જેવા લાગે છે. દૂધપાકનો સ્વાદ લે છે તેને ચોખાના ફોતરાનો સ્વાદ લેવાનું મન થાય નહિ તેમ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ દશામાં હોય, રાજા હોય, અનેક સ્ત્રી, ધન, પુણ્યનો સંયોગ હોય છતાં અંશમાત્ર તેમાં તેને હિતબુદ્ધિ, સુખબુદ્ધિ નથી. કેમકે ત્રિકાળી પૂર્ણ જ્ઞાનાનંદમાં નિઃશંક રુચિ વર્તે છે. ક્ષણિક નબળાઈથી ઇચ્છા થાય તેમાં વર્તતો નથી.

પ્રશ્ન :– આવી વાત કેમ રુચતી નથી ?

ઉત્તર :– વિરોધ ટાળી પરિચય કરતો નથી તેથી.

વિકાર પુણ્ય-પાપ, સુખ-દુઃખ રાગની લાગણી તો ક્ષણિક છે, બીજે સમયે ટળી જાય છે. જે ટળી જાય તે આત્માનું ખરું રૂપ ન કહેવાય. આત્મા તો જ્ઞાનાનંદ છે, તેનું કાર્ય તો જ્ઞાનાનંદપણે વર્તવું તે છે પરના કર્તૃત્વમાં કે પરને ઠીક અઠીક માની અટકવું તે તેનો સ્વભાવ નથી, માટે ત્રિકાળી સ્વભાવની સાચી રુચિ કરે, એકલો જ્ઞાયક છું એમ રુચે તો અનિત્ય રાગાદિ અને ઇન્દ્રિય વિષયોમાં સુખ ભાસે નહિ, પરમાં કર્તા-ભોક્તા બુદ્ધિ થવા દે નહિ તો આત્મામાં જ અવિનાશી સુખ છે એમ ભાસે.

પ્રશ્ન :– સ્વસંવેદન એટલે શું ?

ઉત્તર :– કુદેવાદિની શ્રદ્ધા છોડી, રાગની રુચિ છોડી, પરથી જુદો જ્ઞાનાનંદ પૂર્ણ છું એમ સારી રીતે સ્વમાં અભેદ દૃષ્ટિથી એકાગ્ર થઈ એકલો જ્ઞાન-શાંતિ માત્ર છું એવો નિર્વિકલ્પ અનુભવ થાય તે સ્વસંવેદન છે. આમ રાગથી જુદું સ્વસન્મુખ થયેલું જ્ઞાન તે સ્વસંવેદન જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે.

લોકોને મોંઘુ લાગે છે પણ આ તો પોતાનું સ્વરૂપ કહેવાય છે; તેને મોંઘુ કઠણ કેમ કહેવાય ? અત્યારે તો પુણ્યના ઠેકાણા નથી છતાં મારે ઘણી ઉપાધિ છે, ઘણામાં રોકાવું પડે છે એમ માને છે પણ તેમાં રુચિ છે તેથી સોંઘુ માને છે અને તેથી અંતરસ્વભાવ રાગરહિત જુદો છે તેનું માહાત્મ્ય આવતું નથી, અતીન્દ્રિય સ્વરૂપનો સ્વાદ કઠણ છે એમ કહે છે તે જ્ઞાનની અરુચિ બતાવે છે. રુચિ હોય તો સાચી સમજણનો રુચિથી અભ્યાસ કરે. સત્ય કોણ કહેનાર છે તેનો પરિચય કરીને પૂર્વાપર વિરોધ રહિત નિર્ણય કરવો જોઈએ. સાચું જ સમજવું છે એવી રુચિ હોય, દરકાર હોય તો પ્રથમ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, નવ તત્ત્વ, અને મોક્ષમાર્ગનું સ્વરૂપ યથાર્થ ઓળખીને માનવું જોઈએ.

સનાતન જૈન ધર્મમાં શું વિશેષતા છે ને બીજા અન્યમતમાં શું વિપરીતતા છે. શા માટે વિપરીત છે એમ પ્રથમ નક્કી કરવું જોઈએ. આંધળી શ્રદ્ધાથી વીતરાગ સર્વજ્ઞ તે દેવ છે. નિગ્રંથ દિગંબર મુનિ તે ગુરુ છે એવું માની લે પણ આત્મહિત અર્થે પરીક્ષા ન કરે તો તેને આત્માનંદનો લાભ ન થાય. રાગ ઘટાડે તો પાપાનુબંધી પુણ્ય થાય. પુણ્ય કરતાં કરતાં આત્માનો ધર્મ નજીક થાય એ વાત ત્રિકાળ ખોટી છે. કેમકે પૂર્વે અનંતવાર પુણ્ય કરેલ છે તેથી પણ ધર્મ થયો નહિ.

ચારિત્ર નામનો આત્મામાં ત્રિકાળી ગુણ છે તેની નિર્મળ દશા પ્રગટ કેમ થાય કે નિશ્ચય દૃષ્ટિ સહિત શુદ્ધાત્મામાં વિશેષ એકાગ્રતા–જાગૃતિ વડે વિશેષપણે રાગનો ત્યાગ થાય ને પરમસમતારૂપ સ્થિર દશા પ્રગટે તે ચારિત્ર છે, દેખેલા, સાંભળેલા, અનુભવેલા ભોગોની ઇચ્છા વિકલ્પરૂપ જે દુર્ધ્યાન – માઠું ધ્યાન છે તે આર્ત–રૌદ્રધ્યાન સંસારનું કારણ છે. પંચમહાવ્રતના પરિણામ તે પણ રાગ છે, રાગ તે અચારિત્ર છે, ચારિત્ર નથી. માટે સંસાર, શરીર, ભોગ વગેરે સર્વ પ્રકારના સંકલ્પ-વિકલ્પરૂપ મનોરથના ત્યાગથી એકલા નિર્વિકલ્પ નિજ સુખરસમાં સંતુષ્ટ એક સ્વસંવેદનમય એક આકાર એટલે રાગરહિત એક પ્રકાર વીતરાગભાવ સ્વરૂપ પરમ સમતા ભાવમાં અચળપણે ચિત્તને વારંવાર સ્થિર કરવું તે સમ્યક્ચારિત્ર છે. બાહ્ય સ્ત્રી, ધનાદિનો ત્યાગ તે ચારિત્ર નથી તથા વ્રત-તપના શુભ વિકલ્પ પણ ચારિત્ર નથી. ત્રણે કાળે ચારિત્રનું સ્વરૂપ આવું છે બીજી રીતે નથી.

આ વાતની પ્રથમ સમજણ તો કરે ! સમજીને સ્વીકાર કરે તો મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અનાદિના માનેલા છે તેનો આદર કરવા રૂપ મિથ્યાત્વ છૂટે. સાચી સમજણ વિના કોઈ રીતે સુખનો રસ્તો મળે એમ નથી. સાચા મુનિ કેવા હોય તેના દર્શન અત્યારે તો દુર્લભ છે, શ્રવણ પણ દુર્લભ છે. અતીન્દ્રિય આનંદમાં લીન મુનિને બાહ્યમાં ઉપસર્ગ પરિષહનો પણ ખ્યાલ રહેતો નથી. તેઓ અમૃતાનંદના ઝરણામાં વારંવાર ડૂબકી મારી લીનતામાં સાચા સુખની તૃપ્તિમાં વર્તે છે તે ચારિત્ર છે.

પ્રશ્ન :– આત્મામાં વિકાર નથી તો પછી ક્યાંથી આવે છે ?

ઉત્તર :– તે રાગ કર્મના કારણે નથી પણ આત્મામાં ચારિત્ર નામનો ગુણ છે તે નિત્ય શક્તિરૂપ છે તેની પ્રગટ દશામાં સ્થિર અથવા અસ્થિરરૂપ બે શક્તિ છે અને સંક્લેશ = (પાપ-અશુભ) અને વિરુદ્ધ ગતિ છે અને તીવ્ર મંદરૂપ જાતિ છે. જે વિકાર છે તે તે સમયના ચારિત્ર ગૃહની ઊલટી દશા છે. અહીં એમ નથી કહ્યું કે કર્માદિના કારણે વિકાર થાય છે કોઈ પ્રકારનો શુભરાગરૂપ વ્યવહાર તે ચારિત્ર નથી પણ ઉપાધિભાવ છે એવી શ્રદ્ધા વિના વ્યવહારજ્ઞાન પણ સાચું થાય નહિ.

**ભાદરવા સુદ ૩, શનિવાર, ૨૩-૮-૫૨**

અહીં સમ્યક્દર્શનાદિ ત્રણેને સુખરૂપ ઓળખાવ્યા છે. કેમકે અનાદિથી લોકો દુઃખ દૂર કરવા ને સુખ મેળવવા ચાહે છે. ગમે તેટલી પ્રતિકૂળતા, ગમે તેટલો કાળ વેઠવો પડે પણ સુખની આશાથી ઝાંવા નાખે છે. આમ સુખની પિપાસા, સુખની સત્તા અને સુખનો ઉપાય સહુ કોઈ સ્વીકારે છે. કોઈ અપમાનાદિ વશે શરીર જતું કરીને પણ સુખી થવા માગે છે. પરંતુ સુખ કોઈ બાહ્ય સંયોગમાં નથી, કોઈ ક્ષેત્રમાં, આબરૂ, લાડવા, સ્ત્રી વગેરેમાં સુખ નથી. જેમ ગોળ તે જ ગળપણ છે. તેમ આત્મા પોતેજ સુખ છે. સુખને શોધનાર સુખથી ખાલી નથી પણ પોતાને ભૂલીને દેહાદિ સંયોગને જોયા કરે છે, બીજાની મહિમા કર્યા કરે છે. પણ અંદરમાં પોતે જ દેહ ઇન્દ્રિય વિનાનો નિત્ય જ્ઞાનાનંદથી ભરેલો છે. તેની દરકાર નથી. મહિમા નથી કેમકે તેની સમજણ શું તેની સાચી જિજ્ઞાસા કરતો નથી.

જેને ક્રોધનો રસ ચડ્યો તે જ્યાં દેખે ત્યાં પ્રતિફળ માની ક્રોધ જ કર્યા કરે છે. એમ માનની મુખ્યતા થતાં સર્વત્ર માન કષાયની પુષ્ટી કરી કરી ને સુખી થવા ઇચ્છા છે. એમ માયા–લોભમાં પણ તેમ ઇચ્છે છે. ને ધાર્યું ન થાય તો છેવટે આત્મઘાત કરે છે. આમ અજ્ઞાન વડે સુખી થવાની ચેષ્ટામાં મૂંઝાયા કરે છે.

જેમ કસ્તુરીયો મૃગ છે. તેની દૂંટીમાં કસ્તુરી છે પણ પોતાને બધાથી ભય પામનાર પામર માને છે. મારામાં જ મહામોંઘી કસ્તુરી છે તેનો વિશ્વાસ કરતો નથી તેથી બહાર શોધ્યા કરે છે. તેમ જેને બીડી, તમાકુ વિના ચાલે નહિ જ્યાં માનાદિમાં ખામી આવતા મૂંઝાઈ જાય તેને બધાથી જુદો શરીર અને રાગ વિનાનો એકલો જ્ઞાયક ભગવાન છું, સુખ વગેરે અનંત ગુણથી ભરેલો છું – એ વાત કેમ બેસે ? જેમ મૃગને અંદર કસ્તુરી છે તેનો વિશ્વાસ આવતો નથી તેમ અજ્ઞાનીને મારા આત્મામાં અનંત આનંદ છે. ને તેમાં કોઈની જરૂર નથી એનો વિશ્વાસ – મહિમા આવતો નથી. ક્ષણિક રાગ-દ્વેષ, પુણ્યાદિ વિકારની પામરતા તેની મુખ્યતા છે. તેથી પોતાનું ત્રિકાળ અનંત જ્ઞાન સુખમય પ્રભુત્વ ભાસતું નથી. રુચિ કરતો નથી. જ્ઞાનીને સ્વપ્નમાં પણ પરમાં સુખબુદ્ધિ તથા કર્તા ભોક્તાબુદ્ધિ થતી નથી. આ અપૂર્વ વાત સમજવા માટે કેવી તૈયારી જોઈએ કે દેવાદિના સ્વર્ગ સુખ પણ સડેલા તૃણ સમાન માને છે. જેમ ઊંચી જાતનો ગોળનો રવો હોય છે તેમાં છરી મારે તો તેનો નમુનો આવે તેમ ભગવાનઆત્મા ત્રિકાળ પૂર્ણ જ્ઞાન–આનંદનો રવો છે તે જ સ્વાધીન સુખરૂપ છે. તેમાં રુચિ અને એકાગ્રતા કરે તો સિદ્ધ ભગવાનની જાતનો અપૂર્વ અતીન્દ્રિય આનંદ આવે છે.

આવો હું સુખ મૂર્તિ ચિદાનંદ કંદ છું એની રુચિના જોરે સંતોએ આત્મામાં એકાગ્રતાથી પરમાનંદ પ્રગટ કરી કેવળજ્ઞાનદશા પ્રગટ કરી અવિનાશી મોક્ષ સુખ પામ્યા છે. અનંતા તીર્થંકરોએ,

સંતોએ ભગવાનઆત્માની દિવ્યતા મહિમાના ગાણા ગાયા છે. તે શાસ્ત્રમાં આવ્યું છે ને જ્ઞાનીઓના અનુભવમાં આવ્યું તેને લાયકજીવ આનંદથી સંમત કરે છે.

'શ્રી અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે એકવાર તારા મિથ્યા આગ્રહ છોડી છ મહિના આનો પ્રીતિથી અભ્યાસ કર સર્વ અવસર આવી ચૂક્યો છે. માટે આમાં લાગી પડ. બાહ્ય પદાર્થોની મહત્તા ભૂલ. વ્રતાદિ પુણ્યના પરિણામ રાગ છે, ઝેર છે. તેમાં હિતબુદ્ધિની શ્રદ્ધા છોડ. ચૈતન્ય ભગવાન છે, તેની રુચિ કર.

પ્રશ્ન :– રુચિ કેમ થતી નથી ?

ઉત્તર :– જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પરીક્ષાપૂર્વક ભક્તિ અને મહત્તા નથી તેને અતીન્દ્રિય જ્ઞાનાનંદ ચૈતન્યની મહત્તા અંશે પણ આવે નહિ. સ્વતંત્ર છ દ્રવ્ય તથા સાચા દેવાદિની ઓળખાણ અને વિનય હોય અને કુદેવાદિનો આદર ન હોય એટલી જ્ઞાનની પાત્રતા પ્રથમ આવે ત્યારે શુદ્ધિના આંગણે સમ્યગ્દર્શન પામવાની પાત્રતામાં આવી શકે. એના ઠેકાણાં ન હોય તેને પરમાત્મા થવાની તાકાતવાળો છું એ બેસે નહિ. અત્યારે પણ દેહ અને રાગ વિનાનો પૂર્ણ જ્ઞાનાનંદ રૂપ છું એ વાત રુચે નહિ.

સાચા દેવ, ગુરુ, શાસ્ત્રોનો રાગ, વિનય તે અપૂર્વ આત્મઘરને આંગણે આવવાની વાત છે. આત્માનંદને ઓળખવાનું દ્વાર છે. ગૃહસ્થ દશામાં જ્ઞાનીને ઘર ધંધા વગેરેમાં અશુભ રાગપણ હોય છે. આત્માનાં આનંદમાં ઉપયોગ નિરંતર લીન ન રહી શકે પણ અતીન્દ્રિય આનંદમાં લીન થવાની શક્તિરૂપ જ્ઞાન છે તે નિરંતર લબ્ધિરૂપે વર્તે છે. રાગથી જુદાનું ભાન તો સદા રહે પણ જ્ઞાનનો ઉપયોગ તેમાં સદાય ન રહે. લડાઈ, વ્યાપાર, ખાવા-પીવાના અશુભરાગ વખતે પણ જુદો છું, જ્ઞાતા જ છું એ ભાન ખસતું નથી. હું જુદો છું વગેરે ગોખ્યા કરવું પડતું નથી, નિઃશંક જ્ઞાયકપણાની રુચિ – દૃઢતા ક્ષણમાત્ર ખસતી નથી. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ છે તેનો દીકરો મરી જાય તો કદાચ રુદન પણ કરે તોપણ તેને અંદરમાં ભેદજ્ઞાનનો અભાવ નથી. પરથી, સંયોગ–વિયોગથી, રાગ-દ્વેષ, સુખ-દુઃખ માનતો નથી. અજ્ઞાની છે તે અનંતવાર વનસ્પતિમાં ગયો ત્યાં અનંત જીવ સાથે જન્મ–મરણ કર્યાં તે યાદ કરી અવિનાશી જ્ઞાયકની દૃષ્ટિ અને સમતા કરી શકે નહિ, માત્ર વર્તમાન છોકરો મરી ગયો તેની મમતામાં શોક કર્યા કરે છે. જ્ઞાનીને છોકરાનો શોક થતો નથી, માત્ર અલ્પ નબળાઈને વશ થઈને શોક થાય છે. પણ તેની મુખ્યતા જરાય નથી, નિર્મોહી ચૈતન્યની મહિમામાં જ વર્તે છે. તે જ મુખ્ય છે. જેને નિશ્ચયનું ભાન નથી તે કદાચ સાધુ થાય, ઘણાં શિષ્યો કરે બહુ જનોમાં માન્ય હોય તોપણ તે જિન શાસનનો વૈરી છે.

પ્રશ્ન :– ધર્મના સંસ્કાર પાડવા માટે બાળપણ સારું છે કે ઘડપણ ?

ઉત્તર :– વર્તમાન પુરુષાર્થ જ જ્યારે કરે ત્યારે સારો છે. શરીરની અવસ્થા સાથે સારું કરવાનો સંબંધ નથી જ્યારે કરે ત્યારે વર્તમાન પુરુષાર્થથી ધર્મના સંસ્કાર કરી શકે છે.

પ્રદ્યુમનકુમારની વાત આવે છે કે પોતે મહા સુંદર કામદેવ પદવીધર હતા. યુવાનવય છતાં મહા વૈરાગ્યવાન થઈ નગ્ન દિગંબર મુનિ થઈ જિન દીક્ષા અંગીકાર કરે છે. હજારો વિદ્યા દેવી સાધેલી તે બધીને રજા આપે છે. અમે હવે ચૈતન્ય વિદ્યા સાધવા, અંદરમાં શાંતિનો સ્વાદ લેવા જઈએ છીએ. જુઓ, નાની વયમાં પણ પુરુષાર્થ, વૈરાગ્ય કરી શકે છે.

આત્મામાં જ નિર્વિકલ્પ શ્રદ્ધા–જ્ઞાન-આનંદરૂપ રત્નત્રય રહે છે. શુદ્ધ આત્માને છોડીને અન્ય જે શુભરાગરૂપ વ્યવહાર રત્નત્રય તેમાં નિશ્ચય રત્નત્રય રહે નહિ. દેહની ક્રિયામાં આહાર-પાણીની શુદ્ધિમાં આત્માની શક્તિ નથી. જેમ શરબતમાં ઠંડાશ, મીઠાશ વગેરે એકમેક છે. જેમ સાકરમાં મીઠાશ એકમેક છે. તેમ આત્મા જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એજ નિજ આત્મતત્ત્વ છે. આ રીતે નિજ શુદ્ધ આત્માને જ મુક્તિનું કારણ જાણો – એમ સર્વજ્ઞ દેવોએ કહ્યું છે.

અત્યારે તો આત્માની વાતો જૈનાભાસોમાં પણ ખૂબ ચાલે છે. સનાતન જૈન શાસ્ત્રમાંથી તથા અહીંના સાહિત્ય પ્રકાશનો મગાવી, તેમાંથી નકલ કરી, વક્તાનું નામ છુપાવી પોતાના નામે આત્મજ્ઞાનની વાતો ચલાવે છે. તે ગૃહીત મિથ્યાત્વનું પોષણ કરનારા જિનશાસનના મોટા ચોર છે.

'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ'

મોક્ષમાર્ગ ત્રણે કાળે એક જ પ્રકારે છે, શુભરાગ વ્યવહાર મોક્ષમાર્ગ સનાતન જૈન માર્ગમાં જે રીતે કહેલ છે. તેમ જ હોય, બીજી રીતે ન હોય. 'મલ્લિનાથ તીર્થંકર' પુરુષ જ હતા. કેમકે સમ્યગ્દૃષ્ટિ હોય તે સ્ત્રી દેહપણે જન્મે નહિ. વળી સ્ત્રીને સાધ્વીપણું જ ન આવે.

વસ્ત્રસહિતને સાધુ પરમેષ્ઠી પદ હોવું માને સ્ત્રીને સાધ્વીપણું માને, મનાવે તે સનાતન સત્યનો વિરોધ કરનારા હોવાથી નિગોદમાં જાય છે. સ્ત્રીનું શરીર હોય તે જીવ પંચમ ગુણસ્થાન સુધી જ પહોંચી શકે, કર્મભૂમિની સ્ત્રીને વજ્રર્ષભનારાયસંહનન હોય નહિ, ૬૩ શલાકા પુરુષનું પદ ન હોય, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન, અર્હંતપદ, પૂર્વધારિપણું, આહારક શરીર, વગેરે ન હોય. ૭મી નારકીમાં જાય એટલા પાપ ભાવ પણ ન કરી શકે ને બારમાં સ્વર્ગ લાયક પુણ્ય ભાવ પણ ન કરી શકે. 'કુંદકુંદાચાર્ય' કહે છે કે એક વસ્ત્રનો તાણો–વાણો રાખી સાધુપણું મનાવે તે નિગોદ જાય છે. પંદર ભેદ સિદ્ધ થવાની વાત પણ ખોટી છે.

સમ્યગ્દર્શન અપૂર્વ છે. તેમાં પ્રથમ જ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ બરાબર થવી જોઈએ. તેમાં લાલાપેથા–શિથિલતા જરાપણ ન ચાલે કેમકે તે શુદ્ધ શ્રદ્ધાનો વિષય છે. તેથી તેમાં જરાય શિથિલતા ન ચાલે. શિથિલતા તો સમ્યગ્દર્શન પછી ચારિત્ર માટે કહેવાય છે. જેને વ્યવહાર શ્રદ્ધાની શુદ્ધિમાં વિપરીતતા છે. તેની નિશ્ચયની કોઈવાત સાચી હોય નહિ. સત્યને જ સત્ય માનવું તેમાં જ દૃઢતા અને સમભાવ છે.

## પ્રસાદ નં. – ૩૦૪

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા સુદ ૯, વર્ષ ૨જાું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૨૯-૮-૫૨, શુક્રવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪૧**
**(ભાદરવા સુદ ૪, રવિવાર, ૨૪-૮-૫૨ સવાર)**

**ગાથા-૪૧**

**जीवादीसद्दहणं सम्मत्तं रूवमप्पणो तं तु।**
**दुरभिणिवेसविमुक्कं णाणं सम्मं खु होदि सदि जह्यि।।४१।।**

**વ્યાખ્યાર્થ :–** '**जीवादीसद्दहणं सम्मत्तं**' વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેન્દ્રથી કહેલા જે શુદ્ધ જીવ આદિ તત્ત્વ છે તેની વિપરીતતા રહિત યથાર્થ શ્રદ્ધા-પરીક્ષા વડે સ્વતંત્ર વસ્તુ સ્વરૂપ અને મારું સ્વરૂપ આમ જ છે એવા દૃઢ નિશ્ચયરૂપ સ્વસંવેદન સહિત આત્મ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. કોઈને પ્રશ્ન થાય કે ભગવાને જોયું તેમ થાય છે અને બધું ક્રમબદ્ધ છે તો તેમાં પુરુષાર્થ કરવાથી મોક્ષ થાય એ વાત ક્યાં રહી ?

ઉત્તર :– સર્વજ્ઞપણાનો નિશ્ચય કરે તો જ બધી વાત બેસે એમ છે. છએ દ્રવ્ય છે તે પોતાથી સ્વતંત્રપણે ટકીને ક્રમબદ્ધ બદલે છે. એવો તેનો સ્વભાવ છે જે સ્વભાવ છે તે તેને ધારણ કરનાર સ્વભાવવાન વસ્તુ વિના હોય નહિ. તો નક્કી થાય છે કે દરેક વસ્તુમાં જે કંઈ કાર્ય–ઉત્પત્તિ થાય છે તે તેની નિત્ય સામાન્ય શક્તિમાંથી થાય છે તેથી તેનું કાર્ય ક્રમબદ્ધ સ્વતંત્રપણે તેનાથી જ થાય છે. આવું સ્વતંત્ર નક્કી કરનાર જીવ અંદર એકલા જ્ઞાયક સ્વભાવમાં રુચિવાન થયો ને કર્તાપણાના અહંકાર રહિત જ્ઞાતા રહે છે એ જ પુરુષાર્થ છે. સાચો નિર્ણય કર્યો ત્યાં વર્તમાન અધૂરો વિકાસ હતો તે પલટીને, મિથ્યાજ્ઞાન પલટીને સમ્યગ્જ્ઞાન થયું. પૂર્વ

પર્યાયમાં તે સમ્યગ્જ્ઞાન હતું નહિ તો તે જ્ઞાનનો વિકાસ ક્યાંથી આવ્યો ? કે અંદર શક્તિરૂપે પૂર્ણપણે સર્વને એકસાથે જાણે એવી તાકાત ભરી છે તે ગુણમાંથી વિકાસ થાય છે. શક્તિરૂપે સર્વજ્ઞ સ્વભાવરૂપ પૂર્ણ છે ને તે ગુણમાં ત્રિકાળી જ્ઞાનગુણ શક્તિરૂપે છે તેમાંથી અંશે નિર્મળ વિકાસ નવો પ્રગટ થાય છે. તે પોતાના પૂર્ણ સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે, અને પૂર્ણ વિકાસ પણ અંદર શક્તિમાંથી જ પ્રગટ થાય છે. બીજાના આધાર વિના, રાગથી જુદો પડી એકલો જ્ઞાતાપણે એકાગ્ર થાય છે, ત્યારે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે – તેમાં જ પુરુષાર્થ છે. જુઓ, આમાં સર્વજ્ઞતા, વીતરાગતા, સ્વતંત્રતા, ક્રમબદ્ધ પર્યાય તથા સ્વભાવ આશ્રિત અપૂર્વ પુરુષાર્થનું નક્કી થાય છે. જેમ લીંડીપીપરમાં શક્તિરૂપે ૬૪ પહોરી તીખાશ પ્રગટ થવાની તાકાત છે ને વર્તમાન અલ્પ તીખાશ પ્રગટ છે પણ તે વખતે પૂર્ણ તીખાશની તાકાત છે કે નહિ ? છે. તો તે તેમાંથી, તેના આધારે, તેના કારણે પ્રગટ થાય છે. તીખાશ પ્રગટ થાય તો પથ્થરને નિમિત્ત કહેવાય પણ પથ્થરથી, હાથથી તે તીખાશ પ્રગટ થતી નથી. અજ્ઞાની સંયોગને જુએ છે. સ્વતંત્ર સ્વભાવને ભૂલે છે. હાથ, પથ્થર ને પીપર બધું જુદું છે. સંયોગ એમ કહેતાં જ તે બે પણે ને જુદા સ્વતંત્ર રહીને પોતપોતાનું કામ પોતામાં જ કરે છે. જો બીજામાં કામ કરે, બીજાનું કામ કરે તો બે જુદા ન રહે એક થઈ જાય માટે દરેકનું સ્વતંત્ર ટકીને બદલવું, કાર્યરૂપે થવું પોતાથી જ છે. તેમ જ્ઞાનને શરીર તો જુદાં છે પણ જ્ઞાન અને રાગ પણ જુદાં છે. જ્ઞાન અંદર એકાગ્ર થાય છે તો અધિક વિકાસ થાય છે પણ તેથી રાગની વૃદ્ધિ થતી નથી માટે જ્ઞાનનું કાર્ય જુદું છે – સ્વતંત્ર છે. રાગમાં જ્ઞાનનું સામર્થ્ય નથી જ્ઞાનમાં રાગનું કાર્ય નથી. દયા, દાન, ભક્તિ, વ્રતાદિનો રાગ તે પણ જ્ઞાનમાં સ્પર્શ કરી શકે નહિ. જ્ઞાન છે તે રાગથી નથી, રાગને સ્પર્શતું નથી. નીચેના ગુણસ્થાનમાં સાચા દેવાદિનો વિનય વગેરે રાગ હોય છે પણ શુભરાગ વડે જ્ઞાનનું ટકવું, ઊપજવું અને વધવું થતું નથી, અંદર પૂર્ણ જ્ઞાન સ્વભાવ છે તેનાં સ્વતંત્ર શ્રદ્ધા-જ્ઞાન-એકતાના જોરે ક્રમે ક્રમે વિકાસ વધીને પૂર્ણ વિકાસ પ્રગટ થાય છે ને પૂર્ણ વિકાસ તે સર્વજ્ઞપણું છે ને એની શ્રદ્ધા અંતરદૃષ્ટિના પુરુષાર્થ સહિત છે.

જેમ જ્ઞાનની સ્વતંત્રતા છે તેમ જગતના સર્વ પદાર્થોની સ્વતંત્રતા છે. કોઈથી કોઈનું થાય, આડું–અવળું થાય તો સ્વતંત્રપણું રહેતું નથી અને જ્ઞાનનો સ્વભાવ જ્ઞાતામાત્રપણું છે તેની શ્રદ્ધા-રુચિ રહેતી નથી. સર્વજ્ઞ થયા તેણે ત્રણકાળના સર્વ પદાર્થને જોયા. જેટલા ત્રણ કાળના સમયો છે તેટલી દરેક દ્રવ્યની ત્રિકાળવર્તી પર્યાયો છે. તેમાં કોણ કોનું કરે ? જે કાળની જે પર્યાય છે તે, તે કાળે પ્રગટ થાય, એનાથી જ થાય, બીજાથી ન થાય. આમ સ્વતંત્ર ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં જ વીતરાગદૃષ્ટિનો સાચો પુરુષાર્થ આવે છે.

કોઈ કહે આવું જાણવામાં પુરુષાર્થ કરવાનું ક્યાં આવ્યું ? તો કહે છે કે જેણે અલ્પજ્ઞાન છતાં અંદર એકાગ્ર થઈ સર્વને સંપૂર્ણપણે એક સમયમાં જાણનાર સર્વજ્ઞનો નિર્ણય કર્યો તેણે

અંદર પોતાનો સામર્થ્યવાન નિર્મળ સર્વજ્ઞ સ્વભાવ છે તે પૂર્ણ શક્તિનો ભરોસો કર્યો છે. અલ્પજ્ઞતા, વિકાર અને કર્તૃત્વનો નિષેધ કરી અંદરથી સર્વજ્ઞની સત્તાનો નિર્ણય કર્યો તેમાં માત્ર જ્ઞાતાપણે જાગૃત રહેવાનું જ આવ્યું તે જ સાચો પુરુષાર્થ છે તે કરવાનું આવ્યું. જે ક્રમ છે તેનો ફેરફાર કરું એવી અધીરજ નથી. જ્ઞાતાપણું એ જ પુરુષાર્થ છે. અંદર ગુણની મહત્તા અને એકાગ્રતા વિના ગુણીનો સર્વજ્ઞ સ્વભાવી આત્માનો મહિમા આવે નહિ અને કર્તાબુદ્ધિ પર્યાયબુદ્ધિ છૂટે નહિ, પુરુષાર્થની શંકા છૂટે નહિ. જ્ઞાતાપણું જ સ્વતંત્ર વસ્તુસ્વભાવને કબૂલનાર મહાન ધર્મ છે ને એ જ પુરુષાર્થ છે.

સર્વજ્ઞતા, સ્વતંત્રતા અથવા ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય તેમાં સંસાર, સંસારનું કારણ તથા અવિરોધી મોક્ષ અને મોક્ષનું કારણ, નવ તત્ત્વ તથા છ દ્રવ્યનો અને દરેકની સ્વતંત્રતાનો સ્વીકાર આવી જાય છે. જ્ઞાતાપણે રહેવાનો પુરુષાર્થ પણ આવી જાય છે. કંઈ કરું... કરું... એ તો ઇચ્છા છે, રાગ છે, ઊંધો પુરુષાર્થ છે.

અંદર દ્રવ્ય સ્વભાવમાં રુચિપૂર્વક વળ્યા વિના કોઈ વાતની સાચી શ્રદ્ધા થતી નથી. સર્વજ્ઞે કહેલ પુરુષાર્થની વાત બેસતી નથી. ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને તેમણે કહેલાં સ્વતંત્ર જીવાદિની શ્રદ્ધા પણ થતી નથી. સર્વજ્ઞે જોયું માટે જગતના છયે દ્રવ્યો ટકીને પરિવર્તન કરે છે એમ સ્વતંત્રતા નક્કી કરનાર જ્ઞાન અંદર પૂર્ણ જ્ઞાયક વસ્તુની શ્રદ્ધા અને સ્વાલંબનના જોરે એકાગ્ર થતું હોવાથી આ બધી વાતનો નિશ્ચય સમ્યક્ પુરુષાર્થ સહિત કરે છે.

'સમયસાર'ની ૧૪મી ગાથામાં આત્માને નિયત સ્વભાવી કહ્યો છે તેમાં ઘણી ગંભીરતા છે. ૧૫મી ગાથામાં 'શ્રી કુંદકુંદાચાર્ય' કહે છે કે જેણે આત્માને અબદ્ધ સ્પૃષ્ટ... અન્યન્ય અને પરાશ્રય રહિત, ભેદ રહિત એકલો જ્ઞાયકપણે જાણ્યો તેણે સર્વ જિનશાસન સર્વ પ્રકારે જાણ્યું છે. અંદરમાં નિઃશંક જ્ઞાતાપણે અભેદ બુદ્ધિથી ઢળવું તથા વીતરાગદૃષ્ટિજ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધ, સર્વજ્ઞ, નિશ્ચય, પુરુષાર્થ, નવતત્ત્વનો નિર્ણય, વસ્તુ સ્વભાવનો નિર્ણય એ બધું એક જ છે. અર્થાત્ સર્વજ્ઞ સ્વભાવની નિઃશંક શ્રદ્ધામાં તે બધાનો યથાર્થ નિર્ણય આવી જાય છે. કોઈ કહે છે કે, કોઈ આચાર્ય નિમિત્તથી કાર્ય થવાનું કહે છે ને કોઈ ઉપાદાનથી થવાનું કહે છે – તો એમ માનનારને સ્વતંત્ર વસ્તુસ્થિતિની પ્રતીત નથી, તથા તેઓ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને સમજ્યા નથી. અંતર્મુખ થઈને સ્વ-પર પ્રકાશક જ્ઞાન પ્રગટ કર્યું રાગ અને નિમિત્તના સંબંધ વિનાનું સ્વતંત્ર જ્ઞાતાપણું પોતામાં જોયું તેણે આખું જિનશાસન જાણ્યું. કાંઈ કરું, કોઈનું ફેરવું કોઈનું નિમિત્ત જોઈએ એમ પરાધીન જોવાનું ટળી જ્ઞાતાપણામાં જાગૃતિ તે જ જીવનો સાચો પુરુષાર્થ છે. પોતાને ભૂલી ઊંધું માની શકે પણ પરનું કાંઈ કરી શકતો નથી. સંયોગથી જોનારની બુદ્ધિ આમાં કામ ન કરે. ત્રણે કાળે સ્વતંત્ર વસ્તુસ્થિતિ છે તેને સ્વસન્મુખજ્ઞાનવાળો જ જાણી શકે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રે આવું સ્વતંત્ર તત્ત્વ કહ્યું છે તેનાથી વિરુદ્ધ તત્ત્વ કહેનારને જ્ઞાતાસ્વભાવની રુચિવાળો માને નહિ.

જેને અલ્પજ્ઞતામાં સર્વજ્ઞની સત્તા સ્વીકારવાની તાકાત છે તે અંતર્મુખ દ્રવ્યદૃષ્ટિમાં જ વર્તે છે, સ્વતંત્ર જ્ઞાનસ્વભાવમાં રુચિ રાખે. જ્ઞાતાપણામાં જ વર્તે છે. સર્વ સમાધાનરૂપ થઈ, નિઃશંક થઈ વર્તે છે. આઠ વર્ષનું શરીર હોય છતાં આવી સ્વતંત્રતાની શ્રદ્ધાના જોરે, સ્વસન્મુખ થઈ અંદરમાં પૂર્ણજ્ઞાન-સ્વભાવી આત્મા છું, પરથી, વિકારથી જુદો જ્ઞાતા છું એવી પ્રતીતિ કરી શકે છે. ને તેમાં નવતત્ત્વ, સર્વજ્ઞ અને ક્રમબદ્ધની પ્રતીતિ આવી જાય છે. આત્માને જાણતાં સ્વપ્રકાશકપણે વિકાસ થયો તે રાગથી જુદાપણું, સર્વજ્ઞપણું, સ્વતંત્રપણું વગેરે જે કંઈ આત્મહિતમાં પ્રયોજનરૂપ જાણવું છે તે સર્વ યથાર્થ જાણે છે. સાચું ભાન થાય તેને સહજ વિવેક હોય છે. અશુભમાં ન જવા માટે સાચા દેવાદિ પ્રત્યે બહુમાન, ધર્મ પ્રભાવનાનો રાગ આવ્યા વિના રહે નહિ. દયા, દાન, ભક્તિ વગેરે શુભરાગને નિશ્ચય જિનશાસન માનતો નથી, શુભરાગને અંદર વીતરાગતા માટે મદદગાર માનતો નથી.

શુદ્ધ જીવની પ્રતીતિ થઈ તેમાં પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવી હું આત્મા છું, અલ્પજ્ઞતા ને રાગ જેટલો નથી, પરથી રાગ થતો નથી, એમ સ્વતંત્રની પ્રતીતિ હોય છે. નવતત્ત્વમાંથી શુદ્ધનયથી શુદ્ધ જીવ જ ઉપાદેય અને ધર્મનું કારણ છે. એ પ્રતીતિમાં ક્રમબદ્ધ સ્વતંત્ર વસ્તુસ્થિતિ બતાવનાર સર્વજ્ઞદેવ અને વીતરાગ ભાવરૂપ સાધકદશામાં વર્તતા ભાવલિંગી નગ્ન દિગંબર ગુરુની શ્રદ્ધા થઈ છે ને તેમના કહેલાં, અવિરોધી શાસ્ત્રને પણ માન્યા છે. અનંતા સંતો અને સર્વજ્ઞો ભૂતકાળમાં થયા ને ભવિષ્યમાં થશે. ધર્મ સમજવાનો ક્રમ આ રીતે છે. સ્વતંત્રતા અને સર્વજ્ઞતા યથાર્થપણે સમજે તે ક્રમબદ્ધ પર્યાયનું સમજી શકે. ક્રમબદ્ધનું સ્વરૂપ સમજે તો પરથી ઉદાસીન થઈ અંદરમાં ઉત્સાહવાન થઈ દ્રવ્યસ્વભાવમાં અભેદરુચિવાન થાય છે, પરથી ઉદાસ થઈ કર્તાપણાની આકુળતા છોડી જ્ઞાતાપણામાં જ સંતોષ પામે છે. જ્ઞાતાપણાની મહિમા થાય ત્યાં પરમાં અહંકારકર્તાપણાનું શલ્ય ટળી જાય છે ને સ્વસન્મુખ જ્ઞાતાપણામાં ક્રમબદ્ધ જેમ છે તેમ જાણવાનું રહી જાય છે. આનું નામ વીતરાગદૃષ્ટિ અને વીતરાગ ચારિત્રનો પુરુષાર્થ છે.

**સ્વતંત્ર વસ્તુસ્વભાવ પ્રકાશનાર**
**અનંત ઉપકારી**
**શ્રી સદ્ગુરુદેવનો**
**જય હો !**

**ભાદરવા સુદ ૫, સોમવાર, ૨૫-૮-૫૨**

પરથી જુદું સ્વતંત્ર ધ્રુવ શુદ્ધાત્મસ્વરૂપ કેવું છે તેને સમજવાની વિધિ શું છે એ વાતથી જીવ અનાદિથી અજાણ છે. તે અજ્ઞાન જ મુખ્ય અને મોટું પાપ છે. અત્યારે અહીંથી સત્ય સ્પષ્ટપણે જાહેર કરવામાં આવે છે ત્યારે વીતરાગમાર્ગનો વિરોધ કરનારાને વિરોધનું જોર આવે છે તે તેમની રુચિ ને લાયકાત બતાવે છે. નિમિત્તાધીન દૃષ્ટિવાળા સંયોગને જોનારા છે, તેઓ સ્વતંત્ર સ્વભાવને માનતા નથી તેથી તેઓ કહે છે કે નિમિત્તથી, વ્યવહારથી ધર્મ થાય છે પણ તે તેમની વાત ખોટી જ છે. સાચું સમજે તેને સર્વજ્ઞ વીતરાગદેવ અને નગ્ન દિગંબર ભાવલિંગી મુનિ તથા સત્ શાસ્ત્રની જ શ્રદ્ધા હોય તે બીજાને માને નહિ અને તેને તે જ નિમિત્ત હોય. પણ તે નિમિત્તથી તથા શુભરાગ રૂપ વ્યવહારથી ધર્મ થતો નથી આમ પ્રથમ નક્કી કરવું જોઈએ.

'શ્રી સમયસાર'ની ૧૨મી ગાથામાં જે નિશ્ચય-વ્યવહારની વાત છે તેનો અજ્ઞાનીઓ ઊંધો અર્થ કરી વિરોધ કરે છે પણ ત્યાં કંઈ પુણ્યથી, રાગથી, નિમિત્તથી લાભ થાય એવો અભિપ્રાય નથી. સમ્યગ્દર્શન થવા પહેલાં કુદેવાદિની માન્યતારૂપ ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ હોય છે ને સમ્યગ્દર્શન પછી પણ શુભરાગ અનેક પ્રકારનો હોય છે. પછી પૂર્ણ સ્વભાવના આશ્રયે ક્રમક્રમે વીતરાગતા થાય છે તે વ્યવહાર છે. શ્રાવકને ૧૧ પ્રતિમા, મુનિદશામાં ૨૮ મૂળગુણનું પાલન વગેરેનો શુભરાગ હોય છે પણ તેને ધર્મ કહેલ નથી પણ ઉપચારથી વ્યવહારે મોક્ષમાર્ગ કહ્યો છે, મોક્ષમાર્ગ બે નથી પણ તેનું કથન બે પ્રકારે છે ભગવાને કહેલા વ્યવહારનું ફળ પણ સંસાર છે એમ કહ્યું છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે શુદ્ધ આત્મા આશ્રિત આત્મામાં રહે છે, રાગમાં નહિ.

ભગવાન મહાવીર જ્યારે તીર્થંકર હતા ત્યારે ૫૦૦ શિષ્યોના ગુરુ ઇન્દ્રભૂતિ, વાયુભૂતિ, અગ્નિભૂતિ વગેરે સમવસરણમાં આવે છે. તે ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ હતા, મિથ્યાદૃષ્ટિ હતા, પણ સાચી જિજ્ઞાસા હતી તો માનસ્તંભ દેખતાં જ તેમનું માન ગળી ગયું. માન ગળી અંતરમાં આત્મ અવલોકન કરતાં આત્મજ્ઞાન થયું ને ગણધર થવાને લાયક હતા તેથી ગણધર પણ થયા. જેનામાં પાત્રતા નથી તે માનસ્તંભ દેખે પણ અંદર સભામાં ન આવે ને ભવ્યજીવ ધર્મસભામાં આવી સાક્ષાત્ વાણી સાંભળે છતાં લાયક ન હોય તો સમ્યગ્દર્શન થતું નથી.

ઇન્દ્રભૂતિ સમવસરણમાં આવ્યા. ભગવાનની દિવ્યવાણી છૂટી. તેઓ મિથ્યાત્વથી છૂટી, સમ્યગ્દૃષ્ટિ થયા. વાણી સાંભળી ભગવાન પ્રત્યે વિનય–બહુમાન લાવી 'જયતિ ભગવાન' વગેરે સ્તુતિ કરી.

મિથ્યાદૃષ્ટિઓ તેની નિમિત્તાધીન દૃષ્ટિથી સ્વતંત્ર સ્વભાવનો વિરોધ કરે છે અને કહે છે કે 'તમે નિમિત્તને માનતા નથી અને શુભરાગ તે ધર્મ નથી એમ કહી વ્યવહારને ઉથાપો છો.' પણ ભાઈ શુભરાગરૂપ વ્યવહાર અને નિમિત્ત હોય છે છતાં તેનાથી કોઈ કાળે કોઈને કોઈ રીતે ધર્મ ન થાય એ ત્રિકાળ સત્ય વાત છે. જો નિમિત્ત અને રાગથી ધર્મ થતો હોય તો પૂર્વે અનંતવાર એવો વ્યવહાર માની બધું કર્યું છે છતાં ધર્મ કેમ ન થયો ? એક નિશ્ચયસ્વભાવથી જ ધર્મ થાય પણ રાગથી ન થાય નિમિત્તથી ન થાય એ વાત રુચિ નથી તેથી સ્વતંત્રતા બતાવનાર પ્રત્યે વિરોધમાં પોતાના જ્ઞાનનો જ વિરોધ કરે છે.

ભગવાન મહાવીરને વૈશાખ વદી ૧૦ના રોજ કેવળજ્ઞાન થયું, વાણી નીકળવાની લાયકાત વાણીમાં નહોતી ને અહીં ગણધર થવાને લાયક કોઈ નહોતું. ૬૬ દિવસ પછી અષાડ વદી ૧ ના દિને ઈન્દ્રભૂતિ હતા તે બ્રાહ્મણવેશમાં આવ્યા, સમવસરણમાં ભગવાન તીર્થંકરના દર્શન કર્યાં, દિવ્યવાણી સાંભળી, અહો અપૂર્વ વચન ! ધન્ય અવતાર ! આપનું કહેલું તત્ત્વ આમ જ છે તે જ ઉપાદેય છે. આત્મસન્મુખ બુદ્ધિ થઈ, મુનિ થયા, ગણધર બન્યા, ચાર જ્ઞાનધારી થયા.

નિમિત્તથી જ્ઞાન થાય એમ માને છે તેને નિમિત્ત, નિશ્ચય, વ્યવહાર વિગેરેની કાંઈ ખબર નથી. નિમિત્તથી તો નહિ પણ શુભરાગના અવલંબથી સમકિત ન થાય અને પોતાની અનિત્ય પર્યાયના આશ્રયથી પણ ન થાય. કુદેવ, કુગુરુથી તો ન થાય પણ સુદેવ, સુગુરુ અને ભગવાનની વાણીથી પણ સમકિત ન થાય. જો થાય તો અનંતવાર એ મળ્યા છતાં કેમ ન થયું ? ઈન્દ્રભૂતિ પોતાની લાયકાતથી સમ્યક્ત્વ પામી અંદર વીતરાગદૃષ્ટિ અને સ્થિરતાના જોર વડે ગણધર થયા. તેઓ અસંખ્ય ચોવીશીનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જાણે એવું પરમ અવધિજ્ઞાન પામ્યા, સામાના મનની વાત જાણે તેવું મનઃપર્યય જ્ઞાન પણ તેમને થયું. અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરી. જ્ઞાનાનંદ શક્તિના દરિયા ફાટ્યા. એવી આત્મઋદ્ધિ તેમને પ્રગટી. ઈન્દ્રભૂતિ, વાયુભૂતિ, અગ્નિભૂતિ ત્રણે ગણધર થયાં. ગૌતમ સ્વામીને ભવ્ય જીવોના ઉપકાર અર્થે વિકલ્પ ઉઠયો અને તેમણે બાર અંગની રચના કરી.

પ્રશ્ન :– ગૌતમ ન આવ્યા હોત તો વાણી છૂટત ?

ઉત્તર :– સૂર્ય ન હોત તો અજવાળું ક્યાંથી થાત ? તેના જેવો એ પ્રશ્ન છે જેવી જેની લાયકાત જે સમયે પ્રગટ થવાની તે જ થાય ત્યાં નિમિત્ત એના કારણે હોય અને એવો સ્વતંત્ર મેળ થવો તેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહેવાય છે, 'નિમિત્તથી થાય તે નૈમિત્તક' એમ એનો અર્થ નથી પણ સ્વતંત્ર યોગતાનુસાર જે કાળે થવા યોગ્ય હોય તે જ થાય છે ને ત્યાં નિમિત્ત તેના કારણે ઉપસ્થિત હોય છે.

હવે જ્ઞાનના ત્રણ દોષ કહે છે. (૧) **સંશય :–** નિમિત્તથી લાભ થતો હશે કે એકલા ઉપાદાનથી કાર્ય થતું હશે ! વ્યવહારથી કે રાગથી લાભ થતો હશો કે નિશ્ચયથી ને વીતરાગતાથી

લાભ થતો હશે ? આનું સાચું હશે કે આનું ? પંદર ભેદે સિદ્ધ હશે કે એક વીતરાગ ચારિત્રવાન નગ્ન દિગંબર મુનિ દશાવાળાને જ મોક્ષ થતો હશે ? એમ સંશયવાન છે તે સાચા દેવાદિનો નિર્ણય ન કરી શકે. સમ્યગ્જ્ઞાનીને એવો સંશય હોય નહિ. (૨) **અનધ્યવસાય :–** સત્ય અસત્ય ગમે તે હોય, નક્કી કરવાની દરકાર ન કરવી તે અચોક્કસતારૂપ (અનધ્યવસાયરૂપ) મિથ્યાદૃષ્ટિપણું છે. (૩) **વિમોહ :–** (વિપરીતતા) આત્માને શરીરવાળો માનવો, પુણ્યથી ધર્મ થાય એમ માનવું, આત્માને પરનો કર્તા-ભોક્તા માનવો એ બધું વિપરીત જ્ઞાન છે. ઉપર કહેલા ત્રણે દોષ રહિત શુદ્ધાત્મ સન્મુખ થયેલું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે.

પ્રશ્ન :– મોટા મોટા આચાર્ય થઈ ગયા છે ને તેમને માનનારા ઘણાં છે તે શું ખોટું માનતા હશે ?

ઉત્તર :– જેમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું તથા છ દ્રવ્ય વગેરેનું વિપરીત કથન છે તેને પરીક્ષાવાન કેમ માને ? જ્ઞાતાસૂત્રના પ્રથમ અધ્યયનમાં કથા છે કે શ્રેણિકના પુત્ર મેઘકુમાર હતા. તેણે પૂર્વભવે હાથીના ભવે દયા પાળી તે શુભરાગના કારણે સંસાર પરિત કર્યો તો તે વાત ખોટી છે. મિથ્યાત્વ રહિત શુદ્ધદૃષ્ટિના જોરે નિર્મળ સમ્યક્ત્વ દશા ઉત્પન્ન થાય છે ને તેનાથી સંસાર ઘટે છે. વળી વિપાકસૂત્રમાં દાન દેવાના શુભરાગથી પરિત સંસાર થયો કહે છે જ્ઞાતાસૂત્રમાં મહાસતી દ્રૌપદીને પાંચ પતિ કહે છે તે લૌકિક નીતિથી પણ વિરુદ્ધ છે છતાં વીતરાગના નામે એ લખ્યું છે. વળી ભગવાન મહાવીરને બે પિતા જે શાસ્ત્ર કહે તે શાસ્ત્ર તથા તેને માનનારા ખોટા છે. પક્ષપાત છોડી, પરીક્ષા કરે તો જ સત્ય સમજાય તેમ છે.

વીતરાગ સર્વજ્ઞે કહેલાં શુદ્ધ જીવાદિ તત્ત્વ વગેરે જેમ છે તેમ તેને માનવાં તે વ્યવહાર છે, - પુણ્ય પરિણામ છે. દયા, દાન, વ્રત, તપના વિકલ્પ તે રાગ છે તેનાથી પુણ્ય બંધાય છે, પણ સંવર-નિર્જરારૂપ ધર્મ નથી. શાંતિથી મધ્યસ્થપણે નક્કી કરવું જોઈએ. પરજીવની દયાનો ભાવ તથા મુનિને આહાર દેવાનો ભાવ તે પુણ્યતત્ત્વ છે ને રાગરહિત અંતર્મુખ એકાગ્રતાથી થતો શુદ્ધભાવ તે જ સંવર-નિર્જરા તત્ત્વ છે. જેમ છે તેમ પૃથક્ પૃથક્ માને તો વ્યવહાર શ્રદ્ધા સાચી છે. સત્ય અસત્યનો આંતરો પાડીને જ્ઞાનમાં દૃઢતા વડે વિવેક થવો જોઈએ. રાગને ગૌણ કરી, એકતા બુદ્ધિ છોડી અંતર્મુખ થઈ શુદ્ધાત્મપણાનો નિશ્ચય કરે, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનને અભેદનયથી આત્માના પરિણામ છે. આત્માની નિર્મળદશા છે પણ તે ગુણ નથી. સમ્યગ્દર્શનનો આધાર. આખો આત્મા છે, તેને અભેદપણે લક્ષમાં લઈ એકાગ્ર થાય તેને મિથ્યા અભિપ્રાય રહિત સમ્યગ્દર્શન થાય છે. વ્યવહારથી કે મંદકષાયથી કોઈને સમ્યક્ત્વ થાય, કોઈને કુદેવાદિના નિમિત્તથી થાય એ વાત ત્રિકાળ અસત્ય છે. સાચા દેવાદિ નિમિત્ત હોય છતાં તેનાથી સત્ય સમજે એવું પરાધીનપણું નથી.

કોઈને જ્ઞાનનો ઉઘાડ થોડો હોય પણ પોતાની પાત્રતા વડે જ્ઞાની પાસે સત્ શ્રવણ કરી, સ્વસન્મુખ થાય તેને જ સમ્યગ્દર્શન થાય છે. અંદર એકાગ્ર થવાથી ચારિત્ર પ્રગટે ને ક્રમે ક્રમે

વિશેષ એકાગ્રતા થતાં જે કેવળજ્ઞાન થઈ શકે છે તેમાં શિવભૂતિ મુનિનું દૃષ્ટાંત છે. આત્માનો નિઃશંકપણે યથાર્થ અનુભવ થતાં નવ તત્ત્વનો, સાચા દેવાદિનો તથા સ્વ-પરનો યથાર્થ સ્વીકાર આવી જાય છે. ને આત્મજ્ઞાન વિના ૧૧ અંગ ભણે તોય, અભવ્યસેન દ્રવ્યલિંગી મુનિ જેવા મિથ્યાદૃષ્ટિ રહે છે. પંચ મહાવ્રતાદિ, નગ્નતા આદિ ૨૮ મૂળગુણ પાળે છતાં તે શુભરાગ છે તે પુણ્ય આસ્રવ છે, તેનાથી સંસાર ફળે છે. સમ્યગ્દર્શનનું કારણ અંદર કારણપરમાત્મા છે. અંતર્મુખ સ્વસંવેદનથી જાણવાયોગ્ય ધ્રુવ સામાન્ય સ્વભાવ, નિજ કારણપરમાત્મા છે તે સ્વરૂપ પોતે જ છે તેમાં અભેદતાનો અનુભવ થતાં ત્રિકાળ કારણપરમાત્મા સ્વરૂપનો ખ્યાલ આવે છે ને તેમાં ઉપાદેય બુદ્ધિ થાય તેને જ સમ્યગ્દર્શન થાય છે, બીજાને નહિ. શાસ્ત્રમાં નિમિત્ત-વ્યવહારથી કથન આવે પણ ઉપાદાનમાં કાર્ય થાય તો તે નિમિત્તને ઉપચારથી કારણ કહેવાય છે પણ તેનાથી ઉપાદાનમાં કાર્ય થતું નથી. આવું જાણે તે જ શાસ્ત્રકારનો અભિપ્રાય યથાર્થ જાણી શકે.

## પ્રસાદ નં. – ૩૦૭

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા સુદ ૧૨, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૧-૯-૫૨, સોમવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪૧**
**(ભાદરવા સુદ ૬, મંગળવાર, ૨૬-૮-૫૨ બપોર)**

ઉત્તમ ક્ષમાદિ દસલક્ષણપર્વના દિવસો ચાલે છે. વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ તે જ ઉત્તમ છે.

બીજાના ભય વગેરેથી ક્ષમા રાખવી તે ઉત્તમ ક્ષમા નથી પણ નિત્ય જ્ઞાતામાત્ર સ્વભાવમાં જાગૃતિના બળવડે ક્રોધાદિનાં ગમે તેવાં કારણો મળે છતાં શાંતિમાં રહે. જ્ઞાતાપણાની અરુચિ અને ક્રોધાદિ કષાયો પોતામાં ઉત્પન્ન થવા ન દે તે જ ઉત્તમક્ષમાદિ ધર્મ છે.

સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય કરી અંદર દ્રવ્યદૃષ્ટિપૂર્વક જ્ઞાતા રહે તે જ ક્ષમાવંત રહી શકે છે. નિત્ય જ્ઞાનના લક્ષે સહજ ક્ષમા વર્તે છે. નિમિત્ત ગમે તે પ્રકારના હો તેને લક્ષે તો ક્રોધ ન થાય પરંતુ તેના લક્ષે જ્ઞાન પણ થતું નથી. જ્ઞાનની યોગ્યતા અનુસાર જ્ઞાન થાય છે. રાગના કાળે રાગ થાય. રાગથી જ્ઞાન નથી, નિમિત્તથી જ્ઞાન અને રાગ નથી. અંતર જ્ઞાતાસ્વભાવ છે તે જ અખંડ ક્ષમાસ્વરૂપ છે. આ મને હેરાન કરે છે પણ મારે સહન કરવું જોઈએ એ તો વિકલ્પ છે, રાગ છે, તે ઉત્તમક્ષમા નથી, પણ સ્વસન્મુખ જ્ઞાતાપણાનું ભાન અને શાંતિ તે જ ક્ષમા છે.

ગમે તે ક્ષેત્ર, કાળ, સંયોગની પ્રતિકૂળતા હોય છતાં જ્ઞાન તેને જાણવામાં ના પાડે એવું નથી. જ્ઞાન તો તેને જાણે એવા સ્વભાવવાળું છે.

(૨) **માર્દવ :–** અકષાય જ્ઞાતાની રુચિ અને સ્થિરતામાં જાગૃત રહેવાથી જાતિ, લાભ, કુળ, રૂપ, તપ, બળ, વિદ્યા, ઐશ્વર્યનો મદ ઉત્પન્ન થવા ન દે તે ઉત્તમ માર્દવ ધર્મ છે.

સ્વતંત્ર વસ્તુસ્વભાવનો નિર્ણય કહો, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કહો, સર્વજ્ઞનો નિર્ણય કહો, ઉત્તમક્ષમાદિ ધર્મ કહો – બધું એક સ્વસન્મુખ જ્ઞાતા થવામાં છે. અને આવી શ્રદ્ધા પછી,

અલ્પ નબળાઈથી શુભ-અશુભરાગ ક્રમબદ્ધ થવાયોગ્ય હશે તે થશે. તેનો પણ જ્ઞાતા રહેશે.

કોઈ કહે કે વિકાર દ્રવ્ય-ગુણમાં નથી તો ક્યાંથી થાય છે ?

ઉત્તર :– ચારિત્રગુણ ત્રિકાળ છે, તેની સંકલેશ અને વિશુદ્ધ બે ગતિ છે. તે ચારિત્રગુણની પરિણતિથી શુભ-અશુભ રાગની ઉત્પત્તિ થાય છે. કોઈ બીજાથી નહિ.

વર્તમાન અંશ, રાગ તથા નિમિત્તના આલંબનથી લાભ માનવાની ઊંધી દૃષ્ટિ છૂટી, સ્વાશ્રય જ્ઞાતાપણાની નિઃશંકબુદ્ધિ થયા વિના ચારિત્ર હોઈ શકે નહિ. વીતરાગચારિત્ર તે પૂજ્ય છે. પણ તે શુદ્ધ આત્મામાં સ્વસન્મુખ જ્ઞાતામાત્રપણે એકાગ્ર થવામાં છે. બહારમાં તો નથી, શુભ વિકલ્પમાં પણ ચારિત્ર નથી.

પુષ્પાંજલિવ્રત, સુગંધદસમીવ્રત એટલે આત્મામાં વીતરાગદષ્ટિ અને સ્થિરતાનાં પુષ્પ ચડાવી, શુદ્ધતાની સુગંધ પ્રગટ કરે તે વ્રત છે. ત્યાં શુભવિકલ્પને ઉપચારથી વ્રત કહેવાય છે. બાકી આવી ક્રિયા કરીએ તો વ્રત, તપ ને ધર્મ થાય એ માન્યતા મિથ્યા છે; એકલા વ્રતાદિની ભાવના ભાવે છે તેને પુણ્યની રુચિ છે.

રુચિનું જોર રાગ, નિમિત્ત કે પર્યાય ઉપર જાય છે તેને અસંયોગી જ્ઞાતાપણાની અરુચિ વર્તે છે. નિશ્ચય સમકિત વિના વ્રત, તપ, મંદકષાયરૂપ શુભભાવ, ધ્યાન આદિ ઝેર મળેલા દૂધ સમાન વૃથા છે, એમ જાણવું જોઈએ.

૨૫ મળ દોષ રહિત, સમ્યક્ત્વ હોય છે. તેમાં દેવ-ગુરુ-શાસ્ત્રમાં મૂઢતા તે દોષ છે. ક્ષુધા, તૃષાદિ ૧૮ દોષો રહિત અને અનંત જ્ઞાનાદિ નિર્મળ ગુણો સહિત છે. જે વીતરાગ સર્વજ્ઞદેવ છે, તેના સ્વરૂપને જે નથી જાણતા તે સંસાર, ભોગ ને ભવભ્રમણના ઇચ્છક છે.

દ્રૌપદી મહાસતીને પાંચ પતિ માને, કેવળી વીતરાગને રોગ, આહાર ક્રમે ઉપયોગ વગેરે માને તેનાં શાસ્ત્રાદિ કલ્પિત છે. એક સમયે દર્શનઉપયોગ ને બીજે સમયે જ્ઞાનઉપોયગ એમ અનંતકાળ ક્રમઉપયોગવાળા કેવળી સર્વજ્ઞને જે માને છે પણ અક્રમ દર્શનજ્ઞાનનો ઉપયોગ માનતા નથી, તેને સર્વજ્ઞની દિવ્યતા ભાસી નથી.

એક સમયમાં, એક સાથે, સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણ્યા-દેખ્યા કરે એવી સર્વજ્ઞદશા જેને પ્રગટ છે તે અર્હંત અને સિદ્ધ પરમાત્મા છે. તેમણે જેમ જાણ્યું છે, તેમ જ થાય છે. એમ જેણે અંતર્મુખ થઈને નક્કી કર્યું, પોતાની ક્રમબદ્ધ પર્યાયનો આધાર સ્વદ્રવ્ય છે – એમ જાણ્યું તે પરથી ઉદાસીન થઈ, જ્ઞાતા જ રહ્યો. આવો નિશ્ચય હોવા છતાં નબળાઈથી રાગ થાય ખરો પણ જાણે કે તે પરથી થયો નથી, ને વિકારની પર્યાય પણ ફેરવવી નથી. નિઃશંક જ્ઞાતા જ છું, જે થાય તેનો જાણનાર જ છું એવી નિઃશંકતા તે જ પુરુષાર્થ છે. જેણે અંદરમાં વીતરાગદૃષ્ટિનો પુરુષાર્થ જોયો તેને દેવમૂઢતા ન હોય.

કોઈ કહે કે કેવળજ્ઞાનીએ જોયું હશે ત્યારે પુરુષાર્થ થશે, નિમિત્ત વિના નહિ થાય એમ જોયું હશે તો ? તો તેને કહે છે કે, સર્વજ્ઞે જોયું હશે તેમ થશે તેનો તને નિર્ણય છે ?

સર્વજ્ઞતાનો નિર્ણય કર્યો તેમાં જ સાચો પુરુષાર્થ છે.

'કરૂણા હમ પાવત હૈ તુમકી વહ બાત રહી સુગુરુ ગમકી'

કેવળજ્ઞાનનો નિઃશંક નિર્ણય કર્યો તેનો અભિપ્રાય અખંડ જ્ઞાન ઉપર છે તેથી અકષાય કરુણાવંત સર્વજ્ઞ વીતરાગના જ્ઞાનમાં અને અલ્પજ્ઞ સમ્યક્જ્ઞાનીના જ્ઞાનમાં સમાનતા થઈ આમ કરું ને આને છોડું એ આકુળતા ગઈ, નિઃશંકતાથી ક્રમબદ્ધનો જ્ઞાતા છું એમ માને છે, પર્યાયમાં રાગ, અલ્પજ્ઞતાને જરાય ઉપાદેય માનતો નથી. મારો આત્મા સર્વજ્ઞ પરમાત્મ થવાની તાકાત વાળો છે એમ તે માને છે.

સર્વજ્ઞ વીતરાગને પરીક્ષાપૂર્વક નથી માનતો તે જીવ ધન, લાભ, રૂપ, સૌભાગ્ય, પુત્ર-સ્ત્રી અને રાજ્યની સંપદા પામવાને માટે રાગી, દ્વેષી, આર્ત, રૌદ્રધ્યાનના ધારક એવા ક્ષેત્રપાળ, ચંડિકા, અંબા ભવાની વગેરે મિથ્યાદૃષ્ટિ દેવોનું આરાધન કરે છે પણ તેનાથી કાંઈ ફળ નથી. ઊલટું તે માન્યતાથી તો પુણ્ય હોય તે પાપરૂપ થઈ જાય છે. જેમ રાવણે રામ-લક્ષ્મણજીને મારવા વિદ્યા સિદ્ધ કરી છતાં કાંઈ વળ્યું નહિ, પુણ્યવાનને કોઈ વિઘ્ન કરી શકે નહિ ને સમકિતી એવી વિદ્યા સાધવાની દરકાર કરે નહિ, તોય જય પામે, કદી બાહ્યમાં પુણ્ય ન હોય તો અંદરમાં પરમ શાંતિનો વિજય પામે.

પાંડવો શેત્રુંજ્ય પર્વત ઉપર ધ્યાનમાં અમૃતાનંદમાં હતા, ત્યાં દુર્યોધનના ભાણેજે ધગધગતાં ઘરેણાં પહેરાવ્યા, તેથી પાંડવોનું કાંઈ બગડ્યું નહિ, કૌરવોએ પાંડવો તથા કૃષ્ણના નાશ માટે ઘણી વિદ્યા આરાધી છતાં તેનું કાંઈ અનિષ્ટ કરી શકાય નહિ. નદીરૂપ તીર્થસ્થાન, અગ્નિ પ્રવેશ, અગ્નિ, વડ, પીપળા, કુદેવ તથા વેપારના ચોપડા, રૂપિયા, વગેરેની પૂજા તે લોકમૂઢતા છે.

અજ્ઞાનીને આશ્ચર્ય લાગે એવા જ્યોતિષ, મંત્રાદિ દેખી, વીતરાગ કથિત શાસ્ત્રની શ્રદ્ધા છોડી, મિથ્યાદૃષ્ટિ દેવ, કુશાસ્ત્ર અને ખોટા તપ કરનારા તથા વસ્ત્રાદિ પરિગ્રહધારી કુલિંગીને ભય-આશા, સ્નેહ અને લોભથી ધર્મ અર્થે પ્રણામ-વિનય-પૂજા સત્કાર, અનુમોદન આદિ કરે તે બધા મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

કેવળીના સ્વરૂપને વિપરીત માને તે દેવમૂઢતા છે, જૈનના સાધુ નામ ધરાવે, નગ્ન થઈ ૨૮ મૂળ ગુણ પાળતા હોય છતાં જો મિથ્યા ઉપદેશ આપતા હોય તો તે પણ કુગુરુ છે, તેને ભાવલિંગી ગુરુ માને તે ગુરુમૂઢતા છે. સમકિતીને પૂર્વોક્ત ત્રણ મૂઢતાદિ દોષ સવિકલ્પ દશામાં પણ હોતા નથી અને જ્યારે શુભાશુભ રાગ રહિત વીતરાગ સમ્યક્ત્વ વર્તે છે એટલે કે સ્વસન્મુખ ધ્યાન કાળે તો પોતે શુદ્ધ નિરંજન પરમાત્મા છે તે જ દેવ છે એવી નિશ્ચય બુદ્ધિ હોય છે તે જ દેવમૂઢતા રહિતપણું જાણવું.

## ભાદરવા સુદ ૭, બુધવાર, ૨૭-૮-૫૨

સર્વજ્ઞ વીતરાગ નથી એવા કુદેવને માને તે વ્યવહારે દેવમૂઢતા છે, સુદેવાદિની શ્રદ્ધા તે વ્યવહાર શુદ્ધતા છે. નિશ્ચયથી દિવ્ય દેવ, શુદ્ધ નિરંજન, નિર્દોષ, ચૈતન્યમૂર્તિ પોતે આત્મદેવ છે. મિથ્યાત્વાદિ મૂઢભાવ છોડી, નિજ આત્મામાં નિર્વિકલ્પ શાંત-આનંદમાં સ્થિર થવું તેનું નામ લોકમૂઢતા રહિતતા છે. સર્વ પ્રકારના શુભ-અશુભ સંકલ્પ-વિકલ્પરૂપ પરભાવ છે તેના ત્યાગરૂપ નિર્વિકાર પરમાનંદ લક્ષણ ધારક, પરમ સમતારૂપ શુદ્ધ સ્વભાવના અવલંબનથી નિજ શુદ્ધ આત્મામાં જ સમ્યક્ પ્રકારે આશ્રય, અયન, ગમન, પરિણમન કરવું તે જ પરમાર્થે સમય મૂઢતા રહિતતા છે. આવી નિશ્ચય લીનતા - સ્વસન્મુખતા વિના એકલી વ્યવહાર મૂઢતા છોડે તોપણ વૃથા છે. નિશ્ચય શ્રદ્ધા હોય ત્યાં વ્યવહાર મૂઢતા ન હોય, શુભ વિકલ્પરૂપે જે વ્યવહાર રત્નત્રય છે તે રાગ છે, અશુદ્ધ ભાવ છે તેનાથી ધર્મ માને તો લોકમૂઢતા છે. જ્ઞાનીને ચારિત્રની નબળાઈમાં શુભ રાગ હોય છે. પણ તેને પુણ્યાસ્રવ માને છે, ધર્મનું કારણ માનતા નથી.

આઠ મદનું સ્વરૂપ કહે છે :–

(૧) વિજ્ઞાન (કળા-હુન્નર)નો મદ જ્ઞાનીને હોય નહિ. ચિત્રકળા, વકીલાત, ડૉક્ટર, મશીનરીની કળા વગેરેમાં જ્ઞાની મદ કરે નહિ.

(૨) ઐશ્વર્યનો મદ, અધિકારનો મદ ન કરે.

(૩) જ્ઞાનમદ ન હોય, વક્તાપણું, શાસ્ત્રજ્ઞાન હોય, છતાં જાણે કે કેવળજ્ઞાનના અનંતમેભાગે આ જ્ઞાન છે તેથી તેનો મદ કરે નહિ.

(૪) તપમદ. (૫) બળમદ. (૬) કુળમદ. (૭) જાતિમદ (૮) રૂપમદ. એ આઠ પ્રકારના મદની ઉત્પત્તિ થવા દે નહિ, કેમકે ધર્મીને નિત્યજ્ઞાન સમતાવંત નિર્માન સ્વભાવનો મહિમા વર્તે છે.

જ્ઞાનીને નિઃશંકજ્ઞાતાપણાની દૃઢતા છે તેથી તે જાણે છે કે ઇચ્છાપણું મારું કર્તવ્ય નથી, પરનું કંઈ કરી શકતો નથી, ક્રમબદ્ધ થાય તેને જાણું છું, એ ભાન જ્ઞાનીને કદી ખસે નહિ. જ્ઞાનીને સવિકલ્પદશાાં આઠ પ્રકારના મદની ઉત્પત્તિ થતી નથી, અને માનકષાયથી ઉત્પન્ન જે મદ, મત્સર્ય (ઈર્ષા) વગેરે સર્વ વિકલ્પના ત્યાગપૂર્વક, દેહાદિમાં અહંકાર-મમકાર રહિત, શુદ્ધ આત્મામાં ભાવના એકાગ્રતા છે, તે વીતરાગ સમ્યગ્દૃષ્ટિઓને આઠ મદનો ત્યાગ છે, એટલે કે કોઈ પ્રકારનો રાગ બુદ્ધિપૂર્વક નથી, કેવળ સ્વસંવેદન વર્તે છે.

હવે છ અનાયતનોનું કથન કરે છે. (૧) મિથ્યાદૃષ્ટિ દેવ (૨) તેના સેવક (૩) મિથ્યાદૃષ્ટિ ગુરુ (૪) ને તેના સેવક (૫) મિથ્યાશાસ્ત્ર (૬) અને તેના ધારક પુરુષ એ છ અનાયતનનો સરાગ સમ્યગ્દૃષ્ટિને ત્યાગ હોય છે. કુદેવાદિને માનનારા, નિમિત્તથી, પુણ્યથી, તથા શરીરની

ક્રિયાથી ધર્મ માનનારા ને મનાવનારા બધા મિથ્યાદૃષ્ટિ છે, તેને સદાય સ્વધર્મનો ત્યાગ જ છે. એકાંતરા રોટલા ન ખાવા તેમાં વરસીતપ માને, પુણ્યમાં તથા વ્રત, તપના વિકલ્પરૂપ વ્યવહારમાં ધર્મ માને તે કુતપ કરનારા મિથ્યા તપસ્વી છે ને તેને માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે તે પણ ધર્મનું ખોટું સ્થાન – એટલે કે ધર્મ માટે અનાયતન છે તેની પ્રશંસા – તેનું અનુમોદન સમ્યગ્દૃષ્ટિજીવને હોતું નથી, સર્વજ્ઞના નામે કલ્પિત શાસ્ત્રો બનાવ્યાં હોય તે તથા તેને જે માનનારા છે તે સમ્યગ્જ્ઞાનીને માટે અનાયતન છે – અસ્થાન છે. મિથ્યાશાસ્ત્ર ભણનારાઓ ભલે સાધુ નામ ધરાવતા હોય છતાં તે ખોટા નિમિત્તનું સ્થાન છે એમ જાણી તેમાં સમકિતી ધર્મ માને – મનાવે નહિ.

જ્ઞાનીને શુદ્ધ શ્રદ્ધા થઈ છે તેથી તે છ પ્રકારનાં ખોટાં સ્થાનમાં અનુમોદન આપે નહિ અને નિશ્ચયથી શુભાશુભ વિકલ્પ વ્યવહારરત્નત્રય પણ દોષનું સ્થાન છે એમ જાણીને વીતરાગ સમ્યગ્દૃષ્ટિ જીવ વીતરાગપણે ઠરે છે. બુદ્ધિપૂર્વક રાગમાં વર્તતો ત્યારે કુદેવાદિના રાગનો નિષેધ હતો, અને નિર્વિકલ્પ ઉપયોગ વખતે વ્યવહાર રત્નત્રયના રાગનો પણ નિષેધ વર્તે છે.

સમ્યક્ત્વાદિ નિર્મળ ગુણોનાં આયતન-ઘર-આવાસ-આશ્રય-આધારનું નિમિત્ત જે સુદેવાદિ છે તેને વ્યવહાર આયતન કહે છે. નિશ્ચયથી પોતાનું શુદ્ધાત્મપદ તે જ એક સમ્યક્ત્વાદિનું આધારભૂત સ્થાન છે, મિથ્યાદૃષ્ટિઓને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર અને તેના માનનારાઓ એ છ સ્થાન મિથ્યાત્વપણે રહેવામાં નિમિત્ત છે. ચૈતન્યસ્વરૂપમાં અરુચિ, પુણ્યમાં રુચિ વગેરે ભ્રાંતિ હોય છે તેને કુદેવાદિ નિમિત્ત છે. સમ્યગ્દર્શન થવામાં પ્રથમ સુદેવ-સુગુરુની શ્રદ્ધા ને તેમનો ઉપદેશ જ નિમિત્ત હોય, કુગુરુ અથવા એકલો વ્યવહારાભાસી નિમિત્ત ન હોય.

હવે જેને નિશ્ચય વીતરાગ દૃષ્ટિરૂપ શુદ્ધ સમકિત છે તેને શંકાદિ આઠ દોષોનો ત્યાગ હોય છે અને નિઃશંક, નિઃકાંક્ષિત આદિ આઠ ગુણોનું પાલન હોય છે. શ્રી જિનેન્દ્ર કથિત હેય-ઉપાદેય તત્ત્વોમાં, મોક્ષ અને મોક્ષમાર્ગમાં ભવ્યજીવોએ સંદેહ ન કરવો જોઈએ, નિશ્ચય જ્ઞાયકમાત્ર સ્વભાવ આશ્રિત નિઃશંક થયા વિના એકલી વ્યવહાર નિઃશંકતા વૃથા છે.

અહીં પ્રથમ શંકા દોષના ત્યાગ માટે અંજનચોરનું દૃષ્ટાંત છે. જે જીવ મિથ્યાત્વાદિ દોષ છોડી નિશ્ચય આરાધનાવંત થયા તેને જ શાસ્ત્રમાં દૃષ્ટાંતરૂપે ગ્રહણ કર્યો છે, પણ અનંતવાર, વ્યવહારાભાસ રત્નત્રય - પંચમહાવ્રતાદિ પાળી દ્રવ્યલિંગી મુનિ થઈ નવ ગ્રૈવેયક સુધી જનાર મિથ્યાદૃષ્ટિઓને દૃષ્ટાંતમાં લીધા નથી, મિથ્યાદૃષ્ટિને અંશ માત્ર ધર્મની શરૂઆત થતી નથી.

નિઃશંક માટે વિભીષણની વાત છે કે :– રાવણને શ્રી રામ લક્ષ્મણથી યુદ્ધ પ્રસંગ આવ્યો ત્યારે વિભીષણે નિઃશંક પ્રતીતિ રાખી કે શ્રીરામ તો આઠમા બળદેવ છે, લક્ષ્મણજી આઠમા નારાયણ છે, રાવણ પ્રતિનારાયણ હોવાથી નારાયણ (વાસુદેવ)ના હાથે જ મરણ પામે છે એવું સર્વજ્ઞનું વચન છે તે મિથ્યા થઈ શકે નહિ, રાવણ ઘણી સેના સહિત છે માટે રામ, લક્ષ્મણ હારી જશે એ શંકા તેણે ન કરી, તે રાવણનો સાથ છોડી શ્રી રામચંદ્રજી પાસે ગયો. બીજું

દૃષ્ટાંત :– દેવકી તથા વસુદેવનું છે. પ્રતિવાસુદેવે કૃષ્ણને મારવા ઘણા પ્રકાર કર્યા પણ તેના માતા-પિતાને અતિમુક્તસ્વામીનાં વચનની દૃઢ શ્રદ્ધા હતી તેથી તેમને શંકા થઈ નહિ, જેમ તેઓએ વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રમાણતામાં શંકા ન કરી તેમ ભવ્યજીવોએ પરીક્ષાપ્રધાની રહીને શ્રી જિનેન્દ્રનાં વચનોમાં શંકા કરવી ન જોઈએ એ વ્યવહાર નિઃશંકતા છે. નિશ્ચય સમકિત વિના એકલી વ્યવહાર નિઃશંકતા મિથ્યા છે, એમ આઠે અંગમાં સમજી લેવું.

## પ્રસાદ નં. – ૩૦૯

### વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા સુદ ૧૪, વર્ષ ૨જાું. પુસ્તક અગિયારમું, સોનગઢ, તા. ૩-૯-૫૨, બુધવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪૧
### (ભાદરવા સુદ ૮, ગુરુવાર, ૨૮-૮-૫૨ બપોર)

આજે દસલક્ષણપર્વનો ચોથો દિવસ છે. મુનિના ચારિત્રધર્મના દસ પ્રકાર છે, તેમાં ચોથો પ્રકાર ઉત્તમ શૌચ - નિર્લોભતા છે. મુનિને આરોગ્યતાનો લોભ, જીવનનો લોભ, પાંચે ઇન્દ્રિયોને તાજી રાખવાનો લોભ નથી, તથા ઉપયોગનો લોભ હોતો નથી. કેમકે પરથી તથા રાગથી જુદો એકલો પૂર્ણ જ્ઞાનાનંદ છું એવો નિઃશંક નિર્ણય કર્યા પછી આને જાણું તો મને ઠીક પડે એમ ઉપયોગ ભમાવવાનો લોભ મુનિને હોતો નથી, તથા ઘણાં શાસ્ત્રો જાણી લઉં એવો લોભ પણ મુનિ કરતા નથી. શુદ્ધ ઉપયોગ કરું એવી ઇચ્છા પણ શુદ્ધિને રોકનાર છે. શિષ્યોમાં, સંઘમાં અનુકૂળતા રાખવાનો લોભ એ પણ આકુળતા છે, તેનાથી રહિત જ્ઞાતામાત્ર નિર્લોભી સ્વભાવમાં જાગૃત રહેવું તે મુનિનો પવિત્રતારૂપ શૌચધર્મ છે.

આત્મા જ્ઞાનાનંદ છે, જ્ઞાન સિવાય પરનું કંઈ ન કરે, એ નિશ્ચય નિઃશંકતાગુણ છે. જૈનશાસ્ત્રનો નિશ્ચય કરી પછી તેમાં શંકા ન કરવી તે વ્યવહાર નિઃશંકતા છે.

નિશ્ચય અને વ્યવહાર નિઃશંકતાદિ ગુણના જોરે ધર્મી જીવને આ લોકનો ભય, પરલોકનો ભય, અરક્ષાનો ભય, મરણભય, અગુપ્તિભય અને અકસ્માતનો ભય એ સાત ભય હોતા નથી. નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવી છું એમ નિઃશંક સ્વરૂપની ભાવનામાં કોઈ સંયોગ-વિયોગનો ભય થતો નથી. શાશ્વત શરણરૂપ પોતે જ સ્વયંરક્ષક છે, શરીર જ હું નથી તો મને રોગ શેનો ? અકસ્માત-આડું-અવળું કંઈ થતું નથી, ક્રમબદ્ધ જે થવાનું તે જ થાય છે એમ જાણી અખંડ જ્ઞાન શાંતિમાં નિરંતર નિઃશંક એટલે નિર્ભય રહે છે.

તેને માટે શાસ્ત્રમાં સતી અનંતમતિની વાત છે. ઘણાં ઉપસર્ગ-પરિષહ છતાં તે બ્રહ્મચર્યમાં દૃઢ રહી છે. અનંતમતિને તેના પિતાએ આઠ દિવસ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાનું કહેલું પણ તેણે

આ જીવન પાળ્યું. ઘણાં કષ્ટો આવ્યાં છતાં નિર્ભય રહી હતી. શ્રી સીતાજીની કથા છે. લોકઅપવાદ દૂર કરવા માટે રામચંદ્રજીએ અગ્નિ પરીક્ષા કરાવી. સીતાજી નિર્દોષ ઠર્યા ત્યારે શ્રી રામે મહારાણીપદ આપ્યું, સીતાજીએ તે સ્વીકાર્યું નહિ. સીતાજી જ્ઞાની હતા તેથી પ્રથમથી જ ભાન હતું કે શુદ્ધ ચિદાનંદ છું દેહાદિ કોઈ મારું નથી. છતાં પોતાની નબળાઈથી રાગ હતો ત્યાં સુધી ગૃહસ્થદશામાં રહ્યાં. હવે વૈરાગ્ય થયો, દીક્ષા લેવા તૈયાર થયા, રામ ઘણું સમજાવે છે. તો કહે છે કે, તમારા હૃદયમાં અમારા સતીત્વની ખબર હતી છતાં લોક ખાતર અગ્નિપરીક્ષા લીધી. ધિક્કાર છે સંસારના મોહને ! એમ કહી સીતાજીએ પટ્ટમહાદેવીની સંપદા છોડીને કેવળજ્ઞાની શ્રી સકલભૂષણના ચરણમાં અનેક રાણીઓ સહિત પોતે સ્ત્રી પર્યાયને યોગ્ય જિનદીક્ષા ગ્રહણ કરી. આર્યિકાને પંચમ ગુણસ્થાન હોય છે. તેની દીક્ષા લીધી. સ્ત્રીનું શરીર હોય તેને કદી છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવી શકે નહિ તેથી તે સર્વવિરતિ સાધુપદ અને વીતરાગચારિત્ર પામી શકે નહિ. સીતાજી અનેક આર્યિકા સહિત હતા, રત્નત્રયની ભાવનાપૂર્વક ૬૨ વર્ષ સુધી જિનમતની પ્રભાવના કરી.

પછી છેલ્લે ૩૩ દિવસ પર્યંત નિર્વિકાર શુદ્ધ ચિદાનંદમાં એકાગ્રતારૂપ ધ્યાનપૂર્વક સમાધિમરણ કરી, અચ્યુત નામે ૧૬મા સ્વર્ગમાં પ્રતીન્દ્ર સામાનિક દેવ થયા. ત્યાંથી તેમણે (સીતાજીના જીવે) ધર્માનુરાગથી નરકમાં જઈને રાવણ તથા લક્ષ્મણના જીવને સંબોધ્યા કે, તમે સિદ્ધ પરમાત્મા જેવા આત્મા છો, તેનું ભાન ન કર્યું ને રાજ્ય લોભમાં ફસાઈ પાપ કર્યાં, ધર્મની દરકાર ન કરી તેથી તમે નારકી થયા. હવે દેહાદિથી જુદો જ્ઞાનાનંદ આત્મા છું એને સમજો, વગેરે પ્રકારે ઉપદેશ આપ્યો. અત્યારે અચ્યુત સ્વર્ગમાં છે, હવે પછી સીતાજીનો જીવ સ્વર્ગમાંથી નીકળીને સકળ ચક્રવર્તી થશે, રાવણ તથા લક્ષ્મણના જીવ સકળ ચક્રવર્તીના પુત્ર થશે, પછી તીર્થંકરના ચરણ મૂળમાં પોતાના પૂર્વભવો દેખીને બન્ને પુત્ર પરિવાર સહિત તે ચક્રવર્તી (સીતાજીનો જીવ) નગ્ન દિગંબર ભાવલિંગી મુનિ થશે.

પછી ત્રણે અનુત્તર વિમાનમાં અહંમિદ્રો થશે. રાવણનો જીવ ત્યાંથી નીકળી તીર્થંકર થશે, સીતાજીનો જીવ તેના ગણધર થશે. જુઓ, પર્યાયની વિચિત્રતા ! ક્રમબદ્ધ યોગ્યતા મુજબ થાય છે. સર્વજ્ઞે જોયેલું તે થાય છે. ધર્મી જીવ જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ મુખ્ય કરી, પર્યાયના આલંબનને છોડી ક્યાંય કર્તૃત્વ-મમત્વ કરતો નથી.

તથા લક્ષ્મણજીનો જીવ ઘાતકીખંડ દ્વીપમાં તીર્થંકર થશે. સર્વજ્ઞે જે ભાવ જોયા તે કદી ફરે નહિ એવો સમ્યગ્જ્ઞાનમાં જેણે નિર્ણય કર્યો તે ધર્મી જીવને કોઈ વાતમાં આશ્ચર્ય કે ભય થતો નથી, પરની આશા અનુકૂલ સંયોગની ઇચ્છા તે થવા દેતો નથી. તે બધો શુદ્ધબુદ્ધમુક્તાનંદની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનનો જ મહિમા છે. લાખ પ્રતિકૂળતા આવે પણ પરથી જુદો જ્ઞાતા જ છું એમાં ન ચૂકે.

ભગવાનની વાણીમાં અક્રમ – એક સાથે બાર અંગનો ઉપદેશ આવે છે. સાંભળનારા

પોતાની યોગ્યતા અનુસાર સમજી લે છે. રાવણ અને લક્ષ્મણજી ભાવિમાં તીર્થંકર થશે. તે પહેલાં કેવળી-શ્રુતકેવળી પાદમૂલે જ તીર્થંકરનામકર્મ બાંધશે. ભગવાનની મૂર્તિ પાસે ભક્તિ કરતાં રાવણે તીર્થંકરનામકર્મ બાંધ્યું એ વાત યથાર્થ નથી.

વ્યવહાર નિષ્કાંક્ષ અંગ તે શુભરાગરૂપ છે અને નિશ્ચયથી તો જાણેલા, સાંભળેલા, અનુભવેલા પંચ વિષય સંબંધી ભોગના ત્યાગથી, એકલા જ્ઞાનાનંદમય અતીન્દ્રિય સ્વાત્માશ્રિત જે નિશ્ચય રત્નત્રય, તેની શુદ્ધ ભાવનાથી ઉત્પન્ન જે પારમાર્થિક સુખરૂપી અમૃતરસ તેમાં જ જ્ઞાનનું સંતોષરૂપ સ્થિર થવું તે જ નિષ્કાંક્ષ ગુણ છે.

હવે નિર્વિચિકિત્સાગુણ કહે છે. તેમાં નિશ્ચય-વ્યવહાર રત્નત્રયને આરાધવાવાળા જે ભવ્ય જીવ છે તે મલિન, રોગી, ભયંકર આકૃતિ દેખીને પણ ધર્મબુદ્ધિથી કરુણાભાવથી ગ્લાનિ થવા દેતો નથી. તે ધર્મી જીવને વ્યવહાર નિર્વિચિકિત્સા ગુણ છે. ત્રણે કાળે મુનિદશાનું સ્વરૂપ એક જ પ્રકારે નગ્ન દિગંબર દશા સહિત હોય છે. કોઈ અજ્ઞાની કહે કે જૈનમતમાં બધી વાત સારી છે પણ નગ્ન મુનિદશા, અસ્નાનતા, મેલું શરીર, અદંતધોવન એ ખરાબ છે – એમ જે માને છે તેને નિર્ગ્રંથ મુનિદશાના પવિત્ર સ્વરૂપની ખબર નથી. જ્ઞાની ગ્લાનિ થવા દેતો નથી.

ગૃહસ્થ હોય, રાજા હોય, રૂપાળું સ્વચ્છ શરીર હોય તેને કોઈ કહે કે અહો ! તમે આવા ને તમારા ગુરુ આવા મલિન નગ્ન કેમ ? તો તે સાંભળી સમકિતીને જરાય ગ્લાનિ થતી નથી.

વાદીરાજ મુનિને ગળત કોઢ હતો, નગરશેઠ તે મુનિરાજનાં દર્શન કરવાં હંમેશાં જાય, આહારદાન આપે, રાજાને કોઈએ કહ્યું કે, આ શેઠ તેના કોઢી ગુરુને અડીને આવે છે તે ઠીક નહિ. રાજાએ પૂછ્યું કે શું તમારા ગુરુ કોઢી છે ? શેઠે કહ્યું કે, ના, મારા ગુરુ એવા નથી. જો કે મુનિ મહાતપસ્વી છે છતાં છદ્મસ્થદશામાં અશાતાકર્મના ઉદયે કોઢ હતો. શેઠ ચિંતાતુર થઈ ગુરુને કહે છે કે, રાજા પાસે મેં આપની વાત ભક્તિવશ છુપાવી છે. રાજા જાતે ખાત્રી કરવા આવશે. શું થશે ? મુનિ કહે, વાંધો નહિ. પછી ભગવાનની સ્તુતિ ઉપાડી કે, હે નાથ ! જ્યાં તારો જન્મ થાય છે ત્યાં ઇન્દ્રો તારી નગરીને સોનાની બનાવે, તો હે નાથ ! તારી પરમ ભક્તિ કરવાથી આ શરીર સોના જેવું ન થાય એ કેમ બને ? જે માતાના ઉદરમાં હે નાથ ! તમે આવો તે ઉદરમાં મલિનતા ન રહે, તો મારા હૃદયમાં આપની સ્તુતિનો વાસ હોય ને રોગ કેમ રહે ? વગેરે પ્રકારે વીતરાગતાનાં ગાણાં ગાતાં, સ્તુતિ કરતાં મુનિનું શરીર નીરોગ ને સોના જેવું સુંદર બની ગયું. એક આંગળી કોઢવાળી રાખી હતી. રાજા દર્શન કરી, ખુલાસો સાંભળી જૈન થાય છે.

ગમે તેવું કાળું, મલિન શરીર મુનિનું હોય છતાં તે ખરાબ છે એવો મિથ્યાભાવ ધર્મી જીવ થવા ન દે. સનાતન જૈનશાસનમાં મુનિનું સ્વરૂપ ત્રણ કષાયરહિત નગ્ન દિગંબર, ૨૮

મૂળગુણ ધારી કહેલ છે.

પવિત્ર આત્માની સુંદરતાને જાણનારો ધર્મી આત્મા ઊલટી આદિ ગંદકી દેખી ગ્લાનિ થવા ન દે. અશાતાનો ઉદય હોય તો મુનિને પણ રોગ થાય, સનતકુમાર ચક્રવર્તીને મુનિ અવસ્થામાં ૭૦૦ વર્ષ સુધી કોઢ-ગળત કોઢ રહ્યો. તે જોઈ ધર્મી ધર્મની નિંદા ન કરે, શંકા ન કરે.

શ્રી કૃષ્ણની પટ્ટરાણી રુકિમણી પાસે પ્રદ્યુમ્નકુમાર ક્ષુલ્લક-ત્યાગી થઈને આવે છે, ભોજન કરી તે ઊલટી કરે છે ને ઘરની બધી રસોઈ ખાઈ જાય છે. તોય ધર્માનુરાગમાં તેણે ખામી આવવા ન દીધી. ઉદયનરાજ ઉપર એક દેવે પરીક્ષા માટે મુનિવેશ લઈને આહાર કરી ઊલટી કરી, તોપણ ભક્તિમાં જરાય ગ્લાનિ થવા ન દીધી.

નિશ્ચયથી તો જ્યાં જ્ઞાનમાં પવિત્રતા ભાસી ત્યાં ભૂમિકાનુસાર રાગની ઉત્પત્તિ થતી નથી. માટે શુદ્ધાત્મા જ ઉપાદેય છે, તેના બળથી સમસ્ત રાગાદિ વિકલ્પનો ત્યાગ કરીને, નિર્મળ આત્માનુભવ લક્ષણ અતીન્દ્રિય સુખરૂપ થવું એટલે નિજ શુદ્ધઆત્મામાં સ્થિરતા કરવી તે જ ગ્લાનિ રહિત ઉત્તમ શૌચધર્મરૂપ નિર્વિચિકિત્સા ગુણ છે.

**ભાદરવા સુદ ૯, શુક્રવાર, ૨૯-૮-૫૨**

સમકિતનો ચોથો ગુણ અમૂઢદૃષ્ટિ છે તેનું કથન કરે છે.

આત્મા શુદ્ધ ચિદાનંદ અનંતગુણની મૂર્તિ છે, દેહાદિથી જુદો ને ક્ષણિક રાગાદિથી પણ ત્રિકાળી સ્વભાવ જુદો, શુદ્ધ છે તેની રુચિ કરી, પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવ જ ઉપાદેય છે એવી સ્વસન્મુખ અભેદદૃષ્ટિ થવી તે સમ્યગ્દર્શન છે.

જુઓ, આ મોક્ષમાર્ગનું પ્રથમ પગથિયું છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જેણે જાણ્યાં છે એવા સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રો વીતરાગતા અને સ્વતંત્રતા બતાવનાર છે. તેને નહિ માનનાર જે કુદૃષ્ટિઓ છે તેમના બનાવેલાં શાસ્ત્રો ભોળા-મૂર્ખજનોને વિસ્મયતાનાં કારણ છે. ધાતુવાદ (રસાયનશાસ્ત્ર, જાદુકળા, હરમેખલ, ક્ષુદ્રમંત્રાદિ વિદ્યાનો જ્ઞાનીને વિસ્મય થાય નહિ. વ્યંતર સાધકની લોકોમાં ચમત્કાર દેખાડનારી વાત સાંભળીને તેમાં મૂઢબુદ્ધિ જ્ઞાની થવા દે નહિ. તેને વ્યવહારથી અમૂઢદૃષ્ટિ કહે છે.

તે વિષે રેવતીશ્રાવિકા અને ચંદ્રપ્રભ વિદ્યાધર બ્રહ્મચારી સંબંધી કથા પ્રસિદ્ધ છે. રેવતી શ્રાવિકાની વાત આજે સવારે કહેવાઈ ગઈ છે.

વીતરાગમાર્ગમાં ત્રણે કાળે દરેક દ્રવ્યની પર્યાય સ્વતંત્ર છે, તેમાં કોઈ તત્ત્વદૃષ્ટિથી વિરુદ્ધ

વાત કરે, દેવ-ગુરુ-શાસ્ત્રમાં નિશ્ચય-વ્યવહાર ઇત્યાદિમાં કોઈ વિપરીત વાત કરે તો પણ સમ્યગ્દૃષ્ટિ મૂંઝાય નહિ. દેવ પરીક્ષા કરવા આવે અને કહે કે ચાલ, આ ભવે તને કેવળજ્ઞાન અપાવું તો જ્ઞાની તે માને નહિ.

શાસ્ત્રમાં નિમિત્તનાં, વ્યવહારનાં, કથન ઘણાં આવે છતાં તેનાથી આત્માને લાભ થાય એમ જ્ઞાની માને નહિ. નિશ્ચય સ્વભાવના ઉગ્ર અવલંબનનું બળ હોય તો વ્યવહાર મોક્ષમાર્ગને ઉપચારથી સાધન કહેવાય છે. વ્રતાદિનો વિકલ્પ ઊઠે તે શુભરાગ છે. તેને પણ જ્ઞાની હેય જાણે છે. વ્રત-તપ વગેરે કોઈ વિકલ્પને ધર્મમાં મદદગાર - હિતકર માને નહિ. કોઈ ગમે તેવી યુક્તિથી વ્રતાદિ-પુણ્યાસ્રવને ધર્મ મનાવે – તેમાં મોક્ષમાર્ગ બતાવે તો પણ ધર્મી જીવ મૂંઝાય નહિ. એક વીતરાગભાવને જ મોક્ષમાર્ગ માને. પુણ્યનો વિકલ્પ હોય ખરા પણ જ્ઞાની તેમાં પ્રીતિ કરે નહિ.

લોકોને બહારની વાતનો મહિમા આવે છે તેથી પર્યુષણપર્વમાં ગામેગામ અઠાઈ ઉપવાસ થયા હોય તેનો મહિમા આવે છે. પણ રોટલા ન ખાવા તે ખરો ઉપવાસ નથી, તેમાં જો મમતા-રાગ ઘટાડે તો મિથ્યાત્વસહિત પુણ્ય થાય. જેને પુણ્યની રુચિ-ભાવના છે તેને અનંત સંસારની રુચિ છે. આહારપાણીને આત્મા છોડી શકતો નથી તેમ જ લઈ શકતો નથી, આહાર-પાણી તો એના કારણે આવવા યોગ્ય હોય ત્યારે આવે અને ન આવવા યોગ્ય હોય ત્યારે ન આવે. અજ્ઞાની સંયોગને જુએ છે પણ તે મૂઢતા છે.

ધર્મી જીવ તો નબળાઈથી શુભ-અશુભ વિકલ્પ ઊઠે તેમાં ઈષ્ટપણું માનતા નથી, દેહાદિમાં હિતબુદ્ધિ – મમત્વભાવ છોડી, ત્રિકાળ પૂર્ણ જ્ઞાન-દર્શન સ્વભાવી આત્મામાં નિવાસ કરવો તે અમૂઢદૃષ્ટિગુણ છે તેને જ્ઞાની આચરે છે.

કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને ને દેહ સુકાય તેમાં તપસ્યા માને તેને જ્ઞાનાનંદ સ્વરૂપી આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન-લીનતા પ્રત્યે અનંતો ક્રોધ છે. શરીરમાં પ્રતિકૂળતા દેખાય; ઉપવાસ કરીને ખેદ થાય, આકુળતા થાય તે આર્તધ્યાન છે – પાપ છે.

થાય છે ખેદ ને માને છે નિર્જરાથી ધર્મ તેથી તીવ્ર મિથ્યાત્વ થાય છે. ખેદ થાય ત્યાં અશાતાવેદનીય કર્મ બંધાય છે, દેહની ક્રિયામાં આત્માનો ધર્મ મનાવે છે તે ધર્મને જાણતાં નથી એ જ મૂઢતા છે. શુદ્ધાત્માનાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતાથી શુદ્ધ સ્વભાવનો લાભ થાય છે. તેમાં પુણ્યની જરૂર ન પડે. પોતે જ સાધ્ય ને પોતે જ સાધન છે.

હવે ઉપગૂહનગુણનું કથન કહે છે. જો કે ભેદ-વ્યવહાર અને અભેદ-નિશ્ચય રત્નત્રયની ભાવનારૂપ જે મોક્ષમાર્ગ છે તે ત્રણે કાળે જિનમાર્ગમાં શુદ્ધ જ છે. કુગુરુ, કુશાસ્ત્રને માનનારાઓ કુયુક્તિથી વિપરીત કથન કરી હીણપ બતાવે, નિંદા કરે તો તેને ધનાદિકથી રોકે. ધર્મના વિરોધીને યોગ્ય ઉપાયથી નિંદા વગેરે કરતો રોકે, કોઈનો અલ્પ દોષ થાય તો શાસ્ત્ર અનુકૂળ, શક્તિ અનુસાર ધનથી અથવા ધર્મ ઉપદેશથી, ધર્મરાગથી તેના દોષ ઢાંકે છે. કોઈ ત્યાગના નામે

યાચના કરે તો ધર્મનું સ્વરૂપ સમજાવે. કોઈ ધર્મીનો દોષ દેખી હો હો કરી ધર્મની નિંદા થાય એમ ફજેત કરે નહિ. પણ તેના દોષને ગોપવે – તે વ્યવહાર ઉપગૂહન છે અને પોતાના નિશ્ચય રત્નત્રયગુણની સ્વદ્રવ્યના આલંબનના જોરે વૃદ્ધિ કરે ને અશુદ્ધિ ટાળે તે નિશ્ચય ઉપગૂહન અથવા ઉપબૃંહણ છે.

ચિદાનંદ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનમાં જાગૃતિ રાખીને બીજા માટે યોગ્યતા દેખે તો એવો શુભ વિકલ્પ કરે, પણ ખોટા પાપી જીવનો બચાવ ન કરે – એવો વિવેકનો માર્ગ છે. કોઈ કપટી હોય પણ ધર્મીનો વેશ લઈ છેતરી જાય તો તેમાં જો ધર્મની નિંદા થાય એવું હોય તો તેના દોષ છૂપાવી તેને ઉત્તમ જૈનધર્મની મહત્તા સમજાવે, છતાં ન માને તો દૂર કરે.

એક શેઠને ત્યાં ગૃહચૈત્યાલયમાં રત્નની પ્રતિમા હતી, તેની ચોરી માટે એક ચોર કપટી ત્યાગી, બ્રહ્મચારીનો વેશ લઈ આવ્યો. શેઠને ધીમે ધીમે વિશ્વાસ આવ્યો તેથી ત્યાં રહેવા દીધો. શેઠ બહારગામ ગયા ત્યારે તે રત્નની પ્રતિમા ચોરી ભાગતાં જ પકડાયો. શેઠ પાસે તેને લાવ્યા. ધર્મીના વેશની નિંદા થશે – એમ જાણી શેઠે તેના દોષને છુપાવ્યો ને મેં જ આ પ્રતિમા તેની પાસે મગાવી હતી તેથી તે મને દેવા આવતો હતો એમ કહ્યું. પછી ચોર પાપનો પસ્તાવો કરી શેઠના ઉપદેશથી ધર્મી થઈ જાય છે. તે વ્યવહાર ઉપગૂહનનું દૃષ્ટાંત છે. નિશ્ચયથી તો નિર્દોષ પરમાત્મસ્વરૂપને ઢાંકનાર રાગાદિ દોષ છે તેને નિજ પરમાત્મામાં સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતારૂપ ધ્યાન દ્વારા નાશ કરે તે ઉપગૂહન છે.

હવે સ્થિતિકરણગુણનું કથન કરે છે.

નિશ્ચય-વ્યવહારરૂપ રત્નત્રયધારી જે મુનિ, આર્યિકા, શ્રાવક તથા શ્રાવિકા – એ ચાર સંઘ છે. તેમાંથી કોઈ અસમર્થ બની ચારિત્રથી અથવા શ્રદ્ધાથી ચ્યુત થાય તો તેને સ્થિર કરવાની ભાવના તે વ્યવહાર સ્થિતિકરણગુણ છે. શાસ્ત્રમાં વ્યવહારથી કથન આવે કે ચારિત્ર મોહનીયના ઉદયથી કોઈ મુનિ બ્રહ્મચારી વ્રત છોડવાનો વિચાર કરે – શિથિલ થાય તો તેને શાસ્ત્રની આજ્ઞાનુસાર, યથાશક્તિ, ધર્મ ઉપદેશ સંભળાવી અથવા ગૃહસ્થ સાધર્મીભાઈ - બેન હોય તો ધનથી વા સામર્થ્યથી, કોઈની ભલામણથી કોઈ પણ યોગ્ય રીતે તેને ધર્મ પાલનમાં સ્થિર કરે – તે વ્યવહાર સ્થિતિકરણ છે. આમાં પુષ્પડાલ મુનિને ધર્મમાં સ્થિર કરવાના પ્રસંગમાં વારિષેણકુમારની કથા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

નિશ્ચયથી પોતાના સ્વભાવમાં દૃઢ થાય તે જ સ્થિતિકરણ છે. ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ હું આત્મા છું તેમાં નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર દ્વારા સ્થિર થવાની ભાવના છે તે સ્થિતિકરણ છે. નબળાઈથી વિકલ્પ ઊઠે તો તેનો ત્યાગ કરી, જ્ઞાતાદૃષ્ટા સ્વભાવમાં સમતા વડે ચિત્તને સ્થિર કરવું તે સાચું સ્થિતિકરણ છે.

## પ્રસાદ નં. – ૩૧૧

### વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૨, વર્ષ ૨જાું. પુસ્તક અગિયારમું, સોનગઢ, તા. ૫-૯-૫૨, શુક્રવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪૧
### (ભાદરવા સુદ ૧૦, શનિવાર, ૩૦-૮-૫૨ બપોર)

મોક્ષમાર્ગનો અધિકાર છે. તેમાં સમ્યગ્દર્શનના વાત્સલ્ય નામે સાતમા ગુણનું કથન કરે છે. વીતરાગ ચિદાનંદ નિશ્ચય નિજ પરમાત્મા પ્રત્યે પ્રેમ હોય છે તે મુખ્ય છે અને બાહ્યમાં નિશ્ચય-વ્યવહાર રત્નત્રયના ધારક મુનિ, આર્યિકા, શ્રાવક, શ્રાવિકારૂપ ચાર પ્રકારના સંઘમાં ગૌવત્સ સમાન પ્રીતિ રહે છે.

જેમ સંસારીને પાંચ ઇન્દ્રિયોના વિષયોનાં નિમિત્ત શરીર, સ્ત્રી, ધન, પુત્ર, સુવર્ણ, આબરૂ, મકાન વગેરે ઉપર સ્નેહ રહે છે તેમ ધર્મીને સાધર્મીજનો પ્રત્યે અતુલ પ્રેમ હોય છે. કેમકે 'ન ધર્મો ધાર્મિકૈર્વિના' ધર્મ ધર્મી વિના ક્યાંય રહેતો નથી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે ધર્મ છે તેનો આધાર ધર્મી આત્મા છે. જેને શુદ્ધ ધર્મનો પ્રેમ છે તેને વ્યવહાર-નિશ્ચય રત્નત્રયરૂપ ધર્મધારક સાધર્મી પ્રત્યે પ્રેમ હોય છે. સ્વાર્થબુદ્ધિથી રહિત ધર્માનુરાગ હોવાથી તેમાં મોક્ષમાર્ગનું અનુમોદન છે.

તેથી કથા છે કે હસ્તિનાપુરના રાજા પદ્મરાજના બલિનામે દુષ્ટ મંત્રીએ, જ્યારે નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ (રત્નત્રય)ના આરાધક અકંપનાચાર્ય આદિ સાતસો મુનિઓને ઉપસર્ગ કર્યો, ત્યારે દૂર દેશમાં ધ્યાનમાં બેઠેલા અવધિજ્ઞાની મુનિને, તે વાતની ખબર પડી, તેમણે કરુણા બુદ્ધિથી શ્રાવકને તે વાત કહી કે, 'અહો ! આ ઘોર ઉપસર્ગનું નિવારણ મહા વિક્રિયાદિઋદ્ધિ ધારી વિષ્ણુકુમાર મુનિ છે તેના દ્વારા થઈ શકે તેમ છે' ત્યારે તે શ્રાવક ત્યાં જઈ મુનિને તે વાત કરે છે, વ્યવહાર-નિશ્ચય મોક્ષમાર્ગના આરાધક શ્રી વિષ્ણુકુમાર મુનિએ વિક્રિયાઋદ્ધિથી ત્યાં જઈ વામનરૂપ ધારણ કરી બલિમંત્રી પાસે ત્રણ ડગલાં પૃથ્વી માગી ને બલિએ તે આપવાનું વચન આપ્યું. ત્યારે મહામુનિએ વિક્રિયાઋદ્ધિ દ્વારા વિરાટરૂપ ધરી એક પગ તો લાખ જોજનના

મેરુ પર્વત ઉપર મૂક્યો, બીજો પગ અઢી દ્વીપના છેડે – માનુષોત્તર પર્વત ઉપર મૂક્યો, ત્રીજો પગ મૂકવા જેટલી જગ્યા ન રહી ત્યારે પ્રતિજ્ઞા ભંગનો દોષ લગાડી, બલિમંત્રીને બાંધી લીધો ને સાતસો મુનિનો ઉપસર્ગ દૂર કર્યો. ત્યારથી શ્રાવણ સુદ-૧૫નું તેના સ્મરણ માટે રક્ષાબંધન પર્વ ઉજવાય છે.

આ બધું તો તે કાળે તેમ જ બનવાનું હતું. વિષ્ણુકુમાર મુનિને વાત્સલ્યનો ભાવ તે કાળે પોતાના કારણે થયો, તેમાં ઇન્દ્ર, જિનેન્દ્ર કોઈ ફેરવી શકે નહિ, અત્યારે કેટલાંક પંડિતોને સ્વતંત્રતા ગોઠતી નથી તેથી નિમિત્તાધિન દૃષ્ટિથી વસ્તુને પરાધીન બતાવવા માટે તેઓ ખૂબ લખાણ કરે છે કે, આટલાં નિમિત્તો મળે તો જ કાર્ય થાય, જુઓ. અનાદિની પરાધીનતા ગોઠી છે તેથી સ્વતંત્ર વસ્તુસ્થિતિનો વિરોધ કરે છે.

વ્યવહાર વાત્સલ્યનું કથન તો ધર્મી જીવને સરાગદશામાં કેવું વલણ હોય તે બતાવવા માટે છે. બીજું દૃષ્ટાંત એ છે કે :– વજ્રકર્ણ નામે દશપુર નગરનો રાજા હતો, તે જિનેન્દ્રદેવ વીતરાગી દેવ, ગુરુ, શાસ્ત્ર સિવાય અન્ય કોઈને વંદન કરતો નહિ, મોટા રાજાને પણ વંદન કરે નહિ, જો કે લૌકિક ખાતર રાજાને વંદન કરવામાં શ્રદ્ધાનો દોષ નથી પણ તે રાજાને એમ થયું કે મિથ્યાદૃષ્ટિ રાજાને નમું નહિ, તેથી ઉજ્જયિનીના મોટા રાજાએ તે વજ્રકરણ રાજાને નમાવવા માટે ઘેરો ઘાલ્યો, ત્યારે ભેદાભેદ રત્નત્રયની ભાવના છે પ્યારી જેને એવા શ્રીરામચંદ્રજીએ વજ્રકર્ણ પ્રત્યેના વાત્સલ્યને લીધે સિંહોદર સાથે લડાઈ કરી તેને બાંધી લીધો ને સાધર્મીનું રક્ષણ કર્યું, આ કથા પદ્મપુરાણમાં છે.

જુઓ, નિમિત્તના કથન આવાં જ હોય પણ રામચંદ્રજીએ પરનું કાંઈ કર્યું નથી, પોતાને ધર્મ વાત્સલ્યનો વિકલ્પ હતો તેનું સમાધાન પોતા માટે કર્યું, બહારમાં તો જે થવાનું હતું તે થયું અંદર રાગ હતો તેના કારણે બહારમાં કાંઈ થયું એમ માનતા નથી, દરેકની પર્યાય તેની યોગ્યતાથી જ થાય છે.

'ઉપાદાન વિધિ નિર્વચન, હૈ નિમિત્ત ઉપદેશ,
બસૈં જું જૈસે દેશમેં, કરૈ સું તૈસે ભૈષ.'

ઉપાદાનનો તો એક જ પ્રકાર છે કે કાર્ય થવામાં પોતાની એ કાળની યોગ્યતા તે જ એક કારણ છે, ને તે હોય તો બીજાને ઉપચારકારણ કહેવાય. જે નિમિત્ત હોય તેનું જ્ઞાન કરાવવા અનેક પ્રકારે ઉપચારથી કથન આવે પણ ઉપાદાનની વિધિ એક જ પ્રકારે છે ને તે પોતાની યોગ્યતા જ છે. જે સમયે નગરને ઘેરો, લડાઈ અને સિંહોદરનું બંધાવું વગેરે થવાનું હતું તે જ સમયે તે થયું છે આણે આ કર્યું એમ કહેવું તે નિમિત્તનું કથન છે.

ગૃહસ્થ સમ્યગ્દૃષ્ટિને તેને યોગ્ય વાત્સલ્યનો શુભ રાગ થાય છે. તેને બાહ્યમાં તો જે થવા યોગ્ય હોય તે જ થાય છે, અજ્ઞાની કર્તાપણું દેખે છે, જ્ઞાની સ્વતંત્ર જ્ઞાતાપણું દેખે છે, નિશ્ચય સમકિતપૂર્વક વ્યવહાર હોય છે તેને ઉપચારથી સહકારીકારણ કહેવાય છે અને ત્યારે

પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, નિર્મળ જ્ઞાનાનંદ માત્ર જે સાચું સ્વાસ્થ્ય તેના જ્ઞાનથી ઉત્પન્ન નિત્યાનંદમય સુખામૃત સ્વાદમાં લીનતા, અથવા આત્માના અતીન્દ્રિય સહજાનંદમય સુખની પ્રીતિ તેનું નામ નિશ્ચય વાત્સલ્ય છે. અર્હંત ભગવાનને વીતરાગ ભાવ પરમાનંદ અભેદ પરિણમન છે તેમને પણ એવું નિશ્ચય વાત્સલ્ય પરિપૂર્ણ છે પણ તેમને કોઈ ધર્મી ઉપર રાગ આવે નહિ.

ગૃહસ્થોને પ્રથમ વ્યવહાર વાત્સલ્ય વગેરે હોય ને પછી નિશ્ચય રત્નત્રય હોય એમ નથી પણ નિશ્ચય રત્નત્રય સાથે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ હોય છે તેને વ્યવહાર કહેવાય છે પણ તેનાથી લાભ માને તો વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

કોઈને પ્રશ્ન થાય કે :- ધનાદિ દઈને બીજાને સહાય કરવી એમ શાસ્ત્રમાં વાત આવે છે તો શું આત્મા પરનું વ્યવહારે તો કરી શકતો હશે ને ? તો કહે છે કે, ના તે તો વ્યવહારનું કથન છે, જીવ તો જ્ઞાનસ્વરૂપ અરૂપી છે. જીવ છે તે જ્ઞાન કરે, રાગ હોય તો ઇચ્છા કરે, અને શુભ રાગ હોય ત્યારે સાચા સાધર્મી પ્રત્યે વાત્સલ્ય આવે, શુભ રાગમાં ધર્માત્મા પ્રત્યે કેવો રાગ હોય તેનું કથન છે. બાહ્યમાં થવું – ન થવું કોઈને આધીન નથી.

હવે પ્રભાવનાગુણનું કથન કરે છે :–

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક દાન, પૂજાદિથી નિર્દોષ જિનમતની પ્રભાવના કરે, નિર્ગ્રંથ મુનિ દીક્ષા ધારણ કરે અથવા શાસ્ત્ર જ્ઞાન, તપશ્ચર્યા આદિ કરે, તે વ્યવહાર પ્રભાવના છે.

તે સંબંધી કથા છે કે મથુરામાં, મહાદેવી રાણીને હંમેશાં જિનેન્દ્ર રથયાત્રાનો ઉત્સવ કરવાનો નિયમ હતો, તેમાં ઉપસર્ગ નડતાં રાણીએ આહાર ત્યાગ કર્યો, ત્યારે પુણ્યોદયથી ત્યાં વિદ્યાધરે આકાશમાં જૈન રથ ફેરવાવી પ્રભાવના કરી.

બીજી વાત એમ છે કે તે ભવે મોક્ષગામી હરિષેણ ચક્રવર્તીએ માતા વપ્રામહાદેવીના કારણે અને પોતાના ધર્માનુરાગથી જિનમતની પ્રભાવના માટે જિન મંદિર આદિથી સમસ્ત પૃથ્વીતલને શોભાયમાન કરી દીધું. આ કથા પદ્મપુરાણમાં છે.

લાખો રૂપિયાની આવક હોય તો તેના પ્રમાણમાં ઘરેણાં, મકાન વગેરે બનાવવાનો ભાવ જીવ કરે છે, તેમ ગૃહસ્થ ધર્માત્માને જિનમંદિર, રથયાત્રા, તીર્થયાત્રા, પંચકલ્યાણક પ્રતિષ્ઠા વગેરે ઉત્સવ કરવાના ભાવ આવે છે, છતાં વીતરાગતાની વૃદ્ધિ હો એ ભાવના મુખ્ય છે. જેમાં પ્રીતિ હોય તેમાં ઉત્સાહ આવ્યા વિના રહે નહિ.

સાચા મોક્ષમાર્ગના રાગનો પણ નકાર કરી નિર્વિકલ્પ થવા માટે અંદરમાં અતીન્દ્રિય જ્ઞાનાનંદ સ્વભાવમાં ઉત્સાહ લાવી, વિષય કષાયાદિ વિભાવ પરિણામરૂપ જે પરમતોનો પ્રભાવ છે તેને નષ્ટ કરીને – વ્યવહાર મોક્ષમાર્ગનો શુભરાગ પણ પરમતનો પ્રભાવ છે. વિભાવ છે. માટે તેને પણ નષ્ટ કરીને, નિશ્ચય તો અંતર ચિદાનંદ આત્મામાં લીનતારૂપ સ્વસંવેદનજ્ઞાનથી નિર્મળ જ્ઞાન-દર્શનરૂપ સ્વભાવના ધારક નિજ શુદ્ધાત્માનું પ્રકાશન – અનુભવન કરવું તે ખરી પ્રભાવના છે.

એમ પૂર્વોક્ત પ્રકારે ત્રણ મૂઢતા, આઠ મદ, છ અનાયતન અને શંકાદિ આઠ દોષ રહિત તથા શુદ્ધ જીવ આદિ તત્ત્વાર્થોની રાગ સહિત પ્રતીતિ કરવી તે તો સરાગ સમ્યક્ત્વ છે. નવ તત્ત્વોને જેવા છે તેવાં માનવાં તે વ્યવહાર સમકિત છે અને એકલા જ્ઞાયક શુદ્ધ આત્મતત્ત્વની અભેદ પ્રતીતિ કરવી તે નિશ્ચય સમ્યક્ત્વ છે, રાગનો અભાવ કરનાર નિશ્ચય દૃષ્ટિ હોય તેના શુભ વ્યવહારને પરંપરા કારણ-ઉપચાર કારણ કહેવાય છે.

શુભાશુભ વિકલ્પરૂપ વ્યવહાર રહિત થઈને એટલે કે પરાશ્રયરૂપ વ્યવહારના આલંબનથી લાભ માનવારૂપ મિથ્યાશ્રદ્ધા છોડીને, અતીન્દ્રિય અકષાય, જ્ઞાયક માત્ર સ્વરૂપની રુચિથી જ સાધવા યોગ્ય શુદ્ધ ઉપયોગરૂપ નિશ્ચય રત્નત્રયની ભાવના – વીતરાગી સ્થિરતા – એકાગ્રતા, તેનાથી ઉત્પન્ન જે અતીન્દ્રિય, પરમ આલ્હાદરૂપ સુખામૃત રસાસ્વાદ છે તે જ ઉપાદેય છે અને ઇન્દ્રિયોના આલંબનથી ઉત્પન્ન આકુળતામય સુખાભાસરૂપ જે લૌકિક સુખ આદિક છે તે હેય છે, એવી અંતર્મુખ રુચિરૂપ તથા અકષાય મુનિ દશામાં હોવા યોગ્ય વીતરાગ ચારિત્ર સહિત સમકિતને વીતરાગ સમકિત અથવા નિશ્ચય સમકિત જાણવું.

અહીં આ વ્યવહાર સમકિતના વ્યાખ્યાનમાં નિશ્ચય સમકિતનું વર્ણન કેમ કર્યું ?

એવા પ્રશ્નનો ઉત્તર એમ છે કે વ્યવહાર સમકિત દ્વારા નિશ્ચય સમકિતનું સ્વરૂપ સાથે સાથે જ આવી જાય છે, કેમકે નિશ્ચય વિના એકલો વ્યવહાર તે વ્યવહાર નામને પણ પામતો નથી, જ્ઞાની પણ જ્યારે વીતરાગ ચારિત્રને પોતામાં પ્રગટ દશારૂપ કરે છે ત્યારે પૂર્વે વ્યવહારના વિકલ્પ આવેલા હોય છે. તેનો નિશ્ચયના બળ વડે નિષેધ કરી ગૌણ કરે છે તો તે રાગના અભાવને ઉપચારથી સાધક કહેવાય છે, એનું નામ વ્યવહાર છે, ખરેખર તો રાગરૂપ વ્યવહાર રત્નત્રય છે તે તો બાધક જ છે એમ પ્રથમથી જ શ્રદ્ધા કરવી જોઈએ, વ્યવહારને ઉપચારથી નિશ્ચયનો સાધક કહેલ છે પણ વ્યવહાર કહે તેમ નિશ્ચય વસ્તુસ્થિતિ નથી.

### ભાદરવા સુદ ૧૧, રવિવાર, ૩૧-૮-૫૨

હવે સમ્યગ્દર્શનનું માહાત્મ્ય કહે છે :–

જે જીવોએ નિત્ય શુદ્ધ છું ચૈતન્ય છુ, દેહાદિ તથા રાગાદિથી જુદો જ્ઞાયક છું એવું ભાન કરી મિથ્યા વાસનાનો નાશ કર્યો છે તે સમ્યગ્દર્શનનું માહાત્મ્ય એવું છે કે, પ્રથમ જો આયુ ન બાંધ્યું હોય તો તે સમકિતી જીવ ભલે અવ્રતી હોય, રાજ્યાદિમાં હોય, હિંસા-આરંભના

અશુભ ભાવ થાય છતાં શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટાનાં ભાનમાં જાગ્રત રહેતો હોવાથી તે તિર્યંચ, નરક ગતિ આદિ નિંદનીય સ્થાનોમાં જન્મ લે નહિ.

આગમમાં કહ્યું છે કે, જેને શુદ્ધ સમ્યગ્દર્શન છે, તે જીવ નરક-તિર્યંચગતિમાં તથા નપુંસક, સ્ત્રી, નીચકુળ, અંગહીન શરીર, અલ્પ આયુ અને દરિદ્રીપણાને પામે નહિ, જુઓ સમ્યગ્દૃષ્ટિ કદી પણ સ્ત્રી પર્યાયમાં ન ઊપજે, શ્વેતાંબર શાસ્ત્રકાર મલ્લિનાથ તીર્થંકરને સ્ત્રી કહે છે તે મિથ્યા છે. ત્રણ કાળમાં એવું બને નહિ.

જે લાંબા કાળે બને તેને (આશ્ચર્ય) અચ્છેરું કહે છે પણ જેમ મનુષ્ય સ્ત્રીના પેટે વાંદરું જન્મે નહિ તેમ તીર્થંકરદેવ કદી સ્ત્રી હોઈ શકે નહિ.

તીર્થંકરને પૂજનારા, ઇન્દ્ર-ગણધરાદિ કદી સ્ત્રી ન હોય તો ત્રિલોકીનાથ ધર્મપિતા, જગત ગુરુ સ્ત્રી કેમ હોય ? ન જ હોય, શ્વેતાંબરોએ લોકોમાં ભલું મનાવવા માટે સ્ત્રીઓને પણ તીર્થંકરપણું કે મુનિપણું કહેવામાં, દેવ-ગુરુનું સ્વરૂપ ઢીલું કરી કલ્પિત શાસ્ત્રો રચેલાં છે. જિનાગમના નામે કલ્પિત શાસ્ત્રો રચ્યાં છે. પરીક્ષાવાન હોય તે અંધશ્રદ્ધામાં માને નહિ.

સમ્યગ્દૃષ્ટિ નરક અથવા સ્વર્ગમાંથી આયુ પૂર્ણ કરી ઉત્તમ મનુષ્ય ગતિમાં જ ઊપજે છે. સમ્યગ્દૃષ્ટિનાં જેવા ઉચ્ચ પુણ્ય મિથ્યાદૃષ્ટિને કદી હોય નહિ, સ્વભાવની શુદ્ધિની વૃદ્ધિ કરનારો હોવાથી તેના પ્રભાવનું વર્ણન અહીં કરે છે.

શ્વેતાંબર દશાંગી સુખમાં ઊપજવાનું કહે છે પણ તે સુખ નથી, અહીં તો કહે છે કે સમ્યગ્દર્શનથી શુદ્ધ છે એવો જીવ જ્યાં જન્મે છે ત્યાં દીપ્તિ, પ્રતાપ, વિદ્યા, વીર્ય, યશ, વૃદ્ધિ, વિજય, વૈભવ અને ઉત્તમ કુળ તથા વિપુલ ધનનો સ્વામી થાય છે તથા એ બધા ગુણોથી તે બધા મનુષ્યોમાં શ્રેષ્ઠ થાય છે.

મિથ્યાદૃષ્ટિને વ્યવહારમાં રુચિ હોવાથી તે પાપાનુંબંધી પુણ્ય બાંધી સંસારમાં રખડે છે. શુભભાવને કારણે તે કર્મમાં સ્થિતિ વધારે બાંધે છે, પણ શુભ ભાવનો પુણ્યનો તેને આદર હોવાથી, ત્રસ પર્યાયની બે હજાર સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ હોવાથી શુભથી બાંધેલા શાતાવેદનીય કર્મની સ્થિતિ તોડીને, અશુભભાવ કરીને નિગોદમાં જાય છે. સમ્યગ્દૃષ્ટિ છે તે વીતરાગ સ્વભાવની દૃષ્ટિ અને મુખ્યતાવાળો હોવાથી પુણ્યની બાંધેલી સ્થિતિ તથા શુભને તોડી, શુદ્ધ ઉપયોગના બળથી અલ્પકાળમાં મોક્ષમાં જાય છે.

મિથ્યાદૃષ્ટિને કર્મની સ્થિતિ વધુ ને પુણ્યનો રસ થોડો હોય છે અને જ્ઞાનીને કર્મની સ્થિતિ (આયુ સિવાયના કર્મની સ્થિતિ) થોડી અને પુણ્યનો રસ વધુ હોય છે, પણ સંસારમાં ત્રસ પર્યાયમાં કોઈ બે હજાર સાગરથી વધુ રહી શકે નહિ.

વળી સમકિતી સમાધિમરણ કરી દેવમાં ઊપજે છે. ભવનવાસી, વ્યંતર, જ્યોતિષિદેવમાં ઊપજે નહિ. વૈમાનિક દેવમાં ઊપજે છે, પણ ત્યાં પ્રકીર્ણક, વાહન, કિલ્વીષી નામે હલકા દેવ પણે ન ઊપજે. મહાઋદ્ધિના ધારક દેવપણે ઊપજે છે. નિશ્ચયથી તો તે પોતાનાં શુદ્ધ શ્રદ્ધા-

જ્ઞાન-આનંદમાં જ ઊપજે છે ને પોતાના આત્મામાં રહે છે. અહીં નિમિત્તની વાત ચાલે છે.

હવે જેણે સમકિત પામ્યા પહેલાં નરક-તિર્યંચ અથવા મનુષ્યનું આયુષ્ય બાંધ્યું હોય તે ક્યાં ઊપજે છે તે કહે છે :– પ્રથમ નરકને છોડી અન્ય છ નરકોમાં, જ્યોતિષી, વ્યંતર, ભવનવાસી દેવમાં, સર્વ સ્ત્રી પર્યાયમાં તથા કર્મ ભૂમિના મનુષ્ય તથા તિર્યંચમાં, સમકિતી ઊપજે નહિ.

શ્રેણિક રાજાએ પ્રથમ નરકાયુ બાંધેલ, પછી ક્ષાયિક સમકિત પામ્યા તો પ્રથમ નરકમાં ગયા છે, મરણ ટાણે શુદ્ધ ચિદાનંદ છું એવું ભાન હતું ને અત્યારે પણ એવા ભાનમાં વર્તે છે. સંયોગનું દુઃખ નથી પુરુષાર્થની જેટલી નબળાઈ છે તેટલું દુઃખ છે તે પણ ગૌણ છે.

હવે ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક એ ત્રણ સમકિતમાંથી ક્યું સમકિત કઈ ગતિમાં હોય છે તે કહે છે :– સૌધર્મ આદિ સ્વર્ગોમાં, અસંખ્યાત વર્ષના આયુધારી ભોગભૂમિના તિર્યંચમાં તથા મનુષ્યમાં તથા રત્નપ્રભા નામે પ્રથમ નરક પૃથ્વીમાં એ ત્રણે સમ્યક્ત્વ હોય છે. તેમાં વિશેષ એટલું કે અપર્યાપ્ત અવસ્થામાં દ્વિતીયોશમ સમ્યક્ત્વ મહર્દ્ધિક દેવોમાં જ હોય છે અને બાકીના દેવ તથા તિર્યંચ છે તેમાં તથા છ નીચેની નરક ભૂમિઓમાં પર્યાપ્ત જીવોને જ ક્ષયોપશમ અને ઉપશમ એ બે સમ્યક્ત્વ હોય છે.

પ્રથમ નરકમાં તીવ્ર ઉષ્ણતાની વેદના થોડામાં થોડી દસ હજાર વર્ષના આયુ સુધી હોય છે. લાખ મણ કઠણ લોઢાનો ગોળો ત્યાં પડે તો તુરત ઓગળી જાય એવી ઉષ્ણતા ત્યાં છે. તેનાથી અનંત ગુણી ઉષ્ણતા બીજી નારકીમાં છે. ત્યાં પણ સંયોગનું દુઃખ નથી પણ દેહ સાથેની એકત્વબુદ્ધિનું દુઃખ છે.

અહીં પાપનો ભય નહિ રાખતાં કાળાકેર, અન્યાય-અનીતિ કરે, શિકાર કરે, દારૂ, માંસાદિ ખાય, ચોર અને તીવ્ર મમતા જેને હોય તે બધા નરકમાં જાય છે. અજ્ઞાનના વશે જીવ અનંતવાર ત્યાં જઈ આવ્યો છે અત્યારે વર્તમાનને જ માનનારા પૂર્વ ભવ વગેરેને ન માને તેથી શું ? જેવાં તીવ્ર-મંદ પુણ્ય-પાપ કર્યાં હોય તેને યોગ્ય ભોગવવાના ચાર ગતિના સ્થાનકો લોકમાં અસંખ્ય છે.

આ પ્રકારે નિશ્ચય-વ્યવહાર રત્નત્રય સ્વરૂપ અવયવી-અંશી જે મોક્ષમાર્ગ છે તેના પ્રથમ અંશ (ભાગ) રૂપ જે સમ્યગ્દર્શન છે તેની વ્યાખ્યા પૂરી થઈ. ॥૪૧॥

હવે આત્મામાં શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે તેના બીજા અંશ-પ્રકાર રૂપ સમ્યક્જ્ઞાન તે કેવું હોય તેનું વર્ણન કરે છે.

ગાથા-૪૨

**संसयविमोहविब्भमविवज्जियं अप्पपरसरूवस्स।**
**गहणं सम्मण्णाणं सायारमणेयभेयं तु।।४२।।**

ધર્માત્માજ્ઞાની ગૃહસ્થ દશામાં હોય કે ત્યાગી હોય પણ (પોતાનું) તેમનું સ્વસંવેદનમય સમ્યગ્જ્ઞાન યથાર્થતાવાળું હોય છે ને સ્વ-પર પદાર્થનાં સ્વરૂપમાં સંશય વિપરીતતા અને અચોક્કસતારૂપ કુજ્ઞાનથી રહિત હોય છે.

તે સમ્યક્જ્ઞાન આકાર (વિકલ્પ) સહિત એટલે સહિત એટલે સ્વપર પ્રકાશક છે અને અનેક પ્રકારવાળું છે.

સમ્યક્જ્ઞાનનો કોઈ પ્રકાર એવો નથી કે શુભ રાગથી કે નિમિત્તથી મોક્ષમાર્ગ માને અથવા પરનું કાંઈ કરી શકે એમ માને પણ વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન અને વીતરાગતાથી જ મોક્ષમાર્ગ માને પરથી લાભ-હાની કે પરનું વ્યવહારથી પણ કરી શકાય છે એવું ન માને તે સમ્યક્જ્ઞાન છે.

**વ્યાખ્યાર્થ :– (૧) સંશય :–** શુદ્ધ આત્મતત્ત્વ, સાચા દેવ-ગુરુ તથા સર્વજ્ઞ કથિત નવ તત્ત્વ, છ દ્રવ્ય વગેરેનું પ્રતિપાદન કરનારાં જે શાસ્ત્ર છે તે જ એક સત્ય છે કે અન્યમતિઓ દ્વારા કહેલાં શાસ્ત્ર પણ સત્ય છે ? બધા ધર્મમાં આત્માના ધર્મની વાત, સુખી થવાની વાત કહી છે, માર્ગ ભલે જુદાં જુદાં હોય પણ બધાનું સાધ્ય તો એક જ છે ને ? એવી સંશયવાન બુદ્ધિ સમ્યક્જ્ઞાનીને ન હોય, બધા ધર્મ, ગુરુ અને શાસ્ત્રોમાં ધર્મની વાત છે માટે તેનું પણ કંઈ સાચું હોવું જોઈએ ને સર્વજ્ઞનું પૂરેપૂરું સાચું હશે – આવું સંશય સહિત જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે. તેને મિથ્યા ભાવ રહિત ચિદાનંદ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિનો માલ મળે નહિ.

હિત-અહિત કરનારા કોણ ને શેનાથી મારું હિત-અહિત છે, તેમાં સંશય છે તેને જેમ અંધારામાં વૃક્ષનાં ઠુંઠાંમાં મનુષ્ય હશે કે ઠુંઠું એવો સંશય થાય છે તે શંકાશીલ મિથ્યા જ્ઞાન સમજવું. (૨) વિમોહ :– અનધ્યવસાય (અચોક્કસતા) :– રસ્તે ચાલતાં પગમાં તૃણાદિનો સ્પર્શ થાય છે તેનો ખ્યાલ રાખવામાં આવતો નથી. ગમે તે હો – જેમ દિશા ભૂલી જાય છે તેમ તત્ત્વજ્ઞાનમાં બેદરકાર રહે છે તે અચોક્કસતા છે. આત્મા ત્રિકાળી અનંતગુણોનો પિંડ છે તે દ્રવ્ય, તેના દરેક ગુણ ત્રિકાળી છે, તે દરેક ગુણની દરેક સમયે નવી નવી પર્યાય ઊપજે છે ને બીજે સમયે બદલે છે ને સ્વસત્તામાં રહે છે એવા અનંતા ચૈતન્યસ્વરૂપી જીવ ત્રિકાળ જુદે જુદાં સ્વતંત્ર છે. વળી, ચેતના ગુણ રહિત અનંતા પરમાણુ જડદ્રવ્ય ત્રિકાળી જુદાં સ્વતંત્ર છે તે સિવાય ધર્મ, અધર્મ, આકાશ, દ્રવ્ય એક એક છે, અસંખ્યાતા કાળાણું દ્રવ્ય છે. તેના દ્રવ્ય-

ગુણ-પર્યાયનું સ્વતંત્રસ્વરૂપ, નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ ગુરુગમથી જાણે નહિ અને સામાયિક વગેરે ધર્મ કરવા બેસી જાય પણ સામાયિક અને વ્રત શું ચીજ છે ? તે રૂપી છે કે અરૂપી ? ક્યા ગુણની પર્યાય છે ? વિકારી કે અવિકારી છે ? તે પૂછો તો કાંઈ જાણે નહિ, 'ભગવાન જાણે' એમ કહી દે, તે અચોક્કસતા ને વિમોહરૂપ કુજ્ઞાન છે.

## પ્રસાદ નં. – ૩૧૩

### વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૩, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું, સોનગઢ, તા. ૬-૯-૫૨, શનિવાર.

### (ભાદરવા સુદ ૧૨, સોમવાર, ૧-૯-૫૨ બપોર)

અહીં સમ્યક્જ્ઞાનના સ્વરૂપનું વર્ણન ચાલે છે તેમાં પ્રથમ મિથ્યાજ્ઞાનના ત્રણ દોષો છે તે કહે છે :–

(૧) સંશય :– વીતરાગ સર્વજ્ઞે કહેલાં તત્ત્વો સત્ય હશે કે અન્યમતમાં કહેલ વાત સત્ય હશે ? એ વગેરે સંશય રહે તેને મિથ્યાજ્ઞાન કહે છે.

(૨) વિમોહ :– અનધ્યવસાય – અચોક્કસતારૂપ જ્ઞાન જેમાં કંઈ નિર્ધાર નથી તે પણ કુજ્ઞાન છે.

(૩) વિભ્રમ–વિપરીત :– વિકાર, દયા, દાન, કામ, ક્રોધ, વ્રતાદિનાં વિકલ્પ ઊઠે છે તે પુદ્ગલના હશે કે મારા હશે ? કર્મથી થતા હશે કે જીવથી ? એનો નિર્ણય કર્યા વિના કર્મથી જ થાય છે અથવા સ્વભાવ જ વિકારી લાગે છે એમ માની લે છે તેને એક તરફી મિથ્યા અભિપ્રાયરૂપ વિભ્રમ છે.

જડ કર્મથી વિકાર થાય છે એમ 'ગોમ્મટસાર'માં જ્ઞાનપ્રધાન કથન આવે ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કર્મને કારણ કહેલ છે ને 'સમયસાર' વગેરેમાં શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી કથન છે ત્યાં પણ રાગાદિને કર્મકૃત કહેલ છે પણ પર્યાયમાં રાગ પોતે ભૂલીને ઊંધા પુરુષાર્થથી કરે તો થાય છે. આ અપેક્ષા જે ભૂલી જાય છે તે એકાંતમાં મૂઢ થઈ જાય છે. દ્રવ્યની વર્તમાન પર્યાય મારામાં મારાથી થાય છે તે કંઈ જડ કર્મને લીધે નથી એમ પર્યાયની સ્વતંત્રતા જાણ્યા વિના ક્ષણિક વિકાર દ્રવ્ય સ્વભાવમાં નથી એમ માની શકે નહિ.

અખંડ જ્ઞાયકની દૃષ્ટિ છે ને પર્યાયબુદ્ધિ ટળી ગઈ છે તે અપેક્ષાએ નબળાઈનો રાગ પરદ્રવ્યમાં નાખીને કર્મજન્ય કહી દે છે. 'ગોમ્મટસાર'માં પણ એવું કથન આવે પણ તેની અપેક્ષા

જુદી છે. પર્યાયમાં જીવ રાગાદિરૂપે પરિણમે છે. પર્યાયાર્થિકનયથી તે જીવની અવસ્થા છે ને જીવ કરે છે તો થાય છે એમ માને તો પ્રમાણજ્ઞાન છે. સર્વજ્ઞ વીતરાગ કથિત મોક્ષમાર્ગમાં દિગંબર માર્ગ સિવાય જૈનના નામે જેટલા ફાંટા પડ્યા તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ અને અન્યમત કહેવાય છે. 'શ્રીમદ્ રાજચંદ્રજી'એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'ને સત્ શાસ્ત્ર કહેલ છે ને તેમાં શ્વેતાંબર મતને અન્યમત કહેલ છે તથા 'પદ્મનંદી પંચ વિંશતિ'ને અમૃત શાસ્ત્ર કહેલ છે તેમાં મુનિને વસ્ત્ર ન હોય એમ સ્પષ્ટ કહેલ છે.

વિકાર દ્રવ્યમાં નથી, ગુણમાં નથી તો આવ્યો ક્યાંથી ? માટે કર્મકૃત છે તેમ માનનાર બે નયનો અભિપ્રાય સમજ્યા નથી. પોતે ગુણની વિપરીત દશામાં અટકે છે તો જ વિકાર થાય છે, ને ત્રિકાળી દ્રવ્ય-ગુણ અવિકારી છે એમ બે અપેક્ષાથી સ્વતંત્ર વસ્તુને માને તો પ્રમાણજ્ઞાન છે. શ્વેતાંબર કહે છે કે કેવળજ્ઞાન સત્તારૂપે છે ને કર્મ વડે ઢંકાયેલું છે પણ તેમ નથી. સત્ શાસ્ત્રોમાં કહ્યું છે કે કેવળજ્ઞાન શક્તિરૂપે છે તે વ્યક્ત ન થાય ત્યાં સુધી અપ્રગટ રહેવાની અપેક્ષાએ આવરણ કહેલ છે. 'શ્રી કુંદકુંદ આચાર્ય' કહે છે કે જે કંઈ વસ્ત્ર-પાત્ર રાખનારને મુનિદશા માને—મનાવે તે નિગોદમાં જાય છે.

તો તેનાથી વિરુદ્ધ માનનારની વાત સાચી હોય નહિ જે શાસ્ત્રોમાં સ્ત્રીનું શરીર હોય ને તેને મુનિપણું અને મોક્ષ થવો બતાવે છે, વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું કહે છે તથા સર્વજ્ઞનું સ્વરૂપ વિપરીત કહે છે તે શાસ્ત્રો વિપરીત છે ને તેને માનનાર ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

'ભગવતી સૂત્ર'માં પાઠ છે કે કોઈ સાધુ વહોરવા જાય ત્યાં ૧૦ કંબલા, ૧૦ પાત્ર, ૧૦ દંડ, ૧૦ ઓધા કોઈ ગૃહસ્થ આપે તો સાધુ તે લઈ શકે છે તેનો સનાતન જૈનમાં 'અષ્ટપાહુડ' વગેરેમાં નિષેધ છે. જગતને રુચે કે ન રુચે તેની સાથે જ્ઞાનીને સંબંધ નથી.

જીવ, પુદ્ગલ આદિ છયે દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વતંત્રપણું જેમ છે તેમ ન જાણે તે વિમોહરૂપ મિથ્યાજ્ઞાન છે.

એકેક પરમાણુ ત્રિકાળ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા એ છે, પરથી નથી. દરેક પરમાણુમાં પણ તેના અનંતગુણ તે સામાન્ય છે ને તેની સમયે સમયે થતી વર્તમાન પર્યાય તે વિશેષ છે. તે પરસ્પર અપેક્ષા રાખે છે. અગ્નિથી પાણી ઊનુ થયું એમ માનનારા અંશી દ્રવ્ય સામાન્યને માનતા નથી. સામાન્ય વિના પરિણમન ક્રિયારૂપ પર્યાય નહિ અને પર્યાય વિના દ્રવ્ય-ગુણરૂપ સામાન્ય નહિ એમ પોતામાં પોતાથી પરસ્પર અપેક્ષા રાખે છે તે તે અનેકાંતને માનનાર સમ્યક્જ્ઞાન છે. દ્રવ્યને પર્યાયની અપેક્ષા છે ને પર્યાયને દ્રવ્યની અપેક્ષા છે પર નિમિત્તની અપેક્ષા હોય તો થાય, જેવું નિમિત્ત મળે તેવું ઉપાદાનમાં થાય એવી પરાધીનતા મિથ્યાદૃષ્ટિની માનેલી છે.

દ્રવ્ય-ગુણ ત્રિકાળ છે ને તેનો પર્યાય વર્તમાન છે. દ્રવ્ય-ગુણ સામાન્ય છે તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે અને તેનો વર્તમાન અંશ પર્યાય તે પર્યાયર્થિકનયનો વિષય છે અને તેનો વર્તમાન

અંશ પર્યાય તે પર્યાયર્થિકનયનો વિષય છે, તેને પરની અપેક્ષા નથી. ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી સિદ્ધ ભગવાન લોકથી આગળ જતા નથી. તેમ માનનારા નિમિત્તાધીન દૃષ્ટિવાળા છે જે થાય છે તે નિશ્ચય સ્વ યોગ્યતાથી જ થાય છે. અન્ય તો ઉપચારમાત્ર નિમિત્ત થાય છે પણ એની સ્વતંત્રતા નિમિત્તના પક્ષકારને રુચતી નથી.

સમ્યક્જ્ઞાન તે પ્રમાણજ્ઞાન છે. જેની જે પર્યાય થઈ તે તેનાથી છે, બીજાથી નહિ એમ સર્વત્ર સ્વતંત્રપણું દેખે છે તે સમ્યક્જ્ઞાન છે. જીવની પર્યાયમાં જે કંઈ વિકાર કે અવિકાર થાય છે તે તે જીવદ્રવ્યના અસ્તિત્વના (કારણે) થાય છે. પરથી થતો નથી. શાસ્ત્રમાં નિમિત્તથી કથન હોય તે બીજી ચીજનું જ્ઞાન કરાવવા માટે છે. શાસ્ત્રમાં અનેક અપેક્ષાથી કથન આવે તેમાં અજ્ઞાનીને મૂંઝવણ થાય કે કંઈ ગમ પડતી નથી તો શું શાસ્ત્રના કારણે ભૂલ થાય છે ? ના, શાસ્ત્રકારના અભિપ્રાયને પોતાની વિપરીત બુદ્ધિથી દેખે છે, તેથી ભૂલે છે.

જેમ કોઈને છીપમાં ચાંદી જ છે એમ ઊંધી માન્યતા થાય છે; તેમ અનેકાંતરૂપ વસ્તુ છે તેને એકાંત શુદ્ધ જ છે, અશુદ્ધ જ છે, નિત્ય જ છે અથવા અનિત્ય જ છે એમ એકાંતરૂપ માનવું તે વિભ્રમ છે. દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, શુદ્ધ છે ને તે જ જીવ સંસારદશામાં પોતાની યોગ્યતાથી અશુદ્ધ છે, પર્યાયાર્થિકનયથી તે જ જીવ અનિત્ય છે. એમ ન માનતાં, એકાંત શુદ્ધ જ માને તો સંસારદશા કોને છે ? ભૂલ કોણ કરે છે ? અશુદ્ધ જ હોય તો તેને ટાળી શુદ્ધ કોણ થશે ? એમ અક્રિય–સક્રિય–ભેદ–અભેદ વગેરેમાં સાચી અપેક્ષા સમજવી જોઈએ. પરથી અક્રિય, પોતાની પર્યાયમાં સ્વતંત્રપણે સક્રિય ને દ્રવ્ય-ગુણ કથંચિત્ અક્રિય છે એમ સમજવું જોઈએ. સ્વરૂપ-પરરૂપ વગેરેમાં શંકા, વિપરીતતા અને અચોક્કસતા રહિત જ્ઞાન થવું જોઈએ. ભાવકર્મનું બરાબર જ્ઞાન જોઈએ સ્વભાવ ચૂકીને થતી પરના આલંબનરૂપ વિભાવદશા તે જીવની અશુદ્ધ અવસ્થા છે. તે ભાવ કર્મ છે. દ્રવ્યદૃષ્ટિથી સહજ શુદ્ધ કેવળજ્ઞાન-દર્શન સ્વભાવી નિજ આત્માનું સ્વરૂપ છે અને પર્યાયદૃષ્ટિથી દેખો તો જીવ સંબંધી ભાવકર્મ પણ જીવની અવસ્થા છે તે કાયમી સ્વરૂપ નથી માટે તે પરદ્રવ્ય સ્વરૂપ છે. બેઉ અપેક્ષા જેમ છે તેમ જાણવી જોઈએ. ભાવકર્મ દ્રવ્યકર્મ તથા નોકર્મનું તથા પુદ્ગલ આદિ દ્રવ્યોનું સ્વરૂપ અને આ આત્મા સિવાય અનંતા પર જીવ અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પરમેષ્ઠિનું યથાર્થ સ્વરૂપ શંકા રહિત, અચોક્કસતા રહિત અને વિપરીતતા રહિત જાણે તે સમ્યગ્જ્ઞાન છે તે સમ્યગ્જ્ઞાન કેવું છે ? કે સાકાર (સવિકલ્પ) અર્થાત્ સ્વ-પરનો નિશ્ચય કરનાર છે. તથા અનેક ભેદો સહિત છે.

## ભાદરવા સુદ ૧૩, મંગળવાર, ૨-૯-૫૨

આત્માનો સ્વભાવ નિત્ય નિર્મળ છે. તેની પર્યાયમાં મલિનતા છે તે સંસાર છે તેનો નાશ કરી, શુદ્ધતા પ્રગટ કરવાનો ઉપાય તે મોક્ષમાર્ગ છે તેનું કારણ - આધાર શુદ્ધાત્મદ્રવ્ય છે. મોક્ષમાર્ગનો બીજો ભેદ સમ્યક્જ્ઞાન છે તેની વાત ચાલે છે. છ દ્રવ્ય, પંચાસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થ જે છે તેમાં નિશ્ચયનયથી નિજ શુદ્ધ આત્મદ્રવ્ય નિજ શુદ્ધ જીવાસ્તિકાય, નિજ શુદ્ધ આત્મતત્ત્વ તથા નિજ શુદ્ધાત્મ પદાર્થ જ ઉપાદેય છે અને તે સિવાય પર શુદ્ધ–અશુદ્ધ જીવાદિ બધું હેય છે. વીતરાગી દેવ-ગુરુ તથા અનંત સિદ્ધો શુદ્ધ છે તે પણ પર છે. અનંત નિગોદ જીવો અશુદ્ધ છે તે પણ પર છે. પરમાણુ શુદ્ધ છે. અનંત પરમાણુના સ્કંધો અશુદ્ધ છે, તે બધું પર છે માટે હેય છે. અહીં હેય-ઉપાદેયનો ભેદ કરનારું જ્ઞાન તે વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયથી તો એકલું નિજ શુદ્ધાત્મદ્રવ્ય છે તે જ ઉપાદેય છે. પણ તે ઉપાદેય છે એવો વિકલ્પ ઊઠવો તે તથા વ્યવહાર રત્નત્રય અને સમ્યક્જ્ઞાનમાં જણાવા યોગ્ય મારાથી અન્ય જે શુદ્ધ–અશુદ્ધ જીવાદિ છે તે બધા પણ હેય છે. મારા માટે તે આદરણીય નથી.

પ્રશ્ન :– વ્યવહારથી તો વીતરાગી દેવ-ગુરુ આદરણીય ખરા ને ?

ઉત્તર :– વિનયનો વિકલ્પ ઊઠ્યો તેમાં સાચા નિમિત્તની ઓળખાણનો આદર છે, વીતરાગપણાનો જ આદર છે, પરદ્રવ્યનો ખરેખર આદર નથી નિજ શુદ્ધાત્મા જ એક આદરણીય છે ત્યારે વ્યવહારથી વીતરાગી દેવ-ગુરુ આદરણીય છે એમ બોલાય છે.

સનાતન જિનવાણીમાં છ દ્રવ્યને અનાદિ–અનંત સ્વતંત્ર કહ્યાં છે, પાંચ દ્રવ્ય કહે ને કાળદ્રવ્ય ઉપચારથી છે એમ કહે તે જિનવાણી નથી. વળી છયે દ્રવ્યનું સ્વતંત્રપણું છે. છયે દ્રવ્યમાં સમેદ્‌શિખરાદિ તીર્થક્ષેત્રપણ મારે માટે હેય છે. પર છાંડવા યોગ્ય છે ને નિજ આત્મા એક જ આદરણીય છે એવા બે ભેદ પાડવા તેનું નામ વ્યવહાર છે.

આચારાંગ, સુયગંડાગાદિ સૂત્રો તો વિચ્છેદ ગયા છે પણ જેટલું પરંપરાથી 'ષટ્‌ખંડાગમાદિ' તથા 'સમયસારાદિ' આગમોનું જ્ઞાન સંતો જ્ઞાનીઓ દ્વારા આવ્યું તે શ્રુતજ્ઞાન છે તેમાં યથાર્થરૂપે છ દ્રવ્ય વગેરેને જાણવા તથા શુદ્ધાત્મા એક જ ઉપાદેય ને રાગ, પુણ્ય, પાપાદિ પર હેય છે એમ જાણવું તે વ્યવહાર સમ્યક્જ્ઞાન છે. રાગ થાય તે જીવાસ્તિકાયને લઈને થાય છે કર્મ તથા શરીરાદિ જે પુદ્‌ગલાસ્તિકાય છે તેને લઈને રાગ નથી. વળી ખુરશીના કારણે શરીર નથી કેમકે દરેક પરમાણુ તેના અસ્તિકાયમાં છે દરેક જીવાસ્તિકાય જુદે જુદા ત્રણે કાળ સ્વતંત્ર છે. શુદ્ધ પરમાણુ જે અસ્તિકાય થવાની તાકાતવાળા છે તે તથા શુદ્ધ સિદ્ધ ભગવંતો એ મારાથી પર છે માટે હેય છે ઘણા માને છે કે અરે ! વીતરાગી શુદ્ધ દેવ-ગુરુ તે શું પર કહેવાય ! તો અહીં સ્પષ્ટ કહ્યું છે કે તે પર તો છે પણ હેય પણ છે. વળી જ્ઞાનીને શુભરાગરૂપ વ્યવહાર

રત્નત્રય હોય છે તે પણ હેય છે અને કેવળ શુદ્ધાત્મા જ ઉપાદેય છે એમ વિકલ્પ સહિત માનવું, જાણવું તે વ્યવહાર સમ્યક્જ્ઞાન છે.

સાત તત્ત્વોમાં જીવ તત્ત્વ તે અવિકારી, જ્ઞાતાદૃષ્ટા તત્ત્વ છે તે પુણ્ય-પાપથી નથી ને જીવને લીધે પુણ્ય-પાપ સાતેયના લક્ષણ ભિન્ન-ભિન્ન છે. પુણ્ય-પાપ તે આસ્રવ છે, બંધ છે, તેને લીધે સંવર-નિર્જરા તત્ત્વ નથી વળી જીવ તત્ત્વને લઈને સંવર-નિર્જરા તત્ત્વ નથી. કેમકે જીવ નિત્ય છે ને સંવર-નિર્જરા અનિત્ય છે મોક્ષ તત્ત્વ જેટલું પણ જીવ તત્ત્વ નથી એકલો નિત્ય શુદ્ધ જીવ તે ઉપાદેય છે વિકલ્પ સહિત જ્ઞાનમાં આવું નક્કી કરે છે.

સારું કરવું છે તેનો અર્થ એ થયો કે સારું કરનારો, કાયમ ટકનારો એક છે, નરસું અનિત્ય પર્યાયમાં છે તે સ્વથી ટળી શકે છે અને એ વિભાવરૂપ પુણ્ય-પાપ, આસ્રવ-બંધ તત્ત્વ છે ને તેમાં જડકર્મ નિમિત્ત પણ છે. સંસારનું કારણ પુણ્ય-પાપ, આસ્રવ-બંધ તત્ત્વ છે મોક્ષનું કારણ સંવર-નિર્જરા તત્ત્વ છે તેને જુદા જુદા જાણવા ને અન્ય અશુદ્ધ તથા શુદ્ધ જીવ અને અજીવ ઉપાદેય નથી. પણ નિજ શુદ્ધાત્મા જ એક ઉપાદેય છે એમ બરાબર નક્કી કરવું તેમાં જે આ હેય અને આ ઉપાદેય એવા બે ભાગલા પાડવા તે વ્યવહાર સમ્યક્જ્ઞાન છે. તે વ્યવહારનો પણ વિકલ્પ તોડી સ્વ-સન્મુખ થઈ એકલા શુદ્ધ જ્ઞાયકનો નિર્વિકલ્પ અનુભવ કરવો તે નિશ્ચય સમ્યક્જ્ઞાન છે.

વિકલ્પ દ્વારા રાગ સહિત સ્વપર તત્ત્વાર્થોના નિર્ણયનું પણ જેને ઠેકાણું ન હોય તેને તો નિશ્ચયનું ભાન થઈ શકે જ નહિ. વ્યવહાર સમ્યક્જ્ઞાનથી નિશ્ચય સમ્યક્જ્ઞાન થવા યોગ્ય છે, એમ બોલાય છે છતાં તેનાથી સ્વસન્મુખ નિશ્ચયજ્ઞાન થતું નથી પણ યથાર્થ નિશ્ચય દ્વારા વિકલ્પ તોડી સ્વ-સન્મુખ નિશ્ચય જ્ઞાન પ્રગટ કરે તો સ-વિકલ્પ વ્યવહાર જ્ઞાનને નિમિત્ત સાધન કહેવાય છે. શુદ્ધ સ્વદ્રવ્યના આશ્રયે સમ્યક્જ્ઞાન થયું ત્યારે આરોપથી વ્યવહારજ્ઞાનને કારણ કહેવાય છે. અહીં પાઠ તો રાગ સહિત જ્ઞાનથી પ્રાપ્ત થવા યોગ્ય નિશ્ચય જ્ઞાન એમ છે પણ અર્થ એમ નથી. વાસ્તવિકતત્વનો પક્ષપાત છોડીને વિચાર કરવાનો જેને અવસર નથી તેઓ માત્ર શબ્દો પકડીને તત્ત્વનો વિરોધ કરે છે. સ્વતંત્ર સ્વાશ્રય વસ્તુ સમજ્યા વિના વ્યવહારનો વિવેક આવે નહિ. આ વ્યવહાર છે એમ જાણી વ્યવહારનો નકાર કરનાર નિશ્ચય જાગ્યા વિના વ્યવહારને વ્યવહાર કહેશે કોણ ? નિશ્ચય સ્વસન્મુખ થતાં પહેલાં છ દ્રવ્ય, નવ તત્ત્વ, વગેરેનું સ્વરૂપ નક્કી કરનાર વિકલ્પરૂપ વ્યવહાર જ્ઞાન હોય છે, પણ તે વ્યવહાર સમ્યક્જ્ઞાન એવું નામ તો નિશ્ચય સમ્યક્જ્ઞાન થતાં જ કહેવાય છે. વ્યવહાર પ્રથમ કહેવાતો નથી કેમકે એકલો વ્યવહાર તો અનાદિ અજ્ઞાનરૂપ છે જ. પ્રથમ વસ્તુ જ્ઞાયક અનંત ગુણનો પિંડ છે તેની એક સમયની જ્ઞાનપર્યાયની તાકાત સ્વતંત્ર છ દ્રવ્યને જાણવાની છે તે જાણી સ્વદ્રવ્યને ઉપાદેય માની ત્રણ શલ્ય રહિત નિર્વિકલ્પ સ્વ-સન્મુખ થાય તો વ્યવહાર જ્ઞાનને સમ્યક્ એવો ઉપચાર આવે છે.

(૧) માયા શલ્ય :– રાગવશ, પરસ્ત્રીની વાંચ્છા, પરને મારવા વગેરેની વાંચ્છા તે ભૂંડા

ભાવને કોઈ જાણતું નથી એમ જાણી પાપ ભાવ સેવે છે તે માયાશલ્યવાન છે તે નિઃશલ્ય, નિજ શુદ્ધાત્મા, ચિદાનંદ જ્ઞાયક નિરાકૂળ આનંદરૂપી એક લક્ષણનો ધરનાર છે. તેના સુખામૃતરૂપી નિર્મળ જળથી પોતાના ચિત્તની શુદ્ધિ કરતો નથી શલ્યરૂપી મલિન ચિત્તને અતીન્દ્રિય નિર્મળ જ્ઞાનાનંદ અમૃત જળથી ધોઈને શુદ્ધ કરતો નથી અમે બ્રહ્મચારી, ત્યાગી છીએ વૃત્તિ પડીમાધારી છીએ મુનિ છીએ, અમારા દોષને કોઈ જાણતું નથી એમ માનીને દંભરૂપ મલિન ચિત્ત ધારણ કરી બગલા જેવા વેશને ધારણ કરી જે લોકોને પ્રસન્ન કરે છે તે માયાશલ્ય છે. જેમ શરીરમાં લોઢાના બાણનું શલ્ય ભરાયેલું પડ્યું હોય તેને ન કાઢે તો અંદર સડો થાય અને દુઃખી થાય છે તેમ નિર્મળ જ્ઞાયકસ્વભાવનો અજ્ઞાની માયાશલ્યથી ધર્મના નામે પોતાના આત્માને ઠગે છે મિથ્યાત્વાદિ ભવરોગથી દુઃખી થાય છે.

(૨) મિથ્યાદર્શનશલ્ય :– પોતાનું નિરંજન, નિર્દોષ, શુદ્ધ પરમાત્મા સ્વરૂપ છે તે જ પુણ્ય-પાપની રુચિ રહિતપણે ઉપાદેય છે એવી વીતરાગ રુચિરૂપ જે સમ્યક્ત્વ છે તેનાથી વિપરીત લક્ષણનો ધારક જે કોઈ છે તેને મિથ્યાદર્શનશલ્ય કહે છે.

## પ્રસાદ નં. – ૩૧૫

### વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૫, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું, સોનગઢ, તા. ૮-૯-૫૨, સોમવાર.

### (ભાદરવા સુદ ૧૪, બુધવાર, ૩-૯-૫૨ બપોર)

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ તેનું વર્ણન ચાલે છે.

પુણ્ય-પાપ રહિત અખંડ નિજ શુદ્ધ ચૈતન્યની રુચિ તે સમ્યક્દર્શન પ્રથમ રત્ન છે. નિજ શુદ્ધ ચૈતન્ય જ ઉપાદેય છે. રાગાદિ અને નિમિત્ત હેય છે એમ નક્કી કરનારું જ્ઞાન તે વ્યવહાર સમ્યક્જ્ઞાન છે.

યથાર્થ હેય-ઉપાદેયનું સ્વરૂપ જાણનાર જે સવિકલ્પજ્ઞાન છે તે વડે નિર્વિકલ્પ નિશ્ચયજ્ઞાન સાધ્ય થવા યોગ્ય છે. એમ કહ્યું તેનો અર્થ એ છે કે પ્રથમ સ્વશુદ્ધાત્મા ચૈતન્ય દ્રવ્ય ઉપાદેય છે અને વિકલ્પભેદ ઉપાદેય નથી એમ નક્કી કરી, નિર્વિકલ્પ સ્વસંવેદન સહિત કેવળ શુદ્ધાત્મામાં જ ઉપાદેય બુદ્ધિ થવી તે નિશ્ચય સમ્યક્જ્ઞાન છે ત્યાં પહેલાંના રાગસહિત વ્યવહાર જ્ઞાનને ઉપચારથી સાધન કહેવાય છે.

પ્રથમથી જ નિજ શુદ્ધાત્મા ઉપાદેય છે એમ રાગ સહિત નક્કી કર્યું હતું તેને વ્યવહારજ્ઞાન કહ્યું પછી ત્રણ શલ્ય રહિત નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનથી કેવળશુદ્ધાત્મ તત્ત્વ જ ઉપાદેય છે એમ નિશ્ચય કર્યો તે નિશ્ચય જ્ઞાન થયું તે જ્ઞાન ત્રણ શલ્ય રહિત છે.

(૧) માયાશલ્ય :– મનમાં પાપવાસના છે તે માને કે કોણ જાણે છે એમ લોકરંજનમાં કાળ ગુમાવે છે તે નિર્મળાનંદ સ્વસંવેદન જળથી ચિત્તને શુદ્ધ કરતો નથી તે માયાશલ્ય છે.

(૨) મિથ્યાદર્શનશલ્ય :– નિર્દોષ શુદ્ધ પરમાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ જે સમ્યક્ત્વ છે તેનાથી વિપરીત લક્ષણનું ધારક જે છે તે મિથ્યાદર્શનશલ્ય છે.

(૩) નિદાનશલ્ય :– વિકાર રહિત પરમ ચૈતન્યનો ભાવનાથી ઉત્પન્ન પરમાનંદરૂપ સુખામૃતનાં રસાસ્વાદને નહિ પામતો થકો તે જીવ જે દેખેલા, સાંભળેલા, અનુભવેલા, કામ-

ભોગ આબરૂ, ધનવંતપણું વગેરેને રુચિથી યાદ કર્યા કરે છે. ચતુરાઈની વાતો, વક્તાપણું, વકીલ, દાકતરપણું, સુંદર મોટર, વસ્ત્ર, બગીચા, મકાન વગેરે દેખેલી, સાંભળેલી, ભોગવેલી વસ્તુમાં રાગ ને રુચિ લાવી લાવીને તેનો મહિમા કર્યા કરે. ચિત્તને ત્યાં લગાવ્યા કરે. તે નિદાનશલ્ય છે.

એવા ત્રણ શલ્ય રહિત અને સંપૂર્ણ પ્રકારના શુભ-અશુભ સંકલ્પવિકલ્પથી રહિત નિજ શુદ્ધ સ્વભાવને જાણવાથી ઉત્પન્ન જે યથાર્થ પરમાનંદરૂપ એક લક્ષણ સ્વરૂપ સુખામૃત તેના રસાસ્વાદથી – તૃપ્ત થયેલ એવો જે નિજઆત્મા છે, તે દ્વારા રાગરહિત સ્વસંવેદન જ્ઞાન કરવું અર્થાત્ નિજસ્વરૂપનું સમ્યક્ પ્રકારે નિર્વિકલ્પ વેદન સ્વસન્મુખ અનુભવન તે જ નિશ્ચયજ્ઞાન છે અને તે જ મોક્ષનું કારણ છે.

અત્યારે ધર્મના નામે, સર્વજ્ઞના નામે, કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રને સાચા ઠરાવનારા ઉપદેશકો ઘણાં દેખાય છે. જો તેનું સાચું હોય તો તેઓને ખોટા કહેનાર 'શ્રી કુંદકુંદાચાર્ય' વગેરે વીતરાગી સંતોને તેણે ખોટા કહેવા પડશે. કેમકે બે વિરુદ્ધ અભિપ્રાય સત્ય હોઈ શકે નહિ. કાં તો 'શ્રી કુંદકુદાચાર્ય' આદિ સંતો સાચા અને કાં તો તેમના માર્ગથી વિરુદ્ધ માનનારા સાચા હોય. માટે પરીક્ષા કરી યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ તેમના પ્રત્યે ભક્તિનો શુભરાગ હોય છતાં તે પુણ્ય છે, ધર્મ નથી.

અશુભમાં ન જવા શુભરાગ આવે પણ તે શુભથી કલ્યાણ થશે એ વાત જૈનમતમાં નથી. જ્ઞાનીને કોઈપણ વસ્તુમાં જરાય સુખબુદ્ધિ, હિતબુદ્ધિ નથી.

પ્રશ્ન :– આવું તો ત્યાગી થાય ત્યારે થાય ને ?

ઉત્તર :– પ્રથમ સાચી વાતનો સ્વીકાર કરો. શ્રદ્ધામાં મિથ્યાત્વના ત્યાગી થવું જોઈએ. જ્ઞાની ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રીઓ અને છ ખંડનું રાજ્ય હોવા છતાં નિરંતર આવું નિશ્ચયજ્ઞાન અને હેયઉપાદેયનું નિર્મળ જ્ઞાન હોય છે ને તેઓ દેખેલા, સાંભળેલા, ભોગવેલા-ભોગોમાં ચિત્ત દેતા નથી. સાધારણ જીવને એમ થાય કે આટલું બધું કેમ થઈ શકે ? પણ કોઈ જીવ પરના ગ્રહણત્યાગ તો કરી શકતો નથી. પ્રથમ શ્રદ્ધામાં નિર્દોષ નિજ પરમાત્મા જ ઉપાદેય છે એમ રુચિથી મિથ્યાત્વનો ત્યાગ થાય છે એ જ નિરંતર સમ્યક્ત્વના ગ્રહણ સહિત આખા સંસારનો ત્યાગ છે.

નદી કાંઠે ગાંડો માણસ બેઠેલો હતો. ત્યાં વિશ્રાંતિ માટે રાજા-રાણી લશ્કર સહિત આવીને તેના કાળે પડાવ નાખે છે ને તેને જોઈ ગાંડો માનવા લાગ્યો કે આ બધા મારા છે. મારે માટે મને સુખી કરવા માટે આવ્યા છે. હવે તેની ઇચ્છા મુજબ ન વર્તતા દેખાય ત્યાં ગાંડો મફતનો દુઃખી થાય છે. જવાનો વખત થતાં રાજાદિ બધાં ચાલ્યા ગયા. તે જોઈ ગાંડો વધુ દુઃખી થવા લાગ્યો તેમ ચારગતિમાં ભમતો મોહી જીવ જ્યાં છે ત્યાં જ તેના કાળે તેના કારણે સ્ત્રી, પુત્ર, ધનાદિ સંયોગ આવે છે. તે તે તેને પૂછ્યા વિના કંઈ કરતા દેખાય ત્યાં ઇચ્છા

વિરુદ્ધ માનીને મૂર્ખો દુઃખી થાય છે અને કહે છે કે મને પૂછ્યા વિના પૈસા કેમ ખર્ચો છો ? પણ એ ક્યાં કોઈ તારી ચીજ છે ? કોઈનો આયુષ્યકાળ પૂરો થાય તો ચાલ્યા જાય તો મૂર્ખો રડે છે. જ્ઞાની તો જે સંયોગ-વિયોગ થાય તેનો જ્ઞાતા રહે છે. જાણે છે કે જે કાળે જેનું જેમ થવાનું તે જ થાય છે. કોઈ પર સાથે મારે કંઈ સંબંધ નથી.

ભરત ચક્રવર્તીને છખંડનું રાજ્ય હતું. પુણ્યના ઠાઠ હતા. વૈરાગ્ય પામી દીક્ષા લે છે. રાજપુત્રો શોક કરે કે, અરે ! બધું ફીકુ લાગે છે. પણ જ્ઞાની હોવાથી સાથે જ સમાધાન વર્તે છે કે બધું ક્રમબદ્ધ છે. આજે તેઓ મોક્ષે જશે તો કાલે થોડા કાળમાં અમારે પણ મોક્ષમાં જવું છે.

જ્ઞાની ગૃહસ્થદશામાં રહ્યાં છતાં આત્મજ્ઞાની હોય છે ને ન સમજે તે ત્યાગી થાય તોય આખા જગત સાથે રાગ-દ્વેષ મમતા કરી ચિત્તને ભમાવ્યા કરે છે.

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે, હે પ્રભુ ! આપે નિશ્ચય જ્ઞાનને નિર્વિકલ્પજ્ઞાન કહ્યું પણ તે યોગ્ય નથી કેમકે આત્મામાં – જ્ઞાનાદિ અનંત ગુણ છે તેમાં જ્ઞાન સ્વ-પરને જાણે છે. તે માટે સવિકલ્પ છે ને બીજા ગુણ સ્વ-પરને જાણતા નથી માટે નિર્વિકલ્પ છે. તો સર્વજ્ઞના શાસનમાં, જિનાગમમાં, સર્વજ્ઞ કેવળીના જ્ઞાનને પણ સવિકલ્પ કહેલ છે. તો તમે અહીં જ્ઞાનને નિર્વિકલ્પ કઈ રીતે કહ્યું ? 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય' એ ત્રણ શાસ્ત્રને પ્રાભૃતશાસ્ત્ર કહેલ છે. તેમાં જે વિકલ્પ રહિત સ્વસંવેદન જ્ઞાન કહ્યું છે તે ઘટિત થતું નથી. કેમકે જ્ઞાન તો સ્વ-પરને જાણનાર હોવાથી સ્વભાવથી જ સવિકલ્પ છે તો તે નિર્વિકલ્પ કેવી રીતે છે તે વાત આગળ આવશે.

**ભાદરવા સુદ ૧૫, ગુરુવાર, ૪-૯-૫૨**

શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ આત્મા તે જ ઉપાદેય છે અને શુભરાગરૂપ વ્યવહાર રત્નત્રય અન્ય જીવાદિ, છદ્રવ્ય, શુદ્ધ-અશુદ્ધ બધાં પરદ્રવ્ય હેય છે એમ નક્કી કરનારું વિકલ્પ સહિત જ્ઞાન તે વ્યવહાર જ્ઞાન છે.

વ્યવહાર જ્ઞાનના બે પ્રકાર કહ્યાં. (૧) શુદ્ધાત્મા જ ઉપાદેય છે. (૨) નિજ શુદ્ધાત્મા સિવાય અન્ય જે સર્વ શુદ્ધ-અશુદ્ધ દ્રવ્ય તથા પુણ્ય-પાપ વગેરે હેય છે. આટલી યથાર્થ વાતને નક્કી કરનાર રાગસહિત જ્ઞાનને ગૌણ કરી સ્વસન્મુખ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન તે નિશ્ચય સમ્યક્જ્ઞાન

છે.

પાઠમાં તો વિકલ્પરૂપ વ્યવહાર સમ્યક્જ્ઞાનથી નિશ્ચયજ્ઞાન સિદ્ધ થવા યોગ્ય છે એમ કથન છે. પણ તેનો અર્થ એ છે કે, હેય-ઉપાદેયનું રાગસહિત વ્યવહાર જ્ઞાન પ્રથમ હોય છે.

પણ જ્ઞાન સ્વભાવને સ્વભાવથી જાણીને રાગ અને જ્ઞાનની એકત્વબુદ્ધિ છૂટી જતાં જ્ઞાન અને સ્વભાવની એકતા થઈ નિર્વિકલ્પ સ્વસંવેદન થાય છે. તે સ્વસન્મુખ થયેલું જ્ઞાન તે નિશ્ચય સમ્યક્જ્ઞાન છે ને તેની પ્રાપ્તિ થઈ તો સવિકલ્પ જ્ઞાનને ઉપચારથી સાધન કહેવાય છે.

ચૈતન્ય સ્વભાવ જ આદરણીય છે અને રાગાદિ નિમિત્ત વગેરે આદરણીય નથી એમ વિકલ્પથી નિશ્ચય કરવો તે શુભરાગ છે, પુણ્ય છે, ધર્મ નથી પણ અંતરમુખ અભેદદૃષ્ટિ કરી, રાગની એકતાબુદ્ધિ તોડીને, સ્વભાવથી એકલા જ્ઞાયક... સ્વભાવને જાણનારું રાગરહિત જ્ઞાન તે નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન છે.

શિષ્ય કેવો હોય ?

સદૈવ સૂક્ષ્મબોધનો અભિલાષી, વાસ્તવિક તત્ત્વજ્ઞાનનો અંતરનો અભિલાષી છે, તેને પાત્ર જીવ કહ્યો છે. સ્થૂળવાતો તો અનંતવાર સાંભળી છે.

જ્ઞાનમાં નિશ્ચય અને વ્યવહાર એમ બે ભેદ કહ્યા છે. હવે તેમાં સવિકલ્પ અને નિર્વિકલ્પ ભેદ કઈ રીતે છે તે જાણવા માટે શિષ્ય પ્રશ્ન કરે છે કે, 'સમયસારાદિ' પ્રાભૃત શાસ્ત્રમાં જે વિકલ્પરહિત સ્વસંવેદનજ્ઞાન કહ્યું છે તે વાત બેસતી નથી કેમકે જૈનમતમાં તો સત્તામાત્રને દેખવારૂપ જે ચક્ષુદર્શન અચક્ષુદર્શનાદિ છે તેને નિર્વિકલ્પ કહે છે.

આત્મામાં અનંત ગુણ છે. તેમાં એક જ્ઞાનગુણ છે તે સ્વ-પર પ્રકાશક હોવાથી સવિકલ્પ છે અને બીજા બધાં ગુણ સ્વ-પરને જાણતા નથી તેથી નિર્વિકલ્પ છે. જે દર્શન ઉપયોગ છે તે સામાન્ય સત્તામાત્ર અવલોકનરૂપ હોવાથી નિર્વિકલ્પ છે અને સ્વ-પરને ભેદપૂર્વક જાણનાર જ્ઞાન હોવાથી જ્ઞાનને સવિકલ્પ કહેલ છે.

જોકે બૌદ્ધમતમાં જ્ઞાન નિર્વિકલ્પ છે. તોપણ તે વિકલ્પ ઉત્પન્ન કરે છે અને જૈનમતમાં તો જ્ઞાન ભેદને ઉત્પન્ન કરનારું નથી જ પણ સ્વભાવથી જ સ્વ-પર વગેરેને ભેદ પાડીને જાણવાવાળું હોવાથી વિકલ્પ સહિત છે. આ અતીન્દ્રિય આનંદ છે, આ જ્ઞાન છે, આ રાગ છે, આ શબ્દાદિ પરવિષય છે વગેરેને ભિન્ન ભિન્ન જાણવાની તાકાતવાળું જ્ઞાન સ્વભાવથી જ સ્વ-પર પ્રકાશક છે. તેથી તેને વિકલ્પ સહિત (સ્વ-પરને જાણવાના વ્યાપાર સહિત) કહ્યું છે. લૌકિકમાં ભૂલ ચલાવી લેતા નથી. છતાં ત્યાં તો પુણ્ય-પાપ અનુસાર સંયોગ-વિયોગ થાય છે. અહીં તો શુદ્ધાત્મા દ્રવ્ય આશ્રિત મોક્ષમાર્ગમાં જ્ઞાનગુણનો સવિકલ્પ સ્વભાવ કેવા પ્રકારે છે તથા તે નિર્વિકલ્પ કેમ છે. તે નક્કી ન કરે ને કંઈનું કંઈ માની લે તો તે ભૂલ ન ચાલે. જ્ઞાનમાં જ સ્વ-પર બધાને ભેદ પાડીને જાણવાનો સ્વભાવ છે, તે અપેક્ષાએ જ્ઞાન સ્વભાવથી જ વિકલ્પ - ભેદ સહિત છે, સર્વજ્ઞ વીતરાગનું જ્ઞાન પણ એવું જ છે.

પરનાં ગ્રહણ ત્યાગ જ્ઞાનને આધીન નથી તેમજ ઇચ્છાને આધીન નથી. જે કાળે જે ક્ષેત્રે જે સંયોગ આવવાનો છે, તે આવ્યા વિના ન રહે ને વિયોગ કાળે વિયોગ થયા વિના રહે નહિ. કોઈ કહે કે, આવી નિશ્ચયની વાત સાંભળીને કોઈ દાન, ભક્તિ, પૂજા નહિ કરે અને ધર્મ સાંભળવા નહિ આવે. તો તેનો ઉત્તર છે કે બહારનું થવા યોગ્ય હશે તે થશે જ. જેને જેની રુચિ હશે તે તેના સંબંધમાં આવ્યા વિના રહેશે નહિ.

સત્ય સમજવાની સાચી રુચિ અને દરકાર થશે તો તે અસત્યનો પાપરાગ છોડી સત્‌સમાગમમાં આવ્યા વિના રહેશે નહિ. જેની રુચિ તેની ભાવના કર્યા વિના રહે નહિ.

સ્વ-પરનો જાણવારૂપ વિકલ્પ તે જ સવિકલ્પ જ્ઞાન છે, છતાં તે જ્ઞાનને નિર્વિકલ્પ કેમ કહ્યું એવા શિષ્યના સમાધાન માટે કહે છે કે, જૈનમતમાં જ્ઞાનને કથંચિત્ સવિકલ્પ અને કથંચિત્ નિર્વિકલ્પ કહે છે. તે માટે પ્રથમ દૃષ્ટાંત આપે છે કે, જેમ મિથ્યાદૃષ્ટિઓને વિષયોમાં આનંદરૂપ સંવેદન છે. વ્યાપાર ધંધામાં નાટક સિનેમા વગેરેમાં રસ આવતાં આનંદરૂપ એકાગ્રતા થાય છે. તેમાં આનંદની મુખ્યતા છે, ને તેને જાણવા રૂપ જ્ઞાનનો વિષય છે. તોપણ બાકીના નહિ ઇચ્છેલા અબુદ્ધિપૂર્વકના સૂક્ષ્મ વિકલ્પો છે. છતાં તેની મુખ્યતા નથી, એ કારણે (બીજારાગનું લક્ષ નથી તેથી) તે કારણ તે જ્ઞાનને નિર્વિકલ્પ પણ કહે છે. એકલા હર્ષમાં તે જીવ ચડી ગયો તેને મુખ્ય ગણી સવિકલ્પ અને બીજામાં ન રોકાણો તે અપેક્ષાએ નિર્વિકલ્પ જ્ઞાન છે. એ દૃષ્ટાંત ઉપરથી એ સિદ્ધાંત કહે છે. ઇન્દ્રિય વિષયો તરફના વિકલ્પના અભાવમાં અપૂર્વ સ્વસંવિત્તિના આકારરૂપ અંતરંગમાં મુખ્ય પ્રતિભાસ થવાથી અંતર્મુખજ્ઞાન એકલા જ્ઞાન અને આનંદને જાણે છે. તેની મુખ્યતા વખતે પરસન્મુખ થઈ પરને જાણવાના વિકલ્પની મુખ્યતા નથી તેથી સ્વસંવિત્તિ અપેક્ષાએ જ્ઞાન અને શાંતિરૂપ સ્વ-પરને જાણે છે. તેથી સવિકલ્પ છે અને અબુદ્ધિપૂર્વકના વિકલ્પને જાણવાની મુખ્યતા નથી, તે તરફનો ઉપયોગ નથી તેથી નિર્વિકલ્પ છે.

## પ્રસાદ નં. – ૩૧૭

### વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૮, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું, સોનગઢ, તા. ૧૧-૯-૫૨, ગુરુવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪૨
### (ભાદરવા વદ ૨, શુક્રવાર, ૫-૯-૫૨ બપોર)

આત્મામાં નિત્ય જ્ઞાનાદિ અનંત ગુણ છે અનિત્ય રાગાદિ તે વિભાવ છે દેહ-ઇન્દ્રિય તો પર છે. આત્મા તો સદાય અરૂપી અતીન્દ્રિય હોવાથી દેહથી જુદો છે અને સ્વભાવથી પૂર્ણ સ્વતંત્ર જ્ઞાનાનંદપણે રહેનારો છે રાગાદિ ક્ષણિક છે અને ટળી જાય છે તેથી તેનાથી રહિત અનાદિ અનંત ચૈતન્ય સ્વભાવ છે તે જ ઉપાદેય છે તેની યથાર્થ રુચિ તે સમ્યગ્દર્શન છે ને તે મોક્ષમાર્ગનું પ્રથમ અંગ છે.

રત્નત્રય એટલે મોક્ષમાર્ગ તેનું બીજું અંગ સમ્યક્જ્ઞાન છે તે સ્વ-પરને જાણે છે અર્થાત્ સ્વ-પર પ્રકાશક જ્ઞાતાપણે પરિણમે છે. કોઈ આત્મા પરનું કંઈ કરી શકે, એવો નથી. શરીર વિના રાગ વિના આનંદપણે રહી શકે છે આવું સ્વરૂપ છે તેને ભૂલી પર્યાયમાં મિથ્યારુચિ દ્વારા પરમાં મમતા કરે છે. સ્વભાવમાં ત્રિકાળ સમતા છે પરમાનંદ છે તેની વિકૃતિ તે વિશેષતારૂપ દુઃખ છે તે દુઃખનો અત્યંતપણે નાશ કરવાનો ઉપાય પ્રીતિથી સાંભળે ને સમજે તેમજ અવિનાશી સુખરૂપ પોતે જ છે એમ નિઃશંકપણે રુચિ કરે ને તેની જ ભાવના કરે તો ધર્મ થાય છે.

જેમ સાકર લેવા બજારમાં જવું હોય તો પ્રથમ તેની ઓળખાણ જોઈએ યાદ રહે માટે તે ગોખતો જાય ને સાકરની દુકાને જઈ ખરીદ કરે તેમ જે ચીજ જોઈએ છે તેનો પ્રથમ ખ્યાલ કરે ને તેમાં હેય અને ઉપાદેય શું છે તે નક્કી કરવું જોઈએ. જેની યથાર્થ રુચિ થાય તેને મેળવ્યા વિના રહે નહિ. સંસારમાં અનંત આત્મા છે એકેક આત્મા સ્વતંત્ર છે. મુક્ત આત્મા પણ અનંત છે. છ દ્રવ્ય તેના ગુણ-પર્યાય, નિમિત્ત-ઉપાદાન સ્વતંત્ર છે. રાગથી જુદો સ્વ-પરપ્રકાશક પોતાનો જ્ઞાન સ્વભાવ છે એ વગેરે સમજવાની દરકાર કરે તો સમજાય આ વાત તો બહુ પાત્ર હોય તેને સમજવા મળે. જે સનાતન દિગંબર જૈન છે તેના ઘરની વાત

આ છે તોપણ અત્યારે કેટલાકને તો માનાદિ છોડી, પક્ષપાત છોડી સત્ય સમજવાની દરકાર નથી. ઉલટા સ્વતંત્ર વસ્તુસ્થિતિની વાત સાંભળી વિરોધ કરે છે તો અન્ય જે કર્મ ને કર્તા માનનારા તથા ઈશ્વરને કર્તા માનનારાને તો વીતરાગની વાત કઠણ પડે જ. નિજ શુદ્ધ આત્માને જાણવારૂપ જ્ઞાન મુખ્ય સ્વમાં કામ કરે છે ને અનાકુળતામાં વર્તે છે તે પ્રગટ પર્યાય સ્વભાવ સન્મુખ વર્તતા તે જ્ઞાનમાં એક આનંદનો ખ્યાલ આવ્યો તે જ્ઞાન સ્વસંવેદનરૂપ સવિકલ્પ છે સ્વ-પરની પ્રતીતિ તો હતી પણ પરને જાણતાં આકુળતામાં વર્તતુ હતું તે જ્ઞાન સ્વસન્મુખ થયું. તો રાગને ન જાણતાં એકલા આનંદને જાણવામાં જોડાયું તે જ સ્વસંવેદનરૂપ એક આકાર છે.

સ્વભાવ તો મુખ્યપણે જ્ઞાન અને આનંદ છે એકલા વિકારને લક્ષમાં લેતું તે તો અજ્ઞાન છે તે મિથ્યાદશા પલટતા તે જ્ઞાનની શુદ્ધતામાં એકતા થઈ. જ્ઞાનાનંદ ને જાણવારૂપે પ્રગટ થયેલું જ્ઞાન તે સ્વસંવેદન જ્ઞાન નિશ્ચય સમ્યક્જ્ઞાન છે અને આનંદનો ખ્યાલ કરતું હોવાથી તે જ્ઞાન સવિકલ્પ છે તે જ સ્વને જાણતું છતાં રાગની એકતાથી રાગના વેદનથી ખાલી છે માટે નિર્વિકલ્પ છે. સ્વસંવેદન પૂર્વક વસ્તુની પ્રતીતિમાં ભેદ નથી પણ રાગથી જુદુ પડી જ્ઞાન જ્ઞાનસ્વભાવને જાણે છે ત્યાં બુદ્ધિપૂર્વક રાગ નથી અને અબુદ્ધિપૂર્વકના અસ્થિરતાના વિકલ્પો વર્તમાન વર્તે છે છતાં તેની મુખ્યતા નથી તેથી એકલા જ્ઞાનાનંદ એક પ્રકારનો ખ્યાલ છે એ અપેક્ષાએ જ્ઞાનને નિર્વિકલ્પ કહે છે.

શુદ્ધાત્મા જ ઉપાદેય છે તેની રુચિ અને મુખ્યતા થઈ અંદર જોડાણો ત્યાં રાગની અને રાગના વિષયોની મુખ્યતા ન રહી પરસન્મુખતાનો અભાવ થયો તે અપેક્ષા એ જ્ઞાનને નિર્વિકલ્પ કહેલ છે. બહારની વાત તો અનાદિની બેઠી છે જ્ઞાતાસૂત્રમાં ભગવાનના નામે કલ્પિત વાતો ગોઠવી છે. ભગવાન મહાવીર કહે છે કે 'હે મેઘ ! તું પૂર્વ ભવે સમકિત પામ્યો ન હો તો પણ પ્રાણીની અનુકંપાથી તે સંસાર પરિત કર્યો.' પણ એ વાત જ ખોટી છે. પરની દયારૂપ શુભરાગથી સંસાર પરિત કોઈ રીતે થાય નહિ અંદર સ્વભાવ સન્મુખ થયા વિના શુદ્ધ દ્રવ્યનો આશ્રય કર્યા વિના સંસાર કદી તૂટે નહિ.

જ્ઞાને જ્ઞાનસ્વભાવને જાણ્યો તે વખતે જ્ઞાનનું સ્વ-પર પ્રકાશક સામર્થ્ય હોવાથી નહિ ચાહેલા વિકલ્પ છે તેને પણ તે જાણે છે એટલે કે તેને જાણવાનું સામર્થ્ય રાખે છે. સ્વ-પર પ્રકાશક સ્વભાવ જ એવો છે કે રાગને પણ જાણે ભલે તે સમયે આ રાગ છે એમ ભેદ પાડીને ન જાણે પણ સ્વસંવેદન જ્ઞાન સ્વ-પર પ્રકાશક તાકાત લઈને જ પ્રગટ્યું છે.

આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે જેનો સ્વભાવ જાણવાનો છે તે સ્વ-પર પ્રકાશક સામર્થ્ય સહિત જ કામ કરે છે. સ્વસન્મુખ ટાણે એટલે આનંદને જ્ઞાનને જાણવા ટાણે રાગના અભાવની અપેક્ષાએ નિર્વિકલ્પ છે પણ તે ગૌણરૂપ રહેલા રાગને ન જાણે એવું નથી. સૂક્ષ્મરાગનો સદ્ભાવ જાણવાની તાકાત તો છે જ. જો કે તેનો મુખ્ય પ્રતિભાસ નથી પણ તેને જાણવાનો સ્વ-પર

પ્રકાશક સ્વભાવ તો તે સમયે પણ છે. રાગને પ્રગટપણે ખ્યાલમાં ન લે તો પણ સ્વ-પર પ્રકાશક તાકાતવાળું જ્ઞાન તો છે જ.

બુદ્ધિપૂર્વકનો વિકલ્પ તૂટી એકલા આનંદ તરફનું જ્ઞાન જ્ઞાનને જાણે તે પ્રત્યક્ષ છે તેનું નામ સવિકલ્પ છે. રાગની ગૌણતા થતાં અંશે અભાવ છે તેથી તે નિર્વિકલ્પજ્ઞાન છે. ને રાગને પણ જાણવાની તાકાતવાળું હોવાથી સ્વ-પર પ્રકાશક છે આમ આ સવિકલ્પ નિર્વિકલ્પ તથા સ્વ-પરપ્રકાશક જ્ઞાનનું વ્યાખ્યાન આગમશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર અને તર્કશાસ્ત્ર અનુસાર વિશેષરૂપથી કહે તો ઘણું થાય પણ અહીં આ અધ્યાત્મશાસ્ત્ર છે તેથી યુક્તિ આગમ અનુભવપૂર્વક ટૂકમાં તેનો મર્મ કહ્યો છે. આ પ્રકારે રત્નત્રયરૂપ જે મોક્ષમાર્ગ તે અવયવી છે તેનાં બીજા અવયવરૂપ સમ્યક્જ્ઞાનનું વ્યાખ્યાન પૂરું થયું ॥૪૨॥

**શુદ્ધ ચૈતન્ય પ્રકાશક, ક્ષમામૂર્તિ શ્રી સદ્ગુરુદેવનો જય હો !**

નોટ :– 'શ્રી દ્રવ્યસંગ્રહ' ગાથા – ૩૯, ૪૦, ૪૧, ૪૨ – આ ચાર ગાથા ધાર્મિક દિવસોમાં તથા દસલક્ષણી પર્વના દિવસોમાં વંચાઈ છે. તેના ઉપરનાં પ્રવચનો અગાઉ 'પ્રસાદ'માં પ્રસિદ્ધ થઈ ગયા. તેના પ્રસાદ નંબર ૨૯૮, ૩૦૦, ૩૦૨, ૩૦૪, ૩૦૭, ૩૦૯, ૩૧૧, ૩૧૩, ૩૧૫, ૩૧૭ છે.

પ્રસાદ નં. – ૨૩

વી. નિ સં. ૨૪૭૯, કારતક વદ ૮, વર્ષ ત્રીજું પુસ્તક બીજું,
સોનગઢ, તા. ૧૦-૧૧-૫૨, સોમવાર.

(કારતક વદ ૪, બુધવાર, ૫-૧૧-૫૨ બપોર)

# મોક્ષમાર્ગનું સ્વરૂપ

અધિકાર ત્રીજો (ચાલુ)

આ ત્રીજો અધિકાર મોક્ષમાર્ગનો છે, તેના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર – એમ ત્રણ અવયવો છે. તેમાં સમ્યગદર્શન ને સમ્યજ્ઞાનનો અધિકાર થઈ ગયો. હવે તેની સાથે દર્શનઉપયોગની જરા વાત કરે છે. ચારિત્રની વાત પછી કરશે.

દર્શનઉપયોગ કોને કહેવો તેની વાત કરે છે.

ગાથા-૪૩

**जं सामण्णं गहणं भावाणं णेव कट्टुमायारं।**
**अविसेसिदूण अट्ठे दंसणमिदि भण्णए समए।।४३।।**

**ગાથાભાવાર્થ :–** આ સફેદ છે, આ કાળું છે ઇત્યાદિ રૂપથી પદાર્થોને ભિન્ન ભિન્ન કરતાં અને વિકલ્પને - ભેદને ન કરતાં, જે પદાર્થોનું સામાન્ય અર્થાત્ સત્તાવલોકનરૂપથી ગ્રહણ કરવું તેને પરમાગમમાં દર્શન કહેવાય છે.

પ્રથમ ઓળખાણ કરવી જોઈએ. છદ્મસ્થને જ્ઞાન થવા પહેલાં અંતર વેપાર તે દર્શન છે,

કેવળીને જ્ઞાન ને દર્શન સાથે હોય છે. હું ચૈતન્ય છું, આ જડ છે, આ લીલું છે, આ કાળું છે એવો ભેદ પાડ્યા વિના અભેદ વ્યાપાર અંતરમાં થાય છે તેને પરમાગમમાં દર્શનઉપયોગ કહે છે.

**વ્યાખ્યાર્થ :–** જે સામાન્ય અવલોકન અથવા બધા પદાર્થો છે એમ અભેદ વ્યાપાર તે દર્શનઉપયોગ છે. તે પદાર્થોમાં ભેદ પાડતો નથી તેમ પોતામાં પણ વિશેષપણું કરતો નથી. બધું સત્ છે, તેને ભેદ પાડ્યા વિના દેખે તે દર્શન છે. દર્શનની જુદી જુદી અવસ્થાના વિષયમાં ઓછાવત્તાનો પ્રશ્ન નથી. કેવળીને દર્શનમાં સામાન્યપણું છે ને ચક્ષુદર્શન ને અચક્ષુદર્શનમાં પણ સામાન્યપણું છે. સામાન્યનો અર્થ સરખો વિષય એવો નથી પણ ત્યાં કોઈ ભેદ નથી એવો સામાન્યનો અર્થ સમજવો. પરમ અવધિદર્શનના ને ચક્ષુદર્શનના સામર્થ્યમાં ફેર છે. સામર્થ્ય ઓછું વત્તું છે. કેવળદર્શનનું સામર્થ્ય સૌથી વધારે છે, માટે તે સામાન્ય મટી વિશેષ થઈ જાય છે – એમ નથી. કેવળદર્શનના સામાન્યના સામર્થ્યમાં ને ચક્ષુદર્શનના સામાન્યના સામર્થ્યમાં અનંતગણો ફેર છે. કેવળદર્શનનું સામર્થ્ય અનંતગણું છે છતાં સામાન્યમાં કંઈ ભેદ પડતો નથી. અભેદ અપેક્ષાએ સમાનતા છે, અર્થાત્ કોઈના વિષયમાં ભેદ નથી.

જ્ઞાન દરેકને ભિન્ન ભિન્ન જાણે છે પણ દર્શન બધી વસ્તુઓ સામાન્ય છે એમ દેખે છે. નરક છે, સિદ્ધ છે, મોક્ષ છે, મોક્ષમાર્ગ છે – એમ બધું છે. ભેદ પાડ્યા વિના ચૈતન્યમાં જે દેખવાની તાકાત છે તે દર્શન છે ને દરેક વસ્તુ પૃથક્ પૃથક્ છે એમ ભેદ પાડીને જાણે તે જ્ઞાન છે. કોઈ પૂછે કે દર્શનઉપયોગ ન હોય તો શું વાંધો આવે ? સમાધાન :– તે ન હોય તો બધું સામાન્ય છે – એ વાત રહેતી નથી. વસ્તુ સામાન્ય - વિશેષાત્મક છે. ભલે કેવળીને કેવળદર્શન ને કેવળજ્ઞાન એક સમયે છે છતાં સામે વસ્તુનો સ્વભાવ તો સામાન્ય-વિશેષાત્મક છે.

દર્શનનું નક્કી જ્ઞાન કરે છે. વસ્તુ છે તો તેને પૃથક્ જાણનાર જ્ઞાન છે ને બધું છે એમ અભેદપણે દેખનારું દર્શન છે. વસ્તુ એક જ ન હોય, જુદી જુદી છે માટે જ્ઞાન છે ને બધી વસ્તુ છે એમાંથી કોઈને કાઢી ન શકાય માટે દર્શન છે.

(૧) બધી વસ્તુ છે તેમાં ભેદ ન પાડવો ને (૨) પોતામાં પણ ભેદ પાડ્યા વિના દેખવું થાય તે દર્શન છે. મહાસત્તા એટલે બધી વસ્તુનું હોવાપણું તે દર્શનનો વિષય છે. દર્શનને વિષય હોય છે. દર્શન પોતે પોતામાં ભેદ પાડતો નથી ને તેના વિષયમાં પણ ભેદ નથી. આ ઘટ છે, આ પટ છે, આ સફેદ છે, આ કાળું છે એવો ભેદ પાડ્યા વિના અભેદમાત્રને દર્શન ગ્રહણ કરે છે.

આને પરમાગમમાં સત્તાવલોકનરૂપ દર્શન કહે છે.

❖❖❖

## કારતક વદ ૫, ગુરુવાર, ૬-૧૧-૫૨

જેને હિત કરવું છે તેણે શું માનવું ને જાણવું જોઈએ ? આત્માનો જેવો સ્વભાવ છે તેવો જાણે તો હિત થાય. આત્મા શુદ્ધ ચૈતન્યમય છે એ આદિ નવ પદાર્થની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે.

સંશય, વિભ્રમ, વિમોહ એ દોષરહિત જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. આત્મા દશાવાન સ્વતંત્ર છે ને તેની દશા સ્વતંત્ર છે, જડ પણ સત્ છે તેનું પલટવું પણ સ્વતંત્ર છે, હવે આત્મા છે, જડ છે, તેની શક્તિઓ છે. તેનું પલટવું છે, જીવમાં શુદ્ધ ને અશુદ્ધરૂપ પરિણમન છે, એવું છે તે ચૈતન્ય નક્કી કરે છે, જડ નક્કી કરતું નથી. આત્મા ચેતન પદાર્થ છે ને તેનો ચેતના સ્વભાવ છે. એમાં દર્શન ને જ્ઞાન એવા બે ગુણ છે. બધું '**છે**' – એમ ભેદ પાડ્યા વિના જે દેખે તેને દર્શનઉપયોગ કહે છે.

આત્મા છે, બધી પર્યાય છે, એવું સામાન્ય '**છે**' પણું દેખવું તે દર્શનનું કાર્ય છે. સર્વજ્ઞને દર્શનની પૂર્ણ પર્યાય પ્રગટી છે ને છદ્મસ્થને દર્શન પર્યાય અધૂરી છે.

હવે પૂછે છે કે આપે નવ તત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેલ તેમાં ને આ દર્શનમાં શું ફેર છે ?

આત્મા આદિ નવ પદાર્થોની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. તે શ્રદ્ધાગુણની પર્યાય છે ને સામાન્ય અવલોકન કરે તે દર્શન છે. બન્ને જુદાં જુદાં છે. સ્વસહિત નવ તત્ત્વની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે તે અહીં કહેવું નથી કેમકે શ્રદ્ધાન છે તે વિકલ્પરૂપ છે ને સામાન્ય અવલોકન છે તે વિકલ્પરહિત છે.

અહીં જ્ઞાનપૂર્વકની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે. સમ્યગ્દર્શન આખા આત્માને ધ્યેય બનાવે છે, પણ અહીં જીવાદિ નવ તત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેલ છે. જીવ શુદ્ધ છે, હિંસા જૂઠું, ચોરીના ભાવ પાપ છે, દયા-દાનાદિ ભાવ પુણ્ય છે. બન્ને આસ્રવ ને બંધ છે, આત્માના આશ્રયે સંવર, નિર્જરા ને મોક્ષ થાય છે – એમ નવ તત્ત્વ આવ્યા તે વિકલ્પ છે. વિકલ્પ એટલે રાગ એવો અર્થ અહીં નથી, પણ ભેદપૂર્વક જાણવું થયું માટે સમ્યગ્દર્શનને વિકલ્પરૂપ કહ્યું છે તેની પર્યાયમાં આમ નવ ભેદપૂર્વક જ્ઞાન આવેલ છે તેથી જ્ઞાનપ્રધાન સમકિતની અહીં વ્યાખ્યા છે માટે સમકિતને વિકલ્પરૂપ કહેલ છે.

'જ્ઞેયતત્ત્વ ને જ્ઞાતૃતત્ત્વની પ્રતીતિ જેનું લક્ષણ છે એવું સમ્યગ્દર્શન' એમ 'પ્રવચનસાર'માં વ્યાખ્યા છે. તે જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે. અહીં પણ એ જ વાત છે. સમ્યગ્દર્શન સાથે સમ્યગ્જ્ઞાન હોય છે એમ અભેદપણું બતાવવા જ્ઞાનના વિકલ્પપણાનો આરોપ શ્રદ્ધામાં કર્યો છે. નવની પ્રતીતિ તે વિશેષરૂપ દશા છે માટે સમ્યગ્દર્શનને વિકલ્પરૂપ કહેલ છે.

જ્ઞાન થયા પહેલાં થતો સામાન્ય વ્યાપાર તે દર્શન ઉપયોગ છે તે નિર્વિકલ્પ છે.

સમ્યગ્જ્ઞાની અલ્પજ્ઞ પ્રાણીને દર્શન લબ્ધમાં હોય ને જ્ઞાન ઉપયોગરૂપ હોય ને સમ્યગ્દર્શન હોય જ અથવા જ્ઞાન લબ્ધમાં હોય ત્યારે દર્શન ઉપયોગરૂપ હોય પણ સમ્યગ્દર્શન તો હોય જ ને કેવળીને ત્રણે એક સાથે પ્રગટરૂપ હોય છે.

અહીં કહે છે કે છદ્મસ્થ જ્ઞાનીને જ્ઞાન ઉપયોગરૂપ હોય કે લબ્ધમાં હોય તોપણ સમ્યગ્દર્શન તો હોય જ. સમ્યગ્દર્શન વખતે સમ્યગ્જ્ઞાન લબ્ધરૂપ અથવા ઉપયોગરૂપ તો હોય જ. એવા સમ્યગ્જ્ઞાનનું અવિનાભાવીપણું ગણીને શ્રદ્ધાને સવિકલ્પ ગણેલ છે. છદ્મસ્થને જ્ઞાન ને દર્શન ઉપયોગરૂપ ક્રમે હોય છે છતાં પ્રતીતિ તો લબ્ધરૂપ જ્ઞાન અથવા ઉપયોગરૂપ જ્ઞાન સાથે હોય છે તેથી શ્રદ્ધા તથા જ્ઞાનને અવિનાભાવી ગણીને શ્રદ્ધાને સવિકલ્પ ગણેલ છે ને સામાન્યને ગ્રહણ કરનાર દર્શનઉપયોગને નિર્વિકલ્પ ગણેલ છે.

વળી અજ્ઞાનીને પણ અનાદિથી દર્શનઉપયોગ હોય છે છતાં તેની સાથે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનો અવિનાભાવ નથી. દર્શનઉપયોગ હોય ત્યારે સમ્યગ્દર્શન હોય જ એવો નિયમ નથી. દર્શનઉપયોગ વખતે સમ્યગ્દર્શન ને જ્ઞાન હોય અથવા ન હોય પણ સમ્યગ્દર્શન વખતે સમ્યગ્જ્ઞાન હોય જ ને સમ્યગ્જ્ઞાન હોય ત્યારે સમ્યગ્દર્શન હોય જ એવો નિયમ છે. એવો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનને અવિનાભાવ સંબંધ ગણી સમ્યગ્દર્શનને સવિકલ્પ કહેલ છે.

તારી એક સમયની કમાણીને શું તોટો છે ? ચિદાનંદ આત્માની પ્રતીતિ કરે તો તારો બેડો પાર, એક સમયની કમાણી અનંતકાળ તું ભોગવી શકીશ. અનાદિકાળથી જે જ્ઞાન વિકારમાં ને રાગમાં અટકી શરીર તે હું છું એમ માનતું તે જ્ઞાને ગુલાંટ મારી પોતાનામાં માન્યતા કરી કે જ્ઞાનસ્વભાવી આત્મા તે હું છું આમ તે જ્ઞાન જાત્યાંતર થઈ ગયું ને તે વધીને કેવળજ્ઞાન થશે. સમ્યગ્દર્શનના સહચારીપણાથી જ્ઞાન સમ્યક્ થયું – જાત્યાંતર થયું, સમ્યગ્જ્ઞાનને તથા સમ્યગ્દર્શનને એક સમયનો પણ વિરહ હોતો નથી.

હવે અહીં કોઈ પૂછે કે અહીં સમ્યગ્દર્શનને સવિકલ્પ કહ્યું ને 'પંચાધ્યાયી'માં સમ્યગ્દર્શનને નિર્વિકલ્પ કહ્યું છે ને ?

સમાધાન :– 'પંચાધ્યાયી'માં એમ કહ્યું છે કે જ્ઞાન સ્વ-પરને જાણે છે માટે જ્ઞાનને સવિકલ્પ કહેલ છે. જ્ઞાન સિવાય સમકિત વગેરે બીજા ગુણો સત્તારૂપે છે પણ તે પોતે પોતાને જાણતા નથી ને પરને જાણતા નથી માટે તે અપેક્ષાએ ત્યાં નિર્વિકલ્પ કહેલ છે અને અહીં જ્ઞાનના અવિનાભાવીપણાની અપેક્ષાએ સમ્યગ્દર્શનને સવિકલ્પ કહ્યું છે.

**ભાવાર્થ :–** હું આત્મા છું ને આ જડ છે ઇત્યાદિ ભેદ ન કરે એવું ચેતનામાં કાર્ય થાય છે. તેને દર્શનઉપયોગ કહે છે. 'રાજવાર્ત્તિક'માં દૃષ્ટાંત આપ્યું છે કે – ભોંયરામાં એક માણસ જન્મ્યો ને ત્યાં ૨૦-૩૦ વર્ષ રહ્યો. ત્યાં એકદમ અંધારું હોવાથી આંખના વિષયમાં ભેદ પાડી શક્યો ન હતો ને તે બહાર આવ્યો ત્યારે આ પ્રકાશ છે ને આ બીજી વસ્તુ છે

એમ ભેદ પાડવા માંડ્યો. અંધારામાં અભેદનો ખ્યાલ તે દર્શનનું દૃષ્ટાંત છે ને બહારમાં ભેદપૂર્વક જાણવા લાગ્યો તે જ્ઞાનનું દૃષ્ટાંત છે. આ તો દૃષ્ટાંત માત્ર છે.

આ ચીજ સુંવાળી છે. આ રૂપાળું છે, એમ ભેદથી જાણવા માંડ્યું તે જ્ઞાન છે ને અભેદનો વ્યાપાર તે દર્શન છે. અનાદિથી દરેક જીવને આ પ્રમાણે વ્યાપાર થઈ રહ્યો છે પણ પોતામાં શું થઈ રહ્યું છે તેની અજ્ઞાનીને ખબર પડતી નથી. ॥૪૩॥

છદ્મ = જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ.

આત્મા જ્ઞાનાનંદ છે તેની જ્ઞાનદર્શનની અવસ્થાના આવરણમાં નિમિત્ત જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીય કર્મ છે. તેવા આવરણમાં જે રહે તે છદ્મસ્થ છે. છદ્મસ્થને રાગ તથા અલ્પજ્ઞદશા છે તેનું જ્ઞાન ને દર્શન એક સાથે ઉપયોગરૂપ ન હોય. તેને પ્રથમ દર્શન થાય છે પછી જ્ઞાન થાય છે તથા કેવળીભગવાનને બન્ને ઉપયોગ યુગપદ (એકી સાથે) હોય છે. તેનું પ્રતિપાદન કરે છે.

## ગાથા-૪૪

**दंसणपुव्वं णाणं छदमत्थाणं ण दोण्णि उवउग्गा।**
**जुगवं जह्या केवलिणाहे जुगवं तु ते दो वि।।४४।।**

**ગાથાભાવાર્થ :–** છદ્મસ્થજીવોને દર્શનપૂર્વક જ્ઞાન થાય છે કારણ કે છદ્મસ્થોને જ્ઞાન અને દર્શન એ બન્ને ઉપયોગ એક સમયમાં હોતો નથી. તથા જે કેવળી ભગવાન છે તેમને જ્ઞાન અને દર્શન એ બન્ને ઉપયોગ એક સમયમાં હોય છે.

છદ્મસ્થને પ્રથમ દર્શન થાય છે. જે વિશેષ થવા લાયક છે તેનું સામાન્ય અવલોકન પ્રથમ થાય છે. એક સમયમાં બન્ને કાર્ય થઈ શકતાં નથી. દેખવા વખતે જાણી શકે નહિ ને જાણતી વખતે દેખી શકે નહિ. જેણે પૂર્ણ દશા વ્યક્ત કરી તેવા કેવળીભગવાનને એક સમયમાં જ્ઞાન ને દર્શન ઉપયોગ બન્ને હોય છે.

શ્વેતાંબરો કેવળી ભગવાનને યુગપત્ બન્ને ઉપયોગની ના પાડે છે. તે મૂળમાં ભૂલ છે. પરમ સત્ય માર્ગની તેમને ખબર નથી. સત્યથી વિરુદ્ધ માને ને અનુમોદે તે મોટું પાપ છે.

**વ્યાખ્યાર્થ :–** છદ્મસ્થ અથવા સંસારી જીવોને સામાન્ય દેખવારૂપ દર્શનઉપયોગ પ્રથમ થાય છે ને પછી જ્ઞાનઉપયોગ થાય છે. કેમકે છદ્મસ્થને જ્ઞાનોપયોગ ને દર્શનઉપયોગ એમ બન્ને ઉપયોગ એક સમયમાં થતાં નથી તથા કેવળી ભગવાનને દર્શન તથા જ્ઞાન ઉપયોગ એક સમયમાં

થાય છે.

આ કાળું છે, આ સફેદ છે એવું જાણવા પહેલાં જે વ્યાપાર થાય તે ચક્ષુદર્શન છે. કાનથી સાંભળવાનું થાય તે પહેલાં જે વ્યાપાર થાય તે અચક્ષુદર્શન છે. ચક્ષુઆદિ ઇન્દ્રિયો પોતપોતાના ઉઘાડની યોગ્યતા અનુસાર જે જે યોગ્ય ક્ષેત્ર-દેશ આદિમાં જે નિજરૂપ આદિ વિષય છે તેના તરફ વલણ થવું તેને સન્નિપાત સંબંધ અથવા સન્નિકર્ષ કહે છે. ચીજો ભલે દૂર હોય પણ આત્માનું વલણ તે તરફ થવું તેનું નામ સંબંધ છે. એક તરફ જ્ઞાન કરી રહ્યો હતો તે તરફથી છૂટી બીજા તરફ વળતાં ભેદ પાડ્યા વિનાનો જે વેપાર થયો તે દર્શન છે. નૈયાયિક મતવાળા ચક્ષુ આદિ ઇન્દ્રિયો પોતપોતાના વિષયો પાસે જાય તેને સન્નિકર્ષ કહે છે – એમ સન્નિકર્ષનો અર્થ સમજવો ન જોઈએ. ચક્ષુ અગ્નિ પાસે જાય તો તેને સંબંધ કહેવો એવો અર્થ નથી. પદાર્થ તરફ ઝુકાવ થવો તે સન્નિકર્ષ છે ને તે દર્શનઉપયોગનું લક્ષણ છે.

**ભાવાર્થ :–** નેત્ર આદિ ઇન્દ્રિયો દ્વારા જે રૂપ આદિનું ગ્રહણ થાય છે તેને કેટલાક સન્નિકર્ષ કહે છે અથવા નૈયાયિક મતમાં ઇન્દ્રિયો આદિનું પોતાના રૂપ આદિ વિષય પાસે જવું તેને સન્નિકર્ષ કહે છે. એ બન્ને ખોટા છે. તે સન્નિકર્ષ નથી. પોતાના ઉઘાડ અનુસાર યોગ્ય ક્ષેત્રમાં રહેલા વિષયો તરફ વલણ કરવું તેને સન્નિકર્ષ કહે છે. પદાર્થ નજીક હોય કે દૂર હોય તે વાત નથી પણ તે પદાર્થનું જ્ઞાન થતા પહેલાં જે સામાન્ય વ્યાપાર થાય તે દર્શન ઉપયોગ છે ને તે પદાર્થ સાથે આવો સંબંધ થવો તેને સન્નિકર્ષ કહે છે. તે સન્નિકર્ષ નિર્વિકલ્પ સત્તા અવલોકનરૂપ દર્શનનું લક્ષણ છે.

આત્મા વસ્તુ છે, ચેતના તેનો સ્વભાવ છે તેમાં દર્શનગુણ છે. ઉઘાડ મુજબના પોતાના વિષય તરફ ઝુકાવ થવો તે દર્શન છે. આ રૂપ છે એમ બીજી ચીજથી જુદું પડીને જાણપણું થયું તે જ્ઞાન છે. ભેદ સહિત જાણ્યા પહેલાં આત્માની તે તરફની ઉન્મુખતા તેને દર્શન ઉપયોગ કહે છે. આ વ્યાખ્યા 'તત્ત્વાર્થસાર'માં છે. ઉન્મુખતા એટલે વિપરીતતા નહિ પણ સન્મુખતા સમજવી. ભેદ પાડ્યા વિનાના ચેતનાના વેપારને દર્શન કહે છે. આ રાગ છે, આ જડ છે, આ કલુષિતતા છે, આત્મા શુદ્ધ છે એવું ભેદપૂર્વક જાણવું તે જ્ઞાન છે. તેના અવગ્રહ, ઈહા, અવાય ને ધારણારૂપ મતિજ્ઞાન પાંચ ઇન્દ્રિયો તથા મન દ્વારા થાય છે.

દર્શનઉપયોગ થયા પછી મતિજ્ઞાન થાય ને પછી શ્રુતજ્ઞાન થાય છે. હવે તેની વાત કરે છે.

જેમ ધૂમાડા ઉપરથી અગ્નિનો ખ્યાલ આવે છે તેમ એક પદાર્થ ઉપરથી બીજા પદાર્થનું જ્ઞાન કરવું તે લિંગજ અર્થાત્ લિંગ અથવા ચિહ્નથી ઉત્પન્ન થયેલું શ્રુતજ્ઞાન છે તથા ઘટ શબ્દ સાંભળ્યો તે મતિજ્ઞાન છે ને તે ઉપરથી ઘટનું જ્ઞાન થયું તે શબ્દજ શ્રુતજ્ઞાન છે. એ બે પ્રકારે શ્રુતજ્ઞાન છે.

અવધિદર્શન થયા પછી અવધિજ્ઞાન થાય છે. અવધિજ્ઞાન વડે સ્વર્ગ-નરકને જાણી શકે

છે. ઇન્દ્રિય ને મનના અવલંબન વિના સ્વર્ગ ને મહાવિદેહ આદિ રૂપી પદાર્થને મર્યાદિત રીતે પ્રત્યક્ષ જાણે તેને અવધિજ્ઞાન કહે છે. તે પહેલાંના સામાન્ય અવલોકનને અવધિદર્શન કહે છે.

કોઈ મુનિને મનઃપર્યયજ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાનથી સામેના જીવના વિચારને જાણી લ્યે છે. સામો જીવ ભવિષ્યમાં આવા વિકલ્પ કરશે ને ભૂતકાળમાં તેણે આવા વિકલ્પ કર્યાં હતા એમ મનઃપર્યયજ્ઞાન જાણી લ્યે છે. તે જ્ઞાન ઈહાપૂર્વક હોય છે. તે મતિજ્ઞાન દર્શનપૂર્વક હોય છે. પણ મનઃપર્યયજ્ઞાન પહેલાં સીધું કોઈ દર્શન હોતું નથી.

શબ્દને પકડવામાં અવગ્રહ મતિજ્ઞાન છે ને અવાયપૂર્વક શ્રુતજ્ઞાન છે. મનઃપર્યયજ્ઞાનને ઉત્પન્ન કરવાવાળું ઈહા મતિજ્ઞાન છે. તે મતિજ્ઞાન થાય તે પહેલાં દર્શન થાય છે. શ્રુતજ્ઞાનમાં પહેલાં અવગ્રહ થાય છે ને મનઃપર્યયજ્ઞાન થવા પહેલાં ઈહાજ્ઞાન થાય છે. તે બધા પહેલાં દર્શન થયેલ છે તેથી મતિજ્ઞાનને ઉપચારથી દર્શન કહેલ છે. એ કારણથી શ્રુતજ્ઞાન તથા મનઃપર્યયજ્ઞાન એ બન્નેને દર્શનપૂર્વક જાણવાં જોઈએ. આ પ્રમાણે છદ્મસ્થજીવ આવરણ સહિત ક્ષાયોપશમિક જ્ઞાન સહિત છે. તે કારણથી છદ્મસ્થોને દર્શનપૂર્વક જ્ઞાન થાય છે.

કેવળી ભગવાનને એક સમયમાં દર્શન ને જ્ઞાન ઉપયોગ બન્ને હોય છે, તે વિકાર રહિત છે. ચિદાનંદ આત્માના અવલંબને પ્રગટેલ કેવળજ્ઞાન ક્ષાયિક છે. જેમ વાદળાંના આવરણ વિના સૂર્યમાં આતાપ ને પ્રકાશ એક સમયે હોય છે.

જેણે પર્યાયને યથાર્થ જાણેલ નથી તેણે ગુણ તથા દ્રવ્યને પણ જાણેલ નથી. એટલા માટે અહીં કહે છે કે કેવળીભગવાનને દર્શન અને જ્ઞાન એક સમયે ઉપયોગરૂપ હોય છે એમ સમજવું જોઈએ.

## પ્રસાદ નં. – ૨૫

### વી. નિ સં. ૨૪૭૯, કારતક વદ ૧૦, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું,
### સોનગઢ, તા. ૧૨-૧૧-૫૨, બુધવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪૪
### (કારતક વદ ૬, શુક્રવાર, ૭-૧૧-૫૨ બપોર)

અખંડ આત્માની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે, હું શુદ્ધ ચિદાનંદ છું એવું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. એ બન્ને મોક્ષમાર્ગના અવયવ છે, ને ત્રીજો અવયવ ચારિત્ર છે, તેનું વર્ણન કરતા પહેલાં દર્શનની વાત કરે છે. ભગવાનઆત્મા સત્, ચિદ્, આનંદ સ્વરૂપ છે, અનાદિ અનંત છે, જ્ઞાતાદૃષ્ટાપણું તેનું કાયમી સ્વરૂપ છે તેમાં સ્થિર થવું તે ચારિત્ર છે.

પ્રશ્ન :– ગાથામાં છદ્મસ્થ કહેલ છે તેનો શો અર્થ છે ?

ઉત્તર :– છદ્મનો અર્થ જ્ઞાનાવરણ ને દર્શનાવરણ એવો અર્થ છે. આત્મા જ્ઞાતાદૃષ્ટા છે, તેની હીણી પર્યાયમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મનું નિમિત્ત છે. એવા આવરણમાં રહે તેને છદ્મસ્થ કહે છે. આ પ્રકારે ન્યાયથી સત્તાવલોકન દર્શનનું વ્યાખ્યાન કર્યું.

આત્માનો મૂળ સ્વભાવ, જ્ઞાતાદૃષ્ટા મુખ્યપણે છે, બીજા ચારિત્ર આદિ ગુણો છે પણ અહીં દેખવા જાણવાની વાત ચાલે છે. આંખ બંધ હોય તોપણ અંદર જાણે છે કે મને આમ થઈ રહ્યું છે માટે જાણવું તે પોતાનો સ્વભાવ છે, તેના અવલંબને કલ્યાણ પ્રગટે છે. પોતાનો આત્મા જાણ્યા વિના બધું વ્યર્થ છે.

'જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી.'

આત્માને જાણ્યા વિના શુભભાવ કરે તો પુણ્ય થાય પણ ધર્મ થાય નહિ. જાણવું-દેખવું તે આત્માનું સ્વરૂપ છે, તેની ઓળખાણ કરવી જોઈએ. સર્વ પદાર્થને અભેદરૂપ દેખે તે દર્શન છે ને દરેક પદાર્થને ભિન્ન ભિન્ન કરીને જાણે તે જ્ઞાન છે. તે તર્કથી વાત કરી. હવે સિદ્ધાંતથી વાત કરે છે.

આત્મા દર્શનગુણના સ્વભાવથી ભરેલો છે તેનું કાર્ય બધું દેખવું તે છે. અહીં છદ્મસ્થની વાત કરી છે. છદ્મસ્થને પ્રથમ દર્શન થાય છે. ઘડાનું જ્ઞાન થવા પહેલાં જે પ્રયત્ન થાય છે અથવા આત્મામાં પર વિષય રહિત આત્માનું અવલોકન થાય છે તેને દર્શન કહે છે. દર્શન એટલે દેખવું. આ મકાન છે એમ પ્રથમ એક જીવ જાણતો હતો, પછી શરીર ઉપર લક્ષ ગયું તેમાં મકાન ઉપરથી જ્ઞાનઉપયોગ ખસી ગયો ને શરીરનું જ્ઞાન હજુ થયું નથી, તે પહેલાંના આત્માના વેપારને દર્શન કહે છે.

તર્ક (ન્યાય)માં દર્શનગુણમાં સામાન્ય સત્તાવલોકન લીધું હતું. અહીં કહ્યું કે આત્મા અંતર પ્રયત્ન કરે તેને દર્શન કહે છે. પરપદાર્થને જાણતા પહેલાં અથવા સ્વને પણ વિશેષપણે જાણતા પહેલાં સ્વનું '**છે પણે**' દેખવું – સામાન્ય અવલોકન તે દર્શન છે. ત્યાં આ સ્વ છે એવો પણ ભેદ નથી. અભેદ દેખવું તે દર્શન છે. ભગવાનના દર્શન કર્યાં તે દર્શનઉપયોગ નથી, તે તો જ્ઞાન છે, પણ પરવસ્તુનો બોધ થયા પહેલાં બધું છે, એમાં ભેદ પાડયા વિના સ્વસન્મુખ પ્રયત્ન – સામાન્ય સત્તાવલોકન તે દર્શનઉપયોગ છે.

આ શરીર છે તે તો જડનું કારખાનું છે, તે રૂપી દશા છે. આત્મા અરૂપી જ્ઞાનાનંદમય છે એવા આત્માનું સ્વરૂપ જાણવા પહેલાંનો વ્યાપાર તે દર્શન છે ને ત્યારપછી બાહ્ય વિષયોમાં ભેદથી પદાર્થનું ગ્રહણ (જાણપણું) તે જ્ઞાન છે.

એક માણસ પ્રથમ ઘટ એટલે શરીરને જાણતો હતો, આ શરીર છે, એવું જ્ઞાન કરતો હતો. પછી આ આત્મા છે એમ આત્માને જાણતા પહેલાં તેમાં શરીરનો ખ્યાલ છૂટી ગયો છે ને આત્માને જાણ્યો નથી, વચમાં સામાન્ય અવલોકનરૂપ વ્યાપાર થયો તે દર્શન છે.

પ્રથમ ચોપડીનો ખ્યાલ છે, ત્યાં કોઈ અવાજ આવ્યો પણ અવાજનું જ્ઞાન થવા પહેલાં અથવા વિષયનો પ્રતિબોધ થયો નથી તે પહેલાં અંતર પ્રયત્ન થાય છે તે દર્શનઉપયોગ છે.

કોઈ પૂછે કે દર્શન વચ્ચે કેમ આવે છે ?

સમાધાન :– બધા પદાર્થો છે. શરીર છે, મન-વાણી છે, પ્રતિમા છે, આત્મા છે, સુખ છે, કર્મ છે, બધું છે. બધું છે તો તેને અભેદપણે દેખવાનો સ્વભાવ પણ હોવો જોઈએ. છે માંથી કોઈ નીકળી જતું નથી અનંત આત્મા છે, શુદ્ધ પરમાત્મા છે, સંસાર છે, વિકાર છે, જગતની ચીજો છે એમ 'છે' ને અભેદરૂપ દેખવાવાળો સ્વભાવ તે દર્શન છે.

બધું અભેદરૂપે 'છે' એમ હોવા છતાં બધી ચીજો ભિન્ન ભિન્ન પણ છે. જેમકે :– આ જડ છે, આ ચેતન છે, આ સુંગધ છે, આ દુર્ગંધ છે એમ ભિન્ન ભિન્ન છે તેને ભિન્ન ભિન્નપણે જાણવાવાળો સ્વભાવ હોવો જોઈએ ને તે જ્ઞાન છે.

કોઈ કહે કે ખડી તેના સ્વભાવથી ખાલી છે તો તે વાત ખોટી છે. ખડી સફેદાઈ વગેરેથી ભરેલી છે, તેમ આત્મા તેના સ્વભાવથી ખાલી નથી. શરીરાદિથી જુદો ને જ્ઞાતાદૃષ્ટાપણાથી ભરેલો છે, આત્માના બે મુખ્ય ગુણો છે તેનાં જુદા કાર્ય બતાવે છે. અહીં દર્શનનું કાર્ય બતાવે

છે, આત્મા છે એમ ભેદથી ખ્યાલ આવ્યા પહેલાં બધી ચીજો છે એવા આત્મઅવલોકનને દર્શન કહે છે. તેમાં પરચીજ છે એવું ખ્યાલમાં આવતું નથી.

હવે જ્ઞાનની વાત કરે છે.

ઘટ તરફથી જ્ઞાન છૂટી પટનો ખ્યાલ આવ્યો તેને જ્ઞાન કહે છે. જ્ઞાન સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે, હું આત્મા છું, આ શરીર છે, રાગ-દ્વેષ કૃત્રિમ છે એવું અંતરજ્ઞાન થવું તે વિશેષ બોધ છે તે જ્ઞાન છે. જ્ઞેય તેનો વિષય છે. તેમાં સ્વ-પર બન્ને જ્ઞેય છે, આત્માનું જ્ઞાન થવા પહેલાં પુણ્ય-પાપ એજ મારું સ્વરૂપ છે એમ જાણતો તે જ્ઞાન છૂટી આત્માનું જ્ઞાન થવા પહેલાં દર્શન વેપાર થાય છે, ત્યાર પછી સ્વસંવેદન જ્ઞાન પ્રગટે છે.

આ વાત સર્વજ્ઞના જ્ઞાન સિવાય બીજે ક્યાંય નથી. આત્મકલા વિના દુનિયાની બધી કળાઓ કુંભારની કળા જેવી છે, તે બધી કળા સંસારમાં નિમિત્ત થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ દશા કેવળજ્ઞાનમાં નિમિત્ત થાય છે. એટલે કે મોક્ષમાર્ગ મોક્ષમાં નિમિત્ત થાય છે. મોક્ષનું મૂળ ઉપાદાન કારણ તો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ છે તેનો આશ્રય કરવાથી કેવળજ્ઞાન થાય છે, મોક્ષમાર્ગને નિમિત્તકારણ કહેલ છે કેમકે તે ટળી જાય છે ને મોક્ષદશા પ્રગટે છે. ત્રિકાળી સ્વભાવમાંથી મોક્ષ પ્રગટે છે માટે ત્રિકાળી સ્વભાવને ઉપાદાન કારણ કહેલ છે.

સર્વજ્ઞનું જ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છે તેવા જ્ઞાનની જેને પ્રતીતિ નથી તેને ધર્મ થતો નથી. આ શરીર જીર્ણ થશે ને પડી જશે તે મદદ કરશે નહિ તે તો તેના કારણે ટકે છે. દવા કે ડૉક્ટરથી ટકે તેમ નથી. શરીરથી જુદો આત્મા છે એવા ભાન વિના અનંતા ભવો કર્યાં, શરીર જડ છે, દયા-દાનાદિ, કામ-ક્રોધાદિ વિકાર છે તે બન્ને વિનાનો આત્માનો સ્વભાવ જ્ઞાતાદૃષ્ટા છે, તે પોતાના સ્વભાવથી ખાલી નથી પણ ભરેલો છે ને શરીર અને વિકારથી ખાલી છે એવા સ્વભાવને જાણ્યા પહેલાં જે સામાન્ય ઉપયોગ થાય તેને દર્શન કહે છે ને ભેદપૂર્વક જાણે તેને જ્ઞાન કહે છે.

હવે જેને કંઈક ખ્યાલ આવ્યો ને કંઈક ન આવ્યો હોય તેને શંકા પડે છે ને પૂછે છે બાકી અજ્ઞાનીને શંકા પડે નહિ ને પૂર્ણ જ્ઞાનીને શંકા પડે નહિ.

અહીં થોડું સમજ્યો છે તે વિશેષ પૂછે છે. આટલું તો શિષ્યે ગ્રહણ કરેલ છે કે આત્મા વસ્તુ એક છે તેમાં જ્ઞાન ને દર્શન એમ ચેતનાના બે ગુણો કહેવા માગે છે, બીજા ગુણો ચારિત્ર આદિ છે. હવે તેમાં પોતાને ગ્રહે તેને દર્શન ને પરને ગ્રહે-જાણે તેને જ્ઞાન કહે છે, એમ સમજીને શિષ્ય પૂછે છે કે :– નૈયાયિકમતમાં જ્ઞાન આત્માને જાણતું નથી, તેવી રીતે અહીં જૈનમાં જ્ઞાન પરને જાણે એમ કહ્યું તો તે જ્ઞાને સ્વને એટલે આત્માને જાણ્યો નહિ તો નૈયાયિકની જેમ દોષ આવે છે. તેનું સમાધાન :– નૈયાયિકમતમાં જ્ઞાન ને દર્શન એમ જુદા જુદા ગુણ માન્યા નથી. આત્મા વસ્તુ એક છે તેમાં દર્શન ને જ્ઞાન બે મુખ્ય ગુણ બીજા ગુણો ગૌણ છે. નૈયાયિકમાં બે ગુણો જ માન્યા નથી. એક જ ગુણના બે કાર્ય માને છે તેથી

નૈયાયિકોમાં આત્માને જાણવાના અભાવરૂપ દૂષણ પ્રાપ્ત થાય છે. અર્થાત્ આત્માને જ્ઞાન ન હોવારૂપ દોષ પ્રાપ્ત થાય છે.

જૈનમતમાં આત્મા જ્ઞાનથી પરપદાર્થને જાણે છે ને દર્શનથી આત્માને દેખે છે તે કારણથી આત્માને જાણવાના અભાવરૂપ દૂષણ ત્યાં લાગતું નથી. અર્થાત્ જૈનમતમાં આત્માને જાણવું સિદ્ધ છે.

અહીં પૂછે કે આ દૂષણ કેમ લાગતું નથી ?

તેનો ઉત્તર :– એક અગ્નિ પોતાના દહનગુણથી પર પદાર્થને જલાવે છે. તેથી તે દાહક કહેવાય છે ને પાચનરૂપ ગુણથી બીજી ચીજોને પકાવે છે. તેથી તે પાચક કહેવાય છે. તેવી રીતે આત્મા એક વસ્તુ છે, અભેદનયથી આત્મા એક ચૈતન્ય સ્વભાવવાળો છે તોપણ ભેદનયથી પોતા તરફ પ્રયત્ન કર્યો તેને દર્શન કહ્યું ને પર તરફ અથવા ભેદ સહિત વલણ થયું તેને જ્ઞાન કહ્યું એમ વિષય ભેદથી ચૈતન્યના બે સ્વભાવ કહ્યા છે, સ્વને દેખે તે દર્શન ને પરને જાણે તે જ્ઞાન એમ ભેદનયથી કહેલ છે પણ એક જ ચૈતન્ય દર્શનરૂપ ને જ્ઞાનરૂપ ભેદથી બે પ્રકારનો થાય છે.

વળી વિશેષ કહે છે કે સામાન્ય સત્તાને એટલે એક અંશને દેખે તે દર્શન તથા વિશેષને એટલે એક અંશને જાણે તે જ્ઞાન એમ કહેવામાં આવે તો જ્ઞાને આખી ચીજ ન જાણી તો જ્ઞાન પ્રમાણ થતું નથી, દર્શનમાં પણ આખી ચીજ આવતી નથી ને જ્ઞાનમાં પણ આખી ચીજ આવતી નથી તો તે પ્રમાણતાને પામતું નથી. જ્ઞાન તો આખી ચીજને એક સાથે જાણે એવું છે, જો સામાન્યને ન જાણે તો તેને પ્રમાણજ્ઞાન ન કહેવાય માટે સામાન્યનો અર્થ બધા પદાર્થનો એક અંશ ગ્રહણ કરવો ને વિશેષનો અર્થ એક અંશ ગ્રહણ કરવો તેવો નથી. દર્શનથી ચીજોનો એક ભાગ જણાય ને જ્ઞાનથી બીજો ભાગ જણાય એમ માનવામાં આવે તો તે જ્ઞાન સાચું નથી.

આત્મામાં જે દર્શન ને જ્ઞાન ગુણ છે, તેના આખા વિષય બે છે, દર્શનનો વિષય આખો આત્મા છે ને જ્ઞાનનો વિષય પણ આખો છે. જગતના પદાર્થના એક અંશને દર્શન જાણે ને એક અંશને જ્ઞાન જાણે એમ નથી પણ આખાની વાત લેવી છે, દર્શન વખતે આખો આત્મા પોતા તરફ વળે છે ને જ્ઞાન વખતે બધી ચીજોનું જ્ઞાન થાય છે, કોઈ ચીજ આખાપણામાંથી બાકી રહેતી નથી એટલે કે બન્નેના વિષયો અંશ નથી પણ આખા છે, છદ્મસ્થ વર્તમાન પર્યાયમાં ભલે ઓછા પદાર્થ જાણે પણ તેનો વિષય આખો છે અંશ નથી એમ કહેવું છે. દર્શનનો વિષય આખો આત્મા એટલે સ્વ છે ને જ્ઞાનનો વિષય બધા આખા પદાર્થો એટલે પર છે, એ રીતે સ્વ ને પર વિષય પૂરા થાય છે. આમ જાણે તો સમાધાન થાય છે. બધા પદાર્થોને જાણવા-દેખવાનો સ્વભાવ છે આ બે ગુણના વિષયો બે આખા છે આમ સાચું જ્ઞાન કરે તો સ્વ-પર પ્રકાશક સ્વભાવી આત્મા તરફ ઢળવાનો પ્રયત્ન થાય ને ધર્મ પ્રગટે.

## કારતક વદ ૭, શનિવાર, ૮-૧૧-૫૨

આત્મા દર્શન ને જ્ઞાન સ્વભાવી છે તેની વાત ચાલે છે. દૃષ્ટા એવો આત્મા છે, દર્શન તેનો ગુણ છે ને ઉપયોગરૂપ કાર્ય તેની પર્યાય છે. આત્મા સૂક્ષ્મ છે માટે તેને સમજવા સૂક્ષ્મબુદ્ધિ જોઈએ.

આત્મા દર્શનગુણ વડે સામાન્યઅંશને જાણે ને જ્ઞાનગુણ વડે વિશેષને જાણે તો જ્ઞાન પ્રમાણ થતું નથી ને તેમ થતાં આત્મા વસ્તુ સાબિત થતી નથી.

જ્ઞાનને પ્રમાણત્વ કેમ થતું નથી એમ કોઈ શંકા કરે તો સમાધાન એમ છે કે જે આખી વસ્તુને ગ્રહણ કરે તેને પ્રમાણ કહે છે.

દરેક ચીજ ત્રિકાળ ટકીને ક્ષણે ક્ષણે પલટે છે અથવા શક્તિરૂપ ધ્રુવ છે. સામાન્ય છે ને પર્યાય અપેક્ષાએ વિશેષ છે. જો જ્ઞાન એક ભાગને જાણે ને આખી ચીજને ન જાણે તો આત્મા પણ એક અંશને જાણે તો પછી આત્મા આખો સ્વ-પરને જાણે તે વાત રહેતી નથી. આત્મા શરીરાદિકનો ને પુણ્ય-પાપનો બધાનો જાણનાર છે. દર્શનગુણથી એક સામાન્ય પડખાને જાણે ને જ્ઞાનથી એક વિશેષ પડખાને જાણે તો જ્ઞાન ને આત્મા તો અભેદ છે તો આત્મા પણ એકદેશને જાણે ને એમ થતાં આત્મા પ્રમાણરૂપ થતો નથી.

તર્કશાસ્ત્રની અપેક્ષાએ કહ્યું હતું કે દર્શન સામાન્યને દેખે ને જ્ઞાન વિશેષને જાણે પણ સિદ્ધાંતથી કહે છે કે નિશ્ચયનયની અપેક્ષાએ ગુણ અને ગુણી ભેદરૂપ નથી. જ્ઞાન એક અંશને જાણે તો જ્ઞાન પ્રમાણ થતું નથી ને તેથી આત્મા પણ આખાને ન જાણે કારણ કે જ્ઞાન ને આત્મા જુદાં નથી માટે આત્મા અપ્રમાણ ઠરે છે. આત્મા ગુણી છે, જ્ઞાન-દર્શન તેના ગુણ છે, તેનો જ્ઞાનગુણ એક અંશને જાણે તો આત્મા પણ એક અંશને જાણે. જ્ઞાન રાગને જ જાણે ને ત્રિકાળી દ્રવ્યને ન જાણે અથવા સામા પદાર્થના એક અંશને જાણે પણ આખાને ન જાણે તો આત્મા પણ અંશને જાણે – એમ નક્કી થતાં આત્મા સ્વતંત્ર પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવી વસ્તુ છે તે વાત રહેતી નથી.

સિદ્ધાંતમાં એમ કહે છે, દર્શન સ્વ આખાને જાણે છે ને જ્ઞાન પર આખાને જાણે છે. આખું ન જાણે તો આત્મા પ્રમાણ રહેતો નથી. નિશ્ચયનયથી ગુણગુણી અભેદ છે. જ્ઞાન અંશને જાણે તો આત્મા પ્રમાણ થતો નથી.

એ કારણથી સંશય, વિમોહ ને વિપરીત એમ ત્રણ દોષ રહિત જે જ્ઞાન છે તે સ્વરૂપ જ આત્મા પ્રમાણ છે. જ્ઞાનઅંશને જાણે એમ કહો તો જ્ઞાનસ્વભાવ સિદ્ધ થતો નથી ને તેથી જ્ઞાનસ્વભાવવાન આત્મા સિદ્ધ થતો નથી.

સોનું ૧૫ વલું કહેવાય છે તે તાંબાને લીધે કહેવાય છે પણ સોનું સ્વભાવે તો ૧૬

વલું જ છે. સોનું સ્વભાવવાન છે, પીળાશમાં ૧૫ વલું હોય તો સોનું ૧૫ વલું જ ઠરે પણ એમ બને નહિ. તેવી રીતે આત્માના જ્ઞાન-દર્શન સ્વભાવમાં એકને પણ ઓછો કહો, સામી ચીજને ઓછી એટલે અંશે જાણે એમ કહો તો સ્વભાવ કહેવાય નહિ ને તો સ્વભાવવાન આત્મા રહેતો નથી. નીચલી દશામાં છદ્મસ્થ જીવ થોડું જાણે છે તે જુદી વાત છે પણ જે જાણે તે આખું જાણે તેવડો જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞાનપર્યાય ચીજના એક ભાગને જાણે એમ કહો તો સ્વભાવવાન ઓછો થઈ જાય છે.

અહીં ગુણ-ગુણી અભેદથી વાત કરે છે. કોઈ ચીજને ઉણપ કહો તો તે વસ્તુ જ નથી. બીજી ચીજની અપેક્ષાવાળી પર્યાય ઓછી કહેવાય પણ વસ્તુ ઓછી ન હોય માટે સ્વભાવ ઓછો ન હોય. આત્મા સ્વયંસિદ્ધ, અકૃત્રિમ છે, કોઈએ કરેલો નથી, જે વસ્તુ કોઈએ કરેલ હોય તે નિત્ય ન હોય. આત્મા જાણવા-દેખવાના સ્વભાવવાળો છે તેમાં જ્ઞાનગુણ આખી ચીજને જાણે છે પણ એક અંશને જાણે છે એમ કહો તો દ્રવ્યસ્વભાવ સાબિત થતો નથી.

સાધકદશામાં ઓછું જાણે તે જુદી વાત છે પણ જેને જાણે છે તે આખી ચીજને જાણવાનો તેનો સ્વભાવ છે. દર્શન સામાન્યરૂપ અંશને દેખે ને જ્ઞાન વિશેષરૂપ અંશને જાણે એમ કહેવામાં આવે તો તે બરાબર નથી. **સામાન્ય કહેતાં આત્મા ને વિશેષ કહેતાં પર પદાર્થો એમ સમજવું જોઈએ. દર્શન આખા આત્માને દેખે છે ને જ્ઞાન પર પદાર્થો આખાને જાણે છે.**

આત્મા સત્ ત્રિકાળ છે, તેનો જાણવાનો-દેખવાનો સ્વભાવ છે. અન્ય મતવાળા જે દર્શન ને જ્ઞાન જુદાં માનતા નથી તેને સમજાવવું હોય તો એમ કહેવાય કે દર્શન સામાન્યને દેખે છે ને જ્ઞાન વિશેષને જાણે છે, પણ સિદ્ધાંતથી કહીએ તો દર્શન આખા આત્માને દેખે છે ને જ્ઞાન પર વસ્તુને આખીને જાણે છે.

પ્રશ્ન :– તો જ્ઞાન પરપ્રકાશક થઈ ગયું.

ઉત્તર :– હા, અહીં ગુણભેદની વાત કરવી છે. અહીં 'નિયમસાર'ની વાત કરવી નથી. અહીં ચેતનાના બે સ્વભાવો પરિપૂર્ણ છે તે વાત કરવી છે. દરેક ગુણ ભિન્ન ભિન્ન પરિપૂર્ણ કામ કરી રહ્યો છે તે વાત સિદ્ધ કરવી છે. દર્શન સ્વને પરિપૂર્ણ દેખે છે ને જ્ઞાન પરને પરિપૂર્ણ જાણે છે એ વાત સિદ્ધ કરવી છે. અહીં બે ગુણના આખા કાર્ય વર્ણવીને આત્મા સ્વ-પર પ્રકાશક કહ્યો છે ને 'નિયમસાર'માં આત્મા સ્વ-પર પ્રકાશક લઈને દર્શન તથા જ્ઞાન બન્નેને અભેદદૃષ્ટિથી સ્વ-પર પ્રકાશક કહ્યા છે. તે વાત અહીં લેવી નથી.

અહીં દર્શન સ્વને દેખે ને જ્ઞાન પરને જાણે એમાં તું એમ કહે કે દર્શન સામાન્યને દેખે ને જ્ઞાન વિશેષને જાણે એમ અંશને જાણે તો આખું કાર્ય સિદ્ધ થતું નથી અને એમ થતાં આત્મા પ્રમાણરૂપ થતો નથી. કેમકે આત્મા ગુણી છે, જ્ઞાન તેનો સ્વભાવ છે. ગુણ-ગુણી નિશ્ચયથી અભેદ છે. જેવી રીતે દીવો સ્વ-પર પ્રકાશક છે, પોતે પોતાને જણાવે છે ને ઘટપટાદિને જણાવે છે. એ પ્રમાણે આત્મા સ્વ-પર પ્રકાશક છે. દર્શન સ્વપ્રકાશક ને જ્ઞાન પરપ્રકાશક એવી

રીતે સ્વ-પર પ્રકાશક છે.

એ પ્રકારથી દર્શન આખા આત્માને અને જ્ઞાન પરપદાર્થ આખાને જાણે છે, એ કારણથી અભેદ આત્મા પ્રમાણ સ્વરૂપ છે.

અહીં કોઈ એમ શંકા કરે કે :– દર્શન બાહ્યમાં પ્રવર્તતું નથી. દર્શન સ્વને દેખે છે ને જ્ઞાન પરને જાણે છે તેથી દર્શને પરને દેખ્યું નહિ માટે દર્શન આંધળું થઈ જાય છે. દર્શન વડે સ્વને દેખે ને જ્ઞાન વડે પરને જાણે તો દર્શન પરના માટે આંધળું ઠર્યું. જેમ આંધળો માણસ પરને દેખતો નથી તેમ દર્શન પરને દેખતું નથી. તો તેનું સમાધાન :–

એમ ન કહેવું જોઈએ. દર્શન બાહ્ય વિષયને પકડતું નથી છતાં આત્મા જ્ઞાન દ્વારા બધા પદાર્થને જાણે છે માટે આત્મા આંધળો ઠરતો નથી. વળી દર્શને આત્માને દેખ્યો ને આત્મામાં જ્ઞાન આવી જાય છે તે જ્ઞાને પરને જાણ્યું માટે દર્શન પરને દેખે છે, આંધળું નથી.

તારો સ્વભાવ જાણવા-દેખવાનો છે. દર્શન સ્વને દેખે ને જ્ઞાન પરને જાણે એવા ગુણભેદ સિદ્ધ કરવા છે ને તેથી આત્મા સ્વ-પર પ્રકાશક છે એમ કહેવું છે.

શિષ્યે પૂછ્યું હતું કે જેમ આંધળો પોતાને જાણે પણ પરને જાણતો નથી તેમ દર્શન સ્વને દેખે છે પણ પરને દેખતું નથી માટે આંધળું છે. તો તેનો ઉત્તર આપે છે કે – ના, સાંભળ, દર્શને આત્માને દેખ્યો તેમાં જ્ઞાન આવી જાય છે, આત્માએ જ્ઞાન દ્વારા પરપદાર્થને જાણ્યા તેથી દર્શન પણ પરને દેખે છે માટે દર્શન આંધળું નથી.

'નિયમસાર'માં ગુણભેદ એકલો માને તેને મિથ્યાદૃષ્ટિ કહેલ છે. એક ગુણ – દર્શન-સ્વને દેખે ને એક ગુણ – જ્ઞાન - પરને જાણે – એવું એકાંત નથી. ત્યાં 'નિયમસાર'માં અભેદદૃષ્ટિ કરાવવી છે. અહીં ભેદનું સ્વરૂપ સિદ્ધ કરે છે. દર્શન ને જ્ઞાનમાં ગુણભેદ છે. અભેદના લક્ષપૂર્વક ભેદનું જ્ઞાન કરવું વ્યાજબી છે ને ભેદનું કાર્ય જુદું જુદું નથી જ એમ કોઈ માને તો તે ખોટું છે.

શંકાકાર કહે છે :– આપે એમ કહ્યું કે આત્માને ગ્રહણ કરે તે દર્શન છે પણ મૂળ ગાથામાં એમ કહ્યું છે કે પદાર્થનું સામાન્ય ગ્રહણ તે દર્શન તો પછી તમારા કથનમાં ગાથાનો અર્થ કેવી રીતે ઘટે છે ? તેનો ઉત્તર :– ત્યાં સામાન્ય કહેતાં જ આત્મા સમજવો ને વિશેષ કહેતાં જ પર એવો અર્થ લેવો. સામાન્ય ગ્રહણ કહેતાં આત્માનું ગ્રહણ સમજવું, અને આવો અર્થ કેમ કર્યો એમ કોઈ પૂછે તો તેનું સમાધાન :–

દર્શન વખતે અંતર પ્રયત્નમાં ભેદ પડતો નથી. આ વસ્તુ છે ને એવી વસ્તુ નથી એવો વિશેષ પક્ષપાત નથી ને ભેદ પાડીને પરને જાણવાનું બનતું નથી એટલે આત્માને દેખે છે એમ કહ્યું. આ પદાર્થને જાણું છું ને આને જાણતો નથી એવો ભેદ દર્શનમાં પડતો નથી માટે દર્શન વડે આત્મા ગ્રહાય છે એમ કહ્યું છે. 'भावाणं' એટલે પદાર્થનો દર્શનમાં ભેદ પડે છે ? ના, આને જાણે છે અને આને જાણતો નથી એવો ભેદ દર્શનમાં પડતો નથી માટે દર્શનનો

વિષય આખો આત્મા રહી ગયો. આ પદાર્થ છે એવું જ્ઞાન થતા પહેલાં અભેદ વેપાર થયો છે માટે આત્માને દર્શન દેખે છે એમ કહ્યું છે. તે વખતે હું આત્મા છું એવો પણ ભેદ નથી માટે સામાન્યને દેખે છે એટલે આત્માને દેખે છે એમ કહ્યું છે.

કોઈ પણ જીવ તર્ક (ન્યાય)ને સિદ્ધાંતનો અર્થ જાણી એકાંતરૂપ દૂરાગ્રહનો ત્યાગ કરે છે ને નયોના વિભાગથી મધ્યસ્થતા ધારણ કરી વ્યાખ્યાન કરે છે ત્યારે સામાન્ય ને વિશેષ બન્ને સિદ્ધ થાય છે. કેવી રીતે ? – કે પરસમય અર્થાત્ અન્યમતવાળાને સમજાવવા માટે તર્ક (ન્યાય)ની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેથી કોઈ અન્યમતવાળો પૂછે કે જૈનમતમાં દર્શન ને જ્ઞાન એમ બે ગુણ કહ્યા છે તે કેવી રીતે સિદ્ધ થાય છે ? તો તેને સમજાવવા માટે કહે કે 'આત્માને ગ્રહણ કરે તે દર્શન' તો એવા કથનથી અન્યમતી સમજતો નથી તેથી તેને પ્રતીતિ આવે એ માટે આચાર્ય સ્થૂળરૂપ વ્યાખ્યાન કરે છે. બાહ્ય વિષયમાં સામાન્યનું દેખવું તેને દર્શન નામ આપ્યું ને આ સફેદ છે, આ કાળું છે એવી રીતે બાહ્યમાં વિશેષનું જાણવું થયું તેને જ્ઞાન નામ આપ્યું માટે તેમાં દોષ નથી ને સિદ્ધાંતની મુખ્યતામાં નિજસમય (જૈનમત) અનુસાર વ્યાખ્યાન કરે છે તેથી સિદ્ધાંતમાં જ્યારે સૂક્ષ્મ વ્યાખ્યાન કર્યું ત્યારે આચાર્યોએ આત્માને દેખે તેને દર્શન કહ્યું – એ કથનમાં દોષ નથી.

તર્કના ગ્રંથમાં સ્થૂલ કથન હોય છે ત્યાં અન્યમતવાળાને સમજાવવા માટે એમ કહેવાય કે 'નિમિત્ત વિના કાર્ય ન થાય,' 'ધર્મદ્રવ્ય વિના ગતિ ન થાય,' 'કર્મ વિના રાગ ન થાય' કેમકે કર્મ વિના રાગ થાય તો રાગ આત્માનો સ્વભાવ થઈ જાય છે માટે ત્યાં રાગમાં નિમિત્ત બીજી ચીજ સાબિત કરવી છે. કર્મને લીધે રાગ થાય છે તે વાત તો છે જ નહિ. 'ધર્મ વિના લોક-અલોકના ભાગ ન હોય.'

તે બધું કથન બીજી વસ્તુ અથવા નિમિત્ત સાબિત કરવા માટે છે અથવા બીજી વસ્તુ ન માનતા હોય તેવા માટે આ કથન છે. તે સ્થૂલકથન કહેવાય છે. તર્કશાસ્ત્રો જેવાં કે પ્રમેયકમલમાર્તંડ, અષ્ટસહસ્ત્રી વગેરે ગ્રંથોમાં એવી રીતે કથન છે.

સિદ્ધાંતમાં એમ કહેવાય કે સ્વની મુખ્યતાથી કાર્ય થાય ત્યારે બીજી વસ્તુ નિમિત્ત સ્વયં ઉપસ્થિત હોય ત્યાં ઉપાદાનકારણની પ્રધાનતાથી કથન કરવામાં આવે છે. તે સૂક્ષ્મ કથન છે.

અહીં પણ બે રીતે કથન છે કે – દર્શન સામાન્યને દેખે ને જ્ઞાન વિશેષને જાણે – એ કથન અન્યમતવાળાને સમજાવવા માટે છે તે સ્થૂલકથન છે ને સિદ્ધાંતથી સૂક્ષ્મકથન એમ છે કે દર્શન આત્માને દેખે છે ને જ્ઞાન પરને જાણે છે. પરસમયને સમજાવવા માટે સ્થૂલકથન છે ને સ્વસમયને સમજાવવા હોય ત્યારે સૂક્ષ્મકથન છે.

## પ્રસાદ નં. – ૨૭

### વી. નિ સં. ૨૪૭૯, કારતક વદ ૧૨, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું, સોનગઢ, તા. ૧૪-૧૧-૫૨, શુક્રવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪૪
### (કારતક વદ ૮(પહેલી), રવિવાર, ૯-૧૧-૫૨ બપોર)

તર્ક (ન્યાય) શાસ્ત્રના સ્થૂલકથન અને સિદ્ધાંતના સૂક્ષ્મકથન સંબંધી સ્પષ્ટતા.

આ મોક્ષમાર્ગની વ્યાખ્યા છે. તેમાં દર્શનઉપયોગની વાત લીધી છે. આત્માનો ચેતના સ્વભાવ છે તેના બે ગુણો દર્શન ને જ્ઞાન છે. દર્શન સ્વને દેખે છે ને જ્ઞાન પરને જાણે છે, કથની ત્રણ પ્રકારની છે.

(૧) આત્મા સ્વ-પરને જાણે છે માટે અભેદદૃષ્ટિથી તેના જ્ઞાન દર્શન બન્ને ગુણો સ્વ-પરને જાણે છે એમ 'નિયમસાર'માં કહેલ છે. અહીં તે વાત નથી.

(૨) આત્મા વસ્તુ છે, તેમાં દર્શન સ્વને દેખે ને જ્ઞાન પરને જાણે તે ગુણભેદની દૃષ્ટિએ સ્વમતના અભિપ્રાયથી સૂક્ષ્મ વ્યાખ્યા કહેવાય.

(૩) અન્યમતીને સ્થૂલપણે સમજાવવું હોય તો દર્શન સામાન્યને દેખે છે ને જ્ઞાન વિશેષને જાણે છે એમ તર્કની મુખ્યતાથી કહેવાય. જ્યાં જે પદ્ધતિથી કહ્યું હોય તેનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

હવે ઉપાદાન-નિમિત્તમાં પણ એમ જ છે. દરેક દ્રવ્યમાં સ્વતંત્રપણે પર્યાય થાય છે. નિમિત્તની પર્યાય પણ સ્વતંત્ર થાય છે પણ તર્કથી કહેવું હોય ને નિમિત્તપણું અથવા બીજી ચીજનું જ્ઞાન કરાવવું હોય તો એમ કહેવાય કે 'કાળ વિના દ્રવ્યનું પરિણમન થાય નહિ' ત્યાં નિમિત્ત સિદ્ધ કરવું છે, તે સ્થૂલ કથન છે, પણ ત્યાં એમ પકડી બેસે કે કાળને લીધે દરેક દ્રવ્યનું પરિણમન થાય છે તો તે વાત સાચી નથી. સિદ્ધાંતની દૃષ્ટિએ એમ સમજાવે કે ઉપાદાન વસ્તુમાં પરિણમનરૂપી કાર્ય થાય છે ત્યારે કાળ પદાર્થ નિમિત્ત હોય છે. સિદ્ધાંતકથન વખતે નિમિત્તની પ્રધાનતાનું કથન ન હોય એમ સમજવું જોઈએ.

તર્કથી સમજાવે કે ધર્માસ્તિકાય ન હોય તો જીવાદિ કેવી રીતે ચાલે ? અધર્મદ્રવ્ય ન હોય તો જીવાદિ સ્થિર કેમ રહે ? આકાશ ન હોય તો એટલે આકાશના આધાર વિના – ક્ષેત્ર વિના પદાર્થો ક્યાં રહે ? વળી એમ પણ સમજાવે કે ક્ષેત્રીવસ્તુ કરતાં ક્ષેત્ર મોટું હોય – એમ આકાશનું ક્ષેત્ર સિદ્ધ કરવા કથન કરે. પણ ખરેખર તો દરેક ચીજ સ્વક્ષેત્રે રહે છે પણ આકાશક્ષેત્રે રહે છે તે વ્યવહારનું ને સ્થૂળતાનું કથન છે, તે તર્કશાસ્ત્રમાં હોય છે ને સિદ્ધાંતમાં સૂક્ષ્મ કથન એમ આવે કે દરેક પદાર્થ સ્વયંસિદ્ધ છે, દરેક પોતાના આધારે રહેલ છે. 'સમયસાર'માં એમ કહ્યું કે આકાશનો આધાર કોણ ? તો કહે કે આકાશ પોતે. તેમ દરેકનો આધાર તે તે પદાર્થ છે – એમ સ્વતંત્ર પરિણમન બતાવે છે. દરેક પદાર્થ સ્વયં પરિણમે છે ત્યારે બીજી ચીજ ન હોય એમ નથી.

તર્કશાસ્ત્રમાં એમ કહે કે કર્મ વિના રાગ ન હોય એમ બતાવી કર્મ સાબિત કરે છે. કર્મ વિના રાગ થાય તો રાગ આત્માનો સ્વભાવ થઈ જાય, ને સૂક્ષ્મ કથન એમ છે કે આત્મા રાગરૂપે અથવા વીતરાગરૂપે પરિણમ્યો તે પોતાને કારણે સ્વતંત્રપણે પરિણમે છે.

સાધારણ માણસો સમજે નહિ માટે એમ કહેવાય કે ધર્મદ્રવ્ય વિના જીવ-પુદ્ગલની ગતિ થાય નહિ પણ ધર્માસ્તિકાય છે માટે ગતિ થાય છે એમ એનો અર્થ નથી.

'શ્રી સમયસાર'ના પુણ્ય અધિકારમાં કહ્યું છે કે પુણ્ય પરિણામ પણ સ્થૂળ છે. તે પરિણામ સૂક્ષ્મ અરૂપી હોવા છતાં શુદ્ધ ઉપયોગની અપેક્ષાએ તેને સ્થૂળ કહ્યાં છે. પણ આત્મા સૂક્ષ્મ છે માટે તેના દ્રવ્ય-ગુણ-પર્યાયને સૂક્ષ્મ કહેવાય પણ જીવ પુણ્ય-પાપમાં અટકે છે માટે તેને સ્થૂળ કહેલ છે પણ આત્માનું પોતાનું પરિણમન છે તે બતાવવા માટે તેને સૂક્ષ્મ કહે છે. માટે જ્યાં જેમ હોય તેમ યથાર્થપણે સમજવું.

'શ્રી પ્રવચનસાર'માં કહે છે કે સર્વજ્ઞ તેની જ્ઞાન પર્યાયમાં ભૂત ને ભવિષ્યની પર્યાયો પણ વર્તમાનવત્ ભાળે છે. ત્યાં ભૂત-ભવિષ્યની પર્યાય છતી નથી પણ કેવળજ્ઞાન છતું છે તેથી તે પર્યાયોને છતી કહી દીધી છે તે સૂક્ષ્મકથન છે. છદ્મસ્થ જીવ વિચારે કે પચાસ વર્ષ પહેલાં બાળવયમાં આવી શરીરની અવસ્થા હતી તે અવસ્થા વર્તમાન ન હોવા છતાં તે પર્યાય દેખું છું તે સૂક્ષ્મ વ્યાખ્યાન છે. પચાસ વર્ષ પહેલાંની પર્યાયની વાત ખ્યાલમાં આવી કે હું આમ બાળવયમાં ભણતો હતો, ભણતી વખતના પ્રસંગને યાદ કરે છે તે પર્યાય વર્તમાન નહિ હોવા છતાં જ્ઞાનમાં તે વિદ્યમાન છે. તેવી રીતે ભવિષ્યની પર્યાય અવિદ્યમાન હોવા છતાં વિદ્યમાનરૂપ ભાસે છે કે અમુક જાતની પર્યાય આવતી કાલે થશે. પર્યાય વર્તતી નહિ હોવા છતાં તેનો વર્તમાનમાં વિદ્યમાનવત્ ભાસ થાય છે. સાધક જીવને મોક્ષપર્યાય વિદ્યમાન નથી છતાં મારી ભવિષ્યની મોક્ષપર્યાય આવી પૂર્ણ શુદ્ધ હોવી જોઈએ એમ વર્તમાનમાં નક્કી કરે છે. આમ એક સમયમાં ભૂત, ભવિષ્ય ને વર્તમાન ત્રણેનું જ્ઞાન થાય છે – એમ કથન કરવું તે સૂક્ષ્મ છે. સામાન્ય કથન કહેવું હોય તો ભૂતનો પર્યાય વ્યય થઈ ગયો ને તે દ્રવ્યમાં ભળી

ગયો એમ કહેવાય છે.

કેવળજ્ઞાની એક સમયમાં બધું જાણે છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય નૈમિત્તિક છે ને જ્ઞેયો નિમિત્ત છે. ભૂત ને ભવિષ્યની પર્યાય અવિદ્યમાન હોવા છતાં તેને વિદ્યમાનવત્ કહી દીધી. કેવળજ્ઞાન આખું જાણે છે તો સામે નિમિત્ત પણ આખું હોવું જોઈએ. આત્મા ચિદાનંદ ગોળો દેહથી છૂટો છે, તેની જ્ઞાન પર્યાય વર્તમાનમાં ત્રિકાળની બધી પર્યાયને ભાળે છે – એ સૂક્ષ્મ કથન છે. જ્ઞાનના સામર્થ્યની અપેક્ષાએ ભૂત-ભવિષ્યની પર્યાયો વર્તમાનવત્ છે એમ કહ્યું છે. હવે સામેના નિમિત્તની અપેક્ષાએ કહો તો સામે નિમિત્ત પણ પૂરું છે. સામે નિમિત્તો એક સમયમાં પરિપૂર્ણ જણાવાની યોગ્યતાવાળા છે.

ગુણ-ગુણી કોઈ અપેક્ષાએ અભેદ છે છતાં કથંચિત્ ભેદ છે. તેમ જ ગુણ ગુણ વચ્ચે પણ ભેદ છે એમ સમજવું જોઈએ. જુદાં જુદાં ગુણો સિદ્ધ કરવા હોય ત્યાં એમ કહે કે જ્ઞાન ન હોય તો બીજાને કેમ જાણે ? વીર્ય ન હોય તો જ્ઞાનને ટકાવે કોણ ? ત્યાં શું જ્ઞાન વીર્યને લીધે ટકે છે ? ના. સ્વરૂપ રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ છે. ત્યાં એક શક્તિ વિના બીજી શક્તિ ટકે નહિ, એમ કહેવું તે સ્થૂળ કથન છે ને દરેક શક્તિ પોતાના કારણે ટકેલી છે એમ કહેવું તે સૂક્ષ્મ કથન છે.

અહીં શિષ્ય કહે છે, હે ગુરુઓ ! દર્શનઉપયોગ ને જ્ઞાનઉપયોગ વચ્ચેનો ભેદ તો જાણ્યો, પણ તત્ત્વાર્થશ્રદ્ધાન અથવા પદાર્થના વિચારરૂપ સમ્યગ્જ્ઞાનમાં કંઈ ભેદ જણાતો નથી. કેમ ભેદ જણાતો નથી ? એમ પૂછવામાં આવે તો શિષ્યનો ઉત્તર એમ છે કે પદાર્થનો નિશ્ચય સમ્યગ્દર્શનમાં છે તે જ સમ્યગ્જ્ઞાનમાં છે. શુદ્ધજીવ તે જીવપદાર્થ છે, શરીર, કર્મ તે અજીવ છે, પુણ્ય-પાપ બન્ને રાગ છે – આસ્રવ છે, તેમાં અટકવું તે બંધ છે, આત્માના આશ્રયે થતી શુદ્ધિ તે સંવર છે, શુદ્ધતાની વૃદ્ધિ તે નિર્જરા છે ને પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે – આવો નિશ્ચય સમ્યગ્દર્શનમાં છે તેમ જ સમ્યગ્જ્ઞાનમાં પણ છે તો તેમાં કંઈ ફેર દેખાતો નથી. સંશય રહિત સમ્યગ્જ્ઞાન થયું તે જ સંશય રહિત સમ્યગ્દર્શન થયું. જેવો નિર્ણય શ્રદ્ધામાં છે તેવો નિર્ણય સમ્યગ્જ્ઞાનમાં છે માટે અમને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં ભેદ લાગતો નથી. આમ શિષ્ય દલીલ સહિત શંકા કરે છે.

આચાર્ય સમાધાન કરે છે. પદાર્થને ગ્રહણ કરવારૂપ ક્ષયોપશમવિશેષ અથવા વિકાસરૂપ પર્યાય છે તે જ્ઞાન છે. તથા તે જ્ઞાનમાં ભેદનયથી શુદ્ધ આત્મા આદિ નવ તત્ત્વ જેમ વીતરાગ ભગવાને કહ્યાં છે તેમ જ છે એવો નિશ્ચય તે સમ્યક્ત્વ છે. આત્મા સિદ્ધસમાન છે એમ માત્ર બોલે તે શાસ્ત્રનો આશય સમજ્યો નથી.

અહીં કહે છે કે પદાર્થને જાણવારૂપ વિકાસ તે જ્ઞાન છે. વીતરાગ જિનેન્દ્રે કહેલા તત્ત્વની વાત કરે છે. તે સિવાય બીજાએ કહેલાં તત્ત્વ સાચાં નથી. નવ તત્ત્વોમાં જે તત્ત્વ છે તે જ તે તત્ત્વ છે તે સમ્યગ્દર્શન છે. અહીં શ્રદ્ધાનને સવિકલ્પ કહી છે. જ્ઞાનપ્રધાન સહિતની શ્રદ્ધા

લીધી છે. આ એ જ તત્ત્વ છે. જીવ શુદ્ધ જ્ઞાયક છે, કર્મ શરીર અજીવ છે, નવેને ભિન્ન ભિન્ન જાણવા એવી પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. નવનો યથાર્થ નિર્ણય ક્યારે કહેવાય ? શુદ્ધ આત્માથી વિકાર થતો નથી. જો તેથી થતો હોય તો શુદ્ધ આત્મા અને વિકાર એક થઈ જાય. પુણ્યવિકારથી સંવર થાય તો વિકાર ને સંવર એક થઈ જાય, મોક્ષપર્યાય જેવડો જીવ નથી, અજીવથી વિકાર થયો નથી ને મારા વિકારના કારણે કર્મ થતું નથી તથા મારી ઇચ્છાથી શરીર ચાલતું નથી એવી જુદી પ્રતીતિ હોવી જોઈએ. આમ નવની જુદી પ્રતીતિ હોવી જોઈએ.

આ તત્ત્વ આ જ છે ને એમ જ છે, જ્ઞાયક આ છે ને એમ જ છે, સંવર-નિર્જરા અપૂર્ણ શુદ્ધ પર્યાય છે, આ છે ને એમ જ છે. પાપના પરિણામ અશુદ્ધ છે, આ છે ને એમ જ છે. શરીર ને કર્મની પર્યાય અજીવ છે. આ છે ને એમ જ છે, શુદ્ધ જીવ પૂર્ણ છે, આ છે ને એમ જ છે. અજીવ દ્રવ્ય તેના ગુણ-પર્યાયસહિત છે તો પછી જીવની ઇચ્છાથી શરીર ચાલે એમ માનનારને જીવ અજીવની ખબર નથી. અહીં નવેનું જ્ઞાન લીધું છે, વર્તમાન જ્ઞાનના સામર્થ્યમાં નવની પૃથક્ પૃથક્પણે પ્રતીતિ વર્તે – એકરૂપ નિશ્ચય વર્તે તેને સમ્યગ્દર્શન કહે છે.

નવને જાણે કે અનંતને જાણે તે રાગનું કારણ છે ? ના, પરને જાણવાથી રાગ થતો નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ છે. અનેકને જાણે માટે રાગ થાય – એમ નથી. રાગી જીવને પર તરફ લક્ષ કરતાં રાગ થાય છે, પણ પરના જ્ઞાનના કારણે રાગ થતો નથી.

જેણે એમ કહ્યું કે દયા, દાન, વ્યવહાર પરિણામથી નિશ્ચય થાય છે તેણે પુણ્ય તથા સંવરને એક માન્યા છે ને આહાર-પાણી ન ખાઈએ તો નિર્જરા થાય તેણે અજીવ તથા નિર્જરાને એક માન્યાં, ને રાગ હોય તો કર્મ બંધાય એમ માનનારે રાગ અને કર્મને એક માન્યાં છે. કર્મનો ઉદય હોય તો સંસાર થાય એમ માનનારે અજીવ ને બંધ એક માન્યાં છે. તત્ત્વો નવ છે તથા પૃથક્ છે એમ અનેકપણે તેણે રાખ્યા નથી. એકનો ખીચડો કરતાં નવેનો ખીચડો થઈ જાય છે. તેમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે.

જીવ નવમી ગ્રૈવેયકે ઘણીવાર ગયો, નમસ્કારમંત્રાદિ પણ ઘણીવાર શીખ્યો છતાં સંસાર એક સમયનો છે, સ્વભાવમાં નથી – એવી સમજણ કર્યા વિના તથા એકી સાથે નવેને યથાર્થ પકડ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી.

અજ્ઞાની જીવને શુકલ લેશ્યાના પરિણામ હોય તોપણ એકેય ભવ ઓછો થતો નથી તો સામાન્ય કષાયમંદતા હોય તો તેનાથી શો લાભ થાય ? કાંઈ નહિ. અનંતાનુબંધીના મંદ પરિણામ હોય તોપણ સ્વભાવનો ઘાત કરે છે ને સ્વરૂપ આચરણ પ્રગટ કરવા દેતા નથી. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન વિના બધું વ્યર્થ છે.

આ પ્રમાણે ભેદથી વાત કરી કે જે ઉઘાડ અથવા વિકાસ દેખાય છે તે જ્ઞાન છે ને આ તત્ત્વો એમ જ છે એવો નિશ્ચય તે સમ્યક્ત્વ છે.

ગુણભેદ બતાવીને હવે એકતા બતાવે છે. અહીં કહે છે કે અભેદ દૃષ્ટિથી જે સમ્યગ્જ્ઞાન છે જે સમ્યગ્દર્શન છે. આમ ક્યા કારણથી છે એમ કોઈ પૂછે તો ઉત્તર એમ છે કે :–

અભેદનયથી જ્ઞાનમાંથી વિપરીતબુદ્ધિ નીકળી જવી તે જ સમ્યગ્દર્શન છે. વિપરીત અભિનિવેશરહિત જ્ઞાનની વિશેષ અવસ્થા તે જ સમ્યક્ત્વ છે. કુદેવમાં દેવની બુદ્ધિ કરવી, અધર્મમાં ધર્મની બુદ્ધિ કરવી, કુગુરુમાં ગુરુની બુદ્ધિ કરવી, સર્વજ્ઞના દિવ્યધ્વનિમાં આવેલાં તત્ત્વોથી વિરુદ્ધ જે કહે છે તે સાચું નથી છતાં તેને સાચાં તત્ત્વો માનવાં, સર્વ રોગ રહિતદશા સર્વજ્ઞની છે. તેને ક્ષુધા તૃષા ન હોય છતાં સર્વજ્ઞને ક્ષુધા આદિ માનવાં, આસ્રવ તે બંધનું કારણ હોવા છતાં પુણ્ય આસ્રવથી મુનિપણું માનવું, પુણ્યથી ધર્મ માનવો તે બધો વિપરીત અભિનિવેષ છે. છઠ્ઠે ગુણસ્થાને એટલો રાગ ઘટી ગયો હોય છે કે ત્યાં વસ્ત્રાદિ ન હોય છતાં વસ્ત્રાદિ સહિત મુનિપણું મનાવે તો તે અધર્મમાં ધર્મબુદ્ધિ છે. નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય તે બધી માન્યતા ઊલટો આગ્રહ અથવા વિપરીત અભિનિવેશવાળી છે.

તેવા વિપરીત અભિનિવેશ રહિત જ્ઞાન છે તથા તેની અવસ્થા વિશેષને સમ્યક્ત્વ કહે છે. આ બીજી ઢબે વાત છે. વિપરીત અભિપ્રાય રહિત જ જ્ઞાન છે, સમ્યક્ વિશેષણથી અવસ્થાવિશેષ તે જ સમ્યક્ત્વ છે. જ્ઞાનની દશાવિશેષને સમકિત કહે છે, અભેદનયથી આ વાત કરી છે.

જો સમ્યગ્દર્શન ને જ્ઞાનમાં ભેદ નથી તો આઠ કર્મોમાં દર્શનાવરણ (-દર્શનમોહનીય કર્મ) ને જ્ઞાનાવરણ કર્મ બે આવરણ કહેવામાં આવે છે તો તે કેવી રીતે ? એવી શંકા કરવામાં આવે તો તેનું સમાધાન :–

જે કર્મ પદાર્થને જાણવારૂપ ઉઘાડ ઢાંકવામાં નિમિત્ત થાય અથવા અલ્પજ્ઞતામાં નિમિત્ત થાય તે જ્ઞાનાવરણીય છે ને જે કર્મના નિમિત્તે કુદેવમાં દેવબુદ્ધિ થાય, અધર્મમાં ધર્મબુદ્ધિ થાય, તે દર્શનમોહનીય કર્મ છે. એ પ્રમાણે ભેદનયથી બે આવરણનો ભેદ છે.

અભેદ વિવક્ષાથી સામાન્યરૂપે કર્મ એક જ આવરણરૂપ છે એમ જાણવું જોઈએ.

આ પ્રકારે દર્શન પહેલાં થાય છે, ને પછી જ્ઞાન થાય છે તે ગાથા પૂરી થઈ. ॥૪૪॥

### કારતક વદ ૮ (બીજી), સોમવાર, ૧૦-૧૧-૫૨

સમ્યગ્દર્શન ને જ્ઞાનની વાત થઈ ગઈ, ત્યાર પછી ચારિત્ર–શ્રાવક ને મુનિપણું આવે છે તે પહેલાં શ્રાવક ને મુનિપણું હોતું નથી. સમ્યગ્દર્શન ને જ્ઞાન વિના વ્રત, તપ ને ચારિત્ર હોતાં નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર એમ ત્રણેની એકતા છઠ્ઠે ગુણસ્થાને નગ્નમુનિ ભાનવાળાને

થાય છે. કોઈ નગ્ન થઈ જાય પણ સમ્યગ્દર્શન ને જ્ઞાન ન હોય તો તે સાચા મુનિ નથી.

આત્મામાં નિર્વિકલ્પ આનંદનો અનુભવ થવો તે ચારિત્ર છે. હું આનંદ છું મન, વાણી, દેહથી પાર છું, પુણ્ય-પાપથી અનેરો છું એવું ભાન થયા પછી ચારિત્ર હોય છે. તે નિજ અનુભવદશા છે, કપડાંનો ત્યાગ કે પાંચ મહાવ્રતનાં પરિણામ ખરું મુનિપણું નથી. આનંદનો અનુભવ અથવા સંવર પ્રશમરસના ઉછાળા તે ચારિત્ર છે. તે ધરનારને ચારિત્રવંત કહે છે. તેને રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ હોય છે. ચારિત્ર શુદ્ધ ઉપયોગ છે. આત્મસ્વરૂપ એકલો જ્ઞાન ને આનંદનો પિંડ છે તેના અનુભવનમાં પુણ્ય-પાપ વિનાના શુદ્ધ આત્માની લીનતા તે વીતરાગ ચારિત્ર છે. આવી મુનિદશા હોય છે. જ્ઞાનસ્વભાવથી ઉત્પન્ન થયેલી વીતરાગી દશાને વીતરાગચારિત્ર કહે છે. તેને મોક્ષમાર્ગ અથવા રત્નત્રયની એકતા કહે છે.

તેવું વીતરાગી ચારિત્ર પ્રગટે તેમાં નિમિત્તરૂપે પાંચ મહાવ્રતના પરિણામ હોય છે. તેને વ્યવહારચારિત્ર કહેવાય છે. નિશ્ચય વિના વ્યવહાર સાચો હોતો નથી. લોકો કહે છે તે સાચી વાત નથી. જેને કુસંગ છૂટી ગયો છે, ખોટાં શાસ્ત્રનું શ્રવણ છૂટી ગયું છે ને આત્માનું ભાન થયું છે ને વિશેષ વીતરાગદશા છે તેવા મુનિને ૨૮ મૂળગુણ હોય છે. તેને અશુભરાગ છૂટે છે ને શુભ થાય છે ને તે શુભનો અભાવ થઈ ને શુદ્ધતા થાય છે. માટે સરાગ ચારિત્રને પરંપરા સાધક કહેલ છે. તે સરાગચારિત્રનું પ્રતિપાદન કરે છે.

### ગાથા-૪૫

**असुहादो विणिवित्ती सुहे पवित्ती य जाण चारित्तं।**
**वदसमिदिगुत्तिरूवं ववहारणयादु जिणभणियम्।।४५।।**

**ગાથાભાવાર્થ :–** અશુભ કાર્યથી દૂર થવું અને શુભ કાર્યમાં પ્રવૃત્તિ થવી અર્થાત્ તેમાં લાગવું તેને ચારિત્ર જાણો. શ્રી જિનેન્દ્રદેવે વ્યવહારનયથી તે ચારિત્રને ૫ વ્રત, ૫ સમિતિ અને ૩ ગુપ્તિસ્વરૂપ કહ્યું છે.

કુદેવાદિની તથા કુશ્રુતિની શ્રદ્ધાથી દૂર થયેલ છે ને આત્માનું ભાન થયું છે તેવા મુનિના ૨૮ મૂળગુણનો વિકલ્પ ઊઠે છે તેને વ્યવહારનયથી ચારિત્ર જાણવું. શ્રી જિનેન્દ્રદેવે તે ચારિત્રને ૫ મહાવ્રત, ૫ સમિતિ તથા ૩ ગુપ્તિસ્વરૂપ કહેલ છે. છઠ્ઠામાં વિકલ્પ હોય છે ને સાતમી ભૂમિકામાં તે વિકલ્પ તૂટીને વીતરાગતા હોય છે.

આ ગાથાનો વ્યાખ્યાર્થ ટીકાકાર પછી કહેશે. પ્રથમ ચોથા તથા પંચમ ગુણસ્થાનની વાત

કરશે.

**વ્યાખ્યાર્થ :–** મુનિને પાંચ સમિતિ, પાંચ મહાવ્રત ને ગુપ્તિરૂપી સરાગ ચારિત્ર હોય છે. તેના અવયવરૂપ દેશચારિત્ર શ્રાવકને હોય છે તેનું કથન કરે છે. શ્રાવકપણું કોને હોય છે તે બતાવે છે :– સમ્યગ્દ્રષ્ટિનું સ્વરૂપ :– અનાદિ મિથ્યાદ્રષ્ટિને પાંચ પ્રકૃતિ – ૧ મિથ્યાત્વની ૪ અનંતાનુબંધીની એમ પાંચનો ઉપશમ આદિ હોય છે. સાદિ મિથ્યાદ્રષ્ટિને સાત પ્રકૃતિ – ૩ દર્શનમોહની તથા ચારે અનંતાનુબંધીની એમ સાતનો ઉપશમાદિ હોય છે. એ સાત પ્રકૃતિનો ઉપશમ (સાતે પ્રકૃતિનો ઉપશમ કરેલ છે) ક્ષયોપશમ (તેમાં સમ્યક્ મોહનીયનો ઉદય હોય છે) અથવા ક્ષય (તેમાં બધી પ્રકૃતિ ક્ષય કરી છે) જેણે આત્માના પુરુષાર્થ દ્વારા કર્યો છે. તે સમ્યગ્દ્રષ્ટિ છે.

આ આગમ ભાષા અનુસાર વ્યાખ્યા કરી.

હવે અધ્યાત્મ ભાષા અનુસાર સમ્યગ્દ્રષ્ટિનું સ્વરૂપ કહે છે.

ભગવાનઆત્મા શુદ્ધ છે એમ સમ્યગ્દ્રષ્ટિ માને છે, તેને રાગદ્રષ્ટિ તથા પર્યાયદ્રષ્ટિ છૂટી છે ને સ્વભાવ દ્રષ્ટિ થઈ છે. હું શુદ્ધ નિજાનંદ સ્વરૂપ છું એવી એકાગ્રતાથી આનંદ ઉત્પન્ન થાય છે. એ જ અમૃતપણું અંગીકાર કરવા જેવું છે. પુણ્ય-પાપ અંગીકાર કરવા જેવાં નથી, એવી પ્રતીતિ વાળાને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોની સુખ બુદ્ધિ હેય છે તેવું ભાન થાય તેને મોક્ષમાર્ગનું પહેલું સોપાન અથવા સમ્યગ્દર્શન હોય છે. ભોગાદિ આદરણીય નથી, તે હેય છે ને આત્મા ઉપાદેય છે એવી બુદ્ધિ થવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે. તેને અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ કહે છે. તે પછી શ્રાવકપણું હોય છે.

હવે પંચમ ગુણસ્થાનવાળા શ્રાવકની વાત કરે છે.

વીતરાગ કહે છે તે શ્રાવકને આત્મ સન્મુખતા શાંતિ વધી ગઈ છે તેને અપ્રત્યાખ્યાન કષાયનો ક્ષયોપશમ થયો છે. તેને પાંચ સ્થાવર પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરેના જીવોની હિંસાનો પાપ ભાવ હોય છે. છતાં બે ઇન્દ્રિયોથી પાંચ ઇન્દ્રિયો સુધીના ત્રસ જીવોને મારવાનો ભાવ યથાશક્તિ થતો નથી, કોઈ હાલતાં-ચાલતાં મરી જાય તે જુદી વાત છે. તેથી યથાશક્તિ કહેલ છે, ચોથા કરતાં વિશેષ અંતર સ્થિરતા વધી છે તેને પંચમ ગુણસ્થાન વર્તી શ્રાવક કહે છે.

(૧) હવે શ્રાવકની અગિયાર પ્રતિમા કહે છે, પ્રથમ આત્મા શુદ્ધ નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ છે એવી પ્રતીતિરૂપ દશા કરીને મધ, માંસ, દારૂ, વગેરે લ્યે નહિ તે આઠ મૂળ ગુણ છે. પાંચમાં ગુણસ્થાનવાળાને આઠ મૂળ ગુણ મુખ્ય છે. એટલે કે આ આઠ પ્રકારના પદાર્થના રાગનો ત્યાગ હોય છે.

'લાટી સંહિતા'માં પંચમ ગુણસ્થાનવાળો લડાઈમાં પ્રવૃત્તિ કરે નહિ એમ કહ્યું છે. અહીં યુદ્ધનો રાગ કોઈને થઈ આવે એમ કહે છે પણ શિકારના પ્રયોજનથી જીવ ઘાત કરતો નથી

અર્થાત્ તેવો રાગ હોતો નથી.

જે જીવ એમ માને છે કે હું પરને મારી શકું છું, બચાવી શકું છું તેને આત્માનું ભાન નથી તેવો મિથ્યાદૃષ્ટિ જીવ કદાચિત્ આઠ મૂળગુણ પાલન કરતો હોય ને યુદ્ધ ન કરતો હોય તોપણ તેને દેશચારિત્ર નથી, ને શ્રાવક નથી.

દરેકની સુખી દુઃખી અવસ્થા પોતપોતાના કારણે છે. છતાં બીજાને સુખી-દુઃખી કરી દઉં એમ માનવાવાળા મિથ્યાદૃષ્ટિને સાચાં વ્રત, તપ નથી. આત્માના ભાન સહિતના જીવને સ્વરૂપમાં વિશેષ લીનતા થતાં પ્રયોજન વિના જીવઘાત કરવાનો ભાવ થતો નથી તેને દર્શનિક શ્રાવક કહે છે.

(૨) પછી બીજી પ્રતિમાવાળાની વાત કરે છે. તેને પાંચ અણુવ્રત ત્રણ ગુણવ્રત ને ચાર શિક્ષાવ્રત હોય છે ને તે ત્રસ જીવોના ઘાતના ભાવથી સર્વથા રહિત છે. તેને યુદ્ધની પ્રવૃત્તિ હોતી નથી. અંતર સ્વરૂપનો વિશેષ, આનંદ વધ્યો તેને આવો રાગ હોતો નથી તે વ્રતી શ્રાવક છે.

(૩) ત્રીજી પ્રતિમાવાળાને નિયમથી ત્રણવાર સામાયિક હોય છે. તે જીવ સવાર, બપોર, સાંજ નિયમપૂર્વક આત્માનો મેળ કાઢે છે. આત્મા પ્રતીતિમાં તો લીધો છે ને સ્વભાવમાં વિશેષ એકાગ્રતા કરવાનો અખતરો કરે છે તેને સામાયિક નામની ત્રીજી પ્રતિમા કહે છે.

યથાર્થ દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે તેની જેને ખબર નથી ને બાહ્યથી પ્રતિમા ધારણ કરે તો તે યથાર્થ નથી.

(૪) આઠમ-ચૌદસ સુદ ને વદમાં આત્માને પોષે છે ને પૌષધ ઉપવાસમાં પ્રવૃત્ત રહે છે તેને ત્રીજા કરતાં શાંતિનો રસ વધી ગયો છે તે ચોથી પ્રતિમાધારી છે.

(૫) જેને સચેતનો ત્યાગ વર્તે છે તે પાંચમી પ્રતિમાધારી છે.

(૬) જે દિનમાં બ્રહ્મચર્ય પાળે છે તે છઠ્ઠી પ્રતિમાવાળો છે.

(૭) જે સર્વથા બ્રહ્મચર્ય પાળે છે તે સાતમી પ્રતિમાવાળો છે.

કાયાના બ્રહ્મચર્યની વાત નથી, અંતર આત્માના ભાનપૂર્વકની વાત છે. પડિમા વધે છે તેમ તેમ અંતર શાંતિ વધતી જાય છે.

(૮) જે આરંભાદિ કરે નહિ, વેપાર કે રસોઈ કરે નહિ તે અષ્ટમ પ્રતિમાધારી છે.

(૯) એક વસ્ત્ર સિવાય બધા પરિગ્રહથી રહિત છે તે નવમી પ્રતિમાધારી છે.

(૧૦) ઘર સંબંધી, વેપાર સંબંધી સલાહ ન આપે. હિંસાવાળા કોઈપણ કાર્યમાં સલાહ ન આપે તે દશમી પ્રતિમાધારી છે.

(૧૧) પોતાના માટે કરેલો આહાર, પાણી, દવા ઇત્યાદિ લ્યે નહિ. તે અગિયારમી પ્રતિમા વાળો છે. આત્માના ભાનપૂર્વક વિશેષ શાંતિ વધી છે તે પોતા માટે બનાવેલ આહાર લ્યે નહિ. વર્તમાનમાં તો ક્ષુલ્લક માટે ખાસ ચોકા બનાવાયા છે. અહીં તો કહે છે કે અગિયારમી

પ્રતિમા વાળાને પોતાના માટે બનાવેલ વસ્તુનો ત્યાગ હોય છે. અત્યારે તો વ્યવહારનાં પણ ઠેકાણાં નથી તો પછી નિશ્ચય તો ક્યાંથી હોય ? નિર્દોષ આહાર હોય તો પરિણામ સુધરે એવી બુદ્ધિ જેને પડી છે તે તો મિથ્યાદૃષ્ટિ છે.

અગિયારમી પ્રતિમાધારક જીવ મુનિપણાનો ઉમેદવાર છે, તે પોતા માટે બનાવેલ આહાર લ્યે નહિ. આત્મસન્મુખ થઈને રાગ છોડે તો પર્યાયપણે રાગ છૂટે છે પણ આત્માના ભાન વિના રાગ યથાર્થ છૂટતો નથી.

આ પ્રમાણે પ્રતિમાના ભેદમાં પહેલેથી છ સુધીના પ્રતિમાધારીને તારતમ્યતાથી જઘન્ય શ્રાવક કહે છે ને સાત, આઠ ને નવમી પ્રતિમાધારીને મધ્યમ શ્રાવક કહે છે ને દસમી ને અગિયારમી પ્રતિમાધારકને ઉત્તમ શ્રાવક કહે છે. આ પ્રકારે સંક્ષેપથી દેશચારિત્રના દાર્શનિક આદિ અગિયાર ભેદ જાણવા.

ટીકાકારે આ વાત કરી. હવે મૂળ ગાથાનો અર્થ કરે છે. મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે. જંગલમાં વસે છે. તેમની દશા કેવી હોય છે તેની વાત કરે છે.

હવે એકદેશ ચારિત્રના વ્યાખ્યાન પછી સકળ ચારિત્રનો ઉપદેશ કરે છે. ગુરુ કહે છે :– 'હે શિષ્ય ! અશુભથી નિવૃત્તિ ને શુભમાં પ્રવૃત્તિને ચારિત્ર જાણ.' આ વ્યવહાર ચારિત્રની વાત છે. કેવો છે મુનિ ? વ્રત, સમિતિ ને ગુપ્તિસ્વરૂપ છે એમ વ્યવહારનયથી ભગવાને કહ્યું છે. મુનિને પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ક્ષયોપશમ થયો છે. મુનિઓ દિગંબર સહજ દશાવાળા હોય છે. પર્વત ને ગુફામાં લહેર કરતા હોય છે.

'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘસિંહ સંયોગ જો,
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
અપૂર્વ...'

નિર્ગ્રંથ મુનિઓને વિકલ્પનો ખદબદાટ હોતો નથી. તેઓ અંતરધામમાં પહોંચવાની તૈયારીવાળા છે. દેહ, મોરપીંછ ને કમંડળમાત્ર હોય છે. તેઓ જંગલના મહેલમાં રહે છે. ઉપર આકાશ, નીચે ધરતી ને બે બાજુ પર્વતની ધાર તેની વચ્ચે પડયા હોય છે. તેમણે ત્રણ કષાયનો નાશ કર્યો છે. રોમે રોમે વૈરાગ્ય વર્તે છે. સ્વરૂપમાં વિશેષ લીનતા વર્તે છે. તેમને વિષયકષાયની ગાઢ આસક્તિ છૂટી ગઈ છે. દુઃશ્રુતિનું શ્રવણ છૂટી ગયું છે. દિવ્યધ્વનિ અનુસાર કહેલાં શાસ્ત્રોના શ્રવણનો વિકલ્પ ઊઠે છે. ભૂંડા પરિણામ છૂટી ગયા છે – અશુભથી નિવૃત્તિ થઈ છે. કુદેવ, કુગુરુ તથા તેના માનનારનો પરિચય છોડી દીધો છે. તથા સર્વજ્ઞ ત્રિલોકનાથે કહેલા યથાર્થ માર્ગમાં ઉપયોગ વર્તે છે. આ ગાથામાં કહેલ લક્ષણ મુજબના અશુભ પરિણામ વીતરાગી સંત મુનિઓને હોતા નથી. શ્રાવકને અમુક અશુભ પરિણામ હોય છે પણ મુનિને અંતર દશા વધી ગઈ છે તેથી અશુભ પરિણામ છૂટી ગયા છે.

ત્યારે તેમને કેવા પરિણામ હોય છે ? અશુભથી વિરુદ્ધ લક્ષણવાળા શુભ પરિણામ હોય

છે. વીતરાગે કહેલા માર્ગનો, પાંચ મહાવ્રતાદિનો વિકલ્પ ઊઠે છે. હે શિષ્ય ! આવી દશાવંતને ચારિત્ર જાણ.

'મૂલાચાર'માં, 'ભગવતી આરાધના'માં તથા 'પ્રવચનસાર'ની ચરણાનુયોગ અધિકાર વગેરેમાં કહ્યા મુજબ મુનિને પાંચ મહાવ્રત, પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિ સ્વરૂપ સરાગ ચારિત્ર હોય છે.

અપહૃત સંયમ કહેલ છે એટલે કે જરા વિકલ્પ વર્તે છે તેથી અપહૃત કહેલ છે. આત્માના ભાનવાળાને આવો શુભરાગ વર્તે છે તેથી વ્યવહાર ચારિત્ર કહેલ છે.

તેમાં બાહ્ય વિષયોમાં પાંચ ઇન્દ્રિયોના વિષયનો ત્યાગ કર્યો, સ્ત્રી આદિ છોડ્યાં, વસ્ત્ર છોડ્યાં – એમ કહેવું તેને ઉપચરિત અસદ્‌ભૂતનયથી ચારિત્ર કહે છે. તે ઉપચાર છે ને આત્માનું સ્વરૂપ નથી માટે અસદ્‌ભૂત કહ્યું છે.

(૧) આત્માના ભાનપૂર્વક અંતર લીનતા થવી તે શુદ્ધ ઉપયોગરૂપ ચારિત્ર છે.

(૨) જે પંચમહાવ્રતાદિનો વિકલ્પ ઊઠે છે તેને વ્યવહારચારિત્ર કહે છે. રાગનો ત્યાગ તે અશુદ્ધ નિશ્ચયથી ચારિત્ર છે, આત્માની પર્યાયમાં છે માટે નિશ્ચય કહ્યો પણ રાગ અશુદ્ધ છે માટે અશુદ્ધ કહ્યો છે.

(૩) વીતરાગી દશા થતાં, અશુભ પરિણામનાં નિમિત્ત પાંચ ઇન્દ્રિયોના વિષયો આદિ છૂટ્યાં માટે તેને ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી ચારિત્ર કહ્યું – આ પ્રમાણે નય વિભાગથી જાણવું જોઈએ.

નિશ્ચય ચારિત્ર તો અકષાયદશા છે તેને સાધવાવાળું વ્યવહાર ચારિત્ર કહ્યું છે એટલે કે તેમાં નિમિત્ત છે. અંદરમાં રાગ છૂટ્યો તેને અશુદ્ધ નિશ્ચયનયથી ચારિત્ર કહ્યું, તે પણ વ્યવહાર ચારિત્ર છે. ॥૪૫॥

## પ્રસાદ નં. – ૨૯

**વી. નિ સં. ૨૪૭૯, કારતક વદ ૧૪, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું,**
**સોનગઢ, તા. ૧૬-૧૧-૫૨, રવિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪૬**
**(કારતક વદ ૯, મંગળવાર, ૧૧-૧૧-૫૨ બપોર)**

હવે વ્યવહાર ચારિત્રથી સિદ્ધ થવા લાયક નિશ્ચયચારિત્ર કહે છે. આ કથન વ્યવહારનું છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે એવા ધ્યેયપૂર્વક લીનતાથી નિશ્ચયચારિત્ર થાય છે. વ્યવહારથી ચારિત્ર થાય છે એ વ્યવહારથી કથન છે. આત્મા શુદ્ધ આનંદકંદ છે એવા ધ્યેયપૂર્વક ચારિત્ર થાય છે એ એક જ નિયમ છે. બીજો નિયમ નથી. શાસ્ત્રમાં કથન ઘણા પ્રકારે આવે માટે યથાર્થ સમજવું જોઈએ. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. વર્તમાનમાં સંસાર હોવા છતાં મુક્તિનું કારણ સ્વભાવ છે એમ સમજવું જોઈએ.

### ગાથા-૪૬

**बहिरब्भंतरकिरियारोहो भवकारणप्पणासट्ठं।**
**णाणिस्स जं जिणत्तं तं परमं सम्मचारित्तं।।४६।।**

**ગાથાભાવાર્થ :–** જ્ઞાની જીવને સંસારના કારણોને નાશ કરવા માટે જે બાહ્ય અને અંતરંગ ક્રિયાઓનો નિરોધ છે, તે શ્રી જિનેન્દ્રદેવે કહેલું ઉત્કૃષ્ટ સમ્યક્ ચારિત્ર છે.

ચારિત્ર મિથ્યાદૃષ્ટિને હોય નહિ. જે નિમિત્તથી લાભ માને છે. દયા-દાનથી લાભ માને છે તેને વ્યવહાર ને નિમિત્તની રુચિ ખસી સ્વભાવ તરફ રુચિ થાય નહિ. જો વ્યવહારથી નિશ્ચય હોય તો વ્યવહારનો અભાવ થતાં નિશ્ચયનો અભાવ થઈ જાય. વ્યવહાર એટલે રાગથી

ધર્મ હોય તો રાગ ખૂબ કરે તો ખૂબ વીતરાગતા વધે, પણ એમ નથી. ખરેખર તો વ્યવહાર એટલે રાગનો અભાવ કરે તો નિશ્ચય થાય. તેથી વ્યવહારને ઉપચારથી કારણ કહેલ છે. જ્ઞાનીને પણ જેટલો રાગ આવે છે એટલો બાધક છે. પણ તે શુભરાગ છોડી અશુભમાં જતો નથી તેથી શુભરાગને સાધક કહેવાય છે. ખરેખર સાધન તો શુદ્ધ સ્વભાવ છે.

કેટલાક અજ્ઞાની જીવો 'સમયસાર' ગાથા ૧૨ની ટીકામાં નિશ્ચયનય ને વ્યવહારનય સંબંધી લખાણ છે તેનો અર્થ સમજતા નથી ને વ્યવહારનો આગ્રહ રાખે છે. તેમાં કહ્યું છે કે 'જો જૈનમતમાં પ્રવર્તવા માગતો હો તો નિશ્ચયને તથા વ્યવહારને છોડશો નહિ કારણ કે વ્યવહારને છોડશો તો તીર્થનો નાશ થશે ને નિશ્ચય વિના તત્ત્વનો નાશ થશે.' તેનો અર્થ એમ છે કે શુદ્ધ આત્માની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી શુભરાગાદિરૂપ વ્યવહાર જાણવા જેવો છે. તેનું જ્ઞાન ન કરે અથવા રાગ આવતો જ નથી એમ કહે તો તે ખોટો છે. માટે વ્યવહાર જાણવાયોગ્ય છે ને અખંડ શુદ્ધ નિશ્ચયને ન જાણો તો વ્યવહાર માત્ર પુણ્યનું કારણ છે તેથી સંસાર નાશ થશે નહિ. જ્ઞાનીને નિશ્ચય સ્વભાવ ઉપર લક્ષ છે. તેથી વ્યવહારને સાધનનો ઉપચાર કહેલ છે. સાધકમાં વ્યવહાર નથી જ એમ માને તો ખોટો છે ને વ્યવહારથી નિશ્ચય માને તો પણ ખોટો છે.

અહીં જ્ઞાની જીવની વાત કરે છે. તેવા જીવને સંસારનો નાશ કરવા માટે બાહ્ય અભ્યંતર ક્રિયાનો નિરોધ છે. નિમિત્તની ક્રિયા તેના કારણે અટકે છે ને અભ્યંતર ક્રિયા શુભાશુભ ભાવ અટકે છે તેને જિનેન્દ્ર ભગવાન ઉત્કૃષ્ટ ચારિત્ર કહે છે.

**વ્યાખ્યાર્થ :–** મુનિને પુણ્ય-પાપની ઉપેક્ષા થઈ ગઈ છે ને વિકાર રહિત નિજ સંવેદનરૂપ શુદ્ધોપયોગ જ્ઞાતાદૃષ્ટા સ્વભાવની રમણતાથી વ્યાપ્ત હોય તેને ચારિત્ર હોય છે. સાધકને શુભરાગ હોય છે પણ તે ચારિત્ર નથી. ચારિત્રનો યથાર્થ સાધક સ્વભાવ છે ત્યારે રાગને ઉપચારથી સાધક કહેવાય છે.

જૈનત્વ એટલે વીતરાગપણું - અકષાયપણું સ્વભાવમાંથી આવે છે. રાગ ને ક્રિયામાંથી જૈનત્વ માને તે મિથ્યાદૃષ્ટિ છે. રાગ કરતાં કરતાં વીતરાગતા થશે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે.

કેવું છે ચારિત્ર ? કે ચારિત્ર આત્માના આધારે થાય છે. કેવો છે આત્મા ? બહિરંગ=નિમિત્ત. હિંસા, જૂઠાના પરિણામ વખતે શરીરની ને વચનની ક્રિયા થાય તે બાહ્ય ક્રિયા છે ને અંતરંગ શુભાશુભ ભાવ થાય તે અભ્યંતર ક્રિયા – તે બન્ને ક્રિયાથી રહિત આત્મા છે. વળી તે નિત્યનિરંજન છે. સંસારથી રહિત છે. વસ્તુમાં સંસાર નથી. સંસાર એક સમયની પર્યાયમાં છે. માટે સંસારનું અંજન શુદ્ધ આત્મામાં નથી તથા જ્ઞાનદર્શનનો ધરનાર સ્વભાવવાન આત્મા છે તેવા આત્માથી વિરુદ્ધ બાહ્ય ક્રિયા ને અભ્યંતર ક્રિયાનું અટકવું તેને ચારિત્ર કહે છે. બાહ્ય વિષયોમાં શુભ અશુભ વચન કે કાયના વ્યાપારરૂપ અટકી જવું તે બાહ્યક્રિયા છે. અંતરંગમાં દયા પાળું, મૂળગુણ

પાલન કરું એવા શુભભાવ અથવા કોઈ અશુભભાવનું અટકવું તે અભ્યંતર ક્રિયાનો નિરોધ છે.

સ્વભાવમાં લીનતા કરતાં શુભ અશુભ ભાવ અટકી જાય છે. આ પ્રમાણે બાહ્ય અભ્યંતર નિરોધપૂર્વક સ્વભાવની લીનતા - સ્થિરતાને ચારિત્ર કહે છે.

કોના આશ્રયે ક્રિયા અટકે ને કેમ અટકે છે તેની ખબર વિના ચારિત્ર થાય નહિ. ક્રિયારહિત આત્મામાં ક્રિયાનો નિરોધ થાય છે. દયાદાનાદિ વિકલ્પ તે અંતરની વિકારીક્રિયા છે. તે આત્મતત્ત્વમાં હોય તો તેનો નિરોધ થાય નહિ. પણ સ્વભાવ જ્ઞાયક ધ્રુવ એકલો અખંડ આનંદકંદ ચૈતન્યપ્રભુ છે તે મન-વચન-કાયાની – જડની ક્રિયા તથા પુણ્ય-પાપના સંકલ્પની ક્રિયા એમ બન્ને ક્રિયાથી રહિત છે એવું ભાન થયા પછી સ્વરૂપમાં લીનતા થતાં પુણ્ય-પાપ અટકી જાય ને શરીરાદિની ક્રિયા જડને કારણે અટકી જાય તે ચારિત્ર છે. અહીં 'બાહ્ય-અભ્યંતર ક્રિયાનો નિરોધ' એવો શબ્દ પડ્યો છે. જો ત્રિકાળી આત્મામાં સંસારની ક્રિયા હોય ને આત્મા શરીર-મન-વાણીની ક્રિયા કરી શકતો હોય તો આત્મા તે બન્ને ક્રિયાથી રહિત થઈ શકે નહિ. સંકલ્પ-વિકલ્પ પર્યાયમાં છે પણ સ્વભાવમાં નથી એવી દૃષ્ટિ કરી છે. તે ઉપરાંત લીનતા થતાં સંકલ્પ-વિકલ્પ પર્યાયમાંથી ટળી જાય છે.

ગાથા શરૂ કરતાં ઉપરમાં કહ્યું હતું કે વ્યવહારથી નિશ્ચય સાધ્ય છે. અહીં કહે છે કે મહાવ્રત આત્માનો વેરી છે – પ્રતિપક્ષી છે – વિરોધી છે. ઉપર સાધન કહ્યું હતું એનો અર્થ એમ કે તે મુનિની ભૂમિકામાં આવ્યા વિના રહેતો નથી. છતાં તે પરિણામ ચૈતન્યથી વિરુદ્ધ છે. વિરુદ્ધ અવિરુદ્ધને સાધે છે એનો અર્થ એમ સમજવો કે વ્યવહારનો અભાવ–નિરોધ નિશ્ચય પ્રગટવાનું કારણ છે. મુનિને પાંચ મહાવ્રત હોવા છતાં જેટલો નિરોધ થાય છે તેટલું ચારિત્ર છે. બાકી રહે તે રાગ છે, ચારિત્ર નથી.

આ વિષય ચર્ચાનો નથી. આત્માર્થી માટે છે. અનુકૂળ નિમિત્તો આવે તો કાર્ય થાય ને પ્રથમ શુભ-વ્યવહાર કરીએ તો નિશ્ચય થાય એવી માન્યતા જ જૈનદર્શનમાં હોઈ શકે નહિ.

મન-વચન-કાયાનો વ્યાપાર જડ છે માટે તે તો આત્માથી વિરોધરૂપ હોય જ પણ જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તે આત્માથી વિરોધભાવ છે. આત્માના આશ્રયે જે વીતરાગતા થાય તે ચારિત્ર છે.

આવી દૃષ્ટિ ને રુચિ કરે નહિ તેને ચારિત્ર હોય નહિ. દેહની ક્રિયા કરીએ ને આચરણ કરીએ તો આગળ વધીએ એમ અજ્ઞાની માને છે. અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો પણ આત્મદૃષ્ટિ વિના એક ભવ ઓછો થયો નહિ.

મન વચન કાયાની ક્રિયા ને ભગવાને કહેલા પાંચ મહાવ્રતના પરિણામ તે ભવના નાશનું કારણ નથી. શુભાશુભનું અટકવું ને અંતરમાં શુદ્ધ ક્રિયા થવી તે ભવના નાશનું કારણ છે.

કેવો છે આત્મા ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ એમ પાંચ પ્રકારના સંસારથી રહિત

નિર્દોષ પરમાત્મા છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવમાં રખડવું તે સંસાર છે. તેથી રહિત નિર્દોષ પરમાત્મા છે તેથી વિલક્ષણ સંસાર છે. તેના વ્યાપારનું કારણ પુણ્ય-પાપ છે. બાહ્ય ને અભ્યંતર ક્રિયાનો નિરોધ શુભ-અશુભ કર્મોના આસ્રવનો નાશ કરે છે.

પૂર્વે કહેલી બે પ્રકારની ક્રિયાનું અટકવું ને ચારિત્ર થવું તે કોને હોય છે ? નિશ્ચય રત્નત્રયસ્વરૂપ અભેદ જ્ઞાનના ધારક જ્ઞાનીને જ હોય છે.

જે અજ્ઞાની નિમિત્ત ને વ્યવહારથી ધર્મ માને તે દ્રવ્યલિંગી મુનિ થાય તોપણ તેને બાહ્ય કે અભ્યંતર ક્રિયાનો ત્યાગ વર્તતો નથી. અજ્ઞાની કહે છે કે અમે બૈરા-છોકરાં વગેરેથી છૂટ્યા, પૈસાના સંગ્રહ વગેરેથી છૂટ્યા, નિમિત્તથી છૂટ્યા – એમ કહે છે. નિમિત્તથી છૂટ્યા કોને કહેવાય ? જે સ્વભાવના ભાનપૂર્વક લીનતા કરી શુભાશુભ ભાવથી છૂટ્યો છે તે નિમિત્તથી છૂટ્યો કહેવાય. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર માને તેને તો કંઈ ત્યાગ નથી પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો હોય ને હજારો રાણીને ત્યાગ કર્યો હોય છતાં આત્માનું ભાન નથી તેને બાહ્યત્યાગ કર્યો કહેવાતો નથી. સ્વભાવ આનંદકંદ છે. તેવી દૃષ્ટિપૂર્વક લીનતા કરે તેને શુભાશુભ ભાવનો ત્યાગ છે ને તેને નિમિત્તનો ત્યાગ વર્તે છે એમ વ્યવહારે કહેવાય છે. દ્રવ્યલિંગી મુનિએ બહારથી ગમે તેટલા પદાર્થો છોડ્યા હોય તોપણ પર્યાયદૃષ્ટિના કારણે નૈમિત્તિક વિકાર છૂટ્યો નથી માટે બાહ્ય નિમિત્તો છૂટ્યા કહેવાતા નથી ને જેને નૈમિત્તિક વિકાર છૂટ્યો હોય તેને નિમિત્તો છૂટ્યા કહેવાય. તે નૈમિત્તિક વિકાર છૂટ્યો કોને કહેવાય ? જે સ્વભાવના ભાનપૂર્વક લીનતા કરે તેને પુણ્ય-પાપ વિકાર સહજ છૂટી જાય છે.

'સિદ્ધાંત પ્રવેશિકા'માં પણ ચારિત્રની વ્યાખ્યા એમ જ છે. બાહ્ય અને અભ્યંતર ક્રિયાના નિરોધથી પ્રગટ થતી આત્માની શુદ્ધિવિશેષને ચારિત્ર કહે છે.

જેને હિંસા, જૂઠાદિના પરિણામ છૂટ્યા છે તેને હિંસા, જૂઠાદિને નિમિત્તરૂપ શરીરની ક્રિયા અટકી જાય છે. એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. અશુભ પરિણામી મિથ્યાદૃષ્ટિ હોય કે શુભપરિણામી મિથ્યાદૃષ્ટિ હોય બન્ને સરખા છે. બન્નેને ઉદય ભાવ એટલે સંસાર વર્તે છે. જેને વિકલ્પની રુચિ છે તેને એક પણ ત્યાગ વર્તતો નથી.

પરિગ્રહના નિમિત્તો તેને છૂટ્યા કહેવાય કે જેને રાગની રુચિ ને અસ્થિરતા છૂટી હોય તેને રાગની રુચિ ને અસ્થિરતા છૂટી ક્યારે કહેવાય ? જ્યારે ક્રિયારહિત જ્ઞાયકસ્વભાવની અંતરમાં સ્થિરતા થાય ત્યારે.

જેણે જ્ઞાયક સ્વભાવને પકડ્યો તેને મિથ્યાત્વભાવ છૂટ્યો છે ને તેને મિથ્યાત્વના નિમિત્તો કુદેવાદિ છૂટ્યા છે, ને સ્વભાવમાં સ્થિર થયો ત્યારે રાગ છૂટ્યો – આમ સ્વભાવના કારણે રાગ અટક્યો ને રાગના નિમિત્તો જડના કારણે છૂટ્યા – આમ સ્વભાવમાં લીનતા થતાં બાહ્ય અભ્યંતર ક્રિયાનો ત્યાગ થાય છે તેવો ત્યાગ જ્ઞાનીને થાય છે. 'णाणिस्स' શબ્દ વાપરેલ છે એટલે કે જ્ઞાનીને આ બે ક્રિયાનો ત્યાગ હોય છે ને તેને ચારિત્ર હોય છે.

કોઈ કહે કે અજ્ઞાનીએ સ્ત્રીઓ છોડી એટલું તો બ્રહ્મચર્ય કહો, દેહની ક્રિયા થતી નથી એટલું નિમિત્ત છોડ્યું એટલું તો કહો. તો કહે છે કે ના, અજ્ઞાનીને નિમિત્તો છૂટ્યાં એમ કહી શકાતું નથી. નિમિત્ત છૂટ્યાં એવો ઉપચાર ક્યારે આવે ? જેને આત્માનું ભાન છે તેને જે મન-વચન-શરીરાદિની ક્રિયા અટકે છે તેને અસદ્ભૂત ઉપચારથી બાહ્ય પદાર્થોને છોડ્યા એમ કહેવાય છે.

'શ્રીસમયસાર'ના બંધ અધિકારની છેલ્લી ગાથાઓમાં ને તેના વ્યાખ્યાનોમાં સ્પષ્ટતાથી આ વાત આવી ગઈ છે. જ્ઞાયક સ્વભાવ ચિદાનંદ છું એવી દૃષ્ટિ કરે તો નિમિત્ત છૂટ્યું કહેવાય. નિમિત્તના લક્ષે થતો રાગ સ્વભાવના આશ્રયે છૂટ્યો છે તેવા જીવને રાગ તથા તેના નિમિત્તો છૂટ્યા કહેવાય છે. કુદેવાદિના નિમિત્ત છૂટ્યા તેને કહેવાય કે કુદેવાદિનું નિમિત્ત છોડી સુદેવાદિનો આદર કર્યાં પછી પણ તે તરફનું લક્ષ છોડી આત્માનું ભાન કરે તેને.

આત્મા ગૃહીત ને અગૃહીત મિથ્યાત્વ રહિત છે એવું આત્માનું ભાન કર્યું છે તેને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું કહેવાય. જે કુદેવાદિનું માન કરે છે તેવા મિથ્યાદૃષ્ટિને એક પણ મિથ્યાત્વનો ત્યાગ નથી પણ સુદેવાદિનું માન કરવા છતાં આત્માનું ભાન કરે નહિ તો તેને અગૃહીત મિથ્યાત્વનો ત્યાગ તો નથી પણ ગૃહીત મિથ્યાત્વનો પણ ત્યાગ ખરેખર થયો કહેવાતો નથી.

સ્વભાવના ભાનપૂર્વક રાગના ત્યાગને ત્યાગ કહેવાય છે નહિતર ત્યાગ કહેવાતો નથી.

પરમાત્મા સિદ્ધદશારૂપ થાય છે ત્યારે તેમને કર્મો ને શરીર છૂટ્યા એમ કહેવાય છે. જે અંતર પૂર્ણદશા પ્રગટ કરે તેને બહાર પદાર્થ છૂટ્યા કહેવાય છે. બીજાને કહેવાતા નથી.

ત્યાગ કોને કહેવાય ? નિશ્ચય રત્નત્રય અખંડ આત્માની રુચિ, જ્ઞાન ને રમણતારૂપ પરિણત આત્માને બે ક્રિયાનો ત્યાગ વર્તે છે. અંતરવિકારનો ત્યાગ થયો ને બાહ્યક્રિયા જડના કારણે અટકી એમ બે ત્યાગ વર્તે છે. સ્વભાવની રુચિ ને સ્થિરતા વિના અજ્ઞાનીને બાહ્યક્રિયાનો ઉપચાર પણ લાગુ પડતો નથી.

'जं जिणुत्तं' જિનેશ્વર ભગવાને આવું ચારિત્ર કહ્યું છે. ભગવાનની વાણી દ્વારા આ પ્રમાણે આવ્યું છે. 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' આમ કહે છે. આવા મુનિને આવું ચારિત્ર હોય છે. સંસારની પર્યાય વિનાના શુદ્ધ આત્માની દૃષ્ટિ કરીને લીનતા કરે તેણે બૈરાં છોકરાં છોડ્યાં ને સંસાર છૂટ્યો એમ કહેવાય છે. મિથ્યાદૃષ્ટિ મુનિને અભ્યંતર ત્યાગ તો નથી પણ બાહ્યત્યાગ પણ ખરેખર નથી. 'णाणिस्स' શબ્દ કહેલ છે. જ્ઞાનીને બાહ્ય-અભ્યંતર ત્યાગ વર્તે છે.

આત્મા રાગની ક્રિયા વિનાનો છે. રાગનું નિમિત્ત કર્મ ને તેના લીધે જે નોકર્મ આદિ મળે તેની ક્રિયા વિનાનો છે. તેવા આત્માના ભાન વિનાનો મુનિ ભલે હજારો રાણી તરફનો રાગ છોડ્યો હોય છતાં શુભરાગથી ધર્મ માનતો હોય તો એક પણ સ્ત્રી છોડી એમ અમે કહેતા નથી. હજી દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર નથી તેને દિવ્ય સ્વભાવની રમણતા થાય નહિ. તેને રાગ અટકે નહિ ને રાગના નિમિત્તો અટક્યા એમ કહેવાય નહિ.

**ભાવાર્થ :–** જ્ઞાની જીવને સંસારના કારણો દૂર કરવા માટે બાહ્ય તથા અંતરંગ શુભ ને અશુભ ક્રિયાનો ત્યાગ હોય છે તેને જિનેન્દ્ર ભગવાન ચારિત્ર કહે છે.

તે ચારિત્ર સમ્યગ્દર્શન પૂર્વક હોય છે. તે ચારિત્ર પ્રગટવાથી બાહ્ય અભ્યંતર ત્યાગ હોય છે.

## પ્રસાદ નં. – ૩૧

**વી. નિ સં. ૨૪૭૯, માગશર સુદ ૧, વર્ષ ત્રીજું પુસ્તક બીજું,**
**સોનગઢ, તા. ૧૮-૧૧-૫૨, મંગળવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪૬**
**(કારતક વદ ૧૦, બુધવાર, ૧૨-૧૧-૫૨ બપોર)**

ગાથા ૪૬ પૂરી થઈ. આ પ્રકારે કહ્યું કે ચારિત્ર – સ્વરૂપરમણતા કોને હોય ? આત્મા જ્ઞાતાદૃષ્ટા છે, દેહાદિની ક્રિયા કે પરની ક્રિયા કરી શકવા સમર્થ નથી ને શુભાશુભભાવો મલિન છે તેની રુચિ છોડી અંતર જ્ઞાનાનંદ સ્વરૂપી છું એવી રુચિ ને જ્ઞાન થયું છે. ને જગતના પદાર્થોનો સાક્ષી છે. જડની પર્યાયનું કાર્ય આત્માને આધીન નથી ને તેની સહાયતાથી કલ્યાણ નથી – એવી વીતરાગી શ્રદ્ધા ને જ્ઞાન થયું હોય તેને ચારિત્ર હોય છે. આ ભાન વિના ક્રિયા કરે કે સેવા કરે તો અજ્ઞાન થાય છે, ધર્મ થતો નથી. 'વીતરાગ સમ્યક્ત્વ' કહેલ છે, રાગ કે દયાથી કલ્યાણ નથી મારું કલ્યાણ અંતરના અવલંબને છે એવી શ્રદ્ધા થઈ છે. બીજાનું કલ્યાણ કરી દઈશ તો મારું કલ્યાણ થશે એવી રુચિ છૂટી છે. મારું કલ્યાણ મારાથી થશે એવા ભાન ને જ્ઞાન વિના ચારિત્ર ન હોય.

અનંતા આત્માઓ ને પુદ્ગલદ્રવ્યો સ્વતંત્ર છે. પરના અવલંબને દયા, દાન થાય તે જરા પણ હિતકર નથી. મારું ચિદાનંદ સ્વરૂપ જ હિતકર છે એવી દૃષ્ટિ થઈ હોય તેને ચારિત્ર હોય છે. જે ત્રીજો અંશ અહીં કહ્યો છે તે વીતરાગચારિત્રનું વ્યાખ્યાન પૂરું થયું.

આ પ્રકારે મોક્ષમાર્ગને પ્રતિપાદન કરવાવાળો ત્રીજો અધિકાર છે. તેમાં નિશ્ચય ને વ્યવહારરૂપ મોક્ષમાર્ગના કથનથી બે સૂત્ર છે ને તેની પછી તે મોક્ષમાર્ગના અવયવરૂપ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તેના વિશેષ વ્યાખ્યાનથી છ સૂત્ર કહ્યા. આ રીતથી બે સ્થળોના જોડવાથી જે આઠ ગાથા થઈ તેથી પ્રથમ અંતરઅધિકાર સમાપ્ત થયો.

હવે ધ્યાન, ધ્યાતા, ધ્યેય તથા ધ્યાનનું ફળ – એ કથનની મુખ્યતાથી પ્રથમ સ્થળમાં ત્રણ ગાથા, તે પછી પંચ પરમેષ્ઠીના વ્યાખ્યાનરૂપથી બીજા સ્થળમાં પાંચ ગાથા તથા તે પછી તે ધ્યાનના ઉપસંહારરૂપ વિશેષ વ્યાખ્યાન દ્વારા ત્રીજા સ્થળમાં ચાર ગાથા – એ પ્રકાર ત્રણ

સ્થળોના સમુદાયથી બાર ગાથાસૂત્રોના ધારક જે તૃતીય અધિકાર છે તેમાં બીજો અંતરાધિકાર છે. તેની સમુદાયરૂપ ભૂમિકા છે, તેમાં પ્રથમ નિશ્ચય તથા વ્યવહાર મોક્ષમાર્ગને સાધવાવાળું જે ધ્યાન છે તેનો અભ્યાસ કરો એમ ઉપદેશ આપે છે.

## ગાથા-૪૭

**दुविहं पि मोक्खहेऊं झाणे पाउणदि जं मुणी णियमा।**
**तह्मा पयत्तचित्ता जूयं झाणं समब्भसह।।४७।।**

ગાથાભાવાર્થ :– મુનિ ધ્યાન કરવાથી જે નિયમથી, નિશ્ચય અને વ્યવહારરૂપ બન્ને મોક્ષમાર્ગ, તેને પામે છે, તે કારણથી હે ભવ્ય જીવો ! તમે ચિત્તને એકાગ્ર કરીને ધ્યાનનો અભ્યાસ કરો.

અહીં મુનિની મુખ્યતાથી વાત છે. ધ્યાન એટલે શું ? આત્મા જ્ઞાનાનંદ છે તેની દૃષ્ટિ ને રમણતા કરવી તે ધ્યાન છે. સમજ્યા વિના કહેવાતા ધ્યાનમાં બેસી જાય તે ધ્યાન નથી. સંસાર પણ ધ્યાન ને મોક્ષ પણ ધ્યાનથી મળે છે. હિંસા, જૂઠું, ચોરી, દયા, દાન, સેવા એ વિકારી ધ્યાન છે તે સંસારનું કારણ છે. પ્રથમ જ્ઞાનમાં આવવું જોઈએ કે શરીર-મન-વાણી આત્માના અધિકારની બહારની ચીજ છે. તે તત્ત્વો મને અડ્યા નથી. દરેક તત્ત્વ પૃથક્ પૃથક્ છે એમ દૃષ્ટિમાં આવે ને પરસન્મુખનું ધ્યાન છૂટી હું જ્ઞાતા છું એવી અંતરની રુચિનું ધ્યાન થાય છે તેને નિશ્ચય ને વ્યવહાર મોક્ષમાર્ગ પ્રગટે છે. પ્રથમ આત્મા પરમાં એકાગ્રતા કરતો હતો. દેશનું કરું, શરીરનું કરું – એવી રીતે તે વિકારમાં અટકતો તે ભૂંડું ધ્યાન હતું, તેનાથી જુદો આત્મા જ્ઞાનાનંદ છે એમ જાણી તે તરફ વળ્યો, ધ્યાનની દિશા બદલાવી. બહિર્મુખદશા તે દુર્ધ્યાન છે, વિકાર ચૈતન્ય માટે લાભદાયક નથી. જ્ઞાનસ્વભાવી આત્મા પરના વલણમાં શુભાશુભ ભાવ કરી ફળને ઇચ્છે છે તે મિથ્યાભાવના છે. એવી બુદ્ધિ-ભાવના મુનિએ છોડી છે. પુણ્ય-પાપ વિકાર છે. મારા સ્વભાવમાં નથી, મારા સ્વભાવમાં આનંદ છે એવી સ્વરૂપની દૃષ્ટિ કરી છે તેને નિયમથી પવિત્રતારૂપી મોક્ષમાર્ગ મળે છે ને ધ્યાનમાં ઠરી શકતો નથી ત્યારે વ્યવહાર મોક્ષમાર્ગનો વિકલ્પ ઊઠે છે. માટે અહીં 'શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' અંતરના અનુભવ સહિત કહે છે હે ભવ્ય ! ચિત્તને બહારમાં એકાગ્ર કરેલ છે તેને અંતરમાં એકાગ્ર કર એ એક જ ઉપાય છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે કે અંતર્મુખ વલણ ધર્મનું કારણ છે. જે દેવ-ગુરુ-શાસ્ત્ર પરનું કંઈ કરી શકાય એમ કહે તે સાચા નથી. સાચા ગુરુ કહે છે તારું ચિત્ત પર તરફ વળે છે

ને દયા-દાનાદિ વિકલ્પમાં વર્તે છે તેથી પાછો ફર ને આત્મા તરફ વલણ કર તે સાચું ધ્યાન છે.

જે બાહ્યથી લાભ મનાવે ને આત્માથી લાભ ન મનાવે તે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નથી ને પર તરફ ઝુકાવ થાય તે શુભાશુભનું કારણ છે પછી દયા-દાન હો કે વ્રત હો તે શુભ છે. તે છોડી ચૈતન્ય તરફ ઝુકાવ કરી તેની દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા કરવી એ જ મોક્ષમાર્ગ છે.

**વ્યાખ્યાર્થ :–** જેથી (ધ્યાનથી) મુનિ નિયમથી બે પ્રકારનાં મોક્ષમાર્ગ પ્રગટ કરે છે. દેહની ક્રિયાથી, વાણીથી, પરની સહાયતાથી મોક્ષમાર્ગ પ્રગટ કરી શકતો નથી.

અજ્ઞાની કહે છે કે અમારે સંસારનું બધું કામ કરવું તેમાં આ ધ્યાન કેવી રીતે થાય ?

ભાઈ, દિશા પલટાવવાની વાત છે. સ્વભાવસન્મુખ વલણ કરી એકાગ્ર થવું તે નિશ્ચય છે ને વિકલ્પ ઊઠે તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને સાંભળે, તેની સેવા-પૂજા કરે, પણ ખોટા ગુરુને સાંભળે નહિ – તે વ્યવહાર છે. છતાં સમજે કે વ્યવહારથી – શુભભાવથી ધર્મ નથી.

બે મોક્ષમાર્ગ – મોક્ષના કારણ આ પ્રમાણે છે.

આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન, રમણતા તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તે મોક્ષનો હેતુ છે ને સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ મુનિ અને સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રની પ્રતીતિ ને જ્ઞાનનો વિકલ્પ ઊઠે તે વ્યવહાર મોક્ષનો હેતુ છે.

આ બન્ને મોક્ષમાર્ગ કહેવાઈ ગયા છે. પુણ્ય-પાપ વિનાના નિજસંવેદનસ્વરૂપ આત્માનું ધ્યાન કરીને તે પ્રાપ્ત થાય છે. અંતરના ધ્યાનથી બન્ને મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે. એ જ ક્રિયા છે. અજ્ઞાનીને આ વાત બેસતી નથી. અનંતવાર દિગંબર મુનિ થયો, નવમી ગ્રૈવેયકે ગયો પણ આત્મા શું છે તેની ખબર નથી. આત્મા શરીરને ચલાવે ને પુણ્ય-પાપથી કલ્યાણ થશે એમ અજ્ઞાની માને છે. જૈનદર્શન એટલે કે વસ્તુસ્વરૂપ શું છે તેને તેને ખબર નથી.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપી છે, શક્તિએ પરમાત્મરૂપે છે. પર્યાયમાં વિકાર છે, તે વિકારની રુચિ છોડી જ્ઞાનાનંદની રુચિ કરી એકાગ્રતા કરતાં બે મોક્ષમાર્ગ પ્રગટે છે. એક જ પંથ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે. તેની રુચિ છોડીને કહો કે પર્યાયબુદ્ધિ છોડીને કહો, જ્ઞાન જ્ઞાનથી અનુભવાય છે. નિજસંવેદનસ્વરૂપથી મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે.

અજ્ઞાનીને આ વાત બેસતી નથી. આ જ ખરી ક્રિયા છે, સત્યને સત્ય તરીકે સ્વીકારે, અસત્યને અસત્ય માને, વિકાર રહિત આત્મા છે તેની રુચિ, જ્ઞાન ને એકાગ્રતા દ્વારા મોક્ષમાર્ગ પમાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તથી મોક્ષમાર્ગ પમાય છે – એમ નથી.

જો વિકાર પરથી હોય તો વિકાર રહિત થવાનો પ્રસંગ આવે નહિ. શરીરાદિ પર છે તેની વાત કરી નથી. કારણ કે તેને પલટાવી શકાતાં જ નથી. પણ પર્યાયમાં વિકાર થાય

છે તેને સ્વભાવના જ્ઞાન – સ્થિરતા દ્વારા પલટાવી શકાય છે. તેથી પ્રથમ વિકાર રહિત આત્મા કહ્યો છે.

જેને સ્વભાવ સન્મુખ દશા થઈ છે તેને રાગ રહી જાય તો શુભરાગ આવે છે. એટલે વ્યવહાર મોક્ષમાર્ગ ધ્યાનની કચાશમાં રહી જાય છે.

આત્માનું ધ્યાન કરો એમ કોઈ કહે પણ ખબર વિના આત્માનું ધ્યાન કેવી રીતે કરે માટે આત્મા શું તે ખબર હોવી જોઈએ. અંતર મોક્ષમાર્ગ ને વ્યવહાર મોક્ષમાર્ગ બન્ને ધ્યાનથી પ્રગટે છે. આત્માના ભાનવાળાને વિકલ્પ ઊઠે તો તેને વ્યવહાર કહે છે. એકલો બહિર્મુખમાં – શરીર, મન, વાણીની ક્રિયામાં ને પુણ્ય-પાપમાં રોકાયો તેને વ્યવહારની પ્રાપ્તિ નથી. વિકાર રહિત સ્વભાવમાં એકાગ્રતા થઈ તે નિશ્ચય છે તેને શુભરાગ બાકી રહ્યો તેને વ્યવહાર મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે.

ધ્યાનથી બે પ્રકારનો માર્ગ પમાય છે. અનાદિકાળથી પરમાં ધ્યાન હતું તેમાં લાભ માનતો ને સંસારમાં પરિભ્રમણ થયું. હવે પરની ને પુણ્યની રુચિ છૂટી વિકાર રહિત સ્વભાવનું ધ્યાન કરતાં નિશ્ચય ને વ્યવહાર મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. વ્યવહારના લક્ષે વ્યવહાર મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી.

આત્માની પૂર્ણ આનંદદશા તે મોક્ષ છે. તેનું કારણ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા છે તે પ્રાપ્ત થતાં વ્યવહાર મોક્ષમાર્ગ કહેવાય છે. નિશ્ચય પ્રાપ્ત થયો ત્યારે વ્યવહાર પ્રાપ્ત થયો – એમ કહેવાયું. જ્યારે નિશ્ચયથી સ્વસંવેદન જ્ઞાનસ્વરૂપી છું એમ ભાન થયું છે ને પુણ્ય-પાપની રુચિ ગઈ છે ને આત્મા જ્ઞાનજ્યોત છે તેના વેદનસ્વરૂપ જ્ઞાન થયું છે. ત્યારે મોક્ષદશા પ્રગટી છે. તે મુનિને જે રાગ બાકી રહ્યો છે તે વ્યવહાર નામ પામે છે. આ એક જ નિયમ છે. મૂળમાં 'णियमा' શબ્દ છે.

એક સમયનો વિકાર ને એક સમયના ઉઘાડ વિનાનો આત્મા પૂર્ણ છે તેવી દૃષ્ટિ કરાવવી છે. એવા સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન, રમણતા થાય છે ત્યારે શુભરાગને સાચો વ્યવહાર કહેવાય છે. આત્માના ભાન વિના સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળવા છતાં તેને વ્યવહાર કહેવાતો નથી.

અહો ! આચાર્ય ભગવાને અદ્ભુત રીતથી અલૌકિક વાત મૂકી છે. પર ઉપરની દૃષ્ટિ છોડાવી આત્મા તરફ દૃષ્ટિ કરાવી છે. અહો ! સંતોની વાણી લોકાલોકથી ભેદજ્ઞાન કરાવે છે. લોકાલોક, પોતાનું શરીર વગેરે પર છે. મુનિ શિષ્યને સંભળાવે છે ને કહે છે કે અમને સાંભળવાનો તને શુભરાગ ઊઠે છે તે હજી વ્યવહાર નથી. તે વ્યવહાર સાચો ક્યારે ? અમારા તરફનું લક્ષ છોડી તારા તરફ તું વલણ કર. અમારા તરફની, સાંભળવાની રુચિ છોડી અંતરમાં જા ને નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ કર તો શુભરાગને વ્યવહાર કહેવાય. અહીં આચાર્ય 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'એ કહ્યું છે તે જ 'સમયસાર' ગાથા-૪૧૩માં કહ્યું છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળે તોપણ મિથ્યાદૃષ્ટિના રાગને વ્યવહાર કહેવાતો નથી. અંતરમાં –

સ્વભાવમાં ઠરે તો બાકી રહેલા રાગને વ્યવહાર કહેવાય છે. તે ગાથા ને આ ગાથાનો સાર એક જ છે.

ધર્મ તો અંતરથી થાય છે પણ બહારની ક્રિયાથી થતો નથી. અંતરમાં સ્વસન્મુખતાના પુરુષાર્થથી નિશ્ચય મોક્ષમાર્ગ થાય છે તો બાકી રહેલા રાગને વ્યવહાર કહેવાય છે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર એમ કહે છે દયા, દાનથી ધર્મ થશે તેને તો વ્યવહાર છે જ નહિ. પરંતુ સાચા દેવ-ગુરુએ બતાવેલા માર્ગ તરફનો રાગ પણ આત્માનું ભાન હોય તો વ્યવહાર નામ પામે છે.

મોક્ષમાર્ગનું કારણ એક ધ્યાન જ છે. એક જ પ્રકાર છે. 'तह्मा' શબ્દ પડેલો છે. હું જાણનાર-દેખનાર છું. કોઈ ક્રિયાનો કરનાર નથી. એવી અંતર્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાથી બે મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. માટે હે ભવ્ય જીવ ! ભલા પ્રકારથી તું ધ્યાન કર. વેપાર આદિમાં ભલા પ્રકારથી ભૂંડું ધ્યાન કરે છે, તેમ અહીં ભલા પ્રકારથી પોતામાં ધ્યાન કર. તે ધ્યાનથી મુનિને બે મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે.

ગ્રંથકાર કહે છે તે દેખેલી પર વસ્તુને ભૂલી જા, ભગવાનને અને મૂર્તિને ભૂલી જા. ભગવાનની દિવ્યધ્વનિમાં સાંભળેલું ભૂલી જા અને પર તરફની વૃત્તિ થઈ હોય, હરખ થયો હોય – તે બધો અનુભવ ભૂલી જા. લૌકિક સંતોષ ભૂલી જા ને કાલે આમ કરશું એવા મનોરથને ભૂલી જા. સંપૂર્ણ શુભ ને અશુભની લાગણીઓનો ત્યાગ કરજે, એટલે કે સ્વભાવ સન્મુખ થતાં શુભાશુભ રાગનો ત્યાગ થઈ જાય છે. પરમ નિજસ્વરૂપ જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ છે તેની દૃષ્ટિ કરીને, સ્થિર થતાં જે આનંદ ધ્રુવમાં હતો તે પર્યાયમાં નવો ઉત્પન્ન થાય છે તેને મોક્ષમાર્ગ કહે છે.

વિકારની રુચિ છોડી જ્ઞાનાનંદ આત્મા અંતર સ્થિર થાય તેને આનંદ પ્રગટે છે. આત્મા ધ્રુવ રહે છે. દુઃખનો નાશ થઈ આનંદ દશા ઉત્પન્ન થાય છે, પોતે કાયમ રહે છે – આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પણ સાબિત થાય છે. દેખેલા, સાંભળેલા ને અનુભવેલા વિષયોની રુચિનો નાશ થયો ને સ્વભાવની રુચિ કરવાથી જે આનંદ સ્વભાવમાં શક્તિરૂપ હતો તે અંતરમાં એકતા કરવાથી પ્રગટ થયો. એવા સહજ આનંદ લક્ષણવાળા અમૃતરસના અનુભવમાં સ્થિર થઈને ધ્યાનનો અભ્યાસ કરો કેમકે તેનાથી નિશ્ચય ને વ્યવહાર મોક્ષમાર્ગ પ્રગટે છે. બીજા કોઈ ઉપાયથી નહિ.

સ્વભાવની એકાગ્રતાથી આનંદ પ્રગટ્યો તેમાં સ્થિર થવું તે ધ્યાન છે, એટલે કે એકાગ્રતા એ જ ધ્યાન છે, ધોળું, પીળું દેખાય અથવા કંઈક દેખાય તેને અજ્ઞાની લોકો ધ્યાન કહે છે તે સાચું ધ્યાન નથી.

આત્માના અનુભવથી – નિજ આનંદથી ધ્યાન પ્રગટે છે, તેથી નિશ્ચય ને વ્યવહાર મોક્ષમાર્ગ પ્રગટે છે.

**કારતક વદ ૧૧, ગુરુવાર, ૧૩-૧૧-૫૨**

હવે ધ્યાન કરવાવાળા પુરુષનું લક્ષણ કહે છે.

**ગાથા-૪૮**

**मा मुज्झह मा रज्जह मा दूसह इट्ठणिट्ठअट्ठेसु।**
**थिरमिच्छहि जइ चित्तं विचित्तझाणप्पसिद्धीए।।४८।।**

**ગાથાભાવાર્થ :–** હે ભવ્યજનો ! જો તમે નાના – અનેક પ્રકારના ધ્યાન અથવા વિકલ્પરહિત ધ્યાનની સિદ્ધિને માટે ચિત્તને સ્થિર કરવા માગતા હો તો ઇષ્ટ તથા અનિષ્ટરૂપ જે ઇન્દ્રિયોના વિષય છે તેમાં મોહ, રાગ, દ્વેષ ન કરો.

આ ગાથા અને ૫૬મી ગાથા 'શ્રીમદ્ રાજચંદ્રજી' પોતે જ્યારે ઈડરના પહાડમાં ધ્યાન કરવા જતા ત્યારે વારંવાર બોલતા.

હે ભવ્યજનો ! ધ્યાન કરો એમ કહ્યું એનો અર્થ એ છે કે ઉપદેશક શ્રોતાને ઉપદેશ કરે છે માટે ઉપદેશક ને શ્રોતા સિદ્ધ થાય છે. શ્રોતા વક્તાને પ્રેમથી સાંભળે છે. વક્તા કહે છે કે પર તરફની રુચિ બદલાવીને સ્વ તરફની રુચિ કરો, તે ઉપરથી શિષ્યને જ્ઞાન થયું છે કે પર ચીજો છે તે તરફનું ધ્યાન ભૂંડું છે. તે પલટીને સાચું ધ્યાન થઈ શકે છે ને ત્રિકાળી સ્વભાવ નિત્ય રહે છે. ગુરુ કહે છે કે સાચી દશા કરવા માગતો હો તો આત્માનું ધ્યાન કરો. શિષ્ય શ્રવણ કરવા આવ્યો છે. ગુરુ તેને ઘેર સંભળાવવા જતા નથી. તારે સ્વરૂપમાં સ્થિર થવાની ભાવના હોય તો ધ્યાન કર, અમે બળજોરથી કહેતા નથી. પર પદાર્થોની રુચિ કરીને તું એકાગ્ર થયો છે તેના બદલે સ્વભાવની રુચિ કરવા માગતો હો તો અમે કહીએ છીએ તેમ કર.

જ્ઞાયક ચૈતન્ય છે તે તરફની એકાગ્રતાથી નિર્મળતા અનેક પ્રકારની થાય માટે નાના પ્રકાર કહ્યાં છે ને શુભાશુભ લાગણીથી રહિત આત્માની એકાગ્રતા માટે ચિત્તને સ્વભાવ તરફ સ્થિર કરવા માગતો હો તો – અહીં ધ્યાન એટલે ચારિત્રની વાત છે. આત્મા જ્ઞાયક છે એવું ભાન છે. તેને પર તરફની રાગની લાગણી છોડો એમ કહ્યું તે ઉપદેશનું વાક્ય છે. સ્વભાવમાં સ્થિરતા થતાં રાગ છૂટી જાય છે.

વિષયો તો જ્ઞેય છે પણ વિષયો રાગના નિમિત્તો છે તેથી પરદ્રવ્ય પ્રત્યે રાગ-દ્વેષ-મોહ

ન કરો એમ કહ્યું છે, એટલે કે સ્વભાવની દૃષ્ટિ કરતાં મોહનો અભાવ થાય છે ને સ્થિરતા કરતાં રાગ-દ્વેષનો અભાવ થાય છે. પાંચ ઇન્દ્રિયો તરફનો ને પુણ્ય-પાપ તરફનો ઝુકાવ છે તે બતાવી તે તરફની રુચિ છોડ ને સ્વરૂપની સાવધાનીમાં રહો – એમ કહે છે.

**વ્યાખ્યાર્થ :–** રાગ-દ્વેષ છોડવાનું કહ્યું, જે રાગ ત્રિકાળી સ્વભાવમાં નથી તે છોડવાનું કહે છે. સ્વભાવ મોહરાગદ્વેષ રહિત છે એવું નક્કી કરેલ છે, તેમાં એકાગ્રતા કરતાં રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી તેથી રાગ-દ્વેષ છોડ એમ ઉપદેશ આપ્યો છે. ચૈતન્યધ્રુવમાં એક સમયનો સંસાર નથી. જો તેમાં હોય તો સંસાર છૂટી શકે નહિ.

સમસ્ત મોહ રાગ દ્વેષના વિકલ્પથી રહિત પરમ આત્મા છે. પ્રથમથી જ વાત નક્કી કરે છે. પર્યાયબુદ્ધિ છોડ્યા વિના સ્વભાવબુદ્ધિ થાય નહિ સ્વભાવબુદ્ધિ થયા વિના ધ્યાન કે ચારિત્ર થાય નહિ. શરીર, કર્મ તો પર છે. રાગ-દ્વેષ પણ આત્માનું સ્વરૂપ નથી, આત્મા શુદ્ધ ચિદાનંદ છે. સંસાર ઉદયભાવનો આત્મામાં અભાવ છે. સંસાર પર્યાયમાં એક સમયપૂરતો છે, ત્રિકાળમાં નથી, તે ત્રિકાળ સ્વભાવના આશ્રયે ઉદયભાવનો અભાવ થઈ શકે છે. આત્મા જ્ઞાયક સ્વભાવી છે તેની રુચિ, જ્ઞાન ને રમણતા ને ભાવના કહે છે. તે ભાવનાથી ઉત્પન્ન થયેલ પરમાનંદ છે. મોહ, રાગ, દ્વેષથી વિકલ્પ ઉત્પન્ન થાય છે ને સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન, રમણતાથી આનંદ થાય છે એવા પરમાનંદરૂપ જે નવી દશા થઈ – સુખરૂપ દશા થઈ તે લક્ષણ ધારક સુખામૃતમાં સ્થિર થવાનું કહે છે.

દિગંબર મુનિઓની એક એક ગાથામાં બાર અંગ ને ચૌદ પૂર્વનું રહસ્ય રહેલું છે.

સ્વભાવમાં મોહ રાગ દ્વેષ નથી એવા આત્માની સ્થિરતાથી પરમ કળા ઉત્પન્ન થયેલ છે. જગતની કળા, વિજ્ઞાનની કળા શૂન્ય છે, દુઃખદાયક છે. આત્માની ભાવના કહો, પરમ આનંદ કહો, પરમ કળા કહો – એક જ છે. પરમકળા અથવા પરમ સંવિત્તિ એટલે આત્માના સાક્ષાત્કારમાં – અનુભવમાં સ્થિર રહીને મોહ રાગ દ્વેષને છોડી દેજો – એ ઉપદેશનું વાક્ય છે. આત્મા પોતે જ્ઞાનસ્વભાવી છે, રાગ, મન, ઇન્દ્રિયના અવલંબન વિના અસંગતત્ત્વને સ્વયં પ્રત્યક્ષ કર્યાં વિના, જ્ઞાન પ્રત્યક્ષ વિના આ ચીજ છે ને આ ચીજ આમ થઈ રહી છે તે જાણશે કોણ ? માટે પરમ કળા આત્માની સંવિત્તિને લીધી છે.

જે કળાથી કેવળજ્ઞાન ખીલે, જે સંવિત્તિથી કેવળજ્ઞાનનો સાક્ષાત્કાર થાય તેમાં તત્પર થા. દેહમાં રહેલા આત્માને ઓળખી, તેની પ્રીતિ કરી તેના આનંદની દશામાં સ્થિર થઈને હે ભવ્ય જીવો ! મોહ રાગ દ્વેષને ન કરો. બહારના પદાર્થો છૂટવાથી મોહ રાગ દ્વેષ છૂટતા નથી, સ્વરૂપની રુચિ કરીને તેમાં સ્થિરતા કરતાં તે છૂટી જાય છે.

તું શાંતિ ને આનંદ લેવા માગે છે તો તારો સ્વભાવ શાંતિ ને આનંદથી ભરેલો છે તેમાં જો. પર સન્મુખના ભાવો, દયા-દાનાદિના ભાવોમાં શાંતિ નથી માટે પરમાં રાગ-દ્વેષ ન કરો. હીરા, મોતી, ફૂલની માળા, સ્ત્રી, ચંદન વગેરે રાગના નિમિત્તો છે તેમાં રાગ ન કર

ને સ્વભાવમાં ઠર. સર્પ, ઝેર, કાંટા, શત્રુ, રોગ વગેરે દ્વેષના નિમિત્ત છે. ખાધેલી ચીજમાં ઝેર છે એમ સાંભળતાં દ્વેષ થાય છે. ઉઘાડે પગે ચાલતો હોય ને કાંટો લાગી જાય તો અનિષ્ટ માની દ્વેષ કરે છે તે દ્વેષ કરાવાતું નથી માટે તે તરફનો દ્વેષ છોડ. અજ્ઞાની જીવ રાગના કારણે ઇષ્ટ માને છે ને દ્વેષને કારણે અનિષ્ટ માને છે તેથી રાગ-દ્વેષ છોડ એમ કહે છે.

વિકલ્પ રહિત નિજ પરમાત્મા જ્ઞાયક છે તેમાં સ્થિર થવા માગતા હો તો રાગ-દ્વેષને છોડો, સ્થિર થવાનું કારણ અનેક પ્રકારનું ધ્યાન છે. થોડી લીનતા, વિશેષ લીનતા – એમ નિર્મળતાના ભેદ ઘણાં છે માટે અનેક પ્રકાર કહ્યા છે. સ્વરૂપની એકાગ્રતાનો અભ્યાસ કરતાં વિચિત્ર ધ્યાનથી વિરુદ્ધ પુણ્ય-પાપના વિકલ્પો ઉત્પન્ન થશે નહિ.

ભલે અનેક પ્રકારના ધ્યાનની દશા કહી પણ ત્યાં ધ્યાનમાં ભેદ નથી. અનેક પ્રકારે રાગ રહિત દશા થાય છે એમ અનેક પ્રકારની નિર્મળતાનું જ્ઞાન કરાવ્યું છતાં પણ અનેક પ્રકારની નિર્મળતા રાગનું કારણ થતી નથી.

તમે જો ધ્યાનમાં સ્થિર થવા ઇચ્છતા હો તો તે માટે દયા પાળવાનો કે ઉપવાસ કરવાનો વિકલ્પ કારણ નથી. ધ્યાન કરવા માગતા હો, શુક્લ ધ્યાન કરવા માગતા હો કે કેવળજ્ઞાન પ્રગટ કરવા માગતા હો તો તેમાં કોઈ બાહ્ય કારણ નથી. અંતર સ્વભાવની એકાગ્રતા કેવળજ્ઞાનનું કારણ છે.

સાત્ત્વિક ખોરાક ખાવાથી, બૈરાં-છોકરાં છોડવાથી, જંગલમાં જવાથી આત્મામાં સ્થિર થવાતું નથી. સ્વભાવ તરફ વલણ કરતાં એટલે કે સ્વભાવમાં સ્થિર થતાં પર તરફની વૃત્તિ છૂટી જાય છે તેથી ધ્યાન થાય છે.

હવે આગમભાષા અનુસાર ધ્યાનના ભેદ બતાવે છે.

### (૧) આર્તધ્યાનના ભેદો

(૧) ઇષ્ટ પદાર્થોનો વિયોગ ન થાય તો ઠીક, વહાલા દીકરા, દીકરી, મકાન આદિનો વિયોગ ન થાય તો ઠીક એવી વિચારણામાં એકાગ્રતા કરવી તે આર્તધ્યાન છે.

(૨) પ્રીતિ ન હોય તેવા દીકરા, દીકરી, મકાન મળે તેનો સંયોગ ન ઇચ્છવો તે આર્તધ્યાન છે. જ્ઞાનીને જરા આર્તધ્યાન થાય છે પણ વસ્તુને લીધે નહિ. પણ અજ્ઞાની તો પરના કારણે ભૂંડા વિચાર થાય છે એમ માને છે.

(૩) કોઈને છ બાર માસ સુધી રોગ ચાલે તો તેની વિચારણા લંબાવવી તે આર્તધ્યાન છે. અનિષ્ટ માની તેમાં રોકાઈ જાય તે આર્તધ્યાન છે. જ્ઞાની નબળાઈથી રોકાઈ જાય છે તેની મર્યાદા છે, અજ્ઞાનીને મર્યાદા નથી.

(૪) આ તપના કારણે હું સ્વર્ગમાં જાઉં, સતી થઈને પતિને મળું તે આર્તધ્યાન છે. અજ્ઞાની સ્ત્રી પતિ પાછળ બળી મરે તે આર્તધ્યાન છે. તે બધી ભોગની વાંછા છે. જગતવલ્લભ થાઉં એવું વાસુદેવ નિદાન કરે છે. તેનાં ફળ સારાં નથી. નિદાનમાં ફળ ઓછું આવે. શ્રીકૃષ્ણ બચપણથી

બધાને પ્રિય થઈ પડેલા. તે નિદાનનું ફળ સારું નથી.

આર્તધ્યાનમાં ચૈતન્યના પ્રાણ હણાય છે.

આર્તધ્યાન મિથ્યાદૃષ્ટિથી માંડીને છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે. મિથ્યાદૃષ્ટિને ઘણું આર્તધ્યાન હોય છે ને મુનિને ઘણું ઓછું હોય છે. મિથ્યાદૃષ્ટિ જેવું આર્તધ્યાન મુનિને હોતું નથી. જ્ઞાની પર પદાર્થને ઇષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષ કરતા નથી. સ્વભાવમાં સ્થિરતા ન થઈ શકે ત્યારે કોઈ વખતે જ આર્તધ્યાન હોય છે. જ્ઞાની અને અજ્ઞાનીના આર્તધ્યાનમાં ઘણો ફેર હોય છે. જ્ઞાની-અજ્ઞાની બન્નેને રોગના કાળે આર્તધ્યાન થાય છે પણ અજ્ઞાની પરને કારણે માને છે, જ્ઞાની નબળાઈના કારણે માને છે.

'શ્રીમદ્ રાજચંદ્રજી' એક પત્રમાં લખે છે કે 'પર્યાયજ્ઞાન ઉત્પન્ન થવા પ્રથમ જે જીવોને ઉપદેશકપણું વર્તતું હોય તે જીવોએ જે પ્રકારે વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિનું લક્ષ થાય તે પ્રકારે પ્રસંગ પ્રાપ્ત જીવોને ઉપદેશ આપવો ઘટે.'

પર્યાયજ્ઞાનનો અર્થ સમ્યગ્જ્ઞાન સમજવો. પર્યાયમાં જે રાગ ને નિમિત્ત ભાસતાં હતાં તે પલટી પર્યાયમાં જ્ઞાનસ્વભાવી આત્મા ભાસે છે, તે પર્યાયજ્ઞાન છે. જ્ઞાનસ્વભાવી આત્માને જાણતાં રાગ ને નિમિત્તને જાણે તે પર્યાયજ્ઞાન છે, ને જે જ્ઞાનસ્વભાવને નહિ ભાળતાં એકલા રાગ ને નિમિત્તને ભાળે છે તે પર્યાયબુદ્ધિ મિથ્યાજ્ઞાન છે. સવારમાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું હતું કે અજ્ઞાની પર પદાર્થને દેખું છું એમ માને છે તે ઉપર દૃષ્ટિ હતી ને તેને લીધે રાગ-દ્વેષ કરતો પણ જ્ઞાનીને પરને લીધે રાગ-દ્વેષ કે આર્તધ્યાન હોતા નથી.

જેની દૃષ્ટિ ઊંધી છે તેવા મિથ્યાદૃષ્ટિને આર્તધ્યાનથી તિર્યંચગતિનો બંધ પડે છે, ને સમ્યગ્દર્શન થયા પહેલાં કોઈને તિર્યંચગતિનો બંધ પડી ગયો હોય ને પછી ક્ષાયિક સમ્યગ્દર્શન થાય તો ભોગભૂમિમાં તિર્યંચ થાય. તે સિવાયના અન્ય જે સમ્યગ્દૃષ્ટિ જીવ છે તેને આર્તધ્યાન થવા છતાં તિર્યંચગતિનો બંધ થતો નથી, કારણ કે તેને આત્માનો સત્કાર ને બહુમાન છે, આગળ સમ્યગ્દૃષ્ટિને રૌદ્રધ્યાન કહેશે.

અંજના સતી સગર્ભા હતાં, જ્ઞાની હતા, રુદન કરે છે, આર્તધ્યાન વર્તે છે છતાં ભાન છે કે અમે જ્ઞાની છીએ, નબળાઈથી આર્તધ્યાન થઈ જાય છે છતાં પંચમ ગુણસ્થાન ખસતું નથી. સીતાજીને જંગલમાં મોકલે છે, ત્યાં તેમને સારથી રામચંદ્રજીનો હુકમ કહે છે ત્યારે સીતાજી કહે છે કે 'રામને કહેજે મને છોડી પણ આત્માના ધર્મને ન છોડે' પછી જંગલમાં એકલા રુદન કરે છે પણ આત્માનું ભાન છે. આર્તધ્યાન થવા છતાં તિર્યંચગતિનો બંધ પડતો નથી. જે સંકલેશ પરિણામથી તિર્યંચગતિ બંધાય એવા સંકલેશ પરિણામ જ્ઞાન સ્વભાવની પ્રતીતિ હોવાને લીધે જ્ઞાનીને થતા નથી. માટે તિર્યંચગતિનો બંધ આર્તધ્યાન હોવા છતાં જ્ઞાનીને પડતો નથી.

## પ્રસાદ નં. – ૩૩

**વી. નિ સં. ૨૪૭૯, માગશર સુદ ૩, વર્ષ ત્રીજું પુસ્તક બીજું, સોનગઢ, તા. ૨૦-૧૧-૫૨, ગુરુવાર.**

**(કારતક વદ ૧૨, શુક્રવાર, ૧૪-૧૧-૫૨ બપોર)**

આ ગાથા ધ્યાનની છે. અકષાયધ્યાન ને કષાયધ્યાન એમ ધ્યાન બે પ્રકારે છે. આત્મા અકષાયસ્વરૂપ છે તેની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા કરવી તે અકષાયધ્યાન છે ને તેની રુચિ છોડીને પરમાં લીનતા કરવી તે કષાયધ્યાન છે. અકષાયધ્યાન દ્વારા નિશ્ચય મોક્ષમાર્ગ ને વ્યવહાર મોક્ષમાર્ગ પ્રગટ થઈ જાય છે. તેથી ક્યું ધ્યાન છોડવા જેવું છે તે કહે છે.

આર્તધ્યાન - કષાયધ્યાન છોડવા જેવું છે. રૌદ્રધ્યાન પણ કષાય છે ને તે છોડવા જેવું છે. હવે રૌદ્રધ્યાનની વાત કરે છે.

### (૨) રૌદ્રધ્યાન

(૧) **હિંસાનંદ :–** મિથ્યાદૃષ્ટિ હિંસાના પરિણામમાં આનંદ માને છે તે હિંસાનંદ રૌદ્રધ્યાન છે. જ્ઞાનીને હિંસાના પરિણામ કોઈ વાર થઈ આવે પણ તેમાં તે આનંદ માનતા નથી.

(૨) **મૃષાનંદ :–** જૂઠું બોલવાનો અલ્પ રાગ મુનિને કોઈ વાર થઈ આવે છે. વ્યવહાર ચાર પ્રકારના – સત્ય, અસત્ય વગેરે - ભાષા હોય છે. સહેજ અસત્ય ભાવ આવી જાય પણ મુનિને રૌદ્રધ્યાન હોતું નથી. મિથ્યાદૃષ્ટિથી માંડી પાંચમા ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન હોય છે. જૂઠું બોલવામાં લાભ માની આનંદ માનવો તે મિથ્યાદૃષ્ટિને છે તે મૃષાનંદ રૌદ્રધ્યાન છે. જ્ઞાનીને જરા જૂઠું બોલવાનો ભાવ આવે પણ તેમાં આનંદ માનતા નથી.

(૩) **સ્તેયાનંદ :–** ચોરી કરવામાં ખુશી થવું તે સ્તેયાનંદ રૌદ્રધ્યાન છે. ચોથા-પાંચમા ગુણસ્થાનવાળાને રૌદ્રધ્યાન હોય છે પણ તેમાં તે આનંદ માનતા નથી. મિથ્યાદૃષ્ટિ જીવ ચોરી કરવામાં આનંદ માને છે.

(૪) **વિષયસંરક્ષણાનંદ :–** વિષયોની રક્ષા કરવી તેવી આસક્તિનો ભાવ શ્રાવકને આવે છે. પણ જ્ઞાની આનંદ માનતા નથી ને મિથ્યાદૃષ્ટિને એમ છે કે પર વસ્તુનું હું રક્ષણ કરી શકું છું ને તેવા ભાવમાં તે આનંદ માને છે. વિષયોને રાખવાના ભાવમાં આનંદ માનવો તે રૌદ્રધ્યાન નરકનું કારણ છે.

આ ચારથી ઉત્પન્ન થયેલ રૌદ્રધ્યાનના જ ભેદો છે. ને તે ન્યૂનાધિકતાથી મિથ્યાદૃષ્ટિથી માંડીને પંચમ ગુણસ્થાન સુધી હોય છે. આ રૌદ્રધ્યાન મિથ્યાદૃષ્ટિને ઊંધી રુચિના કારણે નરકની ગતિનું કારણ બને છે. જ્ઞાનીને નરકનું કારણ નથી. કોઈએ સમ્યગ્દર્શન થયા પહેલાં નરક આયુ બાંધ્યું હોય તે સિવાયના અન્ય સમ્યગ્દૃષ્ટિને રૌદ્રધ્યાન હોવા છતાં નરકનું આયુષ્ય બંધાતું નથી. સમ્યગ્દૃષ્ટિને નિજ આત્માનું સ્વરૂપ ઉપાદેય છે, પર્યાય, રાગ ને નિમિત્ત ઉપાદેય નથી. આવા વિશેષ ભેદજ્ઞાનના બળથી તેને નરકગતિ બંધાતી નથી. નરકગતિ જવારૂપ સંકલેશ પરિણામ સમ્યગ્દૃષ્ટિને થતા જ નથી.

## (૩) ધર્મધ્યાન

હવે ધર્મધ્યાનની વાત કરે છે. આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનના ત્યાગરૂપ લક્ષણનું ધારક ધર્મધ્યાન છે. તે ધર્મધ્યાનના ચાર પ્રકાર કહે છે.

(૧) **આજ્ઞાવિચય :–** અસંયત સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, મુનિ ને અપ્રમત્ત એવા ચાર ગુણસ્થાનમાં ધર્મધ્યાન ઉત્તરોત્તર વધતી દશામાં હોય છે. ધર્મી જીવને પ્રધાનતાથી શુદ્ધ સ્વભાવનો વિચાર હોય છે છતાં ભૂમિકા અનુસાર શુભરાગ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની આજ્ઞા વગેરેનો વિચાર આવે છે. તેથી પુણ્યબંધ થાય છે. સ્વભાવની અકષાયદશા તે ધર્મધ્યાન છે, છતાં સમકિતીને પ્રતીતિ યથાર્થ છે તેથી તેના શુભરાગને ઉપચારથી ધર્મધ્યાન કહે છે, તે પરંપરા મોક્ષનું કારણ છે.

સમ્યગ્દૃષ્ટિને આત્માની દૃષ્ટિ થઈ છે. પ્રયોજનભૂત જ્ઞાન છે પણ અપ્રયોજનભૂત વાતનું વિશેષ જ્ઞાન થવા માટે ગુરુનો યોગ કોઈવાર ન હોય તોપણ તે કુદેવાદિની પ્રતીતિ કરતો નથી. જે શાસ્ત્ર સાચા દેવ, ગુરુ, શાસ્ત્રની તથા નવ તત્ત્વની યથાર્થ વાત કરે તે શાસ્ત્રની અપ્રયોજનભૂત વાત પણ યથાર્થ જ હોય છે. અહીં અલ્પજ્ઞાનનો ધારકનો અર્થ એમ નથી કે ગમે તેવા દેવ, ગુરુ, શાસ્ત્ર હોય ને માનતો હોય. અલ્પજ્ઞાનમાં પણ શુદ્ધ જીવ તત્ત્વ, પુણ્ય, પાપ, આસ્રવ વગેરે તત્ત્વોને સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર દ્વારા જાણેલ છે, પણ તેમાં સૂક્ષ્મ તત્ત્વનો કોઈ ખ્યાલ ન આવે ને ગુરુનો યોગ ન હોય તો તે સૂક્ષ્મ તત્ત્વ સર્વજ્ઞે કહેલું તત્ત્વ સાચું છે – એમ માનવું તે 'આજ્ઞાવિચય' ધર્મધ્યાન છે, કેમકે, જિનેન્દ્ર ભગવાન અન્યથા અથવા જૂઠું કહેવાવાળા નથી. સૂક્ષ્મ એટલે અમુક ગુણસ્થાને અમુક પ્રકૃતિ બંધાય વગેરે સૂક્ષ્મવાત, જે અપ્રયોજનભૂત હોય અને પોતાના ખ્યાલમાં તે વાત આવતી ન હોય તો સર્વજ્ઞ કહે તેમ

માનવું.

પણ જે પ્રયોજનભૂત વાત એટલે સાચા દેવ, ગુરુ, શાસ્ત્રના સ્વરૂપમાં ભૂલ કરે, અનેકાંત ધર્મમાં ભૂલ કરે, પ્રમાણભૂત રકમમાં અપ્રમાણપણું હોય તો અજ્ઞાની જ છે. એમાં ભગવાન કહે તે સાચું એમ ન ચાલે. પ્રયોજનભૂત વાતમાં પરીક્ષા પ્રધાની થઈ યથાર્થ નિર્ણય કરવો જોઈએ. પછી અપ્રયોજનભૂત વાત જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા અનુસાર માને તો 'આજ્ઞાવિચય' ધર્મધ્યાન છે.

સર્વજ્ઞે કહેલી સંતોની દશા, ઉપયોગની દશા, અનેકાંત ધર્મ નિશ્ચય તથા વ્યવહારને જેમ છે તેમ યથાર્થ જાણવાં જોઈએ. પ્રયોજનભૂત વાતની ખબર હોવી જોઈએ. 'ધવલ'ના ટીકાકાર 'વીરસેન સ્વામી' છે. તેમણે લખેલ છે કે 'અમુક પ્રકૃતિની ધારણા બાબત બે મુનિના બે મત પડ્યા છે. અમો કોને નક્કી કરીએ ? તે બાબતમાં સર્વજ્ઞે કહેલું સત્ય છે – એમ માનવું.' 'વીરસેન સ્વામી' એમ કહે છે કે 'મુનિઓએ જે માર્ગ કહ્યો તેમાં અપ્રયોજનભૂતમાં બે આચાર્યના બે મત પડ્યા, તેમાં કોણ ખોટા છે તે કહેતાં મારી જીભ ન ઉપડે. કારણ તે ધારણાના બોલ છે.' એ સૂક્ષ્મ વાતમાં આજ્ઞા પ્રમાણે માનવું ને વિચારવું તે 'આજ્ઞાવિચય' ધર્મધ્યાન છે.

કોઈ ભગવાનની આજ્ઞાના નામે દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ ખોટું માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. તેને આ ધર્મધ્યાન હોતું નથી. પ્રયોજનભૂતમાં ભૂલ ન ચાલે. અહીં સૂક્ષ્મ વાત આજ્ઞાથી માનવાનું કહ્યું તે કરણાનુયોગ વગેરેમાં છદ્મસ્થને પ્રત્યક્ષ અથવા અનુમાનગોચર નથી – એ સૂક્ષ્મ સમજવું. જે અપ્રયોજનભૂત છે, જેમકે સમયે સમયે થતા સૂક્ષ્મ પરિણમનની અપેક્ષાએ જ્ઞાનાદિકના તથા સ્નિગ્ધ-રૂક્ષાદિકના અંશોનું જે નિરૂપણ કર્યું છે તે તો આજ્ઞાથી જ પ્રમાણ થાય છે. (મો. પ્ર. પા. ૨૭૮)

(૨) **અપાયવિચય :–** સાચા દેવ, ગુરુ, શાસ્ત્રની પ્રતીતિ, જ્ઞાન તે ભેદ રત્નત્રય છે, ને આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા તે અભેદ રત્નત્રય છે. અભેદ રત્નત્રયથી શુભાશુભનો નાશ થાય છે ને ભેદરત્નત્રયથી અશુભનો નાશ થાય છે. એવા અભેદ ને ભેદ રત્નત્રય દ્વારા અમોને તથા બીજાને કર્મોનો ક્યારે નાશ થાય ? અનર્થનો નાશ ક્યારે થાય ? – એમ વિચારવું તે 'અપાયવિચય' ધર્મધ્યાન છે. આર્તધ્યાન કર્મનું કારણ છે. તે આર્તધ્યાન ક્યારે નાશ થાય ? – તેમ વિચાર કરે છે. બીજા જીવો પણ પોતાના સ્વભાવનું શ્રદ્ધા, જ્ઞાન કરી કર્મોનો નાશ કરે, ને પોતાનું પણ એજ પ્રમાણે ચિંતવવું તે ધર્મધ્યાનનો બીજો પ્રકાર છે.

(૩) **વિપાકવિચય :–** હવે ત્રીજા પ્રકારનું ધર્મધ્યાન કહે છે. શુભ - અશુભ કર્મોનો ઉદય આત્મામાં નથી. પોતે ભૂલ કરે છે ને કર્મને વશ પોતે થાય છે. તે પાપકર્મના કારણે નરકમાં તથા ઢોરમાં જન્મી દુઃખ ભોગવે છે. નરકમાં પ્રતિકૂળ સંયોગ આવે છતાં તેને તાબે થાય તો દુઃખ થાય છે. મનુષ્યમાં નિર્ધનતાની ને સધનતાની બળતરા હોય છે. પુણ્યના ઉદયને લીધે દેવમાં ફળને ભોગવે છે. અજ્ઞાની સુખ કલ્પે છે. તે બધો પુણ્ય-પાપ કર્મનો પાક છે. તેને

વશ થઈ રાગાદિ ભોગવે છે. લૌકિક સુખ હોય તોપણ દુઃખ છે તથા દુઃખ હોય તોપણ દુઃખ છે. પ્રાણીઓ કર્મને વશ થઈ દુઃખ ભોગવી રહ્યાં છે – એમ વિચાર કરવો તે 'વિપાકવિચય' ધર્મધ્યાન છે.

(૪) **સંસ્થાન-વિચય ધર્મધ્યાન :–** લોકાનુપ્રેક્ષાનો વિચાર કરવો. સ્વર્ગ-નરક વગેરે કેવા પ્રકારનાં સ્થાન છે – એમ વિચાર કરવો તે 'સંસ્થાન-વિચય' ધર્મધ્યાન છે.

આ ચાર પ્રકારના ધર્મધ્યાનનું સ્વરૂપ વર્ણવ્યું.

## ૪ શુકલધ્યાન

હવે શુકલધ્યાનની વાત કરે છે. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવમાં વિશેષ એકાગ્રતા કરે તે 'શુકલધ્યાન' છે. તેના ચાર પ્રકાર છે. (૧) પૃથકત્વવિતર્ક વિચાર. (૨) એકત્વ વિતર્કવિચાર (૩) સૂક્ષ્મ ક્રિયાપ્રતિપાતિ અને (૪) વ્યુપરતક્રિયાનિવૃત્તિ.

**(૧) પૃથકત્વવિતર્કવિચાર :–** પ્રથમ પૃથકત્વવિતર્કવિચારનો વિચાર કરે છે. તે આઠ, નવમા, દસમા ને અગિયારમા ગુણસ્થાન સુધી હોય છે. તે શુકલધ્યાન મહાવિદેહમાં હોય છે. અહીં આ કાળે નથી. આઠમા ગુણસ્થાનેથી ધર્મીજીવને આત્માનું પરમાર્થે ધ્યાન હોય છે. તોપણ ત્યાં અનીહિતવૃત્તિએ, અબુદ્ધિપૂર્વક રાગ રહી ગયો છે. તેથી દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારો પલટાયા કરે છે. તે વિચારો પોતાના ખ્યાલ વિના આવી જાય છે. કોઈ કહે છે કે 'જુઓ ! પર દ્રવ્યના વિચારથી શુકલધ્યાન થાય છે, માટે પરદ્રવ્ય પણ હિતકારી છે.' પણ તે ભૂલ છે. આઠમા ગુણસ્થાનમાં પૂર્ણ દશા નથી, તેથી અબુદ્ધિપૂર્વક રાગ છે. એટલે પૃથક્ પૃથક વિચારો દ્રવ્ય-ગુણ-પર્યાયના હોય છે, પણ તેથી આઠમે ગુણસ્થાને ધ્યાનમાં અનેકતાના ભંગભેદ આવતા નથી. જ્ઞાયકની મુખ્યતા વિના સમ્યગ્દર્શન થાય નહિ. તો પછી શુકલધ્યાન ક્યાંથી થાય ? આઠમે ગુણસ્થાને પરદ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદની મુખ્યતા થઈ જાય ? ના. ત્યાં તો અખંડ સ્વદ્રવ્યમાં એકાકાર છે, આનંદમાં લીન છે. ત્યાં સ્વદ્રવ્યના આશ્રયે જ શુકલધ્યાન થાય છે. તો પણ અબુદ્ધિપૂર્વકના રાગમાં આવા પૃથક વિચારો અનીહિતવૃત્તિએ આવી જાય છે. પરદ્રવ્ય, ગુણ, પર્યાય ભેદના અવલંબને સમ્યગ્દર્શન કે ધર્મધ્યાન થતું નથી.

આઠમા ગુણસ્થાને છ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદના અવલંબને શુકલધ્યાન થતું નથી, સ્વઆત્માના અવલંબને જ થાય છે, પણ ત્યાં અબુદ્ધિપૂર્વક વિચાર ચાલે છે. કોઈવાર ધર્મદ્રવ્યનો, કોઈવાર પોતાનો કોઈવાર ગુણનો વિચાર આવે છે. ભેદથી ધર્મ થતો નથી, પણ પ્રથમ દૃષ્ટિ થઈ છે પછી ખૂબ શુદ્ધતા થઈ, પણ પૂર્ણ શુદ્ધતા થઈ નથી. ત્યાં છ દ્રવ્યોના દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારો આવી જાય છે, પણ તે ભેદના વિચારો આવે છે, માટે શુકલધ્યાન થતું નથી, ટકતું નથી, વધતું નથી – એમ જાણવું જોઈએ.

અજ્ઞાની કહે છે કે વાસણને કાટ લાગ્યો હોય તો ઠીકરાને કાથી ઘસવાથી મેલ નીકળે

છે, તેમ આત્મામાં કર્મના મેલ લાગ્યા છે તો વહેવાર કરતાં કરતાં તથા ઉપવાસાદિની ક્રિયા કરવાથી મેલ નીકળે. ભાઈ, તે તો મિથ્યાભ્રાંતિ છે. આઠમે ગુણસ્થાને જે ભેદ ઊઠે છે તે અશુદ્ધનયનો વિષય છે, તે શુકલધ્યાન નથી, તેના લીધે શુકલ-ધ્યાન નથી, તેથી શુકલધ્યાન વધતું નથી. તો પછી નિમિત્ત ને રાગથી ધર્મ થાય એ વાત જ ક્યાં છે ? સ્વભાવની એકાગ્રતાથી શુકલધ્યાન થાય છે. તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો જુદાપણાનો અબુદ્ધિપૂર્વક વિકલ્પ આવે છે. તે પૃથકત્વ છે.

સ્વભાવની સન્મુખ દશા વધે તેને ભાવશ્રુતનો અનુભવ કહે છે ને નિજશુદ્ધ આત્મા કહેવાવાળા જે અંતરંગ સૂક્ષ્મ વચનને વિતર્ક કહે છે. અંદરમાં એવો સૂક્ષ્મ વિકલ્પ-જલ્પ ઊઠે છે, અબુદ્ધિપૂર્વક રાગ છે, એટલે જલ્પ ઊઠે છે, તેની ભૂમિકામાં આવો ભેદ છે. તે ભેદ શુકલધ્યાન નથી, છતાં તે ભેદ ઇચ્છા વિના આવે છે, તે વિતર્ક છે.

એક અર્થમાંથી બીજા અર્થમાં એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અથવા એક ચેતન દ્રવ્યથી બીજા દ્રવ્યમાં એમ ઇચ્છા વિના વિચાર આવે છે. છ દ્રવ્યોના દ્રવ્ય-ગુણ-પર્યાય – એમ અઢાર બોલનો વિચાર અંદર તે ભૂમિકામાં હોય છે. ઇચ્છા વિના એક વચનથી બીજા વચનનો સત્ય, અસત્ય વગેરે ચાર પ્રકારના વચનમાં અબુદ્ધિપૂર્વક યોગમાં ફેરફાર થાય, મન-વચન-કાયાના કંપનમાં ફેર પડે છે તેમાં ત્રણ યોગમાંથી એક યોગથી બીજા યોગમાં પલટે છે. આવી રીતે ઇચ્છા વિના એક પદાર્થથી બીજા પદાર્થ તરફ પરિણમન, એક વચનથી બીજા વચન તરફ પરિણમન, ને એક યોગથી બીજા યોગમાં પરિણમન થવું તેને વિચાર કહે છે. આમ 'પૃથકત્વ વિતર્ક વિચાર' શુકલધ્યાનનો અર્થ કર્યો.

**ભાવાર્થ :–** નિજ ચિદાનંદ આત્મા સ્વરૂપ આનંદકંદ છે. તેને છોડી ધ્યાન કરવા વખતે બીજા પદાર્થોની ચિંતા કરતા નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદો, વચનના ભેદો, ને યોગના ભેદો પડે તે જાણવાની જીવની એવી લાયકાત છે. સ્વને જાણતા પર એવા ભેદોને જાણી લે છે. પરપ્રકાશક જ્ઞાન ઉપર લક્ષ નહિ હોવા છતાં એવા ભેદો હોય છે. ધ્યાતા પુરુષ પરની ચિંતા કરતો નથી. પોતાનું જ ધ્યાન કરે છે. તથાપિ પોતાના સ્વભાવમાં સ્થિરતા નથી. એટલે ઇચ્છા વિના વૃત્તિ ઊઠે છે, તે અસ્થિરતા અથવા ભેદો ધર્મનું કારણ નથી. તેમજ તે ધ્યાન નથી. નિજાનંદની એકાગ્રતા ને સ્થિરતા ધ્યાનનું કારણ છે, પણ કષાયનો સદ્ભાવ છે ત્યાં સુધી અસ્થિરતા આવે છે. આઠમે જેટલી અસ્થિરતા છે તે ધ્યાન નથી. પૃથકત્વ વિતર્ક વિચાર ને ધ્યાન કહ્યું એનો અર્થ કે તે પૃથકત્વ વિતર્ક વિચાર ધ્યાન નથી. પણ સ્વભાવમાં જેટલી સ્થિરતા છે તે ધ્યાન છે, તે અબંધનું કારણ છે, જેટલી અસ્થિરતા છે, અનિહીતવૃત્તિએ જે રાગ ને લોભનો અંશ રહી જાય છે તે ધ્યાન નથી, તે બંધનું કારણ છે. પૃથકત્વ વિતર્ક વિચારપણું તેને શુકલધ્યાન કહ્યું છે એનો અર્થ સમજવો જોઈએ કે તે શુકલ ધ્યાન વખતે જેટલો ભેદ વર્તે છે તે ભેદને બતાવે છે. પૃથકતા ને ફેરફાર થવો તે નિર્જરાનું કારણ નથી. અજ્ઞાની જીવો આ પ્રશ્ન ઉઠાવે

છે કે આ શુકલ ધ્યાનના ભેદ છે કે નહિ ? ને જો શાસ્ત્રમાં તેને શુકલધ્યાન કહ્યું છે તો પછી તે પૃથકત્વ આદિ વિચારથી આત્માને લાભ થાય કે નહિ ? – એવો પ્રશ્ન ઉઠાવે છે. પણ ભાઈ, ત્યાં સ્વદ્રવ્યનો વિચાર કરવો કે પરદ્રવ્યનો વિચાર કરવો ? તેમાં જેટલો અબુદ્ધિપૂર્વક રાગ છે તે બંધનું કારણ છે. તે શુકલધ્યાન નથી, તે શાંતિનું કારણ નથી. ભલે તેને પૃથકત્વ વિતર્ક વિચાર નામના શુકલધ્યાનથી ઓળખાવ્યું, કારણ તેમાં તે ભૂમિકામાં એવા ભેદના વિચાર આવે છે, પણ જેટલી સ્વભાવમાં સ્થિરતા વર્તે છે તેટલું જ ધ્યાન છે, તે જ શાંતિનું કારણ છે.

### કારતક વદ ૧૩, શનિવાર, ૧૫-૧૧-૫૨

આ શુકલધ્યાનની વાત ચાલે છે. ધ્યાનથી મોક્ષ થાય છે. આ ગાથા ધ્યાનની છે. આત્મા જ્ઞાયક સ્વરૂપ છે, તે ગમે તે કાળે નિમિત્તમાં ક્ષેત્રમાં હોય કે ભલે વિકલ્પમાં હોય તોપણ શુદ્ધ આત્માની રુચિ ને સ્થિરતા કરવી તે એક જ મુક્તિનું કારણ છે – એમ કેવળી ભગવાને જોયું છે. વળી ક્રમબદ્ધમાં પણ એમ જ આવે છે. ક્રમબદ્ધ પર્યાયને સમજનારને પરપદાર્થનું ને રાગનું કર્તૃત્વ ઉડી જાય છે, ને સ્વભાવની બુદ્ધિ થાય છે. તેને વિકલ્પ ઉઠે તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો જ હોય ને કેવળજ્ઞાન વખતે 'વજ્રર્ષભનારાયસંહનન' હોય જ છતાં વાસ્તવિક, વ્યવસ્થિત પર્યાયનો ક્રમ ફરતો નથી.

પર તરફથી ઉદાસ થઈ સ્વ તરફ એકાગ્ર થવું એજ ચારિત્ર છે. અહીં પણ એ એક જ ઉપાય કહ્યો છે.

ઉંધા સમજનારને પણ ક્રમસર પરિણમન છે. તેમાં ફેર નથી. દરેક પદાર્થનો વ્યવસ્થિત પર્યાય થાય છે – એનો નિર્ણય કરવો તેજ ધર્મ છે આ જ સ્વમાં કર્તવ્યપરાયણપણું છે. ભાઈ, શાંત થા. બધો મેળ મળે તેમ છે. એક જ નિયમ પકડ કે ચૈતન્ય ને જડ પદાર્થોની અવસ્થા તેના કારણે થાય છે, માટે પર તરફની કર્તાપણાની બુદ્ધિ ઉડાડી સ્વભાવ તરફની બુદ્ધિ કર તે એક જ સુખનો ઉપાય છે.

'શ્રીમદ્ રાજચંદ્રજી'એ કહ્યું છે, 'અરે ! અમારી વાતને કોણ દાદ આપશે ?' સત્યના ભણકાર આપતી આ વાત છે, પણ સંપ્રદાયબુદ્ધિવાળા લોકોને આ વાત બેસતી નથી.

ક્રમબદ્ધનો ન્યાય આ ગાથામાં (૪૭) આવશે. બે પ્રકારનો મોક્ષમાર્ગ ધ્યાનથી પમાય છે – એમાં કહ્યું છે તેમાં 'पयत्त चित्ता' 'પ્રયત્ન ચિત્તથી અભ્યાસ કરો' – એમ કહ્યું છે તે પુરુષાર્થમાં ક્રમબદ્ધનો ન્યાય આવી જાય છે. જ્યાં ક્રમબદ્ધ કીધું ને જીવ યથાર્થ સમજ્યો તેમાં સમજનારની

નિમિત્ત બુદ્ધિ ને રાગ બુદ્ધિ ટળે છે ને સ્વબુદ્ધિ થાય છે. તે પુરુષાર્થમાં ક્રમબદ્ધનો ન્યાય આવી જાય છે. જે પર્યાય જે થવાની તે થવાની – એમ નિર્ણય કરનાર પરથી ખસી સ્વ તરફ વળે છે. એટલે સ્વભાવ તરફ ઢળી આવતાં ક્ષણિક પર્યાયની રુચિ ટળતાં સ્વભાવની રુચિ અને એકાગ્રતા થાય છે. – આમ ધ્યાન કહો કે ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કહો એક જ છે. ધ્યાનથી બંને મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે. એટલે કે ક્રમબદ્ધપર્યાયના નિર્ણયથી બન્ને નિશ્ચય ને વ્યવહાર મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે.

આત્માની ગતિ આદિ દશામાં જે જે નિમિત્ત હોય તે ભલે હો. પણ સ્વભાવનું જ્ઞાન થયા વિના આ નિમિત્ત છે – એમ કોણ જાણશે ? સ્વ-પર પ્રકાશક સ્વભાવ ખીલ્યા વિના આ પર છે – એમ નક્કી કોણ કરશે ? આત્મા સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે એવો નિર્ણય કરતાં બધું ખ્યાલમાં યથાર્થપણે આવી જાય છે.

અહીં ધ્યાનની ગાથામાં આચાર્યે એમ કહ્યું કે ‘સ્વભાવ સન્મુખ જવા માગતા હો તો આર્ત-રૌદ્ર ધ્યાનને છોડો, એટલે કે સ્વભાવ સન્મુખ તરફ વિશેષ ઢળો.’ એમાં ક્રમબદ્ધનો નિર્ણય આવી જાય છે.

હવે ચાલુ ગાથા-૪૮, પા.–૧૮૪માં ‘यह प्रथम शुक्लध्यान उपशम श्रेणी की’ આ શુકલધ્યાનના પ્રથમ ભેદ પૃથકત્વ વિતર્ક વિચારની વાત ચાલે છે. આ પ્રથમ શુકલધ્યાન ઉપશમ શ્રેણીની વિવક્ષામાં કે જ્યાં પુરુષાર્થની મંદ ધારા વહે છે, ત્યાં આઠમું અપૂર્વકરણ ઉપશમક, નવમું અનિવૃત્તિકરણ ઉપશમક ને દસમું સૂક્ષ્મસાંપરાય ઉપશમક ને અગીયારમામાં ઉપશાંત કષાય – આ ચાર ગુણસ્થાનકોમાં હોય છે, ને ક્ષપકશ્રેણીની વિવક્ષામાં એટલે કે સ્વરૂપમાંથી પાછો ન ફરે એવી ક્ષપકશ્રેણીમાં આઠમા અપૂર્વકરણ ક્ષપક, નવમા અનિવૃત્તિકરણ ક્ષપક, ને દસમા સૂક્ષ્મસાંપરાય ક્ષપક – એમ ત્રણ ગુણસ્થાનકોમાં હોય છે.

આ પ્રમાણે પ્રથમ શુકલધ્યાનની વાત કરી.

(૨) **એકત્વવિતર્કવિચાર :–** હવે શુકલધ્યાનની બીજા પાયાની વાત કરે છે. આ ધ્યાન વખતે શરૂઆતમાં દ્રવ્ય-ગુણ અથવા પર્યાયના વિચારમાં હોય છે, આત્મા દ્રવ્યનો અથવા વિકાર રહિત આત્માના સુખના અનુભવરૂપ પર્યાયમાં અથવા નિજ આત્માના જ્ઞાનગુણમાં આ ત્રણમાંથી એકમાં ધ્યાની પ્રવૃત્ત છે. આ ધ્યાન મહાવિદેહમાં હોય છે. અહીં અત્યારે હોતું નથી, છતાં તે દશાની તાકાત કેટલી છે – તેનું જ્ઞાન કરવું જોઈએ. શુકલધ્યાનના બીજા ભાગમાં પોતાના દ્રવ્યમાં લીન રહે છે કાં તો પોતાના આનંદમાં લીન હોય છે, ને કાં તો પોતાના ગુણના વિચારમાં રહે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં અટકવું તે ધ્યાન નથી. સ્વભાવમાં લીનતારૂપ દશા તે ધ્યાન છે, પણ શરૂઆતમાં આવી પલટાતી દશા હોય તે જાણવા જોગ છે.

બારમા ગુણસ્થાનની શરૂઆતમાં કોઈ વિચાર પલટાતા હોય તો તે જાણવા જેવું છે. જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ છે માટે પલટતો ભાવ છે – એમ કહ્યું છે. પણ તે જ ધ્યાનની બીજી કક્ષામાં

એ ત્રણ ભેદ રહેતા નથી. ત્યાં બારમી ભૂમિકામાં ભાવશ્રુત જ્ઞાન છે. વિતર્ક :– ભાવશ્રુત જ્ઞાનના બલથી સ્થિર થાય છે. જ્ઞાનની નિર્મળતા સ્વભાવ તરફ ઢળ્યું ને શાંતિનું વેદન થયું તે ભાવશ્રુતજ્ઞાન પોતામાં સ્થિર થયું. જ્યારે પલટન પામે છે ત્યારે બારમાની શરૂઆતમાં એકત્વ વિતર્ક વિચાર કહ્યું, ને પછી જ્યારે વિષય પલટે નહિ તે બારમા ગુણસ્થાનકના પાછલા ભાગમાં તેને એકત્વ વિતર્ક અવિચાર કહે છે ને પછી કેવળજ્ઞાન થાય છે.

જે કોઈ સમ્યગ્દર્શન અથવા ચારિત્ર અથવા મોક્ષ પામે છે. તે ધ્યાનથી જ પામે છે.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એમ આવશે કે જ્ઞાનના અનેક પ્રકારના વિચાર કરવા તે રાગનું કારણ નથી, કેમકે ધર્મી જીવ અકષાય સ્વભાવ તરફ ઢળ્યો છે, ને રાગ ઘણો ઘટ્યો છે – તે અપેક્ષાએ તેને વીતરાગ કહી દીધો છે. જ્ઞાનની વિશેષ ખીલવટ છે ને જ્ઞેયોને વિચારે છે, માટે રાગની ઉત્પત્તિ થાય છે – એમ નથી. જ્ઞાન સ્વભાવનું સામર્થ્ય બતાવવા એમ કહ્યું છે. 'સમયસાર'માં એમ કહે છે કે 'નવતત્ત્વની સંતતિની પરીપાટિને છોડી અમોને એક આત્મા જ પ્રાપ્ત થાઓ' – ત્યાં એકલા શુદ્ધ સ્વભાવની પ્રધાનતાથી કથન છે.

શુકલધ્યાનનો બીજો ભાગ એવો છે કે અંતરમાં જમવટ જામી છે, જેથી અલ્પકાળમાં કેવળજ્ઞાન થાશે.

(૩) **સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ :–** કેવલીભગવાનને ઉપચારથી સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ શુકલધ્યાન કહે છે. ભગવાનને શુદ્ધતા વધતી જાય છે ને અનંત આનંદનો અનુભવ કરી રહ્યા છે માટે ધ્યાન ઉપચારથી કહ્યું છે. તેરમા ગુણસ્થાનકના છેલ્લા ભાગમાં આ ત્રીજો પાયો હોય છે. અહીં યોગની ક્રિયાની વાત છે. ચિદાનંદના ઉપયોગરૂપ પરિણમન તે ધર્મ છે. યોગના કંપનથી કર્મ આવે છે, ને શુભાશુભ ભાવથી – પરિણામથી બંધ છે. ક્રિયા તે કર્મ – એટલે શું ? શરીરની ક્રિયાની વાત નથી. આત્માના પ્રદેશોકંપે છે – તે ક્રિયા છે. ભગવાનને કંપન છે, તેથી ક્રિયા ગણવામાં આવે છે. તેરમાના છેલ્લા ભાગમાં કંપન ઘણું ઓછું છે – એમ બતાવે છે. ભગવાનને સૂક્ષ્મ કંપન રહે છે, તેથી તે આ ધ્યાનને સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ નામનું ધ્યાન કહ્યું છે.

(૪) **વ્યુપરતક્રિયાનિવૃત્તિ :–** શુકલધ્યાનના ચોથા પાયામાં કંપનની ક્રિયાનો અભાવ છે. આ ચૌદમા ગુણસ્થાનકે હોય છે. જ્યાં કોઈપણ પ્રકારનું કંપન અથવા યોગ નથી, એટલે જેમાં કંપનની ક્રિયા દૂર થઈ છે એ અપેક્ષાએ આ ગુણસ્થાનકે વ્યુપરતક્રિયાનિવૃત્તિ શુકલધ્યાન કહે છે. ત્યાર પછી સિદ્ધદશા પ્રગટે છે.

**(૫) ધર્મધ્યાન :–** હવે ધર્મધ્યાનની વાત કરે છે. અધ્યાત્મભાષાથી વાત કરે છે. સહજ – સ્વભાવિક ને નિર્મળ પરમ ચૈતન્યથી શોભાયમાન આત્મા છે. પોતાના જાણવા-દેખવાના સ્વભાવથી શોભાયમાન છે. પુણ્ય-પાપથી શોભાયમાન નથી. તથા પરિપૂર્ણ અમૃતનો કુંડ પ્રભુ છે. પર્યાયમાં અલ્પજ્ઞતા છે, પણ સ્વરૂપ તો આનંદના સમૂહને ધારણ કરવાવાળું છે. આવો નિજ આત્મા વર્ણવ્યો. નિમિત્તવાળો કે રાગવાળો ન કીધો. તેમજ એક સમયની સંવર, નિર્જરા પર્યાય જેટલો

નહિ, પણ આનંદથી ભરપૂર, ત્રિકાળી ધ્રુવ, આત્મા છે. તેમાં ઉપાદેય બુદ્ધિ કરવી તે જ ઉપાય છે. ક્રમબદ્ધ પર્યાયમાં પુરુષાર્થ આવી જાય છે. પણ આ ક્રમબદ્ધ પર્યાયની વાત બહાર આવતા અજ્ઞાની ભડકે છે. વસ્તુના કેવળજ્ઞાનને નક્કી કર, અથવા ક્રમબદ્ધને નક્કી કર, અથવા શુદ્ધ આત્મા આનંદથી ભરપૂર છે. તેની ઉપાદેય બુદ્ધિ કર. એ બધી એક જ વાત છે. ભાષા ફરે ત્યાં અજ્ઞાની ભડકે છે.

પોતાના શુદ્ધ આત્માની ઉપાદેય બુદ્ધિ કરી તેમાં ભાવના કર. હું આનંદ સ્વભાવથી ભરેલો છું. શુદ્ધ આત્મા આદરણીય છે – એમ કહો, સમ્યગ્દર્શનનો વિષય કહો, દ્રવ્યદૃષ્ટિ કહો તે બધું એક જ છે.

મારો સ્વભાવ અમર્યાદિત, બેહદ, આનંદનો ધરનાર છે, અનંત જ્ઞાનનો ધારક છે, અનંત વીર્યની મૂર્તિ છે – એવા સ્વભાવ તરફનું ઘોલન તેને નિશ્ચય ધર્મધ્યાન કહે છે.

રોજ ઉપાશ્રય જનાર તથા સામાયિક, પોષહ, ચોવિહાર કરનારે એકવાર પૂછ્યું હતું કે 'મહારાજ, આત્મા કેટલા પરમાણુના બનેલા હશે ?' આવા લોકોને આત્માની ખબર નથી ને ધર્મધ્યાન કરીએ છીએ – એમ માને છે.

ધર્મ અથવા ધર્મધ્યાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન, લીનતાથી થાય છે. પ્રથમ આત્માની પ્રતીતિને સમ્યગ્દર્શન કહ્યું ને લીનતાને ધ્યાન અથવા ચારિત્ર કહ્યું –

તથા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ તેમની પ્રતિમા તથા વીતરાગી શાસ્ત્રની ભક્તિથી શુભ અનુષ્ઠાન કરવા – તેને બહિરંગ ધર્મધ્યાન કહે છે. ભગવાને કહ્યા પ્રમાણે પોતાની ભૂમિકા અનુસાર વ્રત ને મહાવ્રતાદિના પરિણામ – જે શુભભાવ ઊઠે છે તે બહિરંગ ધર્મધ્યાન છે – તે પુણ્યબંધનું કારણ છે ને સ્વભાવની એકાગ્રતા તે ધર્મનું કારણ છે.

એ પ્રકારે નિજ શુદ્ધ આત્મામાં વિકલ્પ રહિત ધ્યાનને શુકલધ્યાન કહે છે. ત્યાં બુદ્ધિપૂર્વક રાગ હોતો નથી.

**પદસ્થધ્યાન :–** અર્હંત આદિ પંચ પરમેષ્ઠી જીવોનો વિચાર કરવો તે પદસ્થધ્યાન છે.

**પિંડસ્થધ્યાન :–** શરીરમાં રહેલા આત્માનું ધ્યાન કરવું તે પિંડસ્થધ્યાન છે. આત્મામાં સ્થિરતા થાય તે નિશ્ચય છે, ને વિકલ્પ ઉઠે તે વ્યવહાર છે.

**રૂપસ્થધ્યાન :–** અર્હંત ભગવાન શરીરમાં રહેલા સર્વજ્ઞ છે. તેનું ચિંતવન કરવું તે રૂપસ્થધ્યાન છે. મહાવિદેહમાં સીમંધર ભગવાન બિરાજે છે. તેનો વિચાર કરવો તે રૂપસ્થધ્યાન છે.

**રૂપાતિતધ્યાન :–** શરીર રહિત સિદ્ધ ભગવાનનું ધ્યાન કરવું તે રૂપાતીતધ્યાન છે. આ બધામાં આત્મા તરફનું વલણ છે, ને અધૂરું હોય એટલે કે રાગ હોય તો પંચપરમેષ્ઠિ તરફ વલણ છે.

આ પ્રમાણે ક્રમ અનુસાર વિચિત્ર – શબ્દથી અનેક પ્રકારનાં ધ્યાન જાણવાં.

'अब ध्यान के प्रतिबंधक' ધ્યાનનો પ્રતિબંધક જડ કર્મ નથી, કારણ આત્મામાં કર્મનો અભાવ છે. તું રાગ કર તો નિમિત્ત કહેવાય ને વીતરાગતા કર તો કર્મનો અભાવ નિમિત્ત કહેવાય.

હવે ધ્યાનને રોકવાવાળા મોહ, રાગ-દ્વેષની વ્યાખ્યા કરે છે. જડ કર્મ રોકતા નથી. પોતે ભૂંડું ધ્યાન કરે તો ભૂંડું ધ્યાન સવળા ધ્યાનને રોકે છે. જેથી મોહ રાગ-દ્વેષનું સ્વરૂપ કહે છે.

શુદ્ધ આત્મા આદિ નવ તત્ત્વોની વિપરીત બુદ્ધિ તે દર્શનમોહ અથવા મિથ્યાત્વ છે. જીવને અશુદ્ધ માને, પુણ્ય છે જ નહિ એમ માને, અથવા પુણ્ય આદરણીય માને – તે મિથ્યાત્વ છે. જીવ શુદ્ધ છે. કર્મ-શરીર અજીવ છે. પુણ્ય-પાપ આસ્રવ છે વગેરે નવને પૃથક્પૃથક્ ન જાણવા તે વિપરીત અભિનિવેશ છે, તે મિથ્યાત્વ છે. તે યથાર્થ પ્રતીતિ થવા દેતો નથી. વિકાર રહિત નિજ આત્માના શાંતિના અનુભવને રોકવાવાળા રાગ-દ્વેષ છે. તે રાગ-દ્વેષ પોતે કરેલા છે.

ચારિત્રમોહને રાગ-દ્વેષરૂપ કેમ કહ્યા ? – એમ પ્રશ્ન પૂછવામાં આવે તો...

ઉત્તર :– કષાયોમાં ક્રોધ ને માન એ બે દ્વેષના અંગ છે. કપટ ને લોભ રાગના અંગ છે. નોકષાયમાં પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદના વાસનાના ભાવ રાગમાં જાય છે. હાસ્ય એટલે ઠઠ્ઠા, રતિ એટલે ખુશી થવું તે મળીને પાંચ નોકષાય રાગમાં જાય છે. અરતિ... દિલગીરી, શોક કષાય સહિત ઉદાસીનતા, ભય થવો, ગ્લાની થવી – એમ ચાર નોકષાય દ્વેષમાં જાય છે. એમ રાગમાં કુલ સાત પ્રકાર ને દ્વેષમાં છ પ્રકાર – આમ કુલ ૧૩ થાય છે.

હવે કહે છે કે પુણ્ય-પાપ જીવથી થાય છે કે કર્મથી થાય છે ?

સમાધાન :– એકલા પરિણામીભાવથી વાત કરે તો ઉપાદાનથી થાય એમ કહેવાય પણ અહીં નિમિત્ત ને નૈમિત્તિક બન્ને વાત રાખીને કહે છે – પુત્ર માતા-પિતાનો છે. બેના સંયોગથી થયેલ છે. ચૂનો તથા હલ્દી મળવાથી એક પ્રકારનો રંગ થાય છે.

અહીં ભગવાન નિરૂપાધિ તત્ત્વ છે. તે તેની યોગ્યતામાં વિકાર થાય છે તે નિમિત્તના સંબંધે થાય છે – એમ બતાવવું છે. અહીં એ બે ચીજોનો સંયોગ બતાવ્યો એનો અર્થ એમ કે પોતે વિકાર કરે ત્યારે કર્મ નિમિત્ત છે – એ અપેક્ષાને ખ્યાલમાં રાખી એમ કહ્યું કે જીવને કર્મના સંયોગથી કષાય થાય છે.

ઔર જબ નય કી....

હવે નય વિવક્ષાને વશ આનું કથન કરે છે.

ચિદાનંદ ભગવાન આત્મા શુદ્ધ છે. તેને શુદ્ધ આત્મા કહેવો હોય ત્યારે એકદેશ શુદ્ધ નિશ્ચયથી કષાય કર્મથી થાય છે એમ કીધું છે. ધર્મીજીવ ધર્મધ્યાનને શુકલધ્યાનમાં સ્વભાવ તરફ વળેલો છે. ત્યારે બાકી રહેલો રાગ આત્માનું કાર્ય નથી. કર્મનું જ કાર્ય છે. દ્રવ્યદૃષ્ટિની

પ્રધાનતાથી કથન છે. વિકારનો કર્તા પુદ્‌ગલ છે. સ્વભાવે આત્મા વિકારનો કર્તા હોય તો વિકાર રહિત થઈ શકે નહિ – એ દૃષ્ટિએ અહીં કહ્યું છે કે શુદ્ધ, ચિદાનંદ, એકરૂપ રહેનારું તત્ત્વ જેનો કદી અભાવ નથી, છેદ નથી, વ્યય નથી. તેવા તત્ત્વમાં રાગ નથી. અહીં સાધકની વાત છે. કેવલીને રાગ નથી, તેથી નય નથી. બાધકને નય નથી. અહીં સાધકને નયથી વાત કરે છે. તેને શુદ્ધ આત્માનું ભાન છે ને બાકી રહેલો રાગ ટાળવા માગે છે, તેથી રાગ કર્મથી ઉત્પન્ન થયો કીધો છે. ત્યાં દ્રવ્યદૃષ્ટિનું જોર બતાવે છે – એમ જાણવું.

## પ્રસાદ નં. – ૩૫

**વી. નિ સં. ૨૪૭૯, માગશર સુદ ૫, વર્ષ ત્રીજું પુસ્તક બીજું,**
**સોનગઢ, તા. ૨૨-૧૧-૫૨, શનિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪૮**
**(કારતક વદ ૧૪, રવિવાર, ૧૬-૧૧-૫૨ બપોર)**

જે આત્મા સાધક થયો તે અંતર લીન થવા માગે છે તેને વિઘ્ન કરનાર કોણ છે એમ પૂછતા જણાવ્યું કે વિઘ્ન કરનાર મોહ રાગ-દ્વેષ છે તેનું સ્વરૂપ કહ્યું. હવે તે રાગ-દ્વેષ જીવના છે કે કર્મના છે તે નય વિવક્ષાથી બતાવે છે.

હું આત્મા ચૈતન્ય જ્ઞાયક છું એવા સ્વભાવની અધિકતામાં વર્તે છે તેને રાગ કર્મજનિત ગણ્યો છે. જ્ઞાનીને નિમિત્ત તરફની દૃષ્ટિ જ નથી, સ્વભાવની દૃષ્ટિ છે. શરીર, મન, વાણીને પોતાનાં માનતા નથી. રાગ થોડો થાય છે તે અપરાધ પોતાનો છે પણ દૃષ્ટિની મુખ્યતાથી તેને કર્મજન્ય કહેલ છે. કહેવા માગતા એક શુદ્ધ નિશ્ચયનયથી રાગ કર્મથી જન્ય છે. પરમ શુદ્ધનિશ્ચયથી રાગ સ્વભાવમાં નથી તેમ જ કર્મનો નથી પણ અહીં સાધકને જરા રાગ છે તે ટળી જવાનો છે તેથી કર્મજન્ય કહ્યો છે. ધર્મીને નિમિત્તપ્રધાન દૃષ્ટિ નથી ને શુદ્ધઉપાદાનદૃષ્ટિ છે માટે એમ કહ્યું છે.

'શ્રી સમયસાર'માં એમ કહ્યું છે કે જેમ ઘડાનો કર્તા માટી છે, કુંભાર નહિ, તેમ વિકારનો કર્તા શુદ્ધ આત્મા નથી પણ કર્મ જ તેનો કર્તા છે. રાગને ધર્મી ટાળવા માગે છે તેથી રાગ કર્મરૂપી માટીનું કાર્ય છે એમ કહી દીધુ છે.

અજ્ઞાનીને દયા-દાનાદિ ઉપર જ દૃષ્ટિ છે, તેની દૃષ્ટિ એકલી નિમિત્તપ્રધાન જ છે. તેને સ્વભાવની દૃષ્ટિ નથી તેથી પર્યાય ને નિમિત્ત ઉપર દૃષ્ટિ જાય છે. જ્ઞાનીને સ્વભાવ ઉપર દૃષ્ટિ છે તેથી રાગ નિમિત્તકૃત કહી, નિમિત્તપ્રધાન કહી તેને ટાળવા માગે છે. એટલે કે સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા દ્વારા ટળી જાય છે.

બીજી વિવક્ષાથી લ્યો તો રાગ-દ્વેષ પર્યાયમાં પોતે કરે છે માટે અશુદ્ધ નિશ્ચયનયથી જીવના

છે. અશુદ્ધનિશ્ચયથી વિકાર જીવની પર્યાયથી થયેલો છે – જીવજનિત છે. પોતાના અપરાધથી પર્યાયમાં વિકાર છે ને સ્વભાવમાં વિકાર નથી. વિકારને ટાળવા માગે છે તે સ્વભાવમાં લીનતા થતાં ટળી જાય છે. વિકારી પર્યાય પોતાની છે માટે નિશ્ચય કહ્યો પણ વિકાર પોતાનો કાયમી નથી માટે અશુદ્ધ – એમ અશુદ્ધનિશ્ચયથી વિકારને જીવ જનિત કહ્યો. અશુદ્ધનિશ્ચયનને શુદ્ધ નિશ્ચયની અપેક્ષાએ વ્યવહારનય કહ્યો છે.

પ્રશ્ન :– તો પછી શુદ્ધ નિશ્ચયથી રાગ-દ્વેષ કોના છે ?

સમાધાન :– એકલા જીવનો વિકાર હોય તો સિદ્ધને હોવો જોઈએ ને એકલા કર્મનો વિકાર હોય તો કર્મને દુઃખ થવું જોઈએ. જેવી રીતે સ્ત્રી પુરુષના સંયોગ વિના પુત્ર થતો નથી ને ચૂનો તથા હળદરના સંયોગ વિના રંગ થતો નથી તેવી રીતે જીવને કર્મના સંયોગ વિના રાગ-દ્વેષ થતા નથી પણ જીવને કર્મના સંયોગથી વિકાર થાય છે. પરંતુ સાક્ષાત્ શુદ્ધ નિશ્ચયનયથી જુઓ તો રાગ શુદ્ધ જીવનો નથી તેમ જ કર્મનો પણ નથી. સાક્ષાત્ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિમાં જીવને વિકાર નથી, બંધ નથી, જીવ સાધક નથી તેમ જ તેને મોક્ષ પણ નથી. અહીં કહે છે કે વિકારી પર્યાય તે શુદ્ધસ્વભાવના કારણે હોય તો વિકાર સ્વભાવ થઈ જાય માટે શુદ્ધનિશ્ચયથી વિકાર જીવનો નથી.

જ્ઞાનીને વિકાર ટાળવાની બુદ્ધિ નથી. તે સ્વભાવમાં આરૂઢ છે. એ અપેક્ષાએ એક દેશશુદ્ધનિશ્ચયથી રાગાદિને કર્મજન્ય કહી દીધા. અમૂર્ત સ્વભાવની પ્રધાનતામાં મૂર્તના નિમિત્તે થયેલો વિકાર ટળી જશે માટે કર્મના કહ્યા ને વિકાર પોતાની પર્યાયમાં થાય છે એમ બતાવવા અશુદ્ધનિશ્ચયથી જીવના કહ્યા પણ તે ટળી જાય છે માટે તેને વ્યવહારનયથી કહ્યા છે.

અજ્ઞાનીની દૃષ્ટિ નિમિત્ત ઉપર છે તેથી પોતાના પુરુષાર્થથી વિકાર ટળશે એમ માનતો નથી. ધર્મીની દૃષ્ટિ કર્મ ઉપર, રાગ ઉપર કે પર્યાય ઉપર નથી. જે વિકાર થાય છે તે તો પોતાથી થાય છે પણ અજ્ઞાની કર્મને લીધે માને છે તેથી તેને નિમિત્તદૃષ્ટિ રહી છે. ધર્મીને સ્વભાવ ઉપર દૃષ્ટિ છે તેથી સ્વભાવની અધિકતામાં રાગને ટાળવા માગતો નથી, જે રાગ ઉત્પન્ન થયો તેને કેવી રીતે ટાળવો ? અને જે નથી થયો તેને શું ટાળવો ? રાગને ટાળવાની બુદ્ધિ નથી તો પછી રાગને કરવાની બુદ્ધિ ન જ હોય. તેથી જ્ઞાની માટે એકદેશશુદ્ધનિશ્ચયનયથી રાગને કર્મજન્ય કહી દીધો પણ એકલો સ્વભાવ લક્ષમાં લ્યો ને વિકારને લક્ષમાં ન લ્યો તો રાગ કોઈનો નથી. શુદ્ધનિશ્ચયનયની દૃષ્ટિમાં સંયોગ ને વિકાર ભાસતા જ નથી. 'શ્રી સમયસાર'માં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિને સ્વભાવ ઉત્પન્ન થાય છે. વિકાર અલ્પ થાય છે તેને ગૌણ કરી વિકાર ઉત્પન્ન થતો નથી – એમ કહ્યું છે. સ્વભાવમાં અભેદપણે રહે તો રાગને ગૌણ ગણી – અભાવ ગણી ધર્મીની પર્યાયમાં રાગ નથી એમ કહી દીધું છે.

જેવી રીતે પુત્ર સ્ત્રીથી ઉત્પન્ન થયો નથી તેમ જ પુરુષથી ઉત્પન્ન થયો નથી પરંતુ સ્ત્રી તથા પુરુષ એ બેના સંયોગથી ઉત્પન્ન થાય છે તેવી રીતે રાગ-દ્વેષાદિ કર્મજનિત નથી તેમ

જ જીવજનિત પણ નથી. પણ જીવ અને કર્મના સંયોગજનિત છે. આ ઉત્તર શુદ્ધનિશ્ચયનયનો નથી. શુદ્ધનિશ્ચયનયથી જેમ પુત્ર માનો કે બાપનો નથી તેમ ખરી દૃષ્ટિથી રાગ-દ્વેષ જીવના નથી તેમ જ કર્મના નથી પણ સંયોગજનિત દૃષ્ટિથી જીવમાં પોતાથી થાય છે ને તેમાં કર્મ નિમિત્ત છે માટે જીવ ને કર્મના સંયોગ છે એમ નિમિત્તનૈમિત્તિક સંબંધની અપેક્ષાથી કહેલ છે.

કર્મના ઉદયના પ્રમાણમાં રાગ કરવો જ પડે એમ માનનારને નિમિત્ત તથા રાગની પૃથક્તાની ખબર નથી તો તેને રાગરહિત સ્વભાવની ખબર હોઈ શકે જ નહિ.

ધ્યાન કરનારો કહો, આત્માની રુચિ, જ્ઞાન ને રમણતા કરનારો કહો – એક જ છે. ધ્યાન કરનારો આત્મસ્વભાવની રુચિ, જ્ઞાન ને રમણતાને કરે પણ પુણ્ય-પાપને કરે નહિ. આ પ્રમાણે ધ્યાન કરવાવાળાની પ્રધાનતાથી ને ધ્યાતાના ધ્યાન તથા અનેક પ્રકારનાં ધ્યાનના કથનથી આ ગાથા પૂરી થઈ.

પ્રથમ કહ્યું હતું કે મંત્ર વાક્યોમાં સ્થિત છે તે પદસ્થધ્યાન છે તે કથનનું વિસ્તારથી વર્ણન કરે છે.

**ગાથા-૪૯**

**पणतीससोलछप्पणचउदुगमेगं च जवह ज्झाएह।**
**परमेट्ठिवाचयाणं अण्णं च गुरूवएसेण।।४९।।**

**ગાથાભાવાર્થ :–** પંચ પરમેષ્ઠીઓને કહેવાવાળા જે પાંત્રીસ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક અક્ષરરૂપ મંત્રપદ છે તેનો જાપ કરો અને ધ્યાન કરો, તે સિવાય બીજા જે મંત્રપદ છે તેને પણ શ્રીગુરુના ઉપદેશ અનુસાર જપો અને ધ્યાવો.

સ્વભાવના ધ્યાનમાં આવા વિકલ્પો હોતા નથી પણ સ્વભાવમાં ઠરે નહિ ત્યારે પંચપરમેષ્ઠી આદિના સ્મરણનો વિકલ્પ આવે છે. તે પંચપરમેષ્ઠીના સ્વરૂપને કહેવાવાળા જુદા જુદા મંત્રપદની વાત કરે છે. નમસ્કારમંત્રમાં પાંત્રીસ અક્ષર હોય છે. 'एसोपंचणमुक्कारो' એ તો નમસ્કારમંત્રની સ્તુતિ છે, મૂળમંત્ર નથી. તે મૂલારાધનાની ટીકામાં આવે છે. અનાદિથી તો મૂળ નમસ્કારમંત્રમાં પાંચ પદ છે, એમ સ્વીકારવું જોઈએ તેથી મંત્ર વાક્યમાં પાંત્રીસ અક્ષરો થાય છે એમ કહ્યું છે.

આત્મસ્વભાવનું ભાન થયું છે તેને અશુભભાવ ન આવે ને શુભભાવ આવે ત્યારે આ

જાપને જપો ને તે શુભનો નાશ કરીને સ્વભાવમાં ઠરો. આત્મા જ્ઞાયકસ્વભાવી છે એવી જેને પ્રતીતિ, જ્ઞાન ને રમણતા થઈ છે તેને પંચપરમેષ્ઠીનો જાપ કરો – એમ કહે છે.

**વ્યાખ્યાર્થ :–** (૧) 'णमो अरिहंताणं', (૨) 'णमो सिद्धाणं', (૩) 'णमो आयरियाणं', (૪) 'णमो उवज्झायाणं', (૫) 'णमो लोए सव्वसाहूणं'. આ પાંચ પદમાં પાંત્રીસ અક્ષરો છે ને તેને **સર્વપદ** કહે છે. નૈમિત્તિક શુદ્ધદશાના ભાન વિના જાપ હોતો નથી. માટે પ્રથમ આત્માનું ભાન હોવું જોઈએ. 'અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉવજ્ઝાય ને સાધુ' એ સોળ અક્ષરના પદને પંચપરમેષ્ઠીના **નામપદ** કહે છે. 'અરિહંત ને સિદ્ધ' એમાં છ અક્ષર છે. તેથી તેને **બે નામપદ** કહે છે. 'અસિઆઉસા' પાંચ અક્ષર છે તેને પંચપરમેષ્ઠીના **આદિપદ** કહ્યાં છે. 'અરિહંત' તે ચાર અક્ષર છે તે અરિહંતનું **નામપદરૂપ** છે. 'સિદ્ધ' એ બે અક્ષર સિદ્ધપરમેષ્ઠીનું **નામપદરૂપ** છે. 'अ' એક અક્ષર અરિહંત પરમેષ્ઠીનું **આદિપદ** છે અથવા 'ओं' એક અક્ષર પાંચે પરમેષ્ઠીઓનું **આદિપદસ્વરૂપ** છે.

'ओं' એ એક અક્ષર પંચપરમેષ્ઠીના આદિપદરૂપ કેવી રીતે છે એમ પૂછો તો તેનો ઉત્તર :– અરિહંતનો પ્રથમ અક્ષર 'अ', અશરીરી(સિદ્ધ)નો પ્રથમ અક્ષર 'अ', આચાર્યનો પ્રથમ અક્ષર 'आ' ઉપાધ્યાયનો પ્રથમ અક્ષર 'उ' ને મુનિનો પ્રથમ અક્ષર 'म्' – એ પ્રકારે એ પાંચે પમરેષ્ઠીઓના પ્રથમ અક્ષરોથી સિદ્ધ જે 'ॐ' છે તે પંચપરમેષ્ઠીઓની સમાન છે. 'પંડિત બનારસીદાસ'ના જિનસહસ્ત્ર નામવાળા સ્તવનમાં ઓંકાર નામ પ્રથમ આવે છે. સર્વજ્ઞ પરમાત્મા અકષાયી ને સર્વજ્ઞ થયા તેમને ॐ ધ્વનિ છૂટે છે તેને વિચારી ગણધર બાર અંગની રચના કરે છે. તે 'ઓંકાર' અનક્ષરી વાણીમાં પૂર્ણ શ્રુત આવે છે. સમજનાર પોતાની લાયકાત ને ઉઘાડ મુજબ સમજે છે.

આ પ્રકારે ગાથામાં કહેલા શબ્દોના પ્રથમ અક્ષર 'अ अ आ उ म्' છે. તેમાં વ્યાકરણના નિયમ મુજબ પહેલા ત્રણ અક્ષર 'अ+अ+आ' મેળવવાથી 'आ' થાય છે પછી 'उ' ઉમેરવાથી, સ્વરસંધિ કરવાથી 'आ+उ=ओ' થાય છે ને પછી 'म्' લગાડવાથી 'ओम्' સિદ્ધ થાય છે. બધા મંત્રશાસ્ત્રોમાં આ મંત્ર સારભૂત છે. શુદ્ધ સ્વભાવનું ભાન કર્યાં પછી જરા રાગ બાકી રહી જાય તો આ લોકમાં બાહ્ય અનુકૂળતા મળે ને પરલોકમાં સ્વર્ગપદ મળે ને અંતરમાં ઠરે તો વીતરાગતા પ્રગટે છે માટે તેને સારભૂત કહેલ છે.

વળી 'ओम्' આત્મરૂપ ને અક્ષરરૂપ એમ બે પ્રકારે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે એવો અંતરભાવ થાય તે આત્મરૂપ 'ओम्' છે ને 'ओम्' ભણવાનો વિકલ્પ ઊઠે તે અક્ષરરૂપ છે. ચિદાનંદ જ્ઞાનસ્વરૂપમાંથી જ પંચપરમેષ્ઠી પદની પ્રાપ્તિ થાય છે એવું જેને ભાન છે તેને ભાવ 'ओम्' હોય છે તેથી આત્માની શુદ્ધતા થાય છે ને જેટલો જાપ જપવાનો શુભરાગ વર્તે છે તેને દ્રવ્ય અથવા અક્ષરરૂપ 'ओम्' કહે છે. આત્માના ભાન વિનાનો હોય તેને 'ओम्'નું કંઈ ભાન નથી.

હું અનંત જ્ઞાન ને આનંદસ્વરૂપ છું જેવા સિદ્ધ છે તેવો હું છું એવું ભાન કરીને જે વિકલ્પ ઉઠાવે અથવા વાણી દ્વારા પદને ભજે તેને 'ओम्' પદ સારભૂત થાય છે તેથી કહે છે કે પૂર્વે કહેલા પાંચે પદોના અર્થ તથા પરમાર્થ જાણીને અનંત જ્ઞાન આદિ ગુણોના સ્મરણરૂપ વચનના ઉચ્ચારણ કરીને જાપ કરો તથા એ પ્રકારે શુભોપયોગરૂપ જે મન-વચન-કાય એ ત્રણેની ગુપ્તિ સ્વરૂપ અવસ્થા છે. તેમાં મૌન દ્વારા આ પૂર્વે કહેલા પદોનું ધ્યાન કરો. વળી તે પદોના જાપ કેવી રીતે ધ્યાવવા તે બતાવે છે.

અરિહંત શબ્દ છે. શબ્દમાં અરિહંત નથી ને અરિહંત ભગવાનમાં અરિહંત શબ્દ નથી. અરિહંત શબ્દ અરિહંતના સ્વરૂપને બતાવે છે. અનંત જ્ઞાનાદિ સહિત જિનેન્દ્ર ભગવાન અરિહંત શબ્દનો વાચ્ય છે. એ પ્રકારે પાંચે પદના વાચ્ય જાણવા જોઈએ. આમ પંચપરમેષ્ઠીના વાચક પદોનું વાચ્ય જાણીને ધ્યાન કરવું જોઈએ તથા તે પદો સિવાય બીજા મંત્રપદો જે બારહજાર શ્લોક સંખ્યા પ્રમાણ પંચનમસ્કાર માહાત્મ્ય નામના ગ્રંથમાં કહ્યા છે તે પ્રકારેથી લઘુસિદ્ધચક્ર ને બૃહત્સિદ્ધચક્ર ઇત્યાદિ સર્વજ્ઞ વીતરાગદેવના પૂજનના વિધાનને ભેદાભેદ રત્નત્રયના આરાધક ગુરુ પાસે જઈ તેમની પાસેથી જાણી તે પદોનું ધ્યાન કરવું જોઈએ.

ગમે તેવો મિથ્યાદૃષ્ટિ ગુરુ હોય ને તેની પાસેથી મંત્ર ધારી લ્યે એમ કહ્યું નથી. ભેદાભેદરૂપ રત્નત્રયના આરાધક ગુરુ કહ્યા છે. શુદ્ધ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા પ્રગટ થઈ છે તે અભેદ રત્નત્રય છે ને અલ્પ શુભરાગ વર્તે છે તે અને દેવ-ગુરુની શ્રદ્ધા વગેરેને ભેદરત્નત્રય કહે છે. ગુરુ આવા ભેદાભેદરત્નત્રયના ધારક છે. આ પ્રકારે પદસ્થ ધ્યાનના સ્વરૂપનું કથન કર્યું. ॥૪૯॥

ઇન્દ્રિયો ને મનને રોકવાવાળો જીવ ધ્યાની છે. ઇન્દ્રિયો ને મન મારામાં નથી તેથી તે તરફના રાગની ઉપેક્ષા કરીને સ્વભાવની અપેક્ષા કરે, સ્વભાવમાં લીનતા કરે તેને ધ્યાતા અથવા ધ્યાની કહે છે. જ્ઞાની જાપ જપવાના રાગને પણ ધ્યાવતો નથી.

વળી યથાસ્થિત પદાર્થો તે ધ્યેય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોણ છે, નવ તત્ત્વ પૃથક્ પૃથક્ કેમ છે ને સાચો આત્મા કોણ છે તેની ખબર નથી તેને સાચું ધ્યેય હોતું નથી. માટે યથાસ્થિત શબ્દ વાપર્યો છે.

એકાગ્ર થઈ વિચાર કરવો તે ધ્યાન છે. વીતરાગી પર્યાય તે ધ્યાન છે. શુદ્ધ આત્મા અતીન્દ્રિય છે એમ ધ્યાની જાણે છે ને યથાર્થ વસ્તુને ધ્યેયમાં રાખી ને ધ્યાન કરે છે. તેને ધ્યાનના ફળમાં સંવર ને નિર્જરા થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા થાય તે તેનું ફળ છે પણ પુણ્ય આદિ તેનું ફળ નથી. આ ધ્યાન ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. અગાઉ કહ્યું હતું કે ધ્યાન આ લોકમાં ને પરલોકમાં ઇષ્ટફળ દેનાર છે તે વ્યવહારફળને અહીં ગૌણ કરેલ છે. શુદ્ધ આત્માની પર્યાયમાં પ્રાપ્તિ થવી તે ઇષ્ટફળ છે.

ધ્યાતા, ધ્યેય, ધ્યાન ને ધ્યાનફળ બધાનું પ્રથમ જ્ઞાન કરવું જોઈએ. કર્મ ને વિકાર આત્મામાં

નથી પણ આત્મા શુદ્ધ છે એમ માનનાર જીવ ધ્યાન કરી શકે કર્મના ઉદય પ્રમાણે રાગ કરવો પડે ને નિમિત્ત આવે એવું કાર્ય થાય એમ માનનારની દૃષ્ટિ સ્વભાવ તરફ થઈ શકે નહિ. તેણે કર્મને લક્ષ બનાવેલ છે પણ આત્માને લક્ષ બનાવેલ નથી. તેથી તેવા મિથ્યાદૃષ્ટિ જીવને ધ્યાન હોતું નથી.

આ શ્લોકમાં કહેલા લક્ષણના ધારક ધ્યાતા, ધ્યેય, ધ્યાન ને ધ્યાનનું ફળ તેનું સંક્ષેપથી કથન કરવારૂપ ત્રણ ગાથામાંથી બીજો અંતરાધિકાર છે તેમાંથી પ્રથમ સ્થળ સમાપ્ત થયું.

હવે પંચ પરમેષ્ઠી – અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ કેવા હોય તે બતાવે છે.

પોતાનો આત્મા રાગ આદિ ઉપાધિથી રહિત છે તેની ભાવનાથી સદા આનંદસ્વરૂપ એક લક્ષણના ધારક સુખામૃત રસના આસ્વાદથી તૃપ્તિસ્વરૂપ નિશ્ચય ધ્યાન છે તેનું પરંપરા કારણભૂત શુભોપયોગ લક્ષણ વ્યવહાર ધ્યાન છે તે દ્વારા પંચપરમેષ્ઠી ધ્યેય છે. જેને આત્માનું આવું ભાન છે તેને પંચ પરમેષ્ઠીનું ધ્યાન પરંપરા કારણ છે. તે વ્યવહાર ધ્યાન છે તેનું ધ્યેય પંચપરમેષ્ઠી છે. તેમાંથી પ્રથમ અરિહંત પરમેષ્ઠીનું સ્વરૂપ પહેલી પાતનિકામાં કહે છે. પૂર્વ ગાથામાં કહેલ જે સર્વપદ, નામપદ આદિ વાચકભૂત પદ છે તેના વાચ્ય જે પંચપરમેષ્ઠી છે તેના વ્યાખ્યાન કરવામાં પ્રથમ શ્રી જિનેન્દ્રના સ્વરૂપનું નિરૂપણ કરે છે. તે બીજી પાતનિકા છે, તથા પદસ્થ, પિંડસ્થ તથા રૂપસ્થ એમ ત્રણ ધ્યાનોના ધ્યેયભૂત જે શ્રી અરિહંત સર્વજ્ઞ છે તેના સ્વરૂપને બતાવતી ત્રીજી પાતનિકા છે. આ પ્રકારે ત્રણ પાતનિકાઓને મનમાં ધારણ કરી 'સિદ્ધાંત ચક્રવર્તી શ્રી નેમિચંદ્ર સ્વામી' ગાથાસૂત્રનું પ્રતિપાદન કરે છે.

**કારતક વદ ૦)), સોમવાર, ૧૭-૧૧-૫૨**

**ગાથા-૫૦**

## णट्ठचदुघाइकम्मो दंसणसुहणाणवीरियमईओ।
## सुहदेहत्थो अप्पा सुद्धो अरिहो विचिंतिज्जो।।५०।।

**ગાથાભાવાર્થ :–** ચાર ઘાતિ કર્મોનો નાશ કરવાવાળા, અનંત દર્શન, સુખ, જ્ઞાન અને

વીર્યના ધારક ઉત્તમ દેહમાં બિરાજમાન અને શુદ્ધ એવા જે આત્મા તે અરિહંત છે તેનું ધ્યાન કરવું જોઈએ.

અરિહંત કેવા હોય તેની આ વ્યાખ્યા ચાલે છે. આત્માનું સ્વરૂપ શુદ્ધ ઉપયોગથી સિદ્ધ કરી શકાય છે. આત્મા જ્ઞાન ને આનંદથી ભરપૂર છે. તે રાગ રહિત શુદ્ધ ઉપયોગથી પરમાત્મા થાય છે. આ ધ્યાનની વ્યાખ્યા ચાલે છે. આત્મા દેહ, મન, વાણીથી જુદો છે, ને પુણ્ય-પાપથી જુદો છે. એવા આત્માનું ભાન થાય છે, ત્યારે ધ્યાન થાય છે. આત્મા ધ્યાતા છે. તેનું ધ્યેય યથાસ્થિત પદાર્થ છે. (નવ પદાર્થનું યથાર્થ જ્ઞાન) ધ્યાન વીતરાગી શુદ્ધ ઉપયોગ દશા છે, ને તેનું ફળ સંવર–નિર્જરા છે. તે ધ્યાનને ધર્મધ્યાન કહે છે.

શુભ ઉપયોગમાં ધ્યાતા આત્મા છે, ધ્યેય પંચપરમેષ્ઠી છે, શુભ ઉપયોગ ધ્યાન છે ને તેનું ફળ સાતિશય પુણ્ય છે.

આત્મા જ્ઞાન સ્વભાવી છે. દયાદાદિના રાગમાં એકાગ્રતા અધર્મધ્યાન છે, અથવા આર્તધ્યાન છે, ને શુદ્ધ આત્માની અંતર એકાગ્રતા તે સાચું ધર્મધ્યાન છે.

અહીં શુભ પરિણામને ધર્મધ્યાન વ્યવહારથી કહેલ છે. એટલે કે નિશ્ચયથી તે ધર્મધ્યાન નથી.

આત્માના ભાન સહિત જેને શુભ ઉપયોગ વર્તે છે તે શુભનું ધ્યેય પંચ પરમેષ્ઠી છે. અહીં વ્યવહારની વાત ચાલે છે.

**ગાથાભાવાર્થ :–** કેવા છે અરિહંત ? ભગવાને ચાર ઘાતિકર્મોનો નાશ કરેલ છે. આ અસદ્‌ભૂત ઉપચારથી કથન છે. સ્વભાવમાં લીનતા થતાં વિકારનો નાશ થઈ જાય છે. આત્મા વિકારનો નાશ કરે છે – એ વાત ઉપચારથી કથન છે. તો પછી કર્મોનો નાશ કરે છે એ ઘણો દૂરનો ઉપચાર છે.

દ્રવ્યકર્મ ને આત્મા વચ્ચે અત્યંત અભાવ છે. તેનો નાશ કર્યો તે ઉપચાર કથન છે. કર્મોએ આત્માના ગુણનો ઘાત કર્યો નથી. પોતે પોતાના સ્વભાવને ભૂલીને ઘાત કર્યો તો કર્મો ઘાતમાં નિમિત્ત કહેવાય છે.

જીવમાં પૂર્ણ આનંદ દશા પ્રગટ હોય તો વિકાર હોઈ શકે નહિ. પણ વિકાર પ્રત્યક્ષ દેખાય છે તો તેના કર્મ નિમિત્ત છે. જીવનું વિકારી પરિણમન પણ અસહાય છે, તેને કોઈ સહાય નથી. વિકાર કરે કે અવિકારી ભાવ કરે તે સ્વતંત્રતાથી કરે છે.

ભગવાન અનંત દર્શન, જ્ઞાન, સુખ ને વીર્યના ધરનાર છે. તેમને સ્ફટિક જેવું શરીર થઈ જાય છે. તેમને રોગ ન હોય ને લોહીખંડ ઝાડો ન હોય. તેમનો ઉત્તમ દેહ સ્ફટિક જેવો પરમ ઔદારિક હોય છે, ને શરીરની નજીક કોઈ આવે તો જોનારને પોતાના સાત ભવ દેખાય – એવું હોય છે. જેમ કિંમતી હીરા માટે ડાબલી ઊંચી હોય તેમ ચૈતન્ય હીરો સર્વજ્ઞ થયો ત્યારે આ શરીર રૂપી ડાબલી સ્ફટિક જેવી થઈ જાય. જે જીવો ભગવાનના શરીરને

રોગાદિ યુક્ત માને છે, તે ભગવાનના આત્માને તો ઓળખી જ શક્યા નથી.

**વ્યાખ્યાર્થ :–** આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ, જ્ઞાન ને સ્થિરતા તેને શુદ્ધ ઉપયોગરૂપ ધ્યાન કહ્યું. ધ્યાન પ્રકરણ વખતે શુદ્ધ ઉપયોગને નિશ્ચયધ્યાન ને શુભ ઉપયોગને વ્યવહારધ્યાન કહ્યું છે.

જે અરિહંતનું ધ્યાન કરે છે તેને પ્રતીતિ થઈ છે કે અરિહંત દશા આત્માની છે. તેને વર્તમાન અલ્પ પર્યાય હોવા છતાં સ્વભાવની રુચિ છે, તેથી ભવભ્રમણ લાંબુ હોઈ શકે નહિ. તેને વિકાર, નિમિત્તને અલ્પજ્ઞ પર્યાયની રુચિ હોતી નથી. શુભ ભાવ વખતે અરિહંતનો આદર કરે છે, કારણ કે અરિહંતના સ્વરૂપની પ્રતીતિનો પોતાને ખ્યાલ છે. જેમ અરિહંતે અનંત ચતુષ્ટય શક્તિમાંથી પ્રગટ કર્યો છે, તેમ હું પણ અનંત ચતુષ્ટય મારી શક્તિમાંથી પ્રગટ કરી અરિહંત દશા પ્રાપ્ત કરીશ ને કર્મો ટળી જશે – આવી પ્રતીતિવાળા જીવને અરિહંતપદ કેવું હોય તેનું જ્ઞાન હોય છે.

આત્માના ભાન વિના અરિહંતના પદની ખબર ખરેખર પડતી નથી.

ભગવાને સર્વજ્ઞ દશા થવા પહેલાં મોહનો નાશ કર્યો ને પછી જ્ઞાનાવરણ, દર્શનાવરણ ને અંતરાય એમ ત્રણ કર્મોનો એક સમયમાં નાશ કર્યો છે, ને તેથી ભગવાને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ – આનંદ ને અનંત વીર્ય પ્રગટ કર્યું. આમ સ્વભાવથી ઉત્પન્ન શુદ્ધ ને વિનાશ રહિત જ્ઞાન, દર્શન, સુખ ને વીર્ય પ્રગટ કર્યા છે.

પોતાનો સ્વભાવ આનંદ રસકંદ છે. તેમાં પ્રતીતિ ને ઉપયોગરૂપ પરિણમન થવાથી પર્યાયમાં આનંદ પ્રગટે છે. અચેતન પદાર્થની ઉપેક્ષા ને ચેતન પદાર્થની અપેક્ષા કરવાથી આ આનંદ પ્રગટે છે.

આ પ્રમાણે ભગવાનને અનંત ચતુષ્ટય, જ્ઞાન, દર્શન, વીર્ય ને સુખ પ્રગટે છે.

વળી નિશ્ચયનયથી અરિહંત ભગવાનનો આત્મા શરીરથી રહિત છે. તોપણ વ્યવહારનયની અપેક્ષાથી સાત ધાતુથી રહિત ને હજારો સૂર્યની સમાન દેદીપ્યમાન પરમ ઔદારિક શરીરને ધારણ કરે છે, તે કારણથી શુભ દેહમાં બિરાજમાન છે. ભગવાનના શરીરમાં મેલ હોતો નથી. ભગવાનના શરીરને રોગ હોય ને લોહીખંડ ઝાડો છ માસ રહે તે વાત બને નહિ. ભગવતીના ૧૫મા શતકમાં કહ્યું છે કે ભગવાનને રોગ થયો છે, છ માસ લોહીખંડ ઝાડા રહ્યા ને દવા લીધી, તથા તેમની વાણી બંધ રહી પણ તે બધી વાત ખોટી છે. ભગવાનને અનંત ચતુષ્ટય પ્રગટ થયા ત્યારે શરીરની પર્યાય સ્વયં પરમ ઔદારિકરૂપ થઈ ગઈ.

આત્માના ભાનવાળાને શુભ ઉપયોગમાં આવા અરિહંત ભગવાન ધ્યેયરૂપ હોય છે.

અરિહંત ભગવાનને પૂર્વની છદ્મસ્થ દશામાં આહાર હોય પણ નિહાર જન્મથી હોતો નથી, ને કેવલદશા પછી આહાર – નિહાર બન્ને હોતા નથી. જ્યારે કેવલ સૂર્યના કિરણો ફાટ્યા ત્યારે શરીરમાં સૂર્ય જેવી તેજી આવી જાય છે. આત્મા શાંત થઈ ગયો તે વખતે શરીરમાં

પણ શાંત રસરૂપ પરિણામે પરિણમેલા પરમાણુ જેટલા જગતમાં હતા તે સર્વે એમના શરીરરૂપે પરિણમી જાય છે. અંદર આવા શુભ દેહમાં ભગવાન બિરાજમાન છે એમ કહ્યું છે.

વળી ભગવાન શુદ્ધ છે, એટલે કે ૧૮ દોષ રહિત છે. સર્વજ્ઞ ભગવાનને ક્ષુધા ન હોય, ભગવાન આહારપાણી ન લે, દવા ન લે, અરિહંતને તૃષા ન હોય, ભય ન હોય, દ્વેષ ન હોય, રાગ ન હોય, મોહ ન હોય, તેમને ચિંતા હોતી નથી. તેમને શરીરમાં વૃદ્ધાવસ્થા ન હોય. કોઈ જીવ આઠ વર્ષે કેવલ પામે ને પછી હજારો વર્ષનું આયુષ્ય હોય તોપણ તેના શરીરમાં કરચલી પડતી નથી.

ચૈતન્યને અનુસરીને વર્તતા પરિણામ રૂપી ઉપયોગ સર્વજ્ઞને હોય છે, પણ એક જ્ઞેયથી ખેસવી બીજી તરફ જવું એવો ઉપયોગ હોતો નથી. છદ્મસ્થને વિગ્રહ ગતિમાં જ્ઞાન ઉપયોગ રૂપ કાર્ય હોતું નથી, તેથી મરણ કહેવાય છે. ભગવાનને સદા અનંત જ્ઞાન દર્શનનો ઉપયોગ હોય છે, માટે મરણ નથી. ભગવાનને પરસેવો હોતો નથી. ભગવાનને ખેદ નથી, ભગવાનને મદ નથી, રતિ નથી, વિસ્મય નથી, જન્મ નથી, નિદ્રા નથી, તેમજ વિષાદ નથી. એ પ્રકાર ૧૮ દોષથી રહિત આપ્ત જિનેન્દ્ર... ભગવાન છે.

જેને આવું નિશ્ચય ને વ્યવહારથી અરિહંતના સ્વરૂપનું જ્ઞાન હોય તેણે અરિહંતને ઓળખ્યા કહેવાય. અરિહંત આપ્તપુરુષ છે. હિતને માટે માનવા લાયક પુરુષ છે.

જો અરિહંતને ક્ષુધા, તૃષા હોય તો કર્મમાં રસ એટલો રહી ગયો હોવો જોઈએ ને એટલી આત્મામાં પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી અશુદ્ધતા બાકી રહી ગઈ હોવી જોઈએ, તો અરિહંત અશુદ્ધ ઠરે છે – પણ એમ છે નહિ, તેથી શુદ્ધ કહેલ છે. હવે અરિ શબ્દમાંથી ત્રણ અર્થ કાઢ્યા છે. 'અરિ'માંથી વાચ્ય મોહનીય કર્મ થાય છે, ને 'રજ' શબ્દ છે તેમાંથી જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીય એમ બે કર્મો વાચ્ય છે. રહસ્ય શબ્દ છે તેમાંથી વાચ્ય અંતરાય કર્મ કાઢ્યો છે. એવી રીતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય ને મોહનીય એમ ચાર કર્મોનો નાશ ભગવાને કર્યો છે. અહીં પાંચ કલ્યાણકવાળા તિર્થંકરોની વાત લીધી છે. આમ કર્મોનો નાશ કર્યો હોવાથી ભગવાન અરિહંત, દેવો ને ઇન્દ્રોથી પાંચ મહાકલ્યાણરૂપ પૂજાથી યોગ્ય બને છે. ભગવાન ગર્ભમાં આવતા પહેલાં છ માસ અગાઉ દેવો ભગવાનની માતાની સેવા કરે છે ને ગર્ભકલ્યાણક ઉજવે છે. પછી જન્મ વખતે મેરુ પર્વત ઉપર જઈ મોટો અભિષેક કરે છે. જ્યારે મુનિપણું અંગીકાર કરે તે વખતે તપકલ્યાણક ઉજવે છે. ધર્મી જીવને કલ્યાણકના ઉજવવાના શુભ ભાવ આવે છે. ભગવાનને કેવલજ્ઞાન પ્રગટે તે કેવલ કલ્યાણક છે, ને મોક્ષ પધારે તે મોક્ષ કલ્યાણક છે. ગર્ભાવતારમાં ને જન્માવતારમાં ભગવાનને ત્રણ જ્ઞાન છે, છતાં તે મહોત્સવ વખતે મહા કલ્યાણરૂપ પૂજા કરે છે. તે શુભ ભાવ કલ્યાણનું કારણ છે – એમ કહેવું નથી. તીર્થંકરો પોતાનું કલ્યાણ કરે છે ને બીજાના કલ્યાણમાં નિમિત્ત છે, તેથી ભક્તિવાન જીવો ભગવાનના પાંચ મહાકલ્યાણકની પૂજા કરે છે. આમ પાંચેમાં મહાકલ્યાણક કહેવાય છે.

આ આપ્તપુરુષનું વર્ણન છે. જેને આપ્તના સ્વરૂપમાં ભૂલ છે, તેને ધર્મની જ ખબર નથી.

આ પ્રમાણે અરિહંત ભગવાન પંચકલ્યાણકથી પૂજવા યોગ્ય થાય છે તેથી તેને અર્હંત્ કહેવાય છે. આવા અરિહંતને ચિંતવવા, બીજી રીતે કોઈએ કલ્પના કરી હોય તે ચિંતવવા યોગ્ય નથી.

ઉપર કહેલા વિશેષણનાધારક, તથા આપ્તની દિવ્યધ્વનિથી રચાયેલા શાસ્ત્રોમાં ભગવાન, વીતરાગ, સર્વજ્ઞ આદિ એવાં એક હજાર આઠ નામ છે. તેવા નામ ધારણ કરવાવાળા શ્રી અરિહંત જિન ભટ્ટારકનું ચિંતવન કરવું.

નમસ્કાર પાંચ પદમાં રહેલાનું ધ્યાન પદસ્થધ્યાન છે. ઔદારિક શરીરમાં રહેલા અરિહંતનું ધ્યાન તે પિંડસ્થધ્યાન છે, ને સમવશરણમાં ઇન્દ્રોથી પૂજ્ય અરિહંતનું ધ્યાન તે રૂપસ્થધ્યાન છે. આવા ધ્યાનમાં સ્થિર થઈ હે ભવ્યજનો, આવા અરિહંત ભગવાનનું ચિંતવન કરો.

આવા ભાન સહિત પોતાના સ્વરૂપનું ધ્યાન કરવું, પણ શુદ્ધમાં ઠરી શકે નહિ ત્યારે અરિહંતનું ધ્યાન કરવું.

નિશ્ચય સાધ્ય યથાસ્થિત પદાર્થો છે ને વ્યવહાર સાધ્ય અરિહંત ભગવાન છે.

હવે અહીં ભટ્ટ તથા નાસ્તિક મતને ગ્રહણ કરવાવાળા શિષ્ય કહે છે :–

'સર્વજ્ઞ નથી', 'કેમકે એવા સર્વજ્ઞ પ્રત્યક્ષ દેખાતા નથી. તમોએ આટલી મોટી વાત કરી કે સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ ત્રણ લોકને જાણવાવાળા તથા ઔદારિક શરીરવાળા છે, પણ અમોને પ્રત્યક્ષ દેખાતા નથી. તેમજ કોઈને મળ્યા એમ અમોએ સાંભળ્યું નથી. જેમ ગધેડાના શીંગડાં પ્રત્યક્ષ દીઠાં નથી, તેમજ કોઈને મળ્યા હોય એવું સાંભળ્યું નથી. તેમ અમોએ ભગવાન પ્રત્યક્ષ દીઠા નથી ને કોઈને મળ્યા હોય એમ અમોને લાગતું નથી.' – એમ શિષ્ય કલ્પના કરે છે.

## પ્રસાદ નં. – ૩૭

### વી. નિ સં. ૨૪૭૯, માગશર સુદ ૮, વર્ષ ત્રીજું પુસ્તક બીજું, સોનગઢ, તા. ૨૪-૧૧-૫૨, સોમવાર. શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫૦ (માગશર સુદ ૧, મંગળવાર, ૧૮-૧૧-૫૨ બપોર)

રાગ-દ્વેષ ને અજ્ઞાન તે સંસારનું ધ્યાન છે ને સ્વભાવમાં એકાગ્રતા તે ધર્મધ્યાન છે. જેને આત્માનું ભાન છે તેને અંદર લીનતા ન હોય ત્યારે શુભ ભાવ હોય છે. અત્યારે શુભ ભાવમાં ધ્યેય અરિહંત પરમાત્મા છે. નિશ્ચય ધ્યાનમાં ધ્યેય યથાસ્થિત પદાર્થો છે ને આત્મા ધ્યાતા છે. આત્માના કલ્યાણ માટે આત્મા વગેરે પદાર્થ ધ્યેય છે. ધ્યાન શુદ્ધ ઉપયોગ છે, તેનું ફળ નિર્મળતા ને નિર્મળતાની વૃદ્ધિ છે.

સ્વભાવમાં ન ઠરી શકે ત્યારે વ્યવહાર ધ્યાન હોય છે. તે શુભ ભાવનો ધ્યાતા આત્મા પોતે છે, પંચ પરમેષ્ઠી તેનું ધ્યેય છે, તેનું ફળ સાતિશય પુણ્ય છે. આત્માના ભાનવાળાના પુણ્યમાં તથા અજ્ઞાનીના પુણ્યમાં ઘણો ફેર છે. અજ્ઞાનીને પુણ્યની રુચિ હોવાથી તેને બંધાતાં પાપાનુબંધી પુણ્યથી ચાર ગતિમાં રખડે છે ને જ્ઞાનીને સ્વભાવની રુચિ હોવાથી પુણ્યનો અભાવ કરી મોક્ષ પ્રાપ્ત કરે છે. માટે તેનું પુણ્ય મોક્ષનું પરંપરા કારણ કહે છે.

હવે વ્યવહાર ધ્યાનમાં ધ્યેય અરિહંતની વાત લીધી છે. ત્યાં સર્વજ્ઞની સિદ્ધિ કરે છે.

શિષ્ય પક્ષ કરે છે કે અમોને લાગે છે કે સર્વજ્ઞ નથી, કેમકે તેની પ્રત્યક્ષ પ્રાપ્તિ નથી. અહીં ત્રણ વાત લીધી. તમોએ શુભ પરિણામમાં અરિહંતને ધ્યેય સાબીત કર્યા પણ (૧) સર્વજ્ઞ નથી, (૨) હેતુ (કારણ) એ છે કે તેની ઉપલબ્ધિ – પ્રાપ્તિ અમોને નથી, અમોને જણાતા નથી, દૃષ્ટાંત (૩) ગધેડાના શિંગડાં દેખાતાં નથી, તેમ સર્વજ્ઞ પણ દેખાતા નથી – આ ત્રણ વાત શિષ્ય રજુ કરે છે.

ઉત્તર :– તું સર્વજ્ઞની પ્રાપ્તિ, હયાતિ માનતો નથી તો એમ પૂછીએ છીએ કે આ કાળ ને આ દેશમાં સર્વજ્ઞ નથી, કે સર્વ કાળમાં ને સર્વ ક્ષેત્રમાં નથી ? જો તું કહે કે 'આ કાળે ને આ દેશમાં સર્વજ્ઞ નથી, તો તે બરાબર છે.' અમો પણ એમ જ માનીએ છીએ. આ ક્ષેત્રના

વર્તમાન કાળે અત્રે નથી, તો બરાબર છે. ભરતક્ષેત્રમાં ને ભરતક્ષેત્રના આ કાળમાં સર્વજ્ઞ નથી તે બરાબર છે. જો સર્વ રીતે યથાર્થ માને તો આત્માની ઓળખાણ થાય.

'પ્રવચનસાર' ગાથા-૮૦માં કહ્યું છે કે :– જો સર્વજ્ઞના દ્રવ્ય-ગુણ-પર્યાયને પોતાના આત્માની સન્મુખ થઈને જાણે તો સ્વ સાવધાની થયા વિના રહે નહિ, ને પરની રુચિ ટળ્યા વિના રહે નહિ એટલે કે સમ્યગ્દર્શન જરૂર થાય. આ સર્વજ્ઞ મારી જાતના છે. તેને હું લાયક છું – એમ માનનાર સર્વજ્ઞની પ્રતીતિ કરનાર છે. દેહ-મન-વાણી નહિ, અલ્પજ્ઞ નહિ – હું તો સર્વજ્ઞ શક્તિવાન છું – એમ પ્રતીતિ કર્યા વિના અરિહંતના સ્વરૂપને જાણી શકાય નહિ.

તે સર્વજ્ઞ પર્યાય અનંતા સિદ્ધો તથા કેવલીભગવાનને તથા બધાને એક સમયમાં જાણી લ્યે છે. આમ પોતાની શક્તિનો ભરોસો કરે તેણે અરિહંતની ઓળખાણ કરી છે. આત્મા પોતે પોતાનો કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને આધાર – એમ છ કારકરૂપ થઈને ધર્મ પ્રગટ કરી, કેવલદશા પ્રગટ કરી શકે છે. તેને શરીર, ક્ષેત્ર, વિકારને અલ્પ પર્યાયની રુચિ છૂટી જાય છે.

અહીં શિષ્યના પ્રશ્નનું સમાધાન કરે છે, કે આ કાળે આ ક્ષેત્રે કેવળી નથી – એમ તું કહે તો બરાબર છે, પણ કેવળી સર્વ ક્ષેત્રમાં નથી, તેમજ સર્વ કાળમાં નથી – એમ તું કહે છે તો બધા કાળને બધા ક્ષેત્રનો જાણનાર તું થઈ ગયો ! ઊર્ધ્વ, અધો ને મધ્ય લોક એમ બધા લોક તે જોઈ લીધા ! ભૂત, વર્તમાન ને ભવિષ્ય એમ ત્રણે કાળ તે જોઈ લીધા ! – જો એમ છે તો તું ત્રણ કાળ ત્રણલોકનો જાણનાર થઈ ગયો ! તું સર્વજ્ઞ થઈ ગયો ! ને જો તે બધું જોયું નથી તો જોયા વિના સર્વજ્ઞ નથી, એમ તું કહી શકતો નથી. જો તારી નજર બધા કાળે ને બધા ક્ષેત્રે ફરી વળી હોય તો તું સર્વજ્ઞ થયો અને જો તને ત્રણકાળ, ત્રણલોકની ખબર નથી છતાં તું સર્વજ્ઞની હયાતિની ના પાડતો હોય તો તારી રીત વ્યાજબી નથી. તું બીજા ક્ષેત્રે ગયો નથી ને બીજા કાળની ખબર નથી, તો તું ના પાડી શકતો નથી.

**ભાવાર્થ :–** જે ત્રણલોક તથા ત્રણકાળના પદાર્થોને જાણે છે તે સર્વજ્ઞ છે. તે જાણી લીધું કે 'ત્રણલોકમાં તથા ત્રણકાળમાં સર્વજ્ઞ નથી' તો તું સર્વજ્ઞ થઈ ગયો અથવા 'ત્રણકાળને ત્રણલોકમાં સર્વજ્ઞ નથી' એમ તે જાણ્યું નથી તો 'સર્વજ્ઞ નથી' એમ તું નિષેધ કેવી રીતે કરી શકે ?

**દૃષ્ટાંત :–** કોઈ નિષેધ કરવાવાળો પુરુષ જમીન જોઈને કહે કે જમીનમાં કે આ મકાનમાં ઘડો નથી. ત્યાં ભૂતળ અથવા જમીન જોઈને કહે તો બરાબર છે, પણ જેમ આંધળાએ જમીન જોઈ નથી છતાં 'ઘડો ત્યાં નથી' તે વાત આંધળો કયાંથી લાવ્યો ? જે આંધળો છે તે કેવી રીતે ના પાડી શકે ? ઘડાના ક્ષેત્ર તથા કાળને જાણતો નથી તો પછી તેના આધેય ઘડાની કેવી રીતે ના પાડી શકે ? માટે આંધળાનું નિષેધ વચન ઠીક નથી.

આત્મામાંથી સર્વજ્ઞ થયા છે. સર્વજ્ઞ આધેય છે ને ક્ષેત્ર ને કાળ આધાર છે. તે ક્ષેત્ર કાળ જે આધાર છે તેના જ્ઞાન વિના સર્વજ્ઞ આધેય નથી – એમ કહી દે તો તે વાત બરાબર

નથી.

માટે 'સર્વજ્ઞ નથી' એમ નહિ કહી શકાય કેમકે તે સર્વ કાળને સર્વ ક્ષેત્રને જોયા નથી. આધાર જોયા વિના આધેયની ના ન પડાય, માટે 'સર્વજ્ઞ નથી જ' – એ વાત કોઈ રીતે તું સાબીત કરી શકતો નથી.

હવે હેતુવચનનો ખુલાસો કરે છે. પહેલામાં સર્વજ્ઞના ક્ષેત્ર ને કાળથી વાત કરી હતી. આમાં 'સર્વજ્ઞ પુરુષની પ્રાપ્તિ નથી' એમ શિષ્યે દલીલ કરી હતી તેનો ઉત્તર આપે છે.

તમોને સર્વજ્ઞ નજરે પડતા નથી તો પૂછીએ છીએ કે સર્વજ્ઞની પ્રાપ્તિ તમોને નથી ? તેમનો અનુભવ દર્શન પ્રત્યક્ષ તમોને નથી ? પહેલા પ્રશ્નમાં ત્રણકાળ ત્રણલોકમાં કેવળજ્ઞાની સર્વજ્ઞની વાત હતી, આ બીજામાં પ્રત્યક્ષ દેખવાની અનુભવની વાત છે. તમોને સર્વજ્ઞ મળ્યા નહિ, માટે જગતમાં સર્વજ્ઞ નથી – એમ કહી શકાય નહિ. તને સર્વજ્ઞ પ્રાપ્ત થયા નથી માટે સર્વજ્ઞનો અભાવ ન કહી શકાય. દાખલો આપે છે. એક માણસ વિચાર કરે કે 'ભગવાન મહાવિદેહમાં બિરાજે છે' – તેવા વિકલ્પને તું જાણી શકે છે ? તું જાણી શકતો નથી; તેથી તેવા વિકલ્પનો અભાવ છે ? એક પરમાણુને તું ન જાણે તો તેથી તેનો પરમાણુનો અભાવ છે ? તેવી રીતે તારા જાણવામાં ન આવે તેથી સર્વજ્ઞનો અભાવ નથી. અહીં બાધક પ્રમાણની વાત ચાલે છે.

આ બીજી દલીલમાં તેમાં રહેનાર પુરુષની સાક્ષાત્ દેખવા વિષે વાત છે. હવે કદાચિત્ કહો કે ત્રણજગત અને ત્રણકાળના પુરુષોને સર્વજ્ઞની પ્રાપ્તિ નથી, તો તને પૂછીએ છીએ કે તે કેવી રીતે જાણ્યું ? જો તે બધાનું જાણી લીધું તો તું સર્વજ્ઞ થઈ ગયો. આમ સર્વજ્ઞની અપ્રાપ્તિરૂપ હેતુમાં અનેક દુષણ આવે છે. માટે તારી વાત હેતુથી પણ ખોટી છે.

અત્યારે કેટલાક કહે છે કે સર્વજ્ઞને કબૂલ કરવાથી, સર્વજ્ઞને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાઈ ગયા તો અનંત વસ્તુ રહેતી નથી, ને જો અનંત વસ્તુ છે તે અનંતને ન જાણે તો જ્ઞાનમાં ઓછપ કહેવાય. આવી રીતે એક તર્ક – તીર્થ પંડિત દલીલ કરે છે, પણ તે બધી ભૂલ છે.

**સમાધાન :–** એક ગોળ થાળી છે. તો થાળીના ગોળાકારની શરૂઆત ક્યાંથી થઈ ? તેની શરૂઆત જ નથી, પણ શરૂઆત નથી તેથી જ્ઞાનમાં ન આવે એમ નથી. જ્ઞાનમાં થાળી ગોળ છે – એમ આવે છે – તેમ જગત અનાદિ અનંત છે, ને તે જેમ છે તેમ જ્ઞાન જાણે છે. અનાદિને આદિ જાણે તો જ્ઞાન ખોટું ઠરે ને વસ્તુ પણ ખોટી ઠરે.

અહીં કહે છે કે ભાઈ, તે ત્રણકાળ ને ત્રણલોકના જીવોને જાણી લીધા કે તેઓને પણ સર્વજ્ઞ ક્યાંય મળ્યા નથી ! તે બધા જીવોનું જાણી લીધું ? કોઈ પણ જીવને કોઈ ક્ષેત્રમાં કોઈ કાળમાં સર્વજ્ઞનો ભેટો થયો નથી – એમ તું કહે તો ત્રણકાળના જીવોનું તે જ્ઞાન કર્યું તો તું પોતે સર્વજ્ઞ થયો. માટે સર્વજ્ઞ નથી – એમ તું કહી શકતો નથી. આમ અપ્રાપ્તિરૂપ હેતુમાં

દુષણ આવે છે.

હવે ત્રીજી વાત. ગધેડાના શિંગડાંની પેઠે સર્વજ્ઞનો અભાવ માને છે. તેની વાત કરે છે. તે વચન પણ વ્યાજબી નથી. દાખલો ખોટો છે. જેમ ગધેડાને શિંગડાં નથી, પણ બળદ, ગાય વગેરેને શિંગડાં છે, જેથી શિંગડાંનો અભાવ છે – એમ કહી શકાય નહિ. શિંગડાંનો અત્યંત અભાવ નથી. સસલાને શિંગડાં ન હોય પણ બળદ, ગાયને ન હોય એમ બને નહિ. તને સર્વજ્ઞની પ્રાપ્તિ ન હોય તે બરાબર છે, પણ બધાને સર્વજ્ઞની પ્રાપ્તિ ન હોય તે વાત વ્યાજબી નથી. આ ક્ષેત્રે ને આ કાળે સર્વજ્ઞનો અભાવ હોઈ શકે, પણ બધા ક્ષેત્રે ને બધા કાળે સર્વજ્ઞનો અભાવ ન હોઈ શકે.

અઢીદ્વીપ બહાર માણસ હોય ને ત્યાં કોઈ કેવળજ્ઞાની થઈ જાય તેમ બને નહિ. તો ત્યાં સર્વજ્ઞનો અભાવ સંભવે છે પણ અઢીદ્વીપમાં કેવળજ્ઞાનીનો અભાવ સર્વ કાળ વિષે કહી શકાય નહિ. માટે દૃષ્ટાંતમાં દુષણ આવે છે.

આ પ્રમાણે શિષ્યની ત્રણ વાત ખોટી ઠરાવી. (૧) સર્વ કાળ ને સર્વ ક્ષેત્રે કેવળીનો અભાવ, (૨) કોઈ પણ જીવને મળ્યા નથી, માટે અભાવ (૩) ગધેડાના શિંગડાંની જેમ અભાવ. આમ ત્રણ પ્રકારે શિષ્યે સર્વજ્ઞનો અભાવ બતાવ્યો તે ખોટો ઠરાવ્યો.

સર્વજ્ઞનો નિર્ણય કરે તે સર્વજ્ઞતાની પ્રાપ્તિ કરી શકે. જે સર્વજ્ઞનો નિર્ણય ન કરે તેને ધર્મની પ્રાપ્તિ ન થાય. અહીં શુભ ભાવના ધ્યેયની વાત ચાલે છે તેને પ્રથમ ભાન છે ને શુદ્ધમાં ધ્યેય પોતાનો આત્મા છે તેવા જીવને શુભ ભાવમાં ધ્યેય અરિહંત ભગવાન છે. તેથી અરિહંત અથવા સર્વજ્ઞના નિર્ણય માટે આ બધી વાત કરી છે.

અહીં બાધક પ્રમાણનું ખંડન કર્યું. હવે કદાચિત્ વાદી એમ પૂછે કે તમોએ સર્વજ્ઞના વિષયમાં બાધક પ્રમાણ હતું તેનું ખંડન કર્યું. સર્વજ્ઞના નકારની અમારી વાત ખોટી પાડી પણ સર્વજ્ઞની અસ્તિની તમારી વાત અમોને નક્કી કરાવો. સત્તાસ્વરૂપમાં સર્વજ્ઞનું સ્વરૂપ બતાવ્યું છે. તેમાં આ પ્રમાણે દલીલ કરી સમજાવ્યું છે. પહેલાના શ્રાવકો ને પંડિતો ન્યાયથી વાત યથાર્થ કરતા. 'ભાગચંદ્રજી'એ કહ્યું છે કે જેણે અરિહંતને બાહ્ય લક્ષણથી જાણ્યા નથી તો તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. તેણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને જાણ્યા નથી. તો પછી જે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર માને તે તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે.

ગ્રંથકાર પોતે વાદિના મુખમાં પ્રશ્ન મૂકે છે. 'સર્વજ્ઞના સદ્‌ભાવ માટે ઉત્તર આપો.'

**ઉત્તર :–** કોઈ પુરુષ ખાસ સર્વજ્ઞ પર્યાયરૂપનો ધરનાર આત્મા છે. તે ધર્મમાં સર્વજ્ઞપણાના ધર્મ – સ્વભાવને સિદ્ધ કરીએ છીએ. સર્વજ્ઞ ધર્મ છે ને સર્વજ્ઞનો ધરનાર ધર્મી આત્મા છે. ધર્મ એટલે અહીં પર્યાય સમજવું. કોઈ ખાસ પુરુષને લઈએ છીએ. તેને સર્વજ્ઞતા પ્રગટ થયેલી છે. ધર્મી પુરુષ છે ને ધર્મ સર્વજ્ઞપણું છે. જે પક્ષ સાધ્ય અથવા સિદ્ધ કરવા માગીએ છીએ તે આ વાક્યમાં છે. તે અમારી પ્રતિજ્ઞા છે, કેમકે અમારી પ્રતિજ્ઞામાં પૂર્વે કહેલો વિરોધ આવતો

નથી, કોઈ વિરોધ નથી. એટલે સર્વજ્ઞ છે. એટલું અમે કહીએ છીએ. માટે સર્વજ્ઞ હોવામાં પૂર્વ કથિત રીતથી બાધક પ્રમાણ નથી.

**માગશર સુદ ૨, બુધવાર, ૧૯-૧૧-૫૨**

આ અરિહંતના સ્વરૂપની ગાથા ચાલે છે. એમાં 'સર્વજ્ઞ નથી' એમ શિષ્યની દલીલોનું ખંડન કરતાં શિષ્ય પ્રશ્ન કરે છે કે બાધક પ્રમાણનું તમે ખંડન કર્યું પણ 'સર્વજ્ઞ છે' તેની શી સાબિતી છે ? તેનું સમાધાન કરે છે.

સર્વજ્ઞતારૂપ ધર્મને ધારણ કરનાર કોઈ ધર્મી પુરુષ હોય છે. ધર્મી એટલે આત્મા અને ધર્મ એટલે સર્વજ્ઞપણું – એમ અહીં કહેવું છે. સર્વજ્ઞનો સદ્ભાવ નક્કી કરવો છે. સર્વજ્ઞના હોવામાં વિરોધપ્રમાણ જે કહ્યાં હતા તે ટકતા નથી માટે 'સર્વજ્ઞ છે' એમ નક્કી થયું. તેને સર્વજ્ઞ ધર્મ પ્રગટ થયો છે માટે અમારા પક્ષમાં સાધ્યનો નિર્દેષ છે તે પ્રતિજ્ઞા છે કેમકે સર્વજ્ઞ હોવામાં પૂર્વકથિત રીતથી કોઈ બાધક પ્રમાણ નથી એ અમારા કથનનો હેતુ છે.

જેમ સુખદુઃખનો અનુભવ ખ્યાલમાં આવે છે – આ અમારું દૃષ્ટાંત છે, તેમ કોઈના અનુભવમાં સર્વજ્ઞતા આવે છે. કોઈને સર્વજ્ઞતાનો અનુભવ છે તે નક્કી થાય છે.

આ પ્રમાણે સર્વજ્ઞ છે, ધર્મનો ધરનાર ધર્મી છે તે પક્ષ છે. બાધક પ્રમાણનો અભાવ છે તે હેતુ છે ને અનુભવથી દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે તે દૃષ્ટાંત છે. આમ પક્ષ, હેતુ તથા દૃષ્ટાંતરૂપથી ત્રણ અંગનું ધારક અનુમાન જાણવું જોઈએ.

વિરોધ પ્રમાણ સિદ્ધ ન થાય ત્યાં વિઘ્ન નથી માટે અવિરોધપણે સિદ્ધ થાય છે. સુખ દુઃખનું વેદન કોઈને પૂછવા જવું પડતું નથી, પ્રત્યક્ષ વેદનમાં આવે છે – ખ્યાલમાં આવે છે તેમ કોઈ ધર્મી જીવને સર્વજ્ઞપણું પ્રગટ ખ્યાલમાં આવે છે, એટલે કે પ્રગટેલું છે.

હવે ત્રીજી અલૌકિક વાત કરે છે. અહો ! આ જ્ઞાનસ્વભાવી આત્મા છે એવા અનંતા આત્મા કાળક્રમે પરમાત્મદશા પામ્યા. આમ પ્રતીતિ કરીને હું પણ પરમાત્માદશા પામવાનો છું. આવી પરમાત્મદશાની મજામાં દુનિયાની મજા કંઈ છે જ નહિ. આત્માની તથા સર્વજ્ઞની પ્રતીતિ થઈ ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ થઈ તેને વિકાર ને નિમિત્તનો મહિમા ઊડી જાય છે ને સ્વભાવનો મહિમા આવે છે.

સર્વજ્ઞના સદ્ભાવનું સાધક બીજું અનુમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવથી કહે છે. હવે દૃષ્ટાંતથી સમજાવે છે.

(૧) રામ, રાવણ કાળથી ઢંકાયેલા અથવા દૂર પદાર્થો છે, પણ જે વખતે તેઓ હશે ત્યારે કોઈએ તેમને પ્રત્યક્ષ જોયેલા હોવા જોઈએ. જે અનુમાનનો વિષય હોય તે પ્રત્યક્ષનો વિષય હોય જ છે. આમ દ્રવ્યોનું દૃષ્ટાંત આપ્યું.

(૨) વર્તમાન મહાવિદેહ ક્ષેત્ર, મેરુપર્વત વગેરે ક્ષેત્રથી દૂર અંતરીત પદાર્થો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે મહાવિદેહક્ષેત્ર છે, મેરુ પર્વત છે તો તે ક્ષેત્રો તથા ક્ષેત્રમાં રહેલા પદાર્થો અનુમાનનો વિષય છે પણ મેરુપર્વતની નજીક રહેલા જીવોને તે પ્રત્યક્ષ છે.

(૩) ગયા કાળનું આપણને અનુમાન થઈ શકે છે. ભૂતકાળમાં જે માણસો હતા તેને તે કાળ પ્રત્યક્ષ હતો. ભવિષ્યકાળમાં આ ક્ષેત્રમાં શ્રેણિકનો જીવ (જે વર્તમાન નરકમાં છે) તે આવતી ચોવીસીના પહેલા તીર્થંકર થશે એ આપણને અનુમાન છે. પણ તે વખતના એટલે ભવિષ્યકાળના જીવો શ્રેણિકના જીવને પ્રત્યક્ષ કેવળી ભગવાન તરીકે જોશે. જે અનુમાન હોય છે તેને પ્રત્યક્ષ જાણનારો કોઈ હોવો જોઈએ.

(૪) બીજા આત્માને વિચાર ચાલે છે તે અનુમાનથી આપણને ખ્યાલમાં આવે છે. સામે જીવના વિકલ્પનું અનુમાન આવે છે તો જેને વિકલ્પ આવે છે તે જીવને તે વિકલ્પો પ્રત્યક્ષ છે.

અથવા પરમાણુનું આપણે અનુમાનથી નક્કી કરીએ છીએ કે આંગળીના કટકા કરતાં કરતાં છેલ્લો સૂક્ષ્મ અણુ રહે તે પરમાણુ છે. આંગળીના ટુકડા થાય છે માટે તે મૂળ ચીજ નથી. એ આપણે અનુમાનથી નક્કી કરીએ છીએ તો કોઈને (અવધિજ્ઞાની - કેવળજ્ઞાનીને) તે પ્રત્યક્ષ હોવું જોઈએ. તેવી રીતે કાળાણુનું દૃષ્ટાંત સમજી લેવું.

'કોઈ પુરુષવિશેષને પ્રત્યક્ષ જોવામાં આવે છે' એવો ધર્મ રામ-રાવણ આદિ ધર્મીઓમાં સિદ્ધ કરવા યોગ્ય છે. આ પ્રમાણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવથી ચાર બોલ લીધા. આ પ્રકારે ધર્મી તથા ધર્મના સમુદાયથી પક્ષવચન અથવા પ્રતિજ્ઞા છે.

રામ-રાવણાદિ કોઈને પ્રત્યક્ષ કેમ છે ? એવી શંકા કરે તો કહે છે કે તે અનુમાનના વિષય છે એ અમારું હેતુવચન છે. જે જે અનુમાનનો વિષય છે તે તે પ્રત્યક્ષનો વિષય કોઈને જરૂર થઈ શકે.

જેવી રીતે અગ્નિ વગેરે તે અન્વય દૃષ્ટાંતનું વચન છે. કોઈ સૂકા તણખલા સળગાવે ને તેમાંથી ધૂમાડા નીકળે તો તે ધૂમાડા ઉપરથી દૂરથી અગ્નિનું અનુમાનથી નક્કી કરે છે માટે તે અગ્નિ કોઈને પ્રત્યક્ષ દેખાતી હોવી જોઈએ. તેમ રામ-રાવણાદિ દ્રવ્યો ક્ષેત્ર, કાળ, ભાવ ને અનુમાનથી નક્કી કરીએ છીએ તે ઉપનયનું વચન છે અને દેશ, કાળ, રામ, રાવણ, પરમાણુ, વિકલ્પ અંતરીત પદાર્થ અનુમાનના વિષય છે તો તે પદાર્થો કોઈ જીવને પ્રત્યક્ષ હોવા જોઈએ તથા વર્તમાનમાં કોઈને કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ હોવા જોઈએ. આ નિગમન વાક્ય છે.

એક સર્વજ્ઞની પ્રતીતિ હોય તો બધો ખુલાસો થઈ જાય. અરિહંત કોને કહેવા તેની અજ્ઞાનીને

ખબર નથી. સર્વજ્ઞની પ્રતીતિ કરનાર વિકારથી ધર્મ માને નહિ, બીજાનું કલ્યાણ કરી દઉં એમ માને નહિ, દરેક પદાર્થની પર્યાય ક્રમસર થાય છે એમ માને તેને અહંકાર, વિકાર તથા અલ્પજ્ઞતાની રુચિ છૂટી જાય ને સ્વભાવની રુચિ થાય.

આત્માનો ધર્મ સર્વજ્ઞપણું કોઈને પ્રત્યક્ષ પ્રગટ થયો છે એમ નક્કી કરનારને બધી ભ્રમણા ટળી જાય, તે સર્વજ્ઞને જ્ઞાન પૂરું, દર્શન પૂરું, આનંદ પૂરો હોય, તેને શરીર પરમ ઔદારિક હોય – આમ બધું નક્કી થાય. સર્વજ્ઞ ધર્મનો સ્તંભ છે.

હવે વ્યતિરેક દૃષ્ટાંત કહે છે. નકારથી સમજાવે છે. જેમ આકાશના ફૂલનું અનુમાન કરી શકતા નથી કેમકે આકાશના ફૂલનો અભાવ છે માટે અનુમાન થઈ શકે નહિ. કારણ તે કોઈને પ્રત્યક્ષ નથી. કોઈને પણ પ્રત્યક્ષ ન હોય તે ચીજ અનુમાનનો વિષય થઈ શકતી નથી.

જે જગતમાં સત્ હોય તે જ્ઞાનનો વિષય ન હોય એમ બને નહિ. પૂર્ણ જ્ઞાનવાળાને પૂર્ણ ખ્યાલમાં આવે ને અધૂરાવાળાને અધૂરું ખ્યાલમાં આવે. કેવળી ભગવાન કોઈને પણ પ્રત્યક્ષ ન હોય તો કોઈને અનુમાનમાં પણ ન આવે પણ કેવળી ભગવાન અનુમાનમાં આવે છે તો તે કોઈને પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય હોવા જોઈએ, આ કેવળી ભગવાનની વાત મુદ્દાની છે.

વ્યતિરેક દૃષ્ટાંત એટલે નકારથી દૃષ્ટાંત આપ્યું, આકાશપુષ્પ નથી તો અનુમાનનો વિષય નથી પણ રામ રાવણાદિ અનુમાનનો વિષય છે તે ઉપનયનું વચન છે ને તે અનુમાનનો વિષય છે તો કોઈને પ્રત્યક્ષ છે. તો રામ રાવણાદિ કોઈને પ્રત્યક્ષ હોવા જોઈએ. તે નિગમનવાક્ય છે. રામ રાવણાદિ અનુમાનનો વિષય હોવાથી કોઈને પ્રત્યક્ષ થાય છે. ત્યાં 'અનુમાનનો વિષય હોવાથી' તે હેતુ છે ને તે હેતુ સર્વજ્ઞરૂપ સાધ્ય ધર્મમાં સર્વ પ્રકારે રહે છે. માટે તે હેતુ સ્વરૂપાસિદ્ધ, ભાવાસિદ્ધ તથા વિશેષણ આદિથી અસિદ્ધ નથી. સર્વજ્ઞનું સ્વરૂપ અસિદ્ધ નથી, તેના ભાવથી અસિદ્ધ નથી ને સર્વજ્ઞનું વિશેષણ અસિદ્ધ નથી.

આ ખ્યાલમાં આવવું જોઈએ કે કેવળી ભગવાન મારી જાતના છે. તે પૂરા છે, મારે અધૂરાશ છે, માટે અધૂરાશ આદરણીય નથી તો પછી વિકારાદિ આદરણીય હોઈ શકે નહિ. મને તો વર્તમાન પર્યાયમાં અલ્પજ્ઞતા છે ને ભગવાનને સર્વજ્ઞતતા છે તો તે ક્યાંથી આવી ? અલ્પજ્ઞતાની પર્યાય પૂર્ણ પર્યાયનો અંશ છે. મતિજ્ઞાન અધૂરું છે તે કેવળજ્ઞાનરૂપી પૂર્ણ પર્યાયનો અંશ છે. તે પૂર્ણ પર્યાય સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે, મતિજ્ઞાનમાં સર્વજ્ઞપણાનું અંશે પ્રત્યક્ષપણું છે, અંશે પ્રત્યક્ષપણું ન હોય તો મતિજ્ઞાન સિદ્ધ થતું નથી. આ થાંભલો છે તેમાંથી એક બાજુ હાંસ છે તે આ થાંભલાની છે, તે અંશ અંશીનો છે એમ અભેદપણે નક્કી કરે તો યથાર્થ છે. તેમ મતિજ્ઞાનનો પર્યાય પૂર્ણ જ્ઞાન પર્યાયનો અંશ છે. મતિજ્ઞાનનો પર્યાય રાગનો, નિમિત્તનો કે કર્મનો નથી. તે પર્યાય સ્વભાવનો આશ્રય લ્યે તો તે પૂર્ણ થશે. મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન અંશે પ્રત્યક્ષ છે. આત્મા અખંડ દ્રવ્ય છે, તેનો જ્ઞાનગુણ અખંડ છે ને વર્તમાન પર્યાય અધૂરી છે તે અધૂરી રહી શકે નહિ. તે પર્યાય ગુણ-ગુણી અભેદનો આશ્રય લેતાં પૂર્ણ થાય છે. મને

થોડું અંશે પ્રત્યક્ષજ્ઞાન પ્રગટ થયું છે ને તે ખ્યાલમાં આવે છે તો કોઈ જીવને પ્રત્યક્ષ જ્ઞાન પૂર્ણ પ્રગટ થયું હોવું જોઈએ – એમ સાધક જીવ પોતાની પર્યાયથી નક્કી કરે છે. કેવળજ્ઞાનનો અંશ મતિજ્ઞાનમાં પ્રત્યક્ષ છે એમ નક્કી કરતાં ધર્મદશા પ્રગટે છે. આ આત્મા સર્વજ્ઞ થવાને લાયક છે. તે રાગ કે નિમિત્તને લીધે નહિ પણ પોતાના કારણે પ્રગટે છે એવો નિર્ણય કરનારને સમ્યગ્દર્શન થાય છે.

સર્વજ્ઞના ભાન વિના મૂર્તિમાં ભગવાનની સ્થાપનાનો નિક્ષેપ (આરોપ) યથાર્થ આવી શકે નહિ. બિલાડીને જોઈને કોઈ બિલાડીને સિંહ માની લ્યે તો તે મૂર્ખ છે. તેમ વ્યવહારથી આત્મા સમજાવ્યો તથા ગુણભેદ સમજાવ્યા, વિકારી પર્યાયનું જ્ઞાન કરાવ્યું ત્યાં અજ્ઞાનીએ વિકારને જ તથા ગુણભેદને જ આત્માનું સ્વરૂપ માની લીધું તો તેને નિશ્ચયનું ભાન નથી માટે નિશ્ચય યથાર્થ સ્વરૂપ નક્કી કરે કે આ આત્મા સર્વજ્ઞ થવાને લાયક છે એમ પોતાનું નક્કી કરે તો આ ભગવાન સર્વજ્ઞ છે અથવા આ ભગવાનની મૂર્તિ છે એવો વ્યવહાર લાગુ પડે.

અહીં કહે છે, સર્વજ્ઞને સ્વરૂપથી, ભાવથી ને વિશેષથી સાબિત કર્યા, કોઈ પ્રકારથી અસિદ્ધ નથી એટલે કે સિદ્ધ છે. તે અમારો હેતુ છે માટે હેતુમાં અસિદ્ધપણાનો દોષ નથી. 'સર્વજ્ઞરૂપ અમારો પક્ષ છે' તેને છોડી તે હેતુ સર્વજ્ઞના અભાવ સ્વરૂપ વિપક્ષને સિદ્ધ કરતો નથી. અમે જે રીતે સિદ્ધ કર્યું તેની વિરુદ્ધ કોઈ દલીલ ટકતી નથી માટે હેતુમાં વિરુદ્ધ દોષ નથી. અમે અન્વય ને વ્યતિરેકથી વાત સિદ્ધ કરી છે તેવી રીતે બીજા જીવો સર્વજ્ઞનો અભાવ સાબિત કરે છે – એમ નથી. તે હેતુ સર્વજ્ઞના સદ્ભાવરૂપ અમારા પક્ષમાં રહે છે તેવી રીતે તે હેતુ સર્વજ્ઞના અભાવરૂપ વિપક્ષમાં રહેતો નથી માટે તે હેતુમાં અનૈકાંતિક અર્થાત્ વ્યભિચાર દોષ નથી. વળી પ્રત્યક્ષ આદિ પ્રમાણથી પણ બાધિત નથી.

ભટ્ટ તથા ચાર્વાક વગેરે જે સર્વજ્ઞને માનતા નથી તેને પણ અમારી દલીલથી સર્વજ્ઞ સિદ્ધ કરી દઈએ છીએ. માટે અમારા હેતુમાં અકિંચિત્કરદોષ પણ નથી. આ પ્રકારે 'અનુમાનનો વિષય હોવાથી' એ હેતુવચન છે ને તે હેતુમાં અસિદ્ધ, વિરુદ્ધ અનૈકાંતિક ને અકિંચિત્કર એમ ચાર દૂષણ આવતા નથી. માટે સર્વજ્ઞનો સદ્ભાવ સિદ્ધ થાય છે. એમ સાબિત કરતાં આ આત્મા સર્વજ્ઞ થઈ શકે છે એમ સાબિત થાય છે. સર્વજ્ઞનો ભાવ, સ્વરૂપ ને વિશેષણ જેણે અંતરમાં પ્રતીતિમાં લીધા તેને સર્વજ્ઞપણું પ્રગટ થાય છે પણ વિકાર કે ક્રિયાકાંડ કે અધૂરી પર્યાયના અવલંબને સર્વજ્ઞપણું પ્રગટ થતું નથી પણ ગુણ-ગુણીના અભેદ અવલંબને એટલે કે પોતાના સ્વભાવના આધારે આ આત્મા સર્વજ્ઞ થઈ શકે છે. અલ્પજ્ઞ રહેવાનો નથી એમ સિદ્ધ થયું. આ પ્રકારથી સર્વજ્ઞના સદ્ભાવમાં પક્ષ, હેતુ, દૃષ્ટાંત, ઉપનય ને નિગમનરૂપ એમ પાંચ અંગો દ્વારા અનુમાન જાણવું જોઈએ.

સર્વજ્ઞે દીઠું એમ ત્રણકાળ ત્રણલોકમાં થવાનું છે એવી પ્રતીતિ કરે તેને પરની રુચિ છૂટીને આત્માની પ્રતીતિ થયા વિના રહે નહિ.

## પ્રસાદ નં. – ૩૯

### વી. નિ સં. ૨૪૭૯, માગશર સુદ ૧૦, વર્ષ ત્રીજું પુસ્તક બીજું, સોનગઢ, તા. ૨૬-૧૧-૫૨, બુધવાર.

### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫૦

### (માગશર સુદ ૩, ગુરુવાર, ૨૦-૧૧-૫૨ બપોર)

'નમો અરિહંતાણં'ની વ્યાખ્યા ચાલે છે. અરિહંતને નમસ્કાર કરનાર કેવો પાત્ર હોવો જોઈએ ? આત્મા જ્ઞાનસ્વભાવી છે માટે જ્ઞાનની હીણી દશા ટળીને જ્ઞાનસ્વભાવના આશ્રયે પૂર્ણ દશા થાય ને રાગ-દ્વેષ ટળી જાય એવી મારામાં શક્તિ છે એમ નક્કી કરનાર જીવ અરિહંતને યથાર્થ નમસ્કાર કરે છે. જ્ઞાનની પૂર્ણ અવસ્થાનો આદર કરનારને - સ્વભાવની પ્રતીતિવાળાને શુભરાગ આવે ત્યારે શુભભાવનું વલણ અરિહંત તરફ વળે છે. જેને નિશ્ચયથી આત્મા ધ્યેય છે. જ્ઞાનમાં ધ્યેય યથાસ્થિત પદાર્થ છે તેવા ધ્યાનવંતને શુભભાવમાં શ્રી અરિહંત ધ્યેય હોય છે.

શ્રી સર્વજ્ઞને સિદ્ધ કરવાના ન્યાય ઘણાં આપ્યા, હજી એક આપે છે. જેમ આંખ વિનાના પુરુષની સામે દર્પણ હોય તોપણ દર્પણમાં રહેલા પ્રતિબિંબનું તેને જ્ઞાન નથી – આ દૃષ્ટાંત છે. તેમ નેત્રના સ્થાનભૂત સર્વજ્ઞતારૂપ ગુણ છે. હું સર્વજ્ઞ થવાને લાયક છું એવી પ્રતીતિ નથી તે આંખ વિનાના પુરુષ જેવો છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે તેની પ્રતીતિ કરતાં રાગ ઘટી જાય છે ને વીતરાગતા આવે છે ને જ્ઞાન વધતાં વધતાં પૂર્ણ જ્ઞાન થાય છે તો આવા વીતરાગી વિજ્ઞાનના ધરનાર જીવો પણ છે. જ્ઞાન ઓછું-વત્તું થાય છે તો જ્ઞાન વધીને કોઈને પૂર્ણ થઈ જાય ને રાગાદિ મંદ થાય છે તો કોઈને રાગનો સર્વથા અભાવ થઈ જાય – આમ જીવ પોતાના આત્માના આશ્રયે વીતરાગ ને સર્વજ્ઞ થઈ શકે એવી જેને પ્રતીતિ નથી તે આંખ વિનાના આંધળા જેવો છે.

દેખતો માણસ આકાશમાં ૧૦૮ બગલા છે એમ કહે તેની સામે આંધળો હોડ કરીને કહે કે આકાશમાં ૧૦૬ બગલા છે તો તે ખોટો છે. આંધળાએ રંગ જોયો નથી, આકાશ

જોયું નથી ને જ્ઞાન ધીરું થયું નથી તો તેની હોડ ખોટી છે, તેવી રીતે જેનું જ્ઞાન ધીરજવાળું થયું નથી તે આંધળા સમાન છે. પોતાનો સ્વભાવ જ્ઞાન છે તેના અવલંબને વિકાર ને અલ્પજ્ઞતા રહી ન શકે – આવી પ્રતીતિ વિનાનાને આંધળો ગણ્યો છે.

અહીં કહેશે કે દર્પણના સ્થાને ચાર અનુયોગ – દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ ને ધર્મકથાનુયોગમાં સર્વજ્ઞોએ નય, નિક્ષેપ, પ્રમાણથી વસ્તુનું સ્વરૂપ કહ્યું છે ને પદાર્થો પ્રતિબિંબના સ્થાને છે તેમાં શું છે એવી ખબર નથી અથવા મારો આત્મા સર્વજ્ઞતાની તાકાતવાળો છે એવી પ્રતીતિ નથી તેનું શાસ્ત્રજ્ઞાન સાચું નથી.

જેને અંતર્મુખદૃષ્ટિ થઈ નથી કે હું કેવળજ્ઞાનથી પૂર્ણ થાઉં, કેવળદર્શન પ્રગટ કરું, અનંતવીર્ય પૂરું કરું, ચારિત્ર પ્રગટ કરું તથા દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતાની પ્રતીતિ જેને નથી તેને શાસ્ત્રની ખબર નથી. શાસ્ત્રમાં ક્યા નયથી ને ક્યા નિક્ષેપથી કઈ રીતે વાત કરી છે તેની તેને ખબર પડે નહિ.

મારો પર્યાય પરમાં અટકે તો રાગ ને અલ્પજ્ઞતા રહે ને સ્વભાવમાં ટકે તો પૂર્ણ થાય – આમ નક્કી કરે તો તે જીવ વ્યવહારથી નિશ્ચય પ્રગટે – એમ માને નહિ. નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય – એમ માને નહિ.

અહીં ગુણ-ગુણીની અભેદતા બતાવે છે. અહો ! આ આત્મા સર્વજ્ઞ થવાને લાયક છે એમ પર્યાય પોતા તરફ વાળે તો તેણે સર્વજ્ઞને વ્યવહારે માન્યા કહેવાય. જેને સર્વજ્ઞની પ્રતીતિ થઈ નથી તેને શાસ્ત્રની ખબર નથી. કારણ ને કાર્ય, નય ને નિક્ષેપ, નિશ્ચય ને વ્યવહારની ખબર નથી. કોઈ વ્યવહારથી નિશ્ચય પ્રગટે એમ માને, કોઈ વ્યવહારને લીધે નિશ્ચય ટકે એમ માને તે બધા ખોટા છે.

આત્મા સર્વજ્ઞ શક્તિવાળો છે એમ નક્કી કરે તો તેની પર્યાય શક્તિવાનમાં અભેદ થાય. તો સર્વજ્ઞતા પ્રગટ થાય એવી ખબર નથી તેને શાસ્ત્રની ખબર નથી. તેને ચારે અનુયોગની ખબર નથી. પ્રમેયકમલમાર્તંડ, પ્રમેયરત્નમાળા, અષ્ટસહસ્ત્રી આદિ શાસ્ત્ર શું કહેવા માગે છે, 'સમતભદ્રાચાર્ય' શું કહેવા માગે છે તેની તેને ખબર નથી. કારણ ને કાર્યની ભલે હજારો વાતો કરે પણ તે બધી વ્યર્થ છે. સર્વજ્ઞતા રાગ, નિમિત્ત કે પર્યાયમાંથી પ્રગટે નહિ પણ સ્વભાવમાંથી પ્રગટે, અલ્પજ્ઞતા રહે તે તેનું ખરું સ્વરૂપ નથી, સ્વભાવના આશ્રયે જ્ઞાન પૂર્ણ થશે – આમ જેને ખબર નથી તેને શાસ્ત્રની ખબર નથી. કારણ-કાર્ય, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધ પર્યાય કેવો છે, પદાર્થોની ક્રમબદ્ધ અવસ્થા થાય છે – એમ શાસ્ત્ર કહે છે તેની તેને ખબર નથી તેથી તેને ચારે અનુયોગમાં કોઈ બોલનું જ્ઞાન છે જ નહિ.

કોઈ દ્રવ્યનો કોઈ કર્તા નથી. પોતાની કેવળ પર્યાયનો કર્તા દ્રવ્ય પોતે છે, આધાર પોતે છે, પ્રભુત્વશક્તિથી ભરેલો પ્રભુ આત્મા છે તેને નિમિત્ત ને રાગનું અવલંબન નથી – એમ જેને ખબર નથી તેને સર્વજ્ઞદેવ, ગુરુ, શાસ્ત્રની યથાર્થ પ્રતીતિ જ નથી.

જે પુરુષને સ્વયં બુદ્ધિ નથી તેને શાસ્ત્ર શું ઉપકાર કરે ? આત્મા જ્ઞાનસ્વભાવી છે તે જ્ઞાનની પૂર્ણ દશા અંતર્મુખ થવાથી થાય છે. બહિર્મુખ દશા એટલી અલ્પતા ને અંતર્મુખ ઉગ્રતા એટલી વિશેષ દશા.

જેને આત્માનું ભાન નથી, જેને બુદ્ધિમાં આ વાત આવતી નથી તેને શાસ્ત્ર કાંઈ ઉપકાર કરતું નથી. જેવી રીતે નેત્રોથી રહિત પુરુષને દર્પણ કંઈ કરી શકતું નથી તેમ અજ્ઞાનીને શાસ્ત્ર કંઈ ઉપકાર કરતાં નથી.

કોઈ કહે છે કે જેમ એક ઘડાના પાણીમાં હજાર ઘડાનું પાણી સમાતું નથી તેમ અનંત જીવો ને પુદ્ગલોનું જ્ઞાન એક આત્મામાં આવી શકે નહિ તેથી જગતમાં સર્વજ્ઞદશા હોય નહિ. પણ આ દૃષ્ટાંત જ ખોટો છે. પાંચ લાખ માણસ હોય ને તેનો નેતા જે ભાષણ કરે તે ભાષણનો ખ્યાલ પાંચ લાખ માણસને આવે છે. ભાષણમાં એમ આવે કે 'સ્વતંત્રતા પ્રગટ કરો' એવું ભાષણમાં બધાએ સાંભળ્યું, તો પાંચ લાખ માણસ આ વખતે 'સ્વતંત્રતા પ્રગટ કરો' એવો ખ્યાલ કરી રહ્યા છે તે ભાષણકર્તાને પાંચ લાખ માણસના જ્ઞાનનો ખ્યાલ તુરત આવી જાય છે, તો તે પ્રમાણે એક જીવ અનંતા જીવો ને પુદ્ગલોનું જ્ઞાન કરી શકે છે એમાં વિરોધ નથી માટે ઘડાનો દૃષ્ટાંત જ ખોટો છે.

વસ્તુ ત્રિકાળી પૂર્ણ છે તો તેને જાણનાર જ્ઞાન પૂર્ણ હોવું જોઈએ. વગેરે પ્રકારથી સર્વજ્ઞની સિદ્ધિ જાણવી જોઈએ.

એવી રીતે પદમાં રહેલા અરિહંતનું ધ્યાન તે પદસ્થધ્યાન છે. શરીરમાં રહેલા અરિહંતનું ધ્યાન તે પિંડસ્થધ્યાન છે ને રૂપમાં રહેલા એટલે સમવશરણમાં રહેલા અરિહંતનું ધ્યાન તે રૂપસ્થધ્યાન છે. એવા ત્રણ ધ્યાનમાં ધ્યાન કરવા યોગ્ય શરીરવાળા પરમાત્મા શ્રી જિનેન્દ્ર ભગવાન અથવા અરિહંત ભગવાન છે. આ પ્રમાણે શ્રી અરિહંતના વ્યાખ્યાનરૂપ ગાથા પૂરી થઈ. ॥૫૦॥

હવે સિદ્ધની વ્યાખ્યા કરે છે.

સિદ્ધ સમાન પોતાનું પરમાત્મસ્વરૂપ છે. 'सिद्ध समान सदा पद मेरो' 'સિદ્ધ સમાન સદા પદ મેરો' સિદ્ધમાં છે તે મારામાં છે ને સિદ્ધમાં નથી તે મારામાં નથી એવી પ્રતીતિ કરે છે તે સિદ્ધનું ધ્યાન કરનારો છે, તેનું ધ્યાન પરમ સમરસીભાવ છે. તે રૂપાતીત નામક નિશ્ચય ધ્યાન છે. તે રૂપાતીત ધ્યાનના પરંપરા કારણભૂત - મુક્તિને પ્રાપ્ત થયેલા સિદ્ધ પરમેષ્ઠી છે. તેની ભક્તિરૂપ 'નમો સિદ્ધાણં' પદ બોલવારૂપ લક્ષણનું ધારક જે પદસ્થધ્યાન છે તેના ધ્યેયભૂત સિદ્ધ ભગવાનના સ્વરૂપની વાત કરે છે.

ગાથા-૫૧

**णट्ठट्ठकम्मदेहो लोयालोयस्स जाणओ दट्ठा।**
**पुरिसायारो अप्पा सिद्धो झाएह लोयसिहरत्थो।।५१।।**

**ગાથાભાવાર્થ :–** નાશ થઈ ગયો છે આઠ કર્મરૂપી દેહ જેને, લોકાકાશ અને અલોકાકાશને જાણવા-દેખવાવાળા, પુરુષના આકારે, અને લોકના શિખર પર બિરાજમાન એવા જે આત્મા છે તે સિદ્ધપરમેષ્ઠી છે, એ કારણે તમે એમનું ધ્યાન કરો.

વળી કેવા છે સિદ્ધ ભગવાન ? તેને આઠકર્મરૂપી કાર્મણ શરીર નાશ થયેલ છે. અરિહંતને સર્વથા કર્મનો નાશ નહતો અહીં સિદ્ધને બધા કર્મો નાશ કરેલા છે. તથા સિદ્ધ ભગવાન લોકાકાશ ને અલોકાકાશને જાણવાવાળા છે. લોકને અલોક બે ભાગ બતાવ્યા. લોકમાં છ દ્રવ્યો છે. અલોકમાં એક આકાશ જ છે. આમ બધાં દ્રવ્યો આવી ગયાં વળી સિદ્ધ પરમાત્મા પુરુષાકારે હોય છે. છેલ્લો દેહ મુક્તિ વખતે પુરુષનો હોય છે. મુક્તિ વખતે સ્ત્રીનો દેહ ન હોય. કોઈ જીવ સિદ્ધના આકારની ના પાડતા હોય તો તે વાત ખોટી છે. સિદ્ધને આકાર છે જડ ઇન્દ્રિયોનો આકાર સિદ્ધમાં નથી પણ પોતાનો આકાર છે ને તે પુરુષ દેહના આકારે છે. સ્ત્રી દેહે મુક્તિ થાય તેમ બને નહિ માટે જે શાસ્ત્ર સ્ત્રી દેહે મુક્તિ બતાવે તે શાસ્ત્ર ખોટાં છે.

'એકડો' તે 'એકડો' છે. 'એકડો' તે 'બગડો', 'ત્રગડો' નથી. 'ક' તે 'ક' છે તે 'ગ' વગેરે નથી. આમ અસ્તિ-નાસ્તિના જ્ઞાન વિના અક્ષર નક્કી થાય નહિ. તેમ સત્ય આ છે, ને બીજું સત્ય નથી એમ કહ્યાં વિના સત્ય સિદ્ધ થતું નથી. અહીં કહે છે કે ભગવાન સિદ્ધ પોતાના છેલ્લા દેહના આકારે છે. દરેક વસ્તુને આકાર હોય જ. ક્ષેત્ર હોય જ. પોતાના કદ-વિસ્તાર વિના વસ્તુ શી ? માટે સિદ્ધને આકાર છે.

વળી કોઈ કહે કે પરમાત્મા ક્યાં બિરાજતા હશે ? એમ શંકા કરે વળી કોઈ એમ માને કે પંખીની પાંખ તૂટી જતાં ત્યાં પંખી પડ્યું રહે ને અનંતમાં ભળી જાય તે ખોટું છે તેથી ખુલાસા કરેલ છે કે સિદ્ધ લોકના અગ્રભાગે બિરાજમાન છે. આવા સિદ્ધ પરમેષ્ઠીનું તમો ધ્યાન કરો.

**વ્યાખ્યાર્થ :–** નિજ શુદ્ધાત્મા શુભ-અશુભ, મન-વચન-કાયની ક્રિયારૂપ ક્રિયાકાંડને નાશ કરવા સમર્થ છે. આઠ કર્મો કેમ નાશ થયાં તે બતાવે છે. પ્રથમ દયા-દાનના વિકલ્પો ઉઠતા ને મન-વચન-કાયાના નિમિત્તે જે અશુદ્ધ ક્રિયા થતી તેનો નાશ નિજશુદ્ધ આત્મસ્વરૂપની સાચી ભાવનાથી થાય છે. પરમ આનંદ ને જ્ઞાનકાંડ કોને કહેવાં ? નિજ શુદ્ધ આત્માની ભાવનાથી રાગાદિ વિકલ્પ રહિત પરમ આનંદદશા ઉત્પન્ન થાય છે. આત્માની દશા જ્ઞાનરૂપ છે. સુંદર

મનોહર આનંદરૂપ છે. આત્મા તે આનંદ સ્વરૂપ છે. સમ્યક્જ્ઞાનકાંડ તે આનંદને વહેવરાવે છે. આત્મા સ્વભાવ સન્મુખ થઈ જે દશા થાય તે આનંદને જન્મ આપે છે. કેવું છે જ્ઞાન ? પુણ્ય પાપની ક્રિયા રહિત છે. બેપણા વિનાનું છે સ્વભાવ સન્મુખ એકતાવાળું છે. પુણ્યપાપની ક્રિયા રહિત છે. તે જ્ઞાનકાંડથી કર્મોનો નાશ થાય છે. વ્યવહાર રત્નત્રય ક્રિયાકાંડ છે. તેનાથી રહિત જ્ઞાનકાંડ જે જ્ઞાન પર્યાય સ્વભાવ સન્મુખ વધ્યો તે આઠે કર્મોનો નાશ કરે છે.

'શ્રીમદ્ રાજચંદ્રજી' કહે છે કે :–

'કર્મ મોહનીય ભેદ બે, દર્શનચારિત્ર નામ,
હણે બોધ વીતરાગતા, અમુક ઉપાય આમ.'

સમ્યક્જ્ઞાન દર્શનમોહને હણે છે ને વીતરાગતા ચારિત્રમોહને હણે છે. આઠકર્મોમાં મોહકર્મ એક અંશ છે. તે મોહકર્મનો નાશ પરમજ્ઞાનકાંડ વડે થાય છે.

જીવ એક ગાથાનો મર્મ સમજે તોપણ યથાર્થસ્વરૂપ પામે છે. વ્યવહાર રત્નત્રય પણ રાગની ક્રિયા છે. તે રાગની ક્રિયા રહિત થઈને સ્વભાવમાં વળેલી જ્ઞાનની દશાથી દર્શનમોહનો નાશ થાય છે. બીજો કોઈ ઉપાય નથી, પરમ જ્ઞાનકાંડ કહ્યું છે. શાસ્ત્રના જ્ઞાનની વાત કરી નથી. સાધકમાં શુભરાગ હોય તે જુદી વાત છે. પણ રાગની ક્રિયાથી દર્શનમોહનો નાશ થતો નથી. જ્ઞાન ક્રિયાથી દર્શનમોહ નાશ પામે છે. વળી વ્રતાદિના પરિણામથી ચારિત્રમોહ નાશ થતો નથી. પરમ જ્ઞાન કળા વડે ચારિત્રમોહ નાશ પામે છે. પછી પણ જ્ઞાનની એકતાથી ધર્મધ્યાન શુકલધ્યાન પ્રગટે છે તે જ્ઞાન મજબૂત સંહનનથી પ્રગટતું નથી.

'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.' સમજે એમાં આ વાત આવી જાય છે. પરમ જ્ઞાનકાંડ વડે સિદ્ધ થયા છે ને થાય છે. પરમ જ્ઞાનકાંડમાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર આવી જાય છે. જ્ઞાનથી સમ્યગ્દર્શન થાય છે જ્ઞાનથી સિદ્ધપદ પમાય છે. આમ જ્ઞાનકાંડમાં બધું સમાવી દીધું છે. આત્માના જ્ઞાનસ્વભાવ તરફ વલણ થઈ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થઈ તેને અહીં જ્ઞાનકાંડ કહેલ છે. તે જ્ઞાનકાંડ આઠે કર્મોનો નાશ કરે છે.

### માગશર સુદ ૪, શુક્રવાર, ૨૧-૧૧-૫૨

સિદ્ધ ભગવાન કેવા હોય તેની વાત ચાલે છે. જેને નિશ્ચયનું ભાન છે એટલે કે હું આત્મા જ્ઞાનાનંદ છું એવું ભાન છે તે જીવ અંતરમાં સ્થિર ન થાય ત્યારે તેને શુભ ભાવ થાય છે. તે વખતે સિદ્ધના સ્વરૂપનો વિચાર કરે છે. પંચપરમેષ્ઠી નિશ્ચયથી આત્માની દશા

છે પણ આત્માનું ભાન થતાં અંશે રમણતા પ્રગટ થાય છે પણ વિશેષ રમણતા નહોય ત્યારે સિદ્ધનો વિચાર કરે છે.

(૧) કેવી રીતે સિદ્ધ થયા ? જ્ઞાનકાંડથી સિદ્ધ થાય છે. અનંતા જીવો સિદ્ધ થયા, વર્તમાન થાય છે ને ભવિષ્યમાં થશે. તે બધા આ પ્રકારે થાય છે. ધર્મી જાણે છે ને માને છે કે હું પણ આ રીતે સિદ્ધ થઈશ. દેહાદિની ક્રિયાથી વ્યવહાર રત્નત્રયથી મુક્તિ થતી નથી. હું ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વરૂપી છું એવું જ્ઞાનમાં પ્રતીતિ કરતાં દર્શનમોહ નાશ પામે છે ને સ્થિરતા કરતાં ચારિત્રમોહ નાશ પામે છે. કોઈ વિકલ્પ કે વ્યવહાર રત્નત્રય દ્વારા કર્મ નાશ પામતા નથી. જેને આત્માનો આનંદ થતો હોય જેને ક્ષણે ને પળે ૬/૭ ભૂમિકા વર્તે છે. તેને મુનિદશા વર્તે છે. તેને શુભરાગ થાય તો ઉપદેશ વગેરેની વૃત્તિ ઉઠે વળી પાછી વૃત્તિ તૂટી જાય છે. તેવા મુનિ કહે છે કે જે સર્વજ્ઞ થયા તેમણે અંતરમાં એકતા કરી. જ્ઞાનાવરણીય કર્મનો નાશ કર્યો છે. શાસ્ત્રના ભણતરથી જ્ઞાનાવરણીયનો નાશ થતો નથી. અનંતા જીવો સિદ્ધ થયા ને હું પણ આ જ ઉપાયથી એટલે કે અંતર સ્વભાવની રમણતા કરતાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય કર્મનો નાશ કરીશ ને મોહનીય ને અંતરાયનો નાશ કરીશ. એ સિવાય બીજો ઉપાય નથી. ચાર અઘાતી કર્મોનો નાશ જ્ઞાનકાંડથી થાય છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' જે અનંતા સિદ્ધ થયા તે પોતાના ચિદાનંદ જ્ઞાયકની એકાગ્રતાથી મોહનો નાશ કરીને થયા છે. જ્ઞાનપર્યાય ને દર્શનપર્યાય હીણી હતી તે પોતામાં એકાગ્રતા કરતાં પૂર્ણ ખીલી ને વીર્ય પર્યાય જે હીણી હતી તે પોતામાં એકાગ્રતા થતાં પૂર્ણ પ્રગટી આમ જ્ઞાનાવરણીય દર્શનાવરણીય મોહનીયને અંતરાય કર્મોનો નાશ કર્યો.

આત્માના અંતર્મુખ અવલોકનથી કર્મોનો નાશ થાય છે. અજ્ઞાનીને ખબર પડતી નથી. ચાર ઘાતી કર્મોનો જ્ઞાનકાંડ વડે નાશ કર્યો પણ અઘાતી ચાર કર્મોનો પણ જ્ઞાનકાંડ વડે નાશ કર્યો. કેવળજ્ઞાન થયા પછી તેમાં અનુભવ કરતાં કરતાં વેદનીય, નામ, આયુ, ગોત્રનો નાશ થાય છે. આ એક જ ઉપાય છે. આમ આઠ કર્મો તથા પાંચ શરીરનો જ્ઞાનકાંડ વડે નાશ થાય છે.

હવે સિદ્ધ ભગવાન લોક ને અલોકના જાણનાર ને દેખનાર છે તે બતાવે છે. જ્ઞાનકાંડની ભાવનાના ફળરૂપે અનંતજ્ઞાન ને અનંતદર્શન પ્રગટ થયાં. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે તેની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કહો કે જ્ઞાનાકાંડ કહો તે એક જ છે. ભગવાન સિદ્ધને જ્ઞાનદર્શન યુગપત્ એક સાથે હોય છે. તેનાથી લોક-અલોકને જાણે છે. તેમાં ભૂત, ભવિષ્ય ને વર્તમાન એમ ત્રણકાળના પદાર્થોને તેના વિશેષપણાથી દરેક ગુણની પૃથકતા તેની દરેક પર્યાયની પૃથકતા કેવળજ્ઞાન દ્વારા જાણે છે વિશેષ દરેક વસ્તુ જુદી જુદી છે, આત્મા દરેક જુદો છે, ગુણ જુદો, પર્યાય જુદો, રાગનો અંશ જુદો, દરેક પરમાણુ જુદો, તેનો ગુણ જુદો – આમ જે વિશેષ ભાવ છે. તેને કેવળજ્ઞાનથી સિદ્ધ ભગવાન જાણે છે. તે દરેક પદાર્થ સામાન્ય છે. તે બધા પદાર્થો

સાથે સંબંધ ધરાવે છે. અનંતા પદાર્થો આત્મા પરમાણુ આદિ છે, ધર્માદિ દ્રવ્યો છે તે બધાનો 'છે' પણારૂપ સામાન્ય સ્વભાવ છે. તેને કેવળદર્શન દ્વારા દેખે છે ને વિશેષ પ્રકારનો ભાવ તે કેવળજ્ઞાન દ્વારા જાણે છે.

વળી તે બધાને એક સમયમાં જાણે છે ને દેખે છે. એક સમયે કેવળજ્ઞાન ને બીજે સમયે કેવળદર્શન હોય એમ નથી. બન્ને ઉપયોગરૂપ પરિણમન એકીસાથે હોય છે.

આવા પ્રકારે સિદ્ધનો વિચાર કરે તો તેનો અનુભવ સાચો છે, આવા સિદ્ધના સ્વરૂપથી વિપરીત વિચારે તો તેનો શુભભાવ પણ સાચો નથી, પછી નિશ્ચય તો ક્યાંથી હોય જ ? એટલે કે તેને નિશ્ચય હોતો નથી તે સિદ્ધને ઓળખતા નથી ને તેને ધ્યાન હોતું નથી. સિદ્ધ ભગવાન એક સમયમાં દરેક પદાર્થ પૃથક પૃથક રીતે કેવળજ્ઞાનથી જાણી લ્યે છે ને અભેદથી દેખે – માત્ર છે. રૂપે દેખે તે કેવળદર્શનથી દેખે છે. સિદ્ધનું સ્વરૂપ અંતરમાંથી પ્રગટ થાય છે. તેમ હું પણ પ્રગટ કરી શકીશ એમ યથાર્થ માનવું જોઈએ.

(૨) વળી સિદ્ધ કેવા છે ? સિદ્ધનો આકાર છેલ્લા મનુષ્યદેહ જેવો રહી જાય છે. પરના આકાર વિનાનો તે સ્વના આકારવાળો પુરુષાકારે સિદ્ધ હોય છે.

વળી સિદ્ધ ભગવાન નિર્વિકારી અખંડ આનંદકંદ છે. તે ઇન્દ્રિયોથી ગમ્ય નથી, આત્માથી ગમ્ય છે ને મૂર્તિ રહિત છે ને તેમાં પરમજ્ઞાન ઊછળી રહ્યું છે. જેમ લીંડીપીપરમાં તીખાશ શક્તિ હોય તે અંદરથી ઊછળીને તીખાશ બહાર આવે છે. તેમ આત્મામાં જે શક્તિ છે તે ઉછળીને સિદ્ધદશા પ્રગટ થાય છે. ભગવાન આત્મા જ્ઞાન ને દર્શનનો ભંડાર છે. તેની એકાગ્રતા કરતાં જ્ઞાનદર્શન ઉછળી ગયું છે. જે શક્તિ છે તેમાંથી કેવળજ્ઞાનાદિ આવે છે. કોઈ સંહનન, નિમિત્ત કે રાગમાંથી કેવળજ્ઞાન આવતું નથી, પૂર્વના ચાર જ્ઞાનમાંથી કેવળજ્ઞાન આવતું નથી, ચાર જ્ઞાન કેવળજ્ઞાનના અનંતમા ભાગે છે. તે અનંતમા ભાગરૂપ જ્ઞાનમાંથી અનંત કેવળજ્ઞાન આવે નહિ. પણ અંદર શુદ્ધ સ્વભાવ શક્તિરૂપ છે. તેમાંથી વ્યક્ત થઈ કેવળજ્ઞાનાદિ આવે છે. તેને મૂર્તનો આકાર નથી તેથી આકાર રહિત છે. તોપણ વ્યવહાર નયથી કહે છે કે ભૂતકાળમાં જે છેલ્લું પુરુષનું શરીર હતું તેથી કંઈક ન્યુન આકારને સિદ્ધ ધારણ કરે છે. સિદ્ધને નિરાકાર કહે છે તેનો અર્થ એકે જડનો આકાર નથી પણ પોતાના પ્રદેશત્વ ગુણના લીધે આકાર છે.

વળી પુરુષદેહે મુક્તિ થાય છે. મુનિદશા વખતે ને મુક્તિ વખતે પુરુષદેહ હોય છે. જ્યારે પૂર્ણ આનંદદશા કેવળદશા પૂર્ણ પ્રગટે ત્યારે પુરુષદેહ હોય છે. સ્ત્રી દેહે મુનિ કે મુક્તિપણું માને તેની વાત ખોટી છે. આ માન્યે છૂટકો છે. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી.

(૩) વળી સિદ્ધ ભગવાન ઉપર કહેલા લક્ષણના ધારક આત્મા છે. તેઓ જ્યોતિમાં જ્યોતિની જેમ એક બીજામાં ભળી જાતા નથી. સિદ્ધ થયા પછી એકમાં એક ભળી જાય છે – એમ અજ્ઞાની માને છે પણ તે ભૂલ છે. સિદ્ધ દશામાં દરેકની સત્તા ભિન્ન ભિન્ન છે.

(૪) વળી કેવા છે સિદ્ધ ભગવાન ? લોકમાં અંજનસિદ્ધ, પાદુકાસિદ્ધ, ગુટિકાસિદ્ધ, ખડ્ગસિદ્ધ

ને માયાસિદ્ધ કહે છે. તે સિદ્ધનું સ્વરૂપ નથી. સિદ્ધ ભગવાન તેવા નથી પરંતુ ઉપર કહેલા લક્ષણવાળા સિદ્ધ પરમેષ્ઠી લોકના અગ્રભાગે બિરાજે છે. શરીર રહિત થતાં લોકાગ્રે બિરાજે છે.

હે ભવ્યજનો ! શુભભાવમાં આવા લક્ષણવાળા સિદ્ધને ધ્યેય બનાવો તે પુણ્યનું કારણ છે. નિશ્ચયથી આત્માને ધ્યેય બનાવવો તે ધર્મનું કારણ છે.

દેખેલા, સાંભળેલા ને ભોગવેલા પાંચ ઇન્દ્રિયોના વિષયોને ભૂલી જાઓ, સંપૂર્ણ મનોરથરૂપ અનેક વિકલ્પના સમૂહનો ત્યાગ કરો, તથા મન, વચન, કાયથી ગુપ્ત સ્વરૂપ જે રૂપાતીત ધ્યાન છે તેમાં સ્થિર થઈ ભગવાનને ધ્યાવો. આ પ્રકારે શરીર રહિત સિદ્ધ પરમેષ્ઠીના વ્યાખ્યાન ધારા ગાથા સમાપ્ત થઈ. ॥૫૧॥

હવે આચાર્ય કેવા હોય તેની વ્યાખ્યા કહે છે. ઉપાધિ રહિત શુદ્ધ આત્માની અનુભૂતિ તે આચાર છે. મન-વાણી-દેહથી પાર આત્માની ભાવના, અનાકુળ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા તે આચાર છે. જેને તે આત્માનો સાક્ષાત્કાર થયો છે, મન-વાણી-દેહથી પાર અનુભવ થયો છે, રાગ રહિત અમૃતનો અનુભવ થયો છે ને જેને સાક્ષાત્ આત્માનો અનુભવ થયો છે તે આચાર્યપદ છે. અહીં કહે છે કે આચાર્યને શુદ્ધ આત્માની ભાવના હોય છે પણ વ્યવહાર રત્નત્રયની ભાવના હોતી નથી. વ્યવહારની ભાવના કરતાં કરતાં નિશ્ચય આવશે. એ માન્યતા ખોટી છે. રાગ રહિત મારો સ્વભાવ છે એવી ભાવના આચાર્ય કરે છે, પોતામાં ઉઠતા શુભભાવની ભાવના કરતા નથી. તો પછી જગતના પદાર્થોનું પરિણમન આમ થાજો એવો ભાવના હોતી નથી. તેણે નિર્વિકલ્પ શાંતિ પ્રગટ કરી છે તેમાં લીન છે. તેવા સ્વરૂપવાળાને આચાર્ય કહે છે. જ્ઞાનઆચાર, દર્શનઆચાર, ચારિત્રઆચાર, વીર્યઆચાર ને તપઆચાર – એમ પાંચ આચાર – શુદ્ધ આત્માની અનુભૂતિના સાક્ષાત્કારમાં આવી જાય છે. ઉપાધિરહિત શુદ્ધ આત્માની ભાવના તથા અનુભવમાં પાંચ પ્રકારના આચાર આવી જાય છે. તે નિશ્ચય ધ્યાનનું લક્ષણ છે.

આ પ્રમાણે નિશ્ચયનય અનુસાર પાંચ આચારની વ્યાખ્યા કરી. જે ગણધર ચૌદ પૂર્વ બાર અંગના ધરનાર છે, તે જ ભવે કેવળ પામનાર છે. તે નમસ્કાર માત્રમાં 'નમો લોએ સવ્વ સાહૂણં' હે સાધુ ! તને મારા નમસ્કાર હો એમ બોલે છે. એવા સાધુ મુનિ આચાર્યનું સ્વરૂપ અહીં કીધું. નિશ્ચયથી પાંચ આચાર પ્રગટ થયા છે એવા લક્ષણવાળા એટલે કે દેહની ક્રિયા, દયાદાનકે વિકલ્પ આચાર્યનું સ્વરૂપ નથી. પણ આનંદકંદ દશામાં ઝુલતા હોય તે સાચા આચાર્ય છે. તેવા લક્ષણવાળાને નિશ્ચય ધ્યાન છે. તે નિશ્ચય ધ્યાનનું પરંપરા કારણભૂત નિશ્ચય ને વ્યવહાર આચારમાં તલ્લીન આચાર્ય પરમેષ્ઠીની ભક્તિરૂપ પદસ્થ ધ્યાન છે. તે આચાર્યને બીજા આચાર્ય નમસ્કાર કરે છે. તે બીજા આચાર્ય કેવા હોય છે. નિશ્ચય ને વ્યવહાર એમ બન્ને પ્રકારે આચારોમાં પરિણત છે આ આચાર્યને શુભ ભાવ આવે ત્યારે આવા આચાર્યને વંદન કરે છે. નિશ્ચય આચાર

તો ઉપર કહ્યાં. વ્યવહાર આચાર = બહુમાનથી ભણવું, જેની પાસેથી ભણ્યો હોય તેનો આદર કરવો, દર્શનમાં નિશંકાદિ ગુણો હોવા, ચારિત્રમાં તે જ પ્રકારનું ચારિત્ર પાળવું, પોતાનું વીર્ય ગોપવે નહિ ને તપાદિ કરે વગેરે રૂપ પાંચ વ્યવહાર આચારનું આચાર્ય પાલન કરે છે.

આમ નિશ્ચય ને વ્યવહાર આચાર પરિણત આચાર્યની ભક્તિ કરવી તે પદસ્થધ્યાન છે. તથા 'નમો આયરિયાણં' આ પદને બોલવારૂપ લક્ષણનું ધારક એવું પદસ્થધ્યાન છે. આચાર્યની ભક્તિમાં આ પદ નિમિત્ત છે. તેવા પદસ્થધ્યાનના ધ્યેયભૂત આચાર્ય પરમેષ્ઠીનું નિરૂપણ કરે છે.

## ગાથા-૫૨

**दंसणणाणपहाणे वीरियचारित्तवरतवायारे।**
**अप्पं परं च जुंजइ सो आइरिओ मुणी झेओ।।५२।।**

**ગાથાભાવાર્થ :–** (૧) દર્શનાચાર, (૨) જ્ઞાનાચાર, (૩) વીર્યાચાર (૪) ચારિત્રાચાર અને (૫) તપશ્ચરણાચાર – એ પાંચે આચારોમાં પોતે તત્પર હોય છે અને બીજા શિષ્યોને પણ તેમાં લગાવે છે એવા આચાર્ય પરમેષ્ઠી ધ્યાન કરવાયોગ્ય છે.

કેવા છે આચાર્ય ? આચાર્ય પોતે દર્શનાચાર, જ્ઞાનાચાર, વીર્યાચાર, ચારિત્રાચાર ને તપાચાર – એમ પાંચ આચારમાં લીન છે. બીજાને પણ તેમાં લગાવે છે. એવા આચાર્ય મુનિ ધ્યાન કરવા યોગ્ય છે. તે શુભ ભાવમાં ધ્યેય છે.

**વ્યાખ્યાર્થ :–** પાંચ આચારમાં મુખ્ય દર્શનાચાર ને સમ્યજ્ઞાનાચાર કીધેલા છે. સમ્યગ્દર્શનને જ્ઞાન વિના ચારિત્ર હોય નહિ. બહુ તપશ્ચર્યા કરે પણ શ્રદ્ધા વિના ચારિત્ર હોતું નથી. પાંચ આચારમાં આધારભૂત સમ્યગ્દર્શન ને સમ્યક્જ્ઞાન પ્રધાન છે.

પછી ચારિત્રાચાર, વીર્યાચાર, તપાચાર હોય છે એવા પાંચ આચાર પોતે પાલન કરે છે ને બીજાને તેમાં લગાવે છે. તેવા આચાર્ય તપોધન શુભ ભાવ વખતે ધ્યાનમાં ધ્યેય છે.

## પ્રસાદ નં. – ૪૧

**વી. નિ સં. ૨૪૭૯, માગશર સુદ ૧૨, વર્ષ ત્રીજું પુસ્તક બીજું, સોનગઢ, તા. ૨૮-૧૧-૫૨, શુક્રવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫૨**
**(માગશર સુદ ૫, શનિવાર, ૨૨-૧૧-૫૨ બપોર)**

આચાર્ય ભગવાન કેવા હોય તેની વાત ચાલે છે. આચાર્યનું સ્વરૂપ નિશ્ચય ને વ્યવહારથી જે જાણે છે તે આચાર્યને ખરેખર વંદન કરી શકે છે.

આચાર્યને દર્શનઆચાર હોય છે. આ શૈલી 'સમયસાર'ની છે. આત્મા શુદ્ધ ધ્રુવ નિત્યાનંદ છે તેને જે જ્ઞાન વિષય કરે તેને ભૂતાર્થનય કહે છે. ભૂતાર્થ = છતો પદાર્થ. એકરૂપ સ્વભાવીની વાત કહે છે. ભૂતાર્થનયનું ધ્યેય શુદ્ધ 'સમયસાર' છે, એકલો પરમ સ્વભાવભાવ સમ્યગ્દર્શનનું ધ્યેય છે. શુદ્ધ સમયસાર શબ્દ કહ્યો તે વાચક છે તેનાથી કહેવાલાયક વાચ્ય શુદ્ધ આત્મા કેવો છે ? સંસારની પર્યાય, ભાવકર્મ, પુણ્ય-પાપ, દયા-દાન, વ્યવહાર રત્નત્રય – એ બધું પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નથી. સંસાર શુદ્ધ દ્રવ્યમાં નથી. એક સમયનો સંસાર તેનાથી રહિત શુદ્ધદ્રવ્ય છે. દ્રવ્યકર્મ તથા નોકર્મ. શરીરાદિ પરદ્રવ્ય છે, તે બધાથી રહિત શુદ્ધ આત્મા જુદો છે. આમ શુદ્ધ આત્માને ધ્યેયમાં લેવો તે સમ્યગ્દર્શન છે. ચૈતન્ય સિવાય બધાં પરદ્રવ્ય છે. એકલો પરમ પારિણામિકભાવ ભૂતાર્થદૃષ્ટિનો વિષય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ વ્યવહાર રત્નત્રયથી આત્મા જુદો છે.

**(૧) દર્શનાચાર :–** પરમ ચૈતન્યવિલાસ એવા સ્વભાવને ધરનાર સ્વભાવવાન નિજ શુદ્ધ આત્મા ઉપાદેય છે. આ પ્રકારની રુચિ થવી તે સમ્યગ્દર્શન છે. જેને દર્શન-જ્ઞાન આચાર મુખ્ય છે ને જે ચારિત્ર, તપ, વીર્યમાં પરિણત છે તે આચાર્ય છે. તેમાં પ્રથમ સમ્યગ્દર્શન આચાર કહે છે.

મુનિઓને પાંચ મહાવ્રતાદિનો વ્યવહાર આચાર હોય છે પણ તે પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી સ્વદ્રવ્ય ટકે નહિ. વિકાર વિનાના દ્રવ્યના આશ્રયે પ્રગટતી નિર્મળ પર્યાય શુદ્ધ આત્મા સાથે

અભેદ થાય તે સ્વદ્રવ્ય છે.

ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિમાં એક સમયનો પર્યાય પણ અભૂતાર્થ છે, કારણ કે તે ક્ષણિક છે. ત્રિકાળી સ્વભાવની રુચિ કરવી તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શનમાં પરિણમન કરવું ને આચરણ કરવું તે નિશ્ચય દર્શન આચાર છે. આવો દર્શન આચાર પ્રગટ થયા પછી જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય – એવા ચાર આચાર સહિત હોય તે આચાર્ય છે.

(૨) **જ્ઞાનાચાર :–** શુદ્ધ આત્મા ઉપાધિ રહિત છે. જ્ઞાન સ્વજ્ઞેયને જ્ઞેય બનાવે એવા ભેદજ્ઞાન દ્વારા ભ્રાંતિ ને રાગ-દ્વેષથી આત્માને જુદો જાણવો તે સમ્યગ્જ્ઞાન છે. આગમનું જ્ઞાન વ્યવહાર છે. આત્માનું સ્વસંવેદન જ્ઞાન નિશ્ચય છે. પોતાનો અભેદ સ્વભાવ જ્ઞાનમૂર્તિ છે. એમ નક્કી કરતાં શરીર, કર્મ, રાગ મારામાં નથી એમ નાસ્તિરૂપ પરિણમન સહેજે થઈ જાય છે. હું આથી જુદો છું એવા ભેદનો વિકલ્પ ઉઠાવવાનો નથી. હું પોતાથી છું એમ અભેદરૂપે પરિણમતા નાસ્તિરૂપ પરિણમન થાય છે. તેથી ભેદજ્ઞાન દ્વારા કહ્યું.

શાસ્ત્રમાં કથન આવે કે શાસ્ત્ર દ્વારા જ્ઞાન કરવું પણ તે જ્ઞાનમાં પણ શુદ્ધ આત્માનું લક્ષ રાખીને કહ્યું છે. એકલું શાસ્ત્રનું જ્ઞાન તે યથાર્થ જ્ઞાનાચાર નથી. પોતે સ્વસંવેદનજ્ઞાન પ્રગટ કરે તો શાસ્ત્રજ્ઞાન નિમિત્ત કહેવાય. પોતાના જ્ઞાયક સ્વભાવમાં અભેદરૂપ પરિણતિ કરવી તે નિશ્ચય જ્ઞાનાચાર છે. સમ્યગ્જ્ઞાનમાં પરિણતિ થવી તે જ્ઞાનાચાર છે.

(૩) **ચારિત્રાચાર :–** દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મથી રહિત શુદ્ધ ચૈતન્ય વિલાસના ધરનાર આત્માના આશ્રયે નિરુપાધિક સુખ થાય છે. પાંચ મહાવ્રતાદિના પરિણામ ઉપાધિ ને દુઃખ છે. અધૂરી દશામાં તે પરિણામ આવે છે તેથી નિશ્ચયના ભાનવાળાને તે વ્યવહારથી સાધન કહે છે.

આ ધ્યાનનો અધિકાર છે. નિશ્ચયધ્યાન તો યથાસ્થિત પદાર્થનું ધ્યેય છે, તે વ્યવહાર ધ્યાનમાં ધ્યેય પંચ પરમેષ્ઠી છે. તેમાં આચાર્યના સ્વરૂપની આ વાત ચાલે છે.

વિહાર કરવો પડે, એક વખત ભોજન લેવું, વગેરે પાલન કરવામાં મુનિને ખેદ નથી, ચારિત્ર કંટાળા ભરેલું ન હોય, ચારિત્રધર્મ આનંદરૂપ છે. તેને બદલે કંટાળાવાળું માને તેને ચારિત્રની ખબર નથી. નગ્ન રહેવું, જેઠમાસના તાપમાં ધ્યાનમાં ઊભા રહેવું. ચામડી દાઝે, એવા ઉનાળામાં પર્વત ઉપર ધ્યાન કરે. એવા સંયોગોમાં મુનિને દુઃખ નથી, મુનિ તો શુદ્ધ આત્માના સ્વાદમાં રોકાઈ ગયા છે તે સુખ છે. ચૈતન્યજ્યોતિની રુચિ ને પરિણમનમાં આનંદ છે. લોકો કષ્ટદાયક માને છે પરંતુ મુનિઓ તો આનંદ ને આનંદના ઉછાળામાં રમે છે. અખંડ જ્ઞાયક સ્વભાવની રુચિ ને લીનતામાં જે ડોલે છે તેને ચારિત્ર હોય છે.

પ્રથમ ઓળખાણ તો કરો કે આને ચારિત્ર કહેવાય. ભાઈ, વાસ્તવિક તત્ત્વ વિના કોઈ શરણભૂત નથી.

મુનિઓને દુઃખ નથી. લોકોએ મુનિપદ કેવું હોય તે સાંભળ્યું નથી. આત્માના આશ્રયે

અમૃતના ઓડકાર આવે તેને ચારિત્ર કહે છે. તેનાથી સુખ ઉત્પન્ન થાય છે. તે આસ્વાદથી જેનું ચિત્ત સ્થિર થયું તે વીતરાગી ચારિત્ર છે. તે ચારિત્રમાં આચરણ કરવું તે નિશ્ચય ચારિત્રાચાર છે.

(૪) **તપાચાર :–** સ્વભાવ જ્ઞાયકના પ્રતપનમાં - શોભામાં - વિજયમાં પરિણતિ વર્તે તે તપ છે. જ્ઞાયક ચિદાનંદ અનાકુળ સ્વભાવના આશ્રયે લીનતા થતાં ઇચ્છા થતી જ નથી. પરદ્રવ્યની ઇચ્છા રોકવી તે વ્યવહારનું કથન છે. સ્વભાવના આનંદના ઝરણે પડ્યો તેને પરદ્રવ્યની ઇચ્છા ન થઈ એટલે પરદ્રવ્યની ઇચ્છા રોકી એમ કહેવાય છે. પ્રથમ ઇચ્છા વખતે પરદ્રવ્ય નિમિત્ત હતાં ને સ્વભાવમાં લીન થતાં ઇચ્છા તૂટતાં પરદ્રવ્ય છૂટી જાય છે.

પ્રથમ ભાન ને જ્ઞાન હતું, તે ઉપરાંત સ્વભાવ તરફ લીનતા થતાં આહાર આદિ તરફની વૃત્તિ ન ગઈ એટલે બાર પ્રકારના તપ થયા એમ કહેવાય છે. શુદ્ધ આત્મામાં લીનતા થતાં – ઇચ્છા તૂટતાં બાહ્યનિમિત્તો ન રહ્યા તેથી અનશન, અવમૌદર્ય આદિ બાર પ્રકારના તપને બહિરંગ કારણ કહેલ છે. જે તરફ લક્ષ હતું તે લક્ષ છૂટી જતાં તે લક્ષને બહિરંગ સહકારી કારણ કહેલ છે.

આ પ્રમાણે અનાકુળ આનંદમાં પડતા ઇચ્છા રોકી એટલે નિરઇચ્છક સ્વભાવનું રાજ્ય થયું, અનાદિથી ઇચ્છાનો વિજય હતો તે વિજય મટી ગયો ને શુદ્ધ આત્માનો વિજય થયો. તેને તથા જેમ સોનું ઓપવાથી શોભે છે તેમ આત્મામાં ઇચ્છાનિરોધ તપથી શોભાયમાન થવું તેને નિશ્ચયતપ કહે છે. તેવા નિશ્ચયતપમાં વિશેષ પ્રતપન તેને નિશ્ચય તપાચાર કહે છે.

(૫) **વીર્યાચાર :–** ઉપર મુજબ ચાર પ્રકારના દર્શન-જ્ઞાન-ચારિત્ર ને તપ આચાર કહ્યા છે તેને ટકાવવા માટે પોતાના વીર્યને અંતરમાં ફોરવે છે તેને નિશ્ચય વીર્યાચાર કહે છે. સ્વભાવની રક્ષા માટે વીર્ય ફોરવે. વીર્યથી શરીરની ક્રિયા થાય નહિ ને રાગની ક્રિયા થાય નહિ પણ ચાર પ્રકારના આચારની રક્ષા માટે મુનિ વીર્ય ફોરવે છે. દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર ને તપાચારનું રક્ષણ કરે. તેને વીર્યાચાર કહે છે. રાગ કે વ્યવહારથી આ ચાર પ્રકારના આચારનું રક્ષણ થતું નથી. 'શ્રી પ્રવચનસાર'ના ચરણાનુયોગમાં કહ્યું છે કે વ્યવહારના પ્રસાદથી નિશ્ચય ન પામું ત્યાં સુધી તારું પાલન કરીશ. હે જ્ઞાનાચાર, હે દર્શનાચાર વગેરેને કહે છે કે હું જાણું છું કે તું મારું સ્વરૂપ નથી પણ ઠરી ન શકું ત્યાં સુધી શુભભાવ હોય છે ને અશુભ ટળે છે એટલે તારા પ્રસાદથી હું નિશ્ચય પામીશ એમ કહ્યું છે. આ વ્યવહારના કથન છે યથાર્થ અર્થ સમજવો જોઈએ. નિમિત્ત છે, વ્યવહાર છે, પણ વસ્તુ શું છે તેના ભાન વિના નિશ્ચય, વ્યવહાર ને નિમિત્ત ત્રણનો ખીચડો અજ્ઞાની બનાવે છે. પોતાનો શુભરાગ અંતર સ્વભાવનું રક્ષણ કરતો નથી તો પછી સંહનન, ગુરુ કે બીજી બાહ્ય ચીજ રક્ષણ કરે તેમ બને નહિ.

આ પ્રમાણે ઉપર કહ્યા મુજબ પાંચ આચાર આચાર્યને હોય છે. તથા તે આચાર્ય ૩૬ ગુણોથી સહિત છે ને પાંચ પ્રકારના આચાર પાળવાનો ઉપદેશ આપે છે. તથા શિષ્યો ઉપર

કૃપા રાખે છે તથા જેઓ ચતુર છે એવા ધર્માચાર્યને હું સદા વંદન કરું છું.

આ પ્રમાણે કહ્યા મુજબ 'મૂલાચાર', 'ભગવતિ આરાધના', 'રત્નકરંડ શ્રાવકાચાર', 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' વગેરે ચરણાનુયોગના શાસ્ત્રોમાં વિસ્તારથી પાંચ આચારને બહિરંગ સહકારી કારણ કહ્યા છે. આવા નિશ્ચય તથા વ્યવહાર પંચાચારમાં પોતાને તથા પરને લગાવે. આમ પંચાચારને પોતે સાધે ને બીજાને સધાવે છે તે આચાર્ય છે. બીજા પોતાના કારણે સાધે છે તેમાં આચાર્ય નિમિત્ત છે.

આચાર્ય પરમેષ્ઠી પદસ્થધ્યાનમાં ધ્યાન કરવા યોગ્ય છે. આ પ્રકારથી આચાર્ય પરમેષ્ઠીના વ્યાખ્યાનરૂપ ગાથા સમાપ્ત થઈ. ॥૫૨॥

નિજ શુદ્ધ આત્મામાં વારંવાર અભ્યાસ કરવો – ચૈતન્યનો અભ્યાસ કરવો તે સાચો સ્વાધ્યાય છે. શાસ્ત્રની સ્વાધ્યાય કરવી તે વ્યવહાર છે. વસ્તુ આનંદકંદ છે તેની સમીપ રહી રાગરહિત એકાગ્રતા કરવી તે નિશ્ચય સ્વાધ્યાય છે. સ્વ+અધ્યાય= પોતાનું ભણતર ચૈતન્ય તરફનો માંગલિક અભ્યાસ કરવો તેને સ્વાધ્યાય કહે છે.

તેવા નિશ્ચય સ્વાધ્યાયના સ્વરૂપનું ધારક જે નિશ્ચય ધ્યાન છે તેને ભેદ અભેદરૂપ રત્નત્રય આદિ તત્ત્વોનો ઉપદેશ કરવાવાળા ઉપાધ્યાય પરમેષ્ઠી છે, તથા પરમ ઉપાધ્યાયની ભક્તિસ્વરૂપ 'नमो उवज्झायाणं' તે પદના ઉચ્ચારણરૂપ પદસ્થ ધ્યાનના ધ્યેયભૂત ઉપાધ્યાય પરમેષ્ઠી છે તેના સ્વરૂપનું કથન કરે છે.

**ગાથા-૫૩**

**जो रयणत्तयजुत्तो णिच्चं धम्मोवदेसणे णिरदो।**
**सो उवज्झाओ अप्पा जदिवरवसहो णमो तस्स।।५३।।**

**ગાથાભાવાર્થ :–** જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયથી સહિત છે, નિરંતર ધર્મનો ઉપદેશ દેવામાં તત્પર છે, તે આત્મા મુનિશ્વરોમાં પ્રધાન ઉપાધ્યાય પરમેષ્ઠી કહેવાય છે. માટે તેમને હું નમસ્કાર કરું છું.

જે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર સહિત છે તથા નિરંતર ધર્મનો ઉપદેશ આપવામાં તત્પર છે તેને ઉપાધ્યાય કહે છે. પોતાના સ્વભાવમાં ઠરવું તે પોતાના આત્માનો ઉપદેશ છે ને વિકલ્પ ઉઠે તે વ્યવહાર ઉપદેશ છે. તે મુનિશ્વરોમાં પ્રધાન ઉપાધ્યાય પરમેષ્ઠી છે તેને હું નમસ્કાર કરું છું.

## માગશર સુદ ૬-૭, રવિવાર, ૨૩-૧૧-૫૨

આ અધિકારમાં ઉપાધ્યાયનું સ્વરૂપ વર્ણવે છે. તેને નમસ્કાર કરનાર કેવો હોય તથા જેને નમસ્કાર કરે છે તે કેવા હોય છે તેની વાત કરે છે. શુદ્ધ ઉપયોગમાં આત્મા ધ્યેય છે ને શુભભાવમાં ધ્યેય પંચ પરમેષ્ઠી છે તેમાં ઉપાધ્યાય પરમેષ્ઠીનું સ્વરૂપ કહે છે. નિશ્ચયમાં ધ્યાતા આત્મા પોતે, ધ્યેય યથાસ્થિત પદાર્થો છે, ધ્યાન વીતરાગી પર્યાય છે ને તેનું ફળ સંવર નિર્જરા છે.

તેવા સ્વભાવમાં લીન ન હોય ત્યારે આત્મા ધ્યાતા છે. ધ્યેય પંચ પરમેષ્ઠી છે. શુભભાવમાં રહેવું તે વ્યવહાર ધ્યાન છે ને તેનું ફળ સાતિશય પુણ્ય છે – તે પંચ પરમેષ્ઠીમાં ઉપાધ્યાયનું વર્ણન ચાલે છે.

**વ્યાખ્યાર્થ :–** ઉપાધ્યાય, બાહ્ય તથા અભ્યંતર રૂપ રત્નત્રય સાધે છે. અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા સહિત છે ને બાહ્યમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વાદિનું જ્ઞાન ને પંચ મહાવ્રતના પરિણામમાં વર્તે છે. વળી તેમને ઉપદેશનો શુભ વિકલ્પ વર્તે તો એવો ઉપદેશ કરે કે જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ છ દ્રવ્યોમાં નિજ શુદ્ધ આત્મા એક જ અંગીકાર કરવા જેવો છે. અંતર્મુખ દૃષ્ટિ કરવી તે આદરણીય છે. શુદ્ધ ચૈતન્ય સિવાય દેવ-ગુરુ-શાસ્ત્રને રાગાદિ પરિણામ છોડવા જેવા છે. સંવર નિર્જરા ને મોક્ષની પર્યાય ઉપર લક્ષ કરી રાગ કરવા જેવો નથી. એક ધ્રુવ નિત્યાનંદ સ્વભાવ આદરણીય છે. એમ ઉપાધ્યાય નિશ્ચયનો મુખ્યતાનો ઉપદેશ આપે છે.

વ્યવહાર ગ્રંથોમાં કદાચિત્ એમ લખાણ આવે કે શુભરાગ વ્યવહારે આદરણીય છે. એનો અર્થ એમ થયો કે નિશ્ચયથી આદરણીય નથી પણ શુભ સ્વભાવ એક જ આદરણીય છે.

વળી પાંચ અસ્તિકાય. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ ને આકાશ છે. તેમાં જીવ અસ્તિકાય આદરણીય છે. બાકી બધું હેય છે. એમ ઉપાધ્યાય ઉપદેશ કરે. પંચ પરમેષ્ઠી છોડવા જેવા છે. શુભ ભાવમાં પંચ પરમેષ્ઠી ધ્યેય તરીકે આવે છે તોપણ તેમના ઉપરનું લક્ષ છોડવા જેવું છે.

વળી જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એમ સાત તત્ત્વમાં નિજ શુદ્ધ આત્મતત્ત્વ જ ઉપાદેય છે. સંવર, નિર્જરા ને મોક્ષ પણ આદરણીય નથી. એવો સાચો ઉપદેશ નિરંતર ઉપાધ્યાય આપે છે. કેમકે પર્યાયના આશ્રયથી શુદ્ધિની વૃદ્ધિ થતી નથી પણ શુદ્ધ આત્માના આશ્રયે નિર્મળતા થાય છે.

(મૂળ પ્રસાદમાં ૩૧૮ નંબરનું પાનું નથી.)

મુનિ છે તે કેવા છે ? નિશ્ચય ને વ્યવહાર મોક્ષમાર્ગને સાધવાવાળા છે. જ્ઞાયક આનંદકંદ

આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા સાધે છે ને વ્યવહારથી પંચ મહાવ્રતના પરિણામ સાધે છે તે સાધુ છે. તથા પરમ સાધુ ભક્તિ સ્વરૂપ જે નમો લોએસવ્વસાહૂણં એવું પદ બોલવા રૂપ તથા જપ કરવા રૂપ લક્ષણનું ધારક જે પદસ્થધ્યાન છે. તેનો ધ્યેયભૂત જે સાધુ પરમેષ્ઠી છે. તેના સ્વરૂપને હવે નિરૂપણ કરે છે.

**ગાથા-૫૪**

**दंसणणाणसमग्गं मग्गं मोक्खस्स जो हु चारित्तं।**
**साधयदि णिच्चसुद्धं साहू स मुणी णमो तस्स।।५४।।**

**ગાથાભાવાર્થ :–** જે દર્શન અને જ્ઞાનથી પૂર્ણ, મોક્ષના માર્ગભૂત, અને સદા શુદ્ધ એવા ચારિત્રને પ્રગટરૂપથી સાધે છે તે મુનિ સાધુ પરમેષ્ઠી છે. તેમને મારો નમસ્કાર હો.

જે સંત મુનિ પોતાના આત્માના દર્શન તથા સ્વસંવેદનજ્ઞાનથી પૂર્ણ છે તથા રાગ રહિત દશાથી સ્વરૂપને સાધે છે ને ચારિત્ર પ્રગટ કરે છે. તે સાધુ પરમેષ્ઠી છે. તેને અમારા નમસ્કાર હો ને દર્શન, જ્ઞાન, ચારિત્ર કોને કહેવું એની જેને ખબર નથી તે સાધુ નથી.

**વ્યાખ્યાર્થ :–** જે મુનિ ભલે પ્રકારથી વીતરાગ સમ્યગ્દર્શન ને જ્ઞાનથી પરિપૂર્ણ છે. દર્શનને જ્ઞાનમાં આખો આત્મા ધ્યેય છે તેથી તે પર્યાયને પરિપૂર્ણ કહી દીધી છે. શિવભૂતિ મુનિને શબ્દ યાદ નહોતા તોપણ આખો આત્મા શ્રદ્ધા ને જ્ઞાનમાં હતો, વળી વીતરાગી ચારિત્ર એટલે સ્વરૂપની અંદરમાં રમે છે તે સાધુ છે.

આત્મા ચિદાનંદ જ્ઞાયક છે. તેની રુચિ ને લીનતા કર્યા વિના બધું ફોક છે. મુનિઓ કેવા હોય ? કે જે પોતાના આત્માના આનંદમાં રમતા હોય, પોતાના સ્વભાવના અખાડામાં રમતા હોય, વિકલ્પ ઉઠે તો પાંચ મહાવ્રતાદિનો વિકલ્પ ઉઠે. તેવા ગુણો સહિત સાધુ પરમેષ્ઠીને નમસ્કાર હો.

**વિશેષાર્થ :–** દર્શન, જ્ઞાન, ચારિત્ર તપ એ ચાર આચારનો પ્રકાશ કરવો, પુરુષાર્થ કરવો, નિર્વાહ કરવો, સાધન કરવું ને પૂરું કરવું, તેને સત્પુરુષો આરાધના કહે છે. બીજાને ઉપદેશ આપવાનું કે દીક્ષા આપવાનું મુનિઓને હોતું નથી, પણ પોતાના આત્માને સાધે છે. આચાર્યપદ ને ઉપાધ્યાયપદ હોય ત્યાં સુધી તેઓ શ્રેણી માંડી શકતા નથી. તેઓ સાધુ પદમાં આવે ત્યારે પોતામાં લીન થઈ શ્રેણી માંડે છે. એટલે સાધુ માટે ચાર પ્રકારની આરાધના ખાસ વર્ણવી

છે. આત્મારામની રમત વિના સંસારના અખાડા બંધ થાય તેવું નથી, આત્માનું સાધન નિર્વાહ પુરુષાર્થ કરી પોતાનો પાર પોતાથી થાય છે, બીજા કોઈથી પાર પડે તેમ નથી.

અત્યારે કેટલાક કહે છે કે બીજાને બોધ આપવો ને બીજાને તારવા એ અમારી ફરજ છે. પણ તે માન્યતા ભૂલવાળી છે. વળી સાધુને દીનવૃત્તિ નહોય, નિરંતર આનંદ કરતા હોય, સિંહવૃત્તિવાળા હોય. અંતરરસના પ્યાલા ફાટી ગયા હોય છે. અનુભૂતિની ગુફામાં પડ્યા હોય છે. જંગલમાં સિંહ આદિના સંયોગ હોય છતાં એકલા અંતરમાં રમતા હોય. ઉપસર્ગ આવે તો સમાધિ મૃત્યુ કરે, જીંદગી પાર ઉતારે એવી નીડર વૃત્તિવાળા હોય. ચિદાનંદ આત્માની રમતમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ ચારેનું સાધન સાથે રાખે છે. વીરને ખાંપણ સાથે હોય છે. તેમ સાધુઓને અંતરમાં લીનતા થતાં ઇચ્છા તૂટી જાય તથા દેહ ઉપર પ્રતિકૂળ સંયોગોમાં પુરુષાર્થ કરીને પૂર્ણ દશા પામે.

આ ગાથામાં કહેલી ચાર આરાધનાનો વિકલ્પ છે તે વિકલ્પ તોડીને ચારે આરાધના આત્મામાં નિવાસ કરે છે.

ચિદાનંદ ભગવાન આત્મા ભરેલો પડ્યો છે. એકવાર ભણકાર તો લાવ. અનંતા ગુણોનો ગાંઠડો લઈને પડ્યો છે. પર્યાય અધૂરી હોવા છતાં અંતર ગાંઠડો પડ્યો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આત્મામાં રહે છે. મનમાં કે રાગમાં રહેતાં નથી. માટે ભગવાન આત્મા શરણભૂત છે. આવા સાધુ હોય છે તેને શુભ ભાવમાં ધ્યેય કહ્યાં છે.

આ ગાથામાં કહેલ નિશ્ચયનયથી અંતરમાં વસે તે આરાધના છે. તેના બળથી અર્થાત બાહ્ય મોક્ષમાર્ગ ને અભ્યંતર મોક્ષમાર્ગરૂપ જે વીતરાગ ચારિત્રના અવિનાભૂત હોય તે જ શુદ્ધ આત્માને સાધે છે આવા સાધુ પરમેષ્ઠી હોય છે. તેવા સાધુને આચાર્ય, ઉપાધ્યાય પણ નમસ્કાર મંત્ર ભણે છે. શુભ ભાવ વખતે સાધુ ધ્યેય છે. ત્યારે નમસ્કાર મંત્રમાં સાધુને નમસ્કાર કરે છે. કોઈ સાધુ ધ્યાન કરતા હોય, કોઈ મેરુ પર્વતે જાય, કોઈક ક્યાંક હોય એટલે લોકમાં વિચરતા સમસ્ત સાધુઓને વંદન હો એમ કહ્યું છે.

નમસ્કારમંત્રમાં છેલ્લા પદમાં રહેલા सव्व અને लोए શબ્દ પાંચ પદમાં લગાડવા. णमो लोए सव्व अरिहंताणं, णमो लोए सव्व सिद्धाणं, णमो लोए सव्व आयरियाणं, णमो लोए सव्व उवज्झायाणं અને णमो लोए सव्व साहूणं – આમ सव्व लोए પાંચે પદમાં લગાડવા એમ 'ધવલ' ગ્રંથમાં કહ્યું છે. દેહસહિતના અરિહંત, દેહરહિત સિદ્ધ વળી આચાર્ય, ઉપાધ્યાય, સાધુ જે છઠ્ઠી સાતમી ભૂમિકાવાળા બધાને નમસ્કાર કરેલ છે.

## પ્રસાદ નં. – ૪૩

**વી. નિ સં. ૨૪૭૯, માગશર સુદ ૧૪, વર્ષ ત્રીજું પુસ્તક બીજું,**
**સોનગઢ, તા. ૩૦-૧૧-૫૨, રવિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫૫**
**(માગશર સુદ ૮, સોમવાર, ૨૪-૧૧-૫૨ બપોર)**

ગાથા ૫૪માં ચાર પ્રકારની આરાધના સાધુને હોય છે એમ કહ્યું છે તેની સ્પષ્ટતા ભગવતી આરાધના ગાથા ૨ માં છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને તપ તેનું ઉદ્યોતન - ઉજ્જવળ કરવું, તેની પૂર્ણતામાં ઉદ્યમ કરવો, તેનો નિરાકુળતાથી નિર્વાહ કરવો, તેનું નિરતિચાર સેવન કરવું ને આયુ પર્યંત નિર્વિઘ્ને સેવન કરી પૂર્ણ કરી પરલોકમાં લઈ જવું તેને જિનેન્દ્ર ભગવાન આરાધના કહે છે.

**દર્શનનું ઉદ્યોતન :–** શંકાદિક દોષ ન લગાવવા તથા આપ્તના કહેલા તત્ત્વોમાં અચલ પ્રતીતિ કરવી તે.

**જ્ઞાનનું ઉદ્યોતન :–** પ્રમાણનયથી નિશ્ચય કરી સંશય, વિપરીત ને અનધ્યવસાય રહિત જાણવું તે.

**ચારિત્રનું ઉદ્યોતન :–** નિરતિચાર મૂલગુણ, ઉત્તરગુણનું ધારણ કરવું તે.

**તપનું ઉદ્યોતન :–** અસંયમના અભાવરૂપ આત્માની વિશુદ્ધતા કરવી તે.

**ઉદ્યમન :–** વળી જે માર્ગથી દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપની આરાધના પોતાને પ્રાપ્ત થાય તથા અધિકાધિક વિશુદ્ધતા થાય તેવા માર્ગમાં પ્રવર્તવું અથવા આરાધનાના ધારકની સંગતિ કરવી અથવા મન-વચન-કાયાની પ્રવૃત્તિ અથવા ગ્રહણ-ત્યાગ દ્વારા જેવી રીતે આરાધના થાય તેમ કરવું તે ઉદ્યમન છે.

**નિર્વહણ :–** આરાધનના વિરાધક જે પરિષહ, ઉપસર્ગ, વેદનાદિક આવવા છતાં આરાધના ધારવી તેને નિર્વહણ જાણવું.

**સાધન :–** આરાધનાનું કારણ એ છે કે આપ્તના વચનના પઠન, શ્રવણ કરવા તથા

સાધુ સંગતિ કરવી તથા જે કારણથી આરાધનાની વિશુદ્ધતા થાય તે કારણ મેળવવા તે સાધન છે.

અહીં કારણ મેળવવા વગેરે કથન નિમિત્ત પ્રધાન કથન છે.

**નિસ્તરણ :–** વળી ચાર આરાધના પરલોક જતા સુધી ન છૂટે તેવી રીતે આયુના અંત સુધી પ્રવૃત્તિ કરવી તે નિસ્તરણ છે.

આમ સાધુ પાંચ પ્રકારથી ચારે આરાધનાને સેવી રહ્યા છે. મુનિઓને દીક્ષા શિક્ષાની પ્રધાનતા નથી પણ પોતામાં ચાર પ્રકારે આરાધના કરી સમ્યક્ સમાધિ મૃત્યુની પ્રધાનતા હોય.

આ પ્રકારથી ચાર ગાથા દ્વારા મધ્યમ રુચિના ધારક શિષ્યોના જ્ઞાન માટે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ એમ પાંચ પરમેષ્ઠી કોને કહેવા તેનું સ્વરૂપ વર્ણવ્યું, તે જાણવું જોઈએ. વળી પંચપરમેષ્ઠી છે તે પાંચે આત્માની દશા છે, પૂર્ણ દશા દેહસહિત છે તે અર્હંતદશા આત્માની છે. સિદ્ધદશા આત્માની છે, જેને ઘણો આનંદ પ્રગટ્યો છે એવી દશાવાળા આચાર્ય, ઉપાધ્યાય ને સાધુની દશા આત્મામાં રહે છે. તે કારણથી અખંડ આનંદકંદ આત્મા નિર્વિકલ્પ દશાવાળો મને શરણભૂત છે.

આ પ્રમાણે પંચપરમેષ્ઠીનું સ્વરૂપ સંક્ષેપથી જાણવું જોઈએ તથા વિસ્તારથી પંચપરમેષ્ઠી નામના ગ્રંથમાં ક્રમથી તેનું સ્વરૂપ જાણવું જોઈએ, તથા અત્યંત વિસ્તારથી સિદ્ધચક્ર આદિ દેવોના પૂજન વિધિરૂપ જે મંત્રવાદ સંબંધી પંચનમસ્કાર માહાત્મ્ય નામક ગ્રંથ છે તેમાંથી પંચપરમેષ્ઠીનું સ્વરૂપ જાણવું જોઈ. આ પ્રકારે પાંચ ગાથાથી બીજું સ્થળ સમાપ્ત થયું.

હવે ૫૫ ગાથાની ઉપોદ્ઘાત કરે છે.

આત્મા શુદ્ધ ચિદાનંદ છે એવું ભાન થયા પછી જે યોગ્ય વિકલ્પ ઉઠે છે તે વિકલ્પિત નિશ્ચય છે. વ્યવહારરૂપ નિશ્ચય છે એટલે કે તે જ પ્રકારનો વિકલ્પ હોય, બીજો ન હોય ને અંતર સ્થિરતા થઈ તે અવિકલ્પિત નિશ્ચય છે. એટલે તે ધ્યાનને વિકલ્પિત નિશ્ચય ને અવિકલ્પિત નિશ્ચયરૂપ જે અન્ય પ્રકારે છે તેને સંક્ષેપથી કહે છે.

---

આ શ્લોકના પ્રથમ પદમાં ધ્યેયનું લક્ષણ કહે છે, બીજા પદમાં ધ્યાતાનું લક્ષણ કહે છે, ત્રીજા પદમાં ધ્યાનનું લક્ષણ ને ચોથા પદમાં નયોના વિભાગને કહે છે. આ અભિપ્રાય મનમાં ધારણ કરી ભગવાન 'શ્રી નેમિચંદ્ર સ્વામી' અગ્રિમ સૂત્રનું પ્રતિપાદન કરે છે.

**ગાથા-૫૫**

**जं किंचिवि चिंतंतो णिरीहवित्ती हवे जदा साहू।**
**लद्धूण य एयत्तं तदाहु तं तस्स णिच्छयं ज्झाणं।।५५।।**

**ગાથાભાવાર્થ :–** ધ્યેય પદાર્થમાં એકાગ્ર ચિત્ત કરીને કોઈ પણ પદાર્થને મુનિ નિસ્પૃહવૃત્તિથી ધ્યાવે છે તે સમયે તેનું ધ્યાન નિશ્ચયધ્યાન છે એમ આચાર્ય કહે છે.

**વ્યાખ્યાર્થ :–** અહીં ધ્યેયમાં એકલા આત્માની વાત લીધી નથી. આત્માનું ભાન થયા પછી મુનિ કોઈ પણ પદાર્થને ધ્યેયરૂપ ચિંતવે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં પણ આ શૈલી આવે છે. આત્મા સિવાય પણ બીજા પદાર્થને ધ્યાવે ને તેમાં ઉપયોગને લીન કરે તો તેને પણ ધ્યાન કહે છે. જ્યારે સાધુ કોઈ પદાર્થને ધ્યેયરૂપ બનાવીને, ચિંતા દૂર કરીને, એક ચિત્ત થઈને તથા શરીર-મન-આબરૂની સ્પૃહા છોડીને આત્માની અંતર રમણતાની સ્પૃહા કરીને ધ્યાવે છે ત્યારે તેને નિશ્ચય ધ્યાન કહે છે. તેનું વિસ્તારથી વર્ણન કરે છે.

ધ્યાન કહો, મોક્ષમાર્ગ કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો બધું એક જ છે. આ ગાથામાં કોઈ પણ ધ્યેય પદાર્થને ધ્યાવે છે એમ કહ્યું છે તેનો શો અર્થ છે તે બતાવે છે. ધ્યાનની પ્રથમ આરંભ કરવાની અપેક્ષાથી જે સવિકલ્પ અવસ્થા છે તેમાં વિષય કષાય દૂર કરવા તથા ચિત્ત સ્થિર કરવા માટે પંચપરમેષ્ઠી આદિ પરદ્રવ્ય પણ ધ્યેય હોય છે.

મુનિઓને જ્ઞાનાનંદ દશા વિસ્તારરૂપ થઈ છે, તેમને શુભ વિકલ્પ ઉઠે છે તો પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ જેવું કહ્યું તેવો જ વિકલ્પ ઉઠે, બીજી કોઈ રીતનો વિકલ્પ આવે નહિ, માટે એ પ્રકારે નિશ્ચય કહ્યો છે. અશુભ પરિણામ ન થાય. તે માટે શુભભાવ આવે છે, ત્યારે પંચપરમેષ્ઠી તરફ લક્ષ જાય છે. પ્રથમ વિચાર આવે છે તે ક્રમસર જ આવે છે પણ અશુભથી બચવા પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ, ઓમ્કાર વગેરે જુદા જુદા પદો ખ્યાલમાં આવે છે. જ્ઞાનમાં આ જાતનો વિકલ્પ ઊઠે છે પછી અભ્યાસના વશે ચિત્ત સ્થિર થઈ જાય છે ત્યારે ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનની મૂર્તિ એક સ્વભાવનો ધારક જે નિજ શુદ્ધ આત્મા છે તે ધ્યેયરૂપ થાય છે એટલે કે તેમાં સ્થિર થાય છે.

'શ્રીમદ્ રાજચંદ્રજી' એ પણ કહ્યું છે કે :

'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.'

તું શુદ્ધ છો, બુદ્ધ છો, જ્ઞાન-દર્શનનો પિંડ છો, પોતાની જ્યોતિ માટે પરની જરૂર નથી, પોતાનું સુખધામ અસંખ્યપ્રદેશી છે, બીજું કેટલું કહીએ ? આ શુદ્ધ આત્માનો વિચાર કર તો આત્મા મળે તેમ છે. શુદ્ધ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા – ત્રણે '**વિચાર**' શબ્દમાં આવી જાય છે. આવા આત્માનો પોતે વિચાર કરે તો પામે એમ છે.

'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય,
તે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.'

આમ ત્રણ જગ્યાએ 'શ્રીમદ્ રાજચંદ્રજી' એ 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી છે. આમ યથાર્થ જ્ઞાન કરે તો મોહ ક્ષય થાય. જ્ઞાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી

જાય છે.

નિજ શુદ્ધ આત્માને અંતર્મુખ વાળવામાં એક જ ધ્યેય હોય છે. પ્રથમ સર્વજ્ઞનો વિચાર ને મંત્ર આદિનો વિકલ્પ હોય છે ત્યારે અશુભરાગ ઘટી શુભરાગ આવે છે. પછી શુભનો વ્યય કરી સ્વભાવમાં જામી જાય છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે ત્યારે શુદ્ધબુદ્ધ એક સ્વભાવનો ધારક જે નિજ શુદ્ધ આત્મા છે તે એક જ ધ્યેય છે.

તે ધ્યાન કરનારને નિસ્પૃહવૃત્તિ હોય છે. તેને મિથ્યાત્વ ન હોય, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા, લોભ – આ પ્રમાણે ધ્યાન કરનારને ૧૪ અંતર પરિગ્રહ ન હોય. ધ્યાન વખતે પુરુષવેદનો વિકલ્પ ન હોય. ભાવવેદ ત્રણ પ્રકારના છે તે રહિત થઈ અંદર ધ્યાનમાં હોય તથા એ પ્રકારે ક્ષેત્ર, મકાન, હિરણ્ય, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કપડા ને ભાંડ એટલે કે પાત્ર, ઠામ, વાસણ એમ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ હોતો નથી.

મુનિને ૧૪ અભ્યંતર ને ૧૦ બાહ્ય એમ ૨૪ પ્રકારનો પરિગ્રહ ન હોય. આવા પરિગ્રહ રહિત મુનિ ધ્યાન કરવાવાળા હોય છે. એમ ધ્યાતાનું સ્વરૂપ કહ્યું. તે નિર્ગ્રંથ મુનિ હોય છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે.

હવે ધ્યાનની વાત કરે છે. 'એકાગ્રચિંતા નિરોધો ધ્યાનમ્' આ ધ્યાનની વ્યાખ્યા છે. શુદ્ધ ચિદાનંદમાં એકાગ્રતા થવી તે ધ્યાનનું લક્ષણ છે. પૂર્વે કહેલા અનેક પ્રકારના ધ્યાન કરવા યોગ્ય પદાર્થોમાં નિશ્ચળપણું તે ધ્યાન છે. જ્ઞાનમાંથી એકાગ્રતા ન છૂટે તે ઉપયોગ રાગમાં ન જાય તેવી દશાને ધ્યાન કહે છે.

ધર્માત્મા અંતરમાં ઠર્યો નથી. ત્યારે શુભભાવ વ્યવહારરત્નત્રયને અનુકૂળ હોય છે. કોઈ ઈશ્વર જગતકર્તા છે એવો વિકલ્પ હોતો નથી. પંચપરમેષ્ઠીના યથાર્થસ્વરૂપનો જ વિચાર હોય. એ જ સાચો વ્યવહાર છે.

અંતરનું લક્ષ તો શુદ્ધ આત્મા છે પણ વિકલ્પના અભ્યાસમાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની વાત કોઈ પણ પ્રકારે આવતી નથી પણ શુભ વખતે બહુમાન પંચપરમેષ્ઠીનું આવે છે. વ્યવહાર રત્નત્રય જે શુભભાવ છે તેને અનુકૂળ જ વિકલ્પ આવે તે જ ભાવ હોય તેને અહીં 'નિશ્ચય' કહે છે.

કોઈ આત્માને ઉજળો કહે, પીળું પીળું ધ્યાનમાં દેખાય છે એમ કહે તો તેનો વિકલ્પ અથવા વ્યવહાર ખોટો છે ને નિશ્ચય તો ખોટો જ છે. મુનિના ૨૮ મૂળગુણ કહ્યા તેનો અથવા ગુરુનો ઉપકાર ગોપવ્યા વિના ભણું, કાળે ભણું વગેરે વિકલ્પ ઉઠે તે નિશ્ચય છે. અહીં નિશ્ચય એટલે વ્યવહાર રત્નત્રયને યોગ્ય જ વિકલ્પ આવે એવો નિશ્ચયનો અર્થ સમજવો.

અને જે વિકલ્પ તૂટીને સ્વભાવમાં લીન થયો તેને શુદ્ધ ઉપયોગ કહ્યો છે. પાંચ મહાવ્રતાદિ નહિ તેમ જ મંત્ર-જાપ નહિ પણ અંદર શુદ્ધતા પ્રગટી રાગરહિત સ્વભાવ સન્મુખ થતાં જે

શુદ્ધોપયોગ થયો તે વિવક્ષિત (કહેવા ધારેલા) એકદેશ શુદ્ધિ નિશ્ચયથી ગ્રહણ કરવો જોઈએ. પૂર્ણ શુદ્ધ નથી માટે એકદેશ કહેલ છે. તેથી વિશેષ નિશ્ચય છે તે હવે પછીના સૂત્રમાં કહેશે.

શુભ-અશુભરૂપ મન-વચન-કાયાનો નિરોધ કરીને જે આત્મામાં સ્થિર થાય છે તે પરમ ધ્યાન છે.

'શ્રીમદ્ રાજચંદ્રજી' આ ૫૬મી ગાથા બહુ વખત બોલતા.

### ગાથા-૫૬

**मा चिट्ठह मा जंपह मा चिन्तह किंवि जेण होइ थिरो।**
**अप्पा अप्पम्मि रओ इणमेव परं हवे ज्झाणं।।५६।।**

**ગાથાભાવાર્થ :–** હે જ્ઞાનીજનો ! તમે કંઈ પણ ચેષ્ટા ન કરો અર્થાત્ કાયાના વ્યાપારને ન કરો, કંઈ પણ ન બોલો અને કંઈ પણ વિચાર ન કરો, જેથી તમારો આત્મા પોતાના આત્મામાં સ્થિર-તલ્લીન થાય, કારણ કે આત્મામાં તલ્લીન થવું તે જ પરમધ્યાન છે.

હે જ્ઞાનીજનો ! એમ સંબોધે છે, તો ઉપદેશ દેનાર છે તથા સાંભળનાર પણ છે એમ સિદ્ધ થાય છે. અહીં ચારિત્રદશાની વાત છે. પ્રથમ ખ્યાલમાં છે કે જે રાગાદિ વૃત્તિ ઊઠે છે તે આત્માનું સ્વરૂપ નથી, જાણવું તે જ કર્તવ્ય છે. તે જાણનારને કહે છે તમે કંઈ પણ ચેષ્ટા ન કરો, કાયાદિનો વ્યાપાર ન કરો. હે ધર્માત્મા ! કાયાની ચેષ્ટા તરફનું લક્ષ છોડો, અવાજ બંધ કરો, કંઈ ઉપદેશ ન આપો, કંઈ પણ વિચાર કરો નહિ, ઉત્કૃષ્ટ ધ્યાનના કાળે આવી દશા હોય છે – એમ બતાવે છે.

જે સમજ્યો છે તેની વાત છે. 'વિકલ્પને છોડી દો' – ઉપદેશની શૈલી આમ જ હોય. ભાષા આત્મા બોલી શકે નહિ. શરીરની ચેષ્ટા કરવી કે બંધ કરવી. આત્માના હાથની વાત નથી. છતાં ઉપદેશના વાક્યો આમ નીકળે. સ્વરૂપમાં ઉત્કૃષ્ટ ધ્યાનનો કાળ હોય ત્યારે મન-વચન-કાયા તરફની ચેષ્ટા હોતી નથી એમ સ્થિતિ બતાવે છે.

તમારો આત્મા તમારા આત્મામાં સ્થિર થાય એમ કરો, કલ્પના છોડી દો – એમ કહે છે. આ શબ્દો પાછળનું વાચ્ય બતાવે છે. આત્મામાં તલ્લીન થવું તે પરમ ધ્યાન છે.

આત્માનું યથાર્થ ભાન થયા પછીની આ વાત છે.

**વ્યાખ્યાર્થ :–** હે જ્ઞાનીજનો ! ભગવાન આત્મા પુણ્ય-પાપ ને વિકલ્પ રહિત છે, દયા, દાન, ભક્તિ વિકાર છે, તેના રહિત શુદ્ધ આત્માનો અનુભવ છે તેને રોકવાવાળા શુભ-

અશુભકાયનો જે વ્યાપાર તેને છોડો અર્થાત્ કાયા તરફનો વિકલ્પ છોડો. શુભઅશુભ અંતરજલ્પ છે તેને પણ છોડો કારણ કે બહિરંગ વાણી બોલવાનો ભાવ ધ્યાનમાં વિઘ્નરૂપ છે તથા મનના સંગે થતો વ્યાપાર ન કરો.

આ બધા ઉપદેશના વાક્યો છે. મન-વચન-કાયાના વ્યાપારને કરો નહિ એટલે એનો અર્થ એમ છે કે શુદ્ધ આત્મા તરફ વિશેષ ઝુકાવ કરતાં મન-વચન-કાયાના નિમિત્તે શુભાશુભભાવ રહેશે નહિ. મન-વચન-કાયાની ક્રિયાની વાત નથી, તે તો જડ છે. તે તરફના રાગનો વ્યય થતાં સ્વાભાવિકદશા ઉત્પન્ન થાય છે. વ્યય તથા ઉત્પાદને સમયભેદ નથી.

આવો સ્થિર કરનારો કોણ છે ? કોઈ નિમિત્ત કે સંહનન મળ્યું માટે નહિ પણ આત્મા પોતાથી સ્થિર થાય છે. કેવી રીતે સ્થિર થાય છે ? સ્વાભાવિક આત્માના શુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવને ધારણ કરવાવાળું પરમાત્મતત્ત્વ છે, તેની સમ્યક્ પ્રતીતિ, જ્ઞાન ને આચરણ કરવારૂપ જે અભેદ રત્નત્રય છે તે સ્વરૂપ પરમ ધ્યાનનું છે, તે ધ્યાનથી આનંદ પ્રગટે છે. આ ધ્યાનથી અસંખ્ય પ્રદેશોથી ઉત્પન્ન થયેલ આનંદ પ્રગટે છે. આત્મા એક પ્રદેશી નથી તેમ જ સર્વવ્યાપી નથી પણ અસંખ્ય પ્રદેશી છે. તેમાંથી ઉત્પન્ન થયેલ આનંદને ઉત્પન્ન કરવાવાળા સુખના આસ્વાદરૂપ પરિણતિ સહિત – અતીન્દ્રિય નિર્વિકલ્પ આનંદના સ્વાદમાં પરિણમેલો આત્મા - તલ્લીન - તન્મય થઈને સ્થિર થાય છે. આમ આત્માના સુખરૂપ પરિણમનને નિશ્ચયથી પરમધ્યાન - ઉત્કૃષ્ટ ધ્યાન કહે છે.

### માગશર સુદ ૯, મંગળવાર, ૨૫-૧૧-૫૨

'શ્રી બૃહદ્દ્રવ્યસંગ્રહ'ની આ છેલ્લી ગાથાઓ સારરૂપ છે. આત્મા જ્ઞાન આનંદ શક્તિનો ભંડાર છે. તેની રમણતા તે ધ્યાન છે કે જે આનંદના સ્વાદરૂપ પરિણતિ છે. ધર્મ કોને કહેવો ? શરીર મન વાણીમાં ધર્મ નથી. તેના લીધે કે તેની સહાયતાથી, ધર્મ નથી શુભ અશુભ ભાવો વિકાર છે. તેનાથી ધર્મ નથી. સ્વભાવવાન આત્મા સુખથી ભરેલો છે. તેની દશામાં અલ્પજ્ઞતા ને રાગ હોવા છતાં સ્વભાવમાં વીતરાગતા ને કેવળજ્ઞાન ભરેલાં છે. જે અવ્યક્ત છે તે અનંત ગુણોનો પીંડ છે. તેની દશા દ્વારા અંતર્મુખ સ્વભાવનું અવલંબન લઈ પ્રગટ દશામાં આનંદનો અનુભવ થવો તે ધર્મ છે.

ભવિજીવો આ વાતની હા તો પાડે છે જે દયા દાનાદિથી ધર્મ થશે એમ ઉંધી શ્રદ્ધાથી હા પાડે છે તેના બદલે શુદ્ધ જીવના શ્રદ્ધા જ્ઞાન કરવાથી જ ધર્મ થાય એમ તો હા પાડે ?

આત્મામાં સમીપ રહેવું તે ઉપવાસ છે. સામાયિક પૌષધ વગેરે આત્માના આશ્રયે થાય છે.

મોરના નાના ઇંડાનો વિશ્વાસ કરે કે તે ઇંડામાંથી સાડાત્રણ હાથનો કળામય મોર થાશે. લીંડીપીપરમાંથી ૬૪ પોરી પીપર તાકાત પ્રગટ થાશે તેની હા પાડે પણ આત્મામાંથી કેવળજ્ઞાન અનંત આનંદ પ્રગટે તેવી તાકાત છે તેની હા પાડતો નથી એટલે તેને કહે છે કે તેનો વિશ્વાસ કર.

અનાદિ કાળથી અજ્ઞાની જીવ રાગ ને અલ્પજ્ઞ પર્યાયના ભરોસે ચાલ્યો જાય છે. પણ આત્મા ધ્રુવશક્તિનો ભંડાર છે તેનો વિશ્વાસ કરતો નથી. લીંડીપીપરમાં ૬૪ પહોરી તાકાત છે. તે સ્કંધમાં નજીકમાં તીખાશ પ્રગટ થાય તેવી તાકાત છે, લાકડાની સ્કંધની એવી લાયકાત નથી. પીપરમાં રસ ગુણ છે માટે તીખાશ બહાર નીકળે છે એમ નથી. પીપરના સ્કંધમાં રસ ગુણના કારણે તીખાશ કહો તો ક્યા પુદ્‌ગલમાં રસગુણ નથી ? બધામાં છે, પણ લીંડીપીપરની સ્કંધરૂપ અવસ્થામાં તીખાશ વ્યક્ત થવાની નજીકતા છે. જ્યારે લાકડાના સ્કંધમાં એવી યોગ્યતા નથી.

દિવાસળીના ટોપકામાં ઉષ્ણતા પ્રગટ થવાની લાયકાત નજીકતામાં છે. બધાના સ્કંધોમાં સ્પર્શ ગુણ છે. પણ ટોપકાના સંબંધમાં ઉષ્ણતા પ્રગટવાની નજીકતા છે બીજામાં તેવી નથી.

અસંખ્ય પ્રદેશી આત્મા જ્ઞાન, આનંદ, વીર્ય વગેરે ગુણોથી ભરેલો છે તે અમુક કાળ વ્યવહાર કરે તો જ જ્ઞાન ને આનંદ પ્રગટ થાય એવો આત્મા નથી. તેમાંથી જ્યારે અંતર્મુખ દશા પ્રગટ કરે કે તુરત જ પ્રગટ થઈ શકે તેમ છે. આમ સત્ય નક્કર હકીકતની હા પાડે ને આત્મશક્તિનો વિશ્વાસ લાવે તો નિર્વિકલ્પ અનુભવ થાય.

આત્મામાં શાંતિ ને અનંતકાળે નહિ પ્રગટ થયેલો એવો ધર્મ વીતરાગી આનંદ પ્રગટ કરવા માગે છે. તે પળ વખતે તથા તે પહેલાં ને તે પછી ધ્રુવ સ્વભાવમાં નિત્ય આનંદ ન હોય તો ક્યાંથી આવશે ? આ ધ્રુવ સ્વભાવનો ભરોસો આવવો જોઈએ, પ્રથમ પાત્રતા જોઈએ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની અર્પણતા ને વિનય હોવા જોઈએ. આત્મા અસંખ્ય પ્રદેશી જ્ઞાન ને આનંદનો ઘન છે. ચકલા જેવા જનાવરને સમ્યગ્દર્શન થતાં આનંદને અનુભવે છે તો પછી મનુષ્યપણે ન સમજાય તો પોતાનો નકાર કરવા જેવું છે.

તારે ધર્મ કરવો છે તે અપૂર્વ છે કે ચાલી આવતી ચીજ છે ? અનંતકાળ ગયો એક સેંકડ ધર્મ થયો હોય તો મુક્તિ થયા વિના રહે નહિ. લોકો માને મનાવે એવી ધર્મની ચીજ નથી જેવો આત્મા છે તેવો ધર્મીએ અનુભવ્યો છે. સર્વજ્ઞોએ વાણી દ્વારા કહ્યો છે તે આત્મા જ્ઞાન આનંદથી ભરેલો છે. પાણી શીતલતાથી ભરેલું છે. તેમ આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ – રસથી ભરેલો છે. તેવા આત્માને પ્રતીતિમાં લેવો તે ધર્મ છે.

કોઈ વેપારીને પાંચ લાખની કમાણીની વાત કરે તો રસ લઈ તેનો ખ્યાલ કરે તેની વ્યવસ્થા કરતાં મને ન આવડે એમ ન કહે. પોતાના કુટુંબ ને પેઢીમાં તેટલી રકમ ન જોઈ

હોય તોપણ બધી વ્યવસ્થા કરી દઈશ એમ કહે ત્યાં મમતાને લીધે દુકાનની વ્યવસ્થા ન આવડે એમ કહેતો નથી તેમ આત્મામાં મુડી છે. પોતે આનંદ, જ્ઞાનથી ભરેલો છે. શરીર, મન, વાણી જડ છે. દયા-દાન, વિકાર ઝેર છે, તે રાગ વિનાનું ચિદાનંદ આનંદકંદ તત્ત્વ છે તેની પ્રતીતિ રમણતા તે ધર્મ અથવા ધ્યાન છે.

શરીરથી ભિન્ન આત્મા છે. આત્મા જડ રજકણને અડ્યો નથી. આત્મા અસ્પર્શી અરંગી ચીજ છે. આત્મા શરીરને અડતો નથી. શરીર સ્પર્શવાળું તત્ત્વ છે, શરીરનો આત્મામાં અત્યંત અભાવ છે. જડને ખબર નથી કે આ કોણ છે ? આત્મા ખબર કરે તો બે તત્ત્વની ભિન્નતા ભાસે બે જુદાં ન હોય તો બે જડ ચેતન એક થઈ જાય. આત્મા અસ્પર્શી અરસવાળો ને રૂપી, શરીરના દરેક રજકણ ભિન્ન ભિન્ન છે એવા આત્મામાં અંતર સ્વભાવનો ભરોસો કરવો તે ધર્મ છે. પર્યાયમાં થતા હિંસા જુઠના ભાવ પાપ છે. દયા-દાનના ભાવ પુણ્ય છે તે રહિત શુદ્ધ આત્મામાંથી અતીન્દ્રિય સુખને આનંદ પ્રગટ થવો તેને ધર્મ કહે છે ને તે જ ઉત્કૃષ્ટ ધ્યાન છે. મારું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ છે એવી પ્રતીતિ કરી તેમાં સ્થિર થયો તે ધર્મ છે. શરીર, મન, વાણી જડ છે. તેમાં આત્મા સ્થિર થઈ શકતો નથી. પુણ્ય પાપમાં સ્થિર થવું તે અધર્મ છે. પ્રથમ માર્ગ જડ્યા વિના અંદર પરિણમન થઈ શકે નહિ મારો મહિમા જ્ઞાન ને આનંદ છે. એવા ભાનમાં સ્થિર થઈને રાગ વિનાનું, મન વિનાનું, વ્યવહારના વિકલ્પ વિનાનું, જે સુખ નિર્વિકલ્પ આનંદ પ્રતિભાસે છે, તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. આ એક જ મોક્ષનો પંથ છે. એટલે કે સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્રરૂપ આત્માની પરમાનંદ દશા ભાસે તેને સાચો મોક્ષમાર્ગ કહે છે. આથી વિરુદ્ધ કહે તે આત્માને માનતો નથી. તે સર્વજ્ઞ, મુનિઓને શાસ્ત્ર શું કહેવા માગે છે તેની તેને ખબર નથી. સર્વજ્ઞ તથા નિર્ગ્રંથ મુનિઓએ આ મોક્ષમાર્ગ કહેલો છે.

આત્મા શુદ્ધ ચિદાનંદની પ્રતીતિ જ્ઞાન ને રમણતા દ્વારા જે આનંદ પ્રગટે છે તે મોક્ષરૂપી પરમ આનંદનું કારણ છે. તેનો અંશે અનુભવ પ્રગટે તે ધર્મ છે. કદાચિત્ કોઈ સાચી વાત સાંભળવા ગયો પણ અંતર્દૃષ્ટિપૂર્વક પોતે પોતામાં ધર્મ પ્રગટ ન કર્યો માટે નિમિત્ત કંઈ કરતું નથી. અનંતવાર સમવસરણમાં ભગવાન પાસે ગયો પણ સર્વજ્ઞને જે કહેવું છે. તે સમજયો નથી એટલે તેને ભગવાન મળ્યા છતાં મળ્યા જ નથી.

અહીં મુખ્યપણે મુનિપણાની વાત છે છતાં ચોથે ગુણસ્થાનકે અતીન્દ્રિય આનંદનો અંશે અનુભવ હોય છે. હવે તે નિશ્ચય મોક્ષમાર્ગને બીજા પર્યાય નામોથી કહે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે તે વિકારથી નિર્લેપ છે એવા સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન ને રમણતાને ધર્મ કહે છે તે જ શુદ્ધ આત્માનું સ્વરૂપ છે, ને વિકાર દયાદાનની વૃત્તિ ઉઠે તે વિકાર છે તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. વળી અખંડ આત્માનાં જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગ તે પર્યાયમાં હોય છે. તે પર્યાય દૃષ્ટિએ પરમાત્માનું સ્વરૂપ છે કારણ કે તે જ્ઞાન ને આનંદ દ્વારા પરમાત્મા થાય છે.

વળી વિવક્ષિત (કહેવા માગતાં) એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી મોક્ષમાર્ગરૂપ પર્યાયની વાત કહે છે. તે ધ્રુવ અંતર સ્વભાવના જ્ઞાનથી પ્રગટતુ સુખ છે. જે અમૃત જલના સરોવર રૂપ છે. જે કાર્ય પ્રગટ્યું તેની વાત છે. દયા-દાનાદિ વૃત્તિ ઉઠે તે રાગ છે. તેથી રહિત હોવાના કારણે જે સાધકને ધર્મ પ્રગટ્યો તે પરમહંસ સ્વરૂપ છે. લોકો કહે તે આ પરમહંસ નથી લાલ કપડાં પહેરે તેવાની વાત નથી. હંસ પાણી ને દૂધ જુદાં કરે છે, તેમ ભગવાન આત્માની પ્રતીતિથી જે પરમહંસ આનંદ પ્રગટ્યો તેને ખબર છે કે આ આનંદ પ્રગટ્યો છે તે સ્વભાવમાંથી પ્રગટ્યો છે ને જે રાગાદિ વિકલ્પ ઉઠે છે તે મેલ છે. તે પરમાં અટકવાથી થાય છે. આમ ભેદ પાડનાર દશાને પરમહંસ કહે છે. પ્રથમ રાગ-દ્વેષ હતા તેમાં પરપદાર્થ નિમિત્ત હતા તથા પુણ્ય-પાપ ક્ષણિક છે એમ બધું કબૂલે છે. છતાં સ્વભાવ વિકાર રહિત ત્રિકાળ છે. એમ કબૂલે ને સ્વભાવની લીનતા કરે તે લીનતાથી પ્રગટ થતી દશાને પરમહંસ કહે છે. રાગ ને આનંદ દશા વચ્ચે વિવેક વર્તે છે તેને પરમહંસ કહે છે. આ સાધકની વાત ચાલે છે. આવું સાધન કરે તે કેવળી થાય.

મોક્ષમાર્ગ કહો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો પ્રત્યાખ્યાન કહો બધું એક જ છે. પરમાત્મ ધ્યાનના નામોની માલામાં એકદેશ વ્યક્તિરૂપ શુદ્ધનયથી વ્યાખ્યાન યથાસંભવ જાણી લેવું. વીતરાગી પર્યાયના ૬૪ નામ કહેશું તે એકદેશ શુદ્ધનિશ્ચયનયથી સમજવું. અર્હંત દશા પ્રગટી નથી પણ તે પ્રગટ કરવાનો કામી સાધક છે તેની દશાની વાત ચાલે છે.

(૧) તે પરમબ્રહ્મસ્વરૂપ છે. આત્મા ચિદાનંદ ધ્રુવ છે તેના આશ્રયે આનંદ પ્રગટ કરી પરમ આનંદનો અનુભવ થયો માટે તે દશા પરમ બ્રહ્મસ્વરૂપ છે. અનંતા આત્મા ને પરમાણુ ભિન્ન ભિન્ન છે તેમ ભાન કરીને સાધકદશા પ્રગટે તેને પરમબ્રહ્મ કહે છે. લોકો બધું થઈને એક બ્રહ્મ કહે છે તે વાત ખોટી છે. અહીં શક્તિની વાત નથી. ભાન થયેલા સાધક જીવની વાત છે. જેને આત્માની પ્રતીતિ જ્ઞાન ને રમણતારૂપ દશા પ્રગટી છે. તેવા મુનિની નિર્ગ્રંથ દશાને પરમબ્રહ્મસ્વરૂપ કહે છે. તે મુનિ, હજારોવાર છઠ્ઠી સાતમી ભૂમિકામાં જતા હોય છે મુનિને વિશેષ આનંદ પ્રગટ્યો છે તે મુનિની પર્યાયને ધ્યાનને પરમબ્રહ્મસ્વરૂપ કહીએ છીએ.

(૨) તે પરમવિષ્ણુરૂપ છે. લોકો જગતના કર્તાને વિષ્ણુ કહે છે. તે વાત ખોટી છે. જો કર્તા કહો તો તે વસ્તુ નિત્ય રહેતી નથી. અનંતા આત્મા ને પરમાણુ જુદા છે એમ ભાન કરી. હું અનંતા ગુણોમાં વ્યાપેલો છું ને મારી જ્ઞાનદશા વધીને લોકાલોકને જાણી લેશે પણ લોકાલોકમાં વ્યાપશે નહિ. જ્ઞાનમાં વ્યાપવાનું છે. આત્મામાં સ્વચ્છત્વ વિભુત્વ, અનંત શક્તિ છે એવી પ્રતીતિ કરી છે તેને બધું સ્વરૂપ ખ્યાલમાં આવી ગયું છે. પ્રથમ સંસાર કેવો હતો, મોક્ષમાર્ગ કેવો હોય બધું ખ્યાલમાં આવી જાય છે. માટે તેવી મોક્ષમાર્ગરૂપ દશાને પરમવિષ્ણુરૂપ કહે છે. જડ જડમાં વ્યાપે છે. ચૈતન્ય ચૈતન્યમાં વ્યાપે છે એમ ભાવ કરી. પોતાની આનંદ દશા પ્રગટ થઈ તે પરમવિષ્ણુ છે.

(૩) તે પરમશિવસ્વરૂપ છે. આત્મા કલ્યાણમૂર્તિ પ્રભુ છે. તે નિધિનું ભાન થઈ જે આનંદ દશા પ્રગટી તે શિવસ્વરૂપ છે. તેમાં વિઘ્ન નથી. તે આત્માની કલ્યાણરૂપ દશા છે. ત્રિકાળનું ભાન થઈ વીતરાગી શાંતિ આનંદદશા પ્રગટી તેને પરમ શિવસ્વરૂપ કહે છે.

સર્વજ્ઞના જ્ઞાનમાં જે પદાર્થો જણાયા ને વાણી દ્વારા આવ્યા તે છ દ્રવ્યો છે. અનંતા આત્મા અનંતાનંત પુદ્‌ગલો ને એકેક ધર્મ, અધર્મ આકાશને અસંખ્ય કાળ દ્રવ્યો છે. તેમાં એક આત્મા જે સાધક છે. તેની વાત ચાલે છે. સાધકદશાને ધર્મ કહો સંવર નિર્જરા કહો બધું એક જ છે. લોકોને વાત સાંભળવા મળી નથી આત્મા ધ્રુવ સ્વભાવી છે. તેનું ભાન થઈ આનંદનો અનુભવ થવો તે ધર્મ છે. તેની લોકોને ખબર નથી લોકો પોતે અજ્ઞાનથી માનેલી ક્રિયાને ધર્મ કહે છે. તે તો અનાદિ કાળથી માનતો આવ્યો છે. માટે સાચી વાત પાત્રતા લાવીને વિનય પૂર્વક શ્રવણ કરવું જોઈએ. 'શ્રી ભગવતી આરાધના'માં વાત આવે છે કે જ્યારે આચાર્ય અથવા ગુરુ સમાધિ મૃત્યુની તૈયારી કરે છે ત્યારે મુનિ વગેરે સંઘને કહે છે, હે ભાઈ, મારી સ્થિતિ પૂરી થવા આવી છે. હવે અમે સમાધિ મૃત્યુ આરંભવાના છીએ તેથી આચાર્યપદ આ લાયક જીવને સોપું છું અમારી કંઈ ભૂલચૂક થઈ હોય તો સંઘની ક્ષમા ચાહું છું.

એવા આચાર્ય ગુરુના શબ્દો સાંભળી મુનિઓ તથા શ્રાવકોના સંઘની આંખમાંથી અશ્રુ ચાલ્યા જાય છે ને કહે છે હે પ્રભુ, અમારો અપરાધ થયો હોય તો આપ અમોને ક્ષમા આપશો. હે ભગવાન, આપ કરુણાવાન છો કે અમોને આપે આવો અપૂર્વ ઉપદેશ આપ્યો. અમો અજ્ઞાની પ્રમાદી ને રાગી થઈને આપનો ઉપદેશ ગ્રહણ કર્યો નહિ. તે અમારો મોટો દોષ છે. તેથી આપ અમોને ક્ષમા ગ્રહણ કરાવો અમારો ઉદ્ધાર આપની કરુણાદૃષ્ટિથી થાય છે. બીજું કોઈ અમને શરણ નથી. હે ભગવાન, અમો અસંજ્ઞી જેવા હતા. હિત, અહિત, માર્ગ, અમાર્ગ, ધર્મ, અધર્મ ને કંઈ જાણતા ન હતા તે આપના ચરણાવિંદનો આશ્રય કરી અમોએ અમારું હિત અહિત શેમાં છે તે તથા માર્ગ, અમાર્ગ, ધર્મ, અધર્મને જાણ્યું તેથી આપે અમોને મનવાળા કર્યા.

જુઓ, મુનિના સંઘનો પણ વિનય. તેઓ ભાવલિંગી મુનિ છે, આત્માનું ભાન છે, તેમજ કોઈ કોઈને જાણપણું કરાવી શકતા નથી પોતાથી જ્ઞાન થાય છે એવું ભાન છે છતાં શુભરાગ વિનયનો ઉઠ્યો છે ત્યારે વિનયપૂર્વક શ્રીગુરુને કહે છે. હે પ્રભુ ! અમોએ હિત અહિતની વાત સાંભળી નહોતી તેથી અમો બહેરા જેવા હતા, આપના પ્રસાદથી હિત અહિત સાંભળી હિત અહિત શું છે તે જાણ્યું માટે આપે અમોને કાન આપ્યા. હે ભગવાન ! અનાદિથી સ્વ-પરના સ્વરૂપને અમો દેખતા નહોતા તેથી અમો અંધ સમાન હતા. આપના ચરણાવિંદના પ્રતાપથી સર્વે પદાર્થોનું સ્વરૂપ જાણ્યું માટે આપે જ અમોને જ્ઞાનનેત્ર આપ્યાં. હે ભગવાન ! જેવી રીતે વનમાં માર્ગનો ભૂલેલો જીવ રખડે છે. તેમ અમારું હિત જે નિર્વાણ છે તેના માર્ગને ભૂલીને અનંતાનંત કાળ સુધી સાચા માર્ગથી ભ્રષ્ટ થઈ અમે પરિભ્રમણ કરતા હતા પણ આપે અમોને

નિર્વાણ માર્ગમાં એવી રીતે લગાવી દીધા કે આનંદથી મોક્ષમાં પહોંચી જઈશ એવો સર્વોત્કૃષ્ટ ઉપકાર આપે અમારા ઉપર કર્યો છે.

અમોએ આ વાત સાંભળી નહોતી, ધારી નહોતી, નિત્યાનંદ શુદ્ધ સ્વભાવની રુચિ છોડી પુણ્ય પાપમાં અટકતા હતા તે અમારું અહિત થતું હતું પણ આપે સાચો રસ્તો બતાવી અમારું અપાર હિત કર્યું છે. આપે અમારા પર અનંત ઉપકાર કર્યો છે.

'હે પ્રભુ ! આપના વિયોગથી અમારો દેશ જ્ઞાનીના વિરહવાળો થાશે. અમારો અપરાધ ક્ષમા કરજો. આપના વિયોગના લીધે અમારી દસે દિશા શૂન્ય થઈ અંધકાર થાશે. અમારો સૂર્ય અસ્ત થઈ જશે. અમારો સર્વ દેશ અંધકારરૂપ થઈ જશે' આમ શ્રી આચાર્યવર પાસે પોતાની ક્ષમા માગતા ચારે સંઘની આંખમાંથી અશ્રુધારા વહે છે. નિર્ગ્રંથ મુનિઓને આચાર્યોના વિરહા પડે છે. મુનિઓને આત્માનું ભાન છે પોતાના જ્ઞાન ને આનંદ પોતામાંથી પ્રગટે છે. છતાં શુભરાગની ભૂમિકામાં વિનયનો ભાવ આવ્યા વિના રહેતો નથી. હે પ્રભુ આપના ચરણાવિંદથી અમોને આત્માનું ભાન થયું. આપના વિયોગથી દસેદિશા શૂન્ય થાશે છતાં ભાન છે કે વિકલ્પ ઉઠે છે તે શુભ છે. બંધન છે છતાં તે વિકલ્પ આવ્યા વિના રહેતો નથી.

અહો ! 'કુંદકુંદાચાર્ય' ભગવાન ધર્મના થાંભલા છે. ધર્મને ટકાવી રાખ્યો છે. ગણધર જેવા અલૌકિક કામ કર્યાં છે. આવા વ્યવહારની શું જરૂર છે ? એમ કોઈ કહે તો તેને કાંઈ ખબર નથી. રાગ રહિત શુદ્ધઆત્મા છે એવી ખબર છે છતાં સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે વિનયનો વિકલ્પ પોતાના કારણે આવ્યા વિના રહેતો નથી. આત્માના ભાનવાળા સંતોને આવો વિકલ્પ આવે છે. નિમિત્તથી, રાગથી કે વિકલ્પથી ધર્મ પર્યાય પ્રગટતો નથી. એવું ભાન છે છતાં મુનિઓને પણ આવા વિનયની ભૂમિકા આવ્યા વગર રહેતી નથી. મુનિઓ આત્મજ્ઞાની હતા છતાં આચાર્ય પ્રત્યે કેટલો વિનય બતાવે છે તેવી પાત્રતા હોવી જોઈએ. પ્રથમ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે અર્પણતાને વિનય હોવા જોઈએ.

## અપૂર્વ ઉપદેશદાતા શ્રી સદ્‌ગુરુદેવનો જય હો !

## પ્રસાદ નં. – ૪૫

### વી. નિ સં. ૨૪૭૯, માગશર વદ ૧, વર્ષ ત્રીજું પુસ્તક બીજું, સોનગઢ, તા. ૨-૧૨-૫૨, મંગળવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫૬
### (માગશર સુદ ૧૦, બુધવાર, ૨૬-૧૧-૫૨ બપોર)

નિશ્ચય મોક્ષમાર્ગના સ્વરૂપની વાત ચાલે છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેની વીતરાગી દશાને મોક્ષમાર્ગ કહે છે તે પર્યાયનું અનેક પ્રકારે કથન કરે છે. આત્માને મન-વાણી-દેહથી જુદો જાણી હું અખંડ ચૈતન્યમૂર્તિ આત્મા છું એવી નિર્વિકલ્પ પ્રતીતિને સમ્યગ્દર્શન કહે છે, શાસ્ત્ર તરફના રાગ વિનાના, આત્માના આધારે પ્રગટતા જ્ઞાનને સ્વસંવેદનજ્ઞાન કહે છે ને પુણ્ય-પાપ વિનાની સ્થિરતાને ચારિત્ર કહે છે. એ ત્રણેની એકતાને મોક્ષમાર્ગ કહે છે. તે નિશ્ચય મોક્ષમાર્ગના પર્યાયવાચક નામોની આ વાત ચાલે છે.

(૧) **તે જ પરબ્રહ્મસ્વરૂપ છે :–** આત્માની મોક્ષમાર્ગરૂપ દશાને પરમ બ્રહ્મસ્વરૂપ કહે છે. વિશેષ આનંદનું વેદન થવું, અતીન્દ્રિય આનંદનું વેદન થવું તે દશા પરમબ્રહ્મસ્વરૂપ છે. મોક્ષ અથવા પૂર્ણ શુદ્ધતા અથવા સર્વજ્ઞદશાના કારણરૂપ મોક્ષમાર્ગની વ્યાખ્યા ચાલે છે. શુદ્ધ ચૈતન્યને કહેનારા સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે તારું બ્રહ્મસ્વરૂપ તારી નિર્મળદશામાં છે, અમારામાં નથી. છતાં સાધકને શુભભાવ હોય છે ત્યારે સાચા દેવાદિ પ્રત્યેનો વિકલ્પ હોય છે, પણ ખોટા દેવાદિ તે વિકલ્પમાં નિમિત્તરૂપ થતા નથી. સ્વભાવ સન્મુખ દશા થઈ વીતરાગી દશા થાય તે પરમબ્રહ્મસ્વરૂપ છે, આથી વિરુદ્ધ કહે તે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા નથી.

(૨) **તે જ પરમવિષ્ણુરૂપ છે :–** અહીં ત્રિકાળી સ્વભાવની વાત નથી, પણ પર્યાયની વાત છે. ત્રિકાળી આનંદસ્વભાવના આશ્રયે પ્રગટતી પર્યાયને પરમવિષ્ણુરૂપ કહે છે. પોતાના આનંદની પર્યાયમાં વ્યાપ્યો તે વિષ્ણુ છે. પોતે પોતાની નિર્મળ પર્યાયમાં વ્યાપ્યો છે તે પરમવિષ્ણુ છે. આ મોક્ષમાર્ગના વિશેષ નામો છે.

(૩) **તે જ પરમશિવસ્વરૂપ છે :–** જે આત્માની અનુભૂતિ થઈ દશા પ્રગટ કરી ને મિથ્યાશ્રદ્ધા,

મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્રનો નાશ કર્યો તે કલ્યાણસ્વરૂપ અથવા શિવસ્વરૂપ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે કે તારા આત્માના આશ્રયે નિર્મળતા પ્રગટે તેમ છે ને તે પર્યાય બ્રહ્મા, વિષ્ણુ ને શિવસ્વરૂપ છે. અમે તારા બ્રહ્મા, વિષ્ણુ ને શિવ નથી. અંતરધામના અવલંબને જે દશા પ્રગટી તે શિવરૂપ છે. આનાથી કોઈ બીજું કહેતા હોય તે નિશ્ચયમાં તો માન્ય નથી જ પણ ધર્મીના શુભ વ્યવહારમાં પણ માન્ય નથી.

(૪) **તે જ પરમબુદ્ધસ્વરૂપ છે :–** જે બુદ્ધ થયા તે નહિ પણ આત્માના અભેદ સ્વભાવના અવલંબને દશા પ્રગટી તે પરમ બુદ્ધસ્વરૂપ છે. કોઈ બુદ્ધ એમ કહે કે અમારા આશ્રયે કલ્યાણ થશે તો તે સાચો નથી. સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથગુરુ ને અનેકાંત સ્વભાવ કહેનારા શાસ્ત્ર કહે છે કે તારા આશ્રયે તને ધર્મ થશે. એ જ દેવ-ગુરુ-શાસ્ત્ર માન્ય છે. શુદ્ધ આત્માના આશ્રયે નિર્વિકલ્પ દશા પ્રગટી તેને પરમબુદ્ધસ્વરૂપ કહે છે. આથી વિરુદ્ધ કહેતા હોય તે શુભમાં પણ નિમિત્ત નથી – એમ ધર્મીને વિવેક વર્તે છે.

(૫) **તે જ પરમનિજસ્વરૂપ છે :–** બીજાઓ મોક્ષમાર્ગનું સ્વરૂપ કલ્પે છે તેવું નથી એમ ચાર બોલમાં કહી હવે તેને પરમનિજસ્વરૂપ કહે છે. તે મોક્ષમાર્ગદશાને પરમ જિનસ્વરૂપ કહે છે કારણ કે વીતરાગી પર્યાય પોતાના સ્વભાવમાં અભેદ થયો માટે પરમ નિજસ્વરૂપ કહ્યું. જે દેવ-ગુરુ-શાસ્ત્ર વ્યવહાર રત્નત્રયને નિજસ્વરૂપ વર્ણવે, તેનાથી લાભ થાય એમ કહે છે તે સાચા નથી. તારો આત્મા અખંડ પ્રતાપવંત છે તેવા નિત્યાનંદ આત્મસ્વરૂપના અવલંબને જે દશા પ્રગટી તે તારું નિજસ્વરૂપ છે, દયા-દાન-વ્રત અથવા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતાનો શુભરાગ તે નિજસ્વરૂપ નથી – એમ વર્ણવે તે નિમિત્તો સાચા ને આવી વીતરાગી દશા પ્રગટે તે નિજસ્વરૂપ સાચું. ધ્રુવના અવલંબને પ્રગટેલો ઉત્પાદરૂપ પર્યાય નિજસ્વરૂપ છે. શરીર, મન, વાણી કે પુણ્ય-પાપથી લાભ નથી, વ્યવહાર રત્નત્રય સ્વસ્વરૂપ નથી માટે તેનાથી લાભ નથી. મોક્ષમાર્ગદશા અથવા વીતરાગી પર્યાયને નિજસ્વરૂપ કહીએ છીએ.

(૬) **તે જ પરમ નિજ આત્માની પ્રાપ્તિરૂપ લક્ષણના ધારક જે સિદ્ધ છે તે રૂપ છે :–** પોતાના શુદ્ધ પરમાત્માના આશ્રયે પરિણમતો પર્યાય તે જ સિદ્ધ છે. પર્યાયને સિદ્ધ કહી દીધી છે. મુખ્યપણે મુનિપણાની વાત છે. તેને આત્માની પ્રતીતિ વર્તે છે. બાહ્ય નગ્નદશા હોય છે. તેને જ મોક્ષમાર્ગ પ્રગટે છે. તેને અઠ્ઠાવીસ મૂળગુણ વર્તે છે, પણ અઠ્ઠાવીસ મૂળગુણ સિદ્ધસ્વરૂપ નથી પણ અંતરમાં નિત્યના અવલંબને દશા પ્રગટી તે જ સિદ્ધસ્વરૂપ છે. સંતો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલે છે, જે આચાર્ય, ઉપાધ્યાય, મુનિ છે તેની વાત ચાલે છે. આ મોક્ષમાર્ગ નિમિત્ત, પુણ્ય કે વ્યવહારના અવલંબને પ્રગટતો નથી પણ જેમાં જ્ઞાન સત્, ચારિત્ર સત્, આનંદ સત્ છે એવા ગુણોના ભંડાર આત્માના અવલંબને પ્રગટે છે.

(૭) **તે જ નિરંજનરૂપ છે :–** તે જ મોક્ષમાર્ગ નિરંજનરૂપ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ આવે તે પણ મેલ છે. ધ્રુવના અવલંબને જે નિર્મળ પર્યાય પ્રગટી તે નિરંજનરૂપ છે.

એક જ પર્યાયના આ વિશેષ નામ છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે ત્રણકાળ ત્રણલોક જોયા તેમાં અનંતગુણોનો ભંડાર એક એક આત્મા જોયો, તેવા આત્માને આશ્રયે જે પર્યાય પ્રગટી તે નિરંજનરૂપ છે, તે મોક્ષનો ઉપાય છે, નિમિત્ત અથવા વ્યવહાર મોક્ષનો ઉપાય નથી. પ્રથમ વ્યવહાર હોય એમ કહેનાર નિમિત્તને, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને તેમ જ મોક્ષમાર્ગને સમજતો નથી.

(૮) **તે જ નિર્મળ સ્વરૂપનો ધારક છે :–** સાચો મોક્ષમાર્ગ પુણ્ય-પાપ વિનાનો છે, નિર્મળ સ્વરૂપનો ધારક છે, તેમાં ચિત્તનો સંગ નથી. જેટલે અંશે ચિત્તનો સંગ છૂટ્યો ને આત્માનો સંગ થયો તે સાચો મોક્ષમાર્ગ છે. અસંગી પ્રભુ ચિદાનંદ આત્મા કે જેને રજકણનો લેપ નથી. પર્યાયમાં રાગ છે તેનું અવલંબન છૂટી નિર્મળદશા થાય છે. એવા સ્વભાવના અવલંબને જે પર્યાય પ્રગટી તે નિર્મળસ્વરૂપનો ધારક છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ આવે તે ખરું સ્વૂરપ નથી – મોક્ષમાર્ગ નથી – આવો ઢંઢેરો સંતોએ પીટ્યો છે. તેનું બહુમાન રાગમાં આવ્યા વિના રહે નહિ, છતાં તેઓ કહે છે કે તારી સત્તામાં અભેદરૂપ સદ્દષરૂપ વસ્તુ પડી છે તેના આધારે કર્મ રહિત દશા પ્રગટી તેને મોક્ષમાર્ગ કહીએ છીએ. અજ્ઞાની કહે છે કે કર્મ માર્ગ આપે તો થાય પણ તે વાત જ ખોટી છે.

(૯) **તે જ સ્વસંવેદન જ્ઞાન છે :–** દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આમાં આવી જાય છે. અખંડ આત્માના આશ્રયે પ્રગટતા સમકિતને, જ્ઞાનને અને રાગરહિત સ્થિરતાને – ત્રણેને સ્વસંવેદન જ્ઞાન કહે છે. દર્શન, જ્ઞાન ને ચારિત્રના વેદનને જ્ઞાનમાં સમાવી દીધા છે. સાચા શાસ્ત્ર તરફના ભણતરનો શુભરાગ સ્વસંવેદન જ્ઞાન નથી છતાં જ્ઞાનીને તેવો રાગ આવ્યા વિના રહેતો નથી.

જે ગુરુએ કહ્યું કે તારા આત્માના અવલંબને મોક્ષમાર્ગ પ્રગટે છે તે ગુરુ સાચા છે, પણ જે એમ કહે કે અમારા આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટશે તો તે ગુરુ સાચા નથી. વીતરાગી આનંદના વેદનમાં ત્રણે સમાય છે. મોક્ષમાર્ગ કહો કે એકદેશ શુદ્ધ નિશ્ચયનયનો વિષય કહો, એક જ છે.

સાચા દેવ-ગુરુ પ્રત્યે વ્યવહાર હોય એમ કહે છે ને ? ભલે વ્યવહાર હો, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે બહુમાન-વિનય આવે ખરો પણ સમજવું કે શુભરાગ બંધનું કારણ છે.

'શ્રી ધવલ'ના ટીકાકાર 'વીરસેનસ્વામી' લખે છે કે 'અમને શાસ્ત્રમાં બે વાત મળી છે તે એ કે આઠમા ગુણસ્થાને અમુક પ્રકૃતિ હોય, તથા બીજા મુનિઓ કહે છે કે અમુક પ્રકૃતિ હોય, પ્રયોજન વિનાના ધારણાના બોલમાં ફેર પડ્યો પણ આ ખોટું છે – એમ કહેવાની અમારી જીભ ન ચાલે. દિવ્યધ્વનિ અનુસાર પરંપરા રીતથી જે કહ્યું તેથી એક અક્ષર ફરે, એક પદ ફરે, એક વાક્ય ફરે એ અમારું કામ નહિ'. જુઓ, મુનિઓ કેવા ભવભીરુ છે ! છતાં જે વિકલ્પ આવે છે તે વ્યવહાર વિનય છે, તે બંધનું કારણ છે. જેના દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપમાં ભૂલ નથી. આત્માના સ્વરૂપમાં ભૂલ નથી પણ અપ્રયોજનભૂત વાતમાં, ધારણાના

બોલમાં કાંઈ ફેર પડ્યો ત્યાં 'વીરસેનસ્વામી' કહે છે કે પરમાગમના હુકમ વિના અમે ફેરફાર ન કરીએ. એવો શુભરાગ આવે તોપણ તે મોક્ષમાર્ગ નથી. પણ અંતરના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે. પર્યાયમાંથી પર્યાય પ્રગટતી નથી પણ દ્રવ્યના અવલંબને નિર્મળતા પ્રગટે છે.

**(૧૦) તે જ પરમતત્ત્વજ્ઞાન છે :–** આ મોક્ષમાર્ગની પર્યાયની વાત ચાલે છે. અધ્યાત્મગ્રંથોમાં પરમાત્મસ્વરૂપ, પારિણામિકભાવ, ધ્રુવસ્વભાવ અંતરંગતત્ત્વ છે પણ અહીં કહે છે. અંતરંગતત્ત્વના અવલંબને પ્રગટતી દશાને પરમ તત્ત્વજ્ઞાન કહીએ છીએ. આટલાં શાસ્ત્રો ભણ્યો તેને પરમતત્ત્વ કહેતા નથી. ચિદાનંદ ભગવાનના અવલંબને જે પર્યાય પ્રગટી તે સત્યસ્વરૂપને પરમ તત્ત્વજ્ઞાન કહીએ છીએ. કુશાસ્ત્રનું ભણતર તો વ્યવહારે પણ તત્ત્વજ્ઞાન નથી.

**(૧૧) તે જ શુદ્ધાત્માનું દર્શન છે :–** તે જ જ્ઞાયક પ્રભુના શ્રદ્ધા, જ્ઞાન, રમણતાને શુદ્ધત્માનું દર્શન કહે છે. અહીં ત્રણેને દર્શનમાં સમાડી દીધાં. કાર્મણ, તૈજસ, ઔદારિકશરીર વિનાના ને પુણ્ય-પાપ વિનાના ધ્રુવસ્વરૂપના આશ્રયે જે દશા પ્રગટી તે શુદ્ધાત્માનું દર્શન છે. કોઈ કહે કે ઝબકારો દેખાયો, ધોળું, પીળું દેખાયું – તે દર્શન નથી. સંવર-નિર્જરા પર્યાયને શુદ્ધાત્માનું દર્શન કહીએ છીએ.

**(૧૨) તે જ પરમઅવસ્થાસ્વરૂપ છે :–** લોકો કહે છે કે દશા પલટી, સમય પલટ્યો, ત્યાં શું થયું ? આત્માના અવલંબને જે દશા પ્રગટી તે ઉત્કૃષ્ટ અવસ્થાસ્વરૂપ છે. આ સિદ્ધ દશાની વાત નથી. સિદ્ધદશા આનું ફળ છે. શુભદશા વડે શુદ્ધદશા થાય તે વાત ખોટી છે. જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તે રાગ છે-વિકાર છે. ઝેર છે, તે ઊંચી અવસ્થા નથી. નિર્મળ પર્યાયને પરમ અવસ્થા કહી છે. સાધક જીવને બાધકપણું હોય છે પણ તે પરમ અવસ્થા નથી.

**(૧૩) તે જ પરમાત્માનું દર્શન છે :–** પુણ્ય, પાપ, આસ્રવ, બંધ આત્માની પર્યાય છે, પણ સંવર-નિર્જરા પરમાત્માનું દર્શન છે. આ એક વરના ગાણા ગવાય છે. છ દ્રવ્ય ને નવ તત્ત્વની રાગ રહિત પ્રતીતિ થઈ તેને ગમે તે નામથી કહો તો કહી શકાય છે. નિશ્ચય મોક્ષમાર્ગી સંતોની દશા તે પરમાત્માનું દર્શન છે, તેને પરમાત્માના ભેટા થયા, દર્શન થયા કહેવાય છે.

**(૧૪) તે જ પરમતત્ત્વજ્ઞાન છે :–** જે શુદ્ધાત્માનું દર્શન છે તે જ પરમતત્ત્વનું જ્ઞાન છે. પહેલાં સ્વસંવેદન જ્ઞાનની સાથે પરમતત્ત્વજ્ઞાન લીધું હતું, અહીં પરમાત્માના દર્શનની સાથે પરમતત્ત્વજ્ઞાન કહ્યું.

**(૧૫) તે જ શુદ્ધાત્મજ્ઞાન છે :–** વળી મોક્ષમાર્ગરૂપી દશાને પરમાત્મા જ્ઞાન કહે છે.

**(૧૬) તે જ ધ્યાન કરવા યોગ્ય જે શુદ્ધ પારિણામિકભાવ છે તે રૂપ છે :–** ધ્યાન કરવા લાયક તો પરમભાવ-પારિણામિકભાવ છે, પણ જે પર્યાયમાં રાગ, મન, નિમિત્તની અપેક્ષા છૂટી જે મોક્ષમાર્ગ પ્રગટ્યો તેને પરમપારિણામિકભાવ કહીએ છીએ. જે પર્યાય પરમપારિણામિકને કબૂલ્યો તેવા પ્રતીતિ, જ્ઞાન ને રમણતાને – ત્રણેને પરમ પારિણામિકભાવ કહીએ છીએ. દયા,

દાનના વિકલ્પ પરમ પારિણામિકભાવનું રૂપ નથી, તે કુરૂપ છે, એકરૂપ વસ્તુની નિર્વિકલ્પદશા પ્રગટી તે પારિણામિકનું રૂપ છે. અહીં પર્યાયને અભેદ કરી વર્ણવે છે. ચિદાનંદે પુણ્ય-પાપના વિકલ્પરહિત થઈ નિર્મળ દશા પ્રગટ કરી તે ધ્રુવનું રૂપ છે.

**(૧૭) તે જ ધ્યાનભાવનાસ્વરૂપ છે :–** આત્માની પર્યાયમાં વીતરાગી જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટે તે ધર્મધ્યાન છે. લોકો બહારમાં નમસ્કારમંત્ર ગણવામાં, ક્રિયાકાંડમાં ધર્મધ્યાન મનાવે છે તે ધર્મધ્યાન નથી. ધર્મધ્યાનને કહેનારા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય તેની જેને ખબર નથી તેને ધર્મધ્યાન હોઈ શકે નહિ. શુદ્ધ આત્માની પ્રતીતિ કરી ને લીનતા કરી તેને ધર્મધ્યાન કહીએ છીએ. વચમાં શુભરાગ આવે છે પણ તે ધર્મધ્યાન નથી. પરનું અવલંબન છોડી આત્માના આશ્રયે ધર્મ પ્રગટે તે ધ્યાન છે. પ્રથમ હા તો પાડ કે આ સાચી વાત છે.

**(૧૮) તે જ શુદ્ધ ચારિત્ર છે :–** તે નિશ્ચય મોક્ષમાર્ગને ચારિત્ર કહે છે. ચારિત્ર હોય ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન હોય જ છે. મોક્ષમાર્ગ ત્રણ નથી, શુદ્ધ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતાને શુદ્ધ ચારિત્ર કહીએ છીએ. મુનિને પાંચ મહાવ્રત, ૨૮ મૂળગુણના પાલનની વૃત્તિ ઊઠે તે ખરેખર ચારિત્ર નથી. જો નિશ્ચય પ્રગટે તો તેને વ્યવહાર ચારિત્ર કહે છે.

સમ્યક્ મોક્ષમાર્ગને આ બધા નામો લાગુ પડે છે. કપડાં હોય તેને તો ચારિત્ર છે જ નહિ, કપડાં છૂટ્યાં તે પણ ચારિત્ર નથી ને જે શુભરાગ થયો તે પણ ચારિત્ર નથી. શુદ્ધ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતાને ચારિત્ર કહીએ છીએ.

**(૧૯) તે જ અંતરંગ તત્ત્વ છે :–** 'નિયમસાર'માં પરમ અંતરંગ તત્ત્વ કહ્યું છે તે ત્રિકાળ છે. અહીં આત્માના આશ્રયે પ્રગટતી પર્યાયને અંતરંગતત્ત્વ કહે છે. 'નિયમસાર'માં ધ્રુવ એકરૂપ સ્વભાવને અંતરંગતત્ત્વ કહેલ છે ને સંવર-નિર્જરા ને મોક્ષપર્યાયને બહિરંગતત્ત્વ કહેલ છે. અહીં મોક્ષમાર્ગ પર્યાયને અંતરંગતત્ત્વ કહેલ છે ને પુણ્ય-પાપ, આસ્રવ, બંધ તત્ત્વને તથા મહાવ્રતાદિના વિકલ્પને બહિરંગતત્ત્વ કહેલ છે. 'નિયમસાર'માં દ્રવ્યદૃષ્ટિના જોરે એક સમયની પર્યાય ક્ષણિક હોવાથી પુણ્ય-પાપાદિ સાતેનો વસ્તુસ્વભાવમાં પ્રવેશ નથી માટે તેને બહિરંગતત્ત્વ કહેલ છે ને પરમપારિણામિકભાવને અંતરંગ તત્ત્વ કહેલ છે.

અહીં શુદ્ધ આત્માના આશ્રયે નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યાં તેને અંતરંગતત્ત્વ કહેલ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તો બહિરંગતત્ત્વ છે જ પણ તે પ્રત્યેનો શુભરાગ તેને પણ બહિરંગતત્ત્વ કહેલ છે. નિર્મળ પર્યાયમાં રાગનો અંશ નથી માટે તેને મોક્ષમાર્ગ કહે છે, તે અંતરંગતત્ત્વ છે.

**માગશર સુદ ૧૧, ગુરુવાર, ૨૭-૧૧-૫૨**

આ જે બધા નામો કહ્યાં છે તે નિશ્ચય મોક્ષમાર્ગના પર્યાય નામો છે. આત્મા ધ્રુવસ્વભાવી છે. તેની પ્રતીતિ કરીને થતા વીતરાગી ભાવમાં પરમાનંદનો પ્રતિભાસ થવો તે મોક્ષમાર્ગ છે. પુણ્ય-પાપનો ભાસ થવો તે દુઃખનો ભાવ છે. મન, વાણી, દેહથી ચૈતન્યમૂર્તિ જુદો છે ને વિકારથી પણ વેગળો છે તેવા ધ્રુવસ્વભાવની શક્તિમાંથી આનંદનો ઉછાળો થવો તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તેના પર્યાયવાચક નામો વર્ણવે છે.

**(૨૦) તે જ પરમતત્ત્વ છે :–** પુણ્ય અજીવ વગેરે પરમ તત્ત્વ નથી. એક સમયની પ્રગટ અવસ્થા જેટલો આત્મા નથી. પૂર્ણ શક્તિવાનની પ્રતીતિ અને અનુભવ તે ઉત્કૃષ્ટ તત્ત્વ છે. વ્યવહાર રત્નત્રય ઉત્કૃષ્ટ તત્ત્વ નથી. અંતર્મુખના વલણ-વીતરાગી દશા – આનંદ દશાને ઉત્કૃષ્ટ તત્ત્વ કહે છે. તે સાચો મોક્ષમાર્ગ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ તેનું વ્યવહાર જ્ઞાન ને વ્રતનો ભાવ પરમતત્ત્વ નથી. અહીં આત્માની મોક્ષમાર્ગરૂપ વ્યક્ત દશાને પરમતત્ત્વ કહે છે. તત્ત્વ એટલે કે જે પરમભાવ ત્રિકાળી છે તેની અહીં વાત નથી. એક સમયની અવસ્થામાં આખું તત્ત્વ ન આવે જો આખું આવે તો આખા તત્ત્વનો નાશ થઈ જાય. આખું તત્ત્વ દ્રવ્ય સ્વરૂપ છે. તેના અવલંબને પ્રગટતી દશાને પરમતત્ત્વ કહે છે. તે દશા ચિદાનંદને અનુકૂળ દશા છે. પરમઆનંદદશા જે આત્માને અનુકૂળ છે તે પરમતત્ત્વ છે.

**(૨૧) તે જ શુદ્ધઆત્મા દ્રવ્ય છે :–** આત્મા પર પદાર્થથી અભાવરૂપ છે એવા આત્માના આશ્રયે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર દશા પ્રગટી તે શુદ્ધ આત્મદ્રવ્ય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના પરિણામ પરદ્રવ્ય છે. આત્મામાં મન, વાણી, દેહ તો પરદ્રવ્ય છે. પાપ પરિણામ પરદ્રવ્ય છે. દયા, દાન, ભક્તિ તથા વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામ પણ અશુદ્ધ આત્મદ્રવ્ય છે. તેથી તેમને પર ગણેલ છે. કેવળજ્ઞાનના કંદ એવા આત્માના આશ્રયે પ્રગટતી પર્યાયને શુદ્ધ આત્મદ્રવ્ય કહેલ છે. તે પર્યાય હોવા છતાં શુદ્ધ આત્માના અવલંબને પ્રગટેલી હોવાથી તેની સાથે અભેદ થઈ તેથી તેને શુદ્ધ આત્મદ્રવ્ય કહેલ છે.

અહીં દેવ-ગુરુ-શાસ્ત્રને શુદ્ધ આત્મતત્ત્વ કહેલ નથી. કારણ તે તો પર છે. તેની માન્યતા, જ્ઞાનને વ્યવહાર, આજ્ઞાનું વર્તન તે પણ શુદ્ધ આત્મદ્રવ્ય નથી તે અશુદ્ધ દ્રવ્ય છે પણ જે વસ્તુ સ્વભાવમાંથી પર્યાયો વહે છે તેના અવલંબનને પ્રત્યક્ષ અતીન્દ્રિય આનંદનો અનુભવ વર્તે તેને શુદ્ધ આત્મદ્રવ્ય કહે છે. ધર્મ કહો કે મોક્ષમાર્ગ કહો તે મોક્ષના કારણરૂપ પર્યાય છે ધર્મ શુદ્ધ આત્મદ્રવ્ય છે. ધર્મ પર્યાય છે ત્રિકાળ દ્રવ્ય નથી પણ ત્રિકાળ દ્રવ્યના અવલંબને અભેદ થઈ પ્રગટ્યો માટે પર્યાયને શુદ્ધ આત્મદ્રવ્ય કહેલ છે. જેના અવલંબને શાંતિ - અનાકુળ રસ પ્રગટે. અકષાય પરિણતિનો ધોરિયો વહે તેવી પર્યાયને શુદ્ધ આત્મદ્રવ્ય કીધું છે.

(૨૨) **તે જ પરમજ્યોતિ જ્ઞાન છે :–** ચૈતન્ય વસ્તુ તો જ્યોતિ છે જ તેના અવલંબને સમ્યક્ મોક્ષમાર્ગ પ્રગટ્યો તેને જ્યોતિ કહીએ છીએ. જેમ અગ્નિ લાકડા આદિનો નાશ કરે તેમ અંતર્મુખથી નીકળેલી આનંદ ને જ્ઞાનની દશાને પરમજ્યોતિ કહે છે. તેથી સંસાર પર્યાયનો નાશ થાય છે. આ જ્યોતિ પ્રગટ થતાં સંસારના કારણનો નાશ થાય છે. ક્રમે ક્રમે આખા સંસારનો નાશ થાય છે. આ ચીજ બહારથી મળે તેમ નથી. કેવળજ્ઞાનનો કંદ આત્મા છે. તેમાંથી કેવળજ્ઞાનનો પ્રવાહ ફાટે છે. તેના અવલંબને પ્રગટતું જ્ઞાન પરમજ્યોતિ છે.

(૨૩) **તે જ શુદ્ધ આત્માની અનુભૂતિ છે :–** નિમિત્ત, પુણ્ય-પાપની રુચિ છોડી સ્વભાવનું અવલંબન કરે ને તેનો અનુભવ કરે તે શુદ્ધ આત્માની અનુભૂતિ છે. તેમાં ત્રણે બોલ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર આવી જાય છે. તત્ત્વાર્થ સૂત્રમાં પહેલું સૂત્ર 'सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः' છે તેને આટલા બોલથી કહી શકાય છે. ચિદ્ ને આનંદઘનમાંથી આનંદનો ધોરિયો વહે તેને મોક્ષમાર્ગ કહે છે. શુદ્ધ આત્માની અનુભૂતિથી મોક્ષે જવાય. વિકારથી મોક્ષે ન જવાય ને આત્માનો અનુભૂતિથી મોક્ષે જવાય. વિકારથી મોક્ષે ન જવાય તે પંથ આત્માની પર્યાયમાં વર્તે છે. પૂર્ણ કાર્ય થાય તેને મોક્ષ કહે છે.

(૨૪) **તે જ આત્માની પ્રતીતિ છે :–** આ પ્રતીતિમાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ત્રણે આવી જાય છે. આખા સ્વભાવની પ્રતીતિમાં ત્રણે અંશો આવી જાય છે. વસ્તુ ત્રિકાળ છે તેના અવલંબને આ દશા પ્રગટે છે. જેમાં શક્તિ ભરી હોય તેમાંથી પ્રગટે. ત્રિકાળ દર્શન, જ્ઞાન, ચારિત્ર આત્મામાં પડેલ છે. તેના અવલંબને જે પ્રગટે તે આત્માની પ્રતીતિ છે.

(૨૫) **તે જ આત્માની સંવિત્તિ અથવા સાક્ષાત્કાર છે :–** મોક્ષમાર્ગ કહો અથવા આત્મ સાક્ષાત્કાર કહો તેમાં કંઈ ફેર નથી. આત્માનો સાક્ષાત્કાર થયો એમ લોકો સમજ્યા વિના કહે છે. મોક્ષના કારણભૂત મોક્ષમાર્ગ પ્રગટ્યો તેને ભગવાન આત્માનો સાક્ષાત્કાર કહે છે.

(૨૬) **તે જ નિજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ છે :–** આત્મ સ્વરૂપની પ્રાપ્તિ કહો. આત્માની ખ્યાતિ કહો એક જ છે. શરીર, મન, વાણી, જડની પ્રસિદ્ધિ છે ને પુણ્ય-પાપ વિકારની પ્રસિદ્ધિ છે. જે આત્મા જે સ્વરૂપે છે તેજ સ્વરૂપે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર પ્રગટ થયા તેને આત્મસ્વરૂપની પ્રાપ્તિ કહે છે. મોક્ષમાર્ગ રૂપ પરિણતિને અથવા કારણ પરમાત્માના અવલંબે પ્રગટેલી દશાને નિજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કહે છે. કારણરૂપ તો અનાદિથી હતો પણ જ્યારે પ્રતીતિ કરી ત્યારે આ દ્રવ્ય કારણ છે એમ નક્કી થયું. આ માર્ગે મોક્ષે જવાય અથવા પૂર્ણ દશા પમાય છે. મોક્ષરૂપ કાર્યદશાના કારણરૂપની આ વાત ચાલે છે.

(૨૭) **તે જ નિત્ય પદાર્થની પ્રાપ્તિ છે :–** પોતે ધ્રુવરૂપ ને નિત્યરૂપ તો અનાદિથી હતો. પુણ્ય-પાપની ને દયા-દાનાદિ પરિણામની પ્રાપ્તિ નથી તે અનિત્યની પ્રાપ્તિ છે. વ્યવહાર રત્નત્રયની પ્રાપ્તિ, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, જ્ઞાન ને કષાયમંદતા તે અનિત્યની પ્રાપ્તિ છે. પોતાના આત્માના અવલંબે પ્રગટતી શુદ્ધ પર્યાય તે નિત્ય પર્યાયની પ્રાપ્તિ છે.

**(૨૮) તે જ પરમ સમાધિ છે :–** લોકો કહે છે 'समाहीवर मुत्तममदिंतु' પણ સમાધિના અર્થની ખબર નથી. અનાકુળ સ્વભાવમાંથી અકષાયી પરિણતિ પ્રગટે તેને પરમ સમાધિ કહે છે. આત્માના ભાવ વિના એમને એમ બેસી જાય તે સમાધિ નથી. વર્તમાન પર્યાયને અંતર્મુખવાળી જે માર્ગદશા રૂપી પ્રગટે તે પરમ સમાધિ છે. ઇંગલા, પિંગલા વગેરે લોકો કહે છે તે સમાધિ નથી. આપ્ત, ગુરુ તથા આગમે કહેલા આવા આત્મ પદાર્થને સમજવો જોઈએ.

આત્મા ત્રિકાળી ધ્રુવ સ્વભાવ છે. તેની પર્યાયમાં શુભરાગ હોય છે ને પર નિમિત્ત હોય છે પણ રાગને વ્યવહાર કારણ ક્યારે કહેવાય ? શુદ્ધ આત્માને પ્રતીતિ ને જ્ઞાનમાં લીધા વિના નિમિત્ત તથા વ્યવહારને કારણ પણ કહેવાતા નથી. વસ્તુ તો આનંદમય છે. લોકો બહારમાં ધર્મ માની બેઠા છે. વ્રત પાળીએ, પડિમા લઈએ, પૂજા કરીએ તો ધર્મ થાય એમ માને છે. ભગવાન આત્મા અમૂલ્ય રત્નના અવલંબને પ્રગટતી દશાને પરમસમાધિ કહે છે. સંતો પરમ સમાધિમાં વર્તે છે. શ્વાસ ચડાવવો તે સમાધિ નથી. વ્યવહાર રત્નત્રય પણ નિશ્ચયથી અસમાધિ છે છતાં સર્વજ્ઞ ભગવાન, નિર્ગ્રંથ ગુરુઓ તથા તેમના કહેલા આગમોની સાચી પ્રતીતિ, બહુમાન આવ્યા વિના રહેતું નથી, છતાં તે સમાધિ નથી. તેમનું કહેવું છે કે તારા અંતર સ્વભાવની ખાણમાંથી સમાધિ પ્રગટે છે.

**(૨૯) તે જ પરમ આનંદ છે :–** નિશ્ચય મોક્ષમાર્ગ કહો કે પરમઆનંદ કહો તે એકજ છે. લોકો ચારિત્રને વેળુના કોળીઆ સમાન દુઃખદાયક કલ્પે છે પણ તેને ચારિત્રની ખબર નથી. મીણના દાંતે લોઢાના ચણા ચાવવા સમાન ચારિત્રને માને છે – આમ ચારિત્રને દુઃખદાયક માને છે. સંતોને વાઘ ફાડી ખાય મુનિઓને કેટલાં દુઃખ હોય એમ કહી અજ્ઞાની ચારિત્રનો અનાદર કરે છે. ચારિત્ર અમૃત ને આનંદ આપનાર છે એમ માનતા નથી. પ્રતિકૂળ સંયોગો દેખીને સાધુની દયા ખાય છે તે મિથ્યાદૃષ્ટિ છે.

'છઢાળા'માં આવે છે કે ચારિત્રને દુઃખદાયક માને છે તે સંવરતત્ત્વની ભૂલ છે. કેવા ભારે ઉપસર્ગ આવે, તીક્ષ્ણ કાંટા લાગે – એવાં દુઃખ સહન કરવાં પડે. એમ ચારિત્રને દુઃખદાયક માને છે. જંગલમાં રહેવા, એકલા રહેવા એમ સાધુના સ્વરૂપને કહી તેઓ સાધુને દુઃખી ઠરાવે છે. આત્માના અવલંબે ઉપજતી દશા પરમ ઉત્સાહરૂપ પરમ આનંદરૂપ દશા છે. પૂર્ણ અકષાય આનંદ જે મોક્ષ છે તેના કારણરૂપ આ મોક્ષમાર્ગરૂપ મુનિદશામાં દુઃખ ન હોય પણ આનંદના પ્રવાહરૂપે હોય.

અત્યારે તો ઉપદેશકોએ પણ આ વાત સાંભળી નથી. અમૃતની વેલડીમાંથી જે અમૃત વહે તે મોક્ષમાર્ગ છે. તેમાં જરાપણ કષ્ટ નથી. તે પરમ આનંદરૂપ છે જ્યાં અંતરશક્તિમાંથી આનંદનો પ્રવાહ બહાર આવે તે ચારિત્રદશાને લોકો દુઃખદાયક માને છે. મુનિને નગ્ન રહેવું, ટાઢ સહન કરવી, એ લોકો દુઃખ સમજે છે. સંયોગો ને રાગની રુચિ છોડી પર્યાયવાન સ્વભાવની પ્રતીતિ ને લીનતા કરે તેને પરમ આનંદ વર્તે છે. સમકિત કહો કે પરમઆનંદ કહો, જ્ઞાન

કહો કે પરમઆનંદ કહો, ચારિત્ર કહો કે પરમ આનંદ કહો. તે બધું એક જ છે. એક સમયની પરિણતિને અંતર્મુખ વાળવી ને શરીર, પુણ્ય-પાપની રુચિ છોડવી તે પરમઆનંદ છે તે સિદ્ધ થવાનો પંથ છે.

(૩૦) **વળી તે નિત્ય આનંદ છે :–** સંતોને નિરંતર આનંદ જ વર્તે છે. મુખ્યપણે મુનિની આ વાત ચાલે છે. જેને અંતરમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા પ્રગટી તેને નિત્ય આનંદ છે. સર્પ કરડ્યો હોય, સિંહ શરીરને ફાડતો હોય, તોપણ મુનિ મોજ માણે છે. લોકો કહે છે કે સાધુનો આ પગ તોડી નાખ્યો માટે દુઃખી છે. તેને ખબર નથી પગ તૂટે તે શરીરનું અંગ છે પણ અંદરના ત્રણે અંગો એક થયા છે. જંગલમાં કોઈ મુનિને આંખો ફૂટે તે વખતે પણ નિત્ય આનંદ છે, જરા પણ ખેદ નથી. આંખો ફૂટતાં પગ તૂટતાં જરા પણ કલેશ નથી, આવા પ્રતિકૂળ સંયોગ વખતે દમના ને શ્વાસના રોગ ઉપડ્યા હોય, શૂળ ઉપડ્યા હોય, વરૂ બે બાજુથી ખાતા હોય ત્યારે મોક્ષમાર્ગમાં કંઈ ખેદ ખરો ? સહન કરવું એટલે દુઃખ ખરું ? ત્યાં દુઃખ નથી, પરમ આનંદ વર્તે છે. મોટા કાંટા વાગ્યા હોય, ફણીધર સર્પ કરડી જાય ને ઝેર ચડે, છતાં તે વખતે મુનિઓ આનંદમાં ડોલે છે. વસ્તુ સ્વભાવના અવલંબને જે દશા પ્રગટી તેમાં જરા પણ આકુળતા નથી, નિત્ય આનંદ છે.

(૩૧) **તે જ સ્વભાવથી ઉત્પન્ન થયેલો આનંદ છે :–**

કોઈ વિકલ્પ કે પુણ્ય ભાવથી આનંદ પ્રગટતો નથી. આજે પ્રતિકૂળતા છે પણ કાલે આહાર મળશે એમ માની મુનિઓ વિસામો લેતા હશે ? ને એક બે દિવસ પ્રતિકૂળતા હોય પણ સદાય હોય ? એમ વિચારી સમાધાન લેવું તે તો રાગના અવલંબને થતું દુઃખ છે. તે આનંદ નથી શુદ્ધસ્વભાવના અવલંબને જે આનંદ પ્રગટ્યો છે તે જ મોક્ષમાર્ગ છે.

(૩૨) **તે જ સદાનંદ છે :–** મોક્ષમાર્ગી સદાનંદી છે. કોઈ લહેરીને જોઈને લોકો કહે કે આ માણસને સદાનંદ છે. પણ હાસ્ય છે તે તો દુઃખ છે. સ્વભાવના અવલંબને જે દશા પ્રગટી તે સદાનંદી છે.

(૩૩) **તે જ શુદ્ધ આત્મા પદાર્થના પઠનરૂપ સ્વરૂપનું ધારક છે :–** તેણે (મોક્ષમાર્ગીએ) આત્માનું પઠન કર્યું છે, આત્મપદાર્થનું અધ્યયન કર્યું છે. પર અધ્યયન તે શાસ્ત્ર અધ્યયનનો શુભરાગ છે તે આત્માનું ખરેખર અધ્યયન નથી. લોકો કહે છે કે આજે આટલા શ્લોકો સ્વાધ્યાય કર્યા પણ આ તેની વાત નથી. આત્માના આશ્રયે પ્રગટતી દશા તે સાચું અધ્યયન છે. ત્યારે શાસ્ત્રઅધ્યયન વ્યવહારે કહેવાય છે. આત્માની દશા પ્રગટ્યા વિના સાચું અધ્યયન નથી. નિશ્ચય મોક્ષમાર્ગની દશા તે જ આત્મપદાર્થનું અધ્યયન છે.

(૩૪) **તે જ પરમ સ્વાધ્યાય છે :–** આત્માના અવલંબને પ્રગટેલી દશાને સ્વાધ્યાય કહે છે. સમ્યક્દર્શન સ્વાધ્યાય છે. સમ્યગ્જ્ઞાન સ્વાધ્યાય છે ને સમ્યગ્ચારિત્ર સ્વાધ્યાય છે. શાસ્ત્ર સ્વાધ્યાય શુભરાગ છે. મીઠું ખારા રસથી ભરેલું છે. તેમ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદથી

ભરેલો છે. તેની સન્મુખતાથી પ્રગટેલ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ ભાવ તે જ પરમ સ્વાધ્યાય છે. અભેદ રત્નત્રય કહો કે પરમ સ્વાધ્યાય કહો તે એક જ છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાય તેવા આત્મદ્રવ્યના આશ્રયે પ્રગટતી દશાને સ્વાધ્યાય કહે છે. શાસ્ત્ર સ્વાધ્યાયથી નિશ્ચય સ્વાધ્યાય પ્રગટે એમ નથી. આ '**જૈન સ્વાધ્યાય મંદિર ક્યાં રહેતું હશે ? – આત્માની વીતરાગી પર્યાયમાં સ્વાધ્યાય મંદિર રહે છે પત્થરમાં કે ચિતરામણમાં રહેતું નથી.**'

**(૩૫) તે જ મોક્ષનો ઉપાય છે :–** સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, ત્રણે અંશો પ્રગટ્યા તે ઉપાય છે. ઉપેય સિદ્ધદશા છે. ઉપાય મોક્ષમાર્ગ છે.

**(૩૬) તે જ એકાગ્ર ચિંતાનો નિરોધ છે :–** સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વનો નિરોધ થાય છે. સ્વાભાવિક જ્ઞાન થતાં મિથ્યાજ્ઞાનનો નિરોધ થાય છે. સ્વાભાવિક સ્થિરતા થતાં અસ્થિરતાનો નિરોધ થાય છે. કોઈ કહે કે આના વ્યવહાર કારણો હશે કે નહિ ? ભાઈ આ નિશ્ચય સમજે તો રાગને વ્યવહાર કહે છે. નહિતર કોઈ રાગના ભાગને ભગવાન વ્યવહાર કહેતા નથી. 'દ્રવ્યસંગ્રહ'ની ૫૮ ગાથામાં સમયસારનો મર્મ ભરી દીધો છે. મુનિઓની વાત એવી છે કે એક ગાથામાં બધો સાર આવી જાય. અધ્યાત્મદૃષ્ટિમાં શુદ્ધ આત્મા એકને અગ્ર કર્યો છે. પ્રથમ રાગમાં એકાગ્ર થતો હતો તે મિથ્યાદર્શન, જ્ઞાન ને ચારિત્ર હતું. હવે સ્વભાવમાં એકતા થવા લાગ્યો એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન તે ચારિત્ર પ્રગટ્યું.

**(૩૭) તે જ પરમજ્ઞાન છે :–** મોક્ષમાર્ગ પરમબોધ છે. સ્વભાવના અવલંબને પ્રગટતી અકષાયદશાને પરમબોધ કહે છે. શાસ્ત્રનો બોધ તે પરમબોધ નથી. બોધિમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જાય છે. 'શ્રીમદ્ રાજચંદ્રે' 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં કહ્યું છે કે

'કર્મ મોહનીય ભેદ બે, દર્શન, ચારિત્ર નામ,
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.'

સમ્યગ્જ્ઞાનથી – બોધથી દર્શનમોહ નાશ પામે છે, વીતરાગતાથી ચારિત્ર-મોહ નાશ પામે છે. અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર – ત્રણે પર્યાયને પરમબોધ અથવા પરમજ્ઞાન કહે છે.

**(૩૮) તે જ શુદ્ધ ઉપયોગ છે :–** પુણ્ય-પાપના પરિણામ મોક્ષમાર્ગ નથી, તે બંધમાર્ગ છે, વ્યવહાર રત્નત્રય પણ બંધમાર્ગ છે. આત્માના અવલંબને દશા પ્રગટી તેને શુદ્ધ ઉપયોગ કહે છે તે જ મોક્ષનું કારણ છે. તે શુદ્ધ ઉપયોગ - વ્યવહાર રત્નત્રયથી થતો નથી. દ્રવ્યસ્વભાવના આશ્રયે શુદ્ધ ઉપયોગ પ્રગટે છે. 'પ્રવચનસાર'માં મુનિઓને રાગની ભૂમિકા વખતે શુભ ઉપયોગી કહ્યા ને અંતર સ્થિરતા વખતે શુદ્ધ ઉપયોગી કહ્યા છે. પણ શુભ ઉપયોગ મોક્ષનું કારણ નથી. શુદ્ધ ઉપયોગ મોક્ષનું કારણ છે.

## પ્રસાદ નં. – ૪૭

**વી. નિ સં. ૨૪૭૯, માગશર વદ ૩, વર્ષ ત્રીજું પુસ્તક બીજું,**
**સોનગઢ, તા. ૪-૧૨-૫૨, ગુરુવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫૬**
**(માગશર સુદ ૧૨, શુક્રવાર, ૨૮-૧૧-૫૨ બપોર)**

આ નિશ્ચય મોક્ષમાર્ગનું વર્ણન ચાલે છે. આ આત્મવસ્તુ આદિ ને અંત વિનાની છે તેની અવસ્થા બદલાય છે તેમાં પુણ્ય-પાપ–વિકાર મેલ છે. આત્મા અપરિમિત શક્તિનો ભંડાર છે તેની પ્રતીતિ, જ્ઞાન ને રમણતાને સાચો મોક્ષમાર્ગ કહે છે. શરીર-મન-વાણીની ક્રિયાથી ધર્મ નથી. હિંસા, જૂઠું, ચોરી, પાપ છે. દયા–દાનાદિ પુણ્યભાવ છે તે ધર્મ નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ અનંત ગુણોનો પિંડ છે તેની અંતર્મુખ દૃષ્ટિ કરી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થતાં જે અતીન્દ્રિય આનંદ પ્રગટે તેને મોક્ષમાર્ગ કહેવાય છે.

(૩૮) **તે જ શુદ્ધ ઉપયોગ છે :–** ભગવાન આત્માની અંતર સન્મુખ દશા થવી, સાચી પ્રતીતિ, જ્ઞાન ને નિર્દોષ ચારિત્ર પ્રગટવું તેને શુદ્ધોપયોગ કહે છે. પુણ્ય થાય તે અશુદ્ધ ઉપયોગ છે.

(૩૯) **તે જ પરમ યોગ છે :–** લોકો કહે છે કે આ યોગ સાધે છે. પણ કોને કહેવા યોગી ? આત્મસ્વરૂપની શુદ્ધતામાં વર્તમાન દશાને જોડવી તે યોગ છે. દેહ, મન, વાણીની ક્રિયા ધર્મ નથી. પુણ્ય-પાપમાં જોડાણ તે અધર્મ છે, નિશ્ચય જ્ઞાયકમૂર્તિ નિર્વિકલ્પસ્વરૂપ છે તેના અવલંબને વીતરાગી દશાનું પ્રગટવું તેને સાચો મોક્ષમાર્ગ કહે છે ને તે જ પરમયોગ છે. આત્માના ભાન વિના ઓમકાર જપે, કુંભક કે રેચક ક્રિયા કરે તે ધાર્મિક ક્રિયા નથી. આત્માની પર્યાયમાં પુણ્ય-પાપ દેખાય છે તે કૃત્રિમ છે. તે વિનાના શુદ્ધ આત્મામાં જોડાણ થઈ નિર્મળતા થાય તેને યોગ કહે છે, તેવા યોગ સાધનારને યોગી કહે છે, તે યોગીની દશાને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે. જગત બહારમાં ભટકે છે, પણ પ્રથમ વિધિનો ખ્યાલ કરવો જોઈએ. પ્રથમ આત્માની યથાર્થ પ્રતીતિ - શ્રદ્ધા કરવી જોઈએ. તે વિના માત્ર કષાયમંદતા કરે તો સંસારમાં રખડે પણ

મોક્ષ ન થાય. આત્માની વિકારી અવસ્થા સંસાર છે, કંઈ બૈરાં-છોકરાં સંસાર નથી. ને નિર્વિકારી દશા તે મોક્ષમાર્ગ છે, તેની વાત ચાલે છે. તેને યોગ કહે છે. લોકો કહે છે કે અમુક બાવા યોગથી દીપડાનું રૂપ કરે છે, કોઈ અદ્ધર રહે છે, પણ તે યોગ નથી. પુણ્ય-પાપ રહિત શુદ્ધ આત્માના આશ્રયે થતી દશા - મોક્ષમાર્ગને યોગ કહે છે.

(૪૦) **તે જ ભૂતાર્થ છે :–** શરીર, મન, વાણી અભૂતાર્થ છે. પુણ્ય-પાપની લાગણીઓ થાય તે પણ અભૂતાર્થ છે. જ્ઞાયકતત્ત્વના આશ્રયે પ્રગટતા તત્ત્વને ભૂતાર્થ કહે છે. વસ્તુ જ્ઞાયક સ્વભાવ તો ભૂતાર્થ છે. વળી 'શ્રી સમયસાર'ની ૧૧ મી ગાથામાં વ્યવહાર અભૂતાર્થ કહ્યો છે તથા મોક્ષમાર્ગ - સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર – એક સમયની પર્યાય છે તેને પણ ત્યાં અભૂતાર્થ કહ્યો છે. આત્મામાં થતી દયા-દાનાદિની પર્યાય તથા મુક્તિના કારણરૂપ સંવર-નિર્જરા પર્યાય ક્ષણિક છે, એકરૂપ રહેતી નથી તેથી તેને ત્યાં અભૂતાર્થ કહેલ છે ને ત્રિકાળી સ્વભાવને ભૂતાર્થ કહેલ છે. ત્યાં પદ્ધતિમાં ફેર છે ને અહીં બીજી પદ્ધતિ છે. સ્વભાવના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટી તે શાંતિનું કારણ છે માટે તેને જ અહીં ભૂતાર્થ કહેલ છે.

દેહના પરમાણુથી જુદો ચિદાનંદ ધ્રુવ શક્તિનો પિંડ પ્રભુ આત્મા છે તેની સન્મુખ થઈ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પર્યાય પોતામાં પ્રગટી તે ભૂતાર્થ છે. વેપાર, અમલદારી, વકીલાત, પૈસા આદિ શરણભૂત નથી પણ દયા-દાનાદિ ને કોમળતાનો ભાવ પુણ્ય છે, અભૂતાર્થ છે, તે શરણમાં મદદ કરે તેમ નથી. તારી જ્ઞાયક જ્યોતના અવલંબને – દ્રવ્યના અવલંબને જે દશા પ્રગટી તે ભૂતાર્થ છે, તે મોક્ષના પૂર્ણ આનંદનું કારણ છે.

'શ્રી સમયસાર'માં ત્રિકાળી સ્વભાવને જ ભૂતાર્થ કહેલ, અહીં મોક્ષમાર્ગ પર્યાયને ભૂતાર્થ કહેલ છે, માટે જ્યાં જેમ છે તેમ અપેક્ષા સમજવી જોઈએ.

(૪૧) **તે જ પરમાર્થ છે :–** બે-પાંચ લાખ રૂપિયા ખર્ચી કોઈ કન્યાશાળા, નિશાળ વગેરે લૌકિક કાર્ય કરે તેને લોકો વખાણ કરે છે ને તેણે પરમાર્થ કર્યો એમ માને છે પણ તે તો જડની અવસ્થા છે. અંતરમાં જરા કષાયની મંદતા કરી તે પુણ્ય છે. પુણ્ય-પાપ રહિતના અંતર સ્વભાવના આશ્રયે જે દશા પ્રગટ કરે તેને પરમાર્થ કહે છે, બીજા બધા અપરમાર્થ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ થાય તે પણ અપરમાર્થ છે. જે મોક્ષપંથમાં નિમિત્ત છે તેની પ્રતીતિ પણ શુભરાગનું ઉત્થાન છે, તેવો રાગ આવે છે ખરો પણ તે પરમાર્થ સ્વરૂપ નથી. રાગ ને પુણ્યની રુચિ છોડી નિત્ય અંતર્મુખ આનંદનો કુંડ છે તેની અંતર્મુખ ધારા વહે. વીતરાગી અંશ પ્રગટે તેને પરમાર્થ કહે છે.

ધર્મના નામે ક્રિયાકાંડ કરે, પૂજા કરે, ટોકરીઓ વગાડે તે ધર્મ નથી. અપૂર્વ નથી – પરમાર્થ નથી. આત્માના આશ્રયે નિર્વિકલ્પ આનંદદશા – શાંતિ પ્રગટે તેને પરમાર્થ કહે છે. તેને સાચો પંથ કહે છે. વ્યવહાર હો ભલે પણ તે પરમાર્થ નથી.

(૪૨) **તે જ નિશ્ચયનયથી પંચાચાર સ્વરૂપ છે :–** તે જ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ને

વીર્ય એવા પાંચ આચારસ્વરૂપ છે. લોકો કહે છે કે આચાર વિચાર પાળો, આત્માનું જ્ઞાન તે વિચાર છે. રાગની રુચિ છૂટી જ્ઞાન જ્ઞાનને વેદે ને અનુભવે તેને જ્ઞાન આચાર કહે છે. શુદ્ધ આત્માની પ્રતીતિની અવસ્થાનું થવું તેને દર્શન આચાર કહે છે. સ્વભાવના અનુસારે ચરણ થવું, સ્વરૂપે ચરવું તે ચારિત્ર છે. તેવી ચારિત્રદશાને ચારિત્ર આચાર કહે છે. દયા-દાનાદિનો વિકલ્પ ઊઠે પણ તે રાગ છે, ઉપાધિ છે. વસ્તુસ્વભાવને અનુસરીને થતો તપ અથવા ચૈતન્યનું પ્રતપન અથવા સ્વભાવ સન્મુખ થઈને આત્માનો વિજય થવો ને પુણ્ય-પાપની હાર થવી તેને તપ કહે છે. લોકો સમજ્યા વિનાના ઉપવાસમાં તપ માને છે પણ તે તપ નથી. અખંડાનંદ સ્વરૂપનું ભાન થયા પછી જેમ સોનાને ગેરૂ લગાવતાં તે વધારે શોભા પામે છે તેમ આત્માની ઉજ્જવળતાને શોભાવે તે તપ છે. રોટલા વગેરે ન ખાવામાં રાગ ઘટાડે તે પુણ્ય છે પણ તે પુણ્યથી બંધાયો છે. લોકો કહે છે કે પુણ્ય તો બંધાશે ને ? ભાઈ, શુભ લાગણીથી અબંધ સ્વભાવી આત્મા રોકાઈ ગયો, બંધાયો ને તું માને છે કે તને ધર્મ થયો – તે મિથ્યાભાવ છે. ભગવાન આત્માના ત્રિકાળી સ્વરૂપને અજ્ઞાની ચૂકી ગયો છે.

બહારનું આચરણ કરે તે આચાર હશે ? ના, જ્ઞાયક ચિદાનંદનું આચરણ અંદરમાં સમાય છે. એક સમયની પર્યાયની રુચિ છોડી સ્વભાવની રુચિ ને રમણતા કરતાં ઇચ્છાનો નિરોધ થતાં તપ થાય છે – તેને આચાર કહે છે. લોકો કહે છે કે આ માણસ પરાક્રમી છે – પુરુષાર્થી છે – પણ તે પુરુષાર્થ નથી. આત્માના અવલંબને સ્વરૂપમાં એકાગ્રતા કરી અંતરમાં વીર્ય ફોરવે તે પુરુષાર્થ છે. મોટા શિકાર કરનારા રાજાઓ વીર કહેવાય પણ તેઓ નરકમાં જવાના છે ને ત્યાં નપુંસક થવાના છે. પાપના પરિણામ તો વીર્ય નથી પણ દયા-દાન વડે ઘણા જીવો ઉપર ઉપકાર કર્યો – તે પણ વીર નથી. પણ આત્માના અવલંબને વીર્ય અંતર્મુખ વાળ્યું તે વીર છે. તે વીર્યાચાર – આ પાંચે આચાર મોક્ષમાર્ગમાં સમાય છે, તે વિના મુક્તિ થાય નહિ.

(૪૩) **તે જ સમયસાર છે :–** સમયસાર = સમ + અય + સાર. સમ્યક્ પ્રકારે ગમન થવું. પુણ્ય-પાપ રહિત નિર્મળદશા થવી તેને સમયસાર કહે છે. ત્રિકાળી વસ્તુ પોતે સમયસાર છે. જેમાં પર્યાયો વસે તે વસ્તુને સમયસાર કહે છે, પણ અહીં ત્રિકાળીની વાત નથી. ત્રિકાળી સમયસારની પ્રતીતિ, જ્ઞાન, રમણતા કરી રાગરહિત શુદ્ધ દશારૂપ થયો, સમ્યક્ પ્રકારે નિર્વિકલ્પ સમાધિદશા – આનંદ પ્રગટ્યો તેને અહીં સમયસાર કહે છે.

આત્મા આનંદ ને જ્ઞાનથી ભરેલું તત્ત્વ છે, તેની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાય અથવા નિશ્ચય મોક્ષમાર્ગને સમયસાર કહે છે. સમ્યક્ પ્રકારે પરિણમન થવું વીતરાગપણે થવું, રાગ દ્વેષરહિતપણે થવું તે સમયસાર છે, તે મુક્તિનું કારણ છે.

(૪૪) **તે જ અધ્યાત્મસાર છે :–** કોઈને લબ્ધિ પ્રગટે, શરીર અનેક પ્રકારના કરે, કોઈ પુણ્ય ઉપાર્જન કરે તે અધ્યાત્મસાર નથી. આત્મા પોતાના સ્વરૂપમાં - અનાકુળ દશામાં ટકે

તેને અધ્યાત્મનો સાર કહે છે. તેને મોક્ષમાર્ગ કહો કે મોક્ષનું કારણ કહો તે એક જ છે.

આગળ પૃ. ૨૧૬માં અધ્યાત્મ શબ્દનો અર્થ કહે છે કે – નિમિત્તમાં, કુટુંબમાં સુખ છે એવી ભ્રાંતિ છોડી તથા પુણ્ય-પાપના વિકલ્પ છોડી નિર્મળાનંદ આત્મામાં અનુષ્ઠાન કરવું તે અધ્યાત્મ છે. આમ વીતરાગી દશાને અધ્યાત્મનો સાર કહ્યો છે. આ પ્રમાણે સર્વજ્ઞ કહે છે, નિર્ગ્રંથ મુનિઓ તથા શાસ્ત્ર કહે છે. તેથી વિરુદ્ધ માને ને મનાવે તે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા નથી. સર્વજ્ઞને સ્વ-પર પ્રકાશક સ્વભાવ પૂર્ણ ખીલ્યો તેની વાણીમાં આવ્યું કે તારા આત્માનો વિશ્વાસ - જ્ઞાન ને લીનતા કર – તે મોક્ષમાર્ગ છે, ને તે અધ્યાત્મનો સાર છે.

અત્યારે અધ્યાત્મના નામે ઘણી વાતો ચાલે છે. પણ કુંભારને ઘેર જે સોનું લેવા જાય તે મૂર્ખ છે, અફીણની દુકાને દૂધનો માવો લેવા જાય તે મૂર્ખ છે – તેમ અધ્યાત્મની વાત સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પેઢીએ મળે છે, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની પેઢીએ અધ્યાત્મનો માલ મલે નહિ, છતાં અજ્ઞાની લોકો ભૂલી રહ્યા છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જ ધર્મમાં નિમિત્ત હોય છે. તે કહે છે કે તારા અવલંબને તને ધર્મ થશે. તારા આત્માના આશ્રયે જે નિર્મળતા પ્રગટ થશે તે ધર્મ તે અધ્યાત્મનો સાર છે.

વળી લોકો કહે છે કે વ્યવહાર કરતાં કરતાં ધર્મ થશે, પણ તે ભૂલ છે. વ્યવહારનો અભાવ થતાં ધર્મ ને મોક્ષ થશે. પૂર્ણદશા ન હોય ત્યાં સુધી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શુભરાગ હોય છે પણ તે અધ્યાત્મસાર નથી.

**(૪૫) તે જ છ આવશ્યક સ્વરૂપ છે :–** સમતાનો લાભ થવો તેને સામાયિક કહે છે. હું સામાયિક કરું એવો શુભરાગ તે સામાયિક નથી. નિશ્ચયનયના અવલંબને જે છ આવશ્યક (૧) સામાયિક, (૨) ચોવીસ ભગવાનની સ્તુતિ, (૩) વંદન, (૪) પ્રતિક્રમણ, (૫) પ્રત્યાખ્યાન, (૬) કાયોત્સર્ગ – તે છ પ્રકારના આવશ્યક આત્માની દશામાં હોય છે.

**(૧) સામાયિક :–** પુણ્ય-પાપ બંધનરૂપ છે, શરીરાદિ પદાર્થો આત્માથી જુદી ચીજ છે. મારામાં જ્ઞાન ને આનંદ એકમેક છે. તેના આશ્રયે વિષમદશા તૂટે ને સમતાભાવ થાય તે સામાયિક છે. હું શિવસ્વરૂપ છું, કલ્યાણની મૂર્તિ છું, પુણ્યભાવ અકલ્યાણ છે. તેથી રહિત શુદ્ધ સ્વભાવ છે તેના અવલંબને સમતાભાવ પ્રગટે તે સામાયિક છે.

**(૨) ૨૪ ભગવાનની સ્તુતિ :–** ચોવીસ તીર્થંકરો શું કહે છે તેનો સાર લઈ આત્મામાં રમણતા કરવી તે ૨૪ ભગવાનની સ્તુતિ છે. ચોવીશ તીર્થંકરની સર્વજ્ઞ ભગવાનની સ્તુતિ કરવી તે પુણ્યનું કારણ છે. આત્મા પોતે સર્વજ્ઞ થવાને લાયક છે. તેના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાની દશા પ્રગટ કરવી તે ૨૪ ભગવાનની સ્તુતિ છે.

**(૩) વંદન :–** સાચા ગુરુને વંદન કરવું તે પુણ્ય પરિણામ છે. આત્મા પોતે ગુરુ છે, તેમાં ભ્રાંતિ ને રાગ રહિત થઈ પરિણમન કરવું તે વંદન છે. તે જરૂરની ક્રિયા છે. પરને તાબે ન થાય ને પોતાને તાબે થાય તે આવશ્યક ક્રિયા છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના એકલા રાગાદિને

ભગવાન વંદન કહેતા નથી.

(૪) **પ્રતિક્રમણ :–** પુણ્ય-પાપની લાગણીથી પાછા ફરવું ને નિત્યાનંદ સ્વભાવમાં આવવું તે પ્રતિક્રમણ છે. પુણ્ય-પાપની લાગણીમાં દોડતો તે અપ્રતિક્રમણ હતું. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ વગેરે પરિણામથી પાછા ફરવું ને આત્મામાં પ્રવેશ કરવો તે પ્રતિક્રમણ છે. જીવને પોતાની શક્તિનો મહિમા નથી. તારા સ્વભાવનો વિશ્વાસ કરી લીનતા કર તે પ્રતિક્રમણ છે.

(૫) **પ્રત્યાખ્યાન :–** પચ્ચખાણ લેતી વખતે હાથ જોડવા તે જડની ક્રિયા છે. અમુક બાધા લેવી તે પુણ્યભાવ છે તે સાચું પ્રત્યાખ્યાન નથી. અખંડ જ્ઞાનમાં લપેટાઈ જઈને જ્ઞાનની એકાગ્રતા થવી તે પચ્ચખાણ છે. આવો નિશ્ચય હોય તેના શુભરાગને વ્યવહારથી પચ્ચખાણ કહે છે.

(૬) **કાયોત્સર્ગ :–** કાયાની ક્રિયા તે કાયોત્સર્ગ નથી. ઔદારિક શરીર કાર્મણ શરીર તો હું નથી. તેને લીધે પર્યાયમાં ભાવ થાય તે પણ હું નથી. હું તો જ્ઞાન શરીર છું – એવા ભાન દ્વારા જે અંતરંગ લીનતા થાય તેને કાર્યેત્સર્ગ કહે છે.

આને છ આવશ્યક કહે છે ને તે જ મોક્ષમાર્ગ છે.

**માગશર સુદ ૧૩, શનિવાર, ૨૯-૧૧-૫૨**

(૪૬) **આત્મસ્વભાવના આશ્રયે જે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ્યો તે અભેદ રત્નત્રય છે :–** નિશ્ચય મોક્ષમાર્ગના નામોનું વર્ણન ચાલે છે. મોક્ષ એટલે આત્માની પૂર્ણ શુદ્ધ દશા. આત્મ સ્વભાવના અવલંબને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય થાય તે મોક્ષમાર્ગ છે. અંતર્મુખ ચૈતન્ય સ્વભાવના અવલંબને વીતરાગ મોક્ષમાર્ગ છે તેને જ અભેદ રત્નત્રય કહેવાય છે. દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધા, જ્ઞાન તથા વ્રતાદિનો શુભભાવ તે ભેદ રત્નત્રય છે ને ચૈતન્ય દ્રવ્યના અવલંબને જે દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટીને અંતરમાં અભેદ થઈ તે અભેદ રત્નત્રય છે. દેવ ગુરુ શાસ્ત્રની ભક્તિનો રાગ તે તો પુણ્યાસ્રવ છે. તે રાગરહિત ચૈતન્ય દ્રવ્યના અવલંબને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા તે અભેદ રત્નત્રય છે. ને તે જ યથાર્થ મોક્ષમાર્ગ છે. અભેદ રત્નત્રય તે મોક્ષનો માર્ગ છે ને ભેદ રત્નત્રય તે મોક્ષનો માર્ગ નથી.

(૪૭) **સામાયિક પણ તે જ છે :–** શુભરાગ તે ખરી સામાયિક નથી પણ અંતર સ્વભાવના આનંદ સાથે ગૂંથાયેલી જે સમતા તેજ સાચી સામાયિક છે. દેહની ક્રિયામાં કે રાગમાં ખરી સામાયિક નથી પણ પરમપારિણામિક કારણપરમાત્માના અવલંબને જે વીતરાગી સમતા પ્રગટી છે તે જ સાચી સામાયિક છે. તે જ મોક્ષનો માર્ગ છે. સર્વજ્ઞદેવો અને સંતો આને જ મોક્ષમાર્ગ

કહે છે. વચ્ચે સત્યના શ્રવણનો શુભરાગ આવે તેમજ દેવ-ગુરુ-શાસ્ત્રના વિનય-બહુમાનનો ભાવ આવે પણ તે મોક્ષમાર્ગ નથી. તે ખરી સામાયિક નથી. જેમાં પુણ્ય અને પાપ બન્નેથી રહિત વૈરાગ્ય પરિણતિ પ્રગટી છે, ને વીર્ય સ્વભાવના અસ્તિત્વ તરફ ઝૂકેલું છે. તે સાચી સામાયિક છે ને એવી સામાયિક તે મોક્ષનું કારણ છે.

(૪૮) **વળી તે જ મંગળ - ઉત્તમ અને શરણ છે :–** જગતમાં શરણભૂત કોણ ? કે ચૈતન્યના અવલંબનને જે વીતરાગી પરિણતિ પ્રગટી તે જ ખરું શરણ છે. તે જ મંગળ છે ને તે જ ઉત્તમ છે. એ સિવાય અરિહંત-સિદ્ધ-સાધુ વગેરેનું શરણ કહેવું તે વ્યવહારથી છે. પરદ્રવ્ય કંઈ જીવને શરણ આપતા નથી. 'કેવલી પણ્ણતો ધમ્મો શરણં' તો કેવળી પ્રરૂપીત ધર્મ એટલે શું ? કે પોતાના સ્વભાવની સન્મુખતાથી પ્રગટેલી વીતરાગ પરિણતિ જ શરણરૂપ છે તે જ ઉત્તમ છે ને તેજ શરણ છે.

| | |
|---|---|
| અરિહંતા લોગુત્તમા | અરિહંતા મંગલં |
| સિદ્ધ લોગુત્તમા | સિદ્ધા મંગલં |
| સાહુ લોગુત્તમા | સાહુ મંગલં |
| કેવળીપણ્ણતો ધમ્મો લોગુત્તમા | કેવળી પણ્ણતો ધમ્મો મંગલં |

એ પ્રમાણે કહેવાય છે. તે તો ભક્તિ અને વિનયનું કથન છે. અરિહંત કંઈ આ આત્માને ઉત્તમતા આપતા નથી. પોતે પોતાના સ્વભાવના આશ્રયે નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર દશા પ્રગટ કરી તે ઉત્તમ છે ને તે જ કેવળી પ્રરૂપીત ધર્મ છે.

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો જૈનધર્મોસ્તુ મંગલં.

એમ મંગળ કહેવામાં આવે છે, ત્યાં ખરેખર આત્માની વીતરાગ દશા. સ્વભાવના અવલંબને પ્રગટી તે જ જૈનધર્મ છે ને તે જ મંગળ છે. જેણે સ્વભાવના અવલંબને વીતરાગ દશા પ્રગટ કરી તેણે પવિત્રતા પ્રાપ્ત કરો ને અપવિત્રતાનો નાશ કર્યો તેથી તે વીતરાગી દશા જ પરમ મંગળ છે, તે જ પરમ શરણ છે ને તે જ પરમ ઉત્તમ છે. એ સિવાય સંસાર (એટલે કે રાગાદિ વિકારીભાવો) તે શરણ નથી, મંગળ નથી ને ઉત્તમ નથી.

(૪૯) **વળી તે જ કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ છે :–** આત્માના અવલંબને થયેલા વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે નિશ્ચય મોક્ષમાર્ગ છે ને તે જ કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ છે. અહીં પર્યાયને મોક્ષના કારણ તરીકે કહેવી છે. પહેલાં ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાને વ્યવહાર રત્નત્રયનો શુભરાગ હોય છે, પણ તે કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ નથી. કેવળજ્ઞાન પર્યાય તો દ્રવ્યના આશ્રયે આવે છે. તેથી ખરેખર તો દ્રવ્ય જ કેવળજ્ઞાનનું કારણ છે. પણ તે કેવળજ્ઞાન પહેલાં નિશ્ચય રત્નત્રય પર્યાયરૂપ મોક્ષમાર્ગ હોય છે. તેથી તેને કેવળજ્ઞાનનું કારણ કહ્યું છે, એટલે કે વ્યવહાર રત્નત્રયનો રાગભાવ તે કેવળજ્ઞાનનું કારણ નથી, કેવળજ્ઞાનનું

કારણ કહો કે નિશ્ચય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ કહો.

કેવળજ્ઞાન પર્યાય પણ સમયે સમયે નવી નવી ઊપજે છે. તે દ્રવ્યમાંથી પ્રગટે છે. પહેલા સમયની પર્યાયનો વ્યય થઈને બીજા સમયની પર્યાય ઉત્પન્ન થાય છે. નિમિત્તથી કે વ્યવહાર રત્નત્રયના રાગથી કેવળજ્ઞાન થવાનું કોઈ કહેતું હોય તો તે જૂઠી વાત છે. આત્મા ત્રિકાળ છે, તેનો જ્ઞાનગુણ ત્રિકાળ છે અને તે આત્માના 'સર્વ ક્ષેત્રોમાં વ્યાપેલો છે. તથા તેનો કેવળજ્ઞાન પર્યાય આત્માના સર્વ ક્ષેત્રમાં વ્યાપક છે. પણ તે ત્રિકાળ નથી. તે એક સમય પૂરતી જ અવસ્થા છે. જેટલું જ્ઞાનગુણનું ક્ષેત્ર છે, તેટલું જ કેવળજ્ઞાન પર્યાયનું ક્ષેત્ર છે. પણ જ્ઞાન ગુણ ત્રિકાળ છે, ને કેવળજ્ઞાન પર્યાયનો કાળ એક જ સમય છે. તે પર્યાયમાંથી બીજી પર્યાય ખરેખર આવતી નથી. જ્ઞાનગુણ નવો ન ઊપજે પણ પર્યાય નવી ઊપજે છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ કોણ ? બહારમાં મહાવિદેહક્ષેત્ર, મનુષ્યદેહ, વજ્રર્ષભનારાચસંહનન વગેરે કોઈ કેવળજ્ઞાનનું કારણ નથી, પણ નિશ્ચય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ જ કેવળજ્ઞાનનું કારણ છે.

**(૫૦) તે જ સર્વ કર્મો નાશનું કારણ છે :–** જુઓ વ્યવહાર રત્નત્રય તે કર્મના નાશનું કારણ નથી, પણ અંતર સ્વભાવના આશ્રયે પ્રગટેલા વીતરાગી નિશ્ચય રત્નત્રય જ આઠેય કર્મોના નાશનું કારણ છે. જેમણે એક સમયમાં પરિપૂર્ણ દ્રવ્યગુણ પર્યાયો જોયા છે એવા સર્વજ્ઞ ભગવાન આવા નિશ્ચય રત્નત્રયને જ કર્મના નાશનું કારણ કહે છે. ભગવાન અમૃત રસનો દરિયો છે. (અઢીદ્વીપ બહાર ક્ષીરસમુદ્ર છે, તીર્થંકરો જ્યારે દીક્ષા લઈને કેશલોચ કરે ત્યારે તે કેશને ક્ષીરસમુદ્રમાં પધરાવે છે) તે ક્ષીરસમુદ્રમાં તરંગ ઉઠે, તેમ આત્મા ચૈતન્યપિંડ આનંદકંદ અમૃતરસનો દરિયો છે. તેમાંથી આનંદના તરંગો ઉઠે તે જ કર્મના નાશનું કારણ છે. એ સિવાય રાગાદિ ભાવો તે કર્મના નાશનું કારણ નથી. વીતરાગી સર્વજ્ઞદેવ, સંતો અને શાસ્ત્રોનો પોકાર છે કે અંતર સ્વભાવના આશ્રયે નિશ્ચય રત્નત્રય પ્રગટે તે જ મોક્ષમાર્ગ છે. જૈનશાસન કહો કે મોક્ષમાર્ગ કહો તે આ જ છે. સદાય આનંદસ્વરૂપ ચૈતન્ય પ્રભુના અંતરમાંથી આનંદનો અનુભવ આવે, તેનું નામ તપ છે ને તેનાથી કર્મનો નાશ થાય છે. તપમાં ખેદ ન હોય, અંતરમાંથી અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રગટે એવી દશાથી ભગવાને કર્મોનો નાશ કર્યો છે. એ સિવાય રાગથી કે ખેદથી ભગવાને કર્મોનો નાશ કર્યો નથી. આ રીતે નિશ્ચય રત્નત્રયરૂપ જે મોક્ષમાર્ગ છે તે જ કર્મના નાશનું કારણ છે.

**(૫૧) તે જ નિશ્ચય દર્શન જ્ઞાન ચારિત્ર ને તપરૂપ ચાર પ્રકારની આરાધના છે :–** અભેદ રત્નત્રયમાં ચાર પ્રકારની આરાધના સમાઈ જાય છે. નિર્વિકલ્પ રત્નત્રય તે જ નિશ્ચયથી તપ છે. આત્મા આનંદકંદ છે. કંદની જડી બૂટી એવી થાય છે કે જરાક ખાય તો ચાર મહિના સુધી ભૂખ ન લાગે. તો હે ભાઈ, આ ચૈતન્યમૂર્તિ આત્મા એવો આનંદકંદ જડી બૂટી છે કે એક સમય પણ તેનો આશ્રય કરે, તો અનંતકાળ સુધી સુખ પ્રગટે. એક સમયના ફળનું સુખ સાદિ અનંતકાળ ભોગવ્યા કરે તોય ન ખૂટે ('એક સમયકી કમાણી સાદિ અનંતકાળ ખાયગી')

ચૈતન્યના આશ્રયે આરાધના કરીને એવું સમાધિક મરણ કરે કે સાદિ અનંતકાળ આનંદ પ્રગટે. શક્તિમાં આનંદનો કંદ આત્મા છે. તેની પ્રતીતિ કરતાં એવી જડીબૂટીનો મીણો ચડે કે સાદિ અનંતકાળ સુખ પ્રગટે. આનંદકંદ ચૈતન્યની પ્રતીતિ કરતાં એવી શ્રદ્ધા થઈ જાય કે મારામાં ત્રણકાળમાં કદી આહાર જ નથી. જુઓ, આ ભગવતી આરાધના ! પહેલાં આવા ચૈતન્યની શ્રદ્ધા કરવી તે પણ દર્શન આરાધના છે.

'ભગવતી આરાધના'માં મુનિના સમાધિમરણ વખતની દશાનું અદ્‌ભૂત વર્ણન કર્યું છે. કવચ અધિકારમાં તેનું વર્ણન છે, ત્યાં કોઈ સંતોને સહજ પ્રમાદથી કદાચિત્ આહારની કે પાણીની વૃત્તિ ઉઠે તો તેને બીજા સંતો કહે છે કે અનંતવાર ભોજનપાણી ગ્રહણ કર્યાં, હવે તેની વૃત્તિ છોડીને અંતરના આનંદના અનુભવમાં ઉતરો.... ચૈતન્યને આરાધો. અંતરમાં ડુબકી મારીને ચૈતન્યની આરાધના કરો. એવું સમાધિમરણ કરો કે ફરીને અવતાર ન થાય. મુનિ આહારની વૃત્તિ છોડીને પાછા સ્વરૂપમાં લીન થઈ જાય છે. એવા મુનિની આરાધના તે અંતર સ્વભાવના આશ્રયે જ છે. નિશ્ચય રત્નત્રય પ્રગટ્યાં તે જ નિશ્ચયથી ચારે પ્રકારની આરાધના છે.

**(૫૨) વળી તે જ પરમાત્માની ભાવના છે :–** અજ્ઞાની પોતાના પરમાત્મતત્ત્વને ભૂલીને બહારમાં શુભરાગથી ભગવાનની આરાધના કરીને ધર્મ માને છે. રાત્રે ઘેર ભાવના બેસાડે ને તેમાં ધર્મ માને, પણ તે ખરેખર પરમાત્મભાવના નથી. બોમ્બની તાકાતનો વિશ્વાસ કરે. પણ પોતાના તત્ત્વમાં એક સમયમાં અનંત જ્ઞાન-આનંદની શક્તિ ભરેલી છે. તેનો વિશ્વાસ કરતો નથી. તો તેને સાચી પરમાત્મભાવના હોય નહિ. બહારમાં વીતરાગ ભગવાનનું સ્થાપન કરવું તે વ્યવહાર છે. ધર્મીને પણ શુભરાગ વખતે ભગવાનની સ્થાપનાનું પૂજન, ભક્તિ, ભાવના કરવાનો ભાવ આવે. પણ તે શુભરાગ ખરેખર મોક્ષમાર્ગ નથી. અંતરમાં પોતાના ચૈતન્ય પરમેશ્વરની શ્રદ્ધા, જ્ઞાન, એકાગ્રતા કરીને નિશ્ચય રત્નત્રય પ્રગટ કર્યાં તેણે સાચી પરમાત્મ ભાવના ભાવી. જેણે આવી ભાવનાનો અભ્યાસ કર્યો હશે. તેને મરણ ટાણે પરમાત્મભાવના સહિત સમાધિ મૃત્યુ થશે.

**(૫૩) શુદ્ધાત્મ ભાવનાની અનુભૂતિથી ઉત્પન્ન થયેલા આનંદની અનુભૂતિ સ્વરૂપ જે પરમ કળા છે તે પણ તે જ (નિશ્ચય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ જ) છે :–** જગતની બહારની કળા, દાકતરની કળા, શાસ્ત્રના ભણતરની કળા, વકીલાતની કળા, તે તો બધા થોથાં છે. અંતરના ચૈતન્ય સ્વભાવને જેણે કળી લીધો તેને જ સાચી કળા છે. કેવળજ્ઞાન ને ચૈતન્યની મોટી કળા છે ને નીચલી દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ્યાં તે છોટી કળા છે. ચૈતન્ય તત્ત્વને કળે (ઓળખે) તે જ સાચી કળા, ચૈતન્ય સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર દશા પ્રગટી તે સર્વ કળામાં પારંગત થઈ ગયો. તેથી તેને અહીં પરમ કળા કીધી છે. અહો ! સંતોએ ચૈતન્યના મોક્ષમાર્ગમાં કેવાં ગાણાં ગાયાં છે !!! જેણે પુણ્ય પાપથી લાભ માન્યો તેણે ચૈતન્ય શક્તિને ખોલવાનાં તાળાં માર્યાં છે. અંતરના ચિદાનંદ સ્વભાવની રુચિ, જ્ઞાન ને રમણતા કરવી તે

ચૈતન્યનો ખજાનો ખોલવાની કળા છે. ચિદાનંદ તત્ત્વ શું છે ને રાગ શું છે. તેના ભેદજ્ઞાનની કળા તે જ મોક્ષનું કારણ છે. જેણે એવી ભેદજ્ઞાન કળા પ્રગટ કરી તે સર્વે કળામાં પારંગત થઈ ગયો. અંતર્મુખ થઈને સ્વભાવના અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો. તે જ પરમ કળા છે. સ્વભાવમાં જેટલો એકાગ્ર થાય તેટલો રાગથી ભેદ પડી જાય છે.

**(૫૪) વળી ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થઈને તેના આનંદનો અનુભવ કરવો તે જ દિવ્યકળા છે :–** વિલાયત જઈને ભણે કે અમેરિકામાં જઈને ભણે તેને અહીં દિવ્યકળા કહેતા નથી. પણ આત્માનો ચિદાનંદ સ્વદેશ છે. તેમાં જઈને અતીન્દ્રિય આનંદનો અનુભવ જેણે કર્યો તે દિવ્યકળાને ભણ્યો ને તે જ કળા મોક્ષનું કારણ છે, શાળાના ભણતરની કળાને દિવ્યકળા ન કીધી. ભાઈ ! તું તારા સ્વદેશમાં તારા ચૈતન્ય પ્રદેશમાં આનંદને ઢૂંઢ. અંતરના આત્મસ્વરૂપને ઢૂંઢીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યાં તેણે દિવ્યકળા પ્રગટ કરી અને તે જ કળા કેવળજ્ઞાનનું કારણ છે. બીજું કેવળજ્ઞાનનું કારણ નથી.

## પ્રસાદ નં. – ૪૯

**વી. નિ સં. ૨૪૭૯, માગશર વદ ૫, વર્ષ ત્રીજું પુસ્તક બીજું,**
**સોનગઢ, તા. ૬-૧૨-૫૨, શનિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫૬**
**(માગશર સુદ ૧૪, રવિવાર, ૩૦-૧૧-૫૨ બપોર)**

આ 'દ્રવ્યસંગ્રહ'ની ૫૬મી ગાથા છે. તેમાં આત્માના ધ્યાનથી ઉત્પન્ન થતું જે પરમાનંદ સ્વરૂપ સુખ તે નિશ્ચયમોક્ષમાર્ગ છે, તેને બીજા ક્યા ક્યા નામોથી ઓળખાય છે તેનું વર્ણન ચાલે છે. મોક્ષમાર્ગના અનેક નામો છે તેનો અર્થ એક જ છે. નિમિત્ત અને પુણ્ય-પાપની રુચિ છોડી, ધ્રુવ ચિદાનંદ સ્વભાવમાં દૃષ્ટિ અને એકાગ્રતા કરવી તે જ મોક્ષમાર્ગ છે. તે જ દિવ્યકળા છે. દિવ્યકળા કહો, પરમ શુદ્ધાત્મધ્યાન કહો કે મોક્ષનો માર્ગ કહો, તે બધું એક જ છે.

**(૫૫) તે જ પરમ અદ્વૈત છે :–** બધું થઈને એક છે એવો પરમ અદ્વૈતનો અર્થ નથી. પણ અભેદ ચિદાનંદ સ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા તે પરમ અદ્વૈત છે. એટલે તેમાં રાગાદિના વિકલ્પનું દ્વૈતપણું નથી. આ સિવાય બીજું અદ્વૈતપણું માને, બધા થઈને એક જ આત્મા છે એમ માને તો તે વાત જૂઠી છે. નિશ્ચય મોક્ષમાર્ગ કહો કે પરમ અદ્વૈત કહો, કે પરમ આનંદદશા કહો. અનંતગુણનો પિંડ સ્વભાવ છે તેમાં એકતા ને વિકારથી પૃથકતા – એવી દશાનું નામ પરમ અદ્વૈત છે, ને તે મોક્ષનું કારણ છે.

**(૫૬) તે જ અમૃતસ્વરૂપ પરમ ધર્મધ્યાન છે :–** સહજાનંદ સ્વરૂપ આત્માની સન્મુખ થઈને એકાગ્રતા કરવી તે જ પરમ ધર્મધ્યાન છે. જ્ઞાયક ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ થઈને એકાગ્ર થતાં પરમ આનંદનો અનુભવ પ્રગટે છે તે જ અમૃતસ્વરૂપ ધર્મધ્યાન છે. એ સિવાય જાપ કરવા કે નમોક્કારમંત્ર ગણવા તે તો શુભરાગ છે. તે ધર્મધ્યાન નથી.

પ્રશ્ન :– શુભરાગ તે પ્રાથમિક ભૂમિકા તો કહેવાય ને ?

ઉત્તર :– પહેલાં ચિદાનંદ સ્વભાવનું ભાન કર્યાં વગર રાગને વ્યવહાર પણ ન કહેવાય, સ્વભાવનું ભાન કરે ત્યારે પૂર્વના રાગને વ્યવહારનો આરોપ આવે છે, પણ રાગ ખરેખર

આત્માના ધર્મનું સાધન નથી. આત્માના ચિદાનંદ સ્વભાવમાં એકાગ્રતા કરતાં જે ધર્મધ્યાન થાય તે એવું અમૃતસ્વરૂપ સ્વરૂપ છે કે આત્માનું કદી મરણ જ ન થાય – એવી દશા પ્રગટે. આવું પરમ ધર્મધ્યાન કહો કે મોક્ષમાર્ગ કહો.

**(૫૭) તે જ શુકલધ્યાન છે :–** વળી શુકલધ્યાન પણ તે જ છે.

**(૫૮) તે જ રાગાદિ વિકલ્પોથી રહિત ધ્યાન છે :–** આવું ધ્યાન તે મોક્ષનો માર્ગ છે. વચ્ચે શુભરાગ આવે તે મોક્ષમાર્ગ નથી.

'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.'

આત્માની પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે, ને તે શુદ્ધતા જેનાથી પમાય તે મોક્ષનો માર્ગ છે. આત્માની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પર્યાય તે જ મોક્ષનો માર્ગ છે.

**(૫૯) તે જ નિષ્કલ ધ્યાન છે :–** શરીરસહિત ચિદાનંદ આત્મા છે તેનું ધ્યાન તે નિષ્કલ ધ્યાન છે. શરીર હોવા છતાં હું અશરીરી છું – એવી આત્માની રુચિ અને એકાગ્રતા કરવી તે નિષ્કલ ધ્યાન છે, તે મોક્ષનો માર્ગ છે. કર્મનો અને શરીરનો સંયોગ હોવા છતાં તે સંયોગ રહિત અશરીરી આત્માનું ધ્યાન કરવું તે સાચું ધ્યાન છે. શરીર તે મારામાં નથી ને જડકર્મ પણ મારામાં નથી, જડકર્મનો ઉદય મારામાં નથી ને તે ઉદય તરફના વલણવાળો વિકારભાવ પણ મારામાં નથી, હું તો કર્મના સંયોગ રહિત અને શરીર રહિત અશરીરી છું – એમ ચૈતન્યને ભાવવો તે નિષ્કલ ધ્યાન છે. મન, વાણી અને શ્વાસ તે બધા શરીરના અંગો છે. પણ આત્મા અશરીરી ચૈતન્ય છે, તેનું ધ્યાન તે જ ધર્મ અને મુક્તિનો માર્ગ છે. બીજી રીતે ધર્મ માને તો તે મુક્તિનો સત્પંથ નથી. વજ્રકાય શરીર હોય તો ધર્મ થાય – એ વાત રહેતી નથી, કેમકે શરીર જ આત્માને નથી. આત્માને શરીરવાળો ધ્યાવે તો તે સાચું ધ્યાન જ નથી. શરીરમાં રહેલો છતાં શરીરથી છૂટો એવા અશરીરી ચૈતન્યનું ધ્યાન કરવું તે જ સાચું ધ્યાન અને મોક્ષમાર્ગ છે. શરીરમાં રહેલો એમ કહેવું તે માત્ર નિમિત્તનું કથન છે. ખરેખર તો આત્મા જ્ઞાનવિગ્રહ એટલે કે જ્ઞાનરૂપી શરીરવાળો છું. જ્ઞાયક શરીરનો ધરનાર હું છું. આ જડ શરીર હું નથી – એમ આત્માને ધ્યાવવો તે જ મોક્ષની આવશ્યક ક્રિયા છે. વચ્ચે રાગ થાય તે મોક્ષની ક્રિયા નથી.

શરીરને ધર્મનું સાધન કહેવું તે તો માત્ર ઉપચાર કથન છે. ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા ત્રિકાળ છે, આ ભવ પહેલાં આ શરીર ન હતું, આ ભવ પછી આ શરીર રહેશે નહિ, અને વર્તમાનમાં પણ આત્મામાં શરીરનો અભાવ છે. તો તે શરીર આત્માને ધર્મનું સાધન ક્યાંથી થાય ? ધર્મનું સાધન તો આ છે કે શરીરથી પાર અશરીરી આત્માનું ધ્યાન કરવું. અનંતા સંતોએ ઉત્કૃષ્ટ આત્મધ્યાનને જ મુક્તિનો પંથ કહ્યો છે. તેને બીજા ગમે તે નામથી કહો, પણ વસ્તુ તો આ જ છે. આ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં જ છે. જડ શરીરના દ્રવ્ય, ક્ષેત્ર,

કાળ, ભાવમાં આત્મા નથી. આવા અશરીરી જ્ઞાનાનંદ આત્માના ધ્યાનથી અંતરમાં અમૃતના મોજાં ઊછળે – આનંદના તરંગ ઉઠે – તેનું નામ નિષ્કલ ધ્યાન અને મોક્ષમાર્ગ છે.

**(૬૦) તે જ પરમ સ્વાસ્થ્ય છે :–** આ આત્માની નીરોગતાની વાત છે. શરીરની નીરોગતાનો આત્મામાં અભાવ છે. રાગ-દ્વેષ-મોહરૂપી જે રોગ તેનો આત્માના ધ્યાનમાં અભાવ હોવાથી તે જ પરમ સ્વાસ્થ્ય છે. વ્યવહાર રત્નત્રયનો રાગ થાય તે રાગ પણ નિશ્ચયથી રોગ છે. વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર થાય તેમાં રોગનો અભાવ છે, ને તે જ સ્વાસ્થ્ય છે. જેટલો વિકાર છે તે રોગ છે. જેમાં રાગરૂપી મેલ નથી, વિકલ્પરૂપી માંદગી નથી – એવું પરમ સ્વાસ્થ્ય તો આત્માનું ધ્યાન જ છે.

'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.'

જુઓ, આત્માની ભ્રાંતિ તે જ રોગ છે. ચિદાનંદ ભગવાનને ઇન્દ્રિયોથી સુખ મળે એવી જે ભ્રાંતિ તે મોટો રોગ છે ને સદ્‌ગુરુ તે સાચા વૈદ્ય છે, ને જ્ઞાનીની આજ્ઞા સમાન બીજું પથ્ય નથી અને આત્માનું ધ્યાન તે રોગ મટાડવાનું ઔષધ છે.

આત્માના ત્રિકાળી નીરોગ - નિર્વિકારી સ્વભાવમાં વિકાર થાય તે રોગ છે. મોટા માંધાતા અલમસ્ત શરીરવાળા હોય તે પણ રોગીલા છે. ધન્વન્તરી વૈદ્ય પોતે રોગી છે. આત્માના ભાન વિના દેહ છૂટી જાય છે, કોઈ વૈદ્ય દેહને રાખી શકતા નથી. પણ જો આત્માના ભાનથી દેહ છૂટે તો ફરીને દેહ મળે નહિ. માટે આત્માનું ભાન કરીને તેમાં એકાગ્રતારૂપ ધ્યાન કરવું તે જ આત્માનું પરમ સ્વાસ્થ્ય છે અને તે જ મોક્ષનું કારણ છે. આત્માની આવી નીરોગતામાં જ સાચો આનંદ છે.

**(૬૧) તે જ પરમ વીતરાગતારૂપ છે :–** ચૈતન્યના સ્વરૂપમાં ઠરતાં રાગાદિ વિકલ્પનો અભાવ થયો તે જ પરમ વીતરાગતા છે. અહીં ઉત્કૃષ્ટ વીતરાગતાની વાત લીધી.

**(૬૨) તે જ પરમ સમતા છે :–** આત્માના સ્વરૂપમાં ઠરતાં સહજપણે જે સમતા થઈ તે જ પરમ સમતા છે. કર્મના ડરથી કે ભવના ભયથી શુભભાવરૂપ સમતા રહે તેને પરમ સમતા ન કહેવાય. આત્માના ભાન વિના દિગંબર દ્રવ્યલિંગી મુનિ થાય ને શરીર ઉપર લાકડીના પ્રહાર થાય તો પણ ક્રોધ ન કરે છતાં તેને પરમ સમતા કહેતા નથી. શુભભાવથી ક્ષમા રાખીને નવમી ગ્રૈવેયક સુધી જાય, તોપણ આત્માના ભાન વિના તેને સાચી સમતા કહેવાય નહિ. સાચા ભાવલિંગી સંતોને તો આત્માના ચિદાનંદ સ્વરૂપમાં લીનતા વડે સહજ સમતા હોય છે. તે જ પરમ સમતા છે ને તે જ મોક્ષનું કારણ છે.

**(૬૩) તે જ પરમ એકત્વ છે :–** ચૈતન્યમાં એકત્વ કર્યું ને રાગાદિથી પૃથક્ત્વ કર્યું તેથી તે જ પરમ એકત્વ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર – ત્રણેની ચૈતન્યમાં એકતા છે. પર્યાય અંતર્મુખ થઈને અંતરમાં એકત્વરૂપ થઈ – તે જ પરમ એકત્વ છે. વચ્ચે રાગ અને વ્યવહાર હોય

તેનું ચૈતન્યમાં એકત્વ નથી. વ્યવહાર રત્નત્રયનો રાગ તે પરમ સમતા નથી, તે એકતા રૂપ નથી પણ અનેકરૂપ છે. તે પ્રકારનો વિનય-બહુમાનનો ભાવ આવ્યા વિના રહે નહિ. જો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના વિનય-બહુમાનનો ભાવ ન આવે ને તેને બદલે કુદેવાદિનો આદર કરે તો તે તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે અને જો દેવ-ગુરુ-શાસ્ત્રના વિનય-બહુમાનના શુભભાવને જ ધર્મ માની લ્યે તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. ધ્રુવ ચૈતન્ય જ્ઞાનની ભીંત છે તેમાં એકાગ્રતા કરીને લીન થવું તે પરમ એકત્વ છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

(૬૪) **તે જ પરમ ભેદજ્ઞાન છે :–** ભેદજ્ઞાન એટલે રાગથી જુદો પડીને અંતરમાં અભેદ થયો તે જ પરમ ભેદજ્ઞાન છે. આ ભેદજ્ઞાન વિકલ્પરૂપ નથી. અંતરમાં અભેદ થયો ત્યાં પરથી ને રાગથી જુદો પડી ગયો – તેથી તે જ પરમ ભેદજ્ઞાન છે. 'સમયસાર નાટક'માં ભેદજ્ઞાનને હેય કહ્યું છે તે વિકલ્પરૂપ ભેદજ્ઞાનની વાત છે. આત્મા તરફની એકતાનો માર્ગ તે જ ભેદજ્ઞાન છે, તે જ મોક્ષનો માર્ગ છે.

(૬૫) **તે જ પરમ સમરસીભાવ છે :–** વીતરાગી ઉપશમરસમાં ઝૂલતો આત્મા છે તેમાં એકાગ્ર થતાં આનંદનો અનુભવ થવો તે જ પરમ સમરસીભાવ છે.

આત્મામાં એકાગ્રતા કરવી તે પરમ ઉત્કૃષ્ટ ધ્યાન છે, તે પરમ ઉત્કૃષ્ટ ધ્યાનમાં સ્થિર થનાર જીવને પરમ આનંદરૂપ સુખ અનુભવમાં આવે છે, તે જ નિશ્ચયથી મોક્ષમાર્ગ છે ને તેના ઉપર મુજબ બીજા ૬૫ નામો કહ્યાં. એ પ્રમાણે તેનાં નામો કહ્યાં એ આદિ બીજાં પણ નામો છે. અહીં બીજાં થોડાંક કહેવાય છે.

**તે જ નિર્વિકલ્પ સમાધિ છે :–** ચૈતન્યમાં લીન થયો તે જ નિર્વિકલ્પ સમાધિ છે.

**તે જ દ્રવ્યદૃષ્ટિ છે :–** તે દ્રવ્યદૃષ્ટિ સાથે જ્ઞાન તથા ચારિત્ર પણ મોક્ષમાર્ગમાં ભેગાં જ છે.

**તે જ મુક્તિનો સત્પંથ છે :–** જેણે આવા ચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કરી તે જીવ સત્પંથી છે.

**તે જ સત્સંગ છે :–** આ ચૈતન્યમાં એકાગ્રતા તે જ સત્સંગ છે. સત્ એવો ત્રિકાળી આત્મા તેનો સંગ જેણે કર્યો ને રાગનો સંગ છોડ્યો તે સાચો સત્સંગી થયો.

'બૂઝી ચહત જો પ્યાસ કો, હૈ બૂઝનકી રીત,
પાવૈ નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત.
એહી નહી હૈ કલ્પના, એહી નહિ વિભંગ,
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ.
પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ,
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ.'

આમાં સત્પુરુષના સંગની વાત કરી તે નિમિત્તથી કહ્યું છે. પણ અંતરમાં પોતાના સ્વચ્છંદને

છોડીને નિજાનંદ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ અને એકાગ્રતા કરવી તે સાચો સત્સંગ છે, ને તેમાં સત્પુરુષનું નિમિત્ત હોય છે. 'સત્' એવો જે ધ્રુવ આત્મા. તે સત્નું જેને ભાન નથી તે 'સત્સંગી' ક્યાંથી થયો ? ધ્રુવ સ્વભાવના અવલંબને આત્મા વીતરાગ પરિણતિએ પરિણમે તે જ સત્સંગ છે.

**તે જ સૂક્ષ્મ માર્ગ છે :–** ચિદાનંદ સ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા તે જ સૂક્ષ્મ માર્ગ છે, ને વ્યવહારના શુભ પરિણામ તે તો સ્થૂળ માર્ગ છે, તે મોક્ષમાર્ગ નથી. 'સમયસાર'માં શુભભાવને સ્થૂળ પરિણામ કહ્યાં છે. ચૈતન્યનો નિર્મળ સ્વભાવ પરમ સૂક્ષ્મ છે, ને તે સ્વભાવના આશ્રયે પ્રગટેલો નિશ્ચય મોક્ષમાર્ગ તે પણ સૂક્ષ્મમાર્ગ છે. સૂક્ષ્મમાર્ગ કહો કે મોક્ષમાર્ગ કહો, શુભરાગ તો સ્થૂળ છે.

**વળી તે જ પ્રજ્ઞાછીણી છે :–** 'પ્રજ્ઞાછીણી'માં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. પ્રજ્ઞાછીણી વડે વિકાર અને આત્માને છેદીને આત્મામાં એકાગ્ર થયો તે જ મોક્ષમાર્ગ છે.

**આ જ નિર્ગ્રંથમાર્ગ છે :–** બહારમાં શરીરની દશા કે વ્યવહાર રત્નત્રય તે ખરેખર નિર્ગ્રંથમાર્ગ નથી. અંતર સ્વભાવના ધ્યાનથી વીતરાગી રત્નત્રય પ્રગટે તે જ નિર્ગ્રંથમાર્ગ છે, તે જ વીતરાગમાર્ગ છે.

'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.'

**વળી તે જ જૈનમાર્ગ છે :–** 'અષ્ટપાહુડ'માં પણ કહ્યું છે કે રાગ અને વ્રતાદિને લોકો જૈનધર્મ સમજે છે. પણ જૈનધર્મ તો વીતરાગતા છે. અંતરના નિશ્ચયરત્નત્રય તે જ સાચો જૈનમાર્ગ છે. વચ્ચે વ્યવહાર રત્નત્રય તે તો વ્યવહારથી જૈનમાર્ગ છે. તે વ્યવહાર પણ ક્યારે ? કે નિશ્ચય હોય ત્યારે.

વ્યવહાર રત્નત્રયનો રાગભાવ તે પણ નિશ્ચયથી જૈનમાર્ગ નથી. એવું ધર્મીને ભાન હોવા છતાં તેને ભગવાનની ભક્તિ વગેરેનો ભાવ આવ્યા વિના રહેતો નથી. ભગવાનનો જન્મ થતાં ઇન્દ્રો ભક્તિથી નાચે છે, પણ તે રાગ ખરેખર જૈનમાર્ગ નથી. અંતર સ્વભાવની રાગરહિત શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા તે જ જૈનમાર્ગ છે.

**તે જ જૈનશાસન છે :–** 'કુંદકુંદભગવાન' કહે છે કે –

'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमतिसेसं।
अपदेससन्तमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।' 'સમયસાર'

અબદ્ધસ્પૃષ્ટ ચિદાનંદ સ્વભાવને જેણે અનુભવ્યો તેણે જૈનશાસનને જાણ્યું. જૈનશાસન તો આત્મામાં છે. આત્માથી બહાર નથી. ધર્મ કહો કે જૈનશાસન કહો, તે આત્માથી બહાર નથી. જૈનશાસન કહો, **ધર્મની અંતરંગ ક્રિયા કહો,** મોક્ષમાર્ગ કહો. જુઓ, આ મોક્ષના પંથની ક્રિયા વચ્ચે રાગાદિભાવ તે તો મોક્ષપંથની કાતરણી ક્રિયા છે. અંતરસ્વભાવના અવલંબને વીતરાગી

આનંદ પ્રગટ્યો તેને ઉપરના ગમે તે નામથી કહો, તથા તેના બીજા પણ અનેક નામો છે તે પરમાત્મતત્ત્વને જાણનારા ભવ્ય જીવોએ જાણી લેવા.

**તે જ જૈનનીતિ અથવા પરમનીતિ છે :–** વળી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે તેને જૈનનીતિ અથવા પરમનીતિ પણ કહેવાય છે. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ સમજીને તેમાં એકાગ્ર થયો તે જ લોકોત્તર નીતિ છે, તે જ મોક્ષમાર્ગ છે.

**માગશર સુદ ૧૫, સોમવાર, ૧-૧૨-૫૨**

ધ્યાન કરનાર પુરુષનું લક્ષણ તથા ધ્યાનની સામગ્રીનું વર્ણન પૂર્વે અનેક પ્રકારે કર્યું છે. છતાં ફરીથી ચૂલિકા અને ઉપસંહારરૂપે તેનું કથન કરે છે. અનાદિથી આત્માને ચૂકીને વિકારમાં એકાગ્રતા કરી રહ્યો છે. તે ઊંધું ધ્યાન છે, તે સંસારનું કારણ છે, ને રાગરહિત ચિદાનંદ સ્વરૂપનું ભાન કરીને તેમાં રાગરહિત એકાગ્રતા કરવી તે મોક્ષના કારણભૂત ધ્યાન છે, તે ધ્યાન કરનાર ધ્યાતા પુરુષનું તથા ધ્યાનની સામગ્રીનું વર્ણન કરે છે.

**ગાથા-૫૭**

**तवसुदवदवं चेदा ज्झाणरहधुरंधरो हवे जम्हा।**
**तम्हा तत्तियणिरदा तल्लद्धीए सदा होह।।५७।।**

**ગાથાભાવાર્થ :–** કારણ કે તપ, શ્રુત અને વ્રતનો ધારક જે આત્મા છે તે જ ધ્યાનરૂપી રથની ધુરાને ધારણ કરવાવાળો થાય છે. તે માટે હે ભવ્યજનો ! તમે તે ધ્યાનની પ્રાપ્તિને અર્થે નિરંતર તપ, શ્રુત અને વ્રત – એ ત્રણેમાં તત્પર થાઓ.

સમ્યગ્દર્શન વગર ધ્યાન હોતું નથી. અહીં તો સમ્યગ્દર્શન ઉપરાંત મુનિદશાના ધ્યાનની વાત લીધી છે. કેમકે ધ્યાનને મોક્ષનું કારણ બતાવવું છે. સમ્યગ્દષ્ટિને ભાન છે કે અંતરમાં મારું જ્ઞાયક ચૈતન્યતત્ત્વ જ ઉપાદેય છે. રાગની વૃત્તિ ઊઠે તે હેય છે. આવા ભાનપૂર્વક સમ્યગ્દષ્ટિને ધર્મધ્યાન હોય છે. તેમાં પણ ઉત્કૃષ્ટધ્યાન મુનિને હોય છે.

ધ્યાન કરનાર મુનિ બાહ્ય-અભ્યંતર તપ સહિત હોય છે. જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપમાં ઝૂલતા ભાવલિંગી સંતને અહીં ધ્યાતા કહ્યા છે, તે મુનિ તપ, શ્રુત અને વ્રત એ ત્રણ સહિત હોય

છે. અંતરમાં નિર્વિકલ્પ શાંતિનું વેદન તે અભ્યંતર તપ છે તથા બાર પ્રકારના તપ તે વ્યવહારતપ છે. આ બાહ્ય-અભ્યંતર તપ તે ધ્યાનની સામગ્રી છે.

વળી અંતરમાં જ્ઞાયક સ્વરૂપના સ્વસંવેદનરૂપ ભાવશ્રુતજ્ઞાન છે અને ભગવતી આરાધના વગેરેનું જ્ઞાન તે દ્રવ્યશ્રુત છે – એવું દ્રવ્ય અને ભાવશ્રુત તે પણ ધ્યાનની સામગ્રી છે.

વળી વ્રત તે પણ મુનિને ધ્યાનની સામગ્રી છે. અહીં મુનિના સવિકલ્પ પાંચ મહાવ્રતને 'દેશવ્રત' કહ્યાં છે. અહીં દેશવ્રતનો અર્થ શ્રાવકના વ્રત ન સમજવો. પણ મુનિને વ્રતનો શુભભાવ છે તેને દેશવ્રત કહ્યાં છે. તથા રાગરહિત દશા તે નિશ્ચયથી વ્રત છે. તે વ્રત પણ ધ્યાનની સામગ્રી છે. અંતરના ચિદાનંદ સ્વભાવના અનુભવમાં લીનતારૂપ જે ધર્મધ્યાન છે તે ધ્યાનની ધૂરાને ધારણ કરવામાં સમર્થ મુનિરાજ વ્રત-તપ અને શ્રુત એવી ત્રણ સામગ્રી સહિત હોય છે. ચોથા-પાંચમા ગુણસ્થાને જો કે ધર્મધ્યાન હોય છે, પણ મુનિ જેવું ઉત્કૃષ્ટ ધ્યાન ત્યાં હોતું નથી. માટે સ્વરૂપની ધૂરાને ધારણ કરવામાં સમર્થ તો આત્માના સ્વરૂપમાં ઝૂલનારા મુનિઓ છે ને તે મુનિ વ્રત-તપ-શ્રુત સહિત હોય છે, માટે હે સંતો ! ધ્યાનની પ્રાપ્તિને માટે તમે તે તપ-શ્રુત અને વ્રતમાં તત્પર થાઓ.

તપ-શ્રુત અને વ્રતને ધારણ કરનાર આત્મા ધ્યાનરૂપી ધૂરાને ધારણ કરવા સમર્થ થાય છે, માટે હે ભવ્યો ! તે ધ્યાનની સિદ્ધિને અર્થે તપ, શ્રુત અને વ્રત એ ત્રણેના સમુદાયમાં સર્વકાળ તત્પર થાઓ.

હવે તે તપ વગેરેનું વિશેષ વર્ણન કરે છે.

પહેલાં નિરુપાધિક અસંગ ચિદાનંદ તત્ત્વદૃષ્ટિમાં આવ્યું છે ને પછી તેમાં લીનતા થતાં મુનિદશા પ્રગટી છે. એવી મુનિદશામાં આત્માના આનંદમાં ઝૂલતાં ઝૂલતાં બાર પ્રકારના તપ હોય છે.

**અનશન :–** એટલે આહારની વૃત્તિ ન ઊઠવી.

**અવમૌદર્ય :–** અંતરમાં તો કષાય અને રાગને ઉણોદર કરી નાખ્યા છે. એટલે કે કષાયને દૂર કર્યાં છે, ત્યાં શુભવૃત્તિ ઊઠતાં ઉણોદરતપ થાય છે. નિશ્ચયથી તો શુદ્ધ આત્મામાં પ્રતપન કરવું તે તપ છે.

**વૃત્તિપરિસંખ્યાન :–** એટલે અનેક પ્રકારે વૃત્તિને સંક્ષેપીને ભોજન કરે. આવી વૃત્તિ ઊઠે તે શુભતપ છે. બહારના ગ્રહણ-ત્યાગ ઉપર દૃષ્ટિ નથી. પણ અંતરમાં દ્રવ્યના આનંદનો ઊછાળો આવીને પર્યાયમાં ભરતી આવી છે, ત્યાં આવો શુભભાવ સહેજે હોય છે.

**રસપરિત્યાગ :–** અંતરમાં ચૈતન્યના આનંદરસનો ઊછાળો આવતાં આહારમાં રસની વૃત્તિ છૂટી જાય છે. રસ છોડવાનો શુભવિકલ્પ તે વ્યવહારતપ છે.

**વિવિકતશય્યાસન :–** અસંખ્યપ્રદેશી આનંદઘનમાં એકાગ્ર થયો તે નિશ્ચયતપ છે, ને ત્યાં એકાંત સ્થાનમાં બેસવાનો વિકલ્પ ઊઠે તે વ્યવહાર તપ છે.

**કાયકલેશ :–** બહારમાં પ્રતિકૂળતાનો પ્રસંગ આવે તો પણ દ્વેષ થવા ન દેવો, એવી શુભવૃત્તિ તે કાયકલેશ તપ છે, ને અંદરમાં આનંદની વૃદ્ધિ થવી તે નિશ્ચયતપ છે.

એ પ્રમાણે છ પ્રકારના શુભભાવ તે બાહ્યતપ છે.

**પ્રાયશ્ચિત :–** જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતાથી જ્ઞાનની નિર્મળતા વધવી તે નિશ્ચયથી પ્રાયશ્ચિત છે, ને દોષનું પ્રાયશ્ચિત લેવાની વૃત્તિ તે વ્યવહારતપ છે.

**વિનય :–** સંતોના વિનયનો ભાવ તે વ્યવહારથી વિનયતપ છે. નિશ્ચયથી જ્ઞાનની અંતરમાં એકાગ્રતા થઈ તે પરમાર્થ વિનય છે.

**વૈયાવચ્ચ :–** નિર્ગ્રંથ દિગંબર ભાવલિંગી સંતોની સેવાનો ભાવ તે વ્યવહારથી તપ છે.

**સ્વાધ્યાય :–** અંતરમાં ચિદાનંદ સ્વભાવમાં એકાગ્ર થઈને તેનો અનુભવ કરવો તે નિશ્ચય સ્વાધ્યાય છે ને શાસ્ત્રસ્વાધ્યાયનો ભાવ તે વ્યવહાર સ્વાધ્યાયતપ છે.

**કાયોત્સર્ગ :–** નિશ્ચયથી આત્મા જ્ઞાનવિગ્રહ એટલે ચૈતન્યશરીરી છે, તેમાં એકાગ્રતાથી શરીરની ઉપેક્ષા થઈ જવી તે તપ છે, ને શુભરાગ તે વ્યવહારતપ છે.

**ધ્યાન :–** પંચપરમેષ્ઠી વગેરેનું ધ્યાન તે વ્યવહારતપ છે.

આમ છ પ્રકારના અંતરંગતપ છે, આમ છ અંતરંગ તથા છ બહિરંગ – એમ કુલ બાર પ્રકારના ભેદરૂપ સવિકલ્પતપ છે, તે વ્યવહારતપ છે અને નિજ શુદ્ધ આત્માના સ્વરૂપમાં પ્રતપન એટલે કે વિજય કરવારૂપ નિશ્ચયતપ છે. મુનિને આવા બન્ને પ્રકારના તપ સાથે હોય છે અને તે ધ્યાનની સામગ્રી છે. તેમાં વ્યવહાર શુભરાગરૂપ જે તપ છે તે વ્યવહારથી સામગ્રી છે, પણ અંતરમાં નિશ્ચય હોય તો તેને વ્યવહાર કહેવાય છે.

વળી શ્રુત તે પણ ધ્યાનની સામગ્રી છે. જુઓ, બહારમાં શરીર વગેરે સામગ્રીની વાત નથી લીધી, પણ અંદરની વાત લીધી. ધર્મી સંત મુનિને ધ્યાનની સામગ્રી તરીકે શ્રુત કેવાં હોય ? કે સર્વજ્ઞ ભગવાનની વાણી અનુસાર કહેલાં એવાં 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર', 'ષટ્‌ખંડાગમ', 'મૂલાચાર', 'ભગવતી આરાધના' વગેરે દ્રવ્યશ્રુત છે. વિકલ્પરૂપ દ્રવ્યશ્રુત પણ આવાં હોય. આનાથી વિરુદ્ધ હોય તેવાં દ્રવ્યશ્રુત નિમિત્ત તરીકે પણ ન હોય. સર્વજ્ઞની પરંપરા અનુસાર દિગંબર સંતોએ રચેલાં દ્રવ્યશ્રુત તે જ નિમિત્ત છે. આ વાત સમજ્યે જ છૂટકો છે. આજ માને કે ગમે ત્યારે માને પણ જેને કલ્યાણ કરવું હોય તેણે એ વાત સ્વીકાર્યે જ છૂટકો છે. ધ્યાન કરનાર અંતરમાં ઉપાદાન તરીકે શુદ્ધાત્માનાં જ્ઞાનરૂપ ભાવશ્રુતજ્ઞાન તે સામગ્રી છે અને નિમિત્ત તરીકે સર્વજ્ઞની પરંપરામાં સંતોએ કહેલાં દ્રવ્યશ્રુત છે. વિકારરહિત નિજ શુદ્ધ આત્માનું જ્ઞાન તે ભાવશ્રુત છે. આવા ભાવશ્રુતમાં નિમિત્ત દ્રવ્યશ્રુત છે. 'ધરસેનાચાર્ય', 'કુંદકુંદાચાર્ય', 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' વગેરે સંતોએ સર્વજ્ઞની વાણી અનુસાર જે 'ષટ્‌ખંડાગમ' 'સમયસાર', 'દ્રવ્યસંગ્રહ' વગેરે શાસ્ત્રો રચ્યાં તેવું દ્રવ્યશ્રુત જ નિમિત્ત હોય. આનાથી વિપરીત કહેનારા દ્રવ્યશ્રુત ધ્યાનમાં નિમિત્ત પણ હોતાં નથી. સત્‌શ્રુત કેવાં હોય ને કુશ્રુત કેવાં હોય

તેનું પણ જેને ભાન નથી, સંતોની દશા કેવી હોય ને કુલિંગી કેવા હોય તેનું પણ જેને ભાન ન હોય તેને ધ્યાન હોય નહિ. 'શ્રીમદ્ રાજચંદ્ર' કહે છે કે :–

'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે,
સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.
સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી,
લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી.'

સર્વજ્ઞની વાણી ઝીલીને ગણધરદેવોએ જે શાસ્ત્રો ગૂંથ્યા તથા તેની પરંપરામાં સંતોએ જે શાસ્ત્રો રચ્યાં, તે દ્રવ્યશ્રુત, અને અંતરમાં શુદ્ધ ચિદાનંદ સ્વભાવનું સ્વસંવેદન જ્ઞાન તે ભાવશ્રુત, આવું શ્રુત તે ધ્યાનની સામગ્રી છે. સામગ્રીમાં ભાવશ્રુત તે ઉપાદાન છે ને દ્રવ્યશ્રુતનો વિકલ્પ તે નિમિત્ત છે. હવે ધ્યાનની ત્રીજી સામગ્રી વ્રત છે – તેનું વર્ણન કરે છે.

હિંસાનો ત્યાગ કરીને અહિંસાની શુભવૃત્તિ ઊઠે તે વ્યવહારવ્રત છે. બહારમાં હિંસાનો ત્યાગ તે દ્રવ્યઅહિંસા તથા અંતરમાં અહિંસાનો શુભભાવ તે ભાવઅહિંસા છે – એમ દ્રવ્ય-ભાવરૂપ વ્રત તે એકદેશવ્રત છે. એ પ્રમાણે સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તેમ જ અપરિગ્રહ એ પાંચમાં શુભભાવની વૃત્તિ તે એકદેશવ્રત છે. અહીં મુનિના મહાવ્રતોની વાત છે, તે મહાવ્રતને જ અહીં દેશવ્રત કહ્યાં છે, કેમકે તેમાં અશુભનો તો ત્યાગ છે પણ હજી શુભરાગ છે તેથી તેને એકદેશવ્રત કહ્યાં છે. તથા અંતરમાં શુભ તેમ જ અશુભ રાગના ત્યાગરૂપ નિશ્ચયવ્રત છે. આવાં વ્રત તે ધ્યાનની સામગ્રી છે.

એ રીતે તપ, શ્રુત અને વ્રત તે ધ્યાનની સામગ્રી છે, તે જ કહ્યું છે કે :–

(૧) વૈરાગ્ય, (૨) તત્ત્વોનું જ્ઞાન, (૩) બાહ્ય-અભ્યંતરરૂપ બન્ને પરિગ્રહથી રહિતપણું (૪) રાગદ્વેષથી રહિતતારૂપ સામ્યભાવ (૫) બાવીસ પરિષહનું જીતવું – આ પાંચે ધ્યાનના કારણ છે.

અહીં મુનિના પંચમહાવ્રતને પણ ધ્યાનની સામગ્રી તરીકે વર્ણવ્યા ત્યાં શિષ્ય પ્રશ્ન કરે છે, હે ભગવન ! ધ્યાન તો મોક્ષનું સાધન છે અને વ્રત તો પુણ્યબંધનું કારણ હોવાથી મોક્ષાર્થીને તે ત્યાજય છે. વ્રતથી પુણ્યબંધ થાય છે ને પુણ્ય તો સંસારનું કારણ છે તેથી મોક્ષાર્થી જીવને તો વ્રતનો રાગ ત્યાગ કરવા જેવો છે અને આપે તો તે વ્રતાદિને ધ્યાનની પૂર્ણતાનું સાધન કહ્યું તો તે કથન કઈ રીતે ઘટે છે ?

તેનો ઉત્તર કહે છે :– કેવળ વ્રત છોડવા યોગ્ય છે – એમ નથી પરંતુ પાપબંધના કારણ હિંસા આદિ ભેદોના ધારક અવ્રત પણ છોડવા જેવા છે તેથી 'પૂજ્યપાદ સ્વામી' એ કહ્યું છે :– 'હિંસા આદિ અવ્રતોથી પાપનો બંધ થાય છે ને અહિંસાદિ વ્રતોથી પુણ્યનો બંધ થાય છે તથા પુણ્ય-પાપ બન્નેનો નાશ થવાથી મોક્ષ થાય છે તે કારણે મોક્ષાર્થી પુરુષો જેવી રીતે અવ્રતનો ત્યાગ કરે છે તેવી રીતે અહિંસાદિ વ્રતોનો ત્યાગ કરે.'

પહેલાં અશુભ તેમ જ શુભ બન્ને રાગ છોડવા જેવા છે, જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ જ આદરણીય છે – એવી દૃષ્ટિ પ્રગટે ત્યારે સમ્યગ્દર્શન થાય છે, પછી અંતરમાં વિશેષ એકાગ્રતા થતાં નિર્ગ્રંથ સંત દિગંબર આચાર્ય પાસે જઈને કહે છે કે 'હે નાથ ! મોક્ષની કરનારી એવી ભગવતી દીક્ષા મને આપો !' ત્યાં પંચ મહાવ્રતની શુભવૃત્તિ ઊઠે છે, તેમાં અશુભનો ત્યાગ છે તેથી તેને એકદેશવ્રત કહ્યાં છે ને તે પંચમહાવ્રતની શુભવૃત્તિ પણ છૂટીને રાગરહિત થઈને સ્વરૂપમાં નિર્વિકલ્પ લીનતા થઈ તેને અહીં સંપૂર્ણ વ્રત કહ્યાં છે, અને ત્યારે એકદેશવ્રતરૂપ શુભરાગ પણ છૂટી જાય છે. મુનિને પહેલાં અશુભ છૂટીને શુભ આવે છે તે અપેક્ષાએ વ્યવહારથી તેને પણ સામગ્રી તરીકે વર્ણવ્યો છે, સ્વરૂપમાં સ્થિર થતાં તે પંચમહાવ્રતની વૃત્તિ પણ છૂટી જાય છે. આત્માના પરમાનંદમાં લીન થઈને પરમપદની પ્રાપ્તિ કરતાં વ્રતોનો પણ ત્યાગ થઈ જાય છે ત્યાર પહેલાં શુભરાગ છૂટે નહિ, શુદ્ધોપયોગ થયા પહેલાં શુભરાગ છૂટે નહિ, છતાં ધર્મીની શ્રદ્ધામાં તે રાગ છોડવા જેવો પહેલેથી જ છે. જેને પહેલાં સાચી શ્રદ્ધા પણ ન હોય તેને તો ધ્યાન હોય જ નહિ.

પૂર્વકથનમાં વિશેષ આ છે કે જ્યારે મન-વચન-કાયાની ગુપ્તિરૂપ થઈને આત્માના જ્ઞાનસ્વરૂપ જે નિર્વિકલ્પ ધ્યાન છે તેમાં વ્યવહારરૂપ જે એકદેશવ્રત (એટલે કે પંચમહાવ્રતના વિકલ્પો) છે તેનો તો ત્યાગ કરાવ્યો છે પણ રાગરહિત જે નિશ્ચયવ્રત છે તેનો તો સ્વીકાર કર્યો છે. ચૈતન્યના ધ્યાનમાં જે લીન થયા છે તે સંતોને શુભ અશુભ રાગના ત્યાગરૂપ નિશ્ચયવ્રત તો છે, પણ રાગના વિકલ્પરૂપ વ્રતોનો ત્યાગ છે.

અહીં પંચમહાવ્રતને પણ એકદેશવ્રત કહ્યાં છે. તે સંબંધમાં હવે શિષ્ય પ્રશ્ન કરશે.

## પ્રસાદ નં. – ૫૧

### વી. નિ સં. ૨૪૭૯, માગશર વદ ૭, વર્ષ ત્રીજું પુસ્તક બીજું, સોનગઢ, તા. ૮-૧૨-૫૨, સોમવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫૭
### (માગશર વદ ૧, મંગળવાર, ૨-૧૨-૫૨ બપોર)

આ ગાથામાં ધ્યાનની સામગ્રીની વાત કરે છે. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ ધ્યાન છે. અંતર સ્વભાવની અંતર પ્રતીતિ તે અંતર સામગ્રી છે ને દ્રવ્યશ્રુત તે બાહ્યસામગ્રી છે. 'નિયમસાર' ગાથા ૫૩માં કહ્યું છે કે ભગવાનની વાણી અનુસાર રચાયેલા દ્રવ્યશ્રુત જ સમ્યગ્દર્શનમાં બાહ્ય સામગ્રીની વાત ચાલે છે. તેમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત હોય, બીજા ન હોય. શુદ્ધ આત્મદ્રવ્યનો વિનય કરવો તે અંતર સામગ્રી છે ને સાચા દેવ-ગુરુનો વિનય કરવો તે બાહ્યસામગ્રી છે. તપમાં પણ બાહ્યવિનય સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો જ હોય. સર્વજ્ઞે કહેલા શાસ્ત્રના સ્વાધ્યાયનો વિકલ્પ તે બાહ્યસામગ્રી છે ને અંતર સ્વભાવમાં ઢળવું તે ધ્યાનની સ્વાધ્યાય તપરૂપ અંતર સામગ્રી છે. આમ ઉપાદાન-નિમિત્તનો વિવેક કરાવ્યો. વિનયમાં દર્શનવિનય, જ્ઞાનવિનય વગેરે આવી જાય છે.

અહીં શિષ્યને પ્રશ્ન ઊઠે છે કે – આત્માના ધ્યાનની દશામાં મુનિને પાંચ મહાવ્રતના વિકલ્પને ધ્યાનની સામગ્રી કહી તે વ્રત તો પુણ્યબંધનું કારણ છે. તો તેને ધ્યાનની સામગ્રી કેમ કહેવાય ?

સમાધાન :– પાંચ મહાવ્રતના પરિણામમાં અશુભ પરિણામ છૂટે છે ને એકદેશ શુભ પરિણામ રહેલ છે તેનો ત્યાગ કરાવેલ છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેની રમણતા થતાં જે પુણ્ય-પાપનો ત્યાગ વર્તે છે તેનો ત્યાગ કરાવ્યો નથી. પણ પુણ્ય પરિણામનો ત્યાગ કરાવ્યો છે. શુભાશુભ વિકલ્પ છૂટીને જે નિશ્ચયવ્રત અંતર પ્રગટેલ છે તેનો ત્યાગ કરાવેલ નથી.

છઠ્ઠી ભૂમિકાએ મુનિને અશુભ પરિણામ છૂટે છે તેથી તેને એકદેશ ત્યાગ કહ્યો છે. જે વ્યવહારે એકદેશ ત્યાગ કહ્યો હતો તેનો ત્યાગ કરાવ્યો છે ને સંપૂર્ણ શુભાશુભ ભાવનો

ત્યાગ થતા અંતર નિશ્ચયવ્રત પ્રગટ થાય છે તે નિશ્ચય વ્રતનો સ્વીકાર કરવામાં આવ્યો છે પણ તેનો ત્યાગ કરાવ્યો નથી – એમ અસ્તિ ને નાસ્તિથી વાત કરેલ છે.

અહીં છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મુનિના ધ્યાનની સામગ્રીની વાત ચાલે છે. તેમાં અંતર નિર્વિકલ્પતા તે નિશ્ચય સામગ્રી છે. બાહ્ય મહાવ્રતાદિ તે બાહ્ય સામગ્રી છે તેનો પણ અહીં ત્યાગ કરાવેલ છે પણ રાગરહિત દશા અથવા સર્વવ્રતદશાનો સ્વીકાર કરાવેલ છે.

અંતરમાં સ્થિરતા કર્યા વિના પરમ આનંદનો અનુભવ થાય નહિ એટલે અહીં સ્પષ્ટતા કરે છે કે મહાવ્રતાદિ બાહ્ય સામગ્રી છે ને અંતર સ્થિરતા તે નિશ્ચય સામગ્રી છે.

આત્મા ચિદાનંદ છે એવી શ્રદ્ધા ને જ્ઞાન થયા પછી મુનિને છઠ્ઠે ગુણસ્થાને અહિંસા, સત્ય આદિ પાંચ મહાવ્રત વર્તે છે તે મહાવ્રત છે.

સીતાજી વગેરે અર્જિકા પંચમ ગુણસ્થાને હતા તેમને શાસ્ત્રકારે ઉપચારથી મહાવ્રત કહ્યાં છે. જેને દેહ સ્ત્રીનો હોય તેમની આત્માની પર્યાયમાં પંચમ ગુણસ્થાન સુધીની જ દશા પ્રગટે છે. તેથી વિશેષ અંતરદશા વધી શકે નહિ. પંદર કર્મભૂમિની સ્ત્રીને પહેલું, બીજું, ને ત્રીજું સંહનન હોય નહિ એમ શ્રી 'ગોમ્મટસાર'માં કહેલ છે, એવી જ તેમની યોગ્યતા હોય છે એટલે તેમની પર્યાયમાં પંચમ ગુણસ્થાન સુધી દશા પ્રગટે. સ્ત્રીને છઠ્ઠું વગેરે ઉપરનાં ગુણસ્થાનો માને, મનાવે ને અનુમોદે તે મિથ્યાદૃષ્ટિ છે. અર્જિકાને ઉપચારથી મહાવ્રત કહ્યાં છે, મુનિને તો યથાર્થ પાંચ મહાવ્રત હોય છે.

અંતરદશા પ્રગટેલ છે ને બાહ્ય નગ્ન દિગંબરદશા હોય છે તેવા મુનિરાજને અહિંસા આદિ મહાવ્રત પ્રસિદ્ધ છે તેને એકદેશ કેમ કહો છો ? એમ અહીં શંકાકાર શંકા કરે છે.

તેનું સમાધાન :– દિગંબર નિર્ગ્રંથ મુનિઓને અહિંસા મહાવ્રતમાં જો કે બીજા જીવોને મારવાની પ્રવૃત્તિ નથી પણ બીજા જીવોને દુઃખ ન આપું એવી વૃત્તિ ઊઠે છે. છઠ્ઠી ભૂમિકામાં હિંસાની નિવૃત્તિ છે પણ અહિંસાના શુભભાવની પ્રવૃત્તિ છે. વળી સત્ય મહાવ્રતમાં દેવ-ગુરુ-શાસ્ત્ર – શિષ્ય પ્રત્યે જૂઠું બોલવાના ભાવનો ત્યાગ છે છતાં હું સત્ય બોલું, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે સાચો ઉપદેશ આપું એવા શુભ વિકલ્પની પ્રવૃત્તિ છે, વળી અચૌર્ય મહાવ્રતમાં નહિ આપેલા પદાર્થનો ત્યાગ છે, પણ નિર્દોષ આહાર-પાણી, પુસ્તક, મોરપીંછ, કમંડલ વગેરે પદાર્થો લેવાના શુભરાગની પ્રવૃત્તિ છે; વળી બ્રહ્મચર્ય મહાવ્રતમાં વિષય સેવવાનો અશુભરાગ છૂટ્યો છે પણ બ્રહ્મચર્યના શુભરાગની પ્રવૃત્તિ હોય છે. વળી અપરિગ્રહ મહાવ્રતમાં વસ્ત્ર-પાત્ર આદિનો પરિગ્રહ નથી પણ હું નગ્ન છું એવા નિષ્પરિગ્રહપણાના શુભવિકલ્પની પ્રવૃત્તિ હોય છે – આમ પાંચે મહાવ્રતોમાં શુભરાગની પ્રવૃત્તિ રહી છે, તેથી તેને એકદેશ કહેલ છે.

જ્યારે મુનિ સાતમી ભૂમિકામાં આવે છે ત્યારે સ્વભાવમાં સ્થિરતા થતાં, અમૃતઝરણામાં લીન થતાં તેમને પાંચ મહાવ્રતનો રાગ છૂટી જાય છે એટલે ત્યાં એકદેશ વ્રતનો ત્યાગ વર્તે છે. મન-વચન-કાયાની ગુપ્તિ સ્વરૂપ-વિકલ્પ રહિત ધ્યાનમાં શુભરાગનો ત્યાગ કરાવ્યો છે પણ

શુભ-અશુભની નિવૃત્તિરૂપ જે નિશ્ચયવ્રત છે તેનો ત્યાગ કહ્યો નથી.

પ્રશ્ન :– ત્યાગ શબ્દનો શો અર્થ છે ?

જેવી રીતે હિંસા આદિ પાંચ અવ્રતોમાં રહિતપણું થાય છે એટલે કે ત્યાગ થાય છે તેવી રીતે અહિંસા આદિ પંચમહાવ્રતરૂપ એકદેશવ્રત છે તેનું રહિતપણું થવું તે ત્યાગ શબ્દનો અર્થ સમજવો. એકદેશવ્રતોનો ત્યાગ ક્યા કારણથી થાય છે એમ પૂછો તો કહે છે કે – ધ્યાનમાં હું દયા પાળું કે આ છોડું એવા વિકલ્પો હોતા નથી. હું નગ્ન મુનિ છું, બીજાને મારાથી દુઃખ ન થાય ઇત્યાદિ વિકલ્પનો અવકાશ નથી. મન-વચન-કાય – એમ ત્રણ તરફથી છૂટી જે ગુપ્ત અવસ્થા થાય છે તેમાં પ્રવૃત્તિ તથા નિવૃત્તિરૂપ જે વિકલ્પ છે તેનો ત્યાં સ્વયં અવકાશ નથી, અર્થાત્ મન-વચન-કાયાની ગુપ્તિરૂપ ધ્યાનમાં કોઈ પ્રકારનો વિકલ્પ નથી.

અહીં કોઈ પૂછે કે ભરત ચક્રવર્તીએ કેવળજ્ઞાન પહેલાં ક્યારે મહાવ્રત લીધાં હતાં ?

તેનું સમાધાન :– તેમણે જિનદીક્ષા લીધા પછી તુરત કેવળજ્ઞાન પ્રગટ કર્યું હતું પણ મહાવ્રતના શુભપરિણામ થોડો વખત રહેલ તેથી લોકોને ખ્યાલમાં આવેલ નહિ. કેટલાક કહે છે કે વસ્ત્રસહિત ને ગૃહસ્થદશામાં ભરત કેવળજ્ઞાન પામ્યા ને ત્યાર પછી ઇન્દ્રે ઓઘો મુહૂપત્તિ આપ્યા – પણ તે વાત ખોટી છે. તેમને મન-વચન-કાયા ને કરવું-કરાવવું-અનુમોદવું – એમ નવ પ્રકારે પરિગ્રહાદિનો ત્યાગ હતો. હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મચર્ય ને પરિગ્રહનો નવકોટીથી ત્યાગ હતો. ભરતને નગ્ન દિગંબરદશા થઈ હતી. તેમને પાંચમહાવ્રતાદિ ૨૮ મૂળગુણ જે શાસ્ત્રમાં કહેલ છે તે મુજબ પરિણામ હતા. પાંચે ઇન્દ્રિયોના વિષય કષાય છૂટ્યા હતા. રાજ્ય, કુટુંબ, પરિવાર તરફનો વિકલ્પ છૂટી ગયો હતો ને પછી પાંચ મહાવ્રતનો મંદ રાગ આવ્યો હતો. ત્યાર બાદ તુરત જ નિર્વિકલ્પ આનંદકંદ આત્મામાં મન-વાણી-દેહના વિકલ્પથી છૂટીને સ્થિર થયા હતા અને તુરત કેવળજ્ઞાન પ્રગટ કર્યું હતું.

'શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક' પૃ. ૧૫૦માં કહ્યું છે કે, 'વળી (શ્વેતાંબરો) ગૃહસ્થને મોક્ષ કહે છે પણ હિંસાદિક સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરતાં ગૃહસ્થપણું કેમ સંભવે ?' અહીં કહેશો કે 'અંતરંગનો ત્યાગ થયો છે, પણ અહીં તો ત્રણે યોગનો ત્યાગ કરે છે તો કાય વડે ત્યાગ કેવી રીતે થયો ?' વળી બાહ્ય પરિગ્રહાદિક રાખવા છતાં પણ મહાવ્રત હોય છે' તો મહાવ્રતોમાં બાહ્યત્યાગ કરવાની (એટલે મન-વચન-કાય એમ ત્રણે યોગથી ત્યાગ કરવાની) પ્રતિજ્ઞા કરવામાં આવે છે. ત્યાગ કર્યા વિના મહાવ્રત હોય નહિ અને મહાવ્રત વિના છઠ્ઠું આદિ ગુણસ્થાન પણ ન હોઈ શકે તો મોક્ષ કેવી રીતે હોય ? માટે ગૃહસ્થને મોક્ષ કહેવો એ મિથ્યાવચન છે.

'શ્રી વીર વર્ધમાનસ્વામી' તીર્થંકરદેવના સમવસરણમાં શ્રેણિકરાજાએ પ્રશ્ન કર્યો કે, હે ભગવાન ! ભરતજી દીક્ષા લીધા પછી કેટલા કાળમાં કેવળજ્ઞાન પામ્યા ? તે પ્રશ્નનો જવાબ 'શ્રી ગૌતમસ્વામી' એ આપ્યો કે, હે શ્રેણિક રાજા ! બંધના કારણભૂત જે કેશ છે તેને પંચમુષ્ટીથી

ઉખેડી-તોડી નાખ્યા પછી અર્થાત્ પંચમુષ્ટી કેશલોચ કર્યા પછી અનંતર કાળમાં 'શ્રી ભરતચક્રવર્તી' કેવળજ્ઞાન પામ્યા. અહીં નિમિત્તથી કથન છે. મુનિને શરીર ઉપર રાગ છૂટી જાય છે, તેમને કેશલોચ વખતે દુઃખ હોતું નથી. પંચમુષ્ટીથી લોચ કરીને 'ભરતચક્રવર્તી' કેવળજ્ઞાન પામ્યા. અંતર પુરુષાર્થની જાગૃતિ વધી છે તેથી તુરત જ કેવળજ્ઞાન પામ્યા.

હવે શિષ્ય કહે છે. તમે કહો છો કે સ્વભાવનું ધ્યાન કરો, પુણ્યપાપને છોડો – પણ આ પંચમકાળમાં ધ્યાન તો નથી. કેમ નથી ? એમ કહો તો આ કાળમાં ઉત્તમ સંહનન અર્થાત્ વજ્ર, વૃષભ, નારાચ – એવા ઉત્તમ સંહનનનો અભાવ છે તથા દશ તથા ચૌદ પૂર્વ શ્રુતજ્ઞાનનો અભાવ છે માટે ધ્યાન હોતું નથી.

આચાર્ય મહારાજ સમાધાન કરે છે કે :– જે ધ્યાનથી પરમાત્મદશા અથવા કેવળદશા પ્રાપ્ત થાય તેવું શુકલધ્યાન આ કાળે નથી પણ ધર્મધ્યાન તો છે જ. તે 'શ્રી કુંદકુંદાચાર્યદેવ' 'મોક્ષપાહુડ'માં કહે છે – ભરતક્ષેત્રમાં પંચમકાળમાં સર્વજ્ઞ થાય તેવું ધ્યાન હોતું નથી પણ જ્ઞાની જીવને ધર્મધ્યાન હોય છે. કોઈ કહે કે આ કાળે સ્વભાવમાં સ્થિતિરૂપ ધર્મધ્યાન હોઈ શકે નહિ તો તે અજ્ઞાની છે, તે વસ્તુના સ્વરૂપને સમજતો નથી તેના કારણો હવે પછી જણાવશે.

## માગશર વદ ૨, બુધવાર, ૩-૧૨-૫૨

શિષ્યે પ્રશ્ન કરેલ છે કે આ પંચમકાળમાં ધ્યાન નથી, તેનો ઉત્તર આપે છે કે આ વખતના કાળમાં શુકલધ્યાન નથી પણ જ્ઞાની જીવને ધર્મધ્યાન તો થાય છે. સ્વભાવમાં સ્થિતપણું અથવા ધર્મધ્યાન પ્રગટતું નથી એમ જે માને તે અજ્ઞાની છે. ધ્યાન=સ્વભાવની એકાગ્રતા અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ કાળે પ્રગટે નહિ – એમ નથી. આ કાળમાં પણ આવું ધ્યાન કરી ધર્મી જીવો ઇન્દ્રપદ ને લોકાંતિક પદને પ્રાપ્ત થાય છે ને ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષ જાય છે; તેનો નિષેધ કર્યો નથી.

એ પ્રમાણે 'તત્ત્વાનુશાસન'માં કહ્યું છે કે – આ કાળમાં શુકલધ્યાન અથવા ઉપશમશ્રેણિરૂપ ધ્યાન નથી પણ ધર્મધ્યાન થાય છે. આત્માનું ભાન કરી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવ પ્રગટ કરી શકે છે. ઉપશમ તથા ક્ષપકશ્રેણિ પહેલાનું ધર્મધ્યાન આ કાળે પણ હોઈ શકે છે.

હે શિષ્ય ! તું કહે છે કે 'ઉત્તમ સંહનનનો આ કાળમાં અભાવ છે તે કારણથી ધ્યાન હોતું નથી' – તે બરાબર છે પણ તે ઉત્સર્ગવચન છે. પહેલાં સંહનનમાં શુકલધ્યાન હોય છે. ઉપશમશ્રેણી તથા ક્ષપકશ્રેણિમાં શુકલધ્યાન થાય છે તે ઉત્તમ સંહનનવાળાને જ હોય છે. પણ એમાં ગર્ભિત વાત આવી જાય છે કે નીચેના ગુણસ્થાને ધર્મધ્યાન હોય છે. શુકલધ્યાન

ન હોય ત્યારે પણ ધ્યાન હોય છે એ અપવાદકથન છે. અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનથી નીચેના ગુણસ્થાનમાં ધર્મધ્યાન હોય છે. પ્રથમના ત્રણ સંહનન વજ્ર આદિ ન હોવા છતાં ચોથા, પાંચમા, છઠ્ઠા સંહનન – અર્ધનારાચ, કીલક ને સ્ફટિક – વાળા જીવોને ધર્મધ્યાન હોય છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં વજ્રકાયવાળાને ધ્યાન કહ્યું છે તે શ્રેણિની અપેક્ષાએ છે. તે ઉપશમ તથા ક્ષપકશ્રેણિના ધ્યાનને ખ્યાલમાં રાખી કહેવામાં આવ્યું છે. તે કારણથી તે વચન નીચેના ગુણસ્થાનોમાં ધર્મધ્યાનનો નિષેધ કરવાવાળું નથી.

વળી દસ તથા ચૌદ પૂર્વના શ્રુતજ્ઞાનવાળાને ધ્યાન થાય છે એમ જે 'તત્ત્વાર્થસૂત્ર'માં કહ્યું છે તે પણ ઉત્સર્ગવચન છે. જ્યારે શ્રેણિ માંડે ત્યારે કોઈને આ જ્ઞાન હોય છે અથવા કોઈને એટલો ઉઘાડ હોતો નથી. અપવાદ કથનથી તો પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિનું પ્રતિપાદન કરવાવાળા સારભૂત શ્રુતજ્ઞાનથી પણ ધ્યાન પ્રગટે છે ને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

હું અખંડ આનંદસ્વરૂપ છું, સ્વભાવ શાંત ને અનાકુળ ભાસ્યો ને રાગદ્વેષાદિ આકુળતાવાળા ભાસ્યા તેવા જીવને પોતામાં સ્થિરતા કરવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિના સારભૂત જ્ઞાનવાળાને કેવળજ્ઞાન થાય છે તે અપવાદ કથન છે. જો અપવાદકથન ન હોય અથવા કહેલી વાતમાંથી પેટાભેદનું કથન નીકળતું ન હોય તો 'तुषामाषभिन्न'ની ઘોષણા કરતા શિવભૂતિમુનિ કેવળજ્ઞાની થયા એ કથન 'ગંધર્વારાધનાદિ' ગ્રંથોમાં કરેલ છે તે કેવી રીતે સિદ્ધ થાય ?

શિવભૂતિ મુનિને ૧૪ પૂર્વનું જ્ઞાન નહોતું પણ દર્શન ને જ્ઞાનમાં પરિપૂર્ણ હતા એટલે કે પરિપૂર્ણ સ્વભાવને યથાર્થ પકડ્યો હતો. તેમને ગુરુએ કહેલું કે કોઈથી સંતોષાઈશ નહિ ને કોઈથી દ્વેષ કરીશ નહિ એટલે કે જ્ઞાતા રહેજે – સ્વભાવમાં રહેજે પણ 'मा तूसह मा रुसह' એટલા શબ્દો શિવભૂતિમુનિને યાદ રહ્યા નહિ. તેઓ જ્યારે આહાર માટે જતા હતા ત્યારે અડદની દાળ ધોતી એક બાઈને બીજી બાઈએ પૂછ્યું કે તું શું કરે છે ? બાઈએ કહ્યું કે 'તુસ (ફોતરાં) માસથી (અડદની દાળથી) ભિન્ન કરું છું'. તે વાત ઉપરથી 'तुसमासभिन्न' શબ્દ યાદ રાખીને અંતરભાવ પકડ્યો. ચિદાનંદ આત્મા માસ એટલે અડદની દાળ સમાન છે ને વિકાર તે તુસ સમાન છે તે જુદો કરવા જેવો છે. તે ઉપરથી શુદ્ધ આત્માનું ધ્યાન કરતાં કેવળજ્ઞાન પામ્યા.

હવે કદાચિત્ એમ કહો કે, શિવભૂતિ મુનિ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું પ્રતિપાદન કરવાવાળા દ્રવ્યશ્રુતશાસ્ત્રને જાણતા હતા તથા તે પ્રકારનું ભાવશ્રુત જ્ઞાન સંપૂર્ણરૂપથી હતું – તે બરાબર નથી. પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિનો અધિકાર આચારાંગ શાસ્ત્રનો એક ભાગ છે તે બધો અધિકાર તેમને યાદ હતો એમ જો તું કહેવા માગતો હો તો – એમ નથી. તેમને શુદ્ધ આત્મા અને વિકાર વચ્ચેનું ભેદજ્ઞાન વર્તતું હતું, પણ શબ્દોનું જ્ઞાન ન હતું.

આત્માની પ્રતીતિ ને જ્ઞાન થયા એ અપેક્ષાએ શિવભૂતિ જ્ઞાનમાં પરિપૂર્ણ હતા. 'દ્રવ્યસંગ્રહ'

ગાથા-૫૪માં કહેલ છે કે મુનિઓ દર્શન-જ્ઞાનમાં પરિપૂર્ણ હોય છે. ત્યાં તેની અપેક્ષા સમજવી જોઈએ. સાધુ આત્માને સાધવાનો પ્રયત્ન કરનારા છે તેને આરાધવાથી કેવળજ્ઞાન થશે માટે સાધુને દર્શન ને જ્ઞાન પરિપૂર્ણ કહેલા હતા. ત્યાં આત્માના આરાધનની અપેક્ષાએ અથવા દર્શન-જ્ઞાનમાં આખો આત્મા ધ્યેય તરીકે પકડેલ છે તેથી ત્યાં દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ કહ્યા હતા. જે જ્ઞાન અંતર્મુખ વળીને સ્વજ્ઞેયને ધ્યેય બનાવે છે ને મુનિની ચારિત્રદશા વધી છે તેથી તેના દર્શન, જ્ઞાનને પરિપૂર્ણ કહ્યાં છે. અહીં બીજી અપેક્ષા છે.

શિવભૂતિ મુનિને આખો આત્મા ધ્યેય હોવા છતાં જ્ઞાનનો ઉઘાડ પર્યાયમાં ઓછો હતો એટલે અહીં શિષ્યને કહે છે કે શિવભૂતિ મુનિને પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિનું પ્રતિપાદન કરવાવાળું દ્રવ્યશ્રુત તથા ભાવશ્રુતનો સંપૂર્ણરૂપથી ઉઘાડ હોત તો 'मा रुसह मा तूसह' એવું એક પદ પણ કેમ યાદ ન રહ્યું ? એ કારણથી એમ નક્કી થાય છે કે તેમને પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિરૂપ જે આઠ પ્રવચનમાતા છે તે પ્રમાણ ભાવશ્રુતજ્ઞાન હતું ને દ્રવ્યશ્રુત જરા પણ ન હતું.

વળી આ વ્યાખ્યાન અમોએ કલ્પિત કર્યું નથી પરંતુ ચારિત્રસારમાં પણ કહ્યું છે કે બારમા ગુણસ્થાનવાળા મુનિને વધારેમાં વધારે ચૌદ પૂર્વ સુધી જ્ઞાન હોય છે ને ઓછામાં ઓછું પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ માત્રનું જ્ઞાન હોય છે, નિર્ગ્રંથના છ પ્રકાર છે. તેમાં ઋષિની વાત કરે છે. અંતર્મુહૂર્ત પછી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એવા ક્ષીણ કષાય નામના બારમા ગુણસ્થાનમાં નિર્ગ્રંથ મુનિને ઋષિ કહે છે, તેઓને ઉત્કૃષ્ટ અગિયાર અંગ, ચૌદ પૂર્વ પર્યંત શ્રુતજ્ઞાન હોય છે ને જઘન્ય પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ માત્ર શ્રુતજ્ઞાન હોય છે. બીજા આચાર્ય પણ એમ જ કહે છે.

કદાચિત્ કહો કે મોક્ષને માટે ધ્યાન કરવામાં આવે છે પણ મોક્ષ આ પંચમકાળમાં નથી તો પછી ધ્યાન કરવાથી શું પ્રયોજન છે ?

સમાધાન :– એ સિદ્ધાંત પણ ઠીક નથી. અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ધ્યાન કહેવું છે, આ કાળમાં તેનો અભાવ નથી. અહીં પંચમકાળમાં પણ પરંપરા મોક્ષ છે. તે કેવી રીતે છે તે બતાવે છે. ધર્માત્મા આત્માના જ્ઞાનસ્વરૂપની રુચિ ને સ્થિરતા કરી અથવા નિજશુદ્ધ આત્માની ભાવનાથી સંસારની સ્થિતિ અલ્પ કરે છે ને બહુ કર્મોની નિર્જરા કરી સ્વર્ગમાં જાય છે, ત્યાંથી મનુષ્યભવમાં આવી રત્નત્રયની ભાવના કરી મોક્ષ પામે છે. ભરતચક્રવર્તી, સગર, રામચંદ્રજી, પાંચ પાંડવોમાંથી ત્રણ - યુધિષ્ઠિર, ભીમ, અર્જુન વગેરેએ પૂર્વે આત્માનું આરાધન કરેલ હતું, તેઓએ પૂર્વ ભવમાં અભેદ રત્નત્રયથી આત્માની ભાવના ભાવી હતી, શુદ્ધ ચિદાનંદ આત્માની પ્રતીતિ-રમણતા કરી હતી ને સંસારની સ્થિતિ ઘટાડી હતી તે વર્તમાન ભવમાં વિશેષ પુરુષાર્થ કરી મોક્ષ પામ્યા. બધા જીવોને એ જ ભવમાં મોક્ષ થાય એવો નિયમ નથી, માટે આ કાળે પણ જીવ પુરુષાર્થ કરે તો પછીના ભવમાં મોક્ષ પામશે – એમ કહી પુરુષાર્થ કરવા

કહે છે. આ પ્રમાણે કહ્યું કે અલ્પ શ્રુતજ્ઞાન હોવા છતાં ધ્યાન થાય છે ને ધ્યાનથી મોક્ષ થાય છે.

આ જાણીને શું કરવું જોઈએ ? ભૂંડું ધ્યાન છોડવું જોઈએ. દ્વેષ કરીને બીજી જીવોને મારવા, બાંધવા, કોઈના શરીરના અંગ કાપવા, રાગથી પરસ્ત્રીને નીરખવી વગેરે પ્રકારે ચિંતવન કરવું તેને નિર્મળ બુદ્ધિના ધારક આચાર્યો ભૂંડું ધ્યાન કહે છે. તેવા ભૂંડા ધ્યાનને છોડો.

હે જીવ ! સંકલ્પ-વિકલ્પનો આશ્રય લેવાથી તારું ચિત્ત મનોરથ સાગરમાં ડૂબી જાય છે. કાલે પૈસા પેદા થશે, પછી બંગલા વગેરે કરશું ને પછી ઘડપણમાં ગોવિંદ ગાશું તેવું ભૂંડું ધ્યાન રહેવા દે. ત્યાગી થયા હોય તો તેમને પણ શિષ્ય વધારવાની ઇચ્છા રહ્યા કરે. પછી એક બીજાથી આબરૂમાં વધી જવાના વિચાર કર્યા કરે, માન કર્યા કરે – તે બધાં ભૂંડાં ધ્યાન છે. કદાચિત્ પૂર્વ પુણ્યના લીધે બાહ્યસંયોગો તને મળ્યા તો તેમાં રાગનો અનુભવ થશે પણ કંઈ આત્મસ્વરૂપનો અનુભવ થશે નહિ. તેથી કેવળ પાપનો ભાગી થઈશ.

વળી કહે છે કે નિર્ધન માણસ અનેક પ્રકારના ભોજનના સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે તેમાં પાપનો આનંદ છે. નિર્ધન માણસને સારા ભોજન મળવાનો અવકાશ નથી છતાં ભોજનના વિકલ્પમાં રોકાઈ જાય છે. જ્યારે આ નિત્યાનંદ આત્મા તારી પાસે મોજૂદ પડ્યો છે તેનું ધ્યાન કર તો તારો જન્મ નિષ્ફળ નહિ જાય. અસંખ્ય પ્રદેશી આત્માનું ધ્યાન કર. અનેક પ્રકારના મનોરથમાં ચિત્તની પ્રવૃત્તિ કરે છે તેને બદલે તું તારા ચિદાનંદ આત્માનાં શ્રદ્ધા ને જ્ઞાન કર તો તારો અવતાર સફળ થાય. ભલે તું ગરીબ હો ને સારા ભોજન ન મળતાં હોય તોપણ જો તું તારા ચિત્તને તારા પરમાત્મસ્વરૂપમાં જોડ તો તારી જિંદગી સફળ છે.

આવી રીતે ભૂંડું ધ્યાન છોડવાનું કહે છે ને પોતાના શુદ્ધ આત્માનું ધ્યાન કરવાનું કહે છે.

## પ્રસાદ નં. – ૫૩

**વી. નિ સં. ૨૪૭૯, માગશર વદ ૯, વર્ષ ત્રીજું પુસ્તક બીજું,**
**સોનગઢ, તા. ૧૦-૧૨-૫૨, બુધવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫૭**
**(માગશર વદ ૩, ગુરુવાર, ૪-૧૨-૫૨ બપોર)**

અહીં વૈરાગ્યનો ઉપદેશ કરે છે. હે જીવ ! તું સંકલ્પના વેગે દોડે છે તો તને સંસાર ફળશે ને આત્માનો આશ્રય લઈશ તો શાંતિ ફળશે. આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે તેની ભાવના છોડી પુણ્ય-પાપનો આશ્રય લ્યે તો શાંતિ મળશે નહિ. આત્મા, જ્ઞાયક સ્વરૂપની પ્રતીતિ કરીને ધ્યાન કર તો તારો અવતાર સફળ છે. આટલાં પુણ્ય કર્યાં, વ્રત, દાન કર્યાં, જગતમાં મોટાઈ ને અધિકાઈ મળી તે જન્મનું સફળપણું નથી, શુદ્ધ ચિદઘનની પ્રતીતિ કરી રમણતા કરવી તે સફળપણું છે. પૂર્વ પુણ્ય કે નવાં પુણ્ય મોક્ષરૂપી સાધ્યને આપનારાં નથી.

અજ્ઞાની જીવ વિકારથી પરિણત છે તથા કામભોગોમાં મૂર્છિત છે. શરીર, પૈસા, સ્ત્રીમાં મૂર્છિત છે. સંયોગો મળવા તે પુણ્યને આધીન છે છતાં ન મળે તોપણ તેની ભાવના કરે છે, તે ભૂંડું ધ્યાન છે. અજ્ઞાની જીવ ભોગોને ભોગવતો નહિ હોવા છતાં અંતરમાં ભોગની ઇચ્છા હોવાથી કલ્પના કરી કર્મોને બાંધે છે માટે તેવા ખોટા ધ્યાનને છોડ – એમ કહે છે.

હવે 'શ્રી નિયમસાર'ની ગાથાનો આધાર આપે છે. આત્મા જ મારે આલંબનરૂપ છે. પુણ્ય, વ્યવહાર, શરીર, મન, વાણી વગેરે કોઈ આધાર નથી. અંદરમાં ભગવાન આત્માની દૃષ્ટિ કરીને તેનું આલંબન લેવાથી પરપદાર્થો ઉપરની દૃષ્ટિ છૂટી જાય છે. આમ નિર્મમત્વમાં સ્થિર થવાથી પરપદાર્થથી મમકારબુદ્ધિ છૂટી જાય છે. મારા ધ્યાનનો આધાર મારો આત્મા છે, બીજા પદાર્થોને છોડું છું અથવા ભૂલું છું.

વળી 'શ્રી નિયમસાર'ની ગાથાનો આધાર આપે છે – મારો આત્મા સમ્યગ્દર્શન છે, એકરૂપ સ્વભાવની પ્રતીતિ તે જ સમ્યગ્દર્શન છે, વ્યવહાર રત્નત્રય તે જ્ઞાન નથી, આત્મા તે જ જ્ઞાન છે. વળી આત્મા જ ચારિત્ર છે, વ્રતાદિનું પાલન ચારિત્ર નથી. કેટલાક કહે છે

કે વ્રતાદિ પાલન કરો તો સમકિત થશે, શરીરાશ્રિત ક્રિયાથી ધર્મ માને છે – પણ તે બધું ખોટું છે. જ્ઞાનાનંદ આત્મામાં એકાગ્ર થવું તે ચારિત્ર છે. ચૈતન્ય રાગસ્વભાવી નથી પણ જાણનાર-દેખનાર છે. તેની પ્રતીતિ વિના વ્રતરૂપી ઝાડ ઊગે નહિ. આત્મા જ્ઞાનસ્વરૂપી છે. અતીન્દ્રિયજ્ઞાનથી જ્ઞાનને પકડી તેમાં લીન થવું તે ચારિત્ર છે ને તે વખતે શરીરની અવસ્થા નગ્ન હોય છે. પણ નગ્ન અવસ્થા થઈ માટે ચારિત્ર પ્રગટ્યું – એમ નથી.

આત્મા પોતે જ પ્રત્યાખ્યાન છે, જ્ઞાનની જ્ઞાનમાં જ લીનતા એ જ પચ્ચખાણ છે, રાગનો ત્યાગ માત્ર વ્યવહાર છે. સ્વભાવમાં લીનતા એ જ પ્રત્યાખ્યાન છે, શુભભાવ કરવો તે પુણ્ય છે. પણ પ્રત્યાખ્યાન નથી. વળી જ્ઞાન સ્વભાવમાં શુભાશુભ ભાવ ઉત્પન્ન થવા ન દેવો તે સંવર છે. સંવર પર્યાય છે, પણ તેને અભેદ ગણી આત્માને સંવર કહ્યો. વળી જ્ઞાન સ્વભાવમાં એકાગ્રતા એ જ યોગ અથવા ધ્યાન છે. માટે આત્મા પોતે જ યોગ છે.

વળી 'શ્રી નિયમસાર'ની ગાથાનો આધાર આપે છે :– જ્ઞાન-દર્શન લક્ષણનો ધારક એક મારો આત્મા જ અવિનાશી છે. બાકી સંયોગરૂપ લક્ષણના ધારક બધા બાહ્ય ભાવનો વિયોગ થશે. પુણ્ય-પાપ, મન-વાણી-દેહનો વિયોગ થશે તે મારી ચીજ નથી. માટે સારભૂત પદોનું ગ્રહણ કરી ધ્યાન કરવું જોઈએ.

હવે મોક્ષના વિષયમાં નયોના વિચારનું કથન કરે છે.

મોક્ષ બંધપૂર્વક હોય છે. અહીં એક વ્યક્તિની અપેક્ષાએ વાત ચાલે છે. સમુચ્ચયે તો જીવો અનંતાનંત રહે છે. સિદ્ધ વધતા નથી ને નિગોદ ઘટતા નથી. સિદ્ધ અનંતા છે ને નિગોદ અનંતા છે. વધે ઘટે એમ કહેવું તે વ્યવહાર છે. અનંતમા ભાગે વધ્યું કે ઘટ્યું તે વ્યવહાર છે. અનંતાનંતની સંખ્યાનો થોક સિદ્ધનો ને નિગોદનો પડ્યો છે, તેમાં વધઘટ નથી – એમ 'બનારસીદાસજી' કહે છે.

અહીં વ્યક્તિ અપેક્ષાએ વાત છે. જે જીવ મોક્ષ પામ્યો તે પૂર્વે બંધાયેલો હોવો જોઈએ. પૂર્વે બંધ ન હોય તો મોક્ષ કોનો ? પૂર્વે પર્યાયમાં બંધ દશા કબૂલ્યા વિના આ જીવનો મોક્ષ થયો એમ કહી શકાતું નથી. જીવને પૂર્વ દશામાં બંધ નહિ માનવાથી મોક્ષ શબ્દમાં 'मुच' ધાતુનો છૂટવારૂપ અર્થ વ્યર્થ થાય છે.

**ભાવાર્થ :–** જેવી રીતે કોઈ પુરુષ બંધાયેલો હોય ને તે છૂટે તો તેને મુક્ત કહેવામાં આવે છે. તે પ્રકારથી જીવ અનાદિથી કર્મોથી બંધાયેલો છે તેનો મોક્ષ થાય છે. બંધન શુદ્ધ નિશ્ચયનયથી નથી, બંધનપૂર્વક મુક્તિ હોય છે, પણ તે શુદ્ધ નિશ્ચયનયથી નથી. જો શુદ્ધ નિશ્ચયનયથી બંધ હોય તો દ્રવ્ય જ રહે નહિ. ધ્રુવ વસ્તુનો અભાવ થઈ જાય. અહીં અપેક્ષાથી વાત કરી છે કે જો ખરેખર શુદ્ધ નિશ્ચયનયથી આત્મા બંધાયેલો હોય તો આ આત્મા સદાય બંધાયેલો રહે ને કોઈ દિવસ મોક્ષ થાય નહિ.

આત્મ વસ્તુ અનાદિ અનંત છે, તેને બંધન એક સમયનું છે, તે બંધનનો વ્યય થતાં

મોક્ષ થાય છે તે પર્યાય પણ એક સમયનો છે. દ્રવ્યસ્વભાવમાં બંધ-મોક્ષ નથી. એક પુરુષ પાંચસો ધનુષ્યનો ઊભો છે, તેને પગમાં જંજીર છે, તેટલા ભાગમાં આખો પુરુષ આવી જતો નથી. જંજીરનું બંધન અને તેને તોડવારૂપ ઉદ્યમ તે આખા પુરુષનું સ્વરૂપ નથી, શરીરનો એક ભાગ બંધાય છે તેટલામાં આખો પુરુષ આવી જતો નથી. પણ છૂટા કરવાનો ઉદ્યમ તથા પૃથ્થકરણથી જુદા જે હાથ ને પગના આકાર આદિરૂપ પુરુષનું સ્વરૂપ છે.

તેમ શુદ્ધોપયોગરૂપી લક્ષણવાળો ભાવમોક્ષ જીવનું સ્વરૂપ નથી, એક સમયની પર્યાય જીવનું સ્વરૂપ નથી. પર્યાય એક સમયની છે, જીવ ત્રિકાળી છે. આત્માની એક સમયની પર્યાયમાં બંધન છે, ને એક સમયની પર્યાયમાં તે છૂટે છે, માટે બન્ને જીવનું સ્વરૂપ નથી. ભાવમોક્ષ જીવનું ત્રિકાળી સ્વરૂપ નથી. તેમ જ ભાવમોક્ષથી સાધ્ય અથવા આત્માના પ્રદેશોથી કર્મની છૂટવારૂપ દશા – દ્રવ્યમોક્ષ પણ જીવનું સ્વરૂપ નથી. ત્રિકાળી સ્વરૂપ પરમ પારિણામિક ભાવે રહે છે, તે જીવનું ખરું સ્વરૂપ છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે.

મોક્ષદશા તે પણ જીવનું સ્વરૂપ નથી. કર્મ છૂટ્યાં તે પણ જીવનું સ્વરૂપ નથી. બંધાવું કે છૂટવું તે પર્યાયને લાગુ પડે છે ને તે વ્યવહારનયનો વિષય છે. ભાવમોક્ષ અને દ્રવ્યમોક્ષથી ભિન્ન જ્ઞાનાદિ ગુણરૂપ સ્વભાવવાન ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરવાથી ધર્મ થાય છે. બંધ ને મોક્ષ એક સમયની દશા હોવાથી વ્યવહારનયનો વિષય છે. પર્યાયને જડકર્મ સાથે એક સમયનો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, પણ ત્રિકાજી સ્વભાવને જડકર્મ સાથે સંબંધ છે જ નહિ. સ્વભાવ એવો ને એવો ત્રિકાળી છે. તેમાં મૂળભૂત જ્ઞાન-દર્શન-આનંદ વગેરે ગુણો છે. તે જીવનું ખરું સ્વરૂપ છે. વસ્તુ છે, છે ને છે.

આત્માની પર્યાયને કર્મ સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ થવો તે પણ જીવનો સ્વભાવ નથી. તો પછી કર્મને લીધે જીવમાં વિકાર થાય – એમ બને નહિ. વળી કર્મથી છૂટવું તે પણ જીવનું સ્વરૂપ નથી.

જે આત્માની ક્રિયા આત્મા તરફ વળે એવી શુદ્ધોપયોગરૂપ રમણતા તે નવો ઉત્પાદ છે, તેટલું જ જીવનું સ્વરૂપ નથી. તો પછી દયા, દાનાદિ તે ત્રિકાળી સ્વભાવનું સ્વરૂપ હોય તેમ બને નહિ. દૃષ્ટિનું અભેદપણું કરવું તે શુદ્ધ ઉપયોગ છે, તે નવો ઉત્પાદ છે તે જીવનું આખું સ્વરૂપ નથી. એકરૂપ સ્વભાવમાં ઉત્પાદ-વ્યય નથી. ક્ષાયિક સમકિત ને મોક્ષદશા વ્યવહારનયનો વિષય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે તે નવી પર્યાય છે તે જીવનું આખું સ્વરૂપ નથી. કોઈ વાર નિર્મળ પર્યાયને સ્વભાવ સાથે અભેદ વર્ણવી તેને જીવનું સ્વરૂપ કહે છે. પણ અહીં બીજી અપેક્ષા છે. અહીં પર્યાય ઉપરની દૃષ્ટિ ઉઠાવવાનું કહે છે.

ઉપરમાં જે પચ્ચખાણ વગેરે દશાને આત્મા કહેલ તે અભેદ વિવક્ષાથી (અપેક્ષાએ) કહ્યું છે. અહીં કહેવું છે કે કાયમ વસ્તુ હોય તે ટળે નહિ ને ન હોય તે નવી થાય નહિ. સિદ્ધ અવસ્થા પણ જીવનું આખું સ્વરૂપ નથી. સ્વભાવનો નવો પુરુષાર્થ કરે તે પણ જીવનું આખું

સ્વરૂપ નથી તો પછી રાગ, સંહનન વગેરે તો જીવનું સ્વરૂપ હોઈ શકે જ નહિ.

અધ્યાત્મમાં વ્યવહારના ચાર નયનો નિષેધ કરાવે છે. 'શ્રી સમયસાર'ની છઠ્ઠી ગાથામાં ત્રણ નય ને સાતમીમાં એક નય બતાવી ચારેનો નિષેધ અગિયારમી ગાથામાં કર્યો છે.

(૧) જે વિકાર પ્રગટરૂપે દેખાય છે તે અસદ્‌ભૂત ઉપચરિતનયનો વિષય છે,

(૨) જે અવ્યક્ત વિકાર હોય છે તે અસદ્‌ભૂત અનુપચરિતનયનો વિષય છે,

(૩) જ્ઞાનને સ્વ-પર પ્રકાશક કહેવું તે સદ્‌ભૂત ઉપચરિતનય છે,

(૪) ગુણ-ગુણીનો ભેદ પાડવો તે સદ્‌ભૂત અનુપચરિતનયનો વિષય છે.

ચારે વ્યવહારનયના વિષય અભૂતાર્થ છે. ત્રિકાળી સ્વભાવ ભૂતાર્થ છે. 'શ્રી સમયસાર' ગાથા ૧૧માં કહ્યું છે.

'ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ।
भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवड् जीवो।।११।।'

ભૂતાર્થ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન–ચારિત્ર પ્રગટે છે, અભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શનાદિ પ્રગટતાં નથી. એકરૂપ અભેદ સ્વભાવને પકડે તો વ્યવહાર લાગુ પડે છે, નહિતર વ્યવહાર લાગુ પડતો નથી.

અહીં કહેવું છે કે જે સ્વભાવ છે તેમાં કંઈ ઓછું થતું નથી ને વધારે થતું નથી. બંધ, મોક્ષ, ધર્મધ્યાન ને શુકલધ્યાન બધું અનિત્ય છે. જે અનિત્ય હોય તે આત્માનું આખું સ્વરૂપ નથી પણ વેદાંત કહે છે તેમ નથી. પર્યાય તદ્દન ભ્રમ નથી. પર્યાય એક સમય પૂરતો બંધરૂપ અથવા મોક્ષરૂપ સત્ છે તેને ગૌણ કરી અભૂતાર્થ કહેલ છે ને ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરી ભૂતાર્થ કહેલ છે. જો બંધ-મોક્ષરૂપ પર્યાય બિલકુલ ન હોય તો સમજાવવાનું શું કે સમજવું શું ? સમજવું કે સમજાવવું પર્યાયમાં છે. છતાં તે પર્યાય ક્ષણિક છે, ને વસ્તુ એકરૂપ રહે છે માટે ત્રિકાળી સ્વભાવ જીવનું સ્વરૂપ છે.

અહીં ભાવાર્થ એમ છે કે મોક્ષમાર્ગ જે નવો પ્રગટે છે તેનું વર્ણન એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી અગાઉ કરેલ હતું, તેવી જ રીતે આત્માની મોક્ષદશા – કેવળદશા તથા સિદ્ધદશા પણ વિવક્ષિત એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી જાણવી જોઈએ પણ તે ત્રિકાળી સ્વરૂપ નથી.

'દ્રવ્યસંગ્રહ'માં એકદેશશુદ્ધનિશ્ચયનય ત્રણ પ્રકારે કહ્યો છે. અગાઉ પૃ. ૧૮૬ માં :–

(૧) એકદેશશુદ્ધનિશ્ચયનયથી જીવની પર્યાયમાં થતાં રાગદ્વેષ કર્મથી ઉત્પન્ન થયા છે એમ કહ્યું છે.

આત્મા જ્ઞાનાદિ ગુણોનો ભંડાર એકરૂપ છે તે આશ્રય કરવા જેવો છે. સાધક જીવને તેનો આશ્રય વર્તે છે ને રાગાદિનો આશ્રય છોડવા જેવો માને છે. ચારિત્રની નબળાઈથી પરના અવલંબનમાં અટકે તો રાગાદિ થાય છે તેથી તેને કર્મકૃત કહી દીધા. જો સ્વદ્રવ્યથી રાગદ્વેષ ઉત્પન્ન થયા હોય તો તે કદી ટળે નહિ પણ તે ટળે છે માટે તે આત્માના નથી જેથી કર્મના

કહી દીધા. સ્વભાવમાં નથી માટે કર્મજનિત કહ્યા. જ્ઞાનીને સ્વભાવની અધિકતા વર્તે છે તેથી બાકીનો અલ્પ રાગ એકદેશશુદ્ધનિશ્ચયનયથી કર્મનો કરેલો છે એમ કહ્યું છે.

(૨) આત્માના આશ્રયે પ્રગટતી મોક્ષમાર્ગ પર્યાય નવી ઉત્પન્ન થાય છે, તે આત્માનું કાયમી સ્વરૂપ નથી તેથી તે એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી છે એમ કહ્યું.

(૩) તે જ પ્રમાણે અહીં મોક્ષપર્યાય એક સમયની છે. તે નવી ઊપજે છે માટે જીવનું કાયમી સ્વરૂપ નથી માટે તેને પણ એકદેશશુદ્ધનિશ્ચયનયથી આત્માનું સ્વરૂપ કહ્યું પણ શુદ્ધ નિશ્ચયનયથી નહિ.

અહીં નયવિવક્ષા સમજાવે છે. નયની વિવક્ષા સમજવી કઠણ છે માટે પુરુષાર્થ વધારે માગે છે.

વળી ભગવાન આત્માને મોક્ષપર્યાય પ્રગટી તે તો એકદેશશુદ્ધનિશ્ચયનયનો વિષય છે પણ શુદ્ધ પરમ પારિણામિકભાવ - પરમ નિશ્ચય મોક્ષ એટલે દ્રવ્યની કાયમી શક્તિ, મુક્ત સ્વરૂપ, પરમ સ્વભાવભાવ જેને કર્મોના ઉદય ને અભાવની અપેક્ષા નથી. તે પરમ સ્વભાવભાવ તો અનાદિથી જ જીવમાં હતો. તે હવે નવો થશે એમ નથી. અનાદિથી છે, છે ને છે. તે ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની શક્તિરૂપ શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણનો ધારક પરમ મોક્ષ તે શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે.

ત્રિકાળ આત્મા તો પરમ નિશ્ચય મોક્ષસ્વરૂપ છે એમ કહી તેની ઉપાદેય બુદ્ધિ કરાવે છે.

### માગશર વદ ૪, શુક્રવાર, ૫-૧૨-૫૨

બધાં દ્રવ્યમાં આત્મદ્રવ્ય પ્રધાન છે. તેમાં ધ્યેય કરવા યોગ્ય શુદ્ધ આત્મદ્રવ્યની વાત ચાલે છે. મુક્તિદશા - આનંદદશા નવી થાય છે. તે પણ વ્યવહારનયનો વિષય અથવા એકદેશશુદ્ધનિશ્ચયનયનો વિષય છે. સંસારની પર્યાયનો વ્યય ને મોક્ષ પર્યાયના ઉત્પાદ રહિત ધ્રુવસ્વભાવની વાત કરે છે. તે અનાદિથી પરમ નિશ્ચય મોક્ષસ્વરૂપ છે. એકરૂપ ધ્રુવ જ્ઞાયકસ્વભાવી સૂર્ય છે તે અનાદિથી વિદ્યમાન છે, નવો પ્રગટતો નથી. જે હોય તેનો અભાવ થતો નથી. અભવીને પણ સ્વભાવ તો એવો ને એવો છે. તે નિશ્ચય એકરૂપ મોક્ષસ્વભાવ હંમેશાં વિદ્યમાન સ્વરૂપ છે.

સંસારની વિકારી પર્યાય ને મોક્ષની નવી અવિકારી પર્યાય શુદ્ધ દ્રવ્ય સ્વભાવમાં નથી.

એવો એકરૂપ શુદ્ધ સ્વભાવ તે ધ્યાતાનું ધ્યેય છે. ધ્યાન કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા કહો તેનું ધ્યેય ત્રિકાળ નિશ્ચય મોક્ષસ્વરૂપ છે.

તે પરમ નિશ્ચયમોક્ષ જીવમાં હવે થશે – એમ નથી. ચિત્તના સંગ વિનાની આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતામાં એટલે કે મોક્ષમાર્ગમાં તે નિશ્ચયમોક્ષ ધ્યેય થાય છે. દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણે થઈને ધ્યાન થાય છે. નિમિત્તનું ધ્યેય, વિકારનું ધ્યેય કે અધૂરી પર્યાયનું ધ્યેય કાઢી નાખ્યું શુદ્ધ જીવ સ્વભાવ જ ધ્યેય છે. તે ધ્યેયથી જ મોક્ષ થાય છે. આ એક જ ધ્યેય છે એમ કહી કોઈ સ્વચ્છંદી એમ કહે કે તો પછી વ્યવહાર કે નિમિત્ત ગમે તે જાતનાં હોય તો શું વાંધો ? તેનું સમાધાન :– તે ના ચાલે. છઠ્ઠે ગુણસ્થાને પાંચ મહાવ્રતાદિના વિકલ્પ ન હોય એમ ન બને. કુદેવાદિની શ્રદ્ધા હોય ને આ ધ્યેય હોય અને મુક્તિ થઈ જાય તેમ બને નહિ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત હોય છે ને તેનું ફળ સાતિશય પુણ્ય છે, તે વાત કરી ગયા છે.

મોક્ષમાર્ગના જે ૬૫ બોલ કહ્યાં હતા તેનું ધ્યેય એકરૂપ શુદ્ધ જીવ – ધ્રુવ કારણ ભગવાન એક જ છે. પુણ્યના વિકલ્પ વિનાના મોક્ષના કારણભૂત જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધ્યાનભાવના પર્યાય છે, તેનું ધ્યેય પરમ નિશ્ચય મોક્ષસ્વરૂપ ત્રિકાળી દ્રવ્ય છે.

પર્યાય અપેક્ષાએ કોઈ જગ્યાએ વાત કરે કે સિદ્ધદશા ધ્યેય કહેવાય છે, પણ ખરેખર ધ્યેય તો શુદ્ધ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ છે.

સમ્યગ્દર્શનનું ધ્યેય સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાનનું ધ્યેય સમ્યગ્જ્ઞાન નથી, સમ્યક્ચારિત્રનું ધ્યેય સમ્યક્ચારિત્ર નથી, જેને પુણ્ય-પાપની વૃત્તિ કદી અડી-સ્પર્શી નથી એવો સ્વભાવ જ ત્રણેનું ધ્યેય છે. તેવા સાધક જીવને શુભરાગ હોય છે ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર લક્ષ જાય છે, તેને કુદેવાદિનો અશુભરાગ હોય અથવા સંસારનો તીવ્ર અશુભરાગ હોય તેમ બને નહિ, તે વાત ગૌણપણે આમાં આવી જાય છે.

અહીં નિશ્ચયની વાત કરે છે. ભાવશ્રુતજ્ઞાનનું ધ્યેય ભાવશ્રુતજ્ઞાન અથવા કેવળજ્ઞાન નથી. અંતર્મુખ દૃષ્ટિ કરવી તે ધ્યેય છે. જ્ઞાનનું, ક્ષાયિક સમકિતનું, ઇચ્છા નિરોધ તપનું ધ્યેય ત્રિકાળી સ્વભાવ એક જ છે. ધ્યાન જે ભાવનારૂપ પર્યાય છે તે ધ્યેય નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ત્રાટક કઈ બાજુ વળે છે ? પરમાત્મસ્વભાવ જે છે તેના ઉપર વળે છે, તે સમ્યક્ એકાંત છે. ધ્યાનપર્યાયનું ધ્યેય ધ્યાનપર્યાય નથી પણ નિજ શુદ્ધ આત્મદ્રવ્ય છે.

દ્રવ્યાર્થિકનયથી કહેલ મોક્ષના કારણભૂત સામાન્ય સ્વભાવને એકાંતે ધ્યાનભાવનાની પર્યાય કહેવામાં આવે અથવા સામાન્ય સ્વભાવને લક્ષમાં લેનારા જ્ઞાનના ધ્યેયમાં આ વીતરાગી પર્યાયને કહેવામાં આવે તો નિત્ય દ્રવ્ય અને અનિત્ય પર્યાયરૂપ બે ધર્મોનો આધાર જીવદ્રવ્ય ધર્મી છે તેને મોક્ષદશાનો ઉત્પાદ થતાં – ધ્યાન પર્યાયના નાશ સાથે જ ધ્યેયરૂપ જીવનો નાશ થશે – પણ એમ નથી.

કેટલાક ગ્રંથમાં વીતરાગી પર્યાયને દ્રવ્ય સાથે અભેદ ગણી તેને દ્રવ્યાર્થિકનયનો વિષય કહેલ છે ત્યાં અભેદ વિવક્ષા છે. અહીં તો શંકાકાર ધ્યાનપર્યાયને દ્રવ્યથી જુદી પાડી તેને દ્રવ્યાર્થિકનયનો વિષય કહે છે – તો તે વાત ખોટી છે.

વસ્તુ આખી પ્રમાણ છે. તેમાં ત્રિકાળી દ્રવ્ય દ્રવ્યાર્થિકનયનો વિષય છે ને પર્યાય વ્યવહારનયનો વિષય છે. જો દ્રવ્યાર્થિકનયના વિષયમાં ધ્યાનપર્યાય લઈશ તો ધ્યાનપર્યાય ક્ષણિક હોવાથી તે પલટતાં દ્રવ્યનો નાશ થઈ જશે.

છતાં આ નિશ્ચયની વાત સમજતો હોય તેને નિમિત્તનો યથાર્થ વિવેક હોય જ, તેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન હોવું જોઈએ. 'સમ્યગ્જ્ઞાનદીપિકા'માં કહ્યું છે કે :–

'જેમ દીપકથી દીપક ચેતતો આવ્યો છે તે જ પ્રમાણે ગુરુ ઉપદેશ દ્વારા જ્ઞાન થતું આવ્યું છે, એ વાર્તા અનાદિ છે. સદ્‌ભૂત વ્યવહારમાં જેમ કોઈ ગુરુનાં વચન દ્વારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુની પ્રાપ્તિ થયા પછી એવા અપૂર્વ ઉપકારનો લોપ કરીને ગુરુના નામને પ્રસિદ્ધ કરતો નથી. ગુરુનાં કીર્તિ, મહત્તા, જશ અને ગુણાનુવાદ કરતો નથી તે મહાપાતકી, પાપી, અપરાધી મિથ્યાદૃષ્ટિ અને હત્યારો છે. અર્થાત્ ગુરુપદને કદી કોઈ પ્રકારથી પણ ગુપ્ત રાખવું શ્રેષ્ઠ નથી, એ જ મારા દ્વારા હું સત્ય કહું છું.'

સત્ય નિમિત્ત કોણ હતું તે તરફનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ, છતાં તે વિકલ્પ ધ્યાનનું ધ્યેય નથી. ગુરુગમ વિના જ્ઞાન થાય નહિ ને ગુરુથી જ્ઞાન થાય નહિ – બન્ને વાત યથાર્થ સમજવી જોઈએ.

જેણે સંસારમાંથી એટલે કે અનંતા ભવોમાંથી ઉગાર્યા તેવા ગુરુનો ઉપકાર જે ઓળવે છે તે હત્યારો છે. ગુરુથી જ્ઞાન થયું છે – એમ કહેવું નથી પણ ગુરુ પ્રત્યેનો વિવેક બતાવે છે. ગમે તેવા ગુરુ-શાસ્ત્ર નિમિત્તરૂપે હોય ને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય તેમ બને નહિ ને સમ્યગ્દર્શન પામે તે જીવને પોતાના ઉપકારી ગુરુ તરફ બહુમાન આવ્યા વિના રહે નહિ.

અહીં કહ્યું છે કે દ્રવ્ય ને પર્યાયનો આધાર ધર્મી એવો જીવ છે. જો ધ્યાનપર્યાય દ્રવ્યાર્થિકનયનો વિષય કહીશ તો જીવના શુદ્ધ પારિણામિકભાવરૂપ દ્રવ્યનો વિનાશ થશે પણ ત્રિકાળી સ્વભાવ કદી નાશ પામતો નથી માટે તારી દલીલ ખોટી છે. માટે ધ્યાનપર્યાયને દ્રવ્યાર્થિકનયનો વિષય કહી શકાતો નથી.

આ કારણથી શુદ્ધ પારિણામિકભાવથી જીવને બંધ તથા મોક્ષ થતો નથી. બંધ કે મોક્ષ બન્ને એકદેશ શુદ્ધનિશ્ચયનયનો વિષય છે. તે જીવની પર્યાય છે તે બતાવવા એકદેશશુદ્ધનિશ્ચયનયનો વિષય કહ્યો ને ભેદ પડ્યો માટે વ્યવહારનયનો વિષય પણ કહેવાય છે.

દિગંબર નિર્ગ્રંથ મુનિઓ જે વાત કરે છે તે અલૌકિક છે. વીતરાગમાર્ગમાં આ એક જ વાત છે. બીજી વાત સાચી છે જ નહિ. મધ્યસ્થભાવથી જુએ તો આ માર્ગની રીત 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી એકધારી છે.

આવા નિશ્ચયનો ખ્યાલ હોવા છતાં મુનિઓને પણ શુભરાગ આવ્યા વિના રહેતો નથી. 'કુંદકુંદાચાર્ય ભગવાન' મહાસમર્થ આચાર્ય હતા, રોમેરોમે વૈરાગ્યવંત હતા, તેમના શિષ્ય 'જયસેનાચાર્ય'ને પંચકલ્યાણકની વિધિ વગેરે બતાવતો પ્રતિષ્ઠાપાઠ બનાવવા કહ્યું ને 'જયસેનઆચાર્યે' બે દિવસમાં તે ગ્રંથ બનાવ્યો. તેમાં પ્રતિષ્ઠા કેવી રીતે કરવી, મંદિરની જગ્યા ક્યાં લેવી વગેરે ઘણા પ્રકારવાળો પ્રતિષ્ઠાપાઠ બનાવ્યો. તેથી તેમનું નામ 'વસુબિન્દુ' આપ્યું. 'વસુબિન્દુ'નો શબ્દાર્થ 'તમારા આઠે કર્મો શૂન્ય થશે' એમ કહી 'કુંદકુંદાચાર્યે' 'જયસેન આચાર્ય'ને વસુબિન્દુ નામ આપ્યું. આમ મુનિઓને પણ તે પ્રકારના શુભરાગ આવે છે.

વળી ભગવાનની મૂર્તિ જોઈને ઇન્દ્રો નાચી ઊઠે છે, ઇન્દ્રો ભગવાનને હજાર નેત્રથી જુએ છે, તેનું ધ્યેય નિજ શુદ્ધ ચિદાનંદ ભગવાનનું હોવા છતાં તે ભૂમિકામાં શુભરાગ આવ્યા વિના રહે નહિ. ક્ષાયિક સમકિતી ઇન્દ્રો ઘૂઘરા બાંધીને નાચે. અસંખ્ય દેવોની સભામાં ગંભીરપણે બેઠો હોય તે ઇન્દ્ર ભગવાન પાસે બાળક થઈને કહે કે 'હે નાથ ! આપ મુક્તિદાતા છો.' વગેરે પ્રકારે સ્તુતિ કરે છે. આવો શુભરાગ સાધકની ભૂમિકામાં આવ્યા વિના રહેતો નથી માટે જેમ છે તેમ યથાર્થ સમજવું જોઈએ.

હવે આત્મા શબ્દનો અર્થ કહે છે.

(૧) 'अतति गच्छति इति आत्मा' = જ્ઞાનમાં ગમન કરે તે આત્મા. 'अत' ધાતુ નિરંતર ગમનરૂપ અર્થમાં વર્તે છે ને બધા ગમન અર્થના ધારક ધાતુ જ્ઞાન અર્થના ધારક છે તેથી ગમનનો અર્થ જ્ઞાન કર્યો છે. ગમન એટલે જ્ઞાન. આત્મા જ્ઞાનમાં પરિણમે છે. ઉત્કૃષ્ટ અર્થ કરે છે. આત્મા જ્ઞાનરૂપ - આનંદરૂપ પરિણમે, પૂર્ણ વ્યક્તરૂપે પરિણમે કે અલ્પરૂપે પરિણમે તેને આત્મા કહે છે. આત્મા એકલો ધ્રુવરૂપ નથી. તેમ જ એકલો પરિણમનરૂપ નથી. કાયમ રહીને પલટે છે. તે પોતાના ગુણોમાં યથાસંભવ વર્તે છે તે આત્મા છે. પરિપૂર્ણ જ્ઞાન કે સુખરૂપે વર્તે કે અધૂરા જ્ઞાન કે સુખરૂપે વર્તે તો પણ આત્મા તે રૂપ વર્તે છે.

(૨) હવે બીજી વાત કરે છે. જે જે તીવ્ર મંદ શુભ-અશુભભાવની પર્યાય વર્તતી હોય તેમાં તે કાળે આખો આત્મા પરિણમે છે. જીવના અસ્તિત્વમાં તે તે પર્યાય છે. બધા જીવોની વાત છે. સાધકમાં યથાસંભવ ને બાધકમાં યથાસંભવ સમજવું. જે પર્યાય થઈ તે તેની પૂર્ણ છે. તે રૂપ આત્મા વર્તે છે. કર્મને લીધે, શરીર, સંહનન કે કાળને લીધે આત્મા વર્તે છે એમ નથી. પૂર્ણ રૂપે વર્તે છે, એટલે કે તે પર્યાયની અપેક્ષાએ પૂર્ણ છે. નિગોદના જીવની પર્યાય તે પર્યાયની અપેક્ષાએ પૂર્ણ છે. તે પર્યાય કર્મ કે સંયોગને લીધે નથી. એક એક પર્યાય પૂર્ણરૂપે વર્તી રહ્યો છે, બીજાને લીધે પર્યાય હોય તો આખો પ્રમાણનો વિષય પૂરો થતો નથી. બાધક પર્યાય પણ કર્મને લીધે નથી. જેને જે તીવ્ર-મંદ શુભાશુભની પર્યાય હોય તે પૂર્ણરૂપે છે એટલે કે તે પોતાથી વર્તી રહ્યો છે. જે સમયની જે પર્યાય થઈ એની એટલી જ પર્યાયપણે મર્યાદા છે. તે પર્યાય ન હોય – એમ માને અથવા પર્યાય પરથી માનવામાં આવે તો દ્રવ્ય સાબિત

થતું નથી. 'आसमन्तात्' = જે પર્યાય જે વખતે થઈ તેની તેટલી જ મર્યાદા છે, તે આઘીપાછી નથી તે દ્રવ્ય તે વખતે તે રૂપ વર્તી રહ્યું છે. અજ્ઞાની કે અભવી આત્મા પણ તે વખતની પર્યાયમાં પૂર્ણપણે વર્તી રહ્યો છે. એક પર્યાય દ્રવ્યને સાબિત કરે છે. અનાદિકાળથી અનંતકાળ સુધી જે પ્રકારની પર્યાય થાય છે તે જ પર્યાયમાં આત્મા વર્તી રહ્યો છે. મન-વચન-કાયના નિમિત્તે શુભ કે અશુભરૂપ યથાસંભવ તીવ્ર-મંદ આદિરૂપથી - પૂર્ણરૂપથી જે વર્તે છે તેને આત્મા કહે છે.

(૩) ઉત્પાદ-વ્યય-ધ્રુવ એમ ત્રણ થઈને જે પૂર્ણરૂપે વર્તે છે તેને આત્મા કહે છે, તેમાં શુદ્ધ ને અશુદ્ધ પર્યાયવાળા બન્ને આવી જાય છે. કેવળજ્ઞાનના ઉત્પાદમાં ને અધૂરા જ્ઞાનના વ્યયમાં આત્મા વર્તી રહ્યો છે. કેવળજ્ઞાનાવરણીય કર્મને લીધે જ્ઞાન રોકાયું નથી, પોતે પોતાના કારણે ઓછીવત્તી દશારૂપે થાય છે. જેમ દરિયો માજા મૂકતો નથી તેમ આત્મા પોતાની મર્યાદા મૂકતો નથી. 'आसमन्तात्' = ચારે તરફથી. આત્મા કેવળજ્ઞાનના ઉત્પાદરૂપે થાય તો ચારે તરફથી ઉત્પાદરૂપ થાય છે. મિથ્યાત્વરૂપે ઉત્પાદ થાય તો ચારે તરફથી તે રૂપે પોતે થાય છે.

આમ આત્મા શબ્દમાંથી ધાતુનો અર્થ કરી ત્રણ અર્થો બતાવ્યા.

## પ્રસાદ નં. – ૫૫

**વી. નિ સં. ૨૪૭૯, માગશર વદ ૧૧, વર્ષ ત્રીજું પુસ્તક બીજું,**
**સોનગઢ, તા. ૧૨-૧૨-૫૨, શુક્રવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫૭**
**(માગશર વદ ૫, શનિવાર, ૬-૧૨-૫૨ બપોર)**

આત્માના યથાર્થ સ્વરૂપથી વિપરીત કહેતા હોય તેનો પરિહાર કરે છે. સર્વજ્ઞ ભગવાને કહ્યો તેવા આત્માના સ્વરૂપની શ્રદ્ધા કરે તો ધર્મ થાય, આત્મા અનંત ગુણોનો પિંડ છે. પૂર્ણ શુદ્ધદશા રૂપે અથવા અધૂરી શુદ્ધ દશારૂપે આત્મા પોતે પરિણમે છે. વળી આત્મા દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવથી પરિપૂર્ણ છે. વળી આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી પરિપૂર્ણ છે. પૂર્વ અવસ્થાનો નાશ થાય છે. નવી અવસ્થાનો ઉત્પાદ થાય છે ને સદૃશપણે આત્મા ધ્રુવ રહે છે આમ પરિપૂર્ણ છે. આથી વિરુદ્ધ કહેનારનો પરિહાર કરે છે.

કેટલાક કહે છે કે એક જ ચંદ્રમા જલથી ભરેલા અનેક ઘડામાં અનેક ચંદ્રોરૂપ દેખવામાં આવે છે તેમ એક આત્મા અનેક શરીરમાં અનેકરૂપે રહે છે, તો તે વાત સાચી નથી, તે કેમ સાચી નથી ? તો તેનો ઉત્તર કહે છે કે જલથી ભરેલા ઘડામાં ચંદ્રમાનાં કિરણોનું નિમિત્તમાત્ર છે. પાણીના પુદ્‌ગલો અનેકરૂપે થયા છે ચંદ્રમા પાણીની અંદર પેસી ગયો નથી. અનેક પ્રતિબિંબો દેખાય છે તે પાણીના પ્રતિબિંબ છે, ચંદ્રમા અનેકરૂપ થયો નથી. ચંદ્ર તો એક રૂપ જ રહે છે.

સર્વજ્ઞ ભગવાને જે રીતે આત્માને પરિપૂર્ણ જોયો – સ્વચતુષ્ટયથી પોતે છે તેવો ન જાણે તો આત્માનો અનુભવ ન થાય ને મુક્તિ ન થાય એટલા ખાતર આત્માના સ્વરૂપથી વિપરીત માનનારાનો પરિહાર કરે છે.

દૃષ્ટાંત આપે છે, દેવદત્તના મુખરૂપ ઉપાધિના નિમિત્તે અનેક દર્પણોમાં રહેલાં પુદ્‌ગલો અનેક મુખરૂપ થાય છે, જો દેવદત્તનાં મુખ અનેકરૂપ થતા હોય તો અરીસામાં હજાર આત્મા થવા જોઈએ ને તે પ્રતિબિંબો ચેતનાને પ્રાપ્ત થાય. પણ એક આત્મા અનંતરૂપે થઈ જતો

નથી, દરેક આત્મા શરીર દીઠ ભિન્ન ભિન્ન છે. દર્પણમાં અનેક રૂપ પ્રતિબિંબ દેખાય છે તે ચેતન નથી પણ જડની અનેકરૂપ દશા છે. દેવદત્તનાં મુખ અનેક પ્રતિબિંબરૂપ થતાં હોય તો તે ચેતનતાને પ્રાપ્ત થાય. પરંતુ એમ નથી, અર્થાત્ દર્પણમાં જે મુખનું પ્રતિબિંબ છે તે જડ છે, ચેતન નથી તેમ એક આત્મા અનેકરૂપ થતો નથી પણ દરેક આત્મા જુદે જુદો છે.

હવે બીજી વાત કરે છે :– અનેક શરીરમાં એક જીવ હોય તો જીવને સુખ દુઃખ, જીવિત, મરણ થતાં બધા જીવોને તે જ ક્ષણે સુખ દુઃખ વગેરે થવું જોઈએ પણ એમ જોવામાં આવતું નથી, દરેક જીવ સ્વતંત્ર છે, કોઈને લીધે કોઈ નથી, એક જીવે છે, એક મરે છે, એક દુઃખી છે, એક સુખી દેખાય છે. જો બધા થઈને એક જીવ હોય તો એમ હોઈ શકે નહિ માટે બધા થઈને એક જીવ નથી.

આમા નિમિત્ત-ઉપાદાનની સ્વતંત્રતાની વાત પણ આવી જાય છે. પ્રથમ દેવદત્તના મુખના પ્રતિબિંબનો દાખલો આપ્યો, ને બીજો દાખલો આપ્યો કે દરેક જીવને સુખ-દુઃખ જુદા જુદાં થાય છે, કોઈને ક્રોધ, માન, માયા, લોભ ઓછા તો કોઈને વધુ થાય છે, કોઈને ઉઘાડ ઓછો તો કોઈને વધુ દેખાય છે માટે બધા થઈને એક જીવ નથી પણ અનંતા જીવ જુદેજુદા સ્વતંત્ર છે.

વળી શિષ્ય દલીલ કરે છે કે એક સમુદ્રમાં કોઈ જગ્યાએ ખારું પાણી ને કોઈ જગ્યાએ મીઠું પાણી હોય છે તેમ એક જ જીવ બધા દેહોમાં વિદ્યમાન છે તે દલીલ પણ વ્યાજબી નથી.

કેમ વ્યાજબી નથી ? તેનો ઉત્તર :– દરિયામાં પાણીના ઢગલાની અપેક્ષાએ પાણી એક છે પણ પાણીના રજકણો જુદેજુદા છે. પાણીના રજકણો બધા એક હોય ને જુદી જુદી ચીજ ન હોય તો થોડું પાણી લેતાં બધું પાણી સાથે આવવું જોઈએ પણ એમ બનતું નથી માટે પાણી રાશીની અપેક્ષાએ એક છે પણ પાણીના પુદ્‌ગલ પરમાણુ જુદેજુદા છે. તેવી રીતે સોળવલા સોના સમાન, બધા આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે. પરિપૂર્ણ દર્શન-જ્ઞાનથી ભરેલા છે. ચૈતન્ય સૂર્ય છે. સિદ્ધ સ્વભાવી ભગવાન છે. એક સમયના વિકારને ગૌણ કરો તો જગતમાં બધા આત્મા જ્ઞાન સૂર્ય છે.

'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે કે સોળવલા સોનાની જુદી જુદી લગડીઓ ઉપર જુદી જુદી છાપવાળા જેમકે ઘોડો, હરણ વગેરે છાપનું કાપડ વીંટ્યું હોય તેથી તે લૂગડું અથવા છાપ સોનું નથી, પણ સોનું તે સોનું જ છે. તેમ કોઈને મનુષ્યનું શરીર કોઈનું કંથવાનું શરીર, કોઈને જાડું અને કોઈને પાતળું શરીર વીંટાયું હોય તો પણ અંદરમાં આત્મા સોળવલા સોનાની જેમ જ્ઞાનાનંદ મૂર્તિ છે. તેની પર્યાયમાં વિકાર છે તેને ગૌણ કરેલ છે.

આત્મા ત્રિકાળી સ્વભાવને શુદ્ધ છે પણ પર્યાયમાં વિકાર છે. પણ વિકારની પર્યાય ગૌણ કરી અહીં દાખલો આપ્યો છે. અનંતા આત્મા દેહ દીઠ ચિદાનંદ ભગવાન છે, આમ જીવ

રાશિની અપેક્ષાએ એકતા છે પણ દરેક જીવની અપેક્ષાએ એકતા નથી. દરેક જીવની પર્યાયમાં ફેર છે. એક સર્વજ્ઞ છે, એક મૂઢ છે. એક નિર્ધન છું એમ માને છે, હું બ્રાહ્મણ કે વાણિયો છું વગેરે માન્યતામાં ફેર છે. દરેક જીવની અવસ્થા ભિન્ન ભિન્ન છે. દરેક જીવ પરિપૂર્ણ ભગવાન છે. શક્તિએ બધા સરખા છે પણ પર્યાયે ભિન્ન ભિન્ન છે.

હવે અધ્યાત્મ શબ્દનો અર્થ કરે છે.

પ્રથમ મિથ્યાત્વ રાગદ્વેષ સંસારી જીવની પર્યાયમાં છે. તેને નિમિત્તરૂપે કર્મ હોય છે. તેમજ તે મિથ્યાત્વાદિના વિકલ્પો હતા આત્માના ભાનપૂર્વક તેનો ત્યાગ કરીને નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. આમ નવી સાધકપર્યાય પ્રગટ કરનારને કુદેવાદિની શ્રદ્ધા છૂટી, સાચા દેવાદિની શ્રદ્ધા થઈ છે. તેને પર્યાયબુદ્ધિ છૂટી છે, વિકારબુદ્ધિ છૂટીને સ્વભાવની બુદ્ધિ થતાં પોતાના આત્મામાં અનુષ્ઠાન (આચરણ) થવું તેને અધ્યાત્મ કહે છે. આત્મા જ્ઞાનાનંદ છે, અનંત ગુણોનો પિંડ છે એવી પ્રતીતિ કરતાં ભ્રાંતિનો નાશ થાય છે ને સ્થિરતા કરતાં અસ્થિરતાનો નાશ થાય છે. પ્રથમ વિકારી દશા હતી, તે સ્વભાવના આશ્રયે નાશ થઈ, અવિકારીદશા થઈ તે અનુષ્ઠાનને અધ્યાત્મ કહે છે. ગુરુએ પ્રથમ સમજાવ્યું કે પર્યાયમાં વિકાર છે, તેના ઉપરની દૃષ્ટિ છોડ, દયા દાનાદિ વિકારમાં તું રોકાઈ રહ્યો છો, પરમાં વળી રહ્યો છે તેને છોડી સ્વભાવમાં વળ તો ધર્મ થાય, અજ્ઞાનદશામાં બધા થઈને એક જીવ માનતો અથવા પરમાં ધર્મ માનતો તથા તેમ કહેનારા કુદેવાદિને માનતો પણ હવે સાચા દેવાદિને માનવા લાગ્યો ને સ્વભાવનો આશ્રય લેતાં વિકારનો વ્યય થયો ને અવિકારીદશાનો ઉત્પાદ થયો તેને અધ્યાત્મ કહે છે. આત્મા સાથે અભેદતા થવી તે અધ્યાત્મ છે.

સર્વજ્ઞ ભગવાને કહેલા તેની વાણીમાં આવેલા ને નિર્ગ્રંથ મુનિઓએ કહેલા આત્માનું સ્વરૂપ રાગરહિત વિચારવું તે ધ્યાનની બાહ્યસામગ્રી છે ને અંતરમાં રાગરહિત દશા થવી તે અંતરંગ સામગ્રી છે. આમ ધ્યાનની સામગ્રીના વ્યાખ્યાનના ઉપસંહારરૂપની આ ગાથા પૂરી થઈ. ।।૫૭।।

ગ્રંથકાર ભગવાન 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' કહે છે કે હું અલ્પ મતિનો ધરનાર છું, મહા મુનિઓએ આ ગ્રંથને સુધારવો એમ કહી પોતાનું અભિમાન દૂર કરવા છેલ્લી ગાથા કહે છે.

**ગાથા-૫૮**

**दव्वसंगहमिणं मुणिणाहा दोससंचयचुदा सुदपुण्णा।**
**सोधयंतु तणुसुत्तधरेण णेमिचन्दमुणिणा भणियं जं।।५८।।**

અલ્પજ્ઞાનના ધારક એવા મેં ('નેમિચંદ્ર' મુનિએ) જે આ 'દ્રવ્યસંગ્રહ' કહ્યું છે તેને દોષરહિત

અને જ્ઞાનથી પૂર્ણ એવા આચાર્ય શુદ્ધ કરે.

**વ્યાખ્યાર્થ :–** શુદ્ધ કરવાવાળા આચાર્યો કેવા છે ? જે મુનિઓમાં પ્રધાન છે અથવા આચાર્ય છે, જેનામાં દોષ નથી તથા દોષરહિત પરમાત્માથી ભિન્ન લક્ષણના ધારક રાગદ્વેષ તેનામાં નથી. તથા નિર્દોષ પરમાત્મા આદિ તત્ત્વના જાણવામાં સંશય આદિ દોષ નથી, જ્ઞાનના દોષ રહિત તથા ચારિત્રના દોષ રહિત આચાર્યોએ આ ગ્રંથ સુધારવો.

વળી કેવા છે ? આ કાળે સર્વજ્ઞની વાણી અનુસાર 'ષટ્ખંડાગમ', 'સમયસાર', 'પ્રવચનસાર', વગેરે શાસ્ત્રો લખાયેલાં છે તેવા વિદ્યમાન દ્રવ્યશ્રુતમાં તથા ભાવશ્રુતમાં તે આચાર્યો તથા મુનિઓ પરિપૂર્ણ છે. દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ તથા ધર્મકથાનુયોગના જાણનાર છે.

સર્વજ્ઞ ભગવાને કહેલાં શાસ્ત્ર અનુસાર પોતે અભ્યાસ કરી આચાર્યોએ પોતામાં નિજ આત્માને જાણવારૂપ ભાવશ્રુતજ્ઞાન પ્રગટ કરેલ છે તેવા ભાવશ્રુતમાં પરિપૂર્ણ છે. પરમાગમના આધારથી ભાવશ્રુત પ્રગટ કરેલ છે એમ કહ્યું છે. તે વ્યવહારનું કથન છે. પોતાના આત્માના આધારે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થાય ત્યારે પૂર્વે પરમાગમ જાણવાનો વિકલ્પ હતો તેને વ્યવહાર કહેવામાં આવે છે. માટે જેમ છે તેમ સમજવું જોઈએ. સમ્યગ્દર્શનમાં ને સમ્યગ્જ્ઞાનમાં ધ્યેય શુદ્ધ આત્મા છે. એ વાત રાખી સમ્યગ્જ્ઞાનમાં નિમિત્ત સાચાં શાસ્ત્ર – પરમાગમ હોય એ નિમિત્ત બતાવતા વાત કરી છે.

વળી તે મુનિઓએ આત્માના પરિપૂર્ણ સ્વભાવને જાણ્યો છે. માટે તેમને પરિપૂર્ણ કહ્યા છે. એવા મુનિ અથવા આચાર્યો આ 'દ્રવ્યસંગ્રહ'ને સુધારજો.

વળી કોને શુદ્ધ કરે ? આત્મા શુદ્ધ છે, એક જ જ્ઞાન સ્વભાવનો ધરનાર છે, એવો આત્મા તથા પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ – વગેરે છ દ્રવ્યોનો જેમાં સંગ્રહ છે એવા આ પ્રત્યક્ષ વિદ્યમાન 'દ્રવ્યસંગ્રહ'શાસ્ત્રને આચાર્યો શુદ્ધ કરે.

તે 'દ્રવ્યસંગ્રહ' ને કોણે બનાવેલ છે ? તે શાસ્ત્ર 'શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ' નામના મુનિએ બનાવેલ છે. જે આચાર્ય છે, તેમને સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય – એવા નિશ્ચય પાંચ આચાર પ્રગટ્યા છે ને જે અલ્પ શુભરાગ બાકી રહ્યો છે તેથી વ્યવહાર પાંચ આચારનું પાલન કરે છે. વળી કેવા છે નેમિચંદ્ર આચાર્ય ? તેઓ 'દ્રવ્યસંગ્રહ'ના બનાવનાર એવા મહાન આચાર્ય હોવા છતાં કહે છે કે હું અલ્પબુદ્ધિનો ધરનાર છું. અત્યારે તો થોડું જાણે ત્યાં અજ્ઞાનીને અભિમાન થઈ જાય છે. પણ અહીં તો આચાર્ય નિર્માનતા બતાવે છે.

આ પ્રકારે ક્રિયા તથા કારકનો સંબંધ છે. આ પ્રકારે ધ્યાનના ઉપસંહારરૂપ ત્રણ ગાથા તથા અભિમાનના પરિહાર અર્થે આ ગાથા કહી.

આચાર્ય કહે છે કે 'અહો ! કેવળજ્ઞાન પાસે અમારું જ્ઞાન અનંતમા ભાગે છે.' – એમ જ્ઞાનીને જ્ઞાનનું અભિમાન હોતું નથી. અજ્ઞાની જીવને ઈર્ષા ઘણી આવે છે ને બીજો મારાથી વધી જશે – એમ માની કપટ સેવે છે. અહીં આત્માના આનંદમાં ઝૂલનારા એવા મહા નિર્ગ્રંથ

મુનિ 'શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' એ આવો અદ્ભૂત ગ્રંથ લખ્યો છે છતાં કહે છે કે ક્યાં કેવળજ્ઞાન અથવા ચૌદપૂર્વ ને ક્યાં અમારું અલ્પ વર્તમાન જ્ઞાન ! એમ કહી નિર્માનતા બતાવે છે.

શાસ્ત્રની રચના તો જડ પુદ્ગલના પરાવર્તન મુજબ થાય છે, તેની ક્રિયા આચાર્યે કરી નથી. એક અક્ષર બોલાય કે લખાય તે જડની પર્યાય છે. આચાર્યે 'દ્રવ્યસંગ્રહ' બનાવ્યું એ નિમિત્તનું કથન છે. નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. અક્ષરોની અવસ્થા આત્મા કરી શકતો નથી. તે જડની અવસ્થા છે. તેમાં નિમિત્તપણાની વ્યાખ્યા કરી. વ્યવહારથી એમ બોલાય કે 'શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' એ આ 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ બનાવ્યો. આ પ્રકારથી બીજી અંતરાધિકારમાં ત્રીજું સ્થલ પૂરું થયું. ॥૫૮॥

આ પ્રમાણે એ બે અંતરાધિકાર દ્વારા વીસ ગાથાથી મોક્ષમાર્ગ પ્રતિપાદક નામનો ત્રીજો અધિકાર પૂરો થયો.

આ ગ્રંથમાં 'વકતાને સંધિ કરવાની ઇચ્છા હોય ત્યાં સંધિ થાય છે' એ નિયમ અનુસાર પદોની સંધિનો નિયમ નથી અર્થાત્ કોઈ સ્થળમાં સંધિ કરવામાં આવી છે તથા કોઈ સ્થળમાં કરવામાં આવી નથી. મંદ બુદ્ધિવાળા સહેલાઈથી બોધ પામે તે ખાતર નાનાં નાનાં વાક્ય કરવામાં આવ્યા છે. તથા લિંગ, વચન, ક્રિયા, કારક, સંબંધ, સમાસ, વિશેષણ તથા વાક્ય સમાપ્તિ આદિમાં ભૂલ હોય તો શુદ્ધ આત્મા આદિ તત્ત્વોના પ્રતિપાદન કરવામાં કોઈ વિસ્મૃતિરૂપ કંઈ દૂષણ આ ગ્રંથમાં હોય તો જ્ઞાનીપુરુષ તેને ગ્રહણ ન કરે.

અહીં તત્ત્વની વાત મુખ્ય છે, કર્તા, કરણ, એકવચન, બહુવચન વગેરેમાં કોઈ વ્યાકરણની ભૂલ થઈ હોય તો જ્ઞાનીપુરુષ ગ્રહણ ન કરે. 'સમયસાર'માં પણ 'શ્રી કુંદકુંદાચાર્ય' કહે છે કે અમારી વાતનો ન્યાય પકડો, શબ્દને ન પકડો.

આત્મા પુદ્ગલ વગેરે છ દ્રવ્યો સ્વતંત્ર છે તેનું રહસ્ય સમજો.

આ પ્રમાણે પૂર્વે કહેલા પ્રકારથી 'जीवमजीवं दव्वं' આ ગાથાથી શરૂ કરી ૨૭ ગાથાઓ સુધી 'षड्द्रव्यपंचास्तिकायप्रतिपादक' નામનો પ્રથમ અધિકાર છે, ત્યાર પછી 'आसवबंधण' ઇત્યાદિ અગિયાર ગાથાથી 'सप्ततत्त्वनवपदार्थप्रतिपादक' નામનો બીજો અધિકાર છે, ત્યાર પછી 'सम्मदंसण' વગેરે વીસ ગાથા દ્વારા 'मोक्षमार्गप्रतिपादक' નામનો ત્રીજો અધિકાર છે.

આ રીતે 'શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતિ દેવ' વિરચિત 'બૃહદ્દ્રવ્યસંગ્રહ'ની સંસ્કૃત ટીકાનો 'પંડિત શ્રી જવાહરલાલ શાસ્ત્રી' કૃત હિન્દી ભાષાનુવાદ સમાપ્ત થયો.

## શુદ્ધ ચૈતન્યદ્રવ્ય સંગ્રાહક શ્રી સદ્ગુરુદેવનો જય હો !